# પ્રસ્તાવના

સર્વ અવતારના અવતારી સર્વકારણના કારણ સર્વોપરી શ્રીહરિએ સંવત્ ૧૮૩૭ ના ચૈત્ર સુદ ૯ (રામનવમી) ની રાત્રીએ સરવાર પ્રદેશમાં અયોધ્યા પાસે છપૈયા નગરમાં પ્રગટ થઈને સંવત્ ૧૮૮૬ ના જેઠ સુદ ૧૦ (ગંગા દશહરા) ના રોજ ગઢડા મુકામે સ્વતંત્રપણે અંતર્ધાન થઈ ૪૯ વર્ષ ૨ માસ અને ૧ દિવસ સુધી મનુષ્યદેહ ધરીને વિચરણ કર્યું.

આજે ભગવાન સ્વામિનારાયણ સહજાનંદ સ્વામી, ઘનશ્યામ મહારાજ, શ્રીજીમહારાજ વગેરે નામે ભક્તજન સમાજના હૃદયમાં બિરાજમાન અને પૂજાતા શ્રીહરિએ આ સમય દરમ્યાન અનેક વિધ મનુષ્ય ચરિત્રો તથા દૈવી ઐશ્વર્ય દર્શાવતી લીલાઓ કરી તત્કાલિન સમયમાં હજારો મુમુક્ષુ જીવોને સદ્ધર્મને માર્ગે વાળ્યા હતા. અને આસુરી સંપત્તિ ધરાવતી અધર્મસૃષ્ટિનો વગર હથિયારે નાશ કર્યો હતો.

''સંભવામિ યુગે યુગે'' એવા પોતાના કોલ પ્રમાણે શ્રીહરિ, શ્રીરામ, શ્રીકૃષ્ણ, નરસિંહ વગેરે અવતાર ધારણ કર્યા છે. ત્યારે દરેક અવતાર પ્રસંગે તે સમયની સ્થિતિને અનુસાર અવતાર કાર્ય થયાં છે. શ્રીહરિ છપૈયાપુરમાં પિતા ધર્મ અને માતા ભક્તિથી ઘનશ્યામ સ્વરૂપે પ્રકટ થયા તે સમયની સમાજ સ્થિતિમાં અધર્મસૃષ્ટિનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. શુષ્ક વેદાંતી, શાક્તપંથી, કૂડામાર્ગી, વામપંથીઓના નીતિભ્રષ્ટ અખાડાઓમાં દુરાચારી, વ્યસની અને લંપટ આચાર્યો તથા તેવા આચાર્યોના અનુયાયીઓ એશ-આરામ અને તાગડધિન્ના કરતા હતા. એટલું જ નહીં પરંતુ ભોળી, અભણ જનતાને ધર્મના નામે દુરાચાર અને વ્યસનના માર્ગે દોરતા હતા. વહેમ, કુરિવાજો અને દેવદેવીઓને નિર્દોષ જીવોનાં બલિદાન એ સમાજમાં એક સામાન્ય વ્યવહાર બની ગયો હતો.

આસુરીમાયા જેમાં પ્રધાનતા ભોગવતી હતી તેવા આ સમયમાં શ્રીજીમહારાજે નરદેહે પ્રકટ અધર્મ સર્ગનો નાશ કરી ધર્મ સર્ગ પ્રવર્તાવ્યો અને જે લીલાઓ કરી તેમાં સમાજ સુધારણા અને ધર્મ સંસ્થાપનાની વિજય પતાકા લહેરાવી છે. એકાંતિકી ભક્તિ પ્રવર્તાવી મુમુક્ષુઓ માટે અક્ષરધામનો માર્ગ બાંધી આપ્યો છે. અઠંગ, ચોર, ઠગ, પાખંડી, વ્યસની, વિલાસી, માંસાહારીઓને શરણમાં લઈ આદર્શ ભક્ત બનાવ્યા છે. બાલિકાઓને દુધ પીતી કરવાના અને સતી થવાના ક્રૂર, અન્યાયી, અસમાજિકતત્ત્વો ધરાવતા રિવાજોને (નષ્ટ) નાબુદ કરાવ્યા. સમાજમાં કલંકરૂપ લેખાતી વેશ્યાજીવન જીવતી સન્નારી શ્રીજીમહારાજની અનુકંપાએ એકાંતિક ભક્ત બની મોક્ષ માર્ગે વળી ગઈ છે. અશ્વોની ચોરી કરવા આવેલ અઠંગ ડાકુ શ્રીજીમહારાજના પરચાથી ભક્ત શિરોમણી બની ગયો.

બાલ ઘનશ્યામનો પ્રાણ લેવા તલસી રહેલા કાલીદત્ત જેવા અસુરો અને કૃત્યાઓ ઘનશ્યામમહારાજની લીલાથી સદ્‌ગતિ પામી છે.

મનુષ્ય ચરિત્ર કરી ભગવાન રીસાયા છે, સંતાયા છે, મનાયા છે, બાલસહજ હઠ પણ કરી છે, પડ્યા પણ છે, બિમારી પણ ધારણ કરી છે, ચોરી કરી બાલગોઠીયાઓને કંદોઈની દુકાનમાંથી મીઠાઈ પણ ખવરાવી છે. અને ઐશ્વર્ય બતાવી દેશ ભરમાંથી મહાવિદ્વાનોને દિક્ષા આપી પરમહંસની પદવીએ પહોંચાડી ધર્મની સ્થાપના કરી સમાજને શાસ્ત્ર માન્ય ઉદ્ધવ સંપ્રદાય, આચાર્યો, મંદિરો અને ધર્મશાસ્ત્રોની ભેટ ધરી છે. આજે શ્રીહરિએ સ્થાપેલા મંદિરો ભગવાન સ્વામિનારાયણના મંદિરો તરીકે વિશ્વભરમાં વિખ્યાત છે; શ્રીહરિએ સ્થાપિત સંપ્રદાયના ચારિત્ર્યશીલ અનુયાયીઓ સમાજમાં શ્રીસ્વામિનારાયણના સત્સંગીઓ તરીકે દેશવિદેશમાં અગ્રસ્થાન ભોગવે છે.

શ્રીજીમહારાજની જીવનલીલાનો સમય પ્રકટ થયા પછી સરવાર

દેશમાં ૧૧ વર્ષ ૩ માસ ૧ દિવસ, ગૃહત્યાગ કર્યા પછી વનવિચરણમાં ૭ વર્ષ ૧ માસ ૧૧ દિવસ, વનવિચરણને અંતે લોજ ગામમાં મુક્તાનંદ વગેરે સંતો સાથે ૧૦ માસ ૬ દિવસ, આચાર્ય રામાનંદ (ગુરૂ) સાથે સોરઠમાં વિચરણ સમય ૧ વર્ષ ૫ માસ અને ૧૬ દિવસ છે. અને રામાનંદ સ્વામીએ સંપ્રદાયના આચાર્યપદે સ્થાપી ધર્મધૂરા સોંપ્યા પછી સત્સંગમાં ૨૮ વર્ષ ૫ માસ ૨૭ દિવસ એમ સમગ્ર રીતે ૪૯ વર્ષ ૨ માસ ૧ દિવસ છે.

સંપ્રદાયની પુષ્ટિ માટે સંપ્રદાયના શાસ્ત્રીય ગ્રંથો શ્રીહરિની પ્રેરણાથી નંદસંતો દ્વારા લખાઈને પ્રસિધ્ધ થયેલા છે. તે ઉપરાંત આજ સુધીમાં શ્રીહરિની આજ્ઞામાં રહીને સમય સમય પર પ્રવર્તમાન આચાર્ય મહારાજશ્રીની સંમતિ મેળવીને સંપ્રદાયની પુષ્ટિ, વૃધ્ધિ અને પ્રચાર અર્થે અનેક ગ્રંથો પ્રસિદ્ધ થતા રહ્યા છે. તેમાં ભુજ શ્રીનરનારાયણ દેવ જેમાં બિરાજમાન છે તે ભુજના શ્રીસ્વામિનારાયણ મંદિર તરફથી અમદાવાદ નરનારાયણદેવની ગાદીના ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી થતો આ ‘‘શ્રી છપૈયાપુરે શ્રીહરિ બાળચરિત્ર’’ નામનો આ ગ્રંથ ઘનશ્યામ મહારાજે પ્રધાન પણે સરવાર દેશમાં ગૃહત્યાગ સુધીમાં કરેલી લીલાઓ સાથે વનવિચરણ સમયમાં અને તે પછી કરેલી લીલાઓ રસમય સરળ બાળભોગ્ય શૈલીમાં રજુ કરી છે.

આ પુસ્તક સ.ગુ. ભૂમાનંદ સ્વામીએ લખ્યું તેનો પ્રસંગ આ પ્રમાણે છે. રામશરણજીએ એક સમયે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને ઘનશ્યામ મહારાજે બતાવેલ ઐશ્વર્ય તથા કરેલ બાલચરિત્રો કહેવા સંતો અને હરિભક્તોની સભામાં વિનંતી કરી રામશરણજી પોતે વૃધ્ધ હોવાથી વાર્તાઓનું વિસ્તરણ ન થાય તે માટે સ.ગુ. ભૂમાનંદ સ્વામી પાસે આ વાર્તાઓ લખાવી.

સ.ગુ. ભૂમાનંદ સ્વામીએ રચેલ "છપૈયાપુરે શ્રીહરિ બાલચરિત્ર" ની પ્રથમ આવૃત્તિ સં. ૧૯૬૧ માં શ્રીનરનારાયણ દેવની ગાદીના આચાર્ય મહારાજ શ્રી વાસુદેવપ્રસાદજીની આજ્ઞાથી સ.ગુ. ભૂમાનંદ સ્વામીના શિષ્ય સાધુ બાલકૃષ્ણદાસજીના શિષ્ય ભગવત્સ્વરૂપ દાસજીની સહાયતાથી પ્રકટ થઈ હતી. ત્યાર પછી ત્રણ આવૃત્તિઓ અમદાવાદ શ્રીસ્વામિનારાયણ મંદિર તરફથી પ્રકટ થઈ હતી.

આ રીતે ઉત્તરોત્તર પુસ્તિકાની માંગ વધતાં સંવત્ ૨૦૪૬ની સાલમાં આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી શ્રીસ્વામિ-નારાયણ મંદિર ભુજ તરફથી તે તે સમયે ૭ આવૃત્તિ પ્રગટ કરવામાં આવી. સં. ૨૦૬૩માં ૮મી આવૃત્તિ છપાઈ, અત્યારે નવમી આવૃત્તિ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ તરફથી શ્રીજી પ્રસન્નતાર્થે પ્રકાશન થઈ રહી છે.

ભગવાનનાં લીલાચરિત્રોનું હરિભક્તો માટે પ્રચુર માહાત્મ્ય છે. એકાંતિક ભક્તને ભગવાનના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરવી, ભગવાનનું સર્વોપરીપણું તેમજ ભગવાનનું માહાત્મ્ય જાણવું એ વડે કરીને ભગવાન વિષે મન સ્થિર થાય છે. આ બધું સંપ્રદાયના પ્રમાણભૂત ગ્રંથોથી તથા ભગવાનના લીલા ચરિત્રો વાંચવાથી મનન કરવાથી તથા તેનું સ્મરણ કરવાથી સિધ્ધ થાય.

વિશેષમાં લીલા ચરિત્રોનું વર્ણન સરળ ભાષામાં અને બાળભોગ્ય શૈલીમાં થયેલું હોઈ બાળકો અને સામાન્ય સત્સંગી વર્ગને સમજવામાં અત્યંત સહેલું છે. ભગવાનના લીલા સ્થળોનું જ્ઞાન તીર્થયાત્રા સમયે પ્રત્યક્ષ દર્શન સમયે વિશેષ આનંદ આપે છે. એજ રીતે તીર્થયાત્રા સમયે દર્શન કરેલાં લીલા સ્થળોનો અનુભવ વાંચન કરતી વખતે વિશેષ આનંદ આપે છે. એટલું જ નહીં પણ શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ અંતઃકરણમાં સાકાર પ્રત્યક્ષ અનુભવ છે.

પ્રસ્તુત ગ્રંથમાં છપૈયા, અયોધ્યા, તરગામ, લોહગંજરી, નારાયણ સરોવર, ખાંપા તળાવડી, મખોડાઘાટ, ગાયઘાટ ઈત્યાદિ અનેક લીલા સ્થળોની યથા યોગ્ય જાણકારી આ પુસ્તકમાં મળે છે. શ્રીહરિના ભક્ત મંડળમાં તમામ વર્ગ-જાતીના જનો શૈશવ કાળથી જ હતા એ હકીકત ચરિત્ર પ્રસંગમાં શ્રીહરિ સાથે ભાગીદાર બનેલા લલ્લુલવાર, શિવપ્રસાદ દરજી, મુશલમાન ફકીર, ગુલઝાર, સન્માનસીંગ રાજા, નંદલાલભોઈ, બંસીધર કંદોઈ, જગન્નાથ સોની, સરજુદાસ વૈરાગી, મંગલ આહિર, બાબુરામ તંબોલી, સંધ્યાગીર આચાર્ય, શ્યામગીર વગેરે ગ્રામજનોના આધારે સ્પષ્ટ થાય છે.

ઘનશ્યામમહારાજના ખાસ ગોઠીયા વેણી, માધવ અને પ્રાગ તો તેમના હમેશ નિકટના સાથીદારો બનવા ભાગ્યશાળી બન્યા હતા.

સ્વામીએ લીલાચરિત્રોના વર્ણનમાં આ બધી ગુંથણી એવી રોચક બનાવી કે જિજ્ઞાસુ વાચકને પુસ્તક આદ્યંત રસપ્રદ બને છે અને ફરી ફરી વાંચવાની પ્રેરણા આપે છે.

આ પુસ્તકનું મુદ્રણ પૂર્વના મુદ્રણ પ્રમાણે રાખેલ છે. કોઈ ભૂલ રહી જવા પામી હોય તો હંસક્ષીર ન્યાયે ક્ષંતવ્ય ગણશો.

છપાઈ બાઈન્ડીંગ તથા કાગળોની મોંઘવારીને કારણે પ્રમાણમાં ખર્ચ વિશેષ થવાથી કિંમતમાં વધારો થાય એ સ્વાભાવિક છે. છતાં પણ સત્સંગિઓ માટે વ્યાજીબી ભાવ રાખેલ છે.

આ પુસ્તક સત્સંગ સમાજને ઉપયોગી બને અને વાચક હરિભક્તો શ્રીજીમહારાજની લીલાઓની અનુભૂતિ કરે એવી શ્રીહરિ પાસે પ્રાર્થના.

લી. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી.
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

## સ.ગુ. ભૂમાનંદ સ્વામીનું જીવન ચરિત્ર

શ્રીસહજાનંદીય ભાગવતી સાહિત્યનું સમૃદ્ધ સર્જન કરનાર સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાલાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ, વાસુદેવાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે શ્રીજી મહારાજના સમકાલીન નંદ સંતોની હરોળમાં સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી સ્થાન ધરાવે છે.

સ્વામીનું પૂર્વજીવનનું નામ રૂપજીભાઈ હતું, રૂપજીભાઈનો જન્મ સં. ૧૮૫૨ ના વૈશાખ સુદ ૭ ને રવિવારે સિંહશૂરા સંતોની ભૂમિ સૌરાષ્ટ્રમાં જામનગર પાસે કેશીઆ ગામમાં થયો હતો. તેમના પિતા રામજીભાઈ રાઠોડ કડીયા હતા. માતાનું નામ કુંવરબાઈ હતું. ભગવત્પરાયણ દંપતીથી જન્મેલ રૂપજીભાઈ જન્મથી જ વૈરાગી સંસ્કાર સાથે જન્મ્યા હતા. તેઓ કુમારવટથી જ સહચર ગોઠીયાઓને કુસંગથી દૂર રહેવાનો બોધ આપતા, ટોળટપ્પાં, હસાહસ, ટાયલાવેડાડ, ઠઠ્ઠામશ્કરી ઈત્યાદિ નિમ્ન કોટિના ચરિત્રથી મળતા આનંદમાં ક્યારેય સહભાગી બનતા ન હતા. શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિનાં દર્શન કરવામાં ભાવ વિભોર થતાં તલ્લીનતાથી ડોલી ઉઠતા.

રૂપજીભાઈને ધાર્મિક કથા વાર્તા શ્રવણ કરવાનું અત્યંત પ્રસંદ છતાં પ્રસંગની ગંભીરતા જળવાતી ન હોય તો ત્યાં તેમના પિતા રામજીભાઈ સાથે જવાનું હોય તો પણ ન જતા ઘેર બેઠા ભગવાનના નામની માળા જપતા વળી ભગવત્સભામાં સ્ત્રીપુરૂષ ભેગાં બેસી કથા શ્રવણ કરે એ બાબત પણ તેમને ગમતી નહીં. એકવાર તો તેમણે પોતાના મનની આ ભાવના સ્પષ્ટ કરતાં પોતાના પિતાને

કહેલું, જ્યાં સ્ત્રિપુરૂષની મર્યાદા ન સચવાતી હોય ત્યાં ધર્મ ભક્તિ અને જ્ઞાનનું બળ કાચું પડે અને ધર્મ સચવાય નહીં. માટે કથા પ્રસંગમાં સ્ત્રીપુરૂષો માટે અલાયદી ગોઠવણ કરવી જોઈએ.

રામજીભાઈએ પુત્રની આ વાત પરથી ભગવાન સ્વામિનારાયણ વિષે તથા સ્વામિનારાયણ સંપ્રદાય વિષે વાતો કરી, કેમ કે ત્યાગીપણું સચવાય તે માટે સ્ત્રી પુરૂષોએ પાળવાના નિયમોની જે વ્યવસ્થા સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રવર્તતી હતી તે રૂપજીભાઈના વિચારોને અનુરૂપ હતી. ભગવાન સ્વામિનારાયણનું નામ કર્ણપુટે પડતાં જ રૂપજીભાઈના હૃદયમાં પૂર્વાનું બંધનના કારણે પ્રકાશ ઝળહળી ઉઠ્યો. ત્યાર પછી કેટલોક સમય જતાં શ્રીજી મહારાજ રામજીભાઈના અંત સમયે તેડવા આવ્યા ત્યારે રૂપજીભાઈને મુક્તમંડળ સહિત શ્રીજી મહારાજે દર્શન આપ્યાં.

રામજીભાઈના અક્ષરવાસ પછી રૂપજીભાઈના વ્યવહાર જીવનમાં એક વિસ્મયકારક ઘટના બની. તરઘડી ગામમાં એક વાણિયાને ત્યાં ત્રણ વર્ષ સુધી તેમણે નોકરી કરી છતાં વાણિયાએ પગાર ન આપ્યો એટલું જ નહિ પણ બનાવટ કરી કે પોતે પગાર ચૂકવી દીધો છે. સરળ નિષ્પાપ મનના રૂપજીભાઈને ન્યાય આપવા મળેલ આગેવાનોએ ધનાઢય વાણિયાનો પક્ષ લઈને રૂપજીભાઈની મજાક કરી કહ્યું. ‘‘અગ્નિમાં તપાવેલી લાલચોળ સાંકળ રૂપજી ગળામાં પહેરે તો રૂપજીની વાત સાચી, નહીંતર રૂપજી વાણીયા પર ખોટો આરોપ મૂકવા બદલ દંડ આપે.’’ ભગવાન સ્વામિનારાયણના નામ સાથે રૂપજીભાઈ આ કસોટીમાંથી ભક્ત પ્રહ્લાદની માફક પાર ઉતર્યા; વાણિયાને પગાર ચૂકવવો પડ્યો, ગ્રામજનોના હૃદયમાં પણ રૂપજીભાઈ પ્રત્યે ભક્તિભાવ જાગ્યો.

ત્યાર પછી રૂપજીભાઈ કચ્છમાં ગયા. ત્યાં ગંગારામ મલ્લ સાથે શ્રીહરિની કૃપાથી સમાગમ થતાં તેમનો સ્વામિનારાયણ ભગવાનમાં નિશ્ચય દૃઢ થયો.

તે પછી રૂપજીભાઈ બે દિવસનો સતત પ્રવાસ કરી ગઢડા પહોંચ્યા શ્રીજી મહારાજને એ સમયે રોઝે ઘોડે સ્વાર થઈ સંત, પાર્ષદ, હરિભક્તોથી વીંટળાયેલા લક્ષ્મીવાડીએ પ્રયાણ કરતા જોયા; શ્રીહરિનાં દૂરથી દર્શન થતાં જ રૂપજીભાઈના વૈરાગી કવિ હૃદયમાંથી કીર્તનની સરવણી દ્રવી ઉઠી, તેમણે અલૌકિક અવસ્થામાં કીર્તન લલકાર્યું, ‘‘સર્વે સખી જીવન જોવાને ચાલો રે’’ કીર્તન પૂરૂં થતાં જ ભગવાને રૂપજીભાઈને હાકલ કરી, રૂપજીભાઈએ ભગવાન સહજાનંદ સ્વામીની સમક્ષ પહોંચી સાષ્ટાંગ પ્રણામ સાથે ચરણમાં ગદગદ ભાવે ઝરતાં અશ્રુનો અભિષેક કર્યો.

રૂપજીભાઈના નૈષ્ઠિક બ્રહ્મચર્ય તથા વૈરાગ્યની ચટકીને શ્રીહરિ જાણતા જ હતા. પોતાના લાક્ષણિક મંદમંદ સ્મિત સાથે પ્રભુએ એજ સમયે રૂપજીભાઈને દીક્ષા આપી પરમહંસ બનાવી ભૂધરાનંદ નામ આપ્યું. પણ કીર્તનમાં બરાબર બેસતું ન હોવાથી શ્રીજી મહારાજે ભૂમાનંદ સ્વામી આવું નામ રાખ્યું. દીક્ષા પછી સ્વામીએ દેહથી અલગભાવે રહી પરમભક્તિ પૂર્ણ પ્રેમથી આજીવન મહારાજની મૂર્તિનું ચિંતવન રાખ્યું.

જીવના આત્યંતિક કલ્યાણ માટે એકાંતિક ભક્તિ સત્સંગની વૃધ્ધિ માટે સંપ્રદાયના નિયમાનુસાર વિચરણ આ બે અંગોની સાથે સ્વામીનું સાહિત્ય સર્જન ઉચ્ચકોટિનું હતું. ગુજરાતી ઉપરાંત હિન્દી, વ્રજભાષાનું પણ સ્વામીને અદ્‌ભૂત જ્ઞાન હતું. તેમણે સંપ્રદાયની

સમૃધ્ધિ અર્થે કરેલી ગામેગામ મંદિરોનું સર્જન તથા સાહિત્ય સર્જન બન્નેની ઉત્કૃષ્ટ સેવા છે.

સ્વામીના સાહિત્ય સર્જનમાં વ્રજભાષામાં (૧) શ્રીવાસુદેવ-માહાત્મ્ય (૨) પંચમ સ્કંધ (૩) દશમસ્કંધ અને ગુજરાતી ભાષામાં (૧) ઘનશ્યામલીલામૃતસાગર (૨) કીર્તન કાવ્ય એ પ્રમાણેના ગ્રંથો મુખ્ય છે.

એક વખત સ્વામી ઈડર પ્રદેશમાં વિચરતા હતા. તેવામાં સત્સંગી ઉદા ગઢવીનું સર્પ દંશથી મૃત્યું થયું. ત્યારે તેના સંબંધીજનોના હૈયાફાટ રૂદનથી દ્રવી ગયેલા સ્વામી શ્રીજીમહારાજનું હૃદયમાં ધ્યાન કરીને ગઢવીના કાનમાં "સ્વામિનારાયણ" નામનો મહામંત્ર ઉચ્ચાર્યો તેજ વખતે ગઢવી ઉભો થઈને સ્વામીના ચરણમાં દંડવત કર્યાં.

સ્વામીએ ધામમાં જવાની જાણ પોતાના શિષ્ય પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીને કહી વિમાન તૈયાર કરાવી રાખ્યું. સંવત્ ૧૯૨૪ મહા વદ ૮ રવિવારે શ્રીજી મહારાજે પ્રત્યક્ષ આવી દૂધપાક પુરી જમાડ્યા અને બપોરના બે વાગ્યે મુક્તમંડળ સાથે પધારી સ્વામીને તેડી ગયા. એવી રીતે સ્વામીએ ભૌતિક દેહની જીવન યાત્રા સમાપ્ત કરી.

આ પ્રમાણે શ્રીહરિના લાડીલા અજોડ સાહિત્યકાર અને સત્સંગ પ્રચારક મુક્તરાજ એવા ભૂમાનંદ સ્વામીનું સંક્ષેપમાં જીવનવૃત્તાંતો તથા તેઓએ કરેલાં કાર્યો મુમુક્ષુ તથા સત્સંગી હરિભક્તોને આ કલ્પપર્યંત પ્રેરણાદીપ બની રહેશે.

લે. પુરાણી સ્વામી નંદકિશોરદાસજી, અમદાવાદ.

## શ્રી હરિનાં ચરણચિહ્નોનું ચિંતનફળ

૧ જવ. શ્રીહરિના ચરણારવિંદમાં રહેલ જવાકાર ચિહ્નનું જે ભક્તજન ધ્યાન કરે છે. તેનાં સર્વે પાપ નાશ પામે છે. અને તે ભક્તને આત્મા તથા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન ઉદય થાય છે.

૨. જાંબુ :- જે ભક્તજન જાંબુફળ ચિહ્નનું ધ્યાન કરે છે, એ ભક્તનું મન માયિક વિષયરસમાં ક્યાંય નહિ બંધાતાં કેવળ શ્રીહરિની મૂર્તિમાં સ્થીર થાય છે. અને ભગવાનની મૂર્તિમાં સર્વરસ માણનાર વિષયરૂપી ખાટી છાશ પીવા સમર્થ થાતું નથી.

૩. વજ્ર :- જે ભક્તજન આ વજ્રરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, એ ભક્તના પાપરૂપી મોટા પર્વતો ભેદાય છે, અને મનરૂપી પક્ષીની પાંખને છેદી શ્રીહરિની મૂર્તિમાં સ્થિર થાય છે.

૪. કેતુ :- જે ભક્તજન ધ્વજરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, એ ભક્ત કામરૂપી શત્રુને જીતીને માયિક સુખ માત્રની વાસનાને ટાળી ભગવાનના અક્ષરધામને પામે છે.

૫. પદ્મ (કમળ) :- જે ભક્તજન પદ્મરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, એ ભક્ત કમળના જેવા ગુણોને પામે છે; જેમ કમળ પાણીમાં રહે છે છતાં પણ જળના પરાભવને પામતું નથી, તેમ તે ભક્તજન પણ સંસારરૂપી જળમાં રહેવા છતાં પણ સંસારથી પરાભવ પામે નહિ અર્થાત્ ડુબે નહીં.

૬. અંકુશ :- જે ભક્તજન શ્રધ્ધાથી અંકુશરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, એ ભક્તજન મનરૂપી હાથીને જીતીને વશ કરે છે. જેમ

ઉન્મત્ત બનેલ હાથીને અંકુશથી વશ કરાય છે, તેમ મનરૂપી ઉન્મત્ત હાથી ભગવાનના ચરણનું ચિહ્ન જે અંકુશ તેનાથી વશ થાય છે.

૭. ઉર્ધ્વરેખા :- જે ભક્તજન ઉર્ધ્વરેખા ચિહ્નનું ધ્યાન કરે છે, તે ભક્ત ઉર્ધ્વગતી, જે પુરૂષોત્તમનારાયણ સર્વાવતારી શ્રીહરિ શ્રીભક્તિ ધર્મના પુત્ર ઘનશ્યામ મહારાજન જ્યાં બિરાજમાન છે એવું જે અક્ષરધામ તેને પામે છે.

૮. અષ્ટકોણ :- જે ભક્તજન અષ્ટકોણરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, તો એ ભક્તજન અષ્ટાંગયોગનું ફળ પામે છે. અને તે અષ્ટાંગયોગ શું ? તેની વિગત કે જે ૧ યમ, ૨ નિયમ, ૩ આસન, ૪ પ્રાણાયામ, ૫ પ્રત્યાહાર, ૬ ધારણા, ૭ ધ્યાન, ૮ સમાધિ. આ આઠ તેનું નામ અષ્ટાંગયોગ તો એક અષ્ટકોણના ધ્યાનથી આ અષ્ટાંગયોગનું ફળ પામે છે, અને બીજું જે અષ્ટાવરણ તેની વિગત ૧ પૃથ્વી, ૨ જળ, ૩ તેજ, ૪ વાયુ, ૫ આકાશ, ૬ અહંકાર, ૭ મહત્તત્ત્વ, ૮ પ્રકૃતિ. આ આઠ આવરણને ભેદીને અવિનાશી સુખરૂપ એવા ભગવાનના અક્ષરધામને પામે છે.

૯. સ્વસ્તિક :- જે ભક્તજન સ્વસ્તિકરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, તો એ ભક્તનાં સર્વપાપ નાશ પામી જાય છે. અને આત્યંતિક મોક્ષને પામે છે, અને તે અતિ શોભાયમાન છે, અને મંગળકારી છે.

૧૦. કળશ :- જે ભક્તજન કળશરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, તો એ

ભક્તજન જેમ કળશ શિખર ઉપર ચડે છે, તેમ સર્વોપરી જે શ્રીજી મહારાજનું અક્ષરધામ તેને પામે છે.

૧૧. અર્ધચંદ્ર :- જે ભક્તજન અર્ધચંદ્રરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, તે ભક્તના અંતરમાં અતિશય પ્રકાશ થાય છે, અને અર્ધચંદ્રને દેખીને જેમ કુમુદ પ્રફુલ્લિત થાય છે. તેમ એ ભક્તનું મન અતિશે આનંદને પામે છે.

૧૨. વ્યોમ :- જે ભક્તજન વ્યોમના ચિહ્નનું ધ્યાન કરે છે તે ભક્ત અલૌકિક ભગવાનની પ્રસન્નતાથી નિષ્કામાદિક જે ગુણ તેને પામીને આકાશની પેઠે નિર્લેપ થઈ ભગવાનના અક્ષરધામને પામે છે.

૧૩ ગોપદ :- જે ભક્તજન આ ગોપદરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, તે ગોપદ તુલ્ય સંસારરૂપી સમુદ્રને પરિશ્રમ વિના તરી જાય છે.

૧૪ ધનુષ્ય :- જે ભક્તજન આ ધનુષ્યરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, તેનાથી કામાદિક શત્રુ પણ હાર પામે છે. અને કોઈ પ્રકારે અંતઃશત્રુ નડી શકતા નથી.

૧૫ ત્રિકોણ :- ભક્તજન આ ત્રિકોણરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, તો એ ભક્તજન ત્રિવિધ તાપને ટાળીને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણે દેહનો ત્યાગ કરીને બ્રહ્મમય દેહને પામીને અક્ષરધામને વિષે શ્રીસ્વામિનારાયણ ભગવાનની સેવામાં રહે છે.

૧૬ મીન :- ભક્તજન આ મત્સ્યરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, તેને એવા ગુણો પ્રાપ્ત થાય છે; જે સંસારમાં રહે તો પણ સંસારરૂપી જળમાં પરાભવ પામે નહિ.

| અધ્યાય. | વિગત | |
|---|---|---|
| ૧. | આગમ ભાખ્યું તથા નામ કહ્યું. | ૧૭ |
| ૨. | શ્રીઘનશ્યામમહારાજનો જન્મ તથા બાળચરિત્ર. | ૨૩ |
| ૩. | માતા-પિતાને ધામનાં દર્શન કરાવ્યાં તથા અન્ય ઐશ્વર્યો. | ૩૦ |
| ૪. | વૈકુંઠધામ દર્શન તથા બીજાં ચરિત્રો. | ૩૭ |
| ૫. | નામકરણ સંસ્કાર તથા મામીની રક્ષા. | ૪૫ |
| ૬. | બ્રહ્માદિદેવોનું આગમન તથા બાળચરિત્રો. | ૫૦ |
| ૭. | અસુરોનો નાશ તથા ઐશ્વર્ય. | ૫૭ |
| ૮. | દુંદતરવાડીને દર્શન તથા ચમત્કાર. | ૬૪ |
| ૯. | ઘનશ્યામમહારાજનાં માનુષિક ચરિત્ર. | ૬૯ |
| ૧૦. | ચૌલ સંસ્કાર તથા ઐશ્વર્ય વર્ણન. | ૭૩ |
| ૧૧. | અયોધ્યા જતાં ખેવટને દર્શન આપ્યાં. | ૭૮ |
| ૧૨. | મામાને ઐશ્વર્ય દેખાડ્યું. | ૮૨ |
| ૧૩. | મીનસાગરની લીલા. | ૮૬ |
| ૧૪. | તરગામમાં ચીભડીની લીલા તથા રાપ્રતાપભાઈને દર્શન આપ્યાં. | ૯૦ |
| ૧૫. | રાપ્રતાપભાઈનો વિવાહ તથા બીજાં ચરિત્રો. | ૯૫ |
| ૧૬. | ઘનશ્યામમહારાજનો દિવ્ય પ્રતાપ. | ૧૦૧ |
| ૧૭. | ઘનશ્યામમહારાજનો દિવ્ય પ્રતાપ. | ૧૦૫ |
| ૧૮. | બ્રહ્માનો ગર્વ ઉતાર્યો તથા બીજી લીલા. | ૧૧૦ |
| ૧૯. | અયોધ્યામાં કરેલાં ચરિત્ર. | ૧૧૫ |
| ૨૦. | મલ્લ લીલા. | ૧૧૯ |
| ૨૧. | ખાંપાતલાવડીની લીલા. | ૧૨૪ |
| ૨૨. | જાંબુડાની લીલા. | ૧૨૮ |
| ૨૩. | ઘનશ્યામમહારાજનું ઐશ્વર્ય. | ૧૩૩ |
| ૨૪. | ઘનશ્યામમહારાજનાં વિવિધ ચરિત્રો. | ૧૩૭ |
| ૨૫. | ચીભડીની લીલા વગેરે બાળચરિત્રો. | ૧૪૩ |

| | | |
|---|---|---|
| ૨૬. | ચીભડીની લીલા તથા ગોમતી ગાય પ્રત્યે સ્નેહ. | ૧૪૭ |
| ૨૭. | સુવાસિની ભાભીને ઐશ્વર્ય બતાવ્યું વગેરે. | ૧૫૧ |
| ૨૮. | અયોધ્યાની લીલા વિદ્યાભ્યાસ વિગેરે. | ૧૫૬ |
| ૨૯. | અંગુઠીની લીલા તથા આઠ શાસ્ત્રોના સારનું દોહન. | ૧૬૨ |
| ૩૦. | શ્રીહરિના પ્રતાપનું વર્ણન તથા ચરિત્રો. | ૧૬૭ |
| ૩૧. | શ્રીહરિનું અદ્‌ભૂત ઐશ્વર્ય. | ૧૭૧ |
| ૩૨. | ઘનશ્યામમહારાજનું દિવ્ય ઐશ્વર્ય. | ૧૭૮ |
| ૩૩. | ગોરસ લીલા તથા બીજાં ચરિત્રો. | ૧૮૨ |
| ૩૪. | વાળીને બદલે મીઠાઇ જમવામાં ખૂબ ચમત્કાર તથા બીજાં ચરિત્રો. | ૧૮૬ |
| ૩૫. | શેષશાયીરૂપે દર્શન તથા અન્ય લીલા. | ૧૯૩ |
| ૩૬. | ઘેલા તરવાડીને સજીવન કર્યા તથા દહીં દુધની લીલા. | ૧૯૭ |
| ૩૭. | ઘનશ્યામમહારાજની દિવ્ય લીલાઓ. | ૨૦૩ |
| ૩૮. | શ્રીહરિની ગાયો દોવરાવવાની લીલા વગેરે. | ૨૦૭ |
| ૩૯. | લક્ષ્મીજીએ થાળ જમાડ્યો તથા બીજાં ચરિત્રો. | ૨૧૧ |
| ૪૦. | મોતી તરવાડીની રક્ષા કરી વગેરે ચરિત્રો. | ૨૧૬ |
| ૪૧. | સુરવાલ ગામની દાવાનળથી રક્ષા આદિ ચરિત્રો. | ૨૧૯ |
| ૪૨. | હજારો વૈરાગીઓને જમાડીને ઐશ્વર્ય બતાવ્યું. | ૨૨૨ |
| ૪૩. | યજ્ઞોપવિત લીલા. | ૨૨૭ |
| ૪૪. | સરયૂલીલા તથા મોહનદાસને પ્રતાપ દેખાડ્યો. | ૨૩૨ |
| ૪૫. | ચોવિશ અવતારરૂપે દર્શન આપ્યાં તથા મલ્લલીલા. | ૨૩૭ |
| ૪૬. | ગાયઘાટની લીલા તથા ચરિત્રો. | ૨૪૨ |
| ૪૭. | ઘનશ્યામમહારાજની દિવ્ય લીલાઓ. | ૨૪૭ |
| ૪૮. | ધર્મદેવને વરદાન તથા ચરિત્ર વગેરે. | ૨૫૦ |
| ૪૯. | રામચંદ્ર સ્વરૂપે દર્શન તથા સરયૂલીલા વગેરે. | ૨૫૫ |
| ૫૦. | મહાભારતની કથા સાંભળી વગેરે. | ૨૫૮ |
| ૫૧. | સુરદાસોને દેખતા કર્યા વગેરે ઐશ્વર્યો. | ૨૬૧ |

| | | |
|---|---|---|
| ૫૨. | ભોજનલીલામાં ચમત્કાર. | ૨૬૫ |
| ૫૩. | પ્રભુની દિવ્ય બાળલીલાઓ. | ૨૬૮ |
| ૫૪. | રામપ્રતાપભાઈને ઐશ્વર્ય દેખાડ્યું વિગેરે. | ૨૭૧ |
| ૫૫. | રૂમાલની લીલા તથા દહીં લીલા વગેરે. | ૨૭૫ |
| ૫૬. | ભિક્ષુક તરવાડીની રક્ષા તથા અન્ય લીલાઓ. | ૨૭૮ |
| ૫૭. | ગૌરી ગાય શોધી લાવ્યા આદિ લીલાઓ. | ૨૮૨ |
| ૫૮. | વિશ્વામિત્રી નદીની લીલા. | ૨૮૬ |
| ૫૯. | છપૈયાની પ્રદક્ષિણા વગેરે ચરિત્રો. | ૨૯૦ |
| ૬૦. | મખોડાઘાટનો મેળો તથા અન્ય લીલા. | ૨૯૪ |
| ૬૧. | ઘનશ્યામમહારાજે રામપ્રતાપભાઈની જીત કરાવી. | ૨૯૮ |
| ૬૨. | ઘનશ્યામમહારાજની વિવિધ લીલા. | ૩૦૩ |
| ૬૩. | વરૂણદેવે ચરણ ધોયા, હરિદાસ બાવાને વરદાન વગેરે. | ૩૦૮ |
| ૬૪. | મોટી તોપ ગાડે ચડાવી તથા ફનસના ચોરને શિક્ષા વગેરે. | ૩૧૧ |
| ૬૫. | વિશ્વામિત્રીના ગૌઘાટ આદિ સર્વે ઘાટોમાં સ્નાન તથા કાશી પધાર્યા. | ૩૧૫ |
| ૬૬. | દિવાળી અને અન્નકૂટના ઉત્સવમાં દિવ્ય પ્રભાવ. | ૩૨૦ |
| ૬૭. | વસંતપંચમીની લીલા તથા નારાયણ સરોવરનું માહાત્મ્ય. | ૩૨૫ |
| ૬૮. | અયોધ્યામાં શાસ્ત્રીને દેખતો કર્યો તથા સખાઓનું મિલન. | ૩૩૦ |
| ૬૯. | શીતળદાસને શાંત કર્યો. તથા સાધુના ધર્મો કહ્યા. | ૩૩૫ |
| ૭૦. | નારાયણસરોવરમાં પાતાલ ગંગા આવ્યાં તથા નારદજીની ભવિષ્યવાણી. | ૩૩૯ |
| ૭૧. | ભક્તિમાતાનો દેહ ત્યાગ. | ૩૪૬ |
| ૭૨. | ધર્મપિતાનો દેહ ત્યાગ અને ફરીથી અયોધ્યા આવ્યા. | ૩૪૯ |
| ૭૩. | ઘનશ્યામમહારાજે ઘરનો ત્યાગ કર્યો અને વનવિચરણ. | ૩૫૩ |
| ૭૪. | નીલકંઠવર્ણી એક બ્રાહ્મણને ઘેર પધાર્યા હતા, વનવિચરણ લીલા. | ૩૬૦ |
| ૭૫. | પુલહાશ્રમમાં તપશ્ચર્યા અને વનવિચરણ દિવ્ય પ્રતાપ. | ૩૬૪ |
| ૭૬. | વનવિચરણ. | ૩૬૯ |

| | | |
|---|---|---|
| ૭૭. | નવલાખયોગીઓનો મોક્ષ વનવિચરણ. | ૩૭૩ |
| ૭૮. | વનવિચરણ અને દિવ્ય પ્રતાપ. | ૩૭૮ |
| ૭૯. | બ્રાહ્મણને વરદાન, રાક્ષસોનો નાશ, વનવિચરણ. | ૩૮૧ |
| ૮૦. | જગન્નનાથપુરીમાં અસુરોનો નાશ, રામેશ્વરયાત્રા. | ૩૮૫ |
| ૮૧. | બુરાનપુરમાં વરદાન, કાનદાસ પટેલને આશીર્વાદ. | ૩૯૦ |
| ૮૨. | ખોડાભાઈના સદાવ્રતમાં ગયા, ભીમનાથ થઈને લોજ પધાર્યા. | ૩૯૪ |
| ૮૩. | મુક્તાનંદ સ્વામીએ સરયુદાસ નામ પાડ્યું, રામાનંદસ્વામીને પત્ર લખ્યા. | ૩૯૮ |
| ૮૪. | શ્રીહરિ દીક્ષા લીધી અને રામાનંદ સ્વામીનો દેહ ત્યાગ. | ૪૦૨ |
| ૮૫. | સોરઠદેશમાં વિચરણ કરી ભુજ પધાર્યા. | ૪૦૫ |
| ૮૬. | ભુજ, માંડવી આદિ કચ્છદેશના ગામોમાં વિચરણ. | ૪૧૧ |
| ૮૭. | ભુજ માનકુવા આદિ કચ્છના ગામોમાં લીલા. | ૪૧૪ |
| ૮૮. | કચ્છ દેશમાં નિવાસ અને મુક્તાનંદ સ્વામીનો પત્ર. | ૪૧૮ |
| ૮૯. | શ્રીજી મહારાજનાં ચિહ્નોનું ફલ સહિત વર્ણન. | ૪૨૪ |
| ૯૦. | તિલ ચિહ્નનું વર્ણન, ધ્યાન કરવાની રીત. | ૪૨૯ |
| ૯૧. | છપૈયાથી પોતાના બન્ને ભાઈઓને ગુજરાતમાં બોલાવ્યા. | ૪૩૪ |
| ૯૨. | માણેકધર ગઢપુરમાં મહારાજને મળ્યા વગેરે. | ૪૪૧ |
| ૯૩. | પરમચૈત્યાનંદ સ્વામી ધર્મકુળને લાવ્યા, દ્વારિકાની યાત્રા. | ૪૪૮ |
| ૯૪. | રામપ્રતાપભાઈ સિધ્ધપુર પધાર્યા અને ત્યાં પ્રતાપ જણાવ્યો. | ૪૫૨ |
| ૯૫. | રામપ્રતાપભાઈ ઘેલા નદીમાં સ્નાન કર્યું તથા અન્ય પ્રતાપ. | ૪૬૦ |
| ૯૬. | સાર અસારના વિવેક. | ૪૬૪ |
| ૯૭. | સાર અસાર વિવેક ઉપદેશ પ્રકરણ. | ૪૭૧ |
| ૯૮. | પોતાના ભક્તોને મહારાજે આપેલ પરચા. | ૪૭૯ |
| ૯૯. | ગ્વાલીયર પરગણાના હરિભક્તોને પરચા આપ્યા. | ૪૮૩ |
| ૧૦૦. | ભક્તોને પરચા આપ્યા. | ૪૮૮ |
| ૧૦૧. | શંકરપ્રસાદની રક્ષા. | ૪૯૨ |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# -: શ્રી છપૈયાપુરે શ્રીહરિ બાળચરિત્ર :-

॥ શ્રી અક્ષરાધિપતિ પૂર્ણપુરુષોત્તમાય નમોનમઃ ॥
॥ અથ શ્રી છપૈયાપુરમાહાત્મ્યે બાલચરિત્રં લિખ્યતે ॥

## અધ્યાય ૧

## આગમ ભાખ્યું તથા નામ કહ્યાં

એકસમયને વિષે ધર્મધુરંધર આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પોતે હજારોહજાર સંત તથા હરિભક્તોને સાથે લઈ ગુજરાત દેશથી હિન્દુસ્તાન દેશને વિષે છપૈયાપુરને વિષે આવ્યા હતા. ત્યાં આવી શ્રી ઘનશ્યામ મહારાજનાં દર્શન કરી સમીપે નારાયણ સરોવરના કિનારા ઉપર મોટી સભા કરીને સભા મધ્યે ગાદી તકીયા સહિત ઢોલિયા ઉપર ઉત્તર દિશા તરફ મુખારવિંદ કરીને બિરાજમાન થયા હતા. તે સમયમાં સભામાં બેઠેલા સદ્‌ગુરૂ સુખાનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, માયાજીતાનંદ સ્વામી, નિર્ગુણાનંદ સ્વામી, મોટા નૃસિંહાનંદ સ્વામી, જ્ઞાનસ્વરૂપાનંદ સ્વામી, પરમાત્માનંદ સ્વામી, નિર્દોષાનંદ સ્વામી, ઉત્તમાનંદ સ્વામી, બ્રહ્મચારી કેશવાનંદ સ્વામી, બ્રહ્મચારી વામનાનંદ સ્વામી, બ્રહ્મચારી ઘનશ્યામાનંદ સ્વામી, તથા રામકૃષ્ણાનંદ સ્વામી, લક્ષ્મણાનંદ સ્વામી, સમાધિવાળા સુદર્શનાનંદ સ્વામી, બદ્રિનાથાનંદ સ્વામી, રઘુનાથાનંદ સ્વામી, વ્રજેશ્વરાનંદ સ્વામી,

બદ્રિનાથાનંદ સ્વામી, રઘુનાથાનંદ સ્વામી, લોકનાથાનંદ સ્વામી, મહાપ્રસાદાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, ધર્મદેવના કુળના નારાયણપ્રસાદજી, કેશવપ્રસાદજી તથા હરિસહાયજી, રામસુખજી, મોહનપ્રસાદજી, નારાયણદત્તજી, સુફલમામા, રામદત્તભાઈ, કન્હિરામ, સુત ઠાકુર દીન, ગજુમામા, ભાગવતભાઈ, પાર્ષદ જોરાજી, દેવા ભગત, વીરા ભગત, કુબેરસંગજી, બહેચર કોઠારી, સેવકરામ શાસ્ત્રી, દામોદર ભગત, સમાધિવાળા વ્રજલાલભાઈ, શેઠ હરિવલ્લભભાઈ, ગોપાળજી તરવાડી, તાવી ગામના રઘાભાઈ ગરાસીયા તથા અખાભાઈ, ખોરજ ગામના કનુજી તથા અમરાજી, ચોબા દેવીદીન, તિવારી રામપ્રસાદ તથા રામસ્વરૂપ તથા તિવારી અયોધ્યા એ આદિ કેટલાક સંત હરિભક્તોએ પ્રેરણા કરેલા રામશરણજી પોતે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછતા હતા જે, હે કાકા ! અક્ષરાધિપતિ પૂર્ણપુરૂષોત્તમ શ્રી ઘનશ્યામ મહારાજ કૃપા કરીને આ છપૈયાપુરમાં શ્રી ધર્મભક્તિને ઘેર પ્રગટ થઈ જે ઐશ્વર્ય પોતાના ભક્તોને તેમજ અભક્તોને દેખાડ્યાં તથા બાળચરિત્રો કર્યાં તે વૃત્તાન્તની વાર્તાઓ, તથા સર્વજીવ પ્રાણીના હૃદયમાં અંતર્યામી સ્વરૂપે રહી પોતાના ભક્તોને મુક્તિ આપે છે અને કાળરૂપે બહાર રહી પોતાથી વિમુખ રહેનારને મૃત્યુ આપે છે અને માયા વડે મનુષ્યરૂપે જણાતા શ્રી ધર્મભક્તિના પુત્ર શ્રી ઘનશ્યામ મહારાજનાં પવિત્ર ચરિત્રો, હે ત્રિકાલજ્ઞ મહારાજ ! મને આ સભાજનો સાંભળે તે રીતે કૃપા કરીને કહો.

તેવું મંગળકારક પ્રશ્ન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા અયોધ્યાપ્રસાદજી અનંત જીવોના સમાસ માટે અને આત્યંતિક કલ્યાણને માટે જેમ પોતે જાણે છે તેમ રામપ્રતાપભાઈ, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, તથા બ્રહ્માનંદ સ્વામી, તથા ગોપાળાનંદ સ્વામી, તથા બ્રહ્મચારી વાસુદેવાનંદજી તથા નિત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ

સ્વામી, આનંદાનંદ સ્વામી, નિષ્કુલાનંદ સ્વામી, તથા શુકમુનિ તથા દેવાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, તથા પાર્ષદ ભગુજી તથા રતનજી તથા દાદાખાચર તથા અલૈયા ખાચર તથા મૂળજી શેઠ તથા શ્રીઘનશ્યામ મહારાજના બાળ સખા વેણીરામ આદિ મોટા સંત હરિજનોના મુખથી સાંભળેલાં શ્રીઘનશ્યામ મહારાજનાં ઐશ્વર્ય તથા બાળચરિત્રો સર્વને સાંભળતાં રામશરણજી પ્રત્યે કહેતા હતા, તે રામશરણજી વૃદ્ધાવસ્થાને કારણે ચરિત્રોનું વિસ્મરણ થશે એમ વિચારી સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામી પાસે શ્રીજીનાં બાળચરિત્રો એકાંતિક સંત હરિભક્તોની પ્રસન્નતાર્થે અને પૂર્ણપુરૂષોત્તમ ભગવાન સ્વામિનારાયણની પ્રસન્નતા માટે લખાવતા હતા.

હવે રામશરણજીએ જેમને પ્રશ્ન કર્યો છે એવા શ્રી અયોધ્યા-પ્રસાદજી મહારાજ પોતાના હૃદયને વિષે શ્રીઘનશ્યામ મહારાજનું સ્મરણ કરી, આ ચરિત્રોને કહેતા હતા, હે રામશરણજી ! આપે ભગવાનનાં અલૌકિક ચરિત્રો સાંભળવાં એમ જે પૂછ્યું તે બહુ સારું કર્યું. કારણ કે ભગવાનનાં ચરિત્ર મુમુક્ષુ જીવો માટે જીવન દોરી રૂપ છે માટે તમારી ઉપર અમો ઘણા રાજી છીએ. અને તે ચરિત્રો જે મારા જાણ્યામાં, સાંભળ્યામાં આવ્યાં છે, તેમાંથી થોડાંક સંક્ષેપે કરીને કહું છું, તેને તમો એકાગ્ર મનથી સાંભળો. તેમાં પ્રથમ એક આખ્યાન મહાચમત્કારી છે તે કહું છું.

એક સમયને વિષે છપૈયાપુરમાં બાલકરામ તરવાડી ઘણા જ બિમાર હતા. તેમના પુત્ર દુંદ તરવાડી તથા કૃષ્ણશર્મા તરવાડી એ બન્ને ભાઈઓ શ્રીમદ્‌ભાગવત સપ્તાહ કરાવતા હતા. સપ્તાહની સમાપ્તિ થઈ ત્યારે તેમને સર્વે સંબંધી એકત્રિત થઈ અયોધ્યા સરયુનદીએ લઈ જવાનો વિચાર કર્યો. ત્યારે બાલકરામ તરવાડી બોલ્યા કે, હે સંબંધીજનો ! તમો મને સરયુગંગા લઈ જશો નહિ. કારણકે હું અહીંજ દેહત્યાગ કરીશ. તેવું સાંભળીને દુંદ તરવાડી બે હાથ જોડીને કહેવા લાગ્યા કે,

પિતૃલોકમાં અમારી ઘણી નિંદા થાય, માટે જરૂર લઈ જવા પડે. તેવું સાંભળી બાલકરામ તરવાડી સુતા હતા તે તત્કાળ બેઠા થઈને બોલ્યા જે, હે પુત્ર ! તમારી પિતૃલોકમાં નિંદા નહીં થાય, કેમ કે આ છપૈયાપુરની પૃથ્વી ઘણીજ પવિત્ર છે. માટે અહીં પ્રભુ પુરૂષોત્તમ સ્વયં પ્રગટ થશે. અને હું તો પૂર્વનો કશ્યપ ઋષિ છું. એમ બોલ્યા. તે સાંભળી તેમનાં પત્નિ જીવરાણીબાઈએ બન્ને પુત્રોને પોતાની પાસે બેસાડીને કહ્યું કે, હે પુત્રો ! તમો ભગવાનની ભક્તિ કરજો અને પોતાના વર્ણાશ્રમનો ધર્મ પાળજો. ને હું તો સતી છું માટે પતિ સાથે બળી નિશ્ચે આ દેહનો ત્યાગ કરીશ. તેવું માતાનું વચન સાંભળીને બન્ને ભાઈઓ અતિશય ચિંતા કરવા લાગ્યા. ત્યારે તેમને બહુ પ્રકારે વાર્તા કરી શાંત પમાડ્યા પરંતુ કાંઈ શાંતિ પામ્યા નહિ. ત્યારબાદ જીવરાણીબાઈ પોતે સ્નાન કરી બ્રહ્મરૂપ થઈ હાથમાં માળા લઈને સ્થિરવૃત્તિ કરી અષ્ટાક્ષર મંત્રનો જપ કરવા લાગ્યાં. કેટલોક સમય થયો એટલે અક્ષરાધિપતિ પૂર્ણ-પુરૂષોત્તમ સાક્ષાત્ અદ્ભૂત દર્શન આપીને બોલ્યા જે, હે જીવરાણીબાઈ ! આ જે તમારી પુત્રવધુ ભવાનીબાઈ અને તેમનાં પુત્રી ભક્તિ એવા નામે કરીને થશે. અને મોટી સરવાઈમાં ઈટાર ગામને વિષે બાલશર્મા નામે વિપ્રને ઘેર ધર્મદેવ પોતે અવતાર ધારણ કરશે ને તે ધર્મદેવને આ છપૈયાપુરને વિષે ભક્તિદેવીની સાથે પરણાવશે. ત્યારે તે ધર્મભક્તિ થકી હું થોડાક કાળમાં પ્રગટ થઈશ. અને કેટલાક અક્ષરધામના મુક્ત પણ અહીં પ્રગટ થશે. અને તે ધર્મદેવના કુળમાં હું આચાર્યપદની સ્થાપના કરીશ. આવી રીતે ઘણી વાત કરી અંતર્ધાન થઈ ગયા. ત્યારે તે જીવરાણીબાઈ તત્કાળ ત્યાંથી ઉઠીને આનંદ પામતાં હતાં અને હકીકત પોતાના પુત્રોને કહેતાં હતાં. તેવા સમયમાં બાલકરામ તરવાડી દેહ મૂકવાની તૈયારીમાં હતા એટલે વાત પડતી મૂકીને તેમના પાસે જઈ પોતાના બન્ને પુત્રો સાથે બેઠાં અને ઉચ્ચે સ્વરે ભગવાનનું નામ લઈ

ભગવાની સ્મૃતિ કરાવી, એટલે તુરત જ દેહનો ત્યાગ કર્યો. પછી તેમને અગ્નિસંસ્કાર માટે નારાયણ સરોવરથી પૂર્વ દિશામાં પોતાના આંબાવાડીયામાં લઈ ગયા. ત્યારે જીવરાણીબાઈ પોતાના પતિની પાછળ સતી થવા નીકળ્યાં. ત્યારે પોતાના બન્ને પુત્રો રુદન કરવા લાગ્યા, એટલે તેમના ઉપર દયા કરીને સર્વને ધીરજ આપી આશીર્વાદ આપી બોલ્યાં જે, હે પુત્રો ! હે સંબંધીજનો ! મને ભગવાને દર્શન દઈ, જે વાત કરી છે તે પુરૂષોત્તમ ભગવાન સ્વયં પ્રગટ થશે અને તમારી સર્વેની આપત્તિને દૂર કરશે. તમો કાંઈ ચિંતા કરશો નહિ. એમ કહી પોતે સતી થયાં. અને જીવરાણીબાઈને પ્રગટ થવાનું સ્વયં પ્રભુએ કહેલું તે પ્રમાણે પોતાનું વચન સત્ય કરવા માટે આ છપૈયાપુરમાં ધર્મદેવ ભક્તિમાતાને ત્યાં પ્રગટ થયા હતા. ત્યારથી આરંભીને છપૈયાપુરને વિષે બાલ્યાવસ્થામાં જે જે ચરિત્ર કરતા હતા તથા અયોધ્યાપુરમાં જે જે ચરિત્રો કરતા હતા તથા તરગામ, લોહગંજરી, ગાયઘાટ, તિનવા તથા ખુરદ્વાર તેમજ બખરોલી અને નાગપુર આદિક બીજાં ગામોમાં જે જે ચરિત્રો કર્યાં છે તથા વન-ઉપવનને વિષે જે જે ચરિત્રો કર્યાં છે, તે ગામનાં તથા તેમાં રહેલાં વૃદ્ધ માણસોનાં નામ કહું છું.

પ્રથમ તો આ છપૈયાપુરને વિષે શ્રી ઘનશ્યામ મહારાજની લીલા અને જોયેલા જનોનાં નામો કહું છું. દુંદ તરવાડી, કૃષ્ણશર્મા તરવાડી, વશરામ તરવાડી, સુત મંછારામ, ઘેલા તરવાડી, સુબોધ તરવાડી, બેન વસંતાબાઈ, ચંદનબાઈ, ભક્તિમાતા, મોતી તરવાડી, ભવાનીદીન, બેન બલવંતાબાઈ, સુંદરીબાઈ, સૂર્યાબાઈ, લક્ષ્મીબાઈ, ગવિન્દ્રાબાઈ, ચંદાબાઈ, અમરાબાઈ, અમારાં માતા-પિતા, રામપ્રતાપભાઈ, સુવાસિનીબાઈ, સુત નંદરામ તથા ઠાકુરરામભાઈ તથા ઈચ્છારામભાઈ તથા ગોપાળજીભાઈ, રઘુવિરજીભાઈ, સીતારામજી, વૃંદાવનજી, બદ્રીનાથજી, સીધનાબેન, ફુલઝરીબાઈ, ઉન્મત્ત તરવાડી, મુર્તામામી,

વિર્જા તરવાડી, ઇંદીરાબાઇ, પહેલવાન તરવાડી, બાઇ ગવરી, નિશ્ચલ તરવાડી, લક્ષ્મીબાઇ, સુત વેણી, માધવ ને પ્રયાગ, પાંડે લક્ષ્મીનારાયણ, દુબેરામ, હરિ, વૈરાગી સરજુદાસ, વણિક સુખનંદન, રઘુનંદન, કંદોઇ બંસીધર, શિવશંકર, ગણેશિલાલ, ગૌરીદત્ત, બદ્રિનાથ, શિવનારાયણ, માનદત્ત, બુદ્ધિરામ તથા કાયસ્થ જગન્નાથ, સોની શિરનાથ, કણબી મંછા તથા રામચરણ, મંછારામ, કનહીરામ, સુથાર શંભુપ્રસાદ, માધવચરણ, સંજય, ભવાનીપ્રસાદ, દરજી શિવપ્રસાદ, મહેતા માનસંગ, માળી રાજનારાયણ, કલવાર બાબુરામ, લવાર લલ્લુ, પ્રજાપતિ શિરહેતુ, છીટન આહીર, મંગલ આહિર, ઝમઇરાત, સુત સુરતી, ભોઇ મહાબલી, ભાડભુંજા સુરજલાલ, ભવાનીદીન, સુત દેવીદીન, ધોબી મંછા તથા ભાન, મુસલમાન ફકીરી તથા ગુલજાર તથા નંદલી એ આદિક છપૈયાપુરના જનોનાં નામો કહ્યાં, હવે ગામ પીરોજપુરનાં નામો કહું છું. આનંદ તરવાડી, ગરીબ તરવાડી, બાઇજુ તરવાડી, શ્યામકુંવર, તથા ફુલઝરી એ આદિક. હવે તિનવાના જનો કહું છું. પાંડે હાથીરામ, પ્રથિત પાંડે બદલુ, અમૃતબાઇ, વચનાબાઇ, રામદીન, કેશર, કુંવરબાઇ, કાયસ્થ રાજબહાદુર, માળી સધર્મા એ આદિક. હવે ગામ નરેચાના જનો કહું છું. રાજા સન્માનસંગજી, રાણી જડીકુંવરબાઇ, ઓરે પાંડે, વિરજા પાંડે, કૃપારામ કણબી, માતા દીનબાઇ, ગંગા એ આદિક. હવે ગામ કુસ્મીનાં જન કહું છું. દયારામ દુબે, શિરદીન દુબે, મેડરામ, ગંગારા, બાઇ રાધા એ આદિક. હવે ગામ તરગામના જનો કહું છું. રામપ્રતાપભાઇના સસરા બળદેવપ્રસાદ, સુત લક્ષ્મીપ્રસાદજી, જનકરામ, ભગીરથ, ભાલેઇરામ, રૂપધર, મામી ઉદેકુંવરબાઇ, નવલકિશોર, સોની નારાયણપ્રસાદ, આહિર લલ્લુ, નિખીલ સુરજ, બલી, ભોઇ નંદલાલ, કણબી રામાદીન, ભાડભૂજા હરદીન એ આદિક. હવે ગામ ભમેચાનાં જન કહું છું. શુકલ રાજારામ,

માધવરામ, રઘુવીર, રુક્ષ્મણીબાઈ એ આદિક. હવે ગામ મુડાડીહાનાં જનો કહું છું. કાયસ્થ કનૈયાલાલ, આહિર અલાદ એ આદિક. હવે ગામ લક્ષ્મણપુરાનાં જન કહું છું. બલદીધર, સુત માણેકધર, ગંગાધર, દેવજાનીબાઈ એ આદિક. હવે ગામ ગુદ્રાબરોઈનાં જન કહું છું. શિરોદર, સુત બસ્તી એ આદિક. હવે ગામ ગાયઘાટનાં જન કહું છું. માન ઓઝા, રઘુનાથ તરવાડી તથા વિરજા તરવાડી, બાઈ જાનકી, કાયસ્થ ગુરુબકસ એ આદિક. હવે ગામ લોહગંજરીનાં જન કહું છું. આચાર્ય સંધ્યાગીર, બાવા શ્યામગીર, મથુબાઈ, આહીર ધનીરામ તથા જગપાલ એ આદિક.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે આગમ ભાખ્યું તથા નામ કહ્યાં એ નામે પહેલો અધ્યાય થયો. ૧

## અધ્યાય ૨

## ઘનશ્યામ મહારાજનો જન્મ તથા બાળચરિત્ર.

હવે ગામ ખુરાદાના જનો કહું છું. રાજા બાબુરામ, રામદત્ત, મણિધરજી પંડિત, દુર્ગા શિવરાજ, પાંડે રામરતન, બાઈ શિવરતન, આહીર ઢુંઢુ, એ આદિ. હવે ગામ બખરોલીનાં જન કહું છું. લક્ષ્મણદીન મિશ્ર, રામનારાયણ, બલદીરામ એ આદિક. હવે ભોયગામનાં જન કહું છું. રાજમલ, પ્રાગમલ, ભવાનીબકસ, દેવીબકસ, કાયસ્થ મીસરીમલ એ આદિક. હવે ગામ અસનારાનાં જન કહું છું. ભિક્ષુક તરવાડી, વેણીરામ કણબી, શિવચરણ, બાઈ પુરી એ આદિક. હવે ગામ ભેટીયાનાં જન કહું છું. કણબી રઘુવીર, ગુલામસંગ, ગુલજાર, બાઈ દીવાળી એ આદિક. હવે ગામ પતીજીયાનાં જન કહું છું. શિવગીરી બાવો, ચેતઈ પાંડે, એ આદિક. હવે ગામ ગૌરાનાં જન કહું છું. બેચઈ પાંડે, હિંમતરામ, પદ્મનાથ, નારાયણદત્ત, કેશરકુંવરબાઈ એ આદિક. હવે નાગપુરનાં જન કહું છું. છોટુ પાંડે, ક્ષત્રિય દુનિયાસંગ, એ આદિક.

હવે સુરવાલનાં જન કહું છું. કાયસ્થ તિલકરામ, મખનલાલ, રામદયાલ, મીઠુલાલ, ગુરુબકસ, કૃષ્ણદત્ત પાંડે એ આદિક. હવે ગામ આંબલીઆનાં જન કહું છું. મંછારામ, વીરજા ઉપાધ્યાય, શિવશંકર પંડિત, પરમાત્મા એ આદિક. હવે ગામ અયોધ્યાપુરીનાં જન કહું છું. રાજા દર્શનસિંહ, ગોર હરિકૃષ્ણ, રાધેચરણ, ઉદયરાજ તરવાડી, બાબુરામ તંબોળી, હરદેશ્વર, વૈરાગી કેશરીસંગ, માનસંગ, ભવાનીસંગ, દીલીસંગ, શ્યામલાલ તિવારી, કંદોઈ ઉમરાવજી, કંસારા સરયુપ્રસાદ તથા વણિક સુફલચંદ, વૈરાગી રામરતનદાસ.

હે રામશરણજી ! આ મેં ઉપર કહ્યા તે સર્વજન થકી મેં પરંપરા સાંભળેલાં જે ઘનશ્યામ મહારાજનાં ચરિત્ર તેને સંક્ષેપે કરીને કહું છું તેને સાંભળો. અક્ષરાતિત પૂર્ણપુરૂષોત્તમ ભગવાન અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે પોતાના અનંત મુક્તો સહિત કોસલ દેશને વિષે અયોધ્યા પ્રાંતમાં મખોડાઘાટ અને મનોરમા નદી તેના ઉત્તરાદા તટ થકી એક યોજન દૂર આવેલા છપૈયાપુરમાં સરવરીયા બ્રાહ્મણ ઈટાર પાંડે શ્રીધર્મદેવ થકી ભક્તિ નામે દેવીને વિષે સંવત્ ૧૮૩૭ ના ચૈત્ર સુદી નવમીની દસ ઘડી રાત્રિ જતાં પોતે પ્રાદુર્ભાવ પામ્યા. તે સમયમાં ભક્તિમાતાની પાસે પોતાનાં બહેન વસંતાબાઈ તથા ચંદનાબાઈ તથા સુંદરીબાઈ, સુરજાબાઈ, લક્ષ્મીબાઈ, ઝમઈ રાતની, સુખનાબાઈ એ આદિક બે ચાર બાઈઓ સહિત ભક્તિમાતાની સમીપે થોડેક દૂર અધોઉર્ધ્વ પ્રમાણે રહિત તેજના સમૂહના મધ્યે કિશોર મૂર્તિ, અતિ તેજસ્વી, ચતુર્ભુજ, પીતાંબરધારી, કીરીટાદિ આભૂષણે વિભૂષિત, ઢોલિયા ઉપર બિરાજેલા શ્રી ઘનશ્યામ મહારાજને મહા અલૌકિક રૂપે જોઈને સર્વે આશ્ચર્યમુગ્ધ બની જતાં હતાં. અને તે સમયમાં નેત્રકમળ ઉઘાડી પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એ ચાર દિશા તરફ એક પ્રહર સુધી જોઈ રહ્યાં. તેને દેખીને ભક્તિમાતા બે હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યાં

તેટલી વારમાં દ્વિભુજ રૂપે અક્ષરધામમાં મુક્તે સહિત પોતાનું દર્શન દઈ બાળસ્વરૂપે બનીને શયન કરતા હતા. તે સમયમાં ત્રિગુણાભિમાની વિષ્ણુ, શિવ, બ્રહ્મા ઈન્દ્રાદિક દેવો પોતપોતાના ગણે સહિત આવીને આંગણામાં દુંદુભિ વગાડી, સ્તુતિ કરી, ચંદન પુષ્પનો વરસાદ કરતા હતા અને મુનિ તથા મુક્તના સમૂહ આવીને આશીર્વાદ આપતા હતા. અને તે સમયમાં તારા મંડળ સૂર્યચંદ્રાદિક સહિત શિશુમારચક્ર નિર્મળ થઈ સ્થિર બની ગયું હતું અને તે સમયમાં શીત, મંદ, સુગંધિત વાયુ વાતો હતો અને તે વાયુના વેગે મેઘ ધીમે ધીમે ઝીણાં બિન્દુઓ રૂપી અમૃતવર્ષા કરતો હતો, ગોલોકધામથી સુરભી ગાય આવી, દૂધની ધારાઓ સીંચી, પગે લાગતી હતી. એવાં અનેક આશ્ચર્ય જોઈને ભક્તિમાતા પોતાના પુત્રને અક્ષરાધિપતિ પૂર્ણપુરૂષોત્તમ છે, એમ માની સ્તુતિ કરવા લાગ્યાં.

એક દિવસ ભક્તિમાતાના ખોળામાં બિરાજેલા શ્રીઘનશ્યામ મહારાજને કાલીદત્ત નામના અસુરે સર્જેલી કૃત્યાઓનો ગણ આવીને શ્રીઘનશ્યામ મહારાજને ઉપાડી પૂર્વદિશામાં આંબાના બગીચામાં લઈ ગયો, તે વખતે શ્રીઘનશ્યામ મહારાજે જરા વક્રદ્રષ્ટિ કરી, તેટલામાં તો કૃત્યાઓ બળવા લાગી અને પ્રભુને મૂકી દઈ પરસ્પર બોલતી હતી. મારો, મારો, ખાઓ, ખાઓ એવી રીતે બોલતી હતી. તે વખતે હરિ ઈચ્છાથી તેજ સ્થળે હનુમાનજી આવ્યા અને શ્રીઘનશ્યામ મહારાજને નમસ્કાર કરી, કૃત્યાઓનો પોતાના પૂંછડે ભારો બાંધી, ચોટલાઓ ઝાલી, પાટુઓ મારી, પૃથ્વીમાં ઘાલતા હતા. ત્યારે કૃત્યાઓ લોહીનું વમન કરતી બોલી જે, હે અંજની સુત ! અમોને જીવતાં જવા દ્યો તો ફરીથી જીવીશું ત્યાં સુધી આ છપૈયાપુરમાં કોઈ દિવસ આવીશું નહિ. આવું કૃત્યાઓનું વચન સાંભળી હનુમાનજીએ છોડી દીધી.

તેટલામાં જીવ લઈને નાઠેલી તે કૃત્યાઓ પોતાને મોકલનાર

કાલીદત્ત નામના અસુરને વળગી અને તેને મૃતપ્રાય કરી નાખ્યો. પછી શ્રી હનુમાનજી પોતે તે સ્થળેથી શ્રીઘનશ્યામ મહારાજને પોતાના બન્ને હાથથી ઉપાડી ભક્તિમાતાને આપી, એમ બોલ્યા જે, હે માતા ! આ તમારા પુત્ર અક્ષરાધિપતિ પૂર્ણપુરૂષોત્તમ છે, તે તમારા સુખને માટે અત્રે પ્રગટ થયા છે. માટે કંઈ ચિંતા રાખશો નહિ, તમોને સંપૂર્ણ સુખ આપશે અને જ્યારે મારી જરૂર પડે ત્યારે મને સંભારજો, એમ કહીને અદ્રશ્ય થઈ ગયા. તે ચરિત્ર જોઈને ભક્તિમાતા સર્વે છપૈયાવાસી જનોને કહેતાં હતાં.

વળી છઠ્ઠે દિવસે કોટરા નામે એક રાક્ષસી મહા વિકરાળ રૂપ ધારણ કરીને વિઘ્ન કરવા આવી. એટલે તેના સામું વક્રદ્રષ્ટીથી પ્રભુએ જોયું કે તરત જ બળીને ભસ્મ થઈ ગઈ.

વળી એક સમયને વિષે છપૈયાપુરમાં ભક્તિમાતાનાં ભોજાઈ સુંદરીબાઈ બોલ્યાં કે, છોટીબા ! તમારે જમવા માટે હાલમાં કાંઈક બનાવી લાવું ? ત્યારે ભક્તિમાતાએ ધીમેથી કહ્યું, ધીરે રહીને બનાવી લાવો. પછી સુંદરીબાઈ રસોડામાં જઈ રસોઈ કરવા લાગ્યાં અને ભક્તિમાતાના મનમાં એવો સંકલ્પ થયો જે, મારી ભોજાઈને મેં ધીમે રહીને ભોજન બનાવવાનું કહ્યું છે અને ભૂખ તો ઘણી લાગી છે, માટે હવે કેમ કરવું ? આવો પોતાની માતાનો સંકલ્પ જાણી પ્રભુએ ઈચ્છા કરી તેટલામાં તો અષ્ટસિદ્ધિઓ પોતપોતાના હાથમાં ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય એ ચાર પ્રકારના ભોજનના થાળ ભરી લાવીને ભક્તિ-માતાના સમીપમાં મૂકીને બોલી, હે દાદીમા ! તમારા માટે અમો ભોજન લાવ્યાં છીએ. માટે તમોને જે ભોજન ગમતું હોય તે જમો, ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, તમો કોણ છો ? ત્યારે તેઓ બોલ્યાં જે, અમો સિદ્ધિઓ છીએને તમારે માટે જે રસોઈ થાય છે તેને હજી ઘણીવાર છે અને તમને ભૂખ પણ લાગી છે. તે માટે અમો આ તમારા પુત્ર સાક્ષાત્

પુરૂષોત્તમનારાયણ છે તેમની ઈચ્છાએ કરીને થાળ લાવ્યાં છીએ. ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, ભોજન મારાથી કેમ જમાય ? ત્યારે પોતાની માતાનો શબ્દ સાંભળી પ્રભુ પોઢ્યા હતા તે બેઠા થઈ આ પ્રકારે બોલ્યાઃ

હે દીદી ! દેવોનું લાવેલુ અન્ન તો જમાય. એમ કહી તે થાળમાંથી પોતે એક ગ્રાસ જમતા હતા અને માતાજીને કહ્યું હવે તમો જમો. ત્યારે ભક્તિમાતા રાજી થઈને જમ્યાં, તે પછી સિદ્ધિઓ જળપાન કરાવી ઘનશ્યામ મહારાજના પ્રસાદનું માહાત્મ્ય જાણી પોતે પણ પ્રસાદ લીધો. તે સમે સુંદરીબાઈ શિરો કરીને લાવ્યાં. ત્યાં તો ભક્તિમાતાના સમીપમાં રૂપવાન અને યૌવનવાન દિવ્ય વસ્ત્રો ને ઘરેણાં જેમણે પહેર્યાં છે એવી અત્યંત તેજોમય શરીરવાળી સ્ત્રીઓને જોઈને ભક્તિમાતા પ્રત્યે બોલ્યાં જે, હું જમવાનું લાવી છું તો તમો જમો, અને આ બાઈઓ કોણ છે ? ત્યારે સંકેત કરીને કહ્યું કે, આ ઘનશ્યામને પૂછો. એટલે સુંદરીબાઈએ ઘનશ્યામ મહારાજને પૂછ્યું. ત્યારે ઘનશ્યામ હસતા થકા બોલ્યા, હે મામી ! તમોને રસોઈ કરતાં ઘણી વાર લાગી જેથી મારી ઈચ્છાથી આ સિદ્ધિઓ થાળ લઈને આવી છે તે અમારી માતા જમ્યાં અને હું પણ જમ્યો. હવે તમો લાવ્યાં તે તમો જમો. તેવું સાંભળીને આનંદ પામતાં હતાં.

તે વાર પછી ઘનશ્યામ મહારાજે સિદ્ધિઓ સામું જોયું એટલે સર્વે હાથ જોડી વિનંતી પૂર્વક બોલી જે, હે મહારાજ ! આજ અમોને કૃતાર્થ કર્યાં છે. અને હવે અમો ભક્તિમાતા માટે અને આપના માટે પ્રતિદિન બબ્બે વખત નવીન નવીન ભોજન જમાડવા નિત્ય આવીશું. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા કે, અમારી મામીને રસોઈ કરતાં વાર લાગે તો તમો ભોજન લાવજો. તે સાંભળી મામી બોલ્યાં, હે ઘનશ્યામભાઈ ! તમોને મેં આવા જાણ્યા ન હતા અને આવા તમારા અલૌકિક મહિમાને પણ જાણતી ન હતી. માટે તમો જેવા તો તમો એક જ છો, તમારા જેવા તો કોટી બ્રહ્માંડમાં નથી. એમ કહી ગદ્‌ગદ્‌ કંઠ

થઈ ગયાં અને પોતાનો અપરાધ ક્ષમા કરાવી પગે લાગ્યાં. ત્યારપછી સર્વે સિદ્ધિઓ ઘનશ્યામ મહારાજને વંદન કરીને પગે લાગીને રજા લઈને ચાલી ગઈ. તેને સુંદરીબાઈ વળાવવા ગયાં. તે નારાયણ સરોવરના કાંઠે ગયાં અને ત્યાં મહુડાના વૃક્ષ નીચે સર્વે સિદ્ધિઓ ઉભી રહી અને સુંદરીબાઈને મળી આકાશમાં અદ્રશ્ય થઈ ગઈ. આવું અદ્ભુત ચરિત્ર જોઈને સુંદરીબાઈ આશ્ચર્ય ચકિત થયાં અને પાછાં ઘેર આવ્યાં. તે સમયમાં ધર્મદેવ તથા રામપ્રતાપભાઈ એ બન્ને પિતા-પુત્ર આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર બેઠા હતા. તે વખતે રામપ્રતાપભાઈ બોલ્યા જે, હે મામી ! તે કોણ હતાં ? ત્યારે સુંદરી મામી સંપૂર્ણ હકીકત વિગતવાર કહી. અને ત્યારથી પ્રતિદિન ઘનશ્યામ મહારાજનો તથા ધર્મ ભક્તિનો, રામપ્રતાપભાઈનો મહિમા નવીન અને નવીન સમજતાં હતાં.

વળી એક દિવસે મધ્યરાત્રિએ ભક્તિમાતા નિદ્રામાં હતાં. તે વખતે પૂર્વ દિશામાં ભીંતમાં જાળી હતી તે જાળીમાંથી ઘનશ્યામ મહારાજ પારણામાં પોઢ્યા હતા અને પોતાના મુખારવિંદ ઉપર ચંદ્રનું અજવાળું પડતું હતું, ત્યારે નેત્રકમળ ઉઘાડીને જોયું ત્યાં તો ચંદ્રમાનું અજવાળું દેખીને લાંબો હસ્ત કરી, ચન્દ્રમાને પકડી પોતાના ઘરમાં લાવ્યા. તેટલામાં ભક્તિમાતા જાગી ગયાં. ત્યારે આખા ઘરમાં અજવાળું ને તેમની સાથે રમતા જોઈને ભક્તિમાતાએ અચાનક ઉભાં થઈ ઉપાડી લીધા. ત્યારે ઘનશ્યામ પ્રભુ બોલ્યા, હે માતા ! તમો ડરશો નહિં. આ તો ચંદ્રમા છે. તેવું સાંભળી માતા ઘણાં રાજી થયાં અને પુત્રને મૂકી દીધા. પછી ચંદ્રમા નમસ્કાર કરી આકાશ માર્ગે અદ્રશ્ય થઈ ગયા.

હે રામશરણજી ! તે ઉપર ભૂમાનંદ સ્વામીએ કીર્તન કર્યાં છે.

આ જો સખી આવ્યા હરિ બ્રહ્મમહોલના વાસી,
નરદેહ ભૂતલમાં ધરી અગોચર અવિનાશી.
પોઢ્યા’તા વાલો પારણે રમકડું ધારી;

ઝાલ્યો રમવા કારણે, ચન્દ્ર કર વધારી;
અર્ધી નિશાને સમે સુતાં, સુતાં સહુ દ્વાર વાસી.
આ કીર્તન તે સમયનાં કરેલાં છે.

વળી એક દિવસ ભક્તિમાતા પોતાના પુત્રને સ્તનપાન કરાવતાં હતાં. પછી સ્તનપાન કરી શ્રી ઘનશ્યામ ખોળામાં રમવા લાગ્યા. તે સમયમાં બગાસુ ખાધું, એટલે ઘનશ્યામ મહારાજના મુખારવિંદમાં બ્રહ્મા, વિષ્ણું, શિવ, ઈન્દ્ર, ચંદ્રાદિક દેવતાઓ તથા તારામંડલે સહિત શિશુમાર ચક્ર તથા સાત દ્વીપ, સાત સમુદ્ર ને નવખંડ પૃથ્વી ને લોકાલોક પર્વત અને આલોક તથા અવ્યાકૃત ધામે સહિત ભૂમાપુરૂષાદિક સમગ્ર ઐશ્વર્ય સહિત અનંતકોટી બ્રહ્માંડને એક કલાવચ્છિન્ન મુખમાં દેખાતાં હતાં તે મહાઅદ્ભુત ઐશ્વર્ય જોઈને, પોતાનાં બહેન વસંતાબાઈ, ચંદનબાઈ તથા સુંદરીબાઈ આદિકને તે વાત કહી. તે સાંભળીને સર્વે છપૈયાપુરવાસીજનો મહા આશ્ચર્ય પામ્યાં.

વળી એક સમયે ધર્મદેવને આંગણે નારદ, તુંબરૂ અને શંકર એ ત્રણ દેવો આવ્યા હતા, આવીને નારદજી તો નૃત્ય કરી ઘનશ્યામ મહારાજને રાજી કરતા હતા. તુંબરૂ પણ તનનનન કરીને તાન બજાવી બાળસ્વરૂપ એવા ભગવાનને રાજી કરતા હતા અને શંકર પોતે ડમડમ ડમરૂ બજાવી થેઈ થેઈ કરીને પાવ નચાવતા હતા. તે શબ્દ સાંભળી છપૈયાપુરવાસી જનો દોડી ધર્મદેવને ઘેર આવ્યા. અને તે સમયની શોભા જોઈ સર્વે સ્થિર બની ગયા. તે સમયમાં રામપ્રતાપભાઈ તથા વશરામ તરવાડી એ બે મામો ભાણેજ ગામ લોહગંજરી ગયા હતા. તે ઘેર આવ્યા, ત્યાં તો આવી મહા અલૌકિક શોભા જોઈને પોતાના મનમાં આશ્ચર્ય પામતા હતા. આ સમય દરમ્યાન બાળસ્વરૂપ પોતે પોઢેલા હતા તે તત્કાળ બહાર ઓસરીમાં આવીને તે ત્રણને પોતાનું દર્શન દઈ, પાકાં કેળાની લુમ્બ આપી. તે રાજી થઈ, પ્રસાદી લઈ, નમસ્કાર કરીને

આકાશ માર્ગે અદ્રશ્ય થઈ ગયા અને પ્રભુ પોતે પોઢી ગયા. આવું ચરિત્ર જોઈને સર્વે આશ્ચર્ય પામ્યાં.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજને રાજી કરવા સારૂ અનંત અપ્સરાઓ ધર્મદેવને આંગણે આવી નૃત્ય કરવા લાગી. તે શબ્દ સાંભળી સર્વે પુરવાસીજનો ત્યાં આવ્યાં. ત્યાંતો ધર્મદેવને ઘેર આંગણામાં ઘણી ભીડ્ય થયેલી ને ગાનની શોભા જોઈ સર્વે જનો ઘણા રાજી થયા. તેટલામાં શ્રી ઘનશ્યામ મહારાજ બાળસ્વરૂપે પોઢ્યા હતા તે પલંગથી ઉતરી, સર્વેના દેખતાં દર્શન માટે તત્કાળ ઘરમાંથી આંગણામાં આવી, અપ્સરાઓને નારંગીનાં ફળ આપ્યાં, તે લઈ, દર્શન કરી, રજા માગીને, આકાશ માર્ગે ચાલી ગઈ અને પ્રભુ પાછા પલંગમાં પોઢી ગયા. આવું ચરિત્ર જોઈ સર્વે મહા આશ્ચર્ય પામ્યાં.

વળી ધર્મભક્તિએ પોતાના પુત્રની પરીક્ષા લેવા માટે આગળ આયુધ, પુસ્તક અને સોના મહોર એટલી વસ્તુઓ મૂકી. એટલે ઘનશ્યામ મહારાજે દોડી પુસ્તક ઉપર હાથ મૂક્યો. ત્યારે ધર્મદેવે જાણ્યું, આ તો મહાશાસ્ત્રવેત્તા થશે.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે સિદ્ધિઓ થાળ લાવી એ નામે બીજો અધ્યાય થયો. ।। ૨

## અધ્યાય ૩

## માતા-પિતાને ધામનાં દર્શન તથા અન્ય ઐશ્વર્યો.

હે રામશરણજી ! હવે એક બીજું ચરિત્ર કહું છું તે સાંભળો. એક સમયને વિષે ઘનશ્યામ મહારાજને ભક્તિમાતાએ સ્તનપાન કરાવી પારણામાં સુવાડ્યા અને પોતે રસોડામાં માખણ તાવવા લાગ્યાં. તેવામાં પારણામાંથી બેઠા થઈને ચારે તરફ નજર ફેરવી જોયું ત્યારે ચુસણી છેટે પડેલી જોઈ. એટલે તેને લેવા માટે પોતે પારણામાંથી હેઠે ઉતરી, ભાખોડીયે પૃથ્વી ઉપર ચાલીને તે ચુસણી પોતાના હાથમાં લઈને પાછા

પારણામાં આવી પોઢી ગયા. ને તે ચુસણીને પોતાના મુખમાં ચુસવા લાગ્યા. તે સમયે ગામ સુરવાલનો કાયસ્થ રામદયાળ ધર્મદેવને આંગણે આંબલી નીચે ચોતરા ઉપર બેઠો હતો તે ઘનશ્યામ મહારાજને પારણેથી ઉતરતા ચઢતા દેખીને મનમાં આશ્ચર્ય પામ્યો અને બોલ્યો જે, હે હરિપ્રસાદ પાંડે ! આ તમારા પુત્રને કેટલા માસ થયા છે ? ત્યારે ધર્મદેવ બોલ્યા જે, અઢી માસ થયા છે. તેવું સાંભળીને કાયસ્થે કહ્યું, ઓહો ! જુઓ તો ખરા, હજી અઢી માસના થયા છે અને આ પારણામાંથી ઉતરીને છેટે પડેલી ચુસણી લઈને પાછા પારણામાં ચઢી ગયા. માટે હે હરિપ્રસાદ ! આ તમારા પુત્ર કોઈક દેવ છે, અગર તો સાક્ષાત્ ઈશ્વર છે, તે સિવાય આવો ચમત્કાર હોય નહીં. એમ કહીને ચોતરા ઉપરથી ઊઠીને પારણામાં જોવા લાગ્યો ત્યારે ઘનશ્યામ મહારાજ તેના સામું જોઈ મંદ મંદ હસતા હતા અને પોતાના સ્વરૂપમાંથી તેજના અંબાર નીકળવા લાગ્યા, તે તેજે કરીને અંજાઈ ગયો. તેવું ઐશ્વર્ય જોઈને આનંદ પામતો હતો. એવામાં તો સઘળું તેજ પોતાના સ્વરૂપમાં સમાવી લીધું. અને કાયસ્થ પોતાના ગામમાં જઈને તે પ્રતાપની વાર્તા સર્વ જનોને કહેતો હતો.

વળી એક સમયમાં સર્વે દેવો ભગવાનનાં દર્શન કરવા માટે આવ્યા. આવી સ્તુતિ કરી, નમસ્કાર કરી, વિભિન્ન પ્રકારની ભેટો મૂકવા લાગ્યા. તે વખતે બાળસ્વરૂપ પલંગમાં પોઢ્યા હતા. તે બેઠા થઈ ગયા, એટલે સર્વે દેવો આનંદ પામ્યા અને અનુક્રમે ઉભા રહીને પ્રભુની પૂજા કરી, અમૂલ્ય એક રજાઈ ઓઢાડી, બે હાથ જોડી પગે લાગ્યા. તે સમયમાં ભક્તિમાતા રસોડામાં જમતાં હતાં. અને પોતાનાં બેન ચંદનબાઈ ઓરડામાં હતાં. તે વખતે ઈન્દ્રદેવ આવી આંગણામાં મેઘાડંબર કરી મજરો કરવા લાગ્યા. તે શબ્દ સાંભળી ચંદનબાઈ ત્યાં આવ્યાં, તેવામાં સર્વે દેવો પોતપોતાના વિમાનમાં બેસીને નારાયણ

સરોવર સામા સુંસરા ચાલીને આકાશમાર્ગે અદૃશ્ય થઇ ગયા. તે આશ્ચર્ય જોઇ સ્થિર થઇ ગયાં. પછી ચંદનબાઇના મનમાં સંકલ્પ થયો કે આ વાત મારી બેનને કહું, એમ જાણી પાછાં ઘરમાં ગયાં, ત્યાંતો ભક્તિમાતા ચળુ કરી બહાર આવ્યાં. ત્યારે તે રજાઇ જોઇ બોલ્યાં કે, હે બેન ! આ રજાઇ ઘનશ્યામભાઇને તમે ઓઢાડી છે ? ત્યારે ચંદનબાઇ બોલ્યાં, મેંતો નથી ઓઢાડી. પછી ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજના ઉપરથી રજાઇ લીધી. ત્યાંતો પુષ્પના હાર જોઇ આશ્ચર્ય પામ્યાં અને પૂછ્યું આ ક્યાંથી ? ત્યારે ચંદનબાઇએ ઉપરની સર્વે વાર્તા કહી.

એક સમયને વિષે બહાબલી નામનો ભોઇ હતો. તેની દીકરી ફુલઝરી અને ઝમઇરાતની સ્ત્રી ફુલકળી. આ બન્ને ભક્તિમાતાનાં વસ્ત્ર અને ઘનશ્યામ મહારાજનાં બાળોતીયાં ધોતાં હતાં. તે એક દિવસ ધોવાનાં વસ્ત્ર લઇ મીનસાગર નામના તળાવમાં ધોઇ, તડકે સુકવી, બન્ને બાઇઓ મહુડાના વૃક્ષ નીચે છાયામાં બેસી પરસ્પર વાર્તાઓ કરે છે. તેમાં ફુલકળી કહે છે, ફુલઝરી ! જુઓને આ ઘનશ્યામ બાબુનાં વસ્ત્ર આપણે નિત્ય ધોઇએ છીએ, પરંતુ કોઇ દિવસ તેમનું વસ્ત્ર બગડેલું માલુમ પડતું નથી. કેમકે આપણે ધોઇને જઇએ છીએ તેવાં ને તેવાં મળે રહિત બીજે દિવસ ધોવા લાવીએ છીએ. પરંતુ તે મળમુત્રવાળાં થતાં નથી. તે શું હશે ? વારૂ ઘનશ્યામ દિશાએ જતા હશે કે નહિ જતા હોય ? એવું સાંભળી ફુલઝરી બોલ્યાં જે, બહેન ! તને ખબર નથી. તેતો જ્યારે મળમુત્રના ત્યાગનો સમય થાય છે, ત્યારે નીચા ઉતરી જાય છે. તેવું સાંભળી પોતાના મનમાં સાચું માનતાં હતાં. પરંતુ તેના મનમાં એમ થયું જે, આ વાત ઘેર જઇ ભક્તિમાતાને પૂછું. એમ વિચારી ફુલકળીએ ભક્તિમાતાના ઘેર જઇ તેમને આ વાત કરી. તે સાંભળી ભક્તિમાતા બોલ્યાં જે, એ વાત સાચી છે. એટલામાં તો તેને નિશ્ચય કરાવવા સારું ઘનશ્યામ મહારાજ તત્કાળ પારણામાંથી હેઠા ઉતરી ઝાડે

જવા બેઠા. તે જોઈને ફુલકળી તથા ફુલઝરી બન્ને ચકિત થઈ ગયાં. પછી ભક્તિમાતાએ ધોયા એટલે તરત જ પાછા જઈને સૂઈ ગયા. આવું મહા આશ્ચર્ય જોઇ ફુલકળી પોતે વશરામ તરવાડી તથા મોતીરામ તરવાડીના ફળીયામાં જઇ તે વાત સુરજાબાઈ વિગેરેને કહેતાં હતાં. તે સાંભળી તેઓ બોલ્યાં કે, એ તો જન્મ્યા ત્યારથી એમનાં અનંત પ્રકારનાં ઐશ્વર્ય દીઠામાં સાંભળવામાં આવે છે. માટે ઘનશ્યામ તો ઈશ્વરના પણ ઈશ્વર છે. એમ સર્વે માનતાં હતાં.

વળી એક સમયમાં ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને સ્તનપાન કરાવી પારણામાં પોઢાડ્યા હતા. તે સમયે વૈરાજપુરૂષ ઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા આવ્યા. તે કેવા હતા ? તો તે બહુ ઉંચા, મોટા ઉદરવાળા, મસ્તક ઉપર જટા ધારણ કરી રહેલા, એવા તે ધર્મદેવના દ્વાર આગળ ઉભા રહ્યા અને સન્મુખ રહેલા પારણે પોઢેલા ઘનશ્યામ મહારાજને નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યા. અને બોલ્યા જે, હે મહારાજ ! તમોને મજરો દેવા સર્વે મુક્તો અને બીજા દેવો આવે છે કે નહીં ? ત્યારે પ્રભુ બોલ્યા, હા કેટલાક આવી ગયા અને કેટલાક બાકી છે તે આવશે. ત્યારે તે બોલ્યા જે, હે મહારાજ ! હે ભગવન્ ! તમો સ્વયં પુરૂષોત્તમ અવતારી આ પૃથ્વી ઉપર પધાર્યા છો તો કોણ આપની પાસે નહિ આવે ? સર્વે આવશે. એમ કહી હાથમાં રમકડાં આપી પારણે રેશમની દોરી બાંધીને નમસ્કાર કરી ચાલ્યા. તે નારાયણ સરોવરના ઉગમણે કાંઠે જળપાન કરી ત્યાંથી ચાલ્યા. ઉગમણે બગીચે થઈ ગામ અગીયાના તળાવમાં રામદત્ત નામનો બ્રાહ્મણ સ્નાન કરતો હતો તેની પાસે જઈને ઉભા રહ્યા. ત્યારે તે બ્રાહ્મણ ભય પામી બોલ્યો જે, હે મહારાજ ! તમે કોણ છો ? આ બ્રહ્માની સૃષ્ટિમાં આવા ઉંચા કોઈ હોય નહિ, ને આગળ સત્યયુગમાં શાસ્ત્ર થકી સાંભળ્યામાં આવ્યા છે તે હશે; પણ આજે કલિયુગમાં તેવા હોય નહિ. એમ કહ્યું ત્યારે

બોલ્યા જે, અમો તો વૈરાજપુરૂષ છીએ. તે છપૈયાપુરને વિષે હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામ અક્ષરાધિપતિનાં દર્શન કરવા ગયા હતા. એમ કહીને શ્રવણ તળાવડીના મેળા ઉપર ગયા. પછી તે રામદત્ત આશ્ચર્ય પામી છપૈયાપુરમાં આવી શ્રીધર્મદેવને વાત કરતો હતો. પછી ઘનશ્યામ મહારાજને પારણામાં જઈ જોવા લાગ્યો. એટલે તેને ઘનશ્યામે ચતુર્ભુજરૂપે દર્શન આપ્યાં. તે વખતે આખા શરીરમાંથી તેજ તેજના અંબાર છૂટ્યા તેથી પોતે અંજાઈ ગયો. એવી રીતે ઘડીક ઐશ્વર્ય દેખાડીને દયાળુ મૂર્તિ ભગવાને તે તેજને પાછું પોતામાં સમાવી લીધું, ને રામદત્ત સામું જોઈ હસવા લાગ્યા. તેવું મહા અદ્ભુત આશ્ચર્ય જોઈને તે વિપ્ર પોતાના ગામમાં જઈને તે પ્રતાપની વાર્તા સર્વેને કહેતો હતો.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજનાં મામી ચંદાબાઈ તથા લક્ષ્મીબાઈ આદિક કેટલીક મામીઓ મળી ગાયઘાટથી શ્રી ઘનશ્યામ મહારાજને રમાડવા સારૂં છપૈયાપુરમાં આવી. તે સમયમાં બાળસ્વરૂપ પારણામાં પોઢેલા હતા. તેને લેવા સારૂં લક્ષ્મીબાઈએ હેતે કરીને હાથ લાંબા કર્યા કે તુરત કિશોરમૂર્તિ ને ચતુર્ભુજ અને પોતાના અંગમાંથી તેજના સમૂહને બતાવતા, શાંતિના સ્થાનરૂપ, એવા ભગવાન પોતે અલૌકિક રૂપે દર્શન આપતા હતા. એવું ઐશ્વર્ય જોઈને લક્ષ્મીબાઈ તો બીજી સ્ત્રીઓને વાર્તા કહેવા લાગ્યાં.

વળી એક સમયને વિષે ભક્તિમાતા ઘનશ્યામ મહારાજને પારણામાં પોઢાડી રસોઈ કરતાં હતાં. તે સમયમાં એક અસુર પોતાનું પૂર્વનું વૈર વાળવા માટે આવીને કોઈ ન જાણે તેમ પારણામાંથી બાળકને લઈ આકાશ માર્ગે ચાલ્યો. ત્યારે ભગવાને પોતાને વિષે પૃથ્વીનો ભાર ધારણ કર્યો. તેથી અસુર સહન કરી શક્યો નહિ. તેથી બૂમ પાડી, કોઈ ઉપાય ન ચાલતાં પોતાના ઉપર રહેલા ભગવાન સાથે ચુડહાના વનમાં પડ્યો કે તત્કાળ પોતાના મૂળ સ્વરૂપે થઈ મરણ પામ્યો. એટલું કાર્ય

કરી ઘનશ્યામ પાછા ઘેર આવી પ્રથમની માફક સૂઈ ગયા અને જે સમયે અસુર પડ્યો તેના શરીરના પ્રહારથી ગામ સુરવાલમાં કાયસ્થ રામદયાળ ઝબકીને બોલ્યા, હે ભાઈઓ ! આ કડાકો શાનો થયો ? ત્યારે કાયસ્થ તિલકરામ બોલ્યા જે, હે ભાઈ ! એ તો આકાશમાં વરસાદ ગાજતો હોય એમ જણાય છે. ત્યારે વળી મખનલાલ બોલ્યા જે, એ તો વનમાં વંટોળીયાના યોગે કરીને મોટું વૃક્ષ ભાંગી પડે એવો કડાકો થયો છે. તેમ પરસ્પર કાયસ્થો વાર્તાઓ કરે છે, તેટલામાં તો હનુમાનજી આકાશ માર્ગે થઈને છપૈયામાં આવ્યા અને ચુડહાના વનમાં મૃત્યુ પામેલા અસુરને જોઈ પોતાના મનમાં આનંદ પામતા હતા જે, આ ઘનશ્યામ મહારાજે સારૂં કર્યું. માટે હું તેમની પાસે જાઉં. એમ વિચારી શિઘ્ર ત્યાં આવી, વિનંતી પૂર્વક ઘનશ્યામ મહારાજને પગે લાગી બોલ્યા, હે મહારાજ ! હું તો ભોજન કરવા ગયો તેટલામાં તે અસુર તમોને મારવા માટે આવ્યો અને તેનો તમોએ નાશ કર્યો. તેવું તમારૂં ચરિત્ર જોઈ હું બહુ જ રાજી થયો છું. પરંતુ હે મહારાજ ! મારો ગુન્હો આપ માફ કરો. કારણ કે આપની રજા લીધા વિના ગયો હતો, તેમ બોલ્યા. તે વાર્તા રામપ્રતાપભાઈ તથા ધર્મદેવ સાંભળતા હતા. તેટલામાં તો ગાયોના ગોવાળ તે વનને વિષે મરેલા અસુરને જોઈને ભય પામી સત્વર ગામમાં આવી સર્વેને વાર્તા કહેતા હતા. તે સાંભળી છપૈયાના જનો તથા સુરવાલના જનો વનમાં જોવા જતા હતા. ત્યાં મરેલા અસુરને જોઈ મહા આશ્ચર્ય પામ્યા અને પરસ્પર કહેવા લાગ્યા કે અહો ! જુઓ તો ખરા ! હજારો વૃક્ષ ભાંગી ગયાં છે. આતો મોટું આશ્ચર્ય કહેવાય. એમ કહી પોત પોતાના ઘેર ગયા.

એક સમયમાં ભક્તિમાતા ઘનશ્યામ મહારાજને પારણામાં પોઢાડી, તે પારણે રમવા માટે ઘુઘરો ઉંચો બાંધીને સુઇ ગયાં. ત્યારે બાળસ્વરૂપે લાંબા હાથ કરીને ઘુઘરો છોડી મુખારવિંદમાં રાખી ચુસવા

લાગ્યા, તેથી બચકારા થવા લાગ્યા, તે શબ્દ સાંભળી ભક્તિમાતા ભરનિદ્રામાંથી તત્કાળ જાગી ગયાં અને ઉઠીને જોયું ત્યારે તો ઘુઘરો પોતે ઉંચો બાંધ્યો હતો તે બાળકના હાથમાં જોયો. તે જોઈને બોલ્યાં, આ ઘુઘરો તો મેં ઉંચો બાંધ્યો હતો તે કોણે છોડી આપ્યો ? તેવું સાંભળીને ધર્મદેવ ચોતરા ઉપર બેઠેલા હતા તે બોલ્યા જે, કોઈએ છોડી આપ્યો નથી. એતો ઘનશ્યામે લાંબા હાથ કરી છોડી લીધો છે. તે મેં નજરે જોયું છે.

એક સમયમાં ભક્તિમાતા પોતાના પુત્રને ઓસરીમાં બેસીને સ્તનપાન કરાવતાં હતાં, તે સમયમાં અકસ્માત એક ચકલી ઉડી, તેણે કરીને બાળસ્વરૂપ ભગવાન ભડક્યા. તે જોઈને ભક્તિમાતા બોલ્યાં અરે ! ચકલીએ મારા ઘનશ્યામને બિવરાવ્યા. ખમ્મા કરે બાપ, એમ કહી મસ્તક ઉપર હાથ ફેરવતાં હતાં. ત્યારે ઘનશ્યામ બોલ્યા, હે માતા! અમે તેનાથી બીતા નથી. ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, હે બાપ ! તમો કોણ છો તે ન બીઓ ? ત્યારે પોતાની માતાને વિસ્મય પમાડતા ભગવાન બોલ્યા જે, હે માતા ! અમો અક્ષરાતિત પૂર્ણપુરૂષોત્તમ છીએ અને તમે માતા પિતા ધર્મ ને ભક્તિ છો. મારા મોટાભાઈ તો સાક્ષાત્ સંકર્ષણ છે. એમ તમારે જાણવું. તે સાંભળી માતા આશ્ચર્ય પામતાં હતાં.

એક સમયે ભક્તિમાતા ઘનશ્યામના જમણા હાથમાં રેખાઓ જોતાં હતાં. તે સમયમાં ધર્મદેવ આવી, ઓસરીની જેર ઉપર બેઠા અને રામપ્રતાપભાઈ પણ સમીપે ઉભા હતા. તે સમયે ભક્તિમાતા બોલ્યાં જે, આ ઘનશ્યામ મહારાજની હથેળીમાં ચિહ્ન અને રેખાઓ શાનાં છે? ત્યારે ધર્મદેવે કહ્યું, આતો કમળ, ધ્વજ, અંકુશ એમનાં ચિહ્ન છે. એટલામાંતો તે હથેળીમાંથી તેજ નિકળવા લાગ્યું, તે પૃથ્વીથી આરંભી આકાશ સુધી ભરાઈ ગયું. ધર્મભક્તિ તથા રામપ્રતાપભાઈ એ તેજમાં અંજાઈ ગયાં. એટલે પોતાના પુત્રની ઈચ્છાથી તે તેજને વિષે શ્વેતદ્વિપ ધામમાં વાસુદેવ ભગવાનને અસંખ્ય નિરન્નમુક્તો સાથે જોયા ને

ધર્મભક્તિ, રામપ્રતાપભાઈ વાસુદેવ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા, ત્યારે અતિશે હેતે કરીને પોતાની પાસે બેસાડીને બોલ્યા, હે રામપ્રતાપ! આ તમારાં માતા પિતા ધર્મને ભક્તિ છે, ને તમો સંકર્ષણ છો, ને આ તમારા ઘનશ્યામભાઈ તેતો સાક્ષાત્ પુરૂષોત્તમ નારાયણ છે. તે અનંત જીવોના કલ્યાણ માટે પોતે ધર્મભક્તિને ઘેર પ્રગટ થયા છે. એમ કહીને બાળસ્વરૂપ ઘનશ્યામ મહારાજને નમસ્કાર કરતા હતા. તેટલામાં તો તે તેજ સર્વે પોતાની હથેળીમાં સમાવી લીધું. પછી ભગવાનની ઈચ્છાએ કરીને પોતપોતાના દેહની સ્મૃતિ થઈ આવી. ત્યારે ભક્તિમાતા પોતાના પુત્રને અતિશે પ્રેમે કરીને લાડ લડાવતાં હતાં.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ધર્મભક્તિને તેજને વિષે શ્વતેદ્વિપ ધામ બતાવ્યું એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥ ૩ ॥

## અધ્યાય ૪

## વૈકુંઠધામ દર્શન તથા બીજાં ચરિત્રો.

એક સમયે ભક્તિમાતાને શરીરે તાવની કશર હતી તેથી પોતે સૂતાં હતાં અને ઘનશ્યામ મહારાજ પારણામાં રોવા લાગ્યા, ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, હે બાપ ! તમો શા માટે રૂદન કરો છો ? મને તો આજે તાવ આવ્યો છે માટે હમણાં સૂઈ રહો. ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, હે દીદી ! અમને ભૂખ લાગી છે તેથી રોઈએ છીએ. તેવું વચન સાંભળીને આશ્ચર્ય પામી ગયાં. પોતે સૂતાં હતાં તે ઉઠીને પારણામાંથી ઘનશ્યામ મહારાજને લઈને ધવરાવવા બેઠાં, પરંતુ તાવની અસરને લઈને પીડાથી દૂધ આવ્યું નહિ, તેથી પારણામાં સુવાડી પોતે પણ સૂઈ ગયાં, એટલે ફરીથી રોવાનું શરૂ કર્યું. ત્યારે ભક્તિમાતા બેઠાં થઈ, પારણાની દોરી ઝાલી, હીંચકા નાખીને હાલો ગાતાં ગાતાં નિદ્રા આવી ગઈ, તો પણ રોતા ઘનશ્યામ બંધ રહ્યા નહિ. ત્યારે રામપ્રતાપભાઈ

પારણાની દોરી પોતાના હાથમાં લઈ હીંચકા નાખીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો સૂઈ જાઓ આપણી દીદી ઘરે નથી. એમ કહી છાના રાખીને નારાયણસરોવરમાં સ્નાન કરવા ગયા, ત્યારે એવો સંકલ્પ કર્યો જે, મારી માતાને તાવ આવ્યો છે અને મારા ભાઈ જુઠું બોલી અમને સમઝાવી નાહ્વા ગયા છે, એમ જાણી એવો સંકલ્પ કર્યો જે, મારે બાર માતાઓ છે તે આવો. એટલામાં તો શ્રધ્ધા, મૈત્રી આદિક બાર જે ધર્મદેવની પત્નીઓ વસ્ત્ર અલંકાર ધારણ કરેલી તત્કાળ આવીને જ્યાં ઘનશ્યામ મહારાજ પારણામાં શિશુરૂપે પોઢ્યા હતા તેમને ખોળામાં લઈ શ્રધ્ધા પોતે સ્તનપાન કરાવવા લાગ્યાં. તે સમયમાં પોતે બાર સ્વરૂપે થઈ બારે માતાનું એકી સાથે સ્તનપાન કર્યું. પછી ધાવી તૃપ્ત થયેલા જાણી સર્વે માતાઓ રમાડવા લાગ્યાં અને બોલ્યાં હે પુત્ર ! અમો તમોને નિત્યે સ્તનપાન કરાવવા આવીશું. હે બાપ ! તમને ખમ્મા કરે. એમ બોલી રમાડતી હતી. તે સમયે ધર્મદેવ આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર બેઠા હતા તે જોઈને બોલ્યા જે, મારા ઘરમાં આટલી સ્ત્રીઓ કોણ છે ? એમ જાણીને ધર્મદેવ ત્યાંથી ઉઠીને ઘરમાં આવવા લાગ્યા, તેટલામાં ભક્તિમાતા જાગ્યાં એટલે ઘનશ્યામ મહારાજને એકરૂપે શ્રધ્ધાના ખોળામાં જોયા. તે વખતે શ્રધ્ધાએ પણ તરત પારણામાં પોઢાડી દઈ, તે નારાયણ સરોવર તરફ ચાલ્યાં ગયાં. ત્યારે તે સર્વને ધર્મદેવ દેખતા હતા. પછી ભક્તિમાતા ઘરમાંથી બહાર ઓસરીમાં આવીને જુવે છે, ત્યાં તો કોઈ દીઠું નહી ત્યારે ધર્મદેવે પૂછ્યું તે કોણ હતાં ? ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે ઘનશ્યામની મામી હશે. ત્યારે ધર્મદેવ કહે, ના એતો નહિ. આતો ભારે વસ્ત્રને અલંકાર પહેરેલી સ્ત્રીઓ હતી. એવું સાંભળીને ભક્તિમાતાના મનમાં સંશય થયો જે રખેને બીજું કોઈ ન હોય ? એમ જાણી સુરજાબાઈને પૂછ્યું જે, તમો હમણાં મારે ઘેર આવ્યાં હતાં ? ત્યારે તેમણે કહ્યું, ના અમો નહોતાં આવ્યાં, ત્યારે

ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને પારણામાં જોઈને પેટ ઉપર હાથ ફેરવી જોયું એટલે ધરાએલા હતા. પછી મનમાં એમ થયું જે, આતો દેવાઙ્ગનાઓ આવી સ્તનપાન કરાવી ગઈ, એમ જાણી પારણામાંથી ઘનશ્યામને લઈ સ્તનપાન કરાવવા લાગ્યાં, પણ પોતે તો ધરાએલા હતા તેથી સ્તનપાન કર્યું નહિ. તે જોઈને ભક્તિમાતાએ કહ્યું, હે ઘનશ્યામ ! તમોને કોણે સ્તનપાન કરાવ્યું ? ત્યારે ઘનશ્યામ પોતાની માતાને આશ્ચર્ય પમાડવા માટે બોલ્યા જે, હે દીદી ! આજે તમોને શરીરમાં તાવ આવ્યો હતો ને અમને ભૂખ પણ બહુ લાગી હતી તેથી અમારી ઈચ્છાથી શ્રધ્ધાદિ અમારી બાર માતાઓ આવીને અમોને સ્તનપાન કરાવી ગઈ છે. તેવું સાંભળી ભક્તિમાતા મહા આશ્ચર્ય પામતાં હતાં. તે સમે રામપ્રતાપભાઈ નારાયણ સરોવરે નહાવા ગયા હતા, તે સમગ્ર સ્ત્રીઓને જોઈને બોલ્યા જે, તમો કોણ છો ? ત્યારે તેઓ બોલ્યાં જે, અમો તો શ્રધ્ધા, મૈત્રી આદિ તમારી બાર માતાઓ છીએ. તમારા ભાઈ જે ઘનશ્યામ, તેમને ઘણી ભૂખ લાગી હતી. તેથી અમો સર્વે તેમની ઈચ્છાએ સ્તનપાન કરાવવા સારૂં આવ્યાં હતાં. તે હવે અમારા સ્થાન પ્રત્યે જઈએ છીએ. આવું સાંભળી રામપ્રતાપભાઈ ઘેર જઈ તત્કાળ પોતાના માતાપિતાને વાત કહી.

વળી એક સમયને વિષે ભક્તિમાતા ઘનશ્યામ મહારાજને સ્તનપાન કરાવી ઘરના બારણાની સમીપે બેસીને પોતાના ખોળામાં તે બાળકને સુવાડી પેટ ઉપર હાથ ફેરવી રમાડી હસાવતાં હતાં, તે સમયે ધર્મદેવ તથા રામપ્રતાપભાઈ ઓસરી ઉપર થોડે છેટે બેઠા હતા તે જોઈને રામપ્રતાપભાઈ બોલ્યા જે, હે દીદી ! ભાઈને બહુ હસાવો છો તેથી પેટમાં દુઃખવા આવશે, માટે હસાવવું રહેવા દ્યો. એમ કહે છે તેટલામાં તો ઘનશ્યામની નાભી કમળમાંથી તેજનો સમૂહ નીકળ્યો, તે સપ્ત પાતાળમાં ને સાતલોક ઉપર સુધી ગયો અને દશે દિશાઓમાં તે તેજ

ભરાઇ ગયું ને તે તેજને વિષે અવ્યાકૃતધામમાં અનંત ચતુર્ભુજ પાર્ષદ સહિત ભૂમાપુરૂષને દીઠા ને તે પોતે ધર્મભક્તિને તથા રામપ્રતાપભાઇને અતિ આદરથી સન્માન કરી સુંદર આસન ઉપર બેસાડીને ચંદન પુષ્પાદિ ષોડશોપચાર વડે પૂજા કરતા હતા, અને હાથ જોડી નમસ્કાર કરી બોલ્યા જે, હે ધર્મભક્તિ ! અક્ષરાધિપતિ પુરૂષોત્તમ ભગવાને મને અહીં જ્યારે મોકલ્યો, ત્યારે મને કહ્યું હતું કે, આ બ્રહ્માંડની જ્યારે અર્ધી આવરદા પુરી થશે ત્યારે હું મારા મુક્ત સહિત તમારા બ્રહ્માંડમાં આવીને, કૌશલદેશને વિષે અયોધ્યા પ્રાંતમાં સરવારીય દેશમાં છપૈયાપુરમાં ધર્મભક્તિને ઘેર જન્મ ધારણ કરીશ. માટે હે ધર્મદેવ ! હે ભક્તિમાતા! તે પુરૂષોત્તમ ભગવાન પોતાનું વચન સત્ય કરવા માટે આ ઘનશ્યામરૂપે તમારે ઘેર પ્રગટ થયા છે. તેને તમો ખોળામાં સુવાડીને હસાવો છો તે જ આ પુરૂષોત્તમ ભગવાન છે. એમ કહીને નમસ્કાર કરતા હતા. અને તે તેજ પાછું ઘનશ્યામ મહારાજ પોતામાં સમાવી લેતા હતા. ભક્તિમાતા તે પુરૂષોત્તમ ભગવાનને પોતાના પુત્ર માનીને દૂધ સાકર પાઇને રામપ્રતાપભાઇને રમાડવા આપી, પોતે રસોડામાં જઇ રસોઇ કરવા લાગ્યાં. પરંતુ પોતાની વૃત્તિ તો હરિરૂપ પુત્રને વિષે અખંડ રહેતી હતી. તેમજ ધર્મદેવને પણ તે શ્રીહરિને વિષે અખંડવૃત્તિ રહેતી હતી. પછી ભક્તિમાતાએ જાણ્યું જે, આજ રસોઇ કરતાં મને ઘણી વાર લાગી અને મારા પુત્ર ભૂખ્યા પણ થયા હશે, એમ જાણી હાથ ધોવા લાગ્યાં, એટલામાં તો ઘનશ્યામ મહારાજ પારણામાં સૂતા હતા તે રોવા લાગ્યા. તે શબ્દ સાંભળીને ભક્તિમાતા તત્કાળ ઉતાવળાં થઇ ઓસરીમાં આવ્યાં ને તે પારણામાંથી પોતાના પુત્રને લઇને બોલ્યાં જે, ખમ્મા કરે. હે બાપ! તમોને ભૂખ લાગી છે ? એમ કહીને ઓસરીમાં બેસીને સ્તનપાન કરાવવા લાગ્યાં. પછી ધાવીને તૃપ્ત થયેલા જાણીને મસ્તક ઉપર હાથ ફેરવીને બોલ્યાં જે, હે ભાઇ ! તમોને ભૂખ બહુ લાગી હતી ? ત્યારે

ઘનશ્યામ મહારાજ સામું જોઈને બોલ્યા જે, હા ભૂખ ઘણી લાગી હતી. એવું સાંભળી ભક્તિમાતા આનંદ પામ્યાં. તેટલીવારમાં તો ઘનશ્યામ મહારાજના જમણા અંગુઠામાંથી તેજ નીકળવા લાગ્યું, તે જોઈને ભક્તિમાતા અંતરમાં ભય પામીને બોલ્યાં, અહો ! આટલું બધું તેજ કયાંથી ? ત્યારે ઘનશ્યામ મહારાજે જાણ્યું જે, અમારી માતા બીન્યાં ને અંજાઈ ગયાં છે. એમ જાણીને બોલ્યા જે, હે દીદી ! બીશો નહી. આ તેજે કરીને તો અનંત કોટી બ્રહ્માંડના જીવ, ઈશ્વર અને મુક્તો તે સર્વે તેજસ્વી અને સુખીયા છે. અને અમો તો પુરૂષોત્તમ ભગવાન સર્વ અવતારના અવતારી સ્વયં છીએ અને તમે પૂર્વ અવતારને વિષે અમારી ભક્તિ અને ઉપાસના કરતાં હતાં ત્યારે મારે વિષે પુત્રપણાનો ભાવ અંકુરપણે અંતરમાં હતો, તે માટે તમારા મનના મનોરથો પૂરા કરવા પુત્રપણાને પામ્યા છીએ. તે માટે પ્રાકૃત બાળકની માફક આચરણ કરીએ છીએ, એટલે તમોને આ તેજ બતાવ્યું તેમાં શું ભય પામો છો ? એમ કહીને સમગ્ર તેજ પાછું પોતાને વિષે સમાવી લીધું. આવું મહા અદ્ભૂત આશ્ચર્ય જોઈને દિન પ્રતિદિન અતિશય સ્નેહ વૃદ્ધિને પામતો હતો.

હવે રામશરણજી ! તમોને એક બીજું ચરિત્ર કહું છું તે સાંભળો. એક દિવસ મોટો એક અસુર પોતાના પૂર્વના વૈરને સંભાળી માથામાં મોટી ટાલવાળો અને ભયંકર અઘોરી જેવો વેશ ધારણ કરીને આવ્યો. ભગવાન પોતે પારણામાં સુતા હતા. તેમને મારવા માટે ઈચ્છા કરી, તત્કાળ પારણા પાસે આવી ઘનશ્યામને લેવા હાથ લાંબા કર્યા. ત્યારે ઘનશ્યામ નેત્રકમળ ઉઘાડી જરા કરડી નજર કરી તેટલામાં તો બળી ગયો. આ આશ્ચર્ય જોઈને રામપ્રતાપભાઈ એકદમ બોલ્યા જે, ઓહોહો દાદા ! આ શું કૌતુક થયું ? તેવું સાંભળી ધર્મદેવ તત્કાળ સમીપે આવીને બોલ્યા જે, કોણ જાણે, હે ભાઈ, હું તો ઓસરી ઉપરથી કૂવા ઉપર નાહ્વા ગયો ને તરત જ આ કૌતુક થયું છે. એમ કહે છે તે સમયમાં તો

ભક્તિમાતા પોતાનાં ભોજાઈ જે સુરજાબાઈ તેમની પાસે બેઠાં હતાં ત્યાંથી ઉઠીને પોતાને ઘેર આવ્યાં. ત્યાંતો આ વાત સાંભળીને બોલ્યાં જે, હે રામપ્રતાપ ! હમણાં કોઈ અઘોરી જેવો આવ્યો હતો તેની મને કંઈ ખબર ન રહી જે આ ઘનશ્યામ પાસે આવશે. એમ કહી પારણામાંથી લઈ ઓસરીમાં માંચી ઉપર બેઠાં. ત્યારે પોતે માતા-પિતાને આશ્ચર્ય પમાડવા બોલ્યાઃ હે માતા-પિતા ! તમો બન્ને જણ જયારે વૃંદાવનમાંથી અહિં ઘેર આવતાં વચ્ચે ભૂલી ગયાં અને અશ્વત્થામા મળ્યો અને તમોને પૂછ્યું જે આવા મહાઘોર વનમાં તમો કોણ છો ? ત્યારે તમો ભોળપણામાં સર્વવૃત્તાન્ત તેને કહ્યું. તે સાંભળી ક્રોધમય થયેલો તે અશ્વત્થામા બોલ્યો કે, કૃષ્ણ તમારે ત્યાં પ્રગટ થશે. પરંતુ શસ્ત્ર ધારણ નહીં કરે એવો શ્રાપ દીધો, તે અશ્વત્થામાએ પોતાના સખા અસુરને અમારી ખબર કાઢવા મોકલ્યો હતો, જે છપૈયાપુરમાં હરિપ્રસાદને ત્યાં પ્રગટ થયા છે કે નહિ? તેને અમોએ અમારો થોડોક ચમત્કાર બતાવ્યો. તેવું સાંભળીને મહા વિસ્મય પામ્યાં.

એક વખતે ભક્તિમાતા પોતાના પુત્ર ઘનશ્યામ મહારાજને પૃથ્વી ઉપર બેસતાં શિખવતાં હતાં. તેમને પૃથ્વી ઉપર બેસાડી પોતાના બે હાથથી મૂકી દઈ તાળીઓ પાડી આનંદ ઉપજાવે છે. તે વખતે નિરાધાર બેઠેલા અને પોતાનું બાળચરિત્ર પોતાની માતાને બતાવવા સારૂં પોતે ઉગમણી તરફ મુખ રાખી પડી ગયા, તે પોતાનું મસ્તક પોતાનાં માતાજીના ખોળામાં આવે તેમ પડ્યા. ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, ખમ્મા બાપ ! તમો પડી ગયા? એમ કહીને પ્રભુને તેડી લીધા અને મસ્તક ઉપર હાથ ફેરવી બોલ્યાં, હે વહાલા ! તમોને વાગ્યું ? એમ કહી હૈયામાં ભીડીને હસાવતાં હતાં. તેટલામાં તો વળી આકાશમાંથી વરસાદ વરસવા લાગ્યો તેથી ચોકમાં પાણી ભરાઈ ગયું. એ સમયમાં બ્રહ્મા, શારદા અને નારદજી એ ત્રણ દેવો આવ્યા, આવી વિનંતી કરી

પગે લાગી ઊભા રહ્યા. પછી નારદજી તો વીણા વગાડી ભગવાનને રાજી કરતા હતા તથા બ્રહ્મા પોતે ષોડશોપચારે ભગવાનની પૂજા કરતા હતા, અને શારદાદેવી આશીર્વાદ આપતાં હતાં. એવીરીતે પૃથ્વી ઉપર પડી ગયેલા ભગવાનને પ્રસન્ન કરી, માતાપિતા સહિત તેમને નમસ્કાર કરીને આકાશ માર્ગે ચાલ્યા ગયા. આ ચરિત્રની વાર્તા વશરામ તરવાડી, મોતી તરવાડી, સુંદરીબાઈ, સુરજાબાઈ, આદિક પુરવાસીને ભક્તિમાતાએ કહી. તે સાંભળી સર્વે રાજી થયાં. તે વખતે રામપ્રતાપ-ભાઈ તથા પહેલવાન એ બે જણ ગાયઘાટ ગામે ગયા હતા, તે ઘેર આવ્યા ત્યારે આ ચરિત્રની વાર્તા સાંભળી રાજી થયા.

વળી એક સમયમાં ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને દૂધ સાકર પાવા માંડ્યું. તે થોડુંક પીને રેવા દીધું, પરંતુ પુરૂં પીધું નહિ ને રમવા લાગ્યા, ત્યારે ભક્તિમાતાએ ઓસરીમાં બેસારી રમવા માટે રમકડાં આપ્યાં, તે લઈ રમતાં રમતાં રમકડાંને ફેંકી દઈ, પોતાની માતા સામું જોઈ લાંબી આંગળી કરી તે રમકડાં બતાવતા સતા હસવા લાગ્યા. ત્યારે માતા કહે, જાઓ, લઈ આવો. તે સાંભળી ભાંખોડીયે ભાંખોડીયે દડ દડ દોડીને તે રમકડાં લઈ આવીને પોતાની માતાને આપ્યાં. તે સમયમાં વળી પોતાના મામા વશરામ તરવાડી આવ્યા. તે સમયમાં ધર્મદેવ આંબલી નીચે ચોતરા ઉપર ભાગવત વિચારતા હતા ત્યાં જઈને બેઠા અને તે કથામાં વૈકુંઠનું વર્ણન આવ્યું. તેટલામાં તો ઘનશ્યામ મહારાજ ઓસરીમાંથી ભાંખોડીએ ચાલીને તે કથાના બાજોઠ સમીપે આવીને બિરાજ્યા અને એક ચિત્તે કથા સાંભળવા લાગ્યા. તે વખતે વશરામ તરવાડીની પત્ની સુંદરીબાઈ આવી, પોતાની નણંદ પાસે બેઠાં ને ઘનશ્યામ મહારાજને ત્યાં બિરાજેલા જોઈ બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ ! મારી પાસે આવો. તેવું સાંભળી તુરત દોડી પોતાની મામીના ખોળામાં લેટી પડ્યા. એટલે મામી રમાડવા લાગ્યાં , એમ

કરતાં બે ચરણના તળીયામાં રેખાઓનાં ચિહ્નો જોઇ બોલ્યાં કે, હે છોટીબા ! આ ઘનશ્યામના ચરણારવિંદમાં શું છે ? ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, એ તો ઉર્ધ્વરેખાનાં ચિહ્નો છે. ત્યારે સુંદરીબાઇએ ફરીથી કહ્યું જે, આનાં નામ કહો. ત્યારે બોલ્યાં જે, આ જમણા ચરણમાં અંગુઠા પાસે થઇ પાનીની બે કોરે નીકળી છે તે ઉર્ધ્વરેખા છે. અંગુઠામાં જવનું ચિહ્ન છે. અને વળી આ વજ, જાંબુ, ધ્વજ, અંકુશ, કમલ, અષ્ટકોણ, સ્વસ્તિક એ આદિક નવ ચિહ્નો છે તે જુઓ. વળી આ ડાબા ચરણમાં પણ ઉર્ધ્વરેખા છે ને આ કળશ, વ્યોમ, અર્ધચન્દ્ર, ગોપદ, ધનુષ્ય, ત્રિકોણ અને મત્સ્ય એ આદિક સાત ચિહ્નો છે. એવી રીતે ભક્તિમાતા સુંદરીબાઈને ઘનશ્યામ મહારાજનાં ચિહ્નો બતાવતાં હતાં. તેટલામાં તો ઘનશ્યામ મહારાજના ચરણારવિંદમાંથી તેજનો સમૂહ નીકળવા માંડયો, તે આ પૃથ્વીથી થઇને સપ્તલોક પર્યંત સર્વ દિશાઓમાં વ્યાપી ગયો અને તે તેજમાં ભગવાનનું જે વૈકુંઠધામ તેને સુંદરીબાઇ દેખતાં હતાં અને તે ધામ કેવું ? તો વિશ્વક્સેન ને ગરૂડાદિક અનંત ચતુર્ભુજ પાર્ષદોએ સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવું અને દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન જે લક્ષ્મીનારાયણ ભગવાન તેમનાં દર્શન તે ધામમાં થયાં. ત્યારે અતિ આદરથી લક્ષ્મીનારાયણદેવ બોલ્યા જે, હે ધર્મભક્તિ ! હે વશરામ તરવાડી ! હે સુંદરીબાઇ ! આવી રીતનાં જુદાં જુદાં નામો લઇ જુદા જુદા ચાકળા ઉપર ચારેય જણને બેસાડતા હતા. પછી ઘનશ્યામ મહારાજને મામીના ખોળામાંથી લઇને પોતાના આસન ઉપર બેસાડીને પૂજા કરી, હાથ જોડીને બોલ્યા જે, હે મહારાજ ! બહુ કૃપા કરીને દર્શન આપ્યાં. એમ કહીને ધર્માદિક ચાર જણની પૂજા કરીને બોલ્યા જે, હે ધર્મભક્તિ ! આ તમારા પુત્ર અક્ષરાધિપતિ પુરૂષોત્તમ ભગવાન છે. તે તમારે ઘેર પ્રગટ થયા છે. તેજ પોતે વૃત્તપુરીને વિષે અમારૂં સ્થાપન કરશે. એમ કહીને ગદ્ગદ્ કંઠ થઇ ગયા, અને એક નજરે ઘનશ્યામ

મહારાજ સામું જોઇ રહ્યા ત્યારે અતિ રાજી થઈ બોલ્યા જે, તમારો અભિપ્રાય અમારી જાણમાં છે, તમોને સત્સંગમાં અધિપતિ કરીશું અને તમારો મનોરથ પૂર્ણ કરીશું. એમ કહ્યું. તે વખતે રામપ્રતાપભાઈ કોઈ કારણસર પીરોજપુર ગામ ગયા હતા. તે ઘેર આવી પોતાની ખડકીનું કમાડ ઉઘાડ્યું, ત્યાંતો ઘરમાં તેજ ભરેલું જોયું અને તે જોઈને બોલ્યા જે, હે દાદા ! તમો કયાં છો ? એટલામાં તો સર્વ તેજ સમાવી લીધું. પછી રામપ્રતાપભાઈએ પૂછ્યું જે, હે પિતા ! તમો કયાં ગયા હતા અને આ તેજ દેખાતું હતું તે શું હતું ? ત્યારે બોલ્યા જે, એતો ઘનશ્યામભાઈની ઈચ્છાથી અમોએ તેમાં વૈકુંઠધામ જોયું અને ઘનશ્યામ મહારાજ સહિત અમારી પૂજા લક્ષ્મીનારાયણદેવે કરી. તે સાંભળી ઘણા રાજી થયા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે વૈકુંઠધામ દેખાડ્યું એ નામે ચોથો અધ્યાય થયો. ।। ૪ ।।

## અધ્યાય ૫

## નામકરણ સંસ્કાર તથા મામીની રક્ષા.

એક સમયને વિષે ભક્તિમાતાએ પોતાના પુત્રને સ્તનપાન કરાવી, જન્મસ્થાનના કૂવાના કાંઠા ઉપર બેસાડીને પોતાના ભાઈની દીકરી બલવંતાબાઈને સોંપીને રસોડામાં જઇ રસોઇ કરવા લાગ્યાં, પરંતુ બલવંતાબાઈ તો ઘનશ્યામ મહારાજને ત્યાંના ત્યાં બેઠેલા રાખી પોતાના ઘેર ગયાં. એટલે ઘનશ્યામ તો કાંઠા ઉપર રમતા થકા કૂવામાં પડી ગયા, એટલામાં તો ઘનશ્યામ કૂવામાં પડ્યા એમ જાણીને પાતાળમાંથી શેષનાગ એ કૂવાના જલ ઉપર આવીને પોતાની જે સહસ્ર ફણાઓ તે ઉપર તે બાળકને ઝીલી લીધા, અને અદ્ધર રાખતા હતા. એ સમયમાં ભક્તિમાતા રસોડામાંથી બહાર આવીને પોતાના પુત્રને ચારે તરફ જોવા લાગ્યાં, પરંતુ કયાંય જોયા નહિ, તેથી અત્યંત અકળાવા લાગ્યાં અને બોલ્યાં જે, મેં ઘનશ્યામને અહીં મૂક્યા હતા તે ક્યાં ગયા

? ત્યારે ભાઈ બોલ્યા જે, દીદી ! હમણાં કૂવાના પરથાર ઉપર બેઠા હતા. તે રખેને કૂવામાં પડી ગયા હોય ! એમ કહ્યું. તે સાંભળીને ભક્તિમાતા તત્કાળ કૂવા ઉપર આવીને જોયું, ત્યાંતો કૂવામાં પાણી ઉપર બેઠા હતા. તેથી માતા ઘણાં દીલગીર થયાં અને રામપ્રતાપને બોલાવવા લાગ્યાં. ત્યારે રામપ્રતાપભાઈ સાથે ધર્મદેવ ચોતરા ઉપર બેઠા હતા તે કૂવા ઉપર તત્કાળ આવતા હતા. ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે ઘનશ્યામ તો કૂવામાં પાણી ઉપર બેઠા છે, તે જુઓ તો ખરા ! ત્યારે ત્રણે જણ કૂવામાં જોયું અને ત્યાં તેજનો સમૂહ દીઠો ને તે તેજના સમૂહમાં ઘનશ્યામને શેષશય્યા ઉપર પોઢેલા જોયા. લક્ષ્મીજી જેમના ચરણની સેવા કરી રહ્યાં હતાં, અનંત પાર્ષદ સ્તુતિ કરતા હતા. આ રીતે જોઈને પોતાના મનમાં અત્યંત આશ્ચર્ય પામ્યાં. તે સમયમાં ધર્મભક્તિને પોતાના અંતઃકરણમાં વૃંદાવનમાં શ્રીકૃષ્ણ ભગવાને દર્શન દીધું હતું. તેની સ્મૃતિ થઈ આવી, અને તે તેજ કૂવામાં સમાઈ ગયું. અને ઘનશ્યામે લાંબા હાથ કર્યા એટલે ભક્તિમાતાએ તેડી લીધા. અને પોતાને ત્રાસ થયો હતો તેની નિવૃત્તિ કરતાં હતાં. તે આશ્ચર્યની વાત મોતી તરવાડી, વશરામ તરવાડી, સુંદરીબાઈ, સુરજાબાઈ આદિક સર્વે પુરવાસીને ભક્તિમાતાએ કહી.

એક સમયમાં માર્કન્ડેય ઋષિ બ્રાહ્મણ વેશે ધર્મદેવને ઘેર આવ્યા હતા. ત્યારે હરિપ્રસાદે તે ઋષિનું આદરથી સન્માન કર્યું અને તેમને જ્યોતિષી જાણી કહેતા હતા કે હે મહારાજ ! તમે મારા પુત્રનો નામકરણ સંસ્કાર કરો; પુત્રને ત્રણ માસ પુરા થયા છે, તેવું સાંભળી મુનિ માર્કન્ડેય રાજી થઈ નામકરણ કરવા લાગ્યા અને બોલ્યા જે, હે હરિપ્રસાદજી ! આ તમારા પુત્ર તમારી સર્વે આપત્તિને હરશે તથા જે જનો તેમના આશ્રિત થશે તેઓની પણ આપત્તિને હરશે. અને કર્ક રાશીમાં તેમનો જન્મ છે માટે એમનું નામ હરિ એવું રાખવામાં આવે છે. તથા હે

હરિપ્રસાદજી ! તમારા પુત્રના દેહનો વર્ણ કૃષ્ણ છે માટે પોતાના સમાશ્રિતોના મનને પોતાની મૂર્તિને વિષે તાણી લેશે. તથા ચૈત્ર માસમાં જન્મ છે, માટે કૃષ્ણ એવે નામે વિખ્યાત થશે. અને એ નામ નોખાં નોખાં છે તે ભેગાં મળીને હરિકૃષ્ણ નામ પણ પાડવામાં આવે છે. વળી આ પુત્રના હાથમાં પદ્મનું ચિહ્ન છે અને ચરણારવિંદમાં વજ્ર, ઉર્ધ્વરેખા ને કમળ એવાં ચિહ્નો છે, માટે આ તમારા પુત્ર લાખો મનુષ્યોના નિયંતા થશે અને ત્યાગ, તપ, જ્ઞાન, યોગ, ધર્મ એ પાંચ ગુણે કરીને શિવજી જેવા પણ થશે, માટે નિલકંઠ એવે નામે કરીને વિખ્યાત થશે. અને અનેક મનુષ્ય, પશુ, પક્ષી આદિ જીવોને સમાધિ કરાવી પોતાનું ધામ દેખાડી પોતાના આશ્રિત કરશે અને તમારી સમગ્ર કષ્ટથી રક્ષા કરશે. એમ કહીને માર્કન્ડેય ઋષિ વિરામ પામ્યા. ત્યારે હરિપ્રસાદજી તેમને ઘણી દક્ષિણાઓ તથા ભારે અમૂલ્ય વસ્ત્ર તથા આભૂષણ આપતા હતા. તે લઈને પોતાના શિષ્યો સાથે મુનિ છપૈયાપુરથી ચાલવા લાગ્યા, તે સમયે ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી માર્કન્ડેય મુનિને સમાધિ થઈ. તે સમાધિમાં એમ જણાયું જે, હે મુનિ ! તમો કાળે કરીને ગુર્જર દેશમાં આવજો. ત્યાં તમોને અમારો સમાગમ થશે. એવી રીતે વાત સમાધિમાં ઋષિને જણાવતા હતા. પછી તે મુનિ ત્યાંથી ધર્માદિકે વળાવ્યા સતા નારાયણ સરોવરના કાંઠા ઉપર ઉભા રહીને બોલ્યા જે, હે હરિપ્રસાદજી! તમારા પુત્ર ઘનશ્યામજી તો અક્ષરાધિપતિ પૂર્ણપુરૂષોત્તમ છે અને સર્વ અવતારના અવતારી છે. એમ કહી ત્યાંથી ચાલ્યા ગયા તે મીનસાગરના ઘાટ ઉપર ઉત્તરાદિ દિશામાં મહુડાનું વૃક્ષ હતું, તે ઠેકાણે અત્યારે ઓટો બનાવ્યો છે ત્યાં પોતાના શિષ્યો સહિત એક દિવસ ને એક રાત્રિ બેસીને ઘનશ્યામ મહારાજનું ધ્યાન કરી અયોધ્યાપુરી થઈને પ્રયાગરાજ તીર્થ પ્રત્યે ગયા. એવી રીતે સમાધિ માર્ગે ઉપદેશ પામેલા માર્કન્ડેય ઋષિ કેટલેક કાળે કરીને શ્રીજી મહારાજને ગુજરાત પ્રદેશમાં

આવેલા ઉંઝા ગામમાં મળ્યા. પછી તેણે પરમહંસ દીક્ષા ગ્રહણ કરી ત્યારે તેમનું નામ શ્રીજી મહારાજે મહાનુભાવાનંદ સ્વામી પાડ્યું.

હે રામશરણજી ! બીજું એક ચરિત્ર હવે સાંભળો. ઘનશ્યામ મહારાજ સાત માસના થયા ત્યારે ભક્તિમાતા આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર પોતાના ખોળામાં બેસાડીને કાનને વિંધાવતાં હતાં. તે સમયે કાનમાંથી તેજ નીકળવા માંડ્યું, તે જોઈને કાનનો વિંધનારો અંજાઈ જઈ ચીસ પાડવા લાગ્યો. એટલામાં ઘનશ્યામ મહારાજે પોતાનું સ્વરૂપ અદશ્ય કરીને આંબલીની ડાળી ઉપર જઈ બેઠા. તે જોઈને ભક્તિમાતાએ રામપ્રતાપભાઈને કહ્યું જે, ઘનશ્યામ તો ડાળી ઉપર બેઠા છે તેમને ઝાલી લાવો. તે સાંભળી રામપ્રતાપભાઈ ડાળી ઉપર ચઢ્યા કે તુરત ઘનશ્યામ પોતાની માતાના ખોળામાં આવીને બેઠા. પછી ઘનશ્યામ મહારાજને ઝાલી ભક્તિમાતા બેઠાં ત્યારે મોટાભાઈ નીચે ઉતર્યા. ત્યાંતો ખોળામાં જોઈ આશ્ચર્ય પામ્યા અને ઉંચું જોયું તો ડાળ ઉપર બીજે સ્વરૂપે બેઠેલા પણ દીઠા, એવું ચરિત્ર માતાપિતાને તથા ભાઈને તેમજ કાન વિંધનારને દેખાડ્યું, પછી પોતે અદશ્ય રીતે બોલ્યા જે, હે દીદી! અમોને ગોળ આપો તો કાન વિંધાવા દઈએ. તે સાંભળી ભક્તિમાતા ગોળ લાવી બોલ્યાં જે, હે ઘનશ્યામ ! આ ગોળ તમારે જમવો હોય તો આવો. એટલે તુરત જ આવીને ઉભા રહ્યા, ભક્તિમાતા હાથમાં ગોળ આપીને મસ્તક ઉપર હાથ ફેરવીને કાનને વિંધાવતાં હતાં. તે કૌતુક જોઈને પુરવાસી સર્વ જનો મહા આશ્ચર્ય પામ્યાં.

વળી એક સમયને વિષે મોટો એક અસુર પોતાના વૈરને સંભાળી, મલીન બુદ્ધિવાળો તે અતિશય રીસ કરીને ઘનશ્યામ મહારાજ સુતેલા હોય, ને તેમને દબાવી નાખવા. એવો સંકલ્પ કરી પોતાનું મૂળરૂપ ધારણ કરી, મોટા પર્વતનો ટુકડો ઉપાડીને આનંદ પામતો આકાશ માર્ગે છપૈયાપુરમાં આવ્યો. તે સમયમાં ઘનશ્યામ મહારાજ પલંગમાં સૂતા

હતા તે અન્તર્યામીપણે જાણી ગયા અને પોતાના મનમાં વિચાર કર્યો જે, આ વાત મારાં માતાપિતા તથા ભાઈ પણ જાણતા નથી અને અસુર પથ્થરની મોટી શિલા ઉપાડી લાવે છે તે મારા ઘર ઉપર નાખશે, તો ભાઈ સહિત માતાપિતા તથા ગોમતી ગાય આદિક સર્વે દબાઈ જશે. એમ જાણી પોતે સૂતા હતા તે આળસ મરડી એવો સંકલ્પ કર્યો જે, આ અસુર એમને એમ આકાશમાં પોતાની માયામાં લપેટાઈ મરણ પામો. આવા ઘનશ્યામના સંકલ્પ સાથે જ અસુર એમને એમ પાછો ભાગ્યો તે ચારે દિશાઓમાં પરિભ્રમણ કરતો સતો પોતાની માયામાં અટવાઈ ગયો અને ધોળા પહાડની તળેટીમાં પડ્યો. તેણે કરીને કેટલાંક વૃક્ષ ચૂર્ણ થઈ ગયાં ને શિલા નીચે દબાઈને અસુર મરણ પામ્યો અને તેને મરેલો જાણીને આકાશમાં રહેલા દેવતાઓ મનમાં રાજી થઈ, ઘનશ્યામ મહારાજના ઉપર પુષ્પચંદનનો વરસાદ કરીને દુંદુભિ વગાડી જય જય એવા શબ્દો ઉચ્ચારી પગે લાગતા હતા. આવું મહા અદ્ભુત આશ્ચર્ય જોઈને સર્વે પુરવાસી જનો બોલ્યાં જે, આવાં ચંદન તથા પુષ્પો કયાંથી પડે છે ? હે ભાઈઓ ! તમો જુવો તો ખરા, એમ કહેછે ત્યાંતો ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી આકાશવાણીએ સર્વ વૃત્તાંતની વાર્તા કરી. તે સાંભળી ધર્મદેવ, દુંદ તરવાડી, રામપ્રતાપભાઈ, આદિક વિસ્મય પામતા હતા.

એક સમયમાં ગૌરીબાઈને ચમક મુંઝારો થયો હતો. એટલે તે બાઈને વીંટી વળીને ભક્તિમાતા આદિક કેટલીક બીજી સ્ત્રીઓ તેમની પાસે બેસીને ભગવાનનું ભજન કરતાં હતાં. તેને કેટલીક વાર લાગી, તે વખતે ઘનશ્યામ મહારાજ પોતાના ઘરની ઓસરીમાં પારણામાં સુતેલા હતા તેમણે એમ જાણ્યું જે, આજે મારાં દીદી સવારના પહોરમાંથી મુને પારણામાં સુવાડી, મારાં મામી પાસે જઈને બેઠાં છે, જેથી હમણાં ઘેર આવશે નહીં, અને મને ભૂખ પણ ઘણી લાગી છે. એમ જાણીને પોતે ઉચ્ચ સ્વરે રોવા લાગ્યા. તે શબ્દ સાંભળીને ભક્તિ-

માતાના મનમાં થયું જે, હમણાં મારા ઘનશ્યામ રોવે તો ભલે રોવે. પરંતુ મારી ભોજાઈને કાંઇ સારૂં થાય તો હું મારા પુત્રને સ્તનપાન કરાવવા જાઉં. એમ વિચાર કરી ત્યાં બેસી રહ્યાં. ત્યારે ઘનશ્યામ મહારાજે તે વાત અંતરમાં જાણી, તત્કાળ પારણામાંથી બહાર નીકળી, ભાંખોડીએ દડદડ દોડીને તે સર્વે બાઈઓના મધ્યમાં જઈને બેઠા. તે જોઈને ભક્તિમાતા જરા કસણું મુખ કરીને બોલ્યાં જે,હે પુત્ર ! લાડીલા ! આટલું બધું ઐશ્વર્ય જણાવો છો ત્યારે આ તમારાં મામીને ચમક મુંઝારો થયો છે તે ઘણા ઉપાય કર્યા પરંતુ સારું થાય તેમ જણાતું નથી, માટે તમો કંઈક દયા કરી સામું જુઓ તો સારૂં થાય. તેવું વચન સાંભળી પોતાની મામી સામું અમૃત દ્રષ્ટિથી જોયું કે, તરત તે ઉઠીને ઉભાં થઈ હાથ જોડીને પ્રાર્થના કરી બોલ્યાં જે, હે ઘનશ્યામભાઇ ! તમો તો સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમ ભગવાન છો. અને હું તો તમારા અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર અનંત મુક્તથી વિંટાણા સતા બેઠેલા છો. ત્યાં હું તમારાં દર્શન કરતી હતી અને તમોએ મુને અહીં બોલાવી લીધી ત્યારે હુંતો આવી, પણ ત્યાં બહુ સુખમાં બેઠી હતી. તેવું સાંભળીને સર્વે છપૈયાવાસી બાઈઓ મહા આશ્ચર્ય પામતાં હતાં. પછી ભક્તિમાતાએ નાના બાળ ભગવાનને ઉપાડીને મસ્તક ઉપર હાથ ફેરવી સ્તનપાન કરાવ્યું.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે માર્કન્ડેય મુનિએ નામકરણ સંસ્કાર કર્યો અને પોતાનાં મામીને મૃત્યુ થકી ઉગાર્યાં એ નામે પાંચમો અધ્યાય થયો. ॥ ૫ ॥

## અધ્યાય ૬

## બ્રહ્માદિ દેવોનું આગમન તથા બાળચરિત્રો.

એક સમયમાં ભક્તિમાતા પોતાના પુત્રને પોતાની આંગળી ઝલાવીને, ઉભા કરીને ચાલવા શિખવતાં હતાં. તે ઘરમાંથી ઓસરીમાં થઈને બહારના ચોક સુધી ચલાવીને લાવ્યાં. પછી ત્યાં થોડીવાર વિશ્રામ

લેવા દઈને પાછાં ત્યાં થકી ચલાવીને ઓસરીમાં લાવતાં હતાં. તે સમયે લક્ષ્મીજી પોતાની સખીઓ સહિત પોતાના સ્વામીની બાળલીલા જોવા સારૂં પ્રથમથી આવીને કોઈ ન જાણે એ રીતે આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર સર્વે બેઠાં હતાં. તે ભગવાનની બાળલીલા જોઈને પોતાની એક સખીને કહેતાં હતાં કે, હે સખી ! તું ચકલી થઈને બારણાના ટોડલા ઉપર બેસીને તત્કાળ ઉતાવળી ઉડી જા. પછી આપણા સ્વામી શું લીલા કરે છે તેને આપણે જોઈએ. તેવું સાંભળીને એક સખી સુવર્ણ જેવો પોતાનો રંગ કરી, ચકલી થઈને અકસ્માત ઉડતી હતી. એટલામાં તો ઘનશ્યામ મહારાજ પોતાની આંગળી મૂકી દઈને એક હાથ વધારીને તે ચકલીને ઝાલી લીધી. પછી પોતે બાળલીલાએ કરીને ચકલી હાથમાં રાખીને પૃથ્વી ઉપર ઢળી પડ્યા, ત્યારે તે ચકલી પણ ચીસો પાડવા લાગી. તે ચરિત્ર જોઈને ભક્તિમાતાએ જાણ્યું જે, આ ચકલી મારા પુત્રના હાથમાં ચાંચો મારશે. એમ જાણીને પુત્રનો હાથ ઝાલીને તે ચકલીને પકડવા ગયાં, તેટલામાં તો તે ચકલી મટીને સ્ત્રી રૂપ થઈને વસ્ત્ર અલંકારે સહિત તેજોમય શરીરે થઈને ઉભી રહી. પછી બાળરૂપ એવા ભગવાનને બે હાથ જોડીને વિનંતીપૂર્વક પગે લાગીને બોલી જે, હે મહારાજ ! હું ચકલી થઈ તેતો આ લક્ષ્મીદેવીના કહેવાથી થઈ હતી. માટે મારી ચાંચું, પાંખો તમોને વાગી હશે. તો મારા અપરાધને ક્ષમા કરો. એવું સાંભળીને રાજી થઈ તેને આશીર્વાદ આપતાં કહ્યું જે, તમો ગુજરાત પ્રદેશમાં આવજ્યો, ત્યાં તમોને અમારો મેળાપ થશે. એવું સાંભળીને લક્ષ્મીજી સહિત બીજી સર્વે સખીઓ આવીને પગે લાગીને ઉભી રહી. ત્યારે પોતે બોલ્યા જે, તમો સર્વે કાઠીઆવાડ દેશમાં આવજ્યો. તમોને અમારો યોગ થશે. એવું વચન સાંભળી, રાજી થઈ, પગે લાગી, રજા માગીને આકાશ માર્ગે અદશ્ય થઈ ગઈ. તે ચરિત્રની વાર્તા ભક્તિમાતાએ સર્વે છપૈયાપુરવાસી જનોને કહી, તે સાંભળીને

સર્વે બહુ રાજી થતાં હતાં.

એક સમયને વિષે ભક્તિમાતા, ધર્મદેવ અને રામપ્રતાપભાઇ એ ત્રણ જણ ઓસરીમાં બેઠાં હતાં. તે સમયે સુરજાબાઇ, ચંદાબાઇ આદિક બે ત્રણ બાઈઓ આવી ભક્તિમાતાની પાસે બેઠાં. ત્યારે ઘનશ્યામ મહારાજ પોતાની મામીને દેખીને, રમતા હતા, તે ભક્તિમાતાના ખોળામાં જઈને બેઠા. ત્યારે માતા અતિ હેત જણાવીને પોતાના પુત્રને સ્તનપાન કરાવી જમણો હાથ પોતાના હાથમાં લઈને રેખાઓ જોતાં હતાં. તેવામાં તો હાથમાંથી તેજનો સમૂહ નીકળવા માંડયો. તે ચારે દિશાઓમાં ભરાઇ ગયું ને તે તેજને વિષે ભગવાનનું જે બદ્રિકાશ્રમ ધામ તેને જોતાં હતાં ને તે ધામમાં નરનારાયણદેવ તથા મુક્તો તથા કલાપ ગામમાં રહેનારા ઋષિ મંડળને જોતાં હતાં. પછી નરનારાયણદેવે આપેલ દર્ભના આસન ઉપર ધર્માદિક સર્વે બેઠા ને ભક્તિમાતાના ખોળામાં રહેલા ઘનશ્યામ મહારાજને વિનંતી કરી પગે લાગી પોતાના આસન ઉપર પધરાવી ષોડશોપચારથી પૂજા કરતા હતા. પછી પોતાના આશ્રમમાં રહેલાં પાકાં બોરડીનાં ફળ વિગેરે ભેટ કરીને ધર્મભક્તિની પૂજા કરીને પગે લાગતા હતા, પછી હજારો ઋષિઓએ માનેલા ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ઋષિઓ ! હે નરનારાયણદેવ! આ તમારા ભરતખંડને વિષે વિખ્યાત જે, ગુર્જર પ્રદેશ તેમાં અમદાવાદ નગર, તેમાં તમારું સ્થાપન કરીશ, અને તેમાં તમોને પધરાવીશ. એવું નરનારાયણદેવને સત્ય વચન કહીને પોતાની માતાના ખોળામાં બેસી ગયા. તે સમયમાં ધર્મભક્તિને પોતાના પૂર્વ અવતારની સ્મૃતિ થઈ આવી. એ અવસ્થામાં શ્રીનરનારાયણદેવ ધર્મભક્તિને પોતાનાં માતાપિતા જાણીને વિનંતીપૂર્વક સ્તુતિ કરીને બોલ્યા જે, હે માતાપિતા ! આ તમારા ઘરને વિષે પુરૂષોત્તમનારાયણ તમારા પુત્રભાવને પામી ઘનશ્યામ, હરિકૃષ્ણ એ બે નામે વર્તે છે, માટે આજે તેમનાં દર્શન કરી

અમો કૃતાર્થ થયા છીએ. એવું સાંભળીને ધર્મભક્તિ રાજી થતાં હતાં પછી તે તેજ સર્વે પોતાના સ્વરૂપમાં સમાવી લીધું. ત્યારે ત્યાં બેઠેલાં ભક્તિમાતા, સુંદરીબાઇ, ધર્મદેવ, રામપ્રતાપભાઇ આદિક સર્વે આવું મહા અદ્ભૂત ચરિત્ર જોઈને ઘનશ્યામ મહારાજને વિષે ભગવાનપણાની બુદ્ધિ કરતાં હતાં.

એક સમયને વિષે શરદપૂર્ણિમાની રાત્રિમાં ભક્તિમાતા પોતાના પુત્રને ખોળામાં બેસાડીને આંગણામાં કૂવાના પરથાર ઉપર બેઠાં હતાં. તે સમયે ઘનશ્યામ મહારાજ આકાશ તરફ દ્રષ્ટિ કરીને બોલ્યા જે, હે દીદી ! પેલો ચાંદલીયો અમોને આપો.ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, હે, પુત્ર ! લાડીલા ! તે તો અહીં ન આવે. ત્યારે વળી ફરીથી ઘનશ્યામ બોલ્યા જે, હે દીદી ! તમો તેને અહીં બોલાવી લ્યો. ત્યારે ભક્તિમાતા રીસ કરીને બોલ્યાં જે, તમારે ખપ હોય તો બોલાવો. તેવું સાંભળીને લાંબો હાથ કરીને આંગળીઓને હલાવી બોલ્યા જે, હે ચાંદલીયા ! મારી પાસે આવ. એમ બોલ્યા તેટલામાં તો ચંદ્રમા આકાશમાંથી પોતાની રોહિણી આદિક સત્યાવીસ સ્ત્રીઓને સાથે લઈને આવતા હતા. તેમણે સુંદર શ્વેત વસ્ત્રો પહેર્યાં હતાં, અને અત્યંત શોભાયમાન હતાં. તથા મુકુટ આદિક ઘરેણાં ધારણ કર્યાં હતાં અને પોતાની પત્નીઓ ચંદનના કટોરા હાથમાં લઈને તથા પુષ્પોની માળાઓ હાથમાં લઈને આવ્યાં અને ઘનશ્યામ મહારાજને વસ્ત્ર ઘરેણાં પહેરાવીને ચંદન ચર્ચી પુષ્પોના હાર પહેરાવી પગે લાગતાં હતાં. એવી રીતે પૂજા કરી રજા માગીને પાછાં આકાશ માર્ગે અદ્રશ્ય થઈ ગયાં. આવું ચરિત્ર જોઈ ભક્તિમાતા આનંદ પામ્યાં અને પુરવાસી જનોને આ વાત કહી. તે સાંભળી સર્વે આનંદ પામ્યાં.

હે રામશરણજી! હવે એક બીજું ચરિત્ર કહું છું તે સાંભળો. એક સમયને વિષે ભક્તિમાતા આંગણામાં આંબલીના વૃક્ષ નીચે બાજોઠ

ઢાળીને ઉપર ઘનશ્યામ મહારાજને ઉગમણે મુખારવિંદે બેસાડીને ઉના પાણીથી સ્નાન કરાવવા માટે પ્રારંભ કરતાં હતાં. ત્યારે ગરમ પાણીનો લોટો ભરી મસ્તક ઉપરથી ધાર કરીને રેડ્યો. તેટલામાં તો પોતે ઓચિંતા ચીસ પાડીને રોવા લાગ્યા, એટલે ભક્તિમાતા બોલ્યાં જે, ખમ્મા ઘનશ્યામ ! હે બાપ ! તમો ગરમ પાણીથી દાઝ્યા ? એમ કહીને જળની કુંડીમાં હાથ ફેરવીને બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ ! તમો બેસો હું ઠંડું પાણી લાવું છું. એમ કહી પાણી લેવા ગયાં તે સમયમાં પ્રથમથી બ્રહ્મા, વિષ્ણું, શિવ એ ત્રણ દેવ આવીને કૂવાના કાંઠા ઉપર બેસીને દર્શન કરતા હતા. તેઓ સેવા કરવાનો અવકાશ જાણીને ઘનશ્યામ મહારાજની સમીપે આવીને ઉના પાણીથી નવરાવવા લાગ્યા ને બોલ્યા જે, હે મહારાજ ! અમોને આવ્યા જાણીને ભક્તિમાતાને પાણી લેવા સારૂં ઘરમાં મોકલ્યાં, તે અમારા ઉપર ઘણી દયા કરી. કેમ જે, આપની સેવા કરવાનો લાભ અમોને મળ્યો. એમ કહે છે તેટલામાં તો ભક્તિમાતા પાણી લેવા ગયાં હતાં, ત્યાંતો પાણીના પવાલામાં ઉભા થઈને રૂમાલ માગ્યો, ત્યારે ભક્તિમાતા રૂમાલ લેવા ગયાં, ત્યારે વળી ઘનશ્યામ મહારાજને વસ્ત્ર ઘરેણે સહિત ઓરડામાં જોયા. ત્યારે ત્યાં ઓરડામાં ગયાં તેટલામાં તો બહાર આંગણામાં દેખાયા, ત્યારે પોતે બહાર આવ્યાં. ત્યારે ત્રણ દેવો નવરાવતા હતા તે જોઈને ભક્તિમાતા બોલ્યાં જે, હે ભાઈઓ ! તમો ત્રણ જણ કોણ છો ? અને કોને નવરાવો છો ? ત્યારે દેવો બોલ્યા જે, અમો તમારા પુત્રને નવરાવીયે છીએ. તેવું સાંભળીને ભક્તિમાતાએ પાછું વળી જોયું ત્યાંતો ઘનશ્યામને ઘરમાં જોયા. એવી રીતે ભક્તિમાતાને ઉદ્વેગવાળાં જોઈને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દીદી ! હું તમારા પાણીની વાટ જોઈને બેસી રહ્યો છું. તેવું સાંભળીને અંતરમાં શાંતિ પામી અને ઓસરીમાંથી બહાર આંગણામાં આવ્યાં. ત્યારે કહ્યું જે, હે દીદી ! તમો જુઓ અમોને નવરાવવા સારૂં બ્રહ્મા,

વિષ્ણું અને શિવ એમ ત્રણ દેવો આવ્યા છે. તે સાંભળી બ્રહ્માદિક દેવો વિનંતી કરીને બોલ્યા જે, હે ભક્તિમાતા ! આ તમારા પુત્ર તો અમારા સર્વેના નિયંતા છે. એમ કહીને રજા લઇ આકાશ માર્ગે અદ્રશ્ય થઇ ગયા. પછી ભક્તિમાતાએ રૂમાલથી શરીર લુઇને પામરી ઓઢાડી. ઓસરીની ઝેર ઉપર બેસાડીને દૂધ સાકરનું પાન કરાવતાં હતાં. પછી ત્યાં બેઠેલા મૂકીને ભક્તિમાતા પોતે ચુલામાં દેવતા સળગાવી, રામપ્રતાપભાઇ લીલી ડાંગર લાવ્યા હતા તેને શેકીને પોતાના બહેન વસંતાને આપતાં હતાં. ત્યારે વસંતાબાઇએ તે ડાંગરને ખાંડણીયામાં નાખી, કુટીને પુંવા બનાવ્યા. એવી રીતે પુંવા કરતાં કેટલીક વાર લાગી એટલે ચંદનબાઇ પોતાના હાથેથી પોતાનું કંકણ ઉતારીને સમીપે પાટલા ઉપર મૂક્યું તેને ઘનશ્યામ મહારાજ લઇને રમતાં દૂર ફગાવી દીધું, અને લાંબી આંગળી કરીને પોતાની માસી સામું જોઇ કંકણને બતાવતા હતા. ત્યારે ચંદનબાઇ બોલ્યાં જે, હે ઘનશ્યામભાઇ ! જાઓ કંકણ લઇ આવો. આ વચન સાંભળી પોતે ભાંખોડીએ ભાંખોડીએ જઇ તે કંકણ લઇ આવી પોતાનાં માસીને આપી, ને વળી ભાંખોડીએ દડદડ દોડીને બહાર આંગણામાં આવ્યા અને પારિજાતનાં વૃક્ષ નીચે જઇને બેઠા. અને હાથમાં મૃત્તિકાનું ઢેફું લઇને ખાવાની શરૂઆત કરી. તે જોઇ ભક્તિમાતા બોલ્યાં જે, હે ચંદન ! ઘનશ્યામને જુઓતો. મૃત્તિકા ખાય છે કે શું ? એવું સાંભળીને ખાંડવાનું પડતું મૂકીને ઉતાવળાં ચંદનબાઇ દોડીને ઘનશ્યામ મહારાજ પાસે ગયાં અને હાથમાં ધૂળ્યનું ઢેફું હતું તે લઇને ફેંકી દીધું, અને જરા રીસ કરી ઘનશ્યામને ડરાવવા લાગ્યાં અને એક હાથે મુખ ઝાલીને બીજા હાથની આંગળી મુખમાં ઘાલીને ખાતા હતા તે મૃત્તિકાને બહાર કાઢી નાખીને કહ્યું જે, ધૂળ્ય ખાતાં શિખ્યા છો કે ? એમ કહીને મુખારવિંદ પહોળું કરી જોવા માંડ્યાં જે, રખેને મૃત્તિકા અંદર રાખી ન હોય ! એમ જાણીને જોવા લાગ્યાં.

ત્યાંતો પોતે પોતાના ભાણેજ સહિત આકાશ, સ્વર્ગ, પૃથ્વી, તારાઓ, દશ દિશાઓ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, સમુદ્ર, દ્વિપ, પર્વત, નદીઓ, વન, સ્થાવર, જંગમ જે ભૂત પ્રાણિમાત્ર તેને ચંદનબાઈ જે તે મુખારવિંદમાં જોતાં હતાં અને સ્થિર થઈ ગયાં. એવું મહા અદ્‌ભૂત ઐશ્વર્ય પોતાનાં માસીને દેખાડ્યું. તે જોઈને આનંદ પામી, તે વાર્તા ભક્તિમાતા આદિક સર્વે પુરવાસી જનોને કહેતાં હતાં.

વળી એક સમયને વિષે ભક્તિમાતા પોતાના પુત્રને ઓસરીમાં બેસી સ્તનપાન કરાવતાં હતાં. ધાવીને તૃપ્ત થયેલા જાણીને ત્યાં ને ત્યાં પાછા રમતા મૂકીને, પોતે રસોડામાં જઈને દેવતા સળગાવી દાળભાતનું આંધણ મૂકીને સૂપડામાં ચોખા લઈ વીણતાં હતાં. તેને થોડીવાર થઈ એટલે ઘનશ્યામ મહારાજે ચારે કોરે નજર ફેરવીને જોયું તો કોઈ દીઠાં નહિ. ત્યારે ભાંખોડીયે ચાલીને ઘરના ઉંબરા ઉપર પરાણે ચઢીને ઘરમાં જવાનો વિચાર કરે છે. અને પોતાના મનુષ્ય ચરિત્રની લીલા કરવી છે, એટલા માટે ઉંબરા ઉપરથી તત્કાળ ગુલાંટ ખાઈ ગયા. અને ઉચું મુખ રાખી તોતડા શબ્દો બોલીને રોવા લાગ્યા. તે શબ્દ સાંભળી ભક્તિમાતા રસોડામાંથી હાથ ધોઈને ઉતાવળાં ઉતાવળાં ત્યાં આવીને ઘનશ્યામને ઉપાડી લીધા અને બોલ્યાં જે, ખમ્મા કરે મારા લાડીલા પુત્રને, હે બાપ! તમોને વાગ્યું ? ત્યારે પોતાની માતાને વિસ્મય પમાડવા સારું પોતે બોલ્યા જે, હે દીદી ! અમોને કંઈ વાગ્યું નથી પરંતુ ભૂખ બહુ લાગી છે તેથી પડી ગયા છીએ. નહિ તો અમે કોઈ દિવસ પડીયે એવા નથી, અમો તો ક્ષર અક્ષર થકી પર પુરૂષોત્તમ છીએ ને તમો માતાપિતા ધર્મ અને ભક્તિ છો, ને મોટાભાઈતો સંકર્ષણનો અવતાર છે અને આતો અમો મનુષ્ય ચરિત્ર કરીએ છીએ, તેતો અનંત જીવોના કલ્યાણ માટે છે. તેવું સાંભળીને ભક્તિમાતા આનંદ પામી તત્કાળ દૂધમાં સાકર નાખી પીવા આપ્યું તે પાન કરી તૃપ્ત થઈ બોલ્યા જે, હે દીદી ! હવે

અમોને નિદ્રા આવે છે. ત્યારે ઓસરીમાં ઢોલિયો ઢાળીને તે ઉપર સુંદર ગાદલું પાથરીને મશરૂનું ઓશીકું મૂકીને તેમાં પોઢાડી, શ્વેત ખેસ ઓઢાડતાં હતાં. ને પછી ભક્તિમાતા નિર્ભય થઇ કેરીનું અથાણું કરીને પાર્યમાં ભરતાં હતાં. તેટલામાં તો તત્કાળ તે ઓઢેલાં વસ્ત્રને પોતાના અતિ કોમળ ચરણારવિંદે કરીને દૂર ફગાવી દીધું. તે સમયમાં રામપ્રતાપ-ભાઈએ પોતાના ખેતરમાં શેરડી રોપાવી હતી તે મજૂર પાસે નિંદાવીને ઘેર આવ્યા, ત્યારે તે વસ્ત્ર છેટે પડેલું જોયું. તે લઈ નાના ભાઈને ઓઢાડ્યું અને જમવાનું તૈયાર થયું છે એમ જાણી, જન્મસ્થાનકના કૂવે સ્નાન કરી, પોતાના પિતાની સાથે રસોડામાં જમવા પધારતા હતા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે બ્રહ્માદિક દેવ આવ્યા તથા માસીને મુખમાં ઐશ્વર્ય દેખાડ્યું અને ઘરમાં જતાં ઉંબરા ઉપરથી પડી ગયા એ નામે છઠ્ઠો અધ્યાય થયો. ।। ૬ ।।

## અધ્યાય ૭

## અસુરોનો નાશ તથા ઐશ્વર્ય.

એક સમયને વિષે ધર્મદેવ, ભક્તિમાતા તથા રામપ્રતાપભાઈની સાથે બાલમુકુંદ જે વિષ્ણુ ભગવાન તેમની સંધ્યાકાળની આરતી તથા ધૂન્ય કરીને તથા સ્તુતિ દંડવત્ પ્રણામ કરીને જમવા બેઠા. તે સમયમાં એક અસુર વંટોળીયા સ્વરૂપે થઈને પોતાના જેવા કેટલાક બીજા અસુરોને લઈને પોતે અતિશય બળને જણાવી ઘર ઉપરથી ખડસહિત નળીયાં ઉડાડી નાખતો હતો. અને તે આંધીથી ઘણું અંધારૂં થઈ ગયું. તે સમયે ઘનશ્યામ મહારાજ મનુષ્ય ચરિત્ર જણાવતા સતા બોલ્યા જે, હે દીદી ! આ શું થયું ? ત્યારે ભક્તિમાતા પોતાના મનમાં એમ જાણતાં હતાં કે મારા પુત્રને બીક લાગી એમ જાણી, તુરત ઉપાડી લઈ, છાતીમાં દબાવીને ગાલ ઉપર ચુંબન કરીને બોલ્યાં જે, ખમ્મા કરે મારા

ઘનશ્યામને ! એમ કરીને ચૂલામાં અગ્નિ જોવા ગયાં. પરંતુ અગ્નિ ઓલાઇ ગયો હતો, તેથી દીવો કરવાનું સ્થળ જડ્યું નહિ. કેમ જે એક તો અંધારી રાત્રિ અને વળી વાયુ ને વરસાદ થકી અતિશય અંધારૂં થઇ ગયું હતું અને ધર્મદેવ સહિત રામપ્રતાપભાઇ જમવા બેઠા હતા તેથી તે પણ ત્યાંના ત્યાં બેસી રહ્યા. અને ભક્તિમાતા દીવો તથા દેવતા ન મળ્યાં તેથી અકળાઇને બોલ્યાં જે, હે કૃષ્ણ ! હે રાજા રામચંદ્રજી ! હે હનુમાનજી ! તમો અમારી રક્ષા કરો. એવી રીતે પ્રાર્થના કરવા લાગ્યાં. તે સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દીદીજી ! તમો બીજાની પ્રાર્થના કરશો તેણે કરીને શું થવાનું છે ? પરંતુ જો અમારી પ્રાર્થના કરો તો તત્કાળ સહાય થાય. તેવું સાંભળીને ભક્તિમાતા બીજાં નામો પડયાં મૂકીને હે ઘનશ્યામ ! હે હરિકૃષ્ણ ! હે દેવના દેવ ! તમો સહાય કરો. તેવું માતાનું વચન સાંભળીને કહ્યું જે, હે દીદી ! મુને પૃથ્વી ઉપર બેસારો. એમ કહેતાં જ પોતાના જમણા અંગુઠામાંથી તેજ નીકળવા માંડ્યું, તે રામપ્રતાપભાઇની તરફ તેજના રસ્તા પડી ગયા. તે જોઇને ધર્મદેવ સહિત ભાઇ બહુ અકળાઇને ભાગવાનું કરે છે તેટલામાં તો ભગવાનની ઇચ્છાથી પૂર્વ વચનની સ્મૃતિ થઇ આવી. તેથી રામપ્રતાપભાઇ બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમે કયાં છો ? એમ બોલ્યા ત્યાં તો સર્વ તેજ પોતામાં સમાવી લઇને બોલ્યા જે, હે ભાઇ ! આ બેઠા. એવું ઘનશ્યામ મહારાજનું વચન સાંભળીને ભાઇ શાંત થયા અને વંટોળીયા રૂપે આવેલો અસુર તે તેજથી બળવા લાગ્યો અને ચીસો પાડીને નાશી ગયો. એવી રીતે તેને પોતાનો પ્રતાપ જણાવીને ભગાડી મુક્યો. એટલે તે અસુરની માયા હતી તે સર્વ નાશ પામી ગઇ. તે ઐશ્વર્ય જોઇ ધર્મભક્તિ સર્વે પુરવાસી જનોને વાર્તા કહી. તે સાંભળી સર્વે આશ્ચર્ય પામ્યાં.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજને ભક્તિમાતાએ દૂધ સાકર પાઇને, ઓસરીમાં ચાકળા ઉપર બેસારીને ઘરનું કામકાજ

કરવા લાગ્યાં. તે સમયમાં ભૂમાપુરૂષ પોતાના રથમાં બેસીને દર્શન કરવા આવ્યા. ભગવાનનાં દર્શન કરી અંગો અંગને વિષે અતિ સુંદર વસ્ત્ર તથા અલંકાર ધારણ કરાવી બોલ્યા જે, હે મહારાજ ! તમોએ અમોને ઘણીકવાર આજ્ઞા કરી જે આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને મુમુક્ષુ જીવોને મુક્ત બનાવીને અક્ષરધામમાં મોકલજો. પણ અમારાથી એકેય જીવને મુક્ત કરી તમારા ધામમાં મોકલાયો નથી, કેમકે આ પૃથ્વી ઉપર ઘણા અસુરોનો પરાભવ કરતાં કરતાં અમો નવરા રહ્યા નહિ, માટે તે વખતે જેણે જેણે અમોને ભજ્યા તેઓને અમારા ધામની પ્રાપ્તિ કરાવી છે. પરંતુ પરમ એકાન્તિક અક્ષરમુક્ત જેવો અમારાથી કોઈ થયો નથી. એ અરજ કરવા સારૂં આપની પાસે આવ્યા છીએ. માટે, હે ઘનશ્યામ મહારાજ ! આપ તો સ્વયં અક્ષરાધિપતિ પુરૂષોત્તમ આજે પધાર્યા છો, તેથી આ બ્રહ્માંડમાં જે જે મુમુક્ષુ જીવો છે તે તમારા સંબંધે કરીને મુક્ત થઈને તમારા અક્ષરધામને પામશે. તેવું સાંભળીને અત્યંત રાજી થઈ ઘનશ્યામ બોલ્યા જે, બહુ સારું. પછી તે નમસ્કાર કરી આકાશ માર્ગે અદ્રશ્ય થઈ ગયા.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા માટે સત્ત્વગુણાભિમાની દેવતા આવ્યા. તેમણે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અંગોઅંગને વિષે મોતીનાં ઘરેણાં ધારણ કર્યાં હતાં, મસ્તક ઉપર મોરમુકુટ હતો અને કિશોર વયના હતા. તે ઘનશ્યામ પાસે આવી, નમસ્કાર કરીને બોલ્યા જે, તમારા અવતાર આ પૃથ્વી ઉપર અનંત વખત થયા પરંતુ એકે અવતારે કરીને તમોએ મુમુક્ષુને મુક્ત કરીને અક્ષરધામમાં મોકલ્યા નહિ. તેવું સાંભળીને કહ્યું જે, હે મહારાજ ! અમોને જેટલી સામર્થી અને ઐશ્વર્ય તમોએ આપેલું તેટલું જ અમારાથી થાય. એમ કહીને વસ્ત્ર અલંકાર ધારણ કરાવીને ફરીથી બોલ્યા જે, તમો તો સમર્થ મૂર્તિ છો. હવે આપને સંબંધે કરીને તથા આપના

એકાન્તિક જનોના સંબંધે કરીને અનંત કોટી જીવો તમારા ધામને પામશે. એમ કહી નમસ્કાર કરીને બોલ્યા જે, હે ઘનશ્યામ મહારાજ ! ધર્મભક્તિને કોઇ અસુરો પીડતા હોય તો અમો તેનો ધનુષ્ય બાણથી નાશ કરીએ. ત્યારે હસીને બોલ્યા જે, તમો તો પોતે ભળો ત્યારે નાશ થાય અને અમો તો સંકલ્પ કરીએ એટલામાં નાશ પામી જાય. એવું સાંભળીને બોલ્યા જે, તમો તો સ્વયં પુરૂષોત્તમ છો. એમ કહીને હનુમાનજીને આજ્ઞા કરી કે, તમો આ ઘનશ્યામ મહારાજની સેવામાં હાજર રહેજો. ત્યારે હનુમાનજી પોતાના સ્વામીનું વચન મસ્તકે ચડાવીને સેવામાં હાજર રહેવાની હા પાડીને નમસ્કાર કરી સેવામાં બેઠા અને તે પછી મોટા દેવ અયોધ્યાનગરી તરફ આકાશમાર્ગે અદ્રશ્ય થઇ ગયા.

હવે હે રામશરણજી ! બીજું એક ચરિત્ર કહું તેને સાંભળો. થોડોક સમય જતાં ઘનશ્યામ મહારાજનાં ઢીંચણ ન ઘસાય તે માટે પોતાનાં માસી ચંદનબાઇ કાષ્ટની ત્રણ પૈડાંની ગાડી બે હાથે ઝલાવીને ઘનશ્યામ મહારાજને ઉભા કરી ચાલતાં શિખવતાં હતાં. તે સમયમાં ગોમતી ગાયની નાની વાછરડી ગૌશાળામાંથી દોડીને, બાળકની પાસે આવીને, જીભે કરીને ચાટવા લાગી. તે સમયમાં તો ગોમતી ગાય પણ હીંસોરા કરતી ત્યાં આવી. એટલે તેને ઘનશ્યામ મહારાજની ઇચ્છાથી વાચા થઇ અને તે બોલી, હે મહારાજ ! તમો તો અક્ષરાધિપતિ પૂર્ણપુરૂષોત્તમ છો અને હું તો ગોલોક ધામની સુરભી ગાય છું. તે ગોલોકવાસીની આજ્ઞાથી તમોને દૂધ પાવા સારૂં આવી છું. તમોએ આજે દૂધ કેમ પીધું નહિ ? ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, આજે તો અમો તૃપ્ત થયા હતા, પરંતુ હવેથી નિત્ય તારૂં દૂધ પીશું એમ કહ્યું. ત્યારે ગાય તત્કાળ પાછી વળી ગઇ. તેવું ચરિત્ર જોઇને ચંદનબાઇ તત્કાળ ઘરમાં આવીને ભક્તિમાતાને તે વાર્તા કહી, એવી રીતે પોતાની યોગમાયાએ કરીને પોતાનું ભગવાનપણું ગુપ્ત રાખનાર ઘનશ્યામ મહારાજ જેતે અનંત

ચરિત્રો કરી દિન દિન પ્રત્યે છપૈયાપુરની ભૂમિને વિષે ગ્રામ્ય બાળકની માફક રમતા હતા.

એક સમયને વિષે ભક્તિમાતા દીપાવલીના મંગળ દિને પોતાનું ઘર લીંપતાં હતાં. તે વખતે રામપ્રતાપભાઇ ઘનશ્યામ મહારાજને તેડીને મોતી મામાને ઘેર ગયા ને ત્યાં પોતાના નાનાભાઈને ઓસરીમાં બેસારીને સુરજમામીને સોંપીને વાળંદ આવ્યો તેથી પોતે હજામત કરાવવા બેઠા. પછી મામી તો પોતાની દીકરી નાની હતી તે રોવા લાગી તેથી ઘરમાં ગયાં ને ઘનશ્યામ મહારાજતો બે હાથે ઢીંચણથી ચાલીને ઓસરીમાંથી આંગણામાં આવીને ચારે કોર નજર ફેરવીને રૂદન કરવા લાગ્યા. પરંતુ કોઈને જોયા નહિ તેથી નિરાશ થઈ રોવા લાગ્યા, તે શબ્દ સાંભળીને ભક્તિમાતા ઉચ્ચ સ્વરે બોલ્યાં જે, હે ઘનશ્યામ ! અહીં આવો. ત્યારે માતા સામું જોઇ ભાંખોડીયે દડ દડ દોડીને ઉતાવળા અતિશય ચાલ્યા. તેણે કરીને પોતાના ચરણમાં તથા કેડ્યે પહેરેલાં ઘરેણાં તેને વિષે જે ઘૂઘરીઓ તેના શબ્દો થવા લાગ્યા. અને એ રીતે પોતાના ઘરના આંગણે આવ્યા અને લીંપવાની ગાર્યની ઢગલી હતી ત્યાં બેઠા. પછી તે ગાર્ય લઈને પોતાના શરીર ઉપર ચોપડવા માંડ્યા, ત્યારે ભક્તિમાતા ડરાવીને બોલ્યાં જે, હે, ઘનશ્યામ ! રહેવા દ્યો છી છી, આ તમારૂં શરીર ખરાબ થયું, એમ કહીને ગાર્ય ટોપલીમાં ભરીને ઓસરીમાં ગયાં. ત્યારે પોતે કસણું મુખારવિંદ કરીને રોવા લાગ્યા. એટલામાં તો સુથાર નંદલાલ કોઈ કારણસર રામપ્રતાપભાઈને ખોળતો આવ્યો. તેણે ચારે કોર નજર કરીને જોયું પરંતુ કયાંય દીઠા નહિ તેથી પાછો વળીને ચાલ્યો. એટલે ઘનશ્યામ મહારાજ રોતા સતા પોતાના ભાઈની ભ્રાન્તિથી અજાણ્યા થઈને તેની પાછળ ચાલ્યા. ત્યારે સુથારે રોતા એવા ઘનશ્યામ મહારાજને તેડીને ધર્મદેવ આંબલી નીચે ઓટા ઉપર મનુસ્મૃતિનું પુસ્તક વિચારતા હતા, ત્યાં લાવીને કથાના બાજોઠ

પાસે બેસાર્યા. તે સમયે પોતાને વિષે મહારાજે ઘણોક ભાર મૂક્યો તેથી તે ઉપાડી શક્યો નહિ ને તુરત નીચે મૂકી દીધા અને શ્રીધર્મદેવ પ્રત્યે બોલ્યો જે, હે ધર્મદેવ ! આટલો બધો ભાર મનુષ્યમાં હોય નહિ. માટે તમારા પુત્ર સાક્ષાત્ ઈશ્વર છે. એમ કહી મહાવિસ્મય પામી પગે લાગીને ઘેર ગયો, છતાં તે બાળક રોતા બંધ રહ્યા નહિ. પછી ભક્તિમાતાએ હાથ ધોઈને તેમને તેડી લીધા અને કુવા ઉપર જઈને પાણીથી નવરાવી, રૂમાલથી શરીર લુઈને સ્તનપાન કરાવવા બેઠાં.

વળી એક સમયને વિષે મોતી તરવાડી તથા ઘેલા તરવાડીના પુત્રોને લઈને જનોઈ દેવાનું મુહૂર્ત હતું તે કારણથી મોતી તરવાડી ગાડાં જોડાવી રામપ્રતાપભાઈ સહિત ધર્મદેવને સાથે લઈને ગામ ચરણામ-ગંજ જઈને બજારમાં કપડાં વિગેરે સામગ્રી લેવા ગયા. તે સમયે તક જોઈને ઘનશ્યામ મહારાજને મારવાનો લાગ જોઈને, કેટલાક અસુરોએ પોતાના પૂર્વના વૈરને સંભાળીને મહામલિન બુદ્ધિવાળા અને ક્રોધના ભરેલા, કોઈને ખબર ન પડે તે રીતે, રાજાની રીતે લશ્કર લઈ, હાથી, ઘોડા, ડંકા, નિશાન, ડેરા, તંબુ, રાવટીયો સહિત હથિયારબંધ આવી, બગીચામાં ઉતારો કર્યો. અને માંહો માંહી એમ બોલ્યા કે, આજ આપણા શત્રુને માર્યા વિના મૂકવો નથી. એ રીતે વાતો કરતા હતા તે સમયમાં હરિ ઈચ્છાથી રામપ્રતાપભાઈને આકાશવાણીએ કહ્યું કે, જોખન પાંડે ! તમારા ભાઈ ઘનશ્યામ તો પુરૂષોત્તમ ભગવાન છે અને તમારાં માતા-પિતા ધર્મ અને ભક્તિ દેવી છે અને તમો તો સાક્ષાત્ બળદેવજી છો ને તમારા ભાઈ ઘનશ્યામને મારવા માટે અગણિત અસુરો છપૈયાપુરમાં આવ્યા છે, અને તમો તો અહીં આવીને નિર્ભય થઈ બેઠા છો. એવું સાંભળી તત્કાળ ત્યાંથી ઉતાવળા થઈ ઘેર આવ્યા અને લશ્કરને જોઈને અંતરમાં શાન્તિ પામ્યા અને એમ જાણ્યું જે, આતો કોઈક દેશનો રાજા અયોધ્યાપુરીમાં દર્શન કરવા ગયો હશે તેણે મુકામ કર્યો છે. એમ જાણી

ત્યાં બગીચામાં જોવા માટે ઉભા રહ્યા, એટલે તેઓ સર્વે મલ્લકુસ્તીની રમત તથા જુગટાની રમત તથા પટા રમવા આદિક પોતાની આસુરી માયાને ફેલાવવા લાગ્યા. તે જોઈને પુરવાસી સર્વે જનો તથા રામપ્રતાપભાઈ મોહ પામી ગયા. પછી બે અસુરો તે લશ્કરમાંથી આકાશમાર્ગે જઈને બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજને પારણામાં પોઢ્યા હતા ત્યાં પહોંચ્યા અને પારણામાંથી ઉપાડી લઈને પાછા આકાશમાં લઈ ગયા અને પોતાની આસુરીમાયા પ્રગટાવી, તેણે કરીને ચારે દિશાઓમાં અંધકાર થઈ ગયો અને તીખાં બાણની વૃષ્ટિ કરવા માંડી. તે તરફ જોઈને પુરવાસી સર્વે જનો ત્રાસ પામી, પોતપોતાના ઘેર નાસી ગયા. એટલે તે બે અસુર ઘનશ્યામ મહારાજને લાવીને સર્વે અસુરો બગીચામાં રમત ખેલતા હતા તેને સોંપ્યા ને કહ્યું જે, આ આપણા શત્રુને અમો લાવ્યા. હવે જેમ તમોને ગમે તેમ કરો. તેવું સાંભળીને મહાક્રોધ કરીને પોતપોતાનાં હથિયાર ઉપાડી પરસ્પર બોલ્યા જે, મારો, મારો, ખાઓ, ખાઓ. એવી રીતે મહા ભયંકર શબ્દો ઉચ્ચારી સમીપે આવતા હતા એટલામાં તો ઘનશ્યામ મહારાજે પોતે લગારેક કરડી દ્રષ્ટિ કરી કે તુરત અસુરો ભસ્મીભૂત થઈ ગયા એટલે તેમની માયા હતી તે સર્વ સમાઈ ગઈ. હવે ભક્તિમાતાને ઘેર શું થયું તો પોતાના પુત્રને પારણામાં ન દીઠા એટલે તત્કાળ ઘણું રૂદન કરતાં સતાં મૂર્છા ખાઈ પૃથ્વી ઉપર પડી ગયાં. એટલામાં તો અંજની સુત બાળરૂપે હરિને બગીચામાંથી લાવીને ભક્તિમાતાને આપીને સર્વે ઐશ્વર્યની વાર્તા કહીને અદ્રશ્ય થઈ ગયા. પછી છપૈયાપુરવાસી બગીચામાં આવીને જુવે છે તો, ત્યાં ઘણીક રાખની ઢગલીઓ જોઈને હનુમાનજીની કહેલી વાર્તા સત્ય માનીને મહા વિસ્મય પામ્યાં. અને ભક્તિમાતા, ધર્મદેવ અને રામપ્રતાપભાઈ, ઘનશ્યામ મહારાજને મરણથી પાછા આવેલા જાણીને બ્રાહ્મણોને ઘણું દાન આપતા હતા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે અગણિત અસુરોનો પરાભવ કર્યો એ નામે સાતમો અધ્યાય થયો. ॥ ૭ ॥

## અધ્યાય ૮

## દુંદ તરવાડીને દર્શન તથા ચમત્કાર.

**એક સમયે પ્રાતઃકાલે ભક્તિમાતાએ વહેલાં ઉઠીને દીવો કરીને ગોળીમાં દહીં ભરીને તે દહીં વલોવીને માંહીથી માખણ કાઢીને તાંસળીમાં ભર્યું, ને તે તાંસળી ઉંચી શિંકા ઉપર મૂકીને દહીંનાં ખાલી વાસણોને ગરમ પાણીથી ધોઇને પાછાં ઠેકાણે મૂકીને, ઓસરી તથા આંગણું વાળીને શૌચવિધિ કરી આવી હાથ પગ ધોઇને દંતધાવન (દાતણ) કરવા બેઠાં. એટલે પારણામાં ઘનશ્યામ મહારાજ રોવા લાગ્યા. તે શબ્દ સાંભળીને ઉતાવળાં સ્નાન કરી, ઘરમાં આવી બોલ્યાં જે, હે બાપ ! ખમ્મા કરે મારા ઘનશ્યામને ! તમારા ઉપર હું વારી જાઉ. એવાં હેતનાં વચન બોલીને તેને પારણામાંથી તેડીને પોતાના ખોળામાં બેસાડીને સ્તનપાન કરાવવા લાગ્યાં, પરંતુ કંઈ ધાવ્યા નહિ ને રોવા લાગ્યા. ત્યારે પોતાના મનમાં થયું જે આજે મારા ઘનશ્યામ કેમ બહુ રોવે છે ? કાલે સવારે પારણામાંથી પડી ગયા હતા. રખેને કાંઇ વાગ્યું હોય ! એમ જાણીને ખોળામાંથી હેઠે ઉતારવાનું કરે છે તેટલામાં તો પોતાની માતાને વિસ્મય પમાડવા સારૂં પોતાને વિષે મૂકેલા ભારથી પીડા પામી તત્કાળ ઘનશ્યામને પૃથ્વી ઉપર મૂકી દીધા. પછી રૂદન કરતાં કરતાં ધર્મદેવને વાર્તા કરી. તે સાંભળી ધર્મદેવ ચિંતાતુર થયા અને પોતે તેડીને મસ્તક ઉપર પોતાનો હાથ ફેરવી રામપ્રતાપભાઈને કહ્યું જે, હે રામપ્રતાપભાઈ! તમો જુઓને, રામહરિ પંડિત ઘેર હોય તો બોલાવી લાવો. આ ઘનશ્યામભાઈને કાંઈક થઈ ગયું છે, તે દેખાડીને સ્વસ્તિ વાચન કરાવીએ. એમ કહીને પોતે ચાકળા ઉપર ચત્તા સુવાડીને બે હાથે તાળી**

પાડી એક નજરે સામું જોઈ પોતાના મુખથી નારાયણ કવચનો પાઠ બોલવા લાગ્યા. તે જ્યાં સુધી પાઠ કરતા હતા ત્યાં સુધી ઘનશ્યામ પોતાના પિતાના મુખ સામું એક નજરે જોઈ રહ્યા. અને પછી અચાનક હસવા લાગ્યા. તેવું ઐશ્વર્ય જોઈને ધર્મભક્તિ રાજી થયાં.

તેવા સમયમાં વળી એક અસુર પોતાના પૂર્વના વૈરને સંભાળી, ભગવાનને મારવાના ઈરાદાથી આવીને એકદમ પોતાનો આસુરભાવ બતાવી આકાશમાંથી તીખાં બાણ સહિત પથ્થર તથા ધૂળ્યની વૃષ્ટિ કરવા લાગ્યો, તેણે કરીને ચારે દિશાઓમાં અંધકાર થઈ ગયો અને આકાશમાં સર્વે દેવો ભય પામી ગયા અને મનમાં ડરવા લાગ્યા. આવો મહા જુલમ જોઈને પુરવાસી સર્વે જનો થરથર કંપી ઉઠ્યાં અને મૂંઝાઈને બોલ્યાં જે, હે ઘનશ્યામ! હે હરિકૃષ્ણ ! હે ધર્મનંદન ! તમો રક્ષા કરો, રક્ષા કરો. એ રીતનાં વચન સાંભળીને ઘનશ્યામ મહારાજે પોતાના અંતરમાં વિચાર કર્યો જે આ અસુર બળવાન છે અને જેવા તેવાથી મરે તેવો નથી. એમ જાણીને પોતાના સુદર્શન ચક્રને યાદ કર્યું કે તુરત આવીને અસુરનો સંહાર કર્યો અને ધર્મભક્તિ તથા ઘનશ્યામ મહારાજને પગે લાગીને અદ્રશ્ય થઈ ગયું અને અસુરની માયા અસ્ત થઈ ગઈ.

વળી એક સમયને વિષે દુંદ તરવાડી પોતાના પુત્ર પ્રત્યે બોલ્યા જે, હે ભાઈ મોતી ! તમો આ આંબલી ઉપર ચડીને ચારે દિશાઓમાં જુઓને, મુને કોઈ લશ્કર આવતું હોય તેમ માલુમ પડે છે. ત્યારે મોતી તરવાડી પોતાના પિતાનું વચન સાંભળી આંબલીના વૃક્ષ ઉપર ચઢવા જાય છે, તેટલામાં તો તે આંબલી નીચે ચોતરા ઉપર પોતાના પિતાની પાસે બેઠેલા ઘનશ્યામ મહારાજ તે શબ્દ સાંભળીને ઉંચા વધ્યા, તે આંબલીથી પણ પાંચ હાથ ઉંચા થઈ ગયા અને બોલ્યા જે, હે દાદા ! આપણે સર્વ અહીંથી ઉતાવળા ચાલો, ઉત્તર દિશા તરફથી લશ્કર આવે છે. એમ કહીને પાછા પ્રથમની માફક પોતાના પિતાની પાસે આવીને

બિરાજ્યા. તે ચરિત્ર સાંભળી, જોઈને આશ્ચર્ય પામી પોતપોતાના ઘરની માલમિલકત લઈને દુંદ તરવાડી આદિક તથા ધર્મદેવ પણ પોતાના ઘરનો માલ લઈને તથા ભેંસો, ગાયો, બળદ વિગેરે સર્વે પશુઓને લઈ, સામગ્રી ગાડામાં ભરી, ઉતાવળા ચાલ્યા, તે ગામ નાગપુર જઈ પહોંચ્યા. તે સમયે ધર્મદેવને તૃષા ઘણી લાગી હતી તેથી પોતે એક વડના વૃક્ષ નીચે બેઠા અને રામપ્રતાપભાઈને કહ્યું, હે ભાઈ ! પાણી લાવો ; તરસ ઘણી લાગી છે. તે સાંભળી રામપ્રતાપભાઈ બોલ્યા જે, જરા વિશ્રામ લઈ પાણી લાવું છું. આવાં વચન સાંભળી ઘનશ્યામ મહારાજ નાના હતા છતાં પોતાના સખા જે વેણી, માધવ અને પ્રાગ તેમને સાથે લઈ જળ ભરવા માટે કૂવા ઉપર ગયા. ત્યારે મોતીરામ બોલ્યા જે, હે ઘનશ્યામ ! દોરી કોના પાસે છે ? ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, દોરીનું શું કામ છે ? એમ કહી કૂવા ઉપર જઈ લાંબો હાથ કર્યો એટલે કૂવો ઉપર સુધી પાણીથી ભરાઈ ગયો, પછી જળનો લોટો ભરીને પાછા આવ્યા અને પોતાના પિતાને આપ્યો. એટલે ધર્મદેવ જળપાન કરી શાન્તિ પામ્યા અને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો દોરી તો નહોતા લઈ ગયા અને આ પાણી શી રીતે લાવ્યા ? ત્યારે વેણીરામે કહ્યું જે, હે ફૂવા ! આ ઘનશ્યામે કૂવામાં લાંબો હાથ કર્યો એટલે તે કૂવો ઉપર સુધી પાણીથી ભરાઈ ગયો. પછી અમોએ પાણી ભરી લીધું અને પછી કૂવામાં પાણી ઉંડું દેખાવા લાગ્યું. આવી રીતે કહે છે ત્યાં તો રામપ્રતાપભાઈ પણ જળનો લોટો ભરી લાવ્યા. ત્યારે ધર્મદેવ બોલ્યા જે, હે રામપ્રતાપભાઈ ! તમો હવે લાખ લોટા ભરી લાવી અમોને પાઓ, પણ જે તક ઘનશ્યામે સાચવી તેનું ફળ જુદું છે અને આ ફરીથી પાણી પીધું તેનું ફળ જુદું છે. આવું મર્મ ભરેલું વચન ધર્મદેવ બોલ્યા તે સાંભળીને ઘનશ્યામ મહારાજ મંદમંદ હસતા હતા અને પોતાની માતાને જળપાન કરાવતા હતા. તે ચરિત્ર જોઈને સર્વે આશ્ચર્ય પામતાં

હતાં. ત્યારબાદ નવાબનું લશ્કર ચાલ્યું ગયું અને પછી દુંદ તરવાડી પોતાના પરિવારે સહિત પાછા ત્યાંથી ચાલ્યા તે છપૈયાપુરમાં આવ્યા.

વળી એક સમયને વિષે ભક્તિમાતાના પિતા કૃષ્ણશર્મા તરવાડી છપૈયાપુરથી પોતાનું સાસરૂં જે તરગામ તે પ્રત્યે ગયા. ત્યાંથી પોતાનાં મોટાં દીકરી વસંતાબાઈ આદિક બીજી બે ચાર બાઈઓને સાથે લઈ, ઘનશ્યામ મહારાજને રમાડવા સારૂં છપૈયાપુરમાં આવ્યાં. તેમણે આવી પોતાના ભાણેજને ટોપી, ડગલી તથા સુરવાલ એ ત્રણ વસ્ત્ર પહેરાવી હાથમાં પતાસાં આપ્યાં. એટલે પતાસું લઈ ઘનશ્યામ મહારાજ પોતાનાં માસીના ખોળામાં બેઠા. તે સમયે દુંદ તરવાડી ઘનશ્યામ મહારાજને સર્વે આવેલી બાઈઓના ખોળામાં દેખતા હતા અને જુદા જુદા સ્વરૂપે જોયા. તે ઐશ્વર્ય જોઈને બોલ્યા જે, અહો ! હે ભાઈ મોતી ! તમો જુવો તો ખરા ! આ ઘનશ્યામ કેટલા રૂપે થયા છે ? ત્યારે મોતી તરવાડી બોલ્યા, હે દાદા ! હું તો એક સ્વરૂપે જોઉં છું. એમ કહેછે ત્યાંતો એકરૂપે માતાના ખોળામાં દેખાયા. તેવું આશ્ચર્ય જોઈ દુંદ તરવાડી રામસાગરે સ્નાન કરવા પધાર્યા પછી ભક્તિમાતાએ રસોઈ કરી મહેમાનોને જમાડ્યા અને પોતે પોતાના બે પુત્રોને જમાડતાં હતાં. પછી આરતી ધૂન્ય કરીને આંબલી નીચે ચોતરા ઉપર ઘનશ્યામના મામા વસરામ તરવાડી તથા ઘેલા તરવાડી સુઈ ગયા. તે જ્યારે મધ્ય રાત્રી થઈ તે વખતે ધર્મદેવના આંગણા વચ્ચે એક મોટો પુરૂષ હાથમાં ધોકો લઈને ઉભો હતો. તેને ઘેલા તરવાડીએ પ્રથમ જોયો. ત્યારે પોતે અંતરમાં ભય પામ્યા અને ધર્મદેવને જગાડી વાત કરી. ત્યારે ધર્મદેવ તેની પાસે જઈ બોલ્યા જે, તમો કોણ છો ? ત્યારે પોતાનું મસ્તક નમાવીને કહ્યું જે, હે પિતા ! હુંતો હનુમાનજી છું. તે મારા ઈષ્ટદેવ રામચંદ્રજીની આજ્ઞાથી તમારા પુત્રની સેવામાં ઉભોછું. તેવું સાંભળી ઘેલા તરવાડી આશ્ચર્ય પામી પગે લાગી બોલ્યા જે, હે હનુમાનજી ! આજે તમારાં

પ્રત્યક્ષ દર્શન કરીને હું કૃતાર્થ થયો છું. એમ કહીને બેઠા. ત્યાંતો હનુમાનજી અદશ્ય થઇ ગયા, તે ઐશ્વર્ય જોઇને ઘેલા તરવાડીએ સવારના પહોરમાં સર્વે પુરવાસી જનોને તે વાર્તા કરી.

વળી એક સમયે ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને જમવા ટાઢી ખીચડી વાટકામાં જમવા આપી અને કહ્યું, હે ઘનશ્યામ ! ધીરે ધીરે જમો. હું ગોમતી ગાય દોહવા જાઉં છું. તે દૂધ તમોને આપીશ. એમ કહી ઘનશ્યામને ઓસરીમાં બેસારીને ગયાં,ગૌશાળામાં જઇ ગાયને વાછરડું મુકીને દોહવા બેઠાં. તેટલામાં તો ઘનશ્યામ મહારાજ જમવાનું મુકી દઇ, ઘર ઉઘાડી તેમાંથી પ્યાલો લઇ ભાંખોડીએ દડ દડ દોડીને તે ગૌશાળામાં ગયા. ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, હે બાપ ઘનશ્યામભાઇ ! હું તમારા ઉપર વારી જાઉં. તમો અહીં શા માટે આવ્યા ? હજુ દૂધની વાર છે. તેવું સાંભળીને પોતાની માતાને આધારે તે પ્યાલે સહિત મહા મુશ્કેલીએ ઉભા થઇ. ગાયના આંચળ તરફ ઉંચું જોઇ લાંબા હાથ કરી તે પવાલું આંચળ નીચે ધર્યું. તે તત્કાળ પોતાની ઈચ્છાથી આંચળમાંથી દૂધની ધારા થવા લાગી, તે પ્યાલું તુરત જ ભરાઇ ગયું એટલે હેઠે બેસી ગયા. ત્યારે ભક્તિમાતાએ તત્કાળ આંચળ નીચે દૂધાતણું રાખ્યું એટલે આંખના એકજ મટકાંમાં તે ભરાઇ ગયું. તે લઇને જલદી ઘરમાં જઇ બીજું મોટું વાસણ લઇ આવ્યાં ને તે આંચળ નીચે ધર્યું ત્યારે થોડીકવારમાં તે વાસણ પણ ભરાઇ ગયું, તે લઈને ઉતાવળાં ઉતાવળાં ઘરમાં આવી, એ વાસણ મુકી બીજું તેનાથી મોટું વાસણ લઈને ચાલ્યાં તે બહારની ઓસરીમાં જ્યાં ઘનશ્યામ મહારાજ બેઠા હતા ત્યાં આવ્યાં. તે વખતે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દીદી ! હવે તમો જશો નહીં. એતો અમારી ઈચ્છાથી દૂધ નીકળ્યું છે એમ કહ્યું. પરંતુ એ વચન માન્યું નહીં ને ત્યાં ગયાં કે તે સમયમાં નીકળતું દૂધ બંધ થયું. તેવું પોતાના પુત્રનું મહા અદ્ભૂત ઐશ્વર્ય જોઇને આનંદ પામ્યાં. તે

ચરિત્ર સર્વે પુરવાસીને કહેતાં હતાં. પછી ભક્તિમાતાએ તે દૂધનો દૂધપાક બનાવી ઠાકોરજીને થાળ ધરાવી પછી પોતાના બે પુત્ર સહિત ધર્મદેવને જમાડીને પોતે જમતાં હતાં.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે મહા અલૌકિક રૂપે દુંદ તરવાડીને દર્શન દીધાં ને પોતાની ઇચ્છા થકી ગોમતી ગાયના એક આંચળમાંથી ઘણુંક દૂધ નીકળ્યું. એ નામે આઠમો અધ્યાય થયો. ॥ ૮ ॥

## અધ્યાય ૯

## ઘનશ્યામ મહારાજનાં માનુષિક ચરિત્ર.

હે રામશરણજી ! હવે એક બીજું ચરિત્ર કહું તેને સાંભળો. એક સમયને વિષે ભક્તિમાતા પોતાના પુત્રને સ્તનપાન કરાવીને લક્ષ્મીબાઈને રમાડવા આપીને રસોડામાં જઇ દેવતા સળગાવીને મકાઈની ધાંણી શેકવા લાગ્યાં, અને લક્ષ્મીબાઈ તો પોતાનાં ઘરમાં ચુલા ઉપર દૂધ ગરમ કરવા મુક્યું હતું, તે ઉભરાઈ જવાના ભયથી ઉતાવળાં ઘનશ્યામ મહારાજને તેડીને પોતાના ઘેર આવી ઓસરીમાં બેસાડીને દૂધ ઉતારવા ઘરમાં ગયાં. પછી પોતાના મનમાં એવો સંકલ્પ થયો જે, આ દૂધ અને ખીચડી જમું અને રસોઇ ધીમે રહીને કરીશ. એમ જાણી ભગવાનને વિસારીને જમવા બેઠાં. તેવા સમયને વિષે મહા દુષ્ટ બુધ્ધિવાળો અને પોતાના પૂર્વના વૈરને સંભાળતો અને કાલિદૈત્યે મોકલેલો પોતાનો મિત્ર ભૈરવદત્ત અસુર, ઘનશ્યામ એકલા બેઠા છે એમ જાણી વંટોળીયા રૂપે થઇને છપૈયાપુરમાં આવ્યો અને રજ ઉડાડી છપૈયાપુરને અંધકારમય કરતો હતો. અને શિશુરૂપ ભગવાનને આકાશ માર્ગે લઈને ચાલ્યો. પછી ભક્તિમાતા ઘરમાંથી ઓસરીમાં બહાર આવ્યાં અને ચારે બાજુ અંધકાર જોઈને પોતાના મનમાં ત્રાસ પામ્યાં. જે મારા પુત્રને કાંઇ વિઘ્ન થયું હોય, એવું જાણીને તત્કાળ લક્ષ્મીબાઇના

ઘેર આવીને બોલ્યાં જે, હે લક્ષ્મીબા ! ઘનશ્યામ ક્યાં છે ? તેવું મહા ત્રાસનું વચન સાંભળી, લક્ષ્મીબાઇ ઘરમાં ભોજન કરતાં હતાં. તે દોડીને બહાર આવ્યાં અને બોલ્યાં, હે છોટીબા ! મેં તો ઘનશ્યામને અહીં ઓસરીમાં રમતા મુક્યા હતા અને ચૂલા ઉપર દૂધ ગરમ મુક્યું હતું તે સંભાળવા ગઇ હતી. તેથી ઘનશ્યામને હુંતો ભૂલી ગઇ અને કોણ જાણે ક્યાં ગયા. તે મને ખબર નથી. તેવું સાંભળીને તત્કાળ ભક્તિમાતા પૃથ્વી ઉપર ઢળી પડ્યાં. એટલામાંતો પુરવાસી જનો એક બીજાને કહેવાથી ભેળાં થઇ ગયાં અને ભક્તિમાતાની પાસે આવ્યાં અને આવો મહાત્રાસ જોઇને ઉદાસ થઇ ગયાં. અને રૂદન કરવા લાગ્યાં. તે સાંભળીને ઘનશ્યામ મહારાજે પોતાનું શરીર અત્યંત વજનદાર બનાવ્યું એટલે અસુરના મનમાં થયું આતો મોટા પાષાણની શીલા ઉપાડી હોયને શું ? તેમ લાગ્યું. એમ જાણીને હેઠે નાખવાનો વિચાર કરે છે. પરંતુ હરિઇચ્છાથી મુકી દેવાયા નહીં અને તેને ભગવાને ગળાને વિષે પકડ્યો તેથી તેના બે ડોળા નીકળી ગયા અને પ્રાણ રહિત બની ગયો હોયને શું ? તેવો બન્યો. ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, હે દુષ્ટમતિવાળા ! જા તને કોણ મારે ? એવી રીતે તિરસ્કાર કરી મુકી દીધો, તે કોઇક દેશાંતરમાં જઇ પડ્યો. એટલે તેની જે માયા હતી તે નાશ પામી ગઇ અને ઘનશ્યામ મહારાજ સર્વે રૂદન કરતાં હતાં તેમના મધ્યમાં આવીને ઉભા રહ્યા. તે જોઇને ભક્તિમાતા આદિક બીજી કેટલીક સ્ત્રીઓ આનંદ પામીને પુછવા લાગી, હે ઘનશ્યામ ! તમારા વિના અમો ઘણાં દુઃખી થયાં હતાં તમો ક્યાં ગયા હતા ? ને આ અંધકાર શાનો હતો ? ત્યારે સર્વે વૃતાંત પોતાની માતાને કહેતા હતા. તે ઐશ્વર્ય જોઇને રાજી થયેલાં લક્ષ્મીબાઇ ભક્તિમાતાને આપતાં હતાં. પછી અસુરને મરેલો જાણીને આકાશમાં સિધ્ધો, ચારણો અને મુનિઓ જય જય શબ્દે કરીને ચંદન પુષ્પનો વરસાદ ઘનશ્યામ મહારાજના ઉપર કરતા હતા. હે રામશરણજી !

આજ સુધી તો મેં તમોને ઘરની લીલા કહી. હવે પોતાના સખાઓ સાથે રમવા જતા અને ત્યાં જે જે લીલાઓ કરી છે તે સાંભળો.

એક સમયને વિષે વેણી, માધવ અને પ્રાગ એ પોતાના સખાઓ આવીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! ચાલો, આપણે સર્વે રમવા જઈએ. તેવું સાંભળીને ઘનશ્યામ ભક્તિમાતાએ પહેરાવેલાં ગરમ વસ્ત્રોને કાઢી નાખીને ચાલ્યા. ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, હે ઘનશ્યામ ! શિયાળાનો દિવસ છે માટે ઠંડી લાગશે, વસ્ત્ર પહેરીને રમવા જાઓ. એમ માતાએ કહ્યું છતાં પણ વસ્ત્ર પહેર્યાં નહિ. અને દડ દડ દોડીને નારાયણ સરોવરના કાંઠા ઉપર જતા રહ્યા. તે સમયે ભગવાન વસ્ત્ર વિનાના છે એમ જાણીને અનંત મુક્તો આવીને નમસ્કાર કરીને ગરમ પોશાકનાં વસ્ત્ર ધારણ કરાવી પગે લાગીને અદ્રશ્ય થઈ ગયા. પછી સખાઓ સહિત ઘેર આવવા ચાલ્યા. તે સમયે સુરજા મામી પોતાના ઘરના આંગણે ઉભાં હતાં. તેમણે કિશોર મૂર્તિ અને ભારે વસ્ત્ર આભૂષણ ધારણ કરેલા ઘનશ્યામ મહારાજને જોયા અને તેડીને પોતાના ઘેર લાવ્યાં. ત્યારે પોતાની બીજી મામીઓ પણ એકબીજાના કહેવાથી ત્યાં આવી. ત્યારે તેમણે અલૌકિક રૂપે ઘનશ્યામનાં દર્શન કર્યાં. ઘનશ્યામ તો ત્યાંથી બજારમાં આવ્યા; તેમને વણિકની સ્ત્રીઓએ જોયા. તે અલૌકિક રૂપ જોઈને બોલી જે અહો, ધનભાગ્ય ! આજે ઘનશ્યામ કેવા બન્યા છે, જુઓ તો ખરાં ! એમ બોલે છે, ત્યાંતો એક બંસીધર હલવાઈની દીકરી રામકુંવર કહેવા લાગી જે, હે ઘનશ્યામ ! તમો અમારે ઘેર પધારો, ત્યારે તેના સામું જોયું કે તુરત તેને સમાધિ થઈ, તેને કેટલીક વાર થઈ ત્યારે બીજી બાઈએ કહ્યું જે, અહો ! આ રામકુંવરને એટલામાં શું થયું ? એમ બોલ્યાં ત્યાંતો જાગીને ઘનશ્યામ મહારાજને પગે લાગીને તે બોલી જે, અહો ! આ ઘનશ્યામ બાબુને તો અક્ષરધામને વિષે તેજોમય દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન થયેલા મેં દીઠા. અને એમના જેવા બીજા અનંત

સિંહાસનની ચારે બાજુએ બેઠા હતા તેમને જોયા. એવી રીતે રામકુંવર કહેવા લાગી. તે સમયમાં તો ઘનશ્યામ મહારાજ બાળસ્વરૂપે જેવા રમવા ગયા હતા તેવા બનીને પોતાના ઘેર આવ્યા. ત્યારે સર્વે બાઈઓએ ધર્મદેવને ઘેર આવીને ભક્તિમાતાને તે ચરિત્રની વાર્તા કરી. તે સાંભળીને ભક્તિમાતા આદિક સર્વે રાજી થયાં. પછી ભક્તિમાતા રસોઈ કરી પોતાના બે પુત્રોને જમાડીને પોતે જમ્યાં.

વળી એક સમયને વિષે ગ્રીષ્મ ઋતુના દિવસે ઘનશ્યામ મહારાજના શરીરે થોડો જ્વર (તાવ) આવ્યો. તેથી તે દિવસે કંઈ જમ્યા પણ નહીં અને આખા શરીરે બળિયા નીકળ્યા. તે જોઈને ભક્તિમાતાનાં ભોજાઈ ચંદાબાઈ બોલ્યાં જે, હે છોટીબા ! આ ઘનશ્યામભાઈને તો બળિયા નીકળ્યા હોય ને શું ! એમ મને જણાય છે, તેવું સાંભળીને ભક્તિમાતાએ ઓરડીમાં ઢોલિયો ઢાળીને તેમાં ઘનશ્યામને સુવાડીને સમીપે બેઠાં ને પોતાના મનમાં ભગવાનનું ભજન કરવા લાગ્યાં. તેને કેટલીક વાર થઈ એટલે તે વાત લક્ષ્મીબાઈ જાણીને ધર્મદેવને ઘેર આવીને બોલ્યાં જે, હે છોટીબા ! હવે આ ઘનશ્યામને વીસ દિવસ સુધી કયાંઈ રમવા જવા દેશો નહીં અને મારા વેણીરામને પણ બળિયા નીકળ્યા છે. તેમને તો આજે પચીસ દિવસે નવરાવ્યા ને સારૂં થઈ ગયું છે, તો પણ હું તેમને બહાર રમવા દેતી નથી. તેવું સાંભળીને તત્કાળ ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, તમે તો વેણીરામને પચીસ દિવસ સુધી નવરાવ્યા વિના રહેવા દીધા. પરંતુ આપણો બ્રાહ્મણનો ધર્મ છે તે નહાયા વિના કેમ ચાલે ? માટે મને તો હાલ ઠંડા પાણીએ નવરાવો, એટલે આજના આજ સાજા થઈ જઈએ. એવું સાંભળીને ભક્તિમાતા પોતાના પુત્રના વચનના વિશ્વાસથી જન્મસ્થાનકના કૂવા ઉપર નવરાવવા લાગ્યાં, ને કેટલીક વાર થઈ એટલે તત્કાળ પોતાની ઈચ્છાથી આખા શરીરે ગરમી હતી તે સમાઈ ગઈ. ત્યારે તે શીળીના ચિહ્નોનાં થોડાંક ચાઠાં

**માલુમ પડ્યાં હતાં.**

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે દેવો આવ્યા ને વસ્ત્ર ઘરેણાં પહેરાવ્યાં ને વળી બળિયા નીકળ્યા એ નામે નવમો અધ્યાય પૂરો થયો.॥૯॥

## અધ્યાય ૧૦

## ચૌલ સંસ્કાર તથા ઐશ્વર્ય વર્ણન.

**એક સમયને વિષે રામપ્રતાપભાઈ અને ઘનશ્યામ મહારાજ એ બન્ને ઓસરીમાં જમવા માટે બેઠા હતા. તે સમયે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણે દેવો પ્રસાદી લેવા માટે આવ્યા, એટલે ઘનશ્યામ મહારાજે તેમને આવેલા જાણીને પ્રસાદી આપી. ત્યારે રામપ્રતાપભાઈના પાત્રમાં જમવાનું એમ ને એમ હતું. અને પોતાના પાત્રમાં તુરત થઈ રહ્યું તેથી ભક્તિમાતાએ જાણ્યું જે, આ ઘનશ્યામ તો ઉતાવળથી જમી ગયા. એમ જાણીને ફરીથી લાવીને પીરસ્યું. ત્યારે પોતાની ઈચ્છા થકી પ્રસાદી લેવા આવેલા દેવોને ભક્તિમાતા દેખીને બોલ્યાં જે, હે ઘનશ્યામ ! આ તમારા સમીપમાં કોણ બેઠા છે ? ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, હે દીદી! આ તો બ્રહ્માદિક દેવો અમારી પ્રસાદી લેવા સારૂં આવ્યા છે, તેમને અમોએ પ્રસાદી આપી. તેવું સાંભળીને ધર્મદેવ બોલ્યા જે, હે ઘનશ્યામ! તેમનાં દર્શન અમોને કરાવો. ત્યારે બોલ્યા જે, હે દાદા ! તમારી ઈચ્છા હશે. તો દર્શન થશે. એમ કહીને પોતે ચળુ કરીને આંબલી નીચે ચોતરા ઉપર જઈને બેઠા. તે સમયે ત્રણ દેવ બ્રાહ્મણ વેશે પૂજાનો સામાન લઈને ત્યાં આવ્યા અને ષોડશોપચાર વડે વેદોક્ત વિધિથી પૂજા કરતા હતા. તે સમયે બ્રહ્મા ચાર મુખથી વેદની ઋચાઓ બોલીને ઘનશ્યામ મહારાજની આરતી ઉતારતા હતા. તે પ્રત્યક્ષ જોઈને ધર્મદેવ, વશરામ તરવાડી, મોતી તરવાડી, રામપ્રતાપભાઈ એ સર્વે જોઈને રાજી થતા હતા. પછી નમસ્કાર કરી રજા માગીને આકાશમાર્ગે અદ્રશ્ય થઈ ગયા. પછી ચંદન**

મામી મોગરાના પુષ્પનો હાર કરીને પોતાના ભાણેજને પહેરાવી પગે લાગ્યાં.

હે રામશરણજી ! હવે બીજું એક ચરિત્ર કહું તેને સાંભળો. ઘનશ્યામ મહારાજને ત્રીજું વર્ષ બેઠું ત્યારે, ચૌલ સંસ્કાર જે, ગર્ભના કેશ ઉતારવા. તે માટે વાળંદ ઝમઈને ધર્મદેવે બોલાવ્યો. પછી ધર્મદેવ પોતાના સંબંધીજન, વશરામ તરવાડી, સુંદરીબાઈ, સુરજાબાઈ તેમનાથી વીંટાયેલા થકા નારાયણ સરોવરના કાંઠા ઉપર આવ્યા. ત્યારે હરિ ઈચ્છાથી ગામ નરેચાનો પંડિત રામનારાયણ ત્યાં આવ્યો. તેણે વેદમંત્ર ને જળ વડે સ્થળ પવિત્ર કરી, ઉપર ઉનનું ગરમ વસ્ત્ર પાથર્યું અને તેના ઉપર ઘનશ્યામ મહારાજને ખોળામાં લઈ ભક્તિમાતા ઉગમણે મુખારવિંદે બેઠાં. એટલે ઝમઈ વાળંદે પ્રથમ કાતરથી મસ્તકના કેશ કાતર્યા. પછી પાણીથી પલાળી અસ્ત્રો લઈ મસ્તકે એક લીટી કાઢી, તેટલામાં તો ઝમઈને ઘનશ્યામ દેખાયા નહિ. ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, કેમ મારા ઘનશ્યામનું વતુ કરતો નથી ? તેવું સાંભળીને સર્વ ચકિત થઈ ગયાં અને ભક્તિમાતા કહેવા લાગ્યાં, હે પુત્ર લાડીલા ! અડધું વતુ શોભે નહિ, માટે હજામત કરવા દો. ત્યારે બોલ્યા જે, હે દીદી ! અમોને તેનો અસ્ત્રો કઠણ પડે છે. એટલામાં તો શંભુ ને પાર્વતી પોઠીયા ઉપર બેસીને આવ્યાં, તે નમસ્કાર કરીને બોલ્યાં જે, હે ઘનશ્યામ ! વતુ કરવા દો અને દયા કરીને ઝમઈરાતને દર્શન આપો. તેવું સાંભળીને તુરત દેખાવા લાગ્યા. ત્યારે તે સંપૂર્ણ હજામત કરી પગે લાગ્યો. ત્યારબાદ કેશ નારાયણ સરોવરમાં પધરાવી, હાથ પગ ધોઈ ઘનશ્યામ મહારાજને નારાયણ સરોવરમાં સ્નાન કરાવ્યું. પછી વશરામ તરવાડી પોતાના ભાણેજને વસ્ત્ર ઘરેણાં પહેરાવ્યાં. એટલે ઝમઈરાત પોતાની કેડ્યમાં તેડીને આગળ ચાલ્યો એટલે સર્વે પુરવાસી જનો ગાતા ગાતા ધર્મદેવને આંગણે આવ્યા. પછી ઘનશ્યામ મહારાજને ઓસરીમાં પધરાવ્યા અને તે વાળંદને શિખ આપી, તે લઈને ઘેર ગયો. ત્યાર પછી

ધર્મદેવે હજારો વિપ્રને જમાડ્યા અને દક્ષિણાઓ આપી. અને પોતાના પુત્રને જમાડી તૃપ્ત કરી રમવા સારૂં આંગણામાં સર્વે બાળકોને સુપ્રત કરીને પોતાનાં સગાં-સંબંધીઓને જમાડવાં તે વ્યવસ્થામાં ભક્તિધર્મ રોકાયાં હતાં. વેણી, માધવ ઘનશ્યામ મહારાજને સાથે લઈને નારાયણ સરોવરના પૂર્વ તરફના કિનારે આંબાના બગીચામાં ગયા. તે અવસરને વિષે મહામલિનબુદ્ધિવાળો કાળીદત અસુર ઘનશ્યામ મહારાજને મારવાનો નિશ્ચય કરીને, પોતે નાના બાળરૂપે થઈને સર્વે બાળકો સાથે રમવા લાગ્યો, અને નાના બાળસ્વરૂપે ઘનશ્યામ મહારાજને પકડવા હાથ લાંબો કર્યો, તે તુરત સામું જોયું તેટલીવારમાં તો અસુર પોતાના અંગોમાં બળવા લાગ્યો, તેથી તત્કાળ પોતાની આસુરી માયા ફેલાવી, તે સાથેજ વાયુ ભેગો વરસાદ વરસવા લાગ્યો અને સર્વે બાળકોને શરીરમાં ટાઢ વ્યાપી તેથી એક આંબાની ઓથ્ય લઈને બેસી ગયાં. પરંતુ ઘનશ્યામ મહારાજ કોના પાસે છે એમ કોઈને ખબર ન રહી. ત્યારે તે અસુર દહીંયા આંબાના વૃક્ષ તળે આવીને જોયું ત્યારે પોતાના શત્રુ ભગવાનને જોઈને મહા ક્રોધાયમાન થયો. ને પોતાનું મુળરૂપ અસુરનું શરીર ધારણ કરી, આકાશમાં ઉંચો ચડીને બાળકરૂપે ભગવાન જે વૃક્ષ નીચે બેઠેલા હતા તે વૃક્ષ ઉપર પોતાનું મોટું પર્વત જેવું શરીર વધારીને પડ્યો. તેથી દહીંયો આંબો ભાંગીને પૃથ્વી ઉપર પડ્યો. ત્યારે દૈત્ય મનમાં રાજી થયો કે, મારો શત્રુ મરી ગયો. એમ જાણીને પાસે આવીને જોયું ત્યારે ઘનશ્યામને બેઠેલા જોયા, તે જોઈને તેના મનમાં ઘણો સંતાપ ઉત્પન્ન થયો જે, હજી આ શત્રુ મર્યો નથી. એમ જાણીને પોતાના બે હાથ લાંબા કરીને ઝાલવા ગયો, તે સમયમાં ભગવાને વક્રદ્રષ્ટિથી સામું જોયું કે તત્કાળ ચકરી ખાઈને મોહ પામી ગયો અને વરસાદ તથા વાયુમાં અથડાઈને મરણ પામ્યો. ત્યારબાદ તેની બધી માયા શાંત થઈ. ત્યારે વેણી, માધવ ને પ્રાગ આદિક બાળક સર્વે એકઠાં

થઈને, હે ઘનશ્યામ ! હે ઘનશ્યામ ! હે ભાઈ ! આ પ્રકારના શબ્દો બોલીને બોલાવતા બોલાવતા રુદન કરવા લાગ્યા. તેટલામાં તો ગામમાં ખબર પડી જે છોકરાંઓ વાડીમાં રમવા ગયાં હતાં તે ક્યાં ગયાં હશે ? તે સાંભળીને ભક્તિમાતાના અંતઃકરણમાં ફાળ પડી ને બોલ્યાં જે, બાપ ! મારા ઘનશ્યામ ક્યાં છે ? તેવું સાંભળીને ધર્મદેવ, વશરામ તરવાડી આદિક સર્વે પુરવાસી જનો ઉદાસ થઈ ગયાં. અને દીવીઓ, ફાનસો લઈને બગીચામાં શોધવા માટે ગયાં. ત્યારે તે વખતે અવકાશને પામીને શ્રદ્ધા, મૈત્રી આદિક ધર્મદેવની બાર પત્નીઓ આવીને બાળ ભગવાનને સ્નેહથી તેડી લઈ સ્તનપાન કરાવવા લાગી. ત્યારે પોતાની માતાઓના ભાવ જોઈને પોતે બાળસ્વરૂપે થઈ સ્તનપાન કરતા હતા. તે સમયે ધર્મ-ભક્તિ બગીચામાં સર્વત્ર ખોળે છે પરંતુ કયાંય દીઠા નહીં, તેટલામાં દહીંયા આંબાના થડમાં બેઠેલા ઘનશ્યામ મહારાજને સુંદરી મામીએ જોયા ને ઉપાડી લઈ પોતાનાં નણંદ ભક્તિમાતાને આપતાં હતાં. એટલે અતિશય રાજી થઈ તેડીને પોતાને ઘેર આવ્યાં. અને બગીચામાં મરણ પામેલા અસુરને જોઈને વશરામ તરવાડી બોલ્યા જે, અહો ! હે ભાઈઓ જુઓ તો ખરા ! આ મરેલો અસુર કેટલો વિકરાળ છે ? અને આ હજારો વૃક્ષ ભાંગી પડ્યાં છે તેમાં ઘનશ્યામ બાબુ જીવતા રહ્યા તે બહુ આશ્ચર્યની વાત છે. એમ કહી તે સર્વે જનો ઘેર આવ્યાં. પછી ભક્તિમાતાએ પોતાના પુત્રને ઘર વચ્ચે બેસાડીને વાટકામાં રાઈ મીઠું તથા મરચાં રાખીને અગ્નિ સહિત સાત વખત માથે ઉતારીને નજર બાંધતાં હતાં. ત્યારબાદ પુરવાસી સર્વે જનો પોતપોતાના ઘેર ગયાં.

ગોર આવ્યો હતો. તેના કહેવા પ્રમાણે આઠ શેર ઘઉંનો લોટ તથા બશેર ખાંડ અને બશેર ઘી એ રીતે બંગાળી તોલના સીધાનો સામાન આપ્યો. તે લઈને લોટ બાંધીને પૂરી વણવા લાગ્યો. તે સમયમાં ઘનશ્યામ

મહારાજ પોતાના ઘરની ઓસરીમાં બેસીને દહીં અને ભાત જમતા હતા. તેમને દેખીને ગોરની વૃત્તિ તે નાના બાળકમાં તણાણી. ત્યારે તે ગોર હાથ ધોઈને ઘનશ્યામની પાસે આવીને નીરખવા લાગ્યો. તે કેટલીક વાર થઈ ત્યારે પ્રભુની ઈચ્છાથી તેના દેહમાંથી કામક્રોધાદિક અંતઃશત્રુ નીકળીને સૌને દેખતાં પગે લાગીને ઉભા રહ્યા. ત્યારે ગોરને અતિશય શાંતિ થઈ અને બે હાથ જોડીને સમાધિસ્થ થયો. ત્યાં ધર્મદેવ આવ્યા અને કહ્યું જે, ગયાદત્ત ગોર ! કેમ રસોઈ કરવી પડતી મૂકીને અહીં આવ્યા છો ? અને આ નાના બાળકમાં શું જુઓ છો ? તેવું સાંભળીને અતિ પ્રેમે સહિત બે હાથ જોડીને કહેવા લાગ્યો જે, હે પાંડે! હું કેટલીક વખત બદ્રિનારાયણ આદિક તીર્થોમાં ફર્યો પરંતુ જેવી આ તમારા પુત્રના દર્શનથી શાંતિ થઈ, તેવી શાંતિ હું કોઈ જોગી જતિથી પામ્યો નથી. અને જે જે તીર્થમાં ગયો ત્યાં મારૂં મન શાંત થયું નહિ, સ્થિર રહ્યું નથી. માટે આ બાળક કોઈ મોટા ઈશ્વર હોય ને શું એમ મને તો જણાય છે. એમ કહે છે તેટલામાં તોતે ગોરને મુમુક્ષુ જાણીને નિશ્ચય થવા માટે પોતાનું મહા અલૌકિક શંખ, ચક્ર, ગદા, પદ્મ સહિત ચતુર્ભુજ વિષ્ણુ સ્વરૂપ ધારણ કરી દર્શન દીધું. તે ઐશ્વર્ય જોઈને ચરણારવિંદમાં પોતાનું મસ્તક રાખીને સ્તુતિ કરી વારંવાર પગે લાગ્યો. એવી રીતનું ઘડી એક પોતાનું દર્શન દઈને પાછું તે ઐશ્વર્ય પોતાને વિષે છુપાવી દીધું. ત્યારબાદ તેની પાસે બાવના ચંદનનું લાકડું હતું તે લાવીને ધર્મદેવને આપીને બોલ્યા જે, આ ચંદન હેમ ગોપાળની ઝાડીમાંથી લાવ્યો હતો. તે તમારા પુત્ર સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન છે તેમના માટે આ ચંદન આપ્યું છે. અને આ ચંદનમાં એવો ગુણ છે કે સો મણ તેલનું પાત્ર ગરમ કરેલું હોય ને તેમાં જો લગારેક આ ચંદન ઘસીને તલ જેટલું નાખે તો બધુંય તેલ ટાઢું હિમ જેવું થઈ જાય અને ફરીથી કોટી ઉપાય કરે તો પણ ગરમ થાય નહિ. એવી રીતની ઘણીક વાર્તા કરીને પાછો

રજા માગીને રસોઇ કરવા ગયો.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ચૌલ સંસકાર જે ગર્ભના કેશ ઉતરાવ્યા અને ગયાજીના ગોરને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો એ નામે દશમો અધ્યાય પૂરો થયો. ॥ ૧૦

## અધ્યાય ૧૧

## અયોધ્યા જતાં ખેવટને દર્શન આપ્યાં.

**હે રામશરણજી ! હવે એક બીજું ચરિત્ર કહું તેને તમો સાંભળો. એક સમયે ધર્મદાદાના મનમાં એવો સંકલ્પ થયો જે, મારા પુત્રને અસુરનાં વિઘ્નો ઘણાં આવે છે તેથી હું પદ્મપુરાણની કથા વાંચું અને અનુષ્ઠાન, પુરશ્ચરણ, સ્વસ્તિવાચન કરાવું ને યજ્ઞ થઇ જાય તો વિઘ્ન નાશ પામે. એમ જાણીને પોતાના આંગણાંમાં આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર પદ્મપુરાણની કથા કરવા લાગ્યા. ત્યારે અતિ વૃદ્ધ જે દુંદ તરવાડી તથા પુરવાસી જનો તે કથા સાંભળવા બેઠાં. તે સમયે ભક્તિમાતાએ પોતાના પુત્રના નેત્રમાં કાજળ આંજ્યું અને દૂધ સાકર પાઇને ડગલી, ટોપી, સુરવાલ એ ત્રણે વસ્ત્રો પહેરાવીને તથા તેના ઉપર ઝાંઝર, કંદોરો ને મોહનમાળા આદિક વસ્ત્ર ઘરેણાં પહેરાવીને પોતાના ભાઇની દીકરી બલવંતાબાઇને આપ્યા. પછી તેમણે લઇને સભાના મધ્યમાં બેસાર્યા. ત્યારે ધર્મદેવ પોતાના કંઠમાં પારિજાતના પુષ્પનો હાર પહેર્યો હતો તે કાઢીને નાના બાળકને પહેરાવ્યો. તે લઇને ઘનશ્યામે તોડી નાખ્યો અને રમવા લાગ્યા. પછી પોતાના મામા હીરા તરવાડીએ બોલાવી પોતાના ખોળામાં બેસાર્યા. હવે કથામાં એકાદશીનું માહાત્મ્ય આવ્યું જે અશ્વમેધ યજ્ઞ કરવાથી જે ફળ મળે, તેથી સો ઘણું ફળ એકાદશી કરવાથી થાય, એવો ઘણો મહિમા આવ્યો તે સાંભળતા થકા ઘનશ્યામ મહારાજ પોતાના પિતાના મુખ સામું જોઇ રહ્યા હતા. તેનો મહિમા સાંભળીને વશરામ તરવાડીના મનમાં એવો સંકલ્પ થયો**

જે, આવો રૂડો એકાદશીનો મહિમા છે અને હું તો કોઇ દિવસ એકાદશી કરતો નથી. હવે નિયમે સહિત સર્વે એકાદશીઓ કરીશ, તેથી મારા ઉપર પુરૂષોત્તમ ભગવાન રાજી થશે. એવી રીતે પોતાના મનમાં કોઇ ન જાણે તેમ નિયમ રાખ્યો. ત્યારે તે સંકલ્પને ઘનશ્યામ મહારાજ અંતર્યામી સ્વરૂપે જાણીને બોલ્યા જે, હે મામા ! તમોએ જે નિયમ રાખ્યું તે નિયમે કરીને જે સંકલ્પ કરશો તે સર્વે સિદ્ધ થશે અને આત્યન્તિક મોક્ષ પણ થશે. એમ કહીને અક્ષરધામના મધ્યમાં દિવ્ય સિંહાસન ઉપર કિશોરવયવાળા અને વસ્ત્ર ઘરેણાં તથા પુષ્પના હાર સહિત અનંત મુક્તોથી વીંટાયેલા એવા ઘનશ્યામને જોયા અને આવું ઐશ્વર્ય થોડીકવાર જોઇને ચકિત બન્યા. ત્યાંતો માયાનો પડદો ઢાંકીને પ્રથમ હતા તેવા બાળસ્વરૂપે દડદડ દોડીને પોતાનાં ચંદા મામીના ખોળામાં જઇ લેટી પડ્યા. તે સમયમાં એક અસુર પોતાના પૂર્વ વૈરને સંભાળી પોતાના જેવા બીજા કેટલાક અસુરોને લઇને પોતાના આસુરી ભાવો ભજવીને ઇન્દ્રાદિક સર્વ દેવોને ડરાવી, પોતે અનેક રૂપે થઇ કેટલાક હાથ, પગ મસ્તક કરી અસંખ્ય નાના પ્રકારનાં હથિયાર ધારણ કરી, મહા ક્રોધે યુક્ત થઇ આકાશમાંથી વાયુ, વરસાદ અને ધુળ્ય તથા તીખાં બાણની વૃષ્ટિ કરી, ચારે દિશાઓમાં અંધકાર કરતો હતો અને છપૈયાપુરને ઘેરો ઘાલ્યો. આવો મહા જુલ્મ જોઇને કથામાં બેઠેલા જનો કહેવા લાગ્યા, હે ઘનશ્યામ ! હે ઘનશ્યામ ! આ કષ્ટથી અમારૂં રક્ષણ કરો. અને તમારા પિતા કથા કરે છે તેમાં આ અસુર વિઘ્ન કરશે માટે રક્ષા કરો. એવું વચન સાંભળીને ઘનશ્યામ મહારાજે પોતાના સુદર્શન ચક્રને સંભાર્યું કે તુરત આવી, ચક્રે રાક્ષસનો નાશ કરી નાખ્યો. તે જોઇને બીજા અસુરો ત્રાસ પામી ત્યાંથી નાઠા તે પોતાના સ્થાનકે ચાલ્યા. તેથી તે આસુરી માયા સર્વે નાશ પામી ગઇ. અને બ્રહ્માદિક સર્વે દેવો પ્રસન્ન થઇ આકાશમાંથી ચંદન પુષ્પની વૃષ્ટિ કરતા દુંદુભી બજાવતા હતા.

એવી રીતે પોતાના ઐશ્વર્યથી કથામાં વિઘ્ન આવવા દીધું નહિ અને અસુરનો નાશ કરી પુરવાસીઓની રક્ષા કરી. તે જોઈને સર્વે જનો ઘણું આશ્ચર્ય પામતા હતા.

વળી એક સમયે ભક્તિમાતા પોતાના પુત્રને શિયાળામાં વસ્ત્ર ઘરેણાં પહેરાવીને આંગણાંમાં કૂવાના પરથાર ઉપર ઉગમણે મુખે પોતાના હાથની આંગળી ઝલાવીને ઉભાં હતાં. તે સમયે પોતાનાં ભાભી જગવંતબાઈએ ભક્તિમાતાને જામફળ આપ્યાં તથા નારંગીનાં ફળ આપ્યાં, તે ભક્તિમાતા ઉભાં ઉભાં જમતાં હતાં. ત્યારે ઘનશ્યામ મહારાજે મુખ સામું જોઈને ઉંચો હાથ કર્યો અને ફળ માગવા લાગ્યા અને એક હાથે આંગળી ઝાલી રહ્યા. અને બીજો હાથ તરછોડી ફળ તરફ એક નજરે જોઈને મુખથી બચકારા કર્યા તો પણ ભક્તિમાતાએ ફળ આપ્યાં નહિ, કારણ કે આ ફળ ખાશે તો પેટમાં દુઃખશે એમ માની ન આપ્યાં. ત્યારે ઘનશ્યામે જાણ્યું જે મને આપશે નહિ. એમ જાણીને પોતાની માતાને વિસ્મય પમાડવા સારૂં એક હાથ લાંબો વધારીને જ્યાં ભક્તિમાતા ખાવા જાય છે તે ફળને પોતે નીચે પૃથ્વી ઉપર પાડી દીધું. તે ચરિત્ર જોઈને પોતાના મનમાં ખોટી રીસ કરીને પોતાની આંગળી છોડાવી દેતા હતા. અને તુરત જ કૂવાના પરથાર ઉપર ઢળી પડ્યા. અને પગ ઘસવા લાગ્યા. ત્યારે ભક્તિમાતા બોલ્યાં, ખમ્મા કરે મારા ઘનશ્યામને ! લ્યો, આ જામફળ જમો. એમ કહીને તેડી લીધા એટલે તુરત જ છાના રહ્યા અને રાજી થઈ તે જામફળ જમતા હતા.

એક સમયને વિષે હે રામશરણજીભાઈ ! છપૈયાપુરમાં ઉપદ્રવ થાય છે એમ જાણીને તે ઉપદ્રવને ટાળવા માટે ધર્મભક્તિ પોતાના બન્ને પુત્રોને લઈને છપૈયાપુરથી અયોધ્યાનગરી પ્રત્યે જવા નીકળ્યા. તે વચમાં મખોડાઘાટ થઈને સરયૂ નદીના કિનારે આવ્યા. વહાણમાં બેસવાનો વિચાર કરે છે તે સમયમાં વહાણના ખેવટીયાને ઘનશ્યામ

મહારાજ પોતાનું શ્રીકૃષ્ણસ્વરૂપ ચતુર્ભુજ શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરી મહા અલૌકિક દર્શન દીધું. તે જોઈને આશ્ચર્ય પામી બોલ્યો જે, હે ધર્મદેવ ! આ તમારા ઘનશ્યામ પ્રસાદજી પોતે સાક્ષાત્ ભગવાન છે. માટે તમારી પાસેથી મારે કાંઈ લેવું નથી. પરંતુ હું તમોને સરયુ ગંગાને પાર ઉતારું છું ત્યાં સુધી મને રમાડવા આપો. એટલે સંસારરૂપી સાગરમાંથી મને તારીને મારું કલ્યાણ કરશે. તેવું સાંભળીને ધર્મદેવે રમાડવા આપ્યા. અને વહાણમાં બેઠા, તે થોડીકવારમાં રામઘાટે ઉતારી મૂક્યા અને વારંવાર વિનંતિપૂર્વક પગે લાગવા માંડ્યો. ત્યારબાદ તેઓ ચાલ્યા તે શહેરની શોભા જોતા જોતા બર્હટ્ટા નામે શાખાનગરમાં આવી પોતાનો મુકામ કર્યો. ત્યારબાદ એક વખત ધર્મદેવ તથા ભક્તિમાતા પોતાના બન્ને પુત્રોને લઈ હનુમાનગઢી આદિક મંદિરમાં દર્શન કરવા ગયા. તે જન્મસ્થાન આદિક સ્થળોનાં દર્શન કરી પોતાના નિવાસ સ્થાને આવ્યા અને ધર્મદેવ ઓસરીની ઝેર ઉપર બેસી રામાયણનું પુસ્તક લઈ પાઠ કરવા લાગ્યા અને ભક્તિમાતા રસોડામાં જઈને રસોઈ કરવા લાગ્યાં. તે કેટલીકવાર થઈ ત્યારે રસોઈ તૈયાર કરી, વિષ્ણુ ભગવાનને નૈવેદ્ય ધરીને ભક્તિમાતાએ સર્વેને જમવાનું કહ્યું. એટલે ધર્મદેવ બોલ્યા જે, હે રામપ્રતાપજી ! તમો ધનીરામ આહિરને ત્યાંથી દૂધ લઈ આવો. એમ કહીને પુસ્તક બાંધી કૂવા ઉપર સ્નાન કરવા ગયા. ત્યાંતો ઘનશ્યામ મહારાજને મર્કટ સાથે રમત કરતા જોઈને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો જમવા ચાલો. આ મર્કટ સાથે રમો છો તે તમોને મારશે. તેવું પિતાનું વચન સાંભળી ભય પામ્યા સતા રસોડામાં ગયા. ત્યારબાદ રામપ્રતાપભાઈ તે આહિરના ઘેર દૂધ દોવરાવીને બોલ્યા જે ધનીરામ ! તારા પૈસા હું હમણાં આપી જાઉ છું. તે સાંભળીને આહિર બોલ્યો જે, હે ભાઈ ! હું તમોને ઓળખતો નથી. માટે પૈસા આપીને દૂધ લઈ જાઓ. એવું સાંભળીને તે પૈસા લેવા ઘર તરફ ચાલ્યા. તે સમયમાં

અંતર્યામીપણે ઘનશ્યામ મહારાજે જાણ્યું જે મારા ભાઈ દૂધ વિના પાછા આવે છે, એમ જાણીને બે સ્વરૂપે થઈ એક સ્વરૂપે આહિરને પૈસા આપ્યા અને પોતે દૂધ લઈ મોટાભાઈની સાથે ચાલ્યા ને ઘેર આવ્યા ત્યારે ભક્તિમાતા ઘનશ્યામને આવતા જોઈ બોલ્યાં જે, હે રામપ્રતાપજી ! ઘનશ્યામ તો રસોડામાં જમવા બેઠા છે ને આ વળી તમારી સાથે કોણ આવે છે ? ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા જે, હે દીદી ! ભાઈ ઘરમાં કયાંથી હોય ! આતો મારી સાથે આહિરને ત્યાં આવ્યા છે. એવું સાંભળીને રસોડામાં જોવા ગયાં ત્યારે બહાર હતા તે સ્વરૂપ અદ્રશ્ય કરીને રસોડામાં દેખાયા. તેવું આશ્ચર્ય જોઈ સર્વે જમવા બેઠાં તેટલામાં ભક્તિમાતાના હાથમાંથી મર્કટ રોટલી ઝુંટવીને લઈ ગયો તે સામા આંબલીના વૃક્ષ ઉપર જઈને બેઠો. ત્યારે ઘનશ્યામ મહારાજે જરા કરડી નજર કરી મર્કટ તરફ જોયું ત્યાંતો રોટલી હાથમાં જ છે ને સમાધિસ્થ બની ગયો અને તે આંબલીના વૃક્ષ ઉપર કેટલાક દિવસ સુધી સમાધિમાં બેસી રહ્યો. પછી એક દિવસે ઘનશ્યામ મહારાજે ઈચ્છા કરી એટલે તે મર્કટ સમાધિમાંથી જાગીને અનંત મનુષ્યોને દેખતે સતે આંબલી ઉપરથી નીચે ઉતરી, ઘનશ્યામ મહારાજને પગે લાગી, તે રોટલી જમીને પાછો આંબલી ઉપર ચઢી ગયો. તેવું ચરિત્ર જોઈને ધર્મ ભક્તિ મહા આશ્ચર્ય પામતાં હતાં. એવી રીતે અયોધ્યાપુરીમાં લીલા કરી ધર્મભક્તિને આનંદિત કરતા હતા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ધર્મભક્તિ અસુરના ઉપદ્રવથી છપૈયાપુરથી અયોધ્યાપુરી જતાં વચમાં સરયૂ ગંગા ઉતરતાં ખેવટને પોતાનું ચતુર્ભુજરૂપે દર્શન આપ્યું એ નામે અગીયારમો અધ્યાય થયો. ॥ ૧૧ ॥

## અધ્યાય ૧૨ - મામીને ઐશ્વર્ય દેખાડ્યું.

એક સમયને વિષે અયોધ્યામાં ભક્તિમાતા પોતાના પુત્રને

સવારમાં દહીં ને રોટલી આપીને ઓસરીમાં જમવા બેસાડતાં હતાં અને પોતે કૂવા ઉપર પાણી ભરવા ગયાં. તે સમયે એક મર્કટ આવી ઘનશ્યામ મહારાજના હાથમાંથી રોટલી ઝુંટવીને આંબલી ઉપર ચઢી ગયો. ત્યારે લગારેક રીસ કરીને પોતાનો હાથ લાંબો વધારીને મર્કટને ગળે પકડીને તત્કાળ હેઠો નાખી દીધો. એટલે તેની ચિચિયારી સાંભળીને બીજાં હજારો માંકડાંઓ આવી કિલકારીઓ કરી ઘનશ્યામ મહારાજને મારવા દોડ્યાં. એટલે તેને દેખીને ધર્મદેવ ચોતરા ઉપર બેસીને વિષ્ણુ ભગવાનની પૂજા કરતા હતા તે ઉતાવળા ઉઠીને હાથમાં લાકડી લઈને તે મર્કટને કાઢી મૂકવા સારૂં એકદમ સામા ચાલ્યા. ત્યાં તો પોતાના પિતાને આવતા જોઈને પોતે અનંતરૂપે થયેલા અને હાથમાં લાકડીઓ લઈ જતા, એવા ઘનશ્યામને જોયા અને પછી પોતે ઉભા રહ્યા. અને ઘનશ્યામ તો સર્વ મર્કટની પાછળ પડ્યા તેથી તેઓ ચારે બાજુ નાસી ગયાં, છિનભિન્ન થઈ ગયાં. આવું ચરિત્ર જોઈને ધર્મદેવ બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો એકલા છો. માટે મારા પુત્રને માંકડાં મારશે. તેથી હું લાકડી લઈને આવ્યો. ત્યાંતો જેટલા મર્કટ હતા તેટલા રૂપે મને આપનાં દર્શન થયાં. હવે તમે એક દેખાઓ છો તે શું હશે ? અને તમારો પ્રસાદ જમ્યો તે મર્કટ તથા બીજાં સર્વે મર્કટને શું ફળ થશે ? ત્યારે પિતાનો સંશય દૂર કરવા બોલ્યા જે, હે પિતા ! ભગવાનની તો અકળ કળા છે. જે મર્કટે અમારો પ્રસાદ ખાધો છે તેને થોડાક કાળમાં હિન્દુસ્તાનનું રાજ્ય મળશે. અને બીજાં માંકડાં તેનાં અનુચર થશે. એવું વચન સાંભળીને માતાપિતા રાજી થયા. તે વખતે શ્રીજીની ઈચ્છાએ ગયેલાં મર્કટ આવીને એક એક ક્રમથી ઘનશ્યામના પગે લાગીને સામાં બેઠાં. તે વખતે છપૈયાપુરમાં દુંદ તરવાડી બીમાર થયા. તેમણે પોતાના પુત્રોને કહ્યું જે, અયોધ્યાપુરીથી ધર્મદેવ તથા ભક્તિમાતાને તેડી લાવો અને સાથે ઘનશ્યામને પણ તેડતા આવજો. કારણ કે તે સાક્ષાત્ ઈશ્વર છે.

તેથી તે અંત સમયે મારી પાસે હોય તો મારા જીવનું કલ્યાણ થાય તેવું સાંભળીને છપૈયાપુરથી પોતાના મામા વશરામ તરવાડી તથા મોતી તરવાડી એ બે ભાઈ ધર્મભક્તિને તથા ઘનશ્યામ મહારાજને તેડવા માટે અયોધ્યાનગરીમાં આવ્યા. તેઓ પણ આવો માંકડાંનો ઠાઠ જોઈને મહા વિસ્મય પામતા હતા. પછી ધર્મભક્તિ પોતાના ભાઈના કહેવા થકી પુત્રોને સાથે લઈને અયોધ્યાપુરીથી પાછા છપૈયાપુરને વિષે આવ્યા. તેમને આવેલા જાણીને હીરા તરવાડી, સુબુદ્ધ તરવાડી, ભવાનીદીન પહેલવાન, વિરજા તરવાડી, સુંદરીબાઈ આદિક સર્વે બાળ, યૌવન, વૃદ્ધ, ધર્મભક્તિને ઘેર આવીને એકબીજા પરસ્પર મળીને ક્ષેમ કુશળ પૂછતાં હતાં. તેજ દિવસે ઈશ્વર ઈચ્છાથી બીમાર થયેલા દુંદ તરવાડીને ઘનશ્યામ મહારાજે પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું અને ભૌતિક દેહનો ત્યાગ કરાવીને પોતાના અક્ષરધામમાં મૂક્યા. તે સમયે આકાશમાંથી ચંદન-પુષ્પની વૃષ્ટિ છપૈયાપુરમાં થઈ. આવું ઐશ્વર્ય જોઈને ઘનશ્યામ મહારાજમાં સર્વેને ભગવાનપણાની બુદ્ધિ થઈ. ત્યારબાદ મોતી તરવાડી પોતાના પિતાનું શ્રાદ્ધ કરાવવા રામસાગર ઉપર ગયા. તે વખતે ઘનશ્યામ મહારાજ સખાઓ સાથે આંગણામાં રમતા હતા. તે પોતાના મામાને દેખીને કેડે કેડે તળાવ ઉપર ગયા, હવે મોતી તરવાડી ગોરના કહેવાથી પ્રથમ જળમાં સ્નાન કરવા માટે ગયા. તેમણે થોડેક દૂર પાણીમાં જઈને ડુબકી મારી એટલે તરત જ ઘનશ્યામ મહારાજે પોતાના મામાને પોતાનું અદ્ભૂત દર્શન દીધું. તે સ્વરૂપ કેવું હતું તો કિશોરવય ચતુર્ભુજ, શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરનાર અને ભાલને વિષે કેસરનું તિલક ધારણ કરનાર, મસ્તક ઉપર મોરપીંછનો મુકુટને મકરાકૃતિ કુંડળ કાનમાં ધારણ કરી રહેલા, અને પીળું પીતામ્બર પહેરીને કંદોરો ધારણ કરનાર તથા જરિયાની જામો પહેરીને ગૂઢા રંગનું શેલું ખભે ધારણ કરેલા તથા કંઠમાં કૌસ્તુભ મણિનો હાર તથા મોતીયોની માળા ધારણ

કરનાર, બાંયે બાજુબંધ બાંધીને હાથે હેમકડાં નંગ જડિત ધારણ કરી રહેલા અને આંગળીમાં વેઢ અને પગમાં નંગ જડિત સોનાનાં સાંકળાં ધારણ કરનારા અને પાનબીડી ચાવવાથી ઓષ્ઠ રક્ત જેમના થયા છે એવા અને જમણે ગાલે મોટો એક તિલ ધારણ કરનાર અને કમળની પાંખડીની માફક જેમનાં અણિયાળાં નેત્ર છે એવા, બે હાથ જોડીને પ્રદ્યુમ્નાદિ ચતુર્વ્યુહ જેમની સ્તુતિ કરે છે એવા તથા ચારે બાજુ પોતાના સખાઓથી વીંટાયેલા અને બળદેવજીરૂપે પોતાના ભાઈ જેમને પંખો નાખે છે અને માતાપિતા સમીપે ઉભાં છે, આ રીતે મહા અલૌકિક રૂપે પોતાના મામાને જળને વિષે દર્શન દીધું. તે જોઈને મોતી તરવાડી તો સ્થિર થઈ ગયા ને જળ થકી બહાર નીકળીને જુવે છે, ત્યાંતો પોતાના સખાઓ સાથે રમતા દીઠા. આવું મહા અદ્ભૂત ઐશ્વર્ય દેખીને પોતાના ભાણેજને બહાર આવી હાથ જોડી પગે લાગતા હતા. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે મામા ! આજે તમો કેમ અમને પગે લાગ્યા ? તેવું સાંભળી ગદ્ગદ્ કંઠે થઈ ગયા અને બે હાથ જોડીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો તો સાક્ષાત્ પરબ્રહ્મ પુરૂષોત્તમ નારાયણ છો. માટે તમોને પગે લાગું છું. તેવું સાંભળી ગોર મહા આશ્ચર્ય પામતો હતો. પછી સરાવવાનું પતાવી, ઘેર આવી મોતી તરવાડી ધર્મભક્તિ સહિત સર્વેને આ વાત કહેતા હતા.

એક સમયને વિષે સારા દિવસે ભક્તિમાતા પોતાના પુત્રને દહીં ભાત ને સાકર આપતાં હતાં. તે જમીને ઘનશ્યામ નારાયણ સરોવરના કિનારે રમવા સારૂં ચાલ્યા તે ઘરમાંથી નિકળી આંગણામાં ગયા. તે વખતે વેણીરામ તથા સુખનંદન એ બે ઘનશ્યામ મહારાજના સખાઓ તેમણે સારાં સારાં ઘરેણાં પહેર્યાં અને ઘનશ્યામને શોધવા ધર્મદેવને ઘેર આવ્યા. ત્યારે ભક્તિમાતાએ બન્ને જણને સારાં વસ્ત્ર પહેરેલા દીઠા. તેથી બોલ્યાં, હે ઘનશ્યામ મહારાજ ! આજે રૂડો દિવસ છે. વસ્ત્ર ઘરેણાં

પહેરોને ! જુઓને ! તમારા જેવા બાળકોને તેમની માતાએ કેવાં સુંદર વસ્ત્ર પહેરાવ્યાં છે ? કેવા રૂડા શોભે છે ? માટે તમો પાછા આવો. તમોને પણ હું સુંદર વસ્ત્રો તથા ઘરેણાં પહેરાવું પછી તમો રમવા જાઓ. એ રીતે ઉચ્ચ સ્વરે બોલ્યાં, તે સાંભળીને તત્કાળ પાછા આવી બોલ્યા જે હે દીદી ! તેઓના કરતાં પણ મેં ભારે વસ્ત્ર ઘરેણાં પહેર્યાં છે. એમ કહીને વસ્ત્ર ઘરેણાં અમૂલ્ય પહેરેલું પોતાનું દર્શન માતાને કરાવ્યું. તેથી ભક્તિમાતા જોઈ વિસ્મય પામીને તેમને બાળકો સાથે રમવા મોકલ્યા. પછી નારાયણ સરોવર ઉપર રમત કરતાં કરતાં સાંજ પડવા આવી છતાં ઘેર આવ્યા નહિ. ત્યારે ભક્તિમાતા બહુ દુ:ખી થયાં અને નારાયણ સરોવર ઉપર ગયાં અને પોતાના પુત્રને ઉંચે સાદે બોલાવવા લાગ્યાં, હે ઘનશ્યામ ! હે પુત્ર ! કમલનયન ! તમો હવે ઘેર આવો ને રમતા બંધ થાઓ. તમોને ક્ષુધા લાગી હશે ! તમો રમત રમવાથી થાકી પણ ગયા હશો. માટે ઘેર આવો. એ રીતે બોલાવી પુત્રને ઘેર લાવ્યાં અને રૂડી રસોઈ કરી બે ભાઈ સહિત ધર્મદેવને જમાડી પોતે ભોજન કર્યું.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે મામાને અલૌકિક રૂપે દર્શન આપ્યું એ નામે બારમો અધ્યાય પૂરો થયો. ।। ૧૨ ।।

## અધ્યાય ૧૩ - મીનસાગરની લીલા.

એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના સખા વેણી, માધવ તથા પ્રાગને લઈને નારાયણ સરોવરમાં સ્નાન કરવા ચાલ્યા. કાંઠા ઉપર જઈને થોડીકવાર રમત કરીને જળમાં પ્રવેશ કર્યો અને અનેક પ્રકારની જળક્રીડા કરીને જળમાં રમત રમ્યા. પછી જળમાંથી બહાર નીકળી પોતાનાં વસ્ત્રો પહેરીને ઉગમણા આંબાના બગીચામાં આવી, નવરંગા આંબા ઉપર ચડીને સારી કેરીઓ લઈ પોતાના સખાઓને આપી. અને પોતે પણ જમ્યા. તે સમયમાં ગામ ગૌરાના હિંમતરામ, નારાયણદત્ત,

રામઉજાગર, કૃપારામ, અમૃતરામ તથા પદ્મનાથ આદિક બ્રાહ્મણો તથા બીજા પણ ઘણાંક માણસો દેવી પાટણના મેળામાં જતાં હતાં. તેઓ નવરંગા આંબા નીચે ઉભા રહ્યા અને વેણીરામે એકઠી કરેલી કેરીઓમાંથી તેઓ લેવા લાગ્યા. એટલે વેણીરામે કહ્યું, ભાઈ ! એ ઢગલામાંથી તમો લેશો નહિ. આ બીજી પડી છે તેમાંથી લો. તેવું સાંભળી વેણીરામને એક જણ આંખો દેખાડીને મારવા માટે આવ્યો. ત્યારે ઘનશ્યામ મહારાજ આંબાની ડાળ ઉપર બેઠા હતા ત્યાંથી પોતે ઉભા થઈને બોલ્યા કે, એમને નાના જાણીને ડરાવો છો ? એમ કહી રામદત્તના ખભા ઉપર દોરી લોટો હતો તે લાંબો હાથ કરી ઘનશ્યામે ઉપાડી લીધો. ત્યારે રામદત્તને ઘણી રીસ ચડી તેથી ઘનશ્યામ મહારાજને મારવા માટે તે આંબા ઉપર ચઢ્યો. ત્યારે જે ડાળી ઉપર ઘનશ્યામ મહારાજ હતા ત્યાં ગયો. ત્યારે ઘનશ્યામ મહારાજ બીજી ડાળી ઉપર જઈને બોલ્યા જે, હે રામદત્ત ! આ તમારો દોરી લોટો લો. એટલે રામદત્ત તે ડાળી ઉપર ગયો ત્યારે તો ઘનશ્યામ ત્રીજી ડાળી ઉપર દેખાયા. એવી રીતે બધાય આંબાની ડાળીઓ ઉપર તેને ફેરવ્યો અને પોતેતો હાથમાં આવ્યા નહિ. ત્યારે રામદત્ત ઘણો ખીજાયો, ત્યારે ઘનશ્યામ બોલ્યા, આવો રામદત્ત આવો, લ્યો આ દોરી લોટો લઈ જાઓ, તેમ તેને બહુ ખીજવતા હતા. ત્યારે નીચે ઉભેલા સર્વે બ્રાહ્મણો ઘનશ્યામ મહારાજને પકડવા માટે આંબા ઉપર ચઢ્યા. તે એક એક ડાળ રોકીને બેઠા. ત્યાંતો ઘનશ્યામ મહારાજ પૃથ્વી ઉપર દેખાયા. તેમને જોઈને તેઓ બોલ્યા કે, મનુષ્યમાં આવી કળા હોય નહિ. એમ નિશ્ચય કરી સર્વે આશ્ચર્ય પામી નીચે ઉતરવાનો વિચાર કરે છે એટલે ઘનશ્યામ મહારાજે હાથમાં કેરીઓ લઈ પથ્થરની જેમ ઉપર ફેંકી અને નીચે ઉતરવા દીધા નહિ. તેથી સર્વે બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો અમોને મારશો નહિ. નીચે ઉતરવા દો, તમારી જેટલી કેરીઓ લીધી છે તે સર્વે પાછી આપી દઈએ.

આવાં નિર્માનીપણાનાં વચન સાંભળીને ઘનશ્યામ મહારાજે તેમને નીચે ઉતરવા દીધા અને દોરી લોટો આપ્યો. ત્યારે તેઓ રાજી થઈ સ્તુતિ કરવા લાગ્યા, હે ઘનશ્યામ ! તમો તો ઈશ્વરના પણ ઈશ્વર છો. એમ કહી ચાલ્યા ગયા અને ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓ સાથે ઘેર આવ્યા. ત્યારે તે ચરિત્રની વાર્તા વેણીરામે ધર્મભક્તિને કહી. તે સાંભળી આશ્ચર્ય પામ્યાં.

એક સમયમાં ભક્તિમાતાએ બન્ને ભાઈઓને જમાડ્યા. પાનબીડાં આપ્યાં તે લઈ જમતા જમતા આંબલી નીચે ચોતરા ઉપર બિરાજમાન થયા, ત્યારે વેણીરામ તથા પ્રાગ પણ આવીને બેઠા. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા, આવો વેણીરામ ! આપણે કુસ્તી કરીએ. એમ કહી પોતે પ્રથમ તૈયાર થયા અને વેણીરામ સાથે રમવા લાગ્યા. એટલે મોટાભાઈ પણ મંછારામની સાથે રમવા માંડ્યા. તે સમયે ધર્મદેવ ફુલવાડીમાં બોરસલીના વૃક્ષ નીચે બેઠા હતા ત્યાંથી આવીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! અહીંથી જાઓ, નારાયણ સરોવર ઉપર જઈને રમો. ત્યારે ત્યાં ઘણીક પ્રકારની રમત રમ્યા અને પાછા બગીચામાં આવ્યા.

તે સમયમાં અક્ષરધામના અનંત મુક્તો આવીને સ્તુતિ કરતા ઉભા રહ્યા. ત્યારે તેમની ભાવના જાણીને બધાય આંબાની કેરીઓ પાડીને તે મુક્તોને આપતા હતા. આ ચરિત્ર રઘુનંદને જોયું અને આવીને ભક્તિમાતા તથા ધર્મદેવને આ અદ્ભૂત ચરિત્રની વાર્તા કહી તે સાંભળીને વશરામ તરવાડી, મોતી તરવાડી, ધર્મદેવની સાથે બગીચામાં જોવા ગયા. ત્યાં તો સર્વે મુક્તો કેરીઓની પ્રસાદી લઈને આકાશમાં અદ્રશ્ય થઈ ગયા. તે સમયે આંબાનો રખેવાળ આવ્યો અને સર્વેને જોઈને બોલ્યો જે, મારા આંબાની બધીજ કેરીઓ કેમ પાડી નાખી ? ત્યારે ધર્મદેવ બોલ્યા, ઘનશ્યામ ! જુઓને આ ઠપકો મળે તેવું કામ તમે કરો છો. ત્યારે ઘનશ્યામ બોલ્યા, દાદા ! અમોએ તો એક પણ કેરી પાડી નથી.

તે તો જૂઠું બોલે છે. તે સાંભળી રખેવાળે બગીચામાં ફરી જોઈ તપાસી નક્કી કર્યું કે એકેય કેરી તોડી નથી. આવું આશ્ચર્ય થયું. તે જોઈ ઘનશ્યામ મહારાજને પગે લાગતો હતો અને સર્વે મુક્તોએ ઘનશ્યામ મહારાજની પૂજા કરી તે સર્વે હાર મુક્તોને આપી પાછા પોતાને ઘેર આવતા હતા. ત્યારે ભક્તિમાતાએ રસોઈ કરી હતી તે જમ્યા અને ધર્મદેવને પણ જમાડ્યા અને પોતે ભક્તિમાતાએ ભોજન કર્યું.

એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના બાળસખાઓ સાથે મીનસાગરમાં સ્નાન કરવા પધાર્યા અને મહુડાના વૃક્ષ નીચે પોતાનાં વસ્ત્ર મૂકીને પાણીમાં નહાવા માટે પ્રવેશ કર્યો. ઘણી જળક્રીડા કરી. ઘનશ્યામ મહારાજ તરતા તરતા સામે કિનારે ગયા. એટલે વેણીરામ તેમની પાછળ ગયા. તે વળતી વખતે થાકી જવાથી પાણીમાં ડુબી ગયા. તે જોઈને ધોબી રામ અવધે કહ્યું જે, હે ઘનશ્યામ ! પેલો તો ડુબી ગયો. તે સાંભળી સર્વે ઉદાસ થયા અને હવે શું કરવું ? તેનાં માતાપિતાને શું જવાબ આપીશું ? હમણાં આવશે તો મારશે. એમ બોલે છે ત્યાં તો ભક્તિમાતા આવ્યાં ત્યારે ઘનશ્યામે જાણ્યું જે, મારી માતા આવ્યાં અને મને મારશે. એમ જાણી પાણીમાં ઉંડા બેસી ગયા. તે સમયમાં પહેલવાન તથા નિશ્ચલ ત્યાં આવતા હતા અને બોલ્યા, વેણીરામ તથા ઘનશ્યામ કયાં છે ? ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, એ બન્ને પાણીમાં ડુબી ગયા. તે સાંભળી પાણીમાં અંદર આઘા જઈ ખોળવા લાગ્યા. તે સમયમાં બેય જણ એકબીજાનો હાથ ઝાલી ગામ તરફથી આવતા હતા. તેમને જોઈ સર્વે આશ્ચર્ય પામી ગયાં ને બોલ્યાં, ઘનશ્યામ તો પાણીમાં ડૂબી ગયા હતા. ત્યારે કહ્યું જે, ના ના, અમો તો ઘેર હતા. આ સાંભળી સર્વે આશ્ચર્ય પામ્યાં અને ઘનશ્યામ મહારાજ સહિત ઘેર આવ્યાં.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે મીનસાગરમાં ડૂબી ગયા અને અલૌકિક આશ્ચર્ય દેખાડ્યું એ

નામે તેરમો અધ્યાય પૂરો થયો. ॥ ૧૩ ॥

## અધ્યાય ૧૪

### તરગામમાં ચીભડીની લીલા તથા રામપ્રતાપભાઈને દર્શન.

એક સમયને વિષે છપૈયાપુરવાસી મોતી તરવાડી, વશરામ તરવાડી, સુંદરીબાઈ, સુરજાબાઈ, ધર્મભક્તિ અને રામપ્રતાપભાઈ એ સર્વે ઘનશ્યામ મહારાજને સાથે લઈને અયોધ્યાપુરીમાં રામનવમીના મેળા પ્રસંગે જવા નીકળ્યાં. વચમાં મખોડાઘાટ તથા મનોરમા નદીમાં સ્નાન કરી, ત્યાં મંદિરમાં દર્શન કરવા ગયાં. ઠાકોરજીનાં દર્શન કરી ટીમણ કરવા બેઠાં. પછી ત્યાંથી ચાલી અયોધ્યામાં આવી પોતાના મુકામે ઉતારો કરી રાત્રિ રહ્યાં. અને બીજે દિવસે રામઘાટે સ્નાન કરી જન્મસ્થાન, કનકભુવન, રત્નસિંહાસન, રંગમહોલ, કોપભુવન, રામકોટ, સ્વર્ગદ્વારી આદિક કેટલાંક મંદિરોમાં દર્શન કરી, હનુમાનગઢી થઈ પોતાના નિવાસ સ્થાને આવતાં હતાં. અને રામ નવમીનો ઉપવાસ કરી સૂર્યકુંડ, વિદ્યાકુંડ, સીતાકુંડ આદિક સર્વ તીર્થોમાં સ્નાન કરી ત્યાં રહ્યાં. અને બારસનાં પારણાં કરી ત્યાંથી ચાલ્યાં તે છપૈયાપુરે આવતાં વચ્ચે મખોડાઘાટે આવી રાત રહ્યાં. ત્યાં બાટીઓ તથા રીંગણાનું શાક કરી સર્વે જમ્યાં, પછી બીજે દિવસે ત્યાંથી ચાલી છપૈયાપુરમાં આવ્યાં.

વળી એક સમે છપૈયાપુરને વિષે નવાબ સરકારનું લશ્કર આવનાર હતું તેની બીકે કરીને ધર્મ ભક્તિ પોતાના બે પુત્રોને સાથે લઈને તીનવા ગામમાં પ્રથિત પાંડેના ઘરમાં જઈને રહ્યાં. ત્યારે તે સમયે પ્રથિત પાંડેની સ્ત્રી વચનબાઈએ ભક્તિમાતાને કહ્યું જે, હે છોટીબા ! તમે પેલા કૂવામાં જળ ભરવા દિવસે જજો. પરંતુ કોઈ દિવસે વહેલાં મોડાં જશો નહિ. કેમકે એ કૂવામાં ઘણાંક ભૂતો રહે છે. ત્યારે કહ્યું ઠીક. પરંતુ ભગવાનની ઈચ્છાથી તે વાતને ભૂલી ગયાં ને એક દિવસ સાયંકાળે

તે કૂવામાં પાણી ભરવા ગયાં. તે કૂવા ઉપર જઈને દોરડે કરીને કૂવામાં ઘડો મૂક્યો. તે જ વખતે ઘડાને પેલાં ભૂતોએ પકડી લીધો. એટલે તે વચનબાઈની કહેલી વાર્તા સાંભળી આવી. તેથી તરત જ ઘડો, દોરડું હાથમાંથી મૂકી દઈને ઉતાવળાં થકાં ઘેર આવતાં રહ્યાં. ત્યારે અંતર્યામી ઘનશ્યામ મહારાજે પૂછ્યું જે,હે દીદી ! તમારે ઘડો ને દોરડું કયાં ગયું? ત્યારે દીલગીર થઈ બોલ્યાં જે, હે ભાઈ ! કૂવામાં ભૂત ઘણાં છે તેમણે તાણી લીધો. તે જાણીને નીચને મોક્ષગતિ આપનારા એવા જે ઘનશ્યામ મહારાજ પુરૂષોત્તમ ભગવાન પોતે બીજે દિવસે તે કૂવા ઉપર જઈને પાણીમાં ધૂબકો મારવા વિચાર કર્યો. એટલે ગામના માણસોએ કહ્યું જે, હે ઘનશ્યામ મહારાજ ! તેમાં ભૂત ઘણાં છે માટે પડવું રહેવા દ્યો. તો પણ કહેવું ન માનીને પાણીમાં પડ્યા. આ વાત જાણી ગામનાં હજારો માણસો ત્યાં આવ્યાં ને ધૂબકો માર્યો કે તુરત ઘનશ્યામ મહારાજના તેજથી તે સર્વે ભૂતો બળવા લાગ્યાં ને ઘણો ત્રાસ પામીને સ્તુતિ કરતાં થકાં બોલ્યાં જે, હે અંતર્યામી ! હે ભગવાન ! આ કૂવામાં અમો ઘણાક દિવસથી રહીએ છીએ. ત્યારે પૂછ્યું તમો કયાં થકી આવીને ભેગાં થયાં છો ? અને આવી નીચ યોનીને શા થકી પામ્યાં છો ? ત્યારે બોલ્યાં જે, અમો તો સર્વે પૂર્વના બ્રાહ્મણ, વૈરાગી અને મુસલમાન છીએ. એક સમયે પાદશાહે પોતાનું લશ્કર લઈને આ કૂવાની બાજુએ પોતાનો મુકામ કર્યો હતો. અને અમો સાધુ બ્રાહ્મણ તે પણ અયોધ્યાપુરીની યાત્રા કરવાની ઈચ્છાથી જતા હતા. અમો સર્વે આ કૂવા ઉપર આવીને ઉતર્યા હતા. તે વખતે રાજાના ચાકર મહા ઉન્મત્ત થઈને અમો સાધુ-બ્રાહ્મણ કૂવા ઉપર સ્નાન કરતા હતા તે અમારી અવજ્ઞા કરીને મુસલમાન સર્વે કૂવા ઉપર આવીને પાણીના છાંટા ઉડાડવા લાગ્યા પછી તો અમારે અને મુસલમાનને સામસામી બોલી થઈ તેથી ખૂબ ટંટો થયો અને લશ્કર સહિત રાજા ને બ્રાહ્મણ-સાધુ આ કૂવા ઉપર કપાઈ મૂવા. તે

દિવસથી અમો અસદ્‌ગતિને પામીને આ કૂવામાં હજારો વર્ષથી રહીએ છીએ. તોપણ હજી સુધી અમારે સામસામું બનતું નથી. પરંતુ હવે તમો જેમ આજ્ઞા કરો તેમ વર્તીએ. અને હે મહારાજ ! તમો તો સાક્ષાત્ પૂર્ણબ્રહ્મ પુરૂષોત્તમ ભગવાન છો. તો અમારૂં સારૂં કરો. એમ કહીને વિનંતી કરવા લાગ્યાં. તેવું સાંભળીને દયાના સ્થાનભૂત એવા ઘનશ્યામ મહારાજ તેમને બદ્રિકાશ્રમ જવાની આજ્ઞા કરી. તેઓ પગે લાગી, અનંત માણસોને દેખતે સતે મૂર્તિમાન કૂવામાંથી નીકળીને બદ્રિકાશ્રમમાં ગયાં. આવું મહા ચમત્કારી ઐશ્વર્ય જોઈને વચનબાઈ, મથુરાબાઈ, રામદત્ત તથા શિવદીન પાંડે, બદલુ પાંડે, અમરબાઈ આદિક સર્વે પુરવાસી જનો વિસ્મય પામતાં હતાં. પછી ઘનશ્યામ મહારાજ તે કૂવામાંથી બહાર નીકળીને માતાપિતાની સાથે ઘેર આવ્યા. હે રામશરણજી ! આ જે ઘનશ્યામ મહારાજનું ચરિત્ર જે જન પ્રેમ વડે ગાશે અને સાંભળશે તથા ભૂતિયા કૂવામાં સ્નાન કરશે, અથવા પાણી પીશે તે સર્વે અક્ષરધામને પામશે અને તેને ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ કોઈ દિવસ થશે નહિ.

વળી એક સમયે તે તિનવા ગામથી ધર્મભક્તિ પોતાના બે પુત્રો સહિત તરગામને વિષે રહેવા ગયાં. ત્યારે તે તરગામમાં ધર્મદેવ પોતાનો ભાગ રાખીને ખેતી કરાવતા હતા. તે ગામથી પશ્ચિમ દિશાએ ત્રણ ખૂણિયું જે ખેતર તેમાં મકાઈ અને ચીભડી એ બે ભેગાં વાવ્યાં હતાં, તેને નિંદવા સારૂં ધર્મદેવ મજુર રાખીને તે મજુરની પાસે નીંદાવતા હતા. તે સમે ઘેર ભક્તિમાતાએ ઘનશ્યામને કહ્યું જે, હે ઘનશ્યામ ! તમો જમ્યા છો, માટે ખેતરમાં જઈ તમારા પિતાને જમવા સારૂં મોકલો ને તમે ત્યાં મજુર પાસે રહેજ્યો. તેવું સાંભળીને ખેતરમાં જઈને પોતાના પિતાને ઘેર જમવા મોકલ્યા ને પોતે મજુર પાસે ખેતરમાં બેઠા એટલે તે મજુરની સાથે નિંદવા લાગ્યા. ત્યારે મજુરો તો સર્વે ખડ કાઢે અને પોતે

તો ખડને એમ ને એમ રહેવા દે ને મકાઇ તથા ચીભડી ઉખાડી નાખે. તે જોઈને સુરજબલી નામનો એક વાણંદ એક મજુર હતો તે ઉતાવળો ઘેર આવીને તે વાત રામપ્રતાપભાઈને કહી. ત્યારે તે ઉતાવળા થઈ ખેતરમાં આવીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો એમ કેમ કરો છો ? ત્યારે તે બોલ્યા, હે મોટાભાઇ ! અમે શું કરીએ છીએ ? અમો કાંઇ બગાડતા નથી. એવું સાંભળીને ભાઈને બહુ રીસ ચડી ને એમ બોલ્યા જે, ઉઠો, ઘેર જાઓ. એમ કહ્યું તો પણ ઉઠ્યા નહિ. એટલે પોતાનો હાથ ઉંચો ઉપાડીને મારવાનું કરે છે, એટલામાં તો શંખ, ચક્ર, ગદા, પદ્મ એ ચાર આયુધ સહિત ચતુર્ભુજ કિશોરમૂર્તિ, અતિ તેજોમય, મહા અલૌકિકરૂપે ભાઈને દર્શન દેતા હતા. ત્યારે ભાઈ નિર્માની થઈ બે હાથ જોડીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો તો સાક્ષાત્ કૃષ્ણ કનૈયા છો. હું તો તમારો સેવક છું, માટે આ તમારૂં તેજ અમને દહન કરે છે. તેથી અમોને તરસ બહુ લાગી છે. આવી રીતની વિનંતી સાંભળીને તત્કાળ તે સર્વે તેજ પાછું પોતામાં સમાવી લીધું. પછી કૂવામાંથી લાંબો હાથ વધારીને જળનો લોટો ભરીને મોટાભાઈને આપીને પોતે તરત દોડીને ઘેર આવતા રહ્યા. પછી ભક્તિમાતા પ્રત્યે બોલ્યા જે, હે દીદી ! અમો તો હવે બ્રહ્મચારી થઈશું. તે વચન સાંભળીને ભક્તિમાતા દિલગીર થઈને બોલ્યાં જે, હે ઘનશ્યામ ! તમારે શું દુઃખ છે તે બ્રહ્મચારી થવું છે ? એમ કહીને મસ્તક ઉપર હાથ ફેરવીને બોલ્યાં જે, હે ભાઈ ! ચાલો જમવા. ત્યારે કહ્યું જે, હે દીદી ! અમારે આજે ખાવું નથી. ખેતરમાં રામપ્રતાપભાઈ અમોને મારવા આવ્યા હતા. એટલે અમો ઘેર નાશી આવ્યા છીએ, એમ કહે છે ત્યાંતો વળી ભાઈ ઘેર આવ્યા. ત્યારે ભક્તિમાતા વઢવા લાગ્યાં જે, ઘનશ્યામને શા માટે મારવા ગયા હતા? ત્યારે દિલગીર થઈને બોલ્યા જે, હે દીદી ! મને આવી ખબર ન હતી. આતો સાક્ષાત્ પુરૂષોત્તમ ભગવાન છે. તેમને મેં ધોલ ઉગામી તે મારી

મોટી ભૂલ થઈ છે. એમ કહીને પાછા ખેતરમાં મજુર પાસે ગયા. તે વાર પછી બીજે દિવસ રીસાઈને કોઈને કહ્યા વિના સવારના પહોરમાં ચાલી નીસર્યા. તે ગામ તિનવામાં જઈને ભૂતિયા કૂવાની બખોલમાં છાના બેસી ગયા. હવે ઘનશ્યામ મહારાજને ઘેર નહિ દેખીને ધર્મભક્તિ ઉદાસ થઈ ગયાં. તે જોઈને રામપ્રતાપભાઈ દિલગીર થઈ પોતાના મામા ઘેલા તરવાડીના ઘેર જઈને કહ્યું જે, હે મામા ! ઘનશ્યામ તો આજે સવારના પહોરમાં વહેલા ઉઠીને જતા રહ્યા છે, તો હવે હું કેમ કરૂં ? મને તો મારા માતા-પિતા વઢે છે. ત્યારે વસંતામામી બોલ્યાં જે, હે ભાઈ ! તમો કાંઈ દિલગીર થશો નહિ. ક્યાંઈ જવાના નથી. છપૈયાપુર ગયા હશે. ત્યાં તમો જાઓ. તેવું સાંભળીને રામપ્રતાપભાઈ હાથમાં લાકડી લઈને ચાલ્યા તે ગામ ભમેચામાં આવીને શુક્લ માધવરામને પૂછીને છપૈયાપુરને વિષે આવીને પોતાના મામા વશરામ તરવાડી તથા મોતીતરવાડીને કહ્યું જે, હે મામા ! ઘનશ્યામ અહીં આવ્યા છે ? ત્યારે કહ્યું, ના અહીં તો આવ્યા નથી. એવું સાંભળીને ત્યાંથી મામા સહિત નારાયણ સરોવરના કાંઠા ઉપર જોઈને પીરોજપુર ગયા. ને ત્યાં તપાસ કરી તિનવા ગામમાં આવીને પ્રથિત પાંડેને તથા વચનબાઈ આદિક સર્વેને પૂછ્યું, ત્યારે બોલ્યા જે, હે રામપ્રતાપભાઈજી ! તમારા ઘનશ્યામ ભાઈ તો અહીં આવ્યા નથી. એમ કહે છે તેટલામાં તો અમરબાઈ કૂવેથી જળ ભરીને આવ્યાં, તે સાંભળીને બોલ્યાં જે, તમારા ભાઈ તો કૂવાની બખોલમાં બેસી રહ્યા છે. તે હું નજરે જોઈને આવી છું. તેવું સાંભળીને બે મામા ભાણેજ ઉતાવળા થકા તે ભૂતિયા કૂવા ઉપર જઈને જોયું, પણ કયાંય દેખાયા નહી. પછી ઉચ્ચ સ્વરે બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ ! તમો કૂવામાં હો તો બોલો. માતાપિતાએ ત્રણ દિવસથી કાંઈ ખાધું નથી. તમારૂં મુખકમળ જ્યારે દેખશે ત્યારે જમશે. એવી રીતે મહાદુઃખ ભરેલું વચન સાંભળીને ઘનશ્યામે તત્કાળ પોતાના હાથ

**લાંબા કર્યા, એટલે રામપ્રતાપભાઈએ સહુને દેખતે કૂવામાંથી બહાર કાઢ્યા. તે ચરિત્ર જોઈને સર્વે પુરવાસી જન આશ્ચર્ય પામ્યાં. પછી બે ભાઈ ત્યાંથી મામાને પાછા વાળીને ચાલ્યા તે તરગામ આવતાં વચમાં વેણીપુર થઈને ભમેચાના તળાવ ઉપર ઘડી એક વિશ્રામ લઈને ચાલ્યા તે ઘેર આવ્યા. પછી માતાપિતા તથા ઘેલા તરવાડી આદિક સર્વે જન આનંદ પામ્યાં, પછી રસોઈ કરીને ભક્તિમાતા બે પુત્ર સહિત ધર્મદેવને જમાડતાં હતાં. પછી ધર્મદેવ બળદેવપ્રસાદજીને ઘેર રામપ્રતાપભાઈની સગાઈ કરીને પાછાં ધર્મ ભક્તિ ત્યાં થકી પોતાના બે પુત્ર સહિત સરસામાન ગાડામાં ભરીને ચાલ્યાં, તે છપૈયાપુર આવતાં વચ્ચમાં ગામ મનકાપુરના તળાવ ઉપર પીપડાના વૃક્ષ નીચે ઉતારો કરીને ટીમણ કરી ત્યાંથી ચાલ્યાં, તે મનોરમા નદીમાં ઉતરતાં ઢાળમાં ગાડું ઉંધુ વળી ગયું, તેથી સર્વે સરસામાન પાણીમાં પલળી ગયો. પછી તે ગાડાંને બહાર કાઢીને તે સર્વે સામાન ગાડાંમાં ભરીને ત્યાંથી છપૈયાપુરમાં આવીને પોતાના મુકામમાં રહ્યાં. પછી સુંદરીબાઈ આદિક સર્વે પુરવાસી જન ધર્મદેવને ઘેર આવીને ભક્તિમાતાને મળીને ઘનશ્યામ મહારાજને પગે લાગ્યાં. પછી રસોઈ કરીને ધર્મભક્તિ સહિત બે પુત્રને જમાડ્યા.**

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ધર્મભકિત છપૈયાપુરથી તિનવા ગામમાં રહેવા ગયાં. ત્યાં ભૂતિયા કૂવામાં રહેતાં ભૂતોનો મોક્ષ કર્યો અને તરગામમાં ચિભડી ને મકાઇ નીંદતાં ભાઇને અલૌકિકરૂપે પોતાનું દર્શન આપ્યું અને ત્યાંથી પાછા છપૈયાપુર આવ્યા. એ નામે ચૌદમો અધ્યાય પૂરો થયો. ॥ ૧૪ ॥

## અધ્યાય ૧૫

## રામપ્રતાપભાઈનો વિવાહ તથા બીજાં ચરિત્રો.

**વળી એક સમયે ભક્તિમાતા રૂડી રસોઈ કરીને પોતાના બે પુત્રોને જમાડીને પાન બીડું આપ્યું, તે જમતા સતા આંબલી હેઠે ચોતરા**

ઉપર જઈને બેઠા. તે સમયે વેણી, માધવ અને પ્રાગ પણ આવીને તે ચોતરા ઉપર રમવા લાગ્યા. પછી ઘનશ્યામ મહારાજ રમતાં રમતાં વેણીરામ ઉપર થુંક્યા, એટલે તે દેખીને રામપ્રતાપભાઈ બેઠા હતા તે એકદમ ઉઠીને ધોલ મારી. તેજ વખતે ઘનશ્યામ મહારાજ આંખ ચઢાવીને બોલ્યા જે, હે ભાઈ ! અમો મોટા જાણીને મહીમા રાખીએ છીએ. પણ તમો વિચારતા નથી ને ઘડીએ ઘડીએ ભૂલી જાઓ છો. પરંતુ અમો જો તમને એક આંગળી વડે ઉડાડીએ તો એક કરોડ યોજન જઈને પડો, તે ફરીથી તમારો પત્તો લાગે નહિ. એમ કહીને પોતે એવું સ્વરૂપ દેખાડ્યું તે આકાશ પાતાળમાં પોતાનું સ્વરૂપ ભરાઈ ગયું અને અનંત મસ્તક તથા અનંત હાથ ને અનંત ચરણ એવાં મોટાં સ્વરૂપને દેખીને રામપ્રતાપભાઈ તો પોતાના અંતઃકરણમાં ત્રાસ પામી ગયા અને કંપતા થકા બોલ્યા જે હે દાદા ! તમો અહીં વહેલા આવો. તે શબ્દ સાંભળીને ધર્મદેવ તત્કાળ ઘરમાંથી બહાર ઓસરીમાં આવ્યા. ત્યારે તે સ્વરૂપને ઘનશ્યામ મહારાજે અદૃશ્ય કર્યું અને પ્રથમના જેવા થઈ ગયા. ત્યારે રામપ્રતાપભાઈ પોતાના પિતાને તે ઐશ્વર્યની વાર્તા કહેવા લાગ્યા. તે સાંભળીને ધર્મદેવ આશ્ચર્ય પામ્યા.

વળી એક સમયને વિષે રામપ્રતાપભાઈ સહિત ઘનશ્યામ મહારાજ વાળુ કરીને આંબલીના વૃક્ષ હેઠે ચોતરા ઉપર બેસીને વાતો કરતા સતા એમ બોલ્યા જે, હે ભાઈ ! અમારે તો બ્રહ્મચારી થઈને સનકાદિક જેવા સાધુનો સમાગમ કરવો છે. ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા જે, હે ઘનશ્યામ ! હજી તો તમે નાના છો. ને બ્રહ્મચારીના ધર્મ પાળવા તે તો બહુ કઠણ છે, ત્યારે બોલ્યા જે, હે ભાઈ ! પાળે તેને કાંઈ કઠણ નથી. એવી રીતે વાર્તાઓ કરતા સતા ભક્તિમાતાએ પથારી કરી આપી એટલે સુઈ ગયા. તે સમયે પોતાની ઈચ્છાથી ચાર સનકાદિક બાળ સ્વરૂપે આવીને બોલ્યા જે, હે અક્ષરાધિપતિ પુરૂષોત્તમ ભગવાન!

અમોને આજે તમારાં દર્શન થયાં તેથી અમો બહુ કૃતાર્થ થયા. ત્યારે બોલ્યા જે, હે બાળયોગીઓ ! તમો તો કૃતાર્થ જ છો. ત્યારે સનકાદિક બોલ્યા જે, હે મહારાજ ! ભગવાનના અનંત અવતાર થયા. પરંતુ તમો તો અક્ષરધામના પતિ પુરૂષોત્તમ આ બ્રહ્માંડની અડધી આવરદા થઇ ત્યારે પોતાના એકાંતિક ભક્તોને લાડ લડાવવા સારૂં પૃથ્વી ઉપર આ છપૈયાપુરને વિષે ધર્મભકિતને ઘેર પ્રગટ થયા છો. તે તમારી કૃપાથી અમો ચાર ભાઈને આજે તમારાં દર્શન થયાં. તેથી અમો પુરા કૃતાર્થ થયા અને અદ્યાપિ સુધી તમારા અવતારના ગુણ અમો ગાતા હતા અને હવે અવતાર સહિત અવતારી એવા જે તમો, તે તમારા ગુણનું ગાન કર્યા કરીશું. એવી રીતે સ્તુતિ કરી, ઘનશ્યામ મહારાજની મરજી જોઈને પૂજા કરવા લાગ્યા.

તેમણે સામવેદના મંત્રોનું ઉચ્ચારણ કરી ચારે ભાઈઓ જુદી જુદી પૂજા કરતા હતા. તે સમયમાં ચોકમાં ઘણો પ્રકાશ થયો. તે સમયમાં ધર્મદેવ સહિત રામપ્રતાપભાઈ જાગીને તે પ્રકાશ જોઈને બોલ્યા જે, હે દાદા ! આટલો બધો પ્રકાશ શાનો થયો છે ? અને આ ઘનશ્યામભાઈની પૂજા કરે છે તેઓ કોણ છે ? ત્યારે ધર્મદેવ બોલ્યા, એતો સનકાદિક છે. ત્યારે પુછ્યું જે, એણે વસ્ત્ર કેમ પહેર્યાં નથી ? ત્યારે ધર્મદેવ બોલ્યા જે, એતો પાંચ વર્ષના ઉર્ધ્વરેતા બ્રહ્મચારી છે અને આદિ કલ્પથી આવા ને આવા છે. તે સૃષ્ટિ રહેશે ત્યાં સુધી આવી ને આવી અવસ્થાવાળા રહેશે, અને જ્યારે ભગવાનના અક્ષરધામમાં જશે ત્યારે કિશોર અવસ્થા પ્રાપ્ત કરશે. તેવું સાંભળી ભાઈ પગે લાગ્યા. એટલામાં તો (સનકાદિક) પૂજાની સમાપ્તિ કરી સ્તુતિ કરતા દંડવત પ્રણામ કરી બોલ્યા જે, હે મહારાજ ! આપની આજ્ઞા હોય તેમ અમો કરીએ. ત્યારે મહારાજ રાજી થઇ બોલ્યા જે, અમો જ્યારે સત્સંગમાં જઇએ ત્યારે તમો ચારભાઈઓ આવજો. તમોને અમો દીક્ષા આપી ગુણાતિતમુનિ તથા

આનંદાનંદ વર્ણી એવાં નામ પાડીને પરમહંસ બનાવીશું. અને તમો જે જે તીર્થમાં તથા લોકાન્તરમાં જાઓ, ત્યાં અમારા પ્રગટપણાની વાર્તાઓ કરજો અને જેને અમારાં દર્શન કરવા આવવું હોય તે ભલે આવે. એવી રીતની આજ્ઞા મસ્તકે ચઢાવીને નમસ્કાર કરીને ત્યાં થકી ચાલ્યા તે નારાયણ સરોવર તરફ આકાશ માર્ગે અદૃશ્ય થઈ ગયા. તેવું ઐશ્વર્ય જોઈને રામપ્રતાપભાઈએ સર્વે પુરવાસી જનોને વાર્તા કહી. હે રામશરણજી ! આજે ઘનશ્યામ મહારાજની ચાર સનકાદિકે પૂજા કરી તે સ્થળે અત્યારે વર્તમાન કાળે ઓટો કરાવેલો છે ત્યાં જઈ જે જન હેતે કરીને દર્શન કરશે અને પ્રદક્ષિણાઓ કરી દંડવત્ પ્રણામ કરશે, તેના ઉપર ઘનશ્યામ મહારાજ ઘણા રાજી થશે.

વળી એક સમયને વિષે તરગામથી બળદેવજી પોતે શુભ દિવસ જોઈને છપૈયાપુરમાં ધર્મદેવને ઘેર લગ્ન લઈને લગનીયાઓને મોકલ્યા, ત્યારે તે લગ્ન વધાવીને રામપ્રતાપભાઈની પીઠી ચોળીને ફુલેકે ફેરવીને બીજે દિવસે ભાઈને પરણાવવા સારૂં પોતે ધર્મદેવ જાનને શણગારતા હતા. ત્યારે વશરામ તરવાડી, મોતી તરવાડી, સુબોધ તરવાડી, ઉન્મત્ત તરવાડી, હીરા તરવાડી આ આદિક ઘણા પુરૂષો વેલ્યો, ગાડીયો, મેના, પાલખીઓ, તથા હાથી ઘોડા ઉપર ડંકા નિશાન આવી રીતે ઘણાક સામાન વડે તથા વાજીંત્રના શબ્દથી શોભાયમાન જાન કરીને તથા વરને સારાં સારાં કિંમતી વસ્ત્રો તથા ઘરેણાં પહેરાવીને એક મેનામાં બેસાડ્યા અને ઘનશ્યામ મહારાજને ભારે કીનખાપનો સુરવાલ તથા ડગલી પહેરાવી, મસ્તક ઉપર જડાઉ ટોપી પહેરાવી અને અંગો અંગમાં સુર્વણના દાગીના પહેરાવીને વેણી, માધવ ને પ્રાગની સાથે એક મોટા હાથી ઉપર બેસાડ્યા. પછી ત્યાંથી ગણપતિનાં દર્શન કરાવીને ચાલ્યા તે માર્ગને વિષે જે જે ગામ આવે, તે તે ગામના માણસો જાનને જોવા સારૂં આવે. ત્યારે તે જાનની શોભા જોઈને રાજી થઈ જ્યારે ઘનશ્યામ

મહારાજને જુવે, ત્યારે તો કેટલાક મનુષ્યને ચતુર્ભુજરૂપે દર્શન થતાં હતાં અને કેટલાકને વિષ્ણુરૂપે દર્શન થતાં. એવી રીતે ગામો ગામ સર્વને પોતાનો પ્રતાપ દેખાડતા હતા. પછી સંધ્યા સમયે તરગામને વિષે આવીને ગામ બહાર તળાવના સમીપે જાન ઉભી હતી. તે સમયે વાજીંત્રના શબ્દ તથા બંદુકના ભડાકા કર્યા. તેથી ગામમાં ખબર પડી એટલે ભાઈના સસરા બળદેવપ્રસાદજીએ ભગીરથ, ભેલઈરામ તથા રૂપધર, જનકરામ, લક્ષ્મીપ્રસાદ, નવલકિશોર, નંદુરામ એ આદિક સર્વને સાથે લઈને સામૈયું લાવીને સન્માન કર્યું અને ધર્મદેવ આદિકને તે વેવાઈ મળ્યા. ત્યારબાદ એક બીજા પરસ્પર મળીને ત્યાંથી વાજતે ગાજતે ચાલ્યા તે ગામમાં આવી, મોટી એક આંબલીના વૃક્ષ નીચે ધર્મશાળામાં જાનનો ઉતારો કરાવીને રૂડી રીતે જમાડ્યા. પછી ભાઈને પરણાવીને ત્રીજે દિવસે બળદેવપ્રસાદજીના ઘરના આંગણામાં જાજમ ઉપર સભા કરીને સર્વે જનોને બેસાડ્યા. ત્યારબાદ માંડવાની ચુકવણી કરીને જાનૈયા સર્વને જમાડ્યા એટલે ધર્મદેવ પાછા ત્યાંથી ચાલ્યા તે જાનને લઈને છપૈયાપુરમાં આવ્યા.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓને લઈને મીનસાગરમાં સ્નાન કરવા ગયા. તે સમયમાં ઢીમરો (માછીમારો) આદિક ઘણાક અસુરો ભેગા થઈને માછલાં મારીને તે તળાવના કિનારે ઢગલા કર્યા. તે જોઈને ઘનશ્યામ મહારાજના અંતઃકરણમાં કંપારો થઈ આવ્યો અને દયાળુ ધર્મદેવના પુત્ર શ્રીઘનશ્યામ મહારાજના શરીરમાં રોમાવલી ખડી થઈ. તેથી એવો સંકલ્પ કર્યો જે, આ સર્વે માછલાં આ દુષ્ટ અસુરોના હાથ થકી બચી જાઓ અને સર્વે જીવતાં બની જાઓ. આવો સંકલ્પ કર્યો તે સાથે જ નાનાં મોટાં સર્વે માછલાં સજીવન બની ગયાં. અને ઉછળી ઉછળીને પાછાં પાણીમાં પડ્યાં. એવી રીતનું ઐશ્વર્ય જોઈને તે સર્વે અસુરો ક્રોધાયમાન થઈ,

પાણીમાંથી બહાર નીકળ્યા અને મારવાનો વિચાર કર્યો. એટલામાં તો ઘનશ્યામ મહારાજ યમરાજના સ્વરૂપે બની ગયા. તે મહાવિકરાળ સ્વરૂપવાળા, મોટી ડાઢો જેમની છે એવા અને અઢાર હસ્તવાળા અને અઢારે હાથમાં મારવા માટે આયુધને ધારણ કરી રહેલા અને કાજળના પર્વત જેવું જેનું સ્વરૂપ છે એવા તથા મહા ભયંકર આકૃતિવાળા જોઈને સર્વે અસુરો ત્રાસ પામી ગયા અને તેઓને જમપુરીમાં લઈ ગયા. ત્યાં હજારો હજાર યમરાજના દૂતો વારંવાર તેઓને મારવા લાગ્યા તેથી અસુરો મહા ત્રાસ પામ્યા. ત્યારબાદ શ્રીહરિની ઈચ્છાથી સર્વે પાછા પોતાના શરીરમાં આવ્યા અને ઘનશ્યામ મહારાજને બાળસ્વરૂપે જોઈને નિર્માની થઈને જમપુરીમાં જે દુઃખ પડ્યું હતું તેને સંભાળીને પગે લાગ્યા અને પોતાના અપરાધની માફી માગીને ફરીથી આવું કર્મ કયારેય કરીશું નહિ. તેવી રીતનો નિયમ ઘનશ્યામ મહારાજ પાસેથી લઈને પોતપોતાના ઘેર ગયા. આવું ઐશ્વર્ય જોઈને છપૈયાપુરવાસી જનોને તે વાર્તા વિસ્તાર પૂર્વક કહેતા હતા તથા ઘનશ્યામ મહારાજનો પરમેશ્વર તરીકેનો નિશ્ચય કરીને દિન દિન પ્રત્યે ઘેર આવીને મહિમા પરસ્પર ગાતા હતા. પછી ભક્તિમાતાએ બનાવેલી રસોઈ જમીને સખાઓની સાથે ચાલ્યા તે બજારમાં થઈને બહિરિ કૂવાના પીપળા તળે ઉભા રહીને વણિક સુખનંદનને બોલાવ્યા. ત્યારે તે આવ્યા એટલે ધૂળની ઢગલીઓ કરીને ચોપાટની રમત રમવા લાગ્યા. પછી ભક્તિમાતા ઉચ્ચ સ્વરે બોલાવવા લાગ્યાં તે સાંભળી વેણીરામ આદિક સર્વે સખાઓને પોતપોતાના ઘેર મોકલીને પોતે પ્રભુ ઘેર પધાર્યા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે મોટા ભાઇને વિશ્વરૂપ દેખાડ્યું તથા ચાર સનકાદિક સ્તુતિ કરીને વરદાન પામ્યા અને તરગામમાં ભાઇને પરણાવ્યા તથા મીનસાગરમાં અસુરાંશને મહા ભયંકર રૂપે પોતાનું દર્શન કરાવ્યું. એ નામે પંદરમો અધ્યાય પૂરો થયો. ॥૧૫॥

## અધ્યાય ૧૬

## ઘનશ્યામ મહારાજનો દિવ્ય પ્રતાપ.

એક સમયે ધર્મદેવ પોતાનું ઘર સમું કરી શક્યા નહિ અને વરસાદ આવી ગયો તેથી આખાય ઘરમાં પાણી ભરાઈ ગયું. તેથી કેટલાક દાણા તથા વસ્ત્રો આદિક સર્વે વસ્તુ પલળી ગઈ. તેને જોઈને ભક્તિમાતાના મનમાં એવો સંકલ્પ થયો જે, આ ઘરનો સુધારો કરી શક્યા નહીં ને વરસાદ પણ આવી ગયો. એવી રીતનો સંકલ્પ કરી સુવાસિનીબાઈ તથા ભક્તિમાતા ઘરમાંથી પાણી ઉલેચવા લાગ્યાં. તે સમયે ઘનશ્યામ મહારાજ તો એક બાજુ દિવાલની ઓથ્ય લઈ પૂર્વમુખે ઉભા હતા. તથા ધર્મદેવ અને રામપ્રતાપજી એ બન્ને આંબલી નીચે ચોતરા ઉપર બેઠા થકા ચિંતા કરતા હતા કે, હવે વરસાદ રહી જાય તો સારૂં. આ સંકલ્પ ઘનશ્યામ મહારાજ અંતર્યામીપણે જાણી ગયા અને ભક્તિમાતા તથા સુવાસિનીબાઈને પાણી ઉલેચતાં જોઈને પોતે એવો સંકલ્પ કર્યો જે, આ મેઘરાજા ન વરસે તો સારૂં. તેવામાં તો વરસાદ બંધ પડ્યો અને બારે મેઘ મૂર્તિમાન આવીને ઘનશ્યામ મહારાજને વિનંતિ પૂર્વક પગે લાગીને બોલ્યા જે, હે મહારાજ ! તમોએ આ વરસાદનું પાણી બંધ કરાવ્યું તે બધી સૃષ્ટિમાં કે તમારા ઘર ઉપર ? ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, બધી સૃષ્ટિમાં તો વૃષ્ટિ કરો, પણ અમારા ઘર ઉપર તથા ચોકમાં તથા ફળીયામાં વરસાદ કરશો નહીં. એવી રીતની આજ્ઞા પામીને નમસ્કાર કરીને પાછા આકાશમાર્ગે અદૃશ્ય થયા. પછી ચોમાસાના ચારમાસ પર્યંત પોતાના ઘર ઉપર તથા ફળીયામાં તથા ચોકમાં વરસાદ વરસ્યો નહીં. તે મહા અદ્ભૂત ઐશ્વર્ય જોઈને ધર્મદેવ ભક્તિમાતા તથા રામપ્રતાપભાઈ, વસરામ તરવાડી આદિક સર્વે પુરવાસી જનો આશ્ચર્ય પામતાં હતાં. પછી ઘનશ્યામ મહારાજ વેણી, માધવ તથા પ્રાગની સાથે ચાલ્યા તે રસ્તામાં પાણીમાં

રમતા રમતા નારાયણ સરોવરના કિનારે જઇ સરોવરનું પાણી ચારે તરફ ભરેલું જોઇને, ત્યાંથી ચાલ્યા તે ખાંપા તલવાડી ઉપર જઇને ત્યાં જળક્રીડા અને પાણીની પાળ બાંધીને ચારે બીજું પાણી ઉડાડી રમત રમ્યા. ત્યારબાદ વેણીરામ ત્યાંથી ઘેર આવીને ભક્તિમાતાને કહ્યું જે, ફોઇબા ! તમારા ઘનશ્યામ તો પાણીમાં બહુ રમે છે. એમ કહીને ચોતરા ઉપર ભીની ડગલી મૂકીને ઘરમાં ગયા. પછી ભક્તિમાતાએ રામપ્રતાપભાઇને કહ્યું જે, ઘનશ્યામને બોલાવી લાવો, જમવાનું તૈયાર થયું છે. ત્યારે ભાઇ નારાયણ સરોવર ઉપર ગયા અને ઘનશ્યામ મહારાજ તો ઘેર આવીને બોલ્યા જે, હે દીદી ! આ અમારી ભીની ડગલી તમો કાઢી લો ને બીજી ડગલી આપો. તેવું સાંભળીને ભક્તિમાતાએ ભીની ડગલી કાઢી લઇને બીજી કોરી ડગલી આપી, તેને પહેરીને પોતાના દાદા સાથે જમવા બેઠા. તે સમયમાં રામપ્રતાપભાઇ નારાયણ સરોવરના કિનારેથી ઘનશ્યામ મહારાજને બોલાવી લાવ્યા. તે સમયમાં સુવાસિનીબાઇ જે ઓસરીમાં ઉભાં હતાં તે જોઇને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યાં જે, ઘનશ્યામ તો રસોડામાં જમવા બેઠા છે અને આ આવે છે તે વળી કોણ ? એમ જાણીને તત્કાળ રસોડામાં જઇ જુવે છે, ત્યાં તો જમવા બેઠેલા છે. પછી ઓસરીમાં આવ્યાં ત્યાં તો બહારની મૂર્તિ અદ્રશ્ય થઇ ગઇ. એવું ચરિત્ર જોઇને સુવાસિનીબાઇ વિસ્મય પામ્યાં. ત્યારબાદ સાંજના સમયે ભક્તિમાતા તથા સુવાસિનીબાઇ ફુલવાડીમાં જઇ મકાઇ તથા ચિભડાંનાં બી તથા તુરીયાં, ગલકાં, રામતુરાઇ આદિક શાક કરવા માટે બીજ વાવતાં હતાં. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દીદી ! આ તમો શું કરો છો ? ત્યારે કહ્યું જે, તમારા માટે શાક કરવા સારૂં ગલકાં આદિક વાવીયે છીએ, ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, લાવો અમે વાવીએ તે વહેલાં થશે. અને તમે વાવશો તો કોણ જાણે કયારે થશે ? એમ કહીને

પોતે ગલકાં આદિકનાં થાણાં કરીને વાવતા હતા, તે થોડાક દિવસમાં તૈયાર થઈ ગયાં.

વળી એક સમયને વિષે ફુલવાડીમાં ફણસનું વૃક્ષ હતું તેના ઉપર ઘણાંક ફળસ બેઠાં હતાં. તેને જોઈને ચોરોએ રાત્રે આવીને તે સર્વે ફણસ ઉતારી લીધાં અને લઈને ચાલ્યા તે નારાયણ સરોવરના કાંઠા ઉપર મોટા પીપળાના વૃક્ષ નીચે જ્યારે ગયા, ત્યારે ઘનશ્યામ મહારાજ અંતર્યામીપણે જાણી ગયા. અને પોતાની ઈચ્છાથી પીપળામાં ઘણાંક ભૂતો રહેતાં હતાં તે નીકળ્યાં અને સર્વ ચોરોને વળગ્યાં. તેમાં કોઈક તો માથા ઉપર બેઠું અને કોઈક ખભા ઉપર ને કોઈક હાથ ઉપર ને કોઈક કેડે બાઝ્યું. એવી રીતે વળગ્યાં ને બોલ્યાં જે, હે દુષ્ટબુદ્ધિવાળાઓ ! ફણસ તો ભગવાનને જમવાનાં છે; તમો કેમ લઈ જાઓ છો ? ત્યારે તે સર્વે ત્રાસ પામી બોલ્યા જે, આ તમે આટલા બધા કોણ છો ? ત્યારે કહ્યું અમો સર્વે ભૂત છીએ. તેવું સાંભળીને ત્રાસ પામી ગયા. ને ફણસને નાખી દઈને ભાગવા લાગ્યા. એટલે તે સર્વે ચોરોને પકડીને ભૂત બોલ્યાં જે, આ તમો જ્યાંથી લાવ્યા છો ત્યાં મૂકવા ચાલો, નહીં તો હમણાં તમોને ખાઈ જઈશું. તેવું સાંભળીને કંપતા થકા બીકના માર્યા તે સર્વે ચોર ફણસને લઈને ભૂત સહિત આંગણામાં આવીને ચોતરા ઉપર ઢગલી કરી. પછી સર્વ ભૂતો ચોરો પ્રત્યે બોલ્યાં જે, હવે ફરીથી કોઈ દિવસ આવું ચોરનું કામ કરશો તો તમારા ભૂંડા હાલ થશે. એમ કહીને જવા દીધા. પછી ઘનશ્યામ મહારાજ પોઢ્યા હતા તે ઉઠીને ભૂત પાસે આવ્યા, એટલે સર્વે ભૂત પગે લાગીને ઉભાં રહ્યાં. ત્યારે અત્યંત પ્રસન્ન થઈ (ઘનશ્યામ) બોલ્યા જે, તમો સર્વે પંચ વિષયની વાસનાને કારણે આવી ભૂતયોનિને પામ્યાં છો. પરંતુ આ અમારી સેવા કરી તેના ફળ તરીકે વરદાન આપું છું કે જ્યારે ઘર છોડીને વનમાં જઈએ ત્યારે તમે સર્વ બદ્રિકાશ્રમમાં જજો. અને ત્યાં થકી અમારી માયાથી મૂકાઈને

અમારા ધામને પામશો. એવી રીતનો વર પામીને તે સર્વ ભૂત મગ્ન થયાં થકાં નમસ્કાર કરીને પાછાં પોતાના સ્થાનકે ગયાં. હે રામશરણજી! આ સામે દેખાય જે પીપળાનું વૃક્ષ તેના મૂળમાં કોઇ પાણી રેડશે તથા તેની પૂજા કરીને પ્રદક્ષિણાઓ કરશે તે સર્વેને ભૂતપ્રેતાદિકની પીડા તે ઘનશ્યામ મહારાજની કૃપાથી નિવૃત્તિ પામી જશે. ત્યારપછી સવારના પહોરમાં સુવાસિનીબાઇ વહેલાં જાગ્યાં અને તે ફણસની ઢગલી જોઈને બોલ્યાં જે, હે માજી ! આ બધાં ફણસ જુઓને કોણે તોડી નાખ્યાં ? એમ કહે છે એટલામાં તો ઘનશ્યામ મહારાજે જાગીને તે સર્વ વૃત્તાંતની વાર્તા કહી. તે સાંભળીને આશ્ચર્ય પામ્યાં.

વળી એક સમયને વિષે ગામ લોહગંજરીના આચાર્ય સંધ્યાગીર બાવાને તથા ધર્મદેવ એ બન્ને ને મિત્રાચારી હતી. તેથી સંધ્યાગીરી બાવો પોતાના ગામને વિષે ધર્મદેવને રહેવા માટે પોતાના પરિવાર સાથે તેડી લાવ્યો હતો. ત્યારે ત્યાં પોતાના ઘરની આગળ જંગલીનાથ મહાદેવનું દેવળ છે, તે દેવળની ચારે બાજુ ફુલબાગમાં મોટા મોટા મણીધર નાગો રહેતા હતા. તેમની બીકને કારણે કોઈથી વાડામાં જઇ શકાતું ન હતું. ત્યારે ઘનશ્યામ મહારાજે જાણ્યું જે, આ નાગ સર્વેને હેરાન કરે છે. એમ જાણીને પોતે ગરૂડજીને બોલાવીને આજ્ઞા કરી તેથી સર્વે નાગને લઈ ગયા. તે વખતે સંધ્યાગીરી બાવો પોતે મહાદેવજીની પૂજા કરવા સારૂં ધતુરાનાં ફુલ લેવા તે બાગમાં ગયા. ત્યારે નાગોને લઈ જતા ગરૂડને જોયા. તે જોઇ આશ્ચર્ય પામી ધર્મભક્તિને પૂછતા હતા જે, ગરૂડજી અહીં ક્યાંથી ? ત્યારે તેમણે કહ્યું જે, એતો ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી નાગ લેવા આવ્યા હશે. ત્યારે તેણે પોતાની પત્ની મથુરાબાઈ હતી, તેને આ વાર્તા કહી. તે સાંભળીને સર્વે આશ્ચર્ય પામતાં હતાં.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે પોતાના ઘર ઉપર ચોમાસાના ચારે માસ સુધી વરસાદ બંધ

રહ્યો અને ભૂત પાસે ફણસ પાછાં મંગાવ્યાં અને છપૈયાપુરથી ગામ લોહગંજરી નિવાસ કર્યો. એ નામે સોળમો અધ્યાય પૂરો થયો. ॥ ૧૬ ॥

## અધ્યાય ૧૭

## ઘનશ્યામ મહારાજનો દિવ્ય પ્રતાપ. ચાલુ.

**વળી એક સમયને વિષે સંધ્યાગીરી બાવો તથા ધર્મદેવ આદિક બીજા કેટલાક જન ભેગાં મળીને દીઘાઘાટે હરિહર ક્ષેત્રના મેળા ઉપર જવા માટે તૈયાર થયા. ત્યારે ઘનશ્યામ મહારાજે કહ્યું જે, હે દાદા ! હું પણ તમારી સાથે આવીશ. ત્યારે ધર્મદેવે કહ્યું જે, હે ઘનશ્યામ ! હમણાં તમો આવવાનું રહેવા દો અને પછી આપણે ફરીથી જશું. એમ કહીને તેમને ભૂલા પાડીને ધર્મદેવ ગયા. પછી પોતાના પિતાને ન દેખીને રોતા સતા બોલ્યા જે, હે દીદી ! અમારા પિતા કયાં ગયા ? ત્યારે (તેઓ) બોલ્યાં કે, તમારા માટે હાથી, ઘોડા લેવા ગયા છે. તેવું સાંભળીને રાજી થઈ મનમાં વિચાર કરવા લાગ્યા જે,મારા પિતા મને મૂકીને ગયા છે તે વાર્તા મને દીદી કહેતાં નથી, પરંતુ તે મેળામાં મારે જવું છે. એવો સંકલ્પ કરી ગરૂડજીને સંભાર્યા. તે જ વખતે ગરૂડજી આવ્યા અને પગે લાગી સમીપે ઉભા રહ્યા. પછી પોતે બે સ્વરૂપે થયા. એક સ્વરૂપે ઘેર રહ્યા અને બીજે સ્વરૂપે ગરૂડ ઉપર બેસીને જ્યાં પોતાના પિતા ગયા છે અને બોતેર નદીઓને સંગમ થાય છે. ત્યાં હરિહરક્ષેત્રના મેળે તીર્થમાં ગયા. ત્યારે સંધ્યાગીરી બાવો તથા ધર્મદેવ પણ તેજ સ્થાને આવ્યા. ત્યારે ત્યાં પોતાના પુત્રને જોઈને ધર્મદેવ તો મહા આશ્ચર્ય પામીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો અહીં કોની સાથે આવ્યા ? ત્યારે બોલ્યા જે, દાદા ! તમો તો અમને મૂકીને છાનામાના આવ્યા, પરંતુ અમો તો આ ગરૂડજી ઉપર બેસીને આવ્યા છીએ. એવું સાંભળીને બોલ્યા જે, આ ગરૂડજી તો ભગવાનનું વાહન છે. તે તમારે બેસવાનું એ ક્યાંથી હોય ? એમ કહે છે, તેટલામાં તો ભગવાનની ઈચ્છાથી પૂર્વે માર્કન્ડેય ઋષિએ કહ્યું**

હતું જે, હે હરિપ્રસાદજી ! આ તમારા પુત્ર સાક્ષાત્ પુરૂષોત્તમ નારાયણ છે. તે સ્મૃતિ થઇ આવી. તેથી મનમાં વિચાર્યું જે, મેં બહુ ખોટ ખાધી. આ મારા પુત્ર સાક્ષાત્ ભગવાન છે, એમ જાણીને પગે લાગ્યા. પછી ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દાદા ! ચાલો આપણે સર્વે આ સંગમમાં સ્નાન કરીએ. એમ કહીને પોતે જળમાં પ્રવેશ કર્યો તેમની પાછળ ધર્મદેવ ચાલ્યા તે થોડેક દૂર જઈને ધર્મદેવે પાણીમાં ડૂબકી મારી તે સમયે પાણીમાં ચતુર્ભુજ સ્વરૂપે પોતાના પિતાને દર્શન આપ્યું. પછી બહાર નિકળીને જોયું, ત્યાંતો બહાર ઉભેલા છે. એવું આશ્ચર્ય જોઇને તે વાત સંધ્યાગીરી બાવાને કહી. ત્યારબાદ ત્યાંથી ચાલ્યા તે જ્યાં હાથી, ઘોડા આદિક પશુઓ સિંહલદ્વિપમાંથી લાવીને મેળામાં વેંચે છે ત્યાં ગયા. પછી તે સર્વેને જોઇને ચાલ્યા તે પોતાનું વતનનું ગામ જે ઈટાર તે પ્રત્યે આવ્યા અને ત્યાં બે દિવસ ધર્મદેવના કાકા વિષ્ણુદત્તને ઘેર રહીને ચાલ્યા તે ગોરખપુર થઈને ગામ નગરમાં આવ્યા. ત્યાં ઉમેદસંગજી રાજાના દરબારમાં બે દિવસ રહીને પોતાના ગામ લોહગંજરીમાં આવ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજ એક રૂપે થઈને પોતાના પિતાને આવતા જાણીને સામા ગયા. ત્યારે ભક્તિમાતાએ કહ્યું કે, મારા ઘનશ્યામને વાસ્તે શું લાવ્યા છો ? ત્યારે બોલ્યા જે, ઘનશ્યામ તો અમારાથી પહેલાં ત્યાં આવ્યા હતા. તેવું સાંભળીને તે બાવાની સ્ત્રી મથુરાબાઈ એમ બોલી જે, આ ઘનશ્યામ તો સાક્ષાત્ ઈશ્વર છે. તે બે સ્વરૂપે થયા તેમ દેખાય છે. એમ કહીને ઘનશ્યામ મહારાજના સામું જોયું. ત્યાંતો પોતે હસવા લાગ્યા. પછી તે વાર્તા રામપ્રતાપભાઈએ તે બાઈને કહી.

એક સમયને વિષે લોહગંજરીના બાવાએ બાંસી ગામના રાજા ચંદુલાલ એ આદિક કેટલાક બીજા મનુષ્યોને છાના પોતાના કોઠાર ઉપર રાખ્યા હતા તે વાતની નવાબ સરકારને ખબર પડી. તેથી લશ્કર

લઈને તે લોહગંજરી ઉપર આવતો હતો. ત્યારે તે લશ્કરને દેખીને બાવો બોલ્યો જે, હરિપ્રસાદ પાંડે ! આજ તો આપણે સર્વેને ઉગરવાની આશા નથી. કેમકે આ નવાબ સરકાર મારા ગામ ઉપર લશ્કર લઈને આવ્યો છે. એવું સાંભળીને ઘનશ્યામ મહારાજ બાવા પ્રત્યે બોલ્યા જે, તમો કાંઈ ચિંતા કરશો નહીં. અમારા પિતા ધર્મદેવના પ્રતાપથી એ લશ્કર થોડા સમયમાં પાછું ભાગી જશે. એમ કહેતા સતા પોતાના પિતાને તથા સંધ્યાગીરી બાવાને તથા તે રાજાને સર્વેને ધીરજ આપીને સર્વેને દેખાતાં પોતાના ઐશ્વર્યથી ત્યાંને ત્યાં કેટલાક આરબોનું સૈન્ય હથિયારબંધ દેખાડ્યું, ને તે સર્વેને આજ્ઞા આપી કે, તત્કાળ હથિયારે સહિત તે લશ્કરના સામે જઈ બંદુકોના ભડાકા કર્યા એટલે તેઓ મહાભય પામીને પોતપોતાના હથિયાર પડ્યાં મુકીને જીવ લઈને, જે નાઠા તે, એમને એમ આખી રાત વેઠીને બલરામપુર જઈને ઉભા રહ્યા. આવું મહા અદ્ભુત આશ્ચર્ય જોઈને ધર્મદેવ આદિક સર્વે રાજી થયા. અને તે નગરના રાજા ઘનશ્યામ મહારાજને બે હાથ જોડીને નમસ્કાર કરીને બોલ્યા જે, હે મહારાજ ! તમે તો સાક્ષાત્ પરમેશ્વર છો. ને મારી રક્ષા કરવા સારૂં અહીં પધાર્યા છો, નહીં તો લોહગંજરીને નવાબ સરકાર લૂંટી લઈ, બાળી દેત અને અમોને મારી નાખત. એમ કહીને રાજા, ઘનશ્યામ મહારાજને શિરપાવ આપીને પોતાના ગામ નગર ગયા. ત્યારબાદ નવાબના લશ્કરનાં હથિયાર તે સર્વેને બોલાવીને હવેલીના કોઠા ઉપર મૂક્યાં. પછી ધર્મભક્તિ પોતાના બે પુત્રોને સાથે લઈને લોહગંજરીથી ચાલ્યા તે ગામ બખરોલીમાં મિત્ર લક્ષણે સહિત ગુરૂબકસને ત્યાં પંદર દિવસ રોકાઈને, ત્યાંથી ચાલ્યા તે ગામ ખુરદાને વિષે રાજ બાબુરામની હવેલીના મેળા ઉપર અઢી માસ રહીને, પાછા છપૈયાપુરને વિષે આવ્યા.

વળી એક સમયને વિષે છપૈયાપુરમાં હવન અષ્ટમીના દિવસે

વેણી, માધવ અને પ્રાગ, શિવનારાયણ, સુખનંદન એ આદિક બીજા કેટલાક પોતાના બાળમિત્રોને સાથે લઈને ઘનશ્યામ મહારાજ પોતાના ઘેરથી ચાલ્યા તે નારાયણ સરોવરથી ઉગમણા બગીચામાં જતા હતા. ને ત્યાં જઈને બહિરી આંબાની દક્ષિણાદિ ડાળ ઉપર વેણીરામ આદિક સર્વે ઘોડા પલાણીને બેઠા. અને ઘનશ્યામ મહારાજ તો ઉગમણી ડાળ ઉપર જઈને બેઠા. અને સર્વે છોકરા મુંજની સોટીઓના કોરડા પોતપોતાના હાથમાં લઈને ઘોડાને જેમ બોલીને હાંકે તેમ પોતપોતાની ડાળમાં મારતા સતા જીભે કરીને ડચકારા કરતા હતા. તે સમયે ઘનશ્યામ મહારાજ પણ પોતે જે ડાળ ઉપર બેઠા હતા તે ડાળને મુંજના કોરડાથી સોટી મારી કે તુરત જ પોતાની ઈચ્છાથી તે ડાળમાંથી સર્વના દેખતાં એ સાત મુખવાળો દેવતાઈ ઘોડો સર્વે સામાને સહિત હણહણાટ કરતો નિસર્યો. તે ઉપર બેસીને પોતે એક મુહૂર્તવારમાં આખા છપૈયાપુરની એકસોને એક પ્રદક્ષિણાઓ ફર્યા. તે સમયે આ નારાયણ સરોવરમાં પાણી ભરવા માટે આવેલી કેટલીક સ્ત્રીઓ તે પોતાના મસ્તક ઉપર પાણીનાં ભરેલાં તાંબા પિત્તળનાં બેડાં લઈને ઉભી રહીને જોતાં જોતાં સ્થિર થઈ ગઈ, અને કેટલીક તો પોતાના બાળકોને ભૂલીને બે હાથ જોડીને પગે લાગતી હતી. અને કેટલીક તો પાણી ભરવા લાગેલી તે પાણી ભરવું ભૂલી જઈને એકદમ બહાર કાંઠા પર જતી હતી અને ઘનશ્યામ મહારાજનું મહા અલૌકિક સ્વરૂપ જોઈને સ્થિર થઈ ગઈ. અને તે સમયે કેટલાક બ્રાહ્મણો નારાયણ સરોવરમાં સ્નાન કરી કિનારા ઉપર બેસીને પોતાના હાથથી પોતાની નાસિકા પકડીને સંધ્યા કરતા સતા ઘનશ્યામ મહારાજને દેખીને સ્થિર બની ગયા. એવી રીતે દરેકના મનમાં ઉત્સાહ ઉત્પન્ન કરતા હતા. પછી દક્ષિણ દિશામાં આવેલું જે રામસાગર તળાવ તેના કાંઠા ઉપર પાણી ભરીને જતી અને આવતી કેટલીક સ્ત્રીઓ ઘનશ્યામ મહારાજને જોઈને સ્થિર થઈ ગઈ.

ત્યારબાદ પશ્ચિમ દિશાએ રહેલો દુંદ તરવાડીનો બિહિરી નામનો જે કુવો, તેના ઉપર જળ ભરવા આવેલી છપૈયાપુરની કેટલીક સ્ત્રીઓ પોતાના શરીરનું ભાન ભૂલીને ઘનશ્યામ મહારાજની કેડે પોતાનાં બેડાં પડ્યાં મૂકીને ચાલતી હતી. ત્યારબાદ ત્યાંથી ઉત્તર તરફ આવેલા ઘનશ્યામ મહારાજને જોઈને ખાંપા તલાવડીમાં જળ ભરીને જતી સ્ત્રીઓ પોતાનાં બાળકોને પડતાં મૂકીને તથા બેડાં મસ્તક ઉપરથી નાખી દઈને ઘનશ્યામ મહારાજની પછવાડે ચાલતી હતી. એવી રીતે હે રામશરણજી ! આ છપૈયાપુરની એકસોને સાત પ્રદક્ષિણાઓ આગળ કહું છું, તે ગામમાં થઈને ફરતા હતા. ત્યારે પ્રથમ તો ગામ સુરવાલ તથા તિનવા તથા ગામ દાનનગર તથા અસનારા તથા ભોઈગામ તથા ગાયઘાટ, વિશ્વામિત્રી નદીના ગૌઘાટે જઈને ત્યાં નદીમાં ઘોડાને પાણી પાઈને આગળ ચાલ્યા તે ગામ લોહગંજરી તથા પતીજીયા તથા ગામ નાગપુર થઈને ગામ નેવાદે આવતા હતા. અને ત્યાં રાજા સન્માનસંગના કોટમાં જઈને તેના કૂવામાંથી જળ મંગાવીને તેનું પાન કરતા હતા. ઘોડાની પાયગા જોઈને ત્યાંથી ચાલ્યા તે ગામ સોંસરા થઈને મોટા પીપળાના વૃક્ષ નીચે આવી ઘડીક ત્યાં વિશ્રામ લઈ, પાછા છપૈયાપુરને વિષે આવ્યા ને જ્યાં પોતાના સર્વે સખાઓ રમતા હતા. ત્યાં આવ્યા. ત્યારે તે ઘોડો સર્વેને દેખતે સતે પોતાની ઈચ્છાથી અદશ્ય થઈ ગયો. આવું મહા અદ્ભૂત ચરિત્ર જોઈને સર્વે બાળકો તથા કેટલાક જનો આશ્ચર્ય પામ્યા તથા ધર્મભક્તિ, રામપ્રતાપભાઈ અને વશરામ તરવાડી આદિક સર્વેએ છપૈયાપુરવાસી જનોને વાર્તા કહી. જે સાંભળી સર્વે આશ્ચર્ય પામ્યાં.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે દીઘાઘાટે હરિહર ક્ષેત્રને મેળે ગરૂડજી ઉપર બેસી તીર્થયાત્રા કરવા ગયા ને બોત્તેર નદીઓના સંગમમાં સ્નાન કરતાં ધર્મદેવને ચતુર્ભુજરૂપે દર્શન દીધું અને નવાબના લશ્કરને આશ્ચર્ય દેખાડ્યું ને છપૈયાપુર આવ્યા અને

પ્રદક્ષિણા ફર્યા. એ નામે સત્તરમો અધ્યાય પૂરો થયો. ॥ ૧૭ ॥

## અધ્યાય ૧૮

## બ્રહ્માનો ગર્વ ઉતાર્યો તથા બીજી લીલા.

ત્યાર પછી અત્યંત આદર પૂર્વક રામશરણજી પૂછતા હતા જે, હે કાકા ! એ સિવાય બીજાં પણ ઘનશ્યામ મહારાજનાં ચરિત્ર મને કહો, એ ચરિત્ર સાંભળતાં મારૂં મન તૃપ્ત થતું નથી. એવું સાંભળીને અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, એક સમયને વિષે મહા સુદી ૪ ચોથને દિવસે ઘનશ્યામ મહારાજ વહેલા સ્નાન કરીને આંગણાંમાં આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર બેસીને પોતાની નિત્યવિધિ કરતા હતા. તે સમયે ચાર મુખવાળા અને હંસ વાહનવાળા બ્રહ્માજી સત્યલોકમાંથી આવ્યા. તે પોતાના હંસને નારાયણ સરોવર ઉપર ચરતાં હંસ, કારંડવ તથા જળ કુરટક તથા બતક ઈત્યાદિક જનાવર ભેગો રમતો મૂકીને બ્રહ્મા પોતે જ્યાં ઘનશ્યામ મહારાજ બેઠા હતા, ત્યાં આવીને સાષ્ટાંગ નમસ્કાર કરીને બેઠા. તે સમયે ઘનશ્યામ મહારાજ પોતાનું નિત્યકર્મ પૂરૂં કરી રહ્યા ન હતા, ને વચ્ચે બ્રહ્મા પોતે બે હાથ જોડી બોલ્યા જે, હે મહારાજ ! હે ભગવન ! મારાથી હવે આ કારખાનું જે બ્રહ્માંડમાં જીવ પ્રાણીમાત્ર ઉત્પન્ન કરવારૂપ દાખડો થતો નથી. માટે તમો દયા કરીને બીજાને સુપ્રત કરો. તેવું સાંભળીને શ્રીજી બોલ્યા જે, તમો જ કર્યા કરો, તમારા ઉપર હું ઘણો જ પ્રસન્ન છું. એમ ઘનશ્યામ મહારાજે પોતાના અંતઃકરણમાંથી હેતપૂર્વક કહ્યું, પરંતુ તે બ્રહ્મા તો એમ બોલ્યા, હે મહારાજ ! હવે તો મારાથી નહિ થાય. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હમણાં તમો બેસો. આ નિત્યકર્મ કર્યા બાદ તમારી સાથે વાત કરીશ. એમ કહ્યું. ત્યાર પછી પોતાની ઈચ્છાથી આઠમુખ વાળા કેટલાક બ્રહ્મા આવ્યા તે આવીને પગે લાગીને બોલ્યા જે, હે અક્ષરાધિપતિ પુરૂષોત્તમ ભગવાન ! તમારી શી આજ્ઞા છે ?

ત્યારે મહારાજે સાનમાં સમજાવીને બેસાર્યા. તેટલામાં તો વળી સોળ મુખવાળા બ્રહ્મા આવ્યા અને હાથ જોડી નિર્માની થઈ બોલ્યા જે, મહારાજ ! શી આજ્ઞા છે ? ત્યારે મહારાજે સંકેત કરી બેસાર્યા. તેટલામાં તો વળી ઉત્તર દિશા તરફથી હજારો હજાર બીજા બ્રહ્મા પોતપોતાના વાહન ઉપર બેસીને નારાયણ સરોવરના કાંઠા ઉપર આવીને બગીચામાં ઉતર્યા. ત્યારે ઘનશ્યામ મહારાજે ચતુર્મુખી બ્રહ્માને કહ્યું જે જાઓ, બગીચામાં કોણ આવેલ છે ? જુઓ. ત્યારે તે બ્રહ્મા જોવા ગયા, ત્યાંતો તે બ્રહ્મા પોતાના હાથમાં કમંડળ લઈને નારાયણ સરોવરમાં સ્નાન કરવા સારૂં આવ્યા. તે કેવા હતા તો હજારો મુખવાળા અને ભગવાનની આજ્ઞાને વિષે વર્તનારા, તેમને જોઈને બ્રહ્માને ગર્વ ઉતરી ગયો. અને તે ચતુર્મુખી બ્રહ્મા નીચું મુખ રાખીને ઘનશ્યામ મહારાજની પાસે આવીને સાષ્ટાંગ નમસ્કાર કરીને પગે લાગીને બોલ્યા જે, હે મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો. ને મેં ના પાડી તે મારી મોટી ભૂલ થઈ. એમ પોતે અતિ નિર્માની થઈને બોલ્યા. વળી એમ કહ્યું જે, હે મહારાજ ! આવું કામ ફરીથી હું કોઈ દિવસ નહીં કરૂં. એમ પરિતાપ કરીને ઘનશ્યામ મહારાજની આજ્ઞા માગીને પોતાના વાહન ઉપર બેસીને મનમાં અતિશય પસ્તાવો કરીને પોતાના સત્યલોકને વિષે ગયા. ત્યારબાદ ત્યાં આવેલા બીજા બ્રહ્માઓ સર્વે ઘનશ્યામ મહારાજની ચંદન-પુષ્પ વડે પૂજા કરીને આજ્ઞા લઈને નમસ્કાર કરીને ચાલ્યા, તે નારાયણ સરોવરના ઉત્તરાદા કાંઠા ઉપર થઈને પાછા બગીચામાં આવીને અદ્રશ્ય થઈ ગયા. આવું જે ઘનશ્યામ મહારાજનું મહા અદ્‌ભૂત ઐશ્વર્ય જોઈને ધર્મ-ભક્તિ, રામપ્રતાપભાઈ સહિત વશરામ તરવાડી આદિક છપૈયાપુરના સર્વ જનો મહા આશ્ચર્ય પામ્યાં. પછી ઘનશ્યામ મહારાજ નિત્યકર્મ કરી રહ્યા અને ભક્તિમાતાએ પોતાના પુત્રને દહીંવડાં પુરી આદિક રસોઈ કરીને જમાડ્યા.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓને સાથે લઈને દહીંયા આંબા ઉપર ચઢીને ઝાડ પીપળાની રમત રમતા હતા. તે રમતાં રમતાં બપોર થઈ ગયા. પરંતુ જમવા સારૂં ઘેર આવ્યા નહીં. ત્યારે ધર્મદેવ બોલ્યા જે, આજે ઘનશ્યામ કેમ જણાતા નથી ? ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, તે તો સવારના પહોરમાં દહીંને ભાત જમીને રમવા ગયા છે. તેવું સાંભળીને રામપ્રતાપભાઈને કહ્યું જે, તમો ઘનશ્યામને બોલાવી લાવો. જમવામાટે રસોઈ તૈયાર થઈ છે. ત્યારે ભાઈ પોતાના હાથમાં સોટી લઈને ખોળવા ચાલ્યા તે નારાયણ સરોવરના ઉગમણે કિનારે ચારે તરફ જોઈને, ત્યાંથી મીનસાગરના ઉગમણે કાંઠે જઈને મહુડાના વૃક્ષ નીચે ઉભા રહ્યા ને ચારે તરફ નજર ફેરવીને જોયું પણ કયાંઈ દીઠા નહિ. પછી ત્યાંથી ચાલીને ગામ પીરોજપુર તથા છપૈયાપુર એ બેની હદમાં પીપળાના વૃક્ષ નીચે જઈને ઘણીકવાર ઉભા રહ્યા. તે સમયમાં વણિક સુખનંદન ત્યાં આવ્યા ત્યારે તેને પૂછ્યું જે, સુખનંદન ! અહીં આ વૃક્ષ નીચે ઘનશ્યામની સાથે તમો હમેશાં રમો છો, તે ઘનશ્યામ હજી કેમ અહીં આવ્યા નથી, કયાં ગયા છે ? ત્યારે બોલ્યા જે, અમોને તો આજે ઘનશ્યામ મળ્યા નથી. તેવું સાંભળીને ભાઈ ત્યાં થકી ચાલ્યા તે દુંદુ તરવાડીના બહિરી કૂવા ઉપર ગયા અને ત્યાં ચારે તરફ જોયું પરંતુ કયાંય દીઠા નહિં. એટલે ત્યાંથી રીસના ભર્યા કોટના દરબારમાં આવીને વિચાર કરવા લાગ્યા જે, હવે ઘનશ્યામ મળે તો ચાર સોટીઓ મારૂં. એવો સંકલ્પ કરી ત્યાંથી ચાલ્યા તે ખાંપા તલાવડી ઉપર ચારે તરફ જોઈને રતનપાંડેના મહુડાના વૃક્ષ હેઠે થઈને ઉગમણા બગીચામાં ગયા. ત્યારે તો ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓની સાથે બહિરી આંબા ઉપર ઝાડ પીપળીને રમતા જોઈને મહા હાકોટો કરીને બોલ્યા જે, હું તમોને કેટલુંક ખોળું ! મારા તો ફરી ફરીને પગ થાકી ગયા, પણ તમો કયાંઈ મળ્યા નહિ. તેવું

સાંભળીને મારવાના ભયથી પોતાના ભાઈને દેખતે સતે પોતાના સખાઓની રજા માગીને તે આંબાની ઉપરથી એકદમ કૂદ્યા તે કોઈને ગમ પડી નહિ. અને પોતાના મોતી મામાના કૂવા આગળ આવીને પડ્યા અને ત્યાં થકી તુરત ઉઠીને મોટા જાંબુડાના વૃક્ષ નીચે થઈને નારાયણ સરોવરના દક્ષિણાદા કાંઠા ઉપર થઈને ઉતાવળા ઉતાવળા પોતાના ઘેર આવીને ઓસરીના ખૂણામાં ખાટલીની પાછળ બેસી ગયા. એટલામાં તો ભાઈ પણ ઘેર આવ્યા. ત્યારે તેમને જોઈને પોતે થર થર કંપતા સતા બોલ્યા જે, હે દીદી ! ભાઈ આવ્યા તે મને મારશે. ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, હે બાપ ઘનશ્યામ ! તમોને ભાઈ મારશે નહિ કાંઈ ચિંતા કરશો નહિં. એમ કહીને ભક્તિમાતા ઘનશ્યામની સમીપે જઈને હાથ ફેરવતાં હતાં. તે સમયે પોતાના મામા મોતી તરવાડીને ઘનશ્યામ મહારાજના વૃત્તાંતની વાત ભાઈએ કહી તે સાંભળીને મોતી તરવાડી આદિક સર્વે પુરવાસી જનો મહા આશ્ચર્ય પામતાં હતાં. તે વાર પછી નિર્ભય થઈને ઘનશ્યામ મહારાજ પોતાના મોટાભાઈ તથા ધર્મદેવ સહિત પોતે જમવા બેઠા.

વળી એક સમયને વિષે શ્રાવણ માસમાં છપૈયાપુરથી ધર્મભક્તિ પોતાના બન્ને પુત્રોને સાથે લઈને અયોધ્યાપુરીને વિષે હીંડોળાનાં દર્શન કરવા ચાલ્યાં તે રસ્તામાં મનોરમા નદી અને મખોડા ઘાટે ગયા. ત્યારે તે નદીમાં બે કાંઠે પાણી આવેલું હતું ને ઉપરથી થોડો થોડો વરસાદ પણ આવતો હતો. તે વખતે વહાણ પણ મળ્યું નહિ. તેથી ધર્મદેવ ચિંતા કરવા લાગ્યા. તે અંતર્યામીપણે ઘનશ્યામ મહારાજ જાણીને ભક્તિમાતાને કહેવા લાગ્યા જે, હે દીદી ! મારે તો સ્નાન કરવું છે. ત્યારે ભક્તિમાતા આંગળી પકડીને પાણીમાં થોડેક દૂર લઈ ગયાં. એટલે તે વખતે એમ બોલ્યા જે, આ પાણીમાં જવાનો રસ્તો છે. માટે તમો આવો. એમ કહીને પોતે ભક્તિમાતાની આંગળી મૂકી દઈને પોતાના

બે હાથ પહોળા કર્યા કે તુરત જ ઉપરના ભાગમાં આવતા પાણીની મોટી પાળ્ય બંધાઈ ગઈ, અને નીચે ઉતરતે ભાગે તે પાણી ઉતરી ગયું અને પછી પાણી બંધ થઈ ગયું. તેવું દેખીને તત્કાળ ધર્મભક્તિ રામપ્રતાપભાઈ સહિત ઘનશ્યામ મહારાજની પાછળ ચાલ્યા. તે એમને એમ સામા કાંઠે ગયાં ને ત્યાં જઈ ધર્મદેવે પાછું વળી જોયું તો પ્રથમના જેવું પાણી નદીમાં જોયું, તે ઐશ્વર્ય જોઈ બાંધેલા પરથાર ઉપર જઈને બેઠા. ત્યારે ત્યાં મંદિરના ચોતરા ઉપરથી પ્રથમથી બેઠેલા વૈરાગી અને એક બાઈ તે પણ આવું નવીન ચરિત્ર જોઈને અતિશય રાજી થયાં અને આવીને પૂછવા લાગ્યાં કે, હે હરિપ્રસાદ પાંડે ! આટલા બધા પાણીમાં થઈને તમો સર્વે આવ્યાં અને તમારાં કપડાં તો કોરાં છે તે શું ? ત્યારે ધર્મદેવ બોલ્યા જે, હે જ્ઞાનદાસ ! એ તો આ અમારા નાના પુત્રે નદીની પ્રાર્થના કરી તેથી ગંગાજીએ માર્ગ આપ્યો, અને અમો ચારે જણ ઉતરી અહિં આવ્યાં. તે સાંભળીને ત્રણે જણ મહા આશ્ચર્ય પામ્યાં. પછી વૈરાગીએ તેમનું સન્માન કર્યું, અને પોતાના મંદિરમાં ઉતારો કરાવીને સીધાનો સરસામાન આપીને રસોઈ કરાવીને ચારે જણ જમ્યાં. પછી તે વૈરાગીએ કહ્યું જે, હે હરિપ્રસાદ ! આવું ઐશ્વર્ય સાક્ષાત્ રામચંદ્રજી સિવાય બીજા કોઈનામાં હોય નહિં. માટે આ તમારા પુત્ર સાક્ષાત્ રઘુનાથજી છે. એમ કહીને ઘનશ્યામ મહારાજનાં બે ચરણારવિંદ જોઈને તેમાં સોળ ચિહ્નોને જોઈને કહેવા લાગ્યો જે અહો ! આતો સાક્ષાત્ પોતે ભગવાન છે, એમ કહીને વારંવાર નમસ્કાર કરીને પગે લાગ્યા. ત્યાર પછી ધર્મદેવ બેય પુત્ર સહિત મનોરમા નદીમાં સ્નાન કરીને મંદિરમાં ઠાકોરજી જાગ્યા એટલે ત્યાં ઠાકોરજીનાં દર્શન કરીને ત્યાંથી ચાલ્યા તે, મંદિરની આથમણી દિશાએ એક મોટા પીપળાના વૃક્ષ નીચે વિશ્રામ કરીને કૂવાના કાંઠા ઉપર બેઠા, તેટલામાં તો તે પીપળા તળે દેરીમાંથી ભવાની મહાકાળી સાક્ષાત્ સ્ત્રીને વેશે આવીને ઘનશ્યામ

**મહારાજને નમસ્કાર કરીને બે હાથમાં શ્રીફળ આપીને તથા પુષ્પના હાર પહેરાવીને તે દેવી પાછાં અદ્રશ્ય થઇ ગયાં. એવું ચરિત્ર જોઇને ધર્મભક્તિ આનંદ પામતાં સતાં ત્યાંથી ચાલ્યાં તે સરયૂને કાંઠે ગયાં. ત્યાંથી વહાણમાં બેસીને સામે કિનારે રામઘાટે ઉતરીને હનુમાનગઢીએ જઈને દર્શન કર્યાં. ત્યાર પછી કેટલાક બ્રાહ્મણ તથા વૈરાગી તે મંદિરમાં ચારે તરફ બેસીને ભાગવત, રામાયણ આદિકની કથા કરતા હતા. તે સર્વેને દક્ષિણાઓ આપીને ત્યાં થકી ચાલ્યાં તે બરહટ્ટા બજારમાં આવીને પોતાના નિવાસ સ્થાને ઉતારો કર્યો.**

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે બ્રહ્માનો ગર્વ ઉતાર્યો. ને દહીંયા આંબા ઉપરથી ઝાડપીપળી રમતાં કૂદ્યા. ને અયોધ્યાપુરી જતાં મનોરમા નદીનું પૂર રોકીને માતાપિતાને પાર ઉતાર્યાં. એ નામે અઢારમો અધ્યાય પૂરો થયો. ।। ૧૮ ।।

## અધ્યાય ૧૯
## અયોધ્યામાં કરેલાં ચરિત્રો.

**વળી એક સમયને વિષે અયોધ્યાપુરીમાં ધર્મભક્તિ પોતાના બે પુત્રોની સાથે જન્માષ્ટમીને દિવસે કનકભુવનના મંદિરમાં ગયાં. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરીને પરિક્રમા ફરવા લાગ્યાં. તે સમયમાં તુલસીદાસ નામે કરીને મંદિરના મહંત હતા તેમને ઘનશ્યામ મહારાજની ઈચ્છા થકી સમાધિ થઈ. સમાધિમાં વૈકુંઠધામના અધિપતિ રામ-લક્ષ્મણ અને જાનકીદેવીને મહા તેજોમય રત્નસિંહાસન ઉપર વિરાજમાન જોયાં અને પરમ આનંદ પામ્યા અને પગે લાગ્યા. ત્યારબાદ વૈકુંઠનાથ એમ બોલ્યા જે, હે તુલસીદાસ ! આ હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામ મહારાજ તે તો સાક્ષાત્ અક્ષરાધિપતિ પુરૂષોત્તમ નારાયણ છે. અને સર્વ અવતારના નિયંતા છે. એમ કહેતાં સતાં તે વૈરાગી ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી સમાધિમાંથી જાગીને ઘનશ્યામ મહારાજને બે હાથ જોડીને પગે લાગી.**

ચંદન પુષ્પ વડે પૂજા કરીને આરતી ઉતારવા લાગ્યો. ને પોતાના મનમાં પુરૂષોત્તમ નારાયણનો નિશ્ચય કરીને પ્રગટ પ્રમાણ ઘનશ્યામ મહારાજનું ભજન કરતો હતો. એવી રીતનું મહા અદ્ભૂત ચરિત્ર જોઈને સર્વે અયોધ્યાપુરવાસી જનોને તે વાર્તા કહી.

ત્યારબાદ વળી નમ્રતાપૂર્વક રામશરણજી બોલ્યા જે, હે મહારાજ ! આ કહ્યું તેવું જ બીજું ચરિત્ર મને કહો. ત્યારે મહારાજ બોલ્યા જે, એક સમયમાં અયોધ્યાપુરીને વિષે જન્મ સ્થાનકમાં દર્શન કરવા ધર્મદેવ તથા ભક્તિમાતા પોતાના પુત્રોને લઈને ગયાં. તે વખતે પારણામાં રામલક્ષ્મણની બે નાની મૂર્તિઓ પધરાવી પૂજારી ઝુલાવતો હતો તે વખતે દર્શન કરવા સારૂં ગયાં. એટલે પારણામાં બેઠાથકા ઠાકોરજી પોતાના બે હાથે ઘનશ્યામ મહારાજને હાથે ઝાલીને કહેવા લાગ્યા જે, હે કૃપાનાથ ! તમો આ પારણામાં પધારો. ત્યારે પોતે બીજું રૂપ ધારણ કરીને તે પારણામાં જઈને બેઠા. અને એકરૂપે ભક્તિમાતાની પાસે ઉભેલા છે, તેવું ઐશ્વર્ય જોઈને પૂજારી તો મહા વિસ્મય પામ્યો. તે સમયે કેટલાક બીજા માણસો દર્શન કરવા આવેલા તે સર્વેને દેખતાં તે પૂજારી પ્રત્યે ઠાકોરજીની પ્રતિમા બોલી કે, હે પૂજારી ! આ ઘનશ્યામ મહારાજ તો અક્ષરાધિપતિ પૂર્ણપુરૂષોત્તમ ભગવાન છે, અને આ એમનાં માતાપિતા તે તો ધર્મ ને ભક્તિ છે. તેમના દ્વારે કરૂણા કરીને આ લોકમાં સર્વે જીવોનું કલ્યાણ કરવા પધાર્યા છે. માટે તમો દર્શન પૂજન આદિ જે જે સેવા કરવી હોય તે કરો. એવું મહા અલૌકિક પોતાના ઈષ્ટદેવનું વચન સાંભળીને આનંદ પામી, ચંદન પુષ્પ વડે ઘનશ્યામ મહારાજની પૂજા કરીને ભારે ભારે વસ્ત્ર ઘરેણાં પહેરાવ્યાં. ત્યારબાદ પોતાના હાથમાં કરતાલ આદિ વાજીંત્ર લઈને ઉભો થઈ નૃત્ય સાથે વગાડવા લાગ્યો. તેને પ્રેમનો ભર્યો જોઈને પ્રસન્ન થયેલા ઘનશ્યામ મહારાજે પારણામાંથી તત્કાળ નીચે ઉતરીને પોતાની પ્રસાદીનો હાર

આપ્યો. એવી રીતે પૂજા કરી રાજી કરીને ત્યાં ઉભા રહ્યા. તેટલામાં તો સર્વે માણસોને દેખતાં સતાં અંજની સુત બ્રાહ્મણના વેશે આવીને ઘનશ્યામ મહારાજને પગે લાગીને એક મોટો પુષ્પનો હાર પહેરાવીને મંદિરની પરિક્રમા ફરવા લાગ્યા. તે વાર પછી પોતાના પિતા ધર્મદેવને કહ્યું જે, હવે તો ઘેર ચાલો. તેવું સાંભળીને ધર્મદેવ તથા ભક્તિમાતા પોતાના પુત્ર સહિત ઘેર આવ્યાં.

વળી એક સમયને વિષે ભક્તિમાતા રસોઇ કરીને ઘનશ્યામ મહારાજ આદિકને જમાડ્યા તે સમયમાં ગયાદત્ત નામનો એક અસુર પોતાના પૂર્વના વેરને સંભાળી, ભગવાનને મારવાના ઈરાદાથી સામી દુકાને આંબલીના વૃક્ષ નીચે બાબુરામ તંબોળીની પાસે આવીને બેઠો. તે વાતને અન્તર્યામી સ્વરૂપે ઘનશ્યામ મહારાજે જાણી લીધી અને પોતાની કરડી નજરે તેના સામું જોયું કે તત્કાળ તે અસુરને બહુ સંતાપ ઉત્પન્ન થયો. તેણે કરીને ત્યાંથી નાસી ગયો. ત્યાર પછી ઘનશ્યામ મહારાજ ભોજન કરી ચળુ કરી પાનબીડી જમતા સતા બોલ્યા જે, હે દાદા ! આવતી કાલે સોમવતી અમાવાસ્યા છે. માટે આપણે સર્વે રામઘાટે સરયૂગંગામાં સ્નાન કરવા જઈશું. એમ મર્મનું વચન બોલ્યા, પરંતુ કોઈને ખબર પડી નહીં. પછી બીજે દિવસે રામઘાટ સરયૂગંગામાં પોતાના માતાપિતા સાથે સ્નાન કરવા ગયા. ત્યારે રામઘાટ ઉપર બ્રાહ્મણ પાસે કપડાં મૂકીને પોતે ઘનશ્યામ મહારાજ સ્નાન કરવા ઉતર્યા. ત્યારે ગોરે સંકલ્પ કરાવ્યો એટલે ગૌદાન આપ્યું. પછી જળમાં થોડેક દૂર જઈને ડૂબકી મારી તે વખતે મહાદુષ્ટ ગયાદત્ત નામનો અસુર મગર રૂપે થઈને જોરથી ઘનશ્યામ મહારાજને પકડીને પાણીમાં ઘણેક દૂર લઈ ગયો. તે જોઈને ધર્મભક્તિ તથા રામપ્રતાપભાઈ કંપતા સતા બહાર આવી મહા શોકાતુર બની ગયા અને માતાપિતા પણ રૂદન કરવા લાગ્યાં. તે સમયે કિનારે સ્નાન કરવા માટે આવેલા બીજા હજારો

માણસો પણ શોકાતુર થઈ ગયાં અને પરસ્પર બોલ્યાં, અહો ! આ તો બહુ ખોટું થયું. એ સમયમાં જળમાં મગર ઉપર બીરાજેલા, ઘનશ્યામ મહારાજ સર્વજનોને દેખતાં જળ ઉપર આવતા હતા. ને મહા પછાડ્યો ખાતા અને જળ થકી ઉંચો દુ:ખે કરીને ઉછળતા મગરરૂપ ગયાદત્ત અસુરને પોતે એક હાથ વડે ઝાલીને એકદમ તે જળથી બહાર આવ્યા. તે જોઈને સર્વ જનો પણ આશ્ચર્ય પામવા લાગ્યાં. પછી પોતાના મોટાભાઈના સામું જોયું એટલે શેષનારાયણ રૂપ રામપ્રતાપભાઈએ તે પકડેલા મગરરૂપ અસુરની સમીપે જઈને તેના મસ્તક ઉપર પોતાનો ડાબો પગ મૂક્યો. એટલે તેજ વખતે અસુર પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરીને ઉભો રહ્યો. એટલે બન્નેને અંદરો અંદર મહાઘોર યુદ્ધ થયું. તેને જોવા હજારો જનો આવ્યાં. છેલ્લી વખતે રામપ્રતાપભાઈએ બે પગ ઝાલીને ચારે તરફ ફેરવીને પ્રાણ રહિત કરી પૃથ્વી ઉપર ફેંક્યો. એટલે મૃત્યું પામી ચત્તોપાટ પૃથ્વી ઉપર પડ્યો. ત્યારે કેટલોક છે વિસ્તાર જેનો અને મોટા પર્વતની ગુફાઓ જેવી જેની નાસિકા છે એવો અને ઠાલા કૂવા જેવી જેની બે આંખો છે એવો અને હળની ડાંડી જેવી જેની દાઢ્યો છે, એવા મહા ભયંકર અસુરને જોઈને સર્વે જનો મહા ત્રાસ પામ્યા અને પરસ્પર કહેવા લાગ્યા જે, ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી રામપ્રતાપભાઈએ દુષ્ટને મારી નાખ્યો તે સારૂં કર્યું. કેમ કે આ અસુર મગરરૂપે થયેલો હતો, તેથી કેટલાક માણસોને મારી નાખત. એમ બોલી ઘનશ્યામ મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય કરી રામપ્રતાપભાઈ પણ સાક્ષાત્ ઈશ્વરાંશ છે એમ કહીને પગે લાગીને પોતપોતાના ઘેર ગયા. ત્યારબાદ અસુરને માર્યો તે વાત આખા શહેરમાં પ્રસિદ્ધ થઈ. એટલે શહેરમાં રહેનાર મહામદોન્મત્ત અસુરે પોતાના મનમાં વિચારી ઘનશ્યામ મહારાજનું બળ જોવા સારૂં તેમની પાસે આવવાનો વિચાર કર્યો. પછી ધર્મભક્તિ પોતાના બન્ને પુત્રોને સાથે

લઈને રામઘાટથી ચાલી સ્વર્ગદેરીમાં ગયાં. અને ત્યાં લક્ષ્મણજીના મંદિરમાં તથા નાગેશ્વર મહાદેવના મંદિરમાં દર્શન કરીને કનકભુવન થઈને રત્નસિંહાસન, રામમહોલ, જન્મસ્થાનક, કોપભવન, રંગમહોલ તથા રામકોટ આદિક બીજાં કેટલાંક મંદિરોમાં દર્શન કરી, હનુમાનગઢીએ થઈ, મણિરત્ન પર્વત થઈ, વિદ્યાકુંડ, સીતાકુંડ, સૂર્યકુંડ તથા ભટેશ્વર મહાદેવ, એ આદિક સર્વે તીર્થમાં દર્શન કરીને પોતાના નિવાસ સ્થાને આવ્યાં.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે કનકભુવનના મંદિરમાં ત્યાંના મહંત તુલસીદાસને સમાધિમાં વૈકુંઠધામ દેખાડ્યું ને રામપ્રતાપભાઇએ ગયાદત્ત અસુરને માર્યો. એ નામે ઓગણીસમો અધ્યાય પૂરો થયો. ॥ ૧૯ ॥

## અધ્યાય ૨૦ – મલ્લલીલા.

વળી એક સમયે અયોધ્યાપુરીમાં ઘનશ્યામ મહારાજ પોતે તથા કેશરીસંગ તથા ભવાનીસંગ તથા માનસંગ તથા રાધેચરણ તથા શામલાલ તિવારી તથા જંગબહાદુર એ આદિક બીજા કેટલાક પોતાના સખાઓથી વિંટાણા થકા રામઘાટે રમવા જતા હતા. તે સમયે નેપાળ દેશના કેટલાક મલ્લો દેશાન્તરોમાં દિગ્વિજય કરીને ફરતા ફરતા છેલ્લી બાકી ત્યાં રામઘાટે આવ્યા. ત્યારે તે બાળકોને મલ્લકુસ્તી રમતા દેખીને સર્વે મલ્લ તેમની સાથે રમવા લાગ્યા. એટલે ઘનશ્યામ મહારાજે પોતાના મિત્રોને વિષે હજાર હજાર હાથીના બળની પ્રેરણા કરી અને મલ્લોને છિન્નભિન્ન કરીને તત્કાળ જીતી લીધા. તે વાતની અયોધ્યાપુરીના મલ્લોને ખબર પડી, તેથી કેટલાક શૂરવીર મલ્લોએ ઘનશ્યામ મહારાજની સાથે વિવાદ કરી પોતાની જીત કરવા માટે પોતપોતાની વિદ્યાને તૈયાર કરી રાખી. પછી બીજે દિવસે સવારના પહોરમાં આખા શહેરમાં એમ વાત ચાલી જે હરિપ્રસાદ પાંડેના પુત્ર

ઘનશ્યામપ્રસાદજીને જીતવા સારૂં ભીમસંગ, માનસંગ અને દિલ્હીસંગ એ ત્રણ રાજાના ભત્રીજા જાય છે. એમ જાણીને અયોધ્યાપુરીના રાજા દર્શનસંગજી ઘનશ્યામ મહારાજના ઐશ્વર્યને પ્રથમથી જાણે છે. માટે એ ત્રણને પોતાની પાસે બોલાવીને કહ્યું જે, ભાઇઓ ! તમે એ હરિપ્રસાદ પાંડેના પુત્રને ઓળખતા નથી. માટે આગળ શું થશે તે વાતની તપાસ કરીને જજો. ત્યારે તેઓ એમ બોલ્યા જે, હે રાજન્ ! તમારી પ્રસન્નતા વડે કરીને હમણાં જ અમો તેને જીતીને તમારી પાસેથી મોજ લઈશું. તેવું સાંભળીને તે રાજા બોલ્યા જે, ભલે, તો તો ઠીક છે. જાઓ. હું પણ ત્યાં જોવા માટે આવું છું. તેમાં જે જીતશે તેને હું શિરપાવ આપીશ. પછી તે શૂરવીરો પોતાની હોશિયારી દેખાડીને શિરપાવ લેવાનો મનમાં ઉમંગ છે તેથી, ત્રણે જણ પોતપોતાના ઘેરથી ચાલીને ભેગા થઈને હનુમાનજીનાં દર્શન કરીને પોતાનો જય માગતા હતા. પછી ત્યાંથી ચાલ્યા ત્યારે તો હજારો માણસોથી વીંટાણા થકા બરહટ્ટા નામના શાખાનગરમાં આવીને ધર્મદેવના આંગણાં સામું બજારમાં આંબલીનું મોટું વૃક્ષ છે ત્યાં આવીને ઉભા રહ્યા. અને તે સમયે રાજા પોતે શહેરના મોટા ધનપતિ શાહુકાર તથા પોતાના મિત્રજનો તથા પોતાના સેવકો સાથે આવતા હતા. તે આવીને મોટી આંબલી નીચે કૂવાના કાંઠા ઉપર ગાદી તકિયા નંખાવીને પોતે બિરાજમાન થયા. અને ઘનશ્યામ મહારાજને બોલાવીને પોતે રાજાએ સર્વ હકીકત સંભળાવી. તે સાંભળીને રામપ્રતાપભાઇ બોલ્યા જે, લ્યો હવે ઘનશ્યામ ! તમો શું કરશો ? આતો તમારી પરીક્ષા કરવા આવ્યા. ત્યારે બોલ્યા જે, ભાઈ ! લાજ તો સહુને વહાલી છે. તમો કંઇ ચિંતા કરશો નહિ. ને માતાપિતાને આ વાત કરજો. એમ કહીને તત્કાળ ઘરમાં જઇ માતાપિતાને પગે લાગી, રજા લઇ કુસ્તી કરવા તૈયાર થયા. ત્યારે ધર્મભક્તિ ભગવાનની સ્તુતિ કરી એમ બોલ્યા, હે ભગવન્ ! હે રામચંદ્રજી ! લાજ તમારા

હાથમાં છે. ત્યારે માતાપિતાને ધીરજ આપવા સારૂં પોતાનું થોડીક વાર વૈરાજપુરૂષ રૂપે દર્શન આપ્યું. પછી બાળસ્વરૂપે પ્રથમના જેવા જણાયા. તેવું મહા અલૌકિક ઐશ્વર્ય જોઈને પ્રસન્ન થયેલાં ધર્મભક્તિ બોલ્યાં, હે રામપ્રતાપ ! હવે ચિંતા નહી. આતો મહાપ્રતાપી જણાય છે. એમ કહીને અંતરમાં શાન્તિ પામતાં હતાં. ત્યારબાદ આવેલા દિલ્હીસંગ તથા માનસંગ તથા ભીમસંગ એ ત્રણ મલ્લમાંથી ભીમસંગ ઉભો થઈને તાલ બજાવીને બજાર વચ્ચો વચ્ચ ઉભો રહ્યો, અને ઘનશ્યામ મહારાજ મલ્લના સામે ઉભા રહ્યા, તેમને બજારમાં સૌ જોઈ રહ્યાં હતાં. તે સમયે આકાશમાં પોતપોતાનાં વિમાનોમાં બેસીને બ્રહ્માદિક તેત્રીસ કરોડ દેવો સર્વે આવીને ઘનશ્યામ મહારાજની ચરિત્રામૃતલીલા જોતા હતા. અને તે સમયે રાજા તથા સભાસદોના સાંભળતે ભીમસંગ બોલ્યો જે, હે ઘનશ્યામ ! તમો મારા પરાક્રમને જાણતા નથી. માટે હું તમોને મારો થોડોક ચમત્કાર દેખાડું તે તમો જુઓ. એમ કહીને પોતાના પગે ચોવીસ મણ લોઢાની સાંકળ બાંધી, સર્વે જોવા આવેલા માણસો પ્રત્યે બોલ્યો જે, તમો સર્વે આ સાંકળને ખેંચો. ત્યારે તે મનુષ્યો પોતાના હાથમાં લોઢાની સાંકળ ઝાલીને ખેંચવા લાગ્યા, પરંતુ એક તસુ તેનો પગ ખસ્યો નહિં. ત્યારબાદ મહામદનો ભરેલો ને ઉન્મત્ત અને ગર્વથી મદાંધ થયેલો તે વળી ઘનશ્યામ મહારાજ પ્રત્યે બોલ્યો જે, હે ઘનશ્યામ ! મારૂં જોર દીઠું ? એમ કહીને વળી બોલ્યો જે, હિંમત હોય તો અમારે પગે બાંધેલી સાંકળને ખેંચી જુઓ. તેવું સાંભળીને રામપ્રતાપભાઈને અંતરમાં ડર લાગ્યો જે, હવે કેમ થશે. એવી રીતની ચિંતા કરવા લાગ્યા. ને સભાને વિષે બેઠેલા હજારો જનના મનમાં એમ થયું જે કયાં આ બાળક અને કયાં મલ્લ ! આતો મહા અન્યાય થયો છે. પછી ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી સર્વેને અદ્‌ભૂત રૂપ દેખાયું. તે જેને જેવા દેખાવા જોઈએ તેવા તેને ઘનશ્યામ મહારાજ દેખાયા અને સાંકળ પાસે આવ્યા ત્યારે

ભીમસંગને ઘનશ્યામ મહારાજ કેવા દેખાણા ? તો હજારો હજાર હાથીના બળવાળા, મહા શૂરવીર, કરડી મૂર્તિ જોઈને પોતાના મનમાં ત્રાસ પામી ગયો. પરંતુ લોકલાજથી કાંઇ બોલી શક્યો નહીં. ત્યારે ઘનશ્યામ મહારાજ પોતાની લાઘવતાથી ડાબા હાથથી તે સાંકળ પકડી. ત્યારે તે સાંકળના એકી સાથે અગિયાર કકડા થઇ ગયા અને તે ભીમસંગ ખેંચાયો. તેને જોવા આવેલા મનુષ્યોનાં કુંડાળા થકી બહાર જઈને પડ્યો. એટલે તેના મુખમાંથી રુધિરની ધારા ચારે તરફ નીકળી, તે જોઈને સર્વે મનુષ્યો મશ્કરી કરવા લાગ્યાં. તેથી એમને એમ પાછો પોતાના કર્મે ભમાવેલો ઉઠીને સભામાં આવીને બોલ્યો જે, હે દિલ્હીસંગ ! તારી સાંકળ લાવ, સાંકળને આ ઘનશ્યામના પગે બાંધીને હું ખેંચીને પાડી નાખું. ત્યારે સર્વે સભાસદોએ નિષેધ કર્યો ને બોલ્યા જે, હવે જવા દો. તમારૂં બળ તો માલુમ પડ્યું. હવે હે માનસંગ ! હે દિલ્હીસંગ ! તમારા મનમાં વિચાર હોય તો તમો બન્ને ઉઠો. તેવું સાંભળીને તે બન્ને બોલ્યા જે, હે ભાઈઓ ! હે રાજન્ ! અમો તો જોવા આવ્યા છીએ. પરંતુ ભીમસંગને અધૂરું હોય તો લ્યો અમારી સાંકળો આપી. એમ કહીને પોતાના હાથે તે સાંકળોને ઉંચી કરીને ભીમસંગની આગળ મૂકી, કે તુરત જ ભીમસંગે લઇ લીધી. પછી સર્વેના સાંભળતાં ભીમસંગ બોલ્યો જે, આ ઘનશ્યામના પગે બાંધીને હમણાં જ હું પાડી નાખીશ. એમ બોલ્યો. ત્યારે ગર્વભંજન પોતાનું કામ કરતા છતા ઘનશ્યામ મહારાજ તે સાંકળ લઈને પોતાના હાથમાં પોતાના પગે બાંધીને સર્વે સભાના વચ્ચે ઉભા રહ્યા અને બોલ્યા જે, હવે તમો ખેંચીને મને પાડી નાખો. તે જ વખતે ધર્મભક્તિ સહિત રામપ્રતાપભાઈને તથા રાજા આદિક સર્વ સભાજનને ઘનશ્યામ મહારાજનું વિરાટ નારાયણરૂપે દર્શન થયું. તે કેવું હતું તો હજારો મુખ, હાથ અને ચરણવાળું અને રોમમાં આખું વિશ્વ રહેલું છે, એવું સ્વરૂપ સર્વને દેખાડ્યું. પરંતુ

ભીમસંગને તો નાના બાળરૂપે દેખાતા હતા. પછી મહાહર્ષનો ભર્યો તે સાંકળ ઝાલીને સર્વને દેખતે છતે પોતામાં જેટલું બળ હતું તે સર્વ એકઠું કરીને બોલ્યો જે, ભાઈઓ ! જુઓ. આ સાંકળ સહિત આ ઘનશ્યામને શહેર બહાર સરયૂગંગામાં નાખી દઉં છું. એમ કહીને પોતે જેવી સાંકળ ખેંચવા લાગ્યો તેવો જ પોતે પહેરેલો તંગીયો તૂટી ગયો. પરંતુ ઘનશ્યામ મહારાજ એક આંગળ પણ ખસ્યા નહિ, ત્યારે મહા ક્રોધે ભરાઈ બળથી ખેંચવા લાગ્યો તે વખતે ઘનશ્યામ મહારાજ તો ખસ્યા નહિ પણ. સાંકળ તૂટી ગઈ. તેથી પોતે સાંકળનો કટકો એક હાથમાં રહેલો એવો થકો પાછલે ભાગે સો કદમ છેટે જઈને એક આંબલીના વૃક્ષ સાથે અથડાઈને પડી ગયો. ત્યારે જેનાં અંગો ભાંગી ગયાં છે એવો અને મોઢામાં ભરાઈ ગઈ છે ધૂળ જેને એવો થકો, સર્વેને દેખતે છતે બે ઘડી પર્યંત પડી રહ્યો. ત્યારે સર્વજનો ઘનશ્યામ મહારાજનો આવો મહા અલૌકિક પ્રતાપ જોઈને આશ્ચર્ય પામ્યાં અને રાજા જે પોશાક લાવ્યા હતા, તે સર્વે ઘનશ્યામ મહારાજને પાસે બોલાવીને પગે લાગીને આપતા હતા. તે વખતે મહા આનંદ વડે જોવા આવેલા બ્રહ્માદિક દેવોએ પ્રસન્ન થઈને આકાશમાં રહીને ચંદનપુષ્પ વડે ઘનશ્યામ મહારાજને વધાવી લીધા. તે જોઈને સર્વે જન મહા વિસ્મય પામી ઘનશ્યામ મહારાજનાં દર્શન કરીને પોતપોતાના ઘેર ગયાં. તથા ભીમસંગ પણ પોતાના મનમાં પસ્તાવો કરી, ઘનશ્યામ મહારાજની પાસે આવીને નિર્માની થઈ ચરણારવિંદમાં પોતાનું મસ્તક મૂકીને પગે લાગીને, પોતાના સંબંધીજનો સાથે પોતાના ઘેર ગયો. અને ઘનશ્યામ મહારાજ તે રાજા થકી સન્માન પામીને પોતાનાં માતાપિતા અને ભાઈની સાથે પોતાના મુકામે ગયા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ભીમસંગ આદિક મલ્લને જીત્યા એ નામે વિસમો અધ્યાય પૂરો થયો. ॥ ૨૦ ॥

## અધ્યાય ૨૧
## ખાંપા તલાવડીની લીલા.

હે રામશરણજી ! વળી એક સમયે ભક્તિમાતા ધર્મદેવ પ્રત્યે બોલ્યાં જે, ઘરમાં ચોખા, દાળ આદિ સીધુ થઈ રહેવા આવ્યું છે. માટે તમો લાવો તો અહીં થોડાક દિવસ રહીને છપૈયાપુર જઈએ. તેવું સાંભળીને ધર્મદેવ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા જે, હમણાં અહીં થોડાક દિવસ રહેવાનો વિચાર હતો પરંતુ સીધું સમાપ્ત થયું છે. એમ જાણીને કહ્યું જે, હમણાં તો ચાલે તેટલું છે કે નહીં ? ત્યારે કહ્યું જે, આજ તો ચાલશે, પણ સવારે જોઈશે. એ વાત સાંભળીને ઘનશ્યામ મહારાજ દહીંને ભાત જમતા સતા રામ રામ એવા શબ્દ ઉચ્ચારણ કરવા લાગ્યા. તેજ ટાણે પોતાની ઈચ્છા વડે કરીને તત્કાળ રઘુનાથજી પોતે બ્રાહ્મણના વેષે આવીને ઘનશ્યામ મહારાજને પગે લાગીને ચંદન પુષ્પ વડે પૂજા કરી, ચરણારવિંદમાં બે સોના મહોરો મૂકીને સમીપે ઉભા રહ્યા. ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, ઘનશ્યામભાઈ ! આ તમારી પાસે ઉભા છે તે કોણ છે ? ત્યારે કહ્યું જે, એ તો અમારાં દર્શન કરવા માટે મોટા દેવ આવ્યા છે, એમ બોલ્યા. તે વાર પછી તે મોટા દેવ મંદિરમાં જઈને સિંહાસન ઉપર ઠાકોરજીની મૂર્તિમાં અદ્રશ્ય થઈ ગયા. ત્યારે પોતાની પાસે મૂકેલી સોનામહોરો પોતાના પિતાને આપીને બોલ્યા, હે દાદા ! જાઓ, તમે જોઈતું સીધું લઈ આવો. અહીં આપણે એક માસ રહેવું છે. એમ કહે છે તેટલામાં તો રામપ્રતાપભાઈ જન્મસ્થાનકે દર્શન કરવા ગયા હતા તે ત્યાંથી આવ્યા. ત્યારે સોનામહોર જોઈને વિસ્મય પામતા હતા. પછી ધર્મદેવ રામપ્રતાપભાઈને સાથે લઈને બજારમાં સીધું લેવા ગયા. ત્યારે ભક્તિમાતા રસોડામાંથી રસોઈ કરીને ઠાકોરજીને જમવાનો થાળ મુકીને બહાર આવીને ઘનશ્યામ મહારાજને કહ્યું, હે ઘનશ્યામ ! ચાલો તમારા પિતાને તથા ભાઈને બોલાવો જમવાની તૈયારી

છે. તેવું સાંભળીને તત્કાળ પોતે તેડવા ગયા. અને થોડા સમયમાં તેડીને આવ્યા. પછી ઘનશ્યામ મહારાજ સહિત ધર્મદેવ જમવા બેઠા, તે વખતે ભક્તિમાતાએ કહ્યું જે, હમણાં સીધુ લાવશો નહિ, કેમ કે સવારે છપૈયા જવું છે. એમ કહીને સર્વને જમાડતાં હતાં. ત્યારપછી બીજા દિવસે રસોઇ કરીને સર્વને જમાડીને ધર્મદેવ સહિત પોતાના બે પુત્રોને સાથે લઇ શ્રી અયોધ્યાપુરીથી ચાલ્યા તે છપૈયાપુર આવ્યા.

વળી એક સમયે ઘનશ્યામ મહારાજ વેણીરામ અને પ્રાગ તથા સુખનંદન એ આદિક પોતાના બાળમિત્રોને સાથે લઇને ઉત્તર દિશા તરફ ચાલ્યા, તે ખાંપા તલાવડી ઉપર જઇને ત્યાં હરિદાસ નામે બાવો પોતાની પર્ણકૂટીમાં બેસીને રામાયણ વાંચતો હતો. તે કથા સાંભળવા સારૂં ઘડી એક બેસીને તે તલાવડીમાં સ્નાન કરવા ગયા અને બોલ્યા જે, હે વેણી ! માધવ ! આ શાનાં વૃક્ષ દેખાય છે ? એની સુંદર મનોહર સુગંધ આવે છે. માટે ચાલો આપણે ત્યાં જઇએ. એમ કહેતા સતા જળમાંથી નીકળીને આગળ ચાલ્યા. ત્યારે સુખનંદન નામના સખા બોલ્યા જે, હે ઘનશ્યામ ભાઇ ! આતો કદમનું વૃક્ષ છે. અને પેલું દેખાય છે તેતો કેવડાનું વૃક્ષ છે. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, આપણે પ્રથમ કેવડો લઇએ અને પછી કદમના ફુલની માળાઓ કરીને પહેરીએ. એમ કહી, કેવડો લઇ કદમના વૃક્ષ નીચે આવ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજ અહો . . ભાઇઓ ! આમાં તો ઘણી સુગંધ છે. એમ કહીને પોતે ફુલ વીણવા લાગ્યા, એટલે બીજા સર્વે સખાઓ ભેળા થઇને પુષ્પનો એક હાર નાભી સુધી લાંબો કરીને તથા બાજુબંધ, તોરા, ટોપી ઇત્યાદિ સમગ્ર આભૂષણો ફુલના બનાવીને ઘનશ્યામ મહારાજને પહેરાવતા હતા. અને તેની ઉપર કેવડાની કડીઓ મુકીને સર્વે બોલ્યા જે, અહો .. આ ઘનશ્યામભાઇ રૂડા શોભે છે. એટલામાં તો મઢીમાંથી બાવો બહાર નીકળ્યો ને તે શોભા જોઇને સ્થિર થઇ ગયો. તેજ વખતે ગામનો ગોવાળ

ગાયો લઈને ચારવા જતો હતો. તેને જોઈને ઘનશ્યામ મહારાજ ઘેરો શબ્દ કરીને વાંસળી વગાડતા હોય તેવો શબ્દ કાઢીને બોલાવતા હતા. તે સમયે ભગવાનનો સાદ સાંભળીને ગાયો પૂછડાં અને મોઢાં ઉચાં કરીને દોડી, તે પોતાના ગોવાળો પાછી વાળી  છતાં વળી નહિ અને હીંસોરા કરીને ઘનશ્યામ મહારાજની પાસે અતિ હેતે કરીને આવી, ત્યારે તે ગાયોને આવતી જોઈને પોતાના સખાઓ સહિત તત્કાળ તલાવડી ઉપર આંબલીનું વૃક્ષ હતું તેના ઉપર ચઢી ગયા, ત્યારે ગાયો સર્વે આંબલીના વૃક્ષ નીચે આવીને ઉંચાં મુખ કરીને ભગવાનની સામે જોઈ રહી. ત્યારબાદ ગોવાળોએ લઈ જવા ઘણા ઉપાયો કર્યા પરંતુ લેશ માત્ર ત્યાંથી ખસી નહિ. ત્યારે ઘનશ્યામ મહારાજે જાણ્યું જે, આ ગાયો મને મુકીને જશે નહિ. અને આ સખા સર્વે અકળાશે, એમ જાણીને લાંબો હાથ કર્યો તે તરત સર્વે ગાયો ચાલી. એટલે પોતે આંબલી ઉપરથી હેઠે ઉતરવાનો વિચાર કરે છે, ત્યાંતો પોતાની ઈચ્છાથી જમણી સાથળમાં તે આંબલીનો ખાંપો લાગ્યો, તેથી તે જગ્યાએ રૂધીર નીકળ્યું તે જોઈને સર્વે સખાઓ ઉદાસ થઈ ગયા. તે સમયે ગાયો બોલાવી તે ચરિત્ર જોવા સારૂં પ્રથમ આવેલા જે ઈન્દ્રાદિક દેવો, આ ઘનશ્યામ મહારાજને સાથળમાં વાગ્યું હતું તે જોઈને પોતાના અશ્વિનીકુમાર વૈદ્યોને બોલાવી લાવ્યા. એટલે તેઓ આવીને નમ્રતા પૂર્વક પગે લાગીને ઘનશ્યામ મહારાજને વેણીરામના કપડેથી પાટો બાંધીને ઈન્દ્ર સહિત અશ્વિનીકુમાર અદશ્યપણે એમ બોલ્યા જે, હે મહારાજ ! મારા યોગ્ય કામ હોય તો સેવકને બોલાવજો, એમ કહીને વંદન કરીને અદશ્ય થઈ ગયા, ત્યારપછી સુખનંદન ઉતાવળા ઘેર આવીને તે વાત ધર્મદેવને કહી જે, હે ફુવા ! તમારા ઘનશ્યામને સાથળમાં ખાંપો લાગ્યો છે. એવું સાંભળીને ધર્મદેવ ઉતાવળા તલાવડી ઉપર આવીને જોયું, ત્યારે ઘનશ્યામ મહારાજની સાથળે પાટો બાંધેલો દેખીને પૂછવા લાગ્યા જે,

હે વેણીરામ ! આ પાટો કોણ બાંધી ગયું ? ત્યારે વેણીરામ બોલ્યા જે, અમારા સર્વના દેખતાં દેવોના વૈદ્ય આવીને બાંધી ગયા, તેવું સાંભળીને ધર્મદેવ બહુ રાજી થયા. પછી પોતાના પુત્રને ઘેર લાવવા સારૂં કેડે બેસાડવાનું કહે છે. તેટલામાં તો ઘનશ્યામ આગળ ચાલતા ઘેર આવ્યા. ત્યારે સર્વના મનમાં શોક થવા લાગ્યો ને કહ્યું જે, હે ઘનશ્યામભાઇ ! આ શું થયું ? ત્યારે પોતાના હાથે પાટો છોડીનાખીને બોલ્યા જે,હે દીદી! જુવોને, મને કાંઇ વાગેલું માલુમ પડતું નથી. પરંતુ જે ખાંપો વાગેલો તેની નિશાનીનું ચિહ્ન દેખાતું હતું. તે જોઇને તથા દેવો પાટો બાંધી ગયા તથા ગાયો બોલાવી તે સર્વે વૃતાંતની વાર્તા સાંભળી છુપૈયાવાસીજનો રાજી થતાં હતાં. હે રામશરણજી ! એ ઘનશ્યામ મહારાજને તલાવડી ઉપર આંબલીના વૃક્ષનો ખાંપો વાગ્યો તેથી તેનું ખાંપાતલાવડી નામ પડ્યું છે. તે વાર્તા વચનામૃતમાં છે.

અને વળી એક દિવસ પોતાના સખાઓ સાથે રમતા એ ખાંપાતલાવડીના કાંઠે મોટા આંબાના વૃક્ષ નીચે ગયા. ત્યારે એ વખતે કેટલાક કાળનો જુનો નાગ આંબાની પોલમાંથી નીકળીને બહાર આવીને પગે લાગતો હતો. ત્યારે પોતે દયાળુ એવા ઘનશ્યામ મહારાજે તત્કાળ તેની પાસે જઇને પોતાના ચરણાર્વિંદ વડે કરીને મસ્તક ઉપર સ્પર્શ કરતા હતા. તે તત્કાળ તેનો દેહ પડી ગયો. ને ચતુર્ભુજ દેવ થઇને પગે લાગીને આકાશ માર્ગે ચાલ્યો ગયો. એવી રીતનું ચરિત્ર કરીને પોતે સખાઓ સહિત ઘેર આવીને તે વાર્તા ધર્મભક્તિને કહી.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે સખાઓ સહિત તલાવડીએ સ્નાન કરવા ગયા તે જમણી સાથળમાં આંબલીનો ખાંપો વાગ્યો ને સર્પને દિવ્યગતિ પમાડ્યો એ નામે એકવીસમો અધ્યાય પૂરો થયો. ।।૨૧।।

## અધ્યાય ૨૨ :- જાંબુડાની લીલા.

વળી એક સમયે જયેષ્ઠમાસમાં રામપ્રતાપભાઇ તથા મંછારામ તથા વીરજા તિવારી તથા ઘનશ્યામ મહારાજ તથા વેણી, માધવ, અને પ્રાગ સહિત શ્રીછુપૈયાપુરથી આથમણી દિશામાં નૈઋત્ય ખુણામાં ગામ પીરોજપુરને વિષે આનંદ તરવાડીના વાડામાં મોટું એક જાંબુડાનું વૃક્ષ હતું. તેનાં પાકેલાં જાંબુ ખાવા માટે સર્વે જતા હતા. અને તે વૃક્ષ ઉપર ચડીને સારાં સારાં જાંબુ ફળ ખાઇને તથા જેટલાં લેવાય તેટલાં લઈ, ખોળા ભરીને સર્વે બીજા છોકરાઓ તો હેઠે ઉતરીને ઉભા રહ્યા અને ઘનશ્યામ મહારાજતો ઉપર રહીને પોતાના પગવડે જાંબુડાના વૃક્ષને હલાવતા હતા. તેથી કાચાં પાકાં સર્વે જાંબુફળ તુટીને નીચે પડ્યાં, તે જોઈને રામઅવધ ધોબી બોલ્યો, હે ઘનશ્યામ ! તમો આવું કામ શું કરો છો ? એમ કહે છે તેટલામાં તો જાંબુડાનો રખેવાળ આવી પહોંચ્યો. ત્યારે તેને જોઈને સર્વે સખાઓ રામપ્રતાપભાઈ સહિત ઘેર નાશી ગયા, ત્યારે ઘનશ્યામ મહારાજને એકલા જાણીને રખેવાળ રીસનો ભર્યો બોલ્યો જે, મારાં જાંબુફળ બધાય ખાઈ ગયા ને વડી બગાડ બહુ કર્યો. એમ કહીને મારવા સારૂં સમીપે આવ્યો. ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, હે ભાઈ ! મેં જાંબુ નથી પાડ્યાં. પાડનારા બીજા છોકરા હતા તે ઘેર નાશી ગયા, તે વચન નહીં માનીને મારવા સારૂં પોતાનો હાથ ઉંચો ઉપાડ્યો તે તત્કાળ ઘનશ્યામ મહારાજ નાઠા. ત્યારે તે રખેવાળ પણ મલ્લ હતો. તે પાછળ દોડી પકડવા ગયો. ત્યારે ઘનશ્યામ મહારાજ તેનો હાથ પકડીને દશ કદમ પાછો ઠેલીને એકદમ જોરથી નાખી દીધો. તેથી તે મલ્લતો પૃથ્વી ઉપર ચીત્તોપાટ પડ્યો, તે તુરત જ તેના પ્રાણ નીકળી ગયા. પછી કોઈ ન જાણે એ રીતે છાનામાના પોતાને ઘેર આવીને ઘનશ્યામ બેસી ગયા. ત્યારે રામપ્રતાપભાઈએ કહ્યું જે, હે ઘનશ્યામ ! શું થયું ? ત્યારે બોલ્યા જે, તમે મોટા ભાઈ તો અમોને એકલા મુકીને

નાશી આવ્યા, પણ અમે તો તેને ઠેઠ પહોંચાડીને આવ્યા છીએ. તેવું સાંભળીને ધર્મભક્તિ સહિત રામપ્રતાપભાઇ આદિક સર્વે છપૈયાપુર-વાસીજનો મહા આશ્ચર્ય પામતાં હતાં.

વળી એક સમયને વિષે છપૈયાપુરમાં ગોરખપુરનો રામરતન નામનો એક બ્રાહ્મણ ભાગવત ભણેલો આવ્યો અને ધર્મદેવને ઘેર આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર બેઠો, ત્યારે ધર્મદેવ બોલ્યા હે દેવ ! તમો ભાગવત સપ્તાહ કરી જાણો છો ? ત્યારે બ્રાહ્મણ બોલ્યો હા. પછી પોતાના પુત્ર રામપ્રતાપભાઈને કહ્યું જે, આ પંડીતને સીધુ આપીને રસોઇ કરાવો. ત્યારે રામપ્રતાપભાઇ ઘરમાં જઇ પાકું સીધુ લાવીને આપતા હતા. એટલે તે પંડીત આંબલી નીચે કુવા પાસે ગૌશાળામાં રસોઇ કરવા લાગ્યો, પછી ધર્મદેવ બોલ્યા જે, હે રામપ્રતાપ ! આપણા સંબંધી જનોને સમાચાર આપી, અહીં તેડાવો અને તરગામને વિષે બળદેવપ્રસાદજી તથા ગાયઘાટને વિષે પોતાના મામા મોતીતરવાડી ઉન્મત્તતરવાડી આદિ સર્વે સંબંધીને કુંકુમપત્રિકા લખીને બોલાવતા હતા. ત્યારે તે સર્વે આવીને કથાના સ્થળે મંડપમાં બેઠાં, પછી ગામમાંથી સુબોધ તરવાડી, પેલવાન તરવાડી, નિશ્ચલ તરવાડી તથા બીજા પણ કેટલાક વણિકો આવ્યા. એટલે તૈયાર કરેલ મંડપના મધ્યમાં બાજોઠ ઉપર ભાગવતનું પુસ્તક મુક્યું અને ધર્મદેવે શ્રીફળ, કેળાં, પુષ્પ તથા અક્ષત, કુંકુમ, દીપ, નૈવેદ્ય, આદિક સામગ્રી વડે પ્રથમ ભાગવતની પૂજા કરી. પછી પુરાણીની પૂજા કરી સમીપે બેઠા, એટલે પુરાણીએ કથાનો આરંભ કર્યો. તે કથા સાંભળવા માટે ચારે તરફ કેટલાક માણસો બેઠા. પુરાણી મધુર સાદે કરીને બોલવા લાગ્યો. તે સમયે ઘનશ્યામ મહારાજ પણ આવીને પોતાના મામાના ખોળામાં બેસી એકચિત્તથી કથા સાંભળતા હતા. તે કથા એક દિવસ વાંચીને પુરાણી બોલ્યા જે, હે ધર્મદેવ ! આ તમારા પુત્ર ઘનશ્યામ તો એકચિત્તે નજર રાખીને કથા

સાંભળે છે, માટે આતો કોઈ ઈશ્વરના ઈશ્વર અવતારી જણાય છે. એમ કરતાં કરતાં સાતમે દિવસે કથાની સમાપ્તી વખતે હજારો મનુષ્યો ભેગાં થયેલાં હતાં. અને પુરાણી માટે અડધોમણ દૂધ ગરમ કરીને મશાલો નાખી તૈયાર કર્યું હતું. તે દૂધમાંથી થોડુંક દૂધ બીજાં વાસણમાં ભરીને ધર્મદેવે પોતાના મંડપમાં પુરાણી કથા કરવા બેઠા છે. તેના પડખે સિંહાસનમાં બાળમુકુન્દ જે વિષ્ણુ, તેમને દૂધનું નૈવેદ્ય કરવા તે વાસણ સિંહાસન ઉપર મુક્યું કે તત્કાળ પોતાના હાથ લાંબા કરીને તે વાસણ ઉપાડીને મામાના ખોળામાં બેઠા સતા (ઘનશ્યામ) પી ગયા. તે ચરિત્ર જોઈને સર્વે જનો મહા આશ્ચર્ય પામ્યાં. ત્યારબાદ કથાની સમાપ્તી કરી. ત્યારે ધર્મદેવ પોતે પ્રથમ આરતી ઉતારવા લાગ્યા. ત્યારે કુબેરભંડારીએ બ્રાહ્મણના વેષે ત્યાં આવીને પાંચ સોનામહોરો પુસ્તક ઉપર મૂકી અને ઘનશ્યામ મહારાજને પગે લાગીને અમૂલ્ય મોતીની માળાઓ તથા જરીયાની વસ્ત્રો પહેરાવીને આકાશમાં અદશ્ય થઈ ગયા. ત્યારે તે પુરાણીએ પુછ્યું, હે ઘનશ્યામ બાબુ ! આ કોણ સોનામહોરો મૂકી ગયું? ત્યારે બોલ્યા જે, તમોએ સપ્તાહ કરી અમારા પિતા તથા ભાઈ આદિક સર્વેને સંભળાવી તેથી કુબેરભંડારી અમારી ઈચ્છાથી આવીને તમોને વિદાયગીરી આપી ગયા, તેવું સાંભળીને પુરાણી સહિત કેટલાક પુરવાસીજન ઘનશ્યામ મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય કરી પોતપોતાને ઘેર ગયા.

વળી એક સમયને વિષે તિનવા ગામમાં હાથીરામ પાંડેના ઘેર જમણવાર હતો. ને જમવા મોતી તરવાડી આદિક સર્વે પુરવાસી જનો તૈયાર થયા. ત્યારે ઘનશ્યામ મહારાજે રામપ્રતાપભાઈને કહ્યું જે, હે ભાઈ ! હું પણ તમારી સાથે જમવા આવીશ. ત્યારે નિષેધ કરીને બોલ્યા જે, આપણી દીદી જ્યારે આવે ત્યારે તેમની સાથે આવજો. અમારી સાથે નહીં. તેવું સાંભળી રોતા સતા ઓસરીમાં ઢળી પડ્યા. ને પગ

ઘસવા લાગ્યા ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, ખમા કરે મારા ઘનશ્યામને હે ભાઇ ! ચાલો આપણે તેનાથી પહેલાં જઇએ. એમ કહીને હાથમાં પકડીને ઉભા કરવા લાગ્યાં એટલે બે નેત્રે સહિત મુખારવિંદ ઉપર બે હાથ દબાવીને જુઠા જુઠા ઢોંગ કરીને રોવા લાગ્યા. તે વખતે વશરામ તરવાડી પોતાના પુત્ર મંછારામ સહિત આવીને બોલ્યા જે, હે ઘનશ્યામ! તમો હજી કેમ રૂદન કરો છો ? ચાલો જમવા તૈયાર થાઓ અને જુઓને! આ તમારા ભાઇબંધ વેણી, માધવ અને પ્રાગ પણ અમારી સાથે ચાલે છે, એમ કહીને બાથમાં ઘાલીને ઉભા કર્યા એટલે રોતા બંધ રહ્યા અને પછી ભક્તિમાતાએ વસ્ત્ર ઘરેણાં પહેરાવીને એક રૂમાલ કમરે બંધાવ્યો ને મસ્તક ઉપર ટોપી પહેરાવીને પોતાના ભાઇની સાથે જમવા મોકલ્યા. તે જ્યારે ગામ પીરોજપુરની હદમાં મોટા પીપળાના વૃક્ષ નીચે ગયા, ત્યારે વાંસે રહીને બેસી ગયા. તેમને જોઇને વશરામ તરવાડી બોલ્યા જે, હે ઘનશ્યામ ! કેમ બેઠા ? ચાલો ઉતાવળા, એમ કહીને ઉભા રહ્યા. એટલે પોતે ઉભા થઇને મામાની સમીપે આવ્યા. ત્યારે ચરણમાં પહેરેલ ઝાંઝરનો શબ્દ અતિશય ગંભીર થયો, તેથી પૃથ્વી ધમકતી હતી. તે સાંભળીને ભક્તિમાતાના મનમાં એમ થયું જે, અમારા ઘનશ્યામના પગમાં પહેરેલાં ઝાંઝરનો શબ્દ જણાય છે, તે જ્યારે ભોજન કરીને ઘેર આવશે ત્યારે પૂછીશ. એવી રીતનું મનમાં ચિંતવન થયું હતું. ત્યાર પછી હાથીરામ પાંડેના ઘેર ગયા. ત્યાં બ્રાહ્મણની પંક્તિ જમવા બેઠી હતી. તે વખતે ભૂતિયા કૂવામાંથી કેટલાંક ભૂત બહાર નીકળી આવીને જમવાના પાકમાં અભક્ષ્ય વસ્તુ નાખીને બગાડવાનો વિચાર કરે છે, તેટલામાં તો ઘનશ્યામ મહારાજ આવ્યા ને તે વાત જાણીને બોલ્યા જે, હે દુષ્ટમતિવાળાઓ ! આ શો ગજબ કરવા ધાર્યો છે ? ખબરદાર, જો કંઇ વિઘ્ન કર્યું તો ! અમે તમોને બદરિકાશ્રમ જવાની આજ્ઞા આપી હતી ને વળી તમો અહીં કયાંથી ? ત્યારે ભૂતો બોલ્યાં, હે ભગવન્ ! તે

વખતે અમો અહીં ન હતાં. થોડાંક તેમાંથી અયોધ્યાપુરી ગયાં હતાં. તેવું સાંભળીને પોતે જરા ભય બતાવ્યો તે તત્કાળ ત્રાસ પામીને પાછાં કૂવામાં પેસી ગયાં તેમને સર્વે મનુષ્યોએ મૂર્તિમાન જોયાં. ત્યારે વશરામ તરવાડીએ પૂછ્યું જે, હે ઘનશ્યામ ! એ કોણ હતાં ? ત્યારે તે વાત વિસ્તારપૂર્વક કહી દેખાડી. ત્યારબાદ ત્યાં થકી જમીને ચાલ્યા તે વચમાં આવતાં વશરામ તરવાડી બોલ્યા જે, આવો ઘનશ્યામ ભાણેજ ! મારા ખભા ઉપર બેસો. તે સાંભળી બોલ્યા જે, હે મામા ! અમો આજે ખૂબ જમ્યા છીએ. તમો ઉપાડી શકશો નહીં. ત્યારે બોલ્યા જે, એ શું કહો છો જે નહિં ઉપાડી શકાય ? એક સમયે હું દેવી પાટણના મેળામાંથી ઘેર આવતો હતો ત્યારે, વચ્ચે વનમાં એક મોટું શંખુનું લાકડું પડ્યું હતું તેને ઉપાડીને ઘેર લાવ્યો. ને તેમાંથી બે ગાડાં કરાવ્યાં અને થોડુંક વધ્યું છે તે આંગણામાં પડ્યું છે જઈને જોજ્યો. એમ કહીને તત્કાળ ઉપાડીને ખભા ઉપર બેસાડી દીધા. ત્યારે તુરત પોતાના મામાને આશ્ચર્ય પમાડવા માટે ત્રિલોકીનો ભાર પોતાને વિષે જણાવતા હતા. તેથી વશરામ તરવાડી તો બેસી ગયા અને એકદમ પૃથ્વી ઉપર મૂકી દીધા અને હાથ જોડીને સ્તુતિ કરતા બોલ્યા જે, હે ભગવન્ ! સર્વનો પાર પમાય પરંતુ તમારી માયાનો પાર કોઈ પામ્યું નથી. એવી રીતે હાસ્યવિનોદ કરતા સતા મામો ભાણેજ ઘેર આવતા હતા. ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, ઘનશ્યામ! તમારે કયો એવો આપત્કાળ પડ્યો હતો તે દોડવું પડ્યું ? ત્યારે બોલ્યા જે, હે દીદી ! તમોને દોડવાની ખબર કેવી રીતે પડી ? ત્યારે કહ્યું જે, તમારા ઝાંઝરનો શબ્દ મેં સાંભળ્યો હતો. તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દીદી ! જો હું ન દોડયો હોત તો ભૂત બધોય પાક બગાડત. એમ કહ્યું.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ધર્મદેવે ભાગવતની સપ્તા કરાવી ને જાંબુફળ જમવા ગયા ને

ત્યાં મલ્લનો હાથ ભાંગ્યો ને ગામ તિનવાથી ભોજન કરીને આવતાં મામાને પોતાનો ચમત્કાર દેખાડ્યો. એ નામે બાવીસમો અધ્યાય પૂરો થયો. ॥ ૨૨ ॥

## અધ્યાય ૨૩ - ઘનશ્યામ મહારાજનું ઐશ્વર્ય.

**વળી એક સમયે રામપ્રતાપભાઈ એકાદશીના દિવસે નારાયણ સરોવરમાં સ્નાન કરવા ગયા. ત્યારે તે વખતે ઉત્તરાદા કિનારા ઉપર નાના નાના વૈરાગી નારાયણ સરોવરમાં સ્નાન કરીને મોટા મહુડાના વૃક્ષ નીચે બેસીને ભગવાનનું ધ્યાન કરતા હતા. તેમણે જાણ્યું જે, ભગવાનના મોટાભાઈ આવે છે એમ જાણી ઊભા થઈ નમસ્કાર કરીને બોલ્યા, હે બળદેવજી ! તમારા ઘનશ્યામભાઈ કયાં છે ? તે સાંભળીને રામપ્રતાપભાઈ આશ્ચર્ય પામતા બોલ્યા, હે સંતો ! તમો એમને કયાંથી ઓળખો છો ? ત્યારે કહ્યું જે, અમારે તો પૂર્વની જૂની ઓળખાણ છે. ત્યારે પૂછ્યું જે, તમો કયા દેશમાં રહો છો ? તેવું સાંભળીને નવ વૈરાગી બોલ્યા જે, અમો તો રમતારામ છીએ અને સર્વે તીર્થોમાં ફરતા ફરીએ છીએ. અને અહીં તમારા ભાઈ ઘનશ્યામ મહારાજ પૂર્ણપુરૂષોત્તમ ભગવાન છે તેથી તેમનાં દર્શન કરવા માટે આવ્યા છીએ. તેવું સાંભળીને ભાઈ બહુ રાજી થયા ને કહેવા લાગ્યા જે, હું સ્નાન કરી લઉં, પછી આપણે સર્વે સાથે જઈએ, એમ કહીને સ્નાન કરવા ગયા. અને સ્નાન કરીને તેઓને સાથે લઈ ઘરે આવ્યા. તે સમયે ઘનશ્યામ મહારાજ આંગણામાં આંબલી નીચે ચોતરા ઉપર બેઠા હતા. ત્યાં આવીને તે નવ વૈરાગી દંડવત્ પ્રણામ કરીને બેઠા. તે ચરિત્ર જોઈને રામપ્રતાપભાઈ પોતાનાં માતાપિતા પ્રત્યે બોલ્યા જે, હે દાદા ! આ તો નવ યોગેશ્વર હોય તેમ જણાય છે. જુઓ તેમના શરીરની કાન્તિ કેવી રૂડી શોભે છે ? તેવું સાંભળીને ધર્મદેવ ઘરમાં હતા તે બહાર આવ્યા અને બોલ્યા જે, હે સંતો ! તમારાં નામ કહી બતાવો. ત્યારે તેમણે કહ્યું જે, અંતરીક્ષ, હરિ, કવિ, પીપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમીલ, ચમસ, કરભાજન, એવી**

રીતે પોતાનાં નામ કહ્યાં. તેવું સાંભળીને ધર્મદેવ આનંદ પામી બોલ્યા જે, અહો ! આ તો નવ યોગેશ્વર છે. એમ કહીને પગે લાગ્યા. પછી તે યોગેશ્વરો જુદા જુદા વેદમંત્રો વડે અનુક્રમે ઘનશ્યામ મહારાજની પૂજા કરવા લાગ્યા. ત્યારે આકાશમાંથી ઈન્દ્રાદિક દેવતાઓ ચંદન પુષ્પનો વરસાદ કરી, દુંદુભી વાજાં વગાડતા હતા.તે શબ્દ સાંભળીને છપૈયાપુરવાસી જન મોતી તરવાડી તથા હીરા તરવાડી, મંછારામ, કનૈરામ, સુંદરીબાઈ, સુરજાબાઈ એ આદિક સર્વે દોડીને ધર્મદેવના ઘેર આવતાં હતાં. તે આવીને ઘનશ્યામ મહારાજની નવ યોગેશ્વરોએ જુદી જુદી પૂજા કરી. ને ઘનશ્યામ મહારાજ નવ સ્વરૂપે થઈને તેમની પૂજાને અંગીકાર કરતા હતા તે જોઈને બોલ્યા જે, ભાઈઓ ! જુઓને આ ઘનશ્યામ બાબુ નવ સ્વરૂપે કેવા બન્યા છે ? એમ કહે છે ત્યાંતો પૂજાની સમાપ્તિ કરીને આવેલા નવ યોગેશ્વરો બોલ્યા. હે જગતપતિ ! તમોએ ઘણી દયા કરીને દર્શન આપીને અમારી સેવા અંગીકાર કરીને અમોને કૃતકૃત્ય કર્યા છે. માટે મનુષ્યનાટક ધરીને પૃથ્વી ઉપર વિચરણ કરતા તમો જ્યારે સત્સંગમાં પ્રસિદ્ધ થાઓ, ત્યારે અમો તમારી સમીપમાં આવીને તમારા હાથે અમારાં નામો બદલાવીને તમારી આજ્ઞામાં વર્તીશું. એવું અમારૂં મોટું ભાગ્ય થાય એવું વચન અમો નવ ભાઈઓ આપની પાસે માગીએ છીએ. ત્યારે (ઘનશ્યામ) પ્રસન્ન થઈ બોલ્યા જે, હે યોગેશ્વરો ! તમો કાઠિયાવાડ પ્રદેશમાં આવજો. ત્યાં તમારો અને અમારો મેળાપ થશે. અને તમોને દીક્ષા આપીને અમારા પરમહંસ કરીને અમારી પાસે રાખશું અને હાલમાં તમો જે જે તીર્થમાં જાઓ ત્યાં સર્વેને અમારા પ્રગટપણાની વાર્તા કરજો. એવી રીતે વાત કરે છે ત્યાંતો પોતે ધર્મદેવ આવીને બોલ્યા. હે ઘનશ્યામ ! તમો આ સર્વે યોગેશ્વરોને સાથે લઈને જમવા પધારો. રસોઈ તૈયાર થઈ છે. તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજ મોટાભાઈ સહિત તે નવ યોગેશ્વરોને સાથે લઈને

જમવા પધાર્યા. ત્યારે એક તરફ ધર્મદેવ પોતાના બન્ને પુત્રો સાથે બેઠા. અને સામે નવ યોગેશ્વરોને બેસાર્યા. તેમને અનુક્રમે ભક્તિમાતા ભોજન પીરસીને જમાડતાં હતાં. તે જમી તૃપ્ત થઈ ચળુ કરીને ધર્મદેવ સહિત ઘનશ્યામ મહારાજ પાછા નવ યોગેશ્વરોને સાથે લઈ ચોતરા ઉપર જઈ બેઠા. તે સમયે તરગામથી મામા લક્ષ્મીપ્રસાદ આદિક બે ચાર જણ મહેમાન આવ્યા. તે સર્વેને ભક્તિમાતાએ જમાડ્યા. પછી તે મહેમાને સહિત છપૈયાપુરવાસી જનો તથા ધર્મદેવ, રામપ્રતાપભાઈ સહિત નવ યોગેશ્વરોને વિદાયગીરી આપવા નારાયણ સરોવરના કિનારે ઉભા રહ્યા, તે સમયે યોગેશ્વરો ધર્મદેવ પ્રત્યે બોલ્યા, હવે તમો સર્વે પાછા જાઓ. અમો સર્વે ગામ ભેટીયાના તળાવના કાંઠે મોટા મહુડાના વૃક્ષ નીચે બેસીને પ્રગટ પુરૂષોત્તમ ઘનશ્યામ મહારાજનું ધ્યાન કરીશું, અને તેમની જેવી ઈચ્છા હશે એમ કરીશું, એમ કહીને આકાશ માર્ગે અદ્રશ્ય થઈ ગયા. તેમને જોઈને સર્વે આનંદ પામી પોત પોતાના ઘેર પાછા ફર્યા.

વળી એક દિવસ ધર્મદેવ પોતાના બન્ને પુત્રો સહિત મોતી તરવાડી, વશરામ તરવાડી, તેમણે સહિત ગામ બખરોલી જતાં વચ્ચે ભેટીયાના તળાવ ઉપર આવ્યા. તે સમયે અદ્રશ્ય સ્વરૂપે બેઠેલા નવ યોગેશ્વરો ઉભા થઈ મૂર્તિમાન આવીને ઘનશ્યામ મહારાજને પગે લાગીને પાછા પોતાના સ્થળે ધ્યાન કરવા બેઠા. તે ચરિત્ર જોઈને ધર્મદેવ બોલ્યા જે, હે મોતી તરવાડી ! આતો નવ યોગેશ્વરો પ્રથમ આવ્યા હતા તે જ છે. તે સાંભળી મોતી તરવાડી આદિક સર્વે મહા આશ્ચર્ય પામતા હતા.

વળી એક સમયને વિષે છપૈયાપુરમાં કોલેરાના રોગથી ઘણાં માણસો મરવા લાગ્યાં. તે ચારે તરફ ફરતાં પાંચ પાંચ ગાઉ સુધી મરતાં હતાં. તે જોઈને સર્વે માણસો દેવીની આગળ બકરાં આદિક પ્રાણીઓની હિંસા કરવા લાગ્યાં. છતાં પણ કોલેરાનો રોગ ઓછો થયો નહિ. ત્યાર પછી દેખાદેખી છપૈયાપુરમાં પણ કેટલાક અસુરો ભેગા થઈને જીવોની

હિંસા કરવી. તેવો સિદ્ધાંત કરીને પોતાની સાથે બોકડાં આદિક જીવોને લઈને નારાયણ સરોવરના ઉગમણે કિનારે ભવાનીમાતાના સ્થળે જઈને વાજીંત્રના શબ્દો કરી મહા પાપમય બુદ્ધિવાળા કેટલાક ભુવાઓ ધૂણીને બોલ્યા જે, મને બોકડાંનો ભોગ આપો. એ વાત સાંભળીને તુરત બોકડાંને દેવી સમક્ષ લઈ જઈને ઉઘાડી તલવારથી મારવાનો વિચાર કરે છે. તે સમયમાં ઘનશ્યામ મહારાજની ઈચ્છા થકી તે દેવી પોતાનું સ્વરૂપ પ્રગટ કરીને એકદમ સર્વેના દેખતે છતે ઉતાવળાં દોડીને અસુરના હાથમાંથી તલવાર ઝડપથી લઈ લીધી અને ક્રોધાયમાન થઈને કહેવા લાગી જે, તમો સર્વે આ દુરાચારની પ્રવૃત્તિ કરો છો તેથી તમારૂં મૂળમાંથી ભૂંડું થશે અને આ જીવની હિંસા કરવાથી કોઈ રોગ નાશ થવાનો નથી. એ તો ભગવાનની ઈચ્છાથી કોગળીયું ચાલ્યું છે તે તેમની ઈચ્છાથી મટી જશે. અને હું તો સત્ત્વગુણી દેવી છું ને ભગવાનને હિંસા કોઈ જીવની ગમતી નથી અને સત્શાસ્ત્રનો પણ એ મત નથી. માટે તમોને હું નિષેધ કરૂં છું છતાં હિંસા કરશો તો તમારા મસ્તકને હું આ તરવારથી કાપી નાખીશ અને તમો સર્વે હિંસા કરીને મને પણ અસુરના કુળને પમાડશો કે શું ? જો તમો સારૂં ઈચ્છતા હો તો આ છપૈયાપુરને વિષે હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામપ્રસાદ છે, તે પ્રગટ પુરૂષોત્તમ ભગવાન છે. તેમને અરજ કરજો તેથી તત્કાળ શાંતિ થઈ જશે અને તે સિવાય તમો લાખો ઉપાય કરશો તો પણ તમારૂં કંઈ ઠેકાણું પડશે નહિ. અને હિંસા કરશો તો મારા શાપ વડે તમારા કુળનું નિકંદન જશે. એવી રીતનું વચન સાંભળીને દૈવી જીવ હતા તેતો ઘનશ્યામ મહારાજનો આશ્રય કરીને તત્કાળ અનુસરતા હતા. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, તમો કંઈ ચિંતા કરશો નહિ. આજ દિવસથી હવે છપૈયાપુર ફરતાં પાંચ પાંચ યોજન સુધી કોઈ મનુષ્ય કોલેરાના રોગથી મરશે નહીં એવું વચન આપ્યું. તેને સાંભળીને કોલેરા શક્તિઓ આદિક સર્વે મળીને દેવીઓ

ભેગી થઈને ઘનશ્યામ મહારાજ પાસે આવી નિર્માની થઈ છેટે ઉભી રહીને બોલવા લાગી જે, હે મહારાજ અમારી હવે શી દશા થશે ? ત્યારે બોલ્યા જે, તમો અસુર કુળને વિષે નિવાસ કરીને રહેજો. ત્યારે તે દેવીઓ રાજી થઈ પગે લાગી સ્તુતિ કરીને ચાલી ગઈ. ત્યારબાદ આવી મહા અલૌકિક આશ્ચર્યની વાર્તા જાણીને પુરવાસીજનો સર્વે હર્ષનાં ભર્યાં ઘનશ્યામ મહારાજની પાસે આવીને બોલ્યાં જે, હે મહારાજ ! તમે તો અમોને જીવતાં રાખ્યાં, માટે તમો તો અક્ષરાધિપતિ પૂર્ણપુરૂષોત્તમ ભગવાન છો. તે દયા કરીને અમારાં ઘર પાવન કરો. અને સર્વેના ઘેર આવીને ભોજન કરો. તેવું સાંભળીને પ્રસન્ન થયેલા ભગવાન બોલ્યા જે, જાઓ તમો સર્વ પોતપોતાના ઘેર રસોઈ કરો. અમો આવીશું. એવી રીતની આજ્ઞા પામીને સર્વે જનો હર્ષ પામી પોતપોતાના ઘેર ગયાં. તેને કેટલોક સમય થયો એટલે ઘનશ્યામ મહારાજ પોતે અનેકરૂપ લઈ તે સર્વેને ઘેર જમીને આવતા હતા. તે જોઈને સર્વના મનમાં એમ થયું જે, જાણે મારે ઘેર ઘનશ્યામ જમવા આવ્યા છે. ને વળી કેટલાક એમ જાણતા હતા કે મારે ઘેર ઘનશ્યામ મહારાજ જમવા આવ્યા છે. તેવી વાર્તા એક બીજાને કરતાં હતાં. તેવું અલૌકિક ઐશ્વર્ય જણાવી પુરવાસી જનોને આનંદ પમાડતા હતા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે નવ યોગેશ્વરો આવ્યા તથા કોલેરાનો રોગ મટાડ્યો. એ નામે ત્રેવીસમો અધ્યાય પૂરો થયો. ॥ ૨૩ ॥

## અધ્યાય ૨૪

## ઘનશ્યામ મહારાજનાં વિવિધ ચરિત્રો.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજ પોતાના સખા જે વેણી, માધવ ને પ્રાગ તથા બંસીધર એ આદિક બીજા કેટલાક સખાઓને સાથે લઈને નૈઋત્ય ખૂણામાં ગામ પીરોજપુરને વિષે દક્ષિણાદિ તરફ

આનંદ તરવાડીના બાગમાં જામફળ, રામફળ તથા નારંગી, અંજીર આદિક ફળ ખાવા સારૂં જતા હતા. ત્યાં જઈને વાડીમાંથી પોતાને મનગમતાં ફળ ખાઈને બીજાં કેટલાંક બાંધીને ઘેર લાવવાનો વિચાર કરે છે. તે સમયે ગામ તિનવાનો ગરાસિયો ગામ પીરોજપુર આવતો હતો. તે આ સર્વે છોકરાઓને વાડીમાં જોયાં અને આનંદ તરવાડીને ઘેર જઈ વાત કરી. ત્યારે આનંદ તરવાડી તથા તેમના પુત્ર બજુ તરવાડી આદિક બીજા કેટલાક માણસો ક્રોધયુક્ત થઈ લાકડીઓ લઈ તે જગાએ આવી ક્રોધમાં કહેવા લાગ્યા જે, હમેશાં આ રીતે ચોરી કરીને ફળ ખાઈ જાઓ છો, પણ આજે ભલા લાગમાં આવ્યા છો. તેવું સાંભળીને સર્વે સખાઓને ઘનશ્યામ મહારાજે ધીરજ આપીને પોતાની પાછળ ઉભા રાખતા હતા. તે જોઈને મહા બળવાન આનંદ તરવાડીનો નાનો ભાઈ રઘુનંદન ઉતાવળે પોતાના હાથમાં લાકડી લઈને મોઢેથી ગાળો બોલતો બોલતો વાડીમાં પેઠો. તેને જોઈને ઘનશ્યામ મહારાજે જાણ્યું આ અસુર વસમો છે. તે આવ્યો, હવે કેમ કરીશું ? પરંતુ હે મિત્રજનો! તમોને હું મારવા દઈશ નહિ, ચિંતા કરશો નહિ. એમ કહે છે, ત્યાં તો અસુરને સમીપે આવતો દેખીને પોતાના સર્વે સખાઓને ઘનશ્યામ મહારાજે તત્કાળ પોપટ કરીને ઉડાડી મુક્યા. તે સાથે જ પોતાની ચાંચોમાં એક એક પાકુંફળ લઈને ઉડીને ખાંપા તલાવડીએ આંબાના વૃક્ષ ઉપર જઈને બેઠા અને ઘનશ્યામ મહારાજતો પોતાની પાસે જે સર્વે ફળ હતાં તેણે સહિત અદૃશ્ય થઈ ગયા, તે મહા અદ્ભૂત ચરિત્ર જોઈને મારવા આવેલા જનો બોલવા લાગ્યા, અહો ! ! ! હે ભાઈઓ ! આતો કોણ જાણે ક્યાં જતા રહ્યા ? એમ કહીને સઘડી વાડીમાં શોધવા લાગ્યા પરંતુ ક્યાંય પતો લાગ્યો નહિ. ત્યારે તે રઘુનંદન બોલ્યો જે, હે ભાઈ ! માનો કે ન માનો પણ ઘનશ્યામે પોતાના સખાઓને પોપટ બનાવીને ઉડાડી મુક્યા છે. અને પોતે પણ અહીંજ અંતર્ધાન થઈ ગયા છે. એમ

મને તો માલુમ પડે છે. એવું સાંભળી આનંદ તરવાડી બોલ્યા જે, હા તે વાત સાચી છે. એ ઘનશ્યામનાં ચરિત્ર તો તમો જુવો ! કેમ જે, એમણે બાળપણામાં કાલીદત્ત અસુરને માર્યો. ત્યારપછી આપણા ગામમાં મલ્લનો હાથ ભાંગી નાખ્યો, અને મૃત્યુંને પમાડ્યો, તે વાર્તા સર્વે કહેતા પણ માનતા ન હતા. પરંતુ આજે તમે જુઓ તો ખરા ! આપણી નજરે પોપટ કરીને ઉડાડી મુક્યા અને પોતે પણ ક્યાં ગયા તેની આપણને કાંઈ ખબર પડી નહિ. માટે તેતો ઈશ્વરના ઈશ્વર છે. એમ કહેતા સતા આનંદ તરવાડી ધર્મદેવને ઘેર તે સમાચાર કહેવા ગયા, ત્યારબાદ ઘનશ્યામ મહારાજ અદશ્ય થઈને ખાંપાતલાવડી ઉપર મોકલ્યા હતા જે, વેણી, માધવ અને પ્રાગ એ આદિક પોતાના સખા સર્વને પ્રથમના જેવા કરીને પોતે લાવેલા જે ફળો તે સર્વને વહેંચી આપીને પોતે તલાવડીના કાંઠે મોટા આંબાના વૃક્ષ નીચે બેસીને તે ફળો પોતાના સખાઓ સહિત ચંદ્રાકાર મંડળી કરીને જમવા લાગ્યા. એમ ઘણીવાર સુધી તે લીલા કરતા સતા પોતાના ઘેર આવતા હતા, તે આવ્યા ત્યારે આનંદ તરવાડી ધર્મદેવની આગળ ફળ ખાવાની વાર્તા કરતા હતા. તે સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દાદા ! અમોને આનંદ તરવાડી તેમની વાડીમાં મારવા આવ્યા હતા. તેવું સાંભળી આનંદ તરવાડી વિનંતિ પૂર્વક પગે લાગીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમે તો સાક્ષાત્ રામચંદ્રજી ભગવાન છો. અને મારા અપરાધ માફ કરજો. આવી રીતની સ્તુતિ કરી, ચરણારવિંદમાં પોતાનું મસ્તક મુકી પગે લાગ્યા.

વળી એક સમયને વિષે મોતી તરવાડીને ત્યાં વિવાહનો પ્રસંગ હતો. તે કારણથી બે ગાડાં જોડાવીને રામપ્રતાપભાઈ ઘનશ્યામ મહારાજ સહિત ધર્મદેવ આદિક કેટલાક જનોને સાથે લઈને મોતી તરવાડી દેવી પાટણના મેળે કપડાં આદિક સામગ્રી લેવા માટે છપૈયાપુરથી ચાલ્યા. તે વચ્ચે ગામ દુબરામાં બાવાની જગામાં જઈને રાત રોકાયા અને ત્યાંથી

ચાલ્યા તે ગામ ઉત્તરોલે ગયા અને ત્યાં ગામથી આથમણી બાજુએ બગીચામાં ગાડાં છોડીને બાટીઓ અને રીંગણાનું શાક કરીને જમ્યા અને ત્યાંથી ચાલીને દેવીપાટણ જઈને મોટા બગીચામાં ઉતારો કરીને ત્રણ દિવસ ત્યાં રહ્યા, ને ચાર બટઘોડા ખરીદ્યા તથા બીજો કેટલોક વિવાહનો સામાન લીધો અને પોતાના નાનાભાઈ હીરા તરવાડીને આપીને પાછા છપૈયાપુરમાં મોકલીને પોતે ધર્મદેવ સહિત તરાઈ દેશમાં જઈને, ત્યાંથી ચોખાનાં ગાડાં ભરીને પાછા વળ્યા, તે ઘેર આવતાં વચ્ચે બગરામપુર આવ્યા ને ત્યાં કંપામાં ઉતારો કરીને મોતી તરવાડી ઘનશ્યામ મહારાજને સાથે લઈને રાજાના હાથીની જાયગા જોવા ગયા. તે સર્વે હાથી જોઈ દરબારમાં થઈને દીવાનખાના આગળ આવ્યા અને થોડીવાર ત્યાં ઉભા રહીને ચાલ્યા તે રાજાના બાગમાં આવ્યા ને ત્યાં વાઘ, દીપડા, ચમરીગાયો, મેના, પોપટ, ગેંડા એ આદિક પશુઓ તથા કેટલાંક પક્ષીઓ જોઈને ઉતારા તરફ આવ્યા, ત્યાં તો કામરૂ દેશની કેટલીક ઠગારી સ્ત્રીઓ આવેલી હતી. તેમણે રાજાના દીવાન પાસેથી ધન લેવા સારૂં કેટલાંક કામણ કર્યાં. તેટલામાં તો દીવાન તડાક લઈને પૃથ્વી ઉપર પડી ગયો. એટલે તેને જોઈને મોતી તરવાડી કંપતા સતા ત્યાંથી નાઠા તે થોડે દૂર જઈને ઉભા રહ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજે જાણ્યું જે, આ ઠગારીઓને કાંઈક ચમત્કાર બતાવ્યા સિવાય આ પડેલા દીવાનને સાજો નહી કરે, એમ કરીને સમીપે એક મોટું આંબાનું વૃક્ષ હતું. તેના સામું ઘનશ્યામ મહારાજે જોયું કે તત્કાળ આંબો કંપવા લાગ્યો. પછી બોલ્યા જે, હે ઠગારીઓ ! આ દીવાનને જો સાજો નહીં કરો તો આ આંબાની જે દશા થઈ તે તમારી થશે, તે સાંભળીને ઠગારી સ્ત્રીઓ બોલી જે, આ છોકરો તો આપણાથી પણ વિશેષ કામણ ટુમણવાળો જણાય છે. એમ જાણીને તત્કાળ દીવાનને સાજો કરીને ઘનશ્યામ મહારાજને નિર્માની થઈને પગે લાગતી હતી. અને દીવાન પણ ઉભો

થઈને બોલ્યો જે, તમો કોણ છો ? એમ પુછ્યું, ત્યારે ધર્મદેવે બધી હકીકત કહી, ત્યારે તે બોલ્યા જે, આ ઘનશ્યામે મને બચાવ્યો. આવો ચમત્કાર જોઈને મને લાગ્યું કે આતો મારા ઈષ્ટદેવ રામચંદ્રજી સાક્ષાત્ છે. એમ નિશ્ચય કરીને ભારે વસ્ત્ર અલંકાર આપી પગે લાગ્યો, એટલું ઐશ્વર્ય સ્ત્રીઓને તથા દીવાનને દેખાડીને પોતાના મામાને બોલાવીને ત્યાં થકી ચાલ્યા તે વચ્ચે લોહશીશાઈમાં ઘેલા તરવાડીના ઘરે રાત રોકાઈને ત્યાંથી ચાલ્યા તે છપૈયાપુરમાં આવતા હતા. પછી ખેડુત ગાડાં છોડીને બળદ બાંધવા જાય છે તે સમયે વળી જે છોકરાને પરણાવવાનો હતો, તેની આંખમાં બળદે શિંગડું માર્યું તેથી આંખ ફુટી ગઇ. તે જોઈને સર્વે જનો ઉદાસ થઈ ગયા. ને બોલ્યા જે, અહો ! ! આતો ઘણું ખોટું થયું. ત્યારે ઘનશ્યામ મહારાજે કહ્યું જે, હે મામા ! ઘડીક આંખે પાટો બાંધી રાખો સારી થઈ જશે. તેવું સાંભળીને પોતાના ભાણેજનો વિશ્વાસ રાખીને કહ્યું તેમ કર્યું. તેથી તે નેત્ર પ્રથમના જેવું થઈ ગયું. તે ઐશ્વર્ય જોઈને સર્વે જનો અતિશે રાજી થયા, પછી સુરજમામી હેતે કરીને સારાં ભોજન પોતાના ઘેર બનાવીને ઘનશ્યામ મહારાજ આદિક સર્વને જમાડતાં હતાં.

હે રામશરણજી ! વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજ વેણી, માધવ અને પ્રાગને સાથે લઈને ઘેરથી ચાલ્યા તે સુરજમામાને ઘેર ગયા, ત્યાં એક બીજાને સંતાઈ જવું એવી રીતની રમત કરતા હતા. મોતી મામાના ખેતરમાં શેરડીનો કોલ ફરતો હતો. તે શેરડી ખાવા ત્યાં ગયા, ત્યાં શેરડી ખૂબ ખાઈને ગોળ જમતા હતા. લીલા ચણા તથા કેરાવના દાણા ફોલીને જમતા હતા. ને ચારે તરફ છપૈયાપુરની પૃથ્વી ઉપર ફરીને ચણાના તથા કેરાવના છોડ પૃથ્વીમાંથી ઉપાડીને એક બીજાને મારતા સતા. ધૂળ નાખીને રમતના ખેલ કરતા હતા. અને એકબીજાની પાછળ દોડવું, ઠેકડા ભરવા તેણે કરીને પગમાં પહેરેલાં ઝાંઝરના શબ્દો

થતા હતા, તેથી ચારે દિશાઓ શબ્દાયમાન થતી હતી. આવી રીતની ઘણીક રમતો રમીને મીનસાગરના કિનારે મોટા મહુડાના વૃક્ષ નીચે આવ્યા. એટલે તે વૃક્ષના પોલમાંથી મોટો ખખડધજ સર્પ નીકળી સામો આવ્યો અને બોલ્યો હે મહારાજ ! તમો તો સાક્ષાત્ અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ નારાયણ છો, ને સર્વ અવતારના અવતારી છો, ને સર્વ જીવપ્રાણી માત્રના આધાર છો, સર્વના નિયંતા છો, અને કારણના કારણ છો, હે હરિકૃષ્ણ ! હે ઘનશ્યામ ! તમો આ પુરને વિષે ધર્મભક્તિના ઘેર અવતાર ધારણ કર્યો છે. તો દયા કરીને મારો આત્યંતિક મોક્ષ કરો. અને આ તમારા સખા ચારે તરફ ઉભા છે તે સર્વે અક્ષરમુક્તના અવતાર છે અને આ પુરની ભૂમિનાં ધન્ય ભાગ્ય છે. અને પશુ, પક્ષી, વૃક્ષ, લતા, ગુચ્છ તેનાં પણ ધન્ય ભાગ્ય છે. તેથી અનંતજીવોનો ઉદ્ધાર થશે. અને આ ભૂમિને વિષે જે કોઇ પ્રાણી દેહ મૂકશે તેનો પરમમોક્ષ થશે, અને હે મહારાજ ! કાલિન્દ્રીના ધરામાં હું બહુકાળ સુધી રહ્યો. પરંતુ તમારો જેવો મહિમા છે તેવો સમજી શક્યો નહિ અને તમારા સામો થયો અને અહીં પણ સામો થયો, તો મારા અપરાધને માફ કરીને મારી સદ્ગતિ કરો. તેવું સર્પનું નિર્માનીપણાનું વચન સાંભળીને તેનો દેહ મૂકાવ્યો. કે તુરત જ ચતુર્ભુજ સ્વરૂપે થઇને પગે લાગી સ્તુતિ કરીને આકાશમાર્ગે અદ્રશ્ય થઇ ગયો. હે રામશરણ ! આવી રીતની આ ભૂમિ ઉપર ઘનશ્યામ મહારાજ પ્રતિદિન લીલા કરતા સતા રમતા હતા. અને તે ચરિત્રની વાર્તા સખાઓને ઘેર આવીને ધર્મદેવ આદિક સર્વે પૂરવાસી જનોને કહેતા હતા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે આનંદ તરવાડીના બાગમાં ફળ જમ્યા તથા દેવી પાટણના મેળે ગયા અને નાગનો મોક્ષ કર્યો. એ નામે ચોવીસમો અધ્યાય પૂરો થયો. ॥ ૨૪ ॥

## અધ્યાય ૨૫ - ચીભડીની લીલા વગેરે બાળચરિત્રો.

વળી એક સમયને વિષે મહા મહિનામાં ગામ પતીજીયામાં શિવરાત્રીના મેળે જવા સારૂ વિચાર કરતા એવા ધર્મદેવ છપૈયાપુરમાંથી પોતાના મોટા પુત્ર રામપ્રતાપભાઈને ગાયઘાટ મોકલવા તૈયાર કરીને કહ્યું જે, ભાઈ ! તમો ગાયઘાટ જઈને તમારા હીરા મામાને એમ કહેજો જે, આવતી કાલે ગામ પતીજીયામાં વટેશ્વર મહાદેવનો શિવરાત્રીનો મેળો છે તે પ્રસંગે તમો સર્વે ઉન્મત તરવાડી, હીરા તરવાડી, લક્ષ્મીબાઈ, પહેલવાન તરવાડી, એ સર્વેને સાથે લઈને આવજો. અને અમો પણ અહીંથી મોતી તરવાડી, વશરામ તરવાડી, વેણી, માધવ અને પ્રાગ તથા ઘનશ્યામ તથા સુખનંદન, રઘુનંદન એ આદિક બીજાં કેટલાંક જનોને સાથે લઈને કાલે સવારે અહીંથી નીકળીને ગામ ભેટીયાના તળાવ ઉપર બેસીને તમારી રાહ જોઈશું. તેવું સાંભળીને રામપ્રતાપભાઈ ત્યાંથી ચાલ્યા તે ગાયઘાટ જઈ સર્વેને સમાચાર આપ્યા. ત્યારે તે ગામની કેટલીક બાઈઓ તથા કેટલાક ભાઈઓ સર્વે બીજે દિવસે ત્યાંથી રામપ્રતાપભાઈની સાથે ચાલ્યાં તે ધર્મદેવ ભેટીયાના તળાવ ઉપર રાહ જુએ છે ત્યાં આવ્યા. તેટલામાં તો કામારિ પોતે પોતાની સતી સાથે પોતાના નિવાસસ્થાનેથી ઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા સામા આવ્યા. ત્યારે અતિ હેતથી છેટે રહી સાષ્ટાંગ દંડવતપ્રણામ કરવા લાગ્યા. તે જોઈને ઘનશ્યામ મહારાજ તત્કાળ તેમને હાથે ઝાલી લઈને બાથમાં ભીડીને મળતા હતા. ત્યારે તે કામારિ બોલ્યા જે, હે મહારાજ! તમો આજે પધાર્યા તે બહુ સારૂં કર્યું. એમ કહીને સર્વેને દેખતે સતે કામારિ પાછા વળીને અદશ્યપણે બેસીને નવ યોગેશ્વરો મહુડાના વૃક્ષ નીચે ધ્યાન કરતા હતા તેમને કહ્યું જે, આપણા સ્વામી અહીં પધાર્યા છે માટે દર્શન કરવા આવો. તેવું સાંભળી તેઓ પણ તત્કાળ ઉભા થઈ ઘનશ્યામ મહારાજને પગે લાગીને મળ્યા અને કામારિ પણ તેમને

મળતા હતા. તે જોઈને ધર્મદેવ વશરામ તરવાડી એ આદિક સર્વે વિચાર કરવા લાગ્યા જે, આવો સમય ફરીથી નહીં આવે. માટે આપણે સર્વે ઘનશ્યામ મહારાજને મળીને પરસ્પર મળો. એમ કહીને મળતા હતા. તે જોઈને કામારિ બોલ્યા જે, હે સતિ ! તમો પણ આ ભક્તિમાતા આદિક સર્વે બાઈઓને મળો. તેવું સાંભળીને સતી હેતપૂર્વક ભક્તિમાતા આદિક સર્વે બાઈઓને અતિ સ્નેહ વધારીને, તે જગાએ મળતાં હતાં. ત્યારબાદ કામારિ સહિત નવ યોગેશ્વર ઘનશ્યામ મહારાજના હસ્ત પકડીને મહુડાના વૃક્ષ નીચે બેઠા. ત્યારે વિનંતિપૂર્વક કામારિ બોલ્યા, હે કૃપાનાથ ! તમોએ નરનાટય ધાર્યું માટે મારાં દર્શને આવતા હતા ને હું પણ તમારા પ્રેમથી ખેંચાયો સતો તમારી સામો મારો મુકામ જે પતીંજીયા ત્યાંથી આવ્યો છું. ત્યારે ઘનશ્યામ મહારાજ અતિ પ્રસન્ન થઈ બોલ્યા જે, બહુ સારૂં. તમો આવ્યા તેથી હું પણ બહુ રાજી થયો, તેથી કરીને તમોને વચન આપું છું કે, અમારા કુળવાળા છપૈયાપુરમાં તમારી સ્થાપના કરશે. તે સાંભળીને બોલ્યા જે, હું પણ તમોને વચન આપું છું જે, હે સ્વામિન્ ! આપ જ્યારે અહીંથી વનમાં પધારો ત્યારે તમારી હું આ સતીયે સહિત મારાથી બનતી સેવા કરીશ. હે રામશરણજી ! આવી રીતે તે જગાએ સામસામા વાર્તા કરીને ઉભા થઈને નમસ્કાર કરીને રજા માગીને કામારિ ચાલવાનો વિચાર કરે છે ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, આપણે સર્વે સાથે ચાલીએ. પછી સર્વે સાથે ચાલવા તૈયાર થયા. ત્યારે ઘનશ્યામ મહારાજ ફરીથી બોલ્યા જે, હે વટેશ્વર ! આપણે બન્ને તથા નવ યોગેશ્વર તથા ધર્મપિતા આદિક તથા ભક્તિમાતા તથા ગૌરી આદિક સર્વે બાઈઓની આ જગ્યાએ સામસામી ભેટ થઈને મળ્યા. માટે આ ભેટીયા ગામનું નામ આજથી સાર્થક થયું. એમ કહીને સર્વે સાથે ત્યાં થકી ચાલ્યા તે ગામ પતીજીયા સુધી ગયા અને થોડેક દુર કામારિનું સ્થાન આવ્યું. ત્યારે રજા લઈને

ત્યાંથી અદ્રશ્ય થઈને પોતાના સ્થાનકે ગયા અને પોતે ઘનશ્યામ મહારાજ પણ પોતાનાં માતાપિતા સહિત શિવજીનાં દર્શન કરીને આખો દિવસ ત્યાં રહીને પાછા છપૈયાપુરને વિષે આવ્યા.

વળી એક સમયને વિષે રામપ્રતાપભાઈ, ઘનશ્યામ મહારાજને સાથે લઈને ઈશાન ખુણામાં પોતાના ખેતરમાં મકાઈ તથા ચીભડી ભેગાં વાવ્યાં હતાં તેને નીંદવા સારૂ ગયા હતા. ત્યારે નિંદતાં નિંદતાં મકાઈ અને ચીભડીને મૂળમાંથી ઘનશ્યામ મહારાજ કાઢી નાખે અને ઘાસ એમને એમ રહેવા દે. તે જોઈને ભાઈ બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો શું કરો છો ? બધુંય ખડ તો એમને એમ રહેવા દો છો ને ચીભડી તથા મકાઈને કાઢી નાખો છો. ત્યારે બોલ્યા જે, હે ભાઈ ! ચીભડી ને મકાઈ તો થોડી છે અને ઘાસ ઘણું છે. તેથી થોડું હોય તેને કાઢીયે છીએ એટલે થોડા જીવની હિંસા થાય, તે માટે હુંતો ઘાસ કાઢતો નથી. તે સાંભળીને ભાઈને અતિશય રીસ ચડીને એકદમ ઊઠીને મારવા માટે આવ્યા. તે વખતે ઘનશ્યામ મહારાજે કહ્યું જે, ખબરદાર મને મારશો તો હું તમોને અહીંથી ઉડાડી મુકું તો કોણ જાણે કયાંઈ જઈને પડશો, તે ફરીથી તમારો પત્તો પણ લાગશે નહિ. તેવું સાંભળીને ભાઈ મારવા આવેલા તે તત્કાળ પાછા વળીને પોતાનું કામ કરવા લાગ્યા અને ઘનશ્યામ મહારાજ તો ત્યાંથી રીસાઈને પોતાને ઘેર આવીને છાનામાના ગૌશાળામાં ગાયો બાંધવાને ઠેકાણે ગમાણમાં જઈને સૂઈ ગયા ને કોઈને ખબર ન પડે એટલા સારૂ પોતાના ઉપર ખડ નાખ્યું. પછી જ્યારે બપોર થયા ત્યારે ભાઈ ઘેર આવ્યા. ત્યારે ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને જોયા નહિ તેથી પૂછવા લાગ્યાં જે, હે રામપ્રતાપ ! ઘનશ્યામને તમારી સાથે લઈ ગયા હતા, તેમને મૂકીને આવ્યા ? ત્યારે કહ્યું જે, હે દીદી ! એતો વહેલા ઘેર આવ્યા છે. તેવું સાંભળીને ધર્મદેવ બોલ્યા જે, તમોએ કંઈ કહ્યું હશે. માટે તમો જાઓ શોધી લાવો, ક્યાંય જતા રહ્યા હશે. સવારના

ભૂખ્યા છે. તેવું સાંભળીને ભક્તિમાતા દિલગીર થઈ ગયાં અને બોલ્યાં જે તમારો સ્વભાવ ઘણો ક્રોધી છે, માટે જરૂર કંઈ થયું હશે. આમ કહીને ઉચ્ચ સ્વરે રૂદન કરવા લાગ્યાં. એટલે તેમને જોઈને સુવાસિની-બાઈ પણ ઉદાસ થઈ ગયાં. ત્યારે રામપ્રતાપભાઈ, માતાને પગે લાગીને શોધવા ચાલ્યા, તે ઘનશ્યામ મહારાજનાં જ્યાં જ્યાં રમવાનાં સ્થળો હતાં તે સર્વે જગાએ ફર્યા. પરંતુ કયાંય પત્તો લાગ્યો નહિ. ત્યારબાદ વેણી, માધવ અને પ્રાગ જે તેમના સખાઓ તેમને પણ બોલાવીને પૂછ્યું ત્યારે તેઓ બોલ્યા જે, ના મોટાભાઈ, અમોએ ઘનશ્યામને આજે દીઠા નથી. તેવું સાંભળીને નિરાશ થઈને ત્યાં થકી ચાલ્યા તે છપૈયાપુરની ચારે તરફ આંટો દઈને જોતા સતા નારાયણ સરોવરના કાંઠા ઉપર ગયા ને ત્યાં ચારે તરફ જોઈને ચાલ્યા, તે ગામ લોહગંજરી થઈને ગાયઘાટ ગયા. ત્યાં પોતાનાં મામી લક્ષ્મીબાઈ આદિક સગાંસંબંધીને પૂછીને ત્યાંથી ચાલ્યા તે નિરાશ થઈ પાછા વળી પોતાના ઘેર આવતાં વચ્ચે ગામ અસનારાના રામસાગર તળાવના કાંઠે વડના વૃક્ષ નીચે ઉદાસ થઈને બેઠા. ત્યાં ઘણી ભૂખ અને તરસ લાગી તેની પીડાને ન ગણકારતાં પોતાના ભાઈ ઘનશ્યામ મહારાજના વિયોગથી પોતાની છાતી ભરાઈ આવી અને પોતે શ્વાસ મૂકીને ઉંચે સાદે રોવા લાગ્યા. તે સાંભળીને ગામના ભિક્ષુક તરવાડી આદિક કેટલાક માણસો ત્યાં આવીને ભાઈને ઓળખીને પૂછવા લાગ્યાં કે, હે ભાઈ ! તમો શા માટે રૂવો છો? ત્યારે બોલ્યા જે, હે ભિક્ષુક તરવાડી ! મારા ઘનશ્યામભાઈ આજે અમારાથી રીસાઈને નાસી ગયા છે. તેમને શોધવા હું ગયો હતો. તે આટલી જગ્યાએ ફરીને આવ્યો પરંતુ કયાંય પત્તો લાગ્યો નહિં. કોણ જાણે કયાં જતા રહ્યા છે. હવે શું કરૂં ? ઓ ઈશ્વર ! તમોને ગમે તે ખરૂં. આવું દિલગીરપણાનું વચન સાંભળતા સતા તત્કાળ ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી આકાશવાણી થઈ જે, હે મોટાભાઈ ! તમારા

ઘનશ્યામ મહારાજ ઘેર છે. માટે તમો ઉતાવળા અહીંથી ઘેર જાઓ. એમ આકાશવાણીએ કહ્યું. તે સાંભળીને ભાઈ તુરત ચાલ્યા તે માર્ગમાં જોતા જોતા ખાંપાતલાવડી ઉપર આવ્યા અને તે સમયમાં અહીં ઘેર તો ધર્મપિતા, ભક્તિમાતા, વશરામ તરવાડી, સુંદરીબાઇ, મોતી તરવાડી, સુરજબાઈ વિગેરે સર્વે શોધે છે. પરંતુ કયાંય પત્તો લાગતો નથી. ત્યારે ભક્તિમાતા ઉચ્ચસ્વરે રૂદન કરી બોલ્યાં જે, હે મારા પુત્ર ! હે ઘનશ્યામ! તમો તો અંતર્યામી છો. માટે આ પૃથ્વી ઉપર જ્યાં હો ત્યાંથી બોલો. આવી રીતનો ભક્તિમાતાનો શબ્દ સાંભળીને પોતે તત્કાળ સામો જવાબ આપ્યો જે, હે દીદી ! હું તો આપણી ગાયો બાંધે છે તે ગમાણમાં સુઇ ગયો છું, એમ બોલ્યા. ત્યારે સુંદરીમામી તત્કાળ ઉતાવળાં ત્યાં જઈને ગમાણમાં સુતેલા હતા તેમના ઉપરથી ઘાસ કાઢી નાખીને હાથ ઝાલી બહાર લાવી ભક્તિમાતાને સોપ્યા. તે સમયમાં મોટાભાઈ ઘેર આવ્યા એટલે તત્કાળ સામા જઈને હાથ પકડીને હેતે સહિત બોલ્યા જે, હે મોટાભાઈ ! તમો શોધવા ગયા હતા ને હું તો ઘરમાં હતો. પરંતુ તમારો વિરહનો સાદ સાંભળીને તમોને મેં આકાશમાં રહીને કહ્યું હતું તે વાત તમોને સાંભળે છે ? ત્યારે ભાઈ બોલ્યા જે, તે વાત સાંભળે છે. એવી રીતે બે ભાઈ પરસ્પર કહે છે. તે જોઈને સર્વે પુરવાસી જન રાજી થઇ પગે લાગીને પોતપોતાના ઘેર ગયાં અને પોતે માતાપિતા તથા ભાઈ સહિત જમવા બેઠા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે વટેશ્વરના મેળે ગયા તથા ચીભડી નિંદંતાં રીસાણા. એ નામે પચીસમો અધ્યાય પૂરો થયો. ॥ ૨૫ ॥

## અધ્યાય: ૨૬

## ચીભડી લીલા તથા ગોમતી ગાય પ્રત્યે સ્નેહ.

વળી એક સમયે વશરામ તરવાડીએ મીનસાગરના કાંઠા ઉપર

ત્રણ ખૂણીયા ખેતરમાં ચીભડી ને મકાઇ એ બે વસ્તુ ભેગી વાવી હતી. તે જ્યારે ચીભડીએ ચીભડાં બેઠાં, ત્યારે ચાખી જોયાં ત્યાં તો કડવાં ઝેર થયેલાં, તે જોઇને પોતે ઉદાસ થઇ ગયા અને ઘેર આવીને ચોતરા ઉપર બેઠા અને પોતાનાં બહેન ભક્તિમાતાને કહ્યું જે, હે બહેન ! આપણા ખેતરમાં ચીભડાં તો કડવાં થયાં છે. હવે કેમ કરવું. જો મીઠાં હોય તો ઘનશ્યામ સહિત મંછારામ આદિક સર્વે નાના મોટા આપણે ચીભડાં જમત. એમ કહે છે તેટલામાં તો ઘનશ્યામ મહારાજ કહેવા લાગ્યા જે, હે મામા ! હું તે ખેતરમાંથી ચીભડાં લાવેલો છું મને તો કડવું લાગતું નથી. એમ કહીને પોતે ચીભડું સુધારીને સર્વેને વહેંચી આપતા હતા, ત્યારે બિલકુલ કડવું લાગ્યું નહિ. તે જોઈને વશરામ તરવાડી આશ્ચર્ય પામી ઘનશ્યામ મહારાજને વિષે ભગવાનપણાનો વિશ્વાસ લાવીને, તેમને સાથે લઈને ખેતરમાં ગયા અને ત્યાં જઈને ચીભડાં ચાખ્યાં ત્યારે બધાંય ચીભડાં મીઠાં લાગ્યાં. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે મામા ! આ ચીભડાં પ્રથમથી અમોને જમાડવા તમોએ સંકલ્પ કર્યો હતો તેથી તમારાં ચીભડાં મીઠાં થયાં, જો એમ ન હોય તો કડવાં રહેત. (તેથી હરકોઈ કામ હોય તેને વિષે પ્રથમથી દેવનો ભાગ કલ્પીને દેવને આપે છે, તો દેવ સહાય કરે છે.) તેવું સાંભળીને વશરામ તરવાડી પોતાના ભાણેજને પગે લાગીને તે ચીભડાં થોડાંક ઘરે લાવીને ધર્મભક્તિ તથા રામપ્રતાપભાઈને તથા સુવાસિનીબાઈ આદિક સર્વે સગાં સંબંધીને જમાડતા હતા. ત્યારબાદ મંછારામનાં માતુશ્રી બોલ્યાં જે, હે મંછારામ ! આપણા ખેતરમાં ઘનશ્યામ આવીને ચીભડાં ઘણાં બગાડે છે, માટે એમ કહેજો જે, અમારા ખેતરમાં તમો કોઈ દિવસ આવશો નહિ એમ કહ્યું. તે વાત અન્તર્યામીપણે જાણીને ઘનશ્યામ મહારાજે તે ચીભડાંના વેલા એક સામટા સુકાવી દીધા. તેથી સર્વે કહેવા લાગ્યાં જે, અહો ! એ ચીભડાંના વેલા કેમ એકદમ સૂકાઇ ગયા ? તેવું

સાંભળીને મંછારામ બોલ્યા જે, એ તો ભગવાન જાણે. ત્યારે ઘનશ્યામ મહારાજ સમીપે બેઠા હતા તે સાંભળીને બોલ્યા જે, આ વાત સાચી છે, ભગવાન જાણે. પણ બીજા કોઈને માલુમ પડે નહિ, એવું મર્મનું વચન બોલ્યા. તે સાંભળીને વશરામ તરવાડીએ મર્મનું વચન સમજીને કહ્યું જે, હે ભાઈ ઘનશ્યામ ! ચીભડાંના વેલા સુકાઈ ગયા તેતો તમારૂં કારણ છે. પરંતુ હવે હું એમ કહું છું જે, તમારે ખુશી પડે તેટલા ડોડા નિત્યે લાવી જમજો અને જમાડજો. અમો તમોને કંઈ કહીશું નહિ, તેવું સાંભળીને ઘનશ્યામ મકાઈના ડોડા પોતે અને પોતાનાં માતાપિતા ભાઈ સહિત સર્વે સખાઓને પણ ખવરાવે તો પણ કોઈ બોલે નહિ અને વશરામ તરવાડી પોતે ખેતરમાંથી ડોડા લાવીને નિત્યે જમે ને સર્વેને જમાડે. તો પણ અંતે તે મકાઈ તૈયાર થઈ ત્યારે બીજા લોકો કરતાં થોડી વધારે મકાઈ થઈ. આવો ચમત્કાર જોઈને છપૈયાપુરવાસી જન મહા આશ્ચર્ય પામી, ઘનશ્યામ મહારાજને વિષે ભગવાનપણાની બુદ્ધિ કરતાં હતાં.

હે રામશરણજી ! વળી એક ચરિત્ર કહું તેને સાંભળો. એક સમયે ધર્મદેવને ઘેર ગુણવાળી ગોમતી નામની ગાય હતી તેને જ્યારે દોવે ત્યારે ટંકે ચાર શેર દૂધ નીકળતું હતું. તે દિવસમાં બે વખત દોવે અથવા ચાર વખત દોવે, પરંતુ દૂધ તો ચારે સમયે તેટલું ને તેટલું નીકળે. તે જોઈને સર્વે મનુષ્યો મહા વિસ્મય પામતાં હતાં. અને તે ગાય ઉપર ઘનશ્યામ મહારાજને ઘણો સ્નેહ અને ગાયને પણ ઘનશ્યામ મહારાજ ઉપર ઘણો સ્નેહ, એમ પરસ્પર સ્નેહ છે. એવો મનમાં સંકલ્પ કરીને સુવાસિનીબાઈ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યાં જે, આ ગાયને ઘનશ્યામ વિષે હેત વધારે છે અને ઘનશ્યામને ગાયને વિષે વધારે છે. એ વાતની તપાસ કરવા સારૂં પોતાના મનમાં એમને એમ અહોનિશ ઘાટ થયા કરતો, તેથી તે વાત નક્કી કરવા સારૂં એક દિવસ ધર્મદેવ પોતાના ત્રણ પુત્રો સાથે જમવા બેઠા હતા ત્યારે ધર્મદેવને તથા

રામપ્રતાપભાઈને તો એક શેર દૂધ પીરસ્યુંને ઘનશ્યામ મહારાજને તથા ઈચ્છારામને નાના જાણીને ઓછું પીરસ્યું. એવી રીતે સર્વેને જમાડીને પોતે ભક્તિમાતાએ સહિત જમતાં હતાં. ત્યારબાદ સુવાસિનીબાઈ ગાયને દોવા માટે બેઠાં. ત્યારે ઘનશ્યામ મહારાજને વિષે અતિશય સ્નેહ હોવાથી બે ભાઈને થોડું દૂધ આપ્યું છે, એમ જાણીને. ગાયે બશેર દૂધ દોવા દીધું વધારે દોવા દીધું નહિ. તે ચરિત્ર જોઈને ભકિતમાતાને કહ્યું જે, હે માજી ! આજ તો ગોમતી ગાયે અડધું દૂધ દીધું છે. તે સાંભળીને ભક્તિમાતા બોલ્યાં, તમોએ સવારમાં જમતી વખતે કેવી રીતે દૂધ પીરસ્યું હતું ? ત્યારે પોતે જેવી રીતે પીરસ્યું હતું તે વિગત સહિત કહ્યું. તે સાંભળીને ભક્તિમાતા બોલ્યાં જે, તમારા મનનો જેવો ભાવ તેવું થયું, એમ કહ્યું છતાં રાત્રે વાળું કરવા બેઠા તે વખતે વળી સવારની માફક જ દૂધ પીરસ્યું અને સવારના પહોરમાં ગાયને દોવા ગયાં ત્યારે ફક્ત એક શેર દૂધ નીકળ્યું. તે જોઈને પોતે વિસ્મય પામી ભક્તિમાતાને કહેવા લાગ્યાં જે, હે બાઈજી ! આજે તો મૂળગું એક શેર દૂધ દીધું. હવે કેમ કરવું ! ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, તમારા મનમાં જે સંકલ્પ હોય તે મૂકી દો અને સરખી રીતે દૂધ આપો. તેવું સાંભળીને તે વચન માનીને જ્યારે સર્વે જમવા બેઠા ત્યારે સર્વેને સરખું દૂધ આપતાં હતાં. ત્યાર પછી દોવા ગયાં ત્યારે તે ગાય ચાર શેર દૂધ પૂરૂં આપતી હતી. આ મહા અદ્ભૂત ચરિત્ર જોઈને સુવાસિનીબાઈ પોતાના મનમાં ઘનશ્યામ મહારાજનો મહિમા બહુ સમજતાં હતાં. અને ગાયને પણ ઘનશ્યામ મહારાજને વિષે ઘણું હેત છે તે પણ જાણતાં હતાં. હે રામશરણજી ! સુવાસિનીબાઈએ આવી રીતે જમાડવામાં અધિક ન્યૂનપણું કર્યું ત્યારે તે ગાય પણ અધિક ન્યૂન દૂધ આપતી હતી. હે ભાઈ ! એ ગાયના ગુણ તમોને કેટલા કહું ? દિવસમાં જેટલી વખત દોવા બેસે તેટલી વખત સરખું દૂધ આપે. અને બે દિવસે દોવે તો પણ

એટલું ને એટલું દૂધ આપે અને ચાર દિવસે વલોવે ત્યારે એક વખતે ચાર શેર ઘી કરે. એવો ગાયને વિષે બહુ ચમત્કાર હતો ; એવી એ ગાયનું હેત જોવા ગયાં ત્યારે મૂળગાં પોતે દૂધ ઘી વિના રહ્યાં, પછી ઘનશ્યામ મહારાજની પ્રસન્નતા થકી વાત સિદ્ધ થઈ. નહિ તો જ્યારે જ્યારે ઘેર જેટલા મહેમાન આવે તે સર્વેને દૂધ જમાડે તો પણ બોઘણામાં દૂધ તો એમ ને એમ રહે અને સર્વ મહેમાન પણ જમે આવી તે ગાય હતી. પછી સુવાસિનીબાઈ ઘનશ્યામ મહારાજની પ્રાર્થના કરવા લાગ્યાં જે, હે મહારાજ ! તમો અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન છો. એમ કહીને ચરણારવિંદમાં પોતાનું મસ્તક મૂકીને પગે લાગીને બે હાથ જોડીને બોલ્યાં જે, હે ઘનશ્યામ ! હે નાથ ! હે હરે ! તમારા વિષે ગોમતી ગાયનો સ્નેહ જોવા માટે આ કામ મેં કર્યું હતું. દૂધ પીરસવામાં ન્યૂનાધિકપણું કર્યું તે મારો અપરાધ તમો દયા કરીને ક્ષમા કરો ને હે મહારાજ ! હું તમારી પાસે માગું છું જે, આ ગોમતી ગાયને તમારે વિષે જેવો સ્નેહ છે તેવો મારે તમારા વિષે થાઓ. એ વર તથા બીજો તમારે વિષે કોઈ દિવસ મનુષ્યબુદ્ધિ ન આવે, એ બે વર મને કૃપા કરીને આપો. હે દીનબંધુ ! હું તમારી દાસી છું ને તમો મારા ઈષ્ટદેવ છો. આવી રીતની કોમળ વાણી સાંભળીને ઘનશ્યામ મહારાજ અતિ પ્રસન્ન થઈને પોતાનાં ભોજાઈ જે સુવાસિનીબાઈ તેમણે માગ્યા જે બે વર તે દયા કરીને આપ્યા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ચીભડી મીઠી કરી તથા ઘનશ્યામને વિષે ગોમતી ગાયને ઘણો સ્નેહ. એ નામે છવીસમો અધ્યાય પૂરો થયો. ॥ ૨૬ ॥

## અધ્યાયઃ ૨૭

## સુવાસિની ભાભીને ઐશ્વર્ય બતાવ્યું વગેરે.

વળી એક સમયે સુવાસિનીબાઈના મનમાં એવો સંકલ્પ થયો

જે, મારા દીયર ઘનશ્યામ મહારાજના ચરણારવિંદમાં ઉર્ધ્વરેખાઓ સહિત સોળ ચિહ્નો છે. અને બે હાથમાં પદ્મનાં ચિહ્નો છે. ને હૃદયમાં શ્રીવત્સનું ચિહ્ન છે. અને તેથી ઉપર અર્ધચંદ્રનું ચિહ્ન છે. ને તેથી ઉપર છાતીમાં વિનગુણ હાર છે. ને કંઠના ખાડામાં એક મોટો તિલ છે ને તે ઉપર વળી એક નાનો તિલ છે. તથા નાસિકા દીપશિખા જેવી છે, તથા પોપટની ચાંચ જેવી છે, ને જમણે ગાલે એક મોટો તિલ છે અને બે નેત્ર કમળની પાંખડી જેવાં અણિયાળાં છે અને માંહી થોડી થોડી રાતી રેખાઓ છે. ને ભ્રકુટી કંદર્પની કમાન જેવી છે ને મસ્તક સુંદર ગોળ છે અને મધ્યે શિખા બે આંગળ ઉભી છે ને થોડીક વળેલી પણ છે. તથા હાથ પગ આદિક સર્વે અંગ તે અતિ કોમળ છે ને કાન્તિએ યુક્ત છે. તે માટે મનુષ્ય તથા દેવતાઓ આદિક કોઈનું પણ શરીર આવું ચિહ્ને સહિત હોય નહિ. અને આવું કોમળ પણ ન હોય. માટે આ ઘનશ્યામભાઈ રખેને ભગવાન હોય, એમ મને માલુમ પડે છે. તેથી મારા મનનો સંકલ્પ જો સાચો પડે તો હું નિઃસંશય થઈને ભગવાન માનું ને એમને જમાડીને જમું, એમને પાણી પાઈને હું પીવું, એમને પોઢાળીને પછી હું સૂઈ જાઉં, એમના ઉઠવા પહેલાં હું જાગું અને ભજન પણ એમનું જ કરૂં. પણ જો મારો સંકલ્પ સત્ય કરે તો, તે શું તો આ ટોપલીમાં પાંચ જાંબુફળ મૂકીને શીકા ઉપર મૂકું છું. તે મૂકેલાં જાંબુફળની પાંચ સોનામહોરો કરે, એવો સંકલ્પ કરીને તથા મુને એમ કહે જે, હે ભાભી! તમારો સંકલ્પ સત્ય થયો છે. એમ કહે તો સાચું. આવી રીતે સંકલ્પ કરીને બહાર ઓસરીમાં બેસીને જાંબુફળ જમવા લાગ્યાં. તે વખતે રામપ્રતાપભાઈ તથા ઘનશ્યામ મહારાજ તથા ઈચ્છારામજી એ ત્રણે ભાઈ ઓસરીએ બેસીને જાંબુફળ જમતા હતા તે વખતે ઘનશ્યામ મહારાજ પોતાનાં ભાભીનો સંકલ્પ અન્તર્યામીપણે જાણીને બોલ્યા જે, હે ભાભી ! તમારો સંકલ્પ સત્ય થયો છે. માટે તમો શીકા ઉપર

ટોપલીમાં જાંબુફળ સંભારો. ત્યારે સુવાસિનીબાઇ તત્કાળ ઉભાં થઇ, ટોપલીમાં જોવા ગયાં ત્યારે તે જાંબુફળની સોનામહોરો થયેલી જોઇને મહા આશ્ચર્ય પામી ગયાં. તથા તે સોનામહોરો પોતાના હાથમાં લઇને ધર્મભક્તિના દેખતાં ઘનશ્યામ મહારાજના ચરણારવિંદમાં મૂકીને પગે લાગ્યાં અને ભગવાનનો નિશ્ચય કરીને બોલ્યાં જે, હે ભગવન્ ! તમે અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન છો. અને મારા ઉપર દયા કરીને મારા મનનો સંકલ્પ સત્ય કર્યો. હે મહારાજ ! હવે આજથી આરંભીને તમારા વિના અન્યનો સંકલ્પ કયારેય ન થાય એ વર આપો. તે સાંભળીને ઘનશ્યામ મહારાજ રાજી થઇ બે વરદાન આપતા હતા. ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, હે બાઇ ! તમોએ જે નિયમ રાખ્યા છે તેને શિરસાટે પાળશો તો આ ઘનશ્યામને સદાય સંબંધ રહેશે. નહીં તો રહેશે નહિ. એવી રીતનું પોતાની સાસુનું વચન સાંભળીને સુવાસિની-બાઇ તે વચનને મસ્તકે ચઢાવતાં હતાં અને બોલ્યાં જે, હે માજી ! તમારૂં વચન હું સદાય પાલન કરીશ. હે રામશરણજી ! એ જે ઘનશ્યામ મહારાજનાં ભોજાઇ સુવાસિનીબાઇ તે અમારાં માતુશ્રીએ જ્યાં સુધી પોતાનો દેહ રાખ્યો, ત્યાં સુધી ઘનશ્યામ મહારાજ પોતે માતુશ્રી કરીને માનતા હતા. અને તે પણ ઘનશ્યામ મહારાજને પુરૂષોત્તમ ભગવાન સર્વે અવતારના અવતારી જાણીને નિશ્ચય કરીને અતિ હેતથી સેવા કરતાં હતાં. તે વાત આપણા સંપ્રદાયમાં સર્વ ઠેકાણે પ્રસિદ્ધ છે. ત્યાર પછી એ વાત જ્યારે છપૈયાપુરવાસીએ જાંબુફળની સોનામહોરો ઘનશ્યામ મહારાજે કરી, તે જાણી ને સર્વે મહા વિસ્મય પામતાં હતાં.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજ વહેલા ઉઠી, મીનસાગર ઉપર શૌચવિધિ કરી આવ્યા, ત્યારે પોતાની ભોજાઇએ હાથ ધોવરાવ્યા. પછી દાતણ કરવા આંબલી આગળ બેસતા હતા. તે દાતણ કરી રહ્યા એટલે તેમને ગરમ પાણીથી સુવાસિનીબાઇ સ્નાન

કરાવતાં વિચાર કરવા લાગ્યાં જે, લોકમાં એમ કહે છે જે, ભગવાનનાં ત્રણ કાળમાં જુદાં જુદાં દર્શન થાય છે તે વાત સાચી હશે કે કેમ ? એમ વિચાર કરી સ્નાન કરાવતાં હતાં ત્યારે ઘનશ્યામ મહારાજ તો પોતે ભગવાન છે, તેથી પોતાની ભાભીનો સંકલ્પ અન્તર્યામીપણે જાણીને બોલ્યા જે, હે ભાભી ! તમો મનમાં શું ઘાટ કરો છો ? તમારે ત્રણ અવસ્થાનાં દર્શન કયાં સુધી કરવાં છે ? ત્યારે સુવાસિનીબાઈ બોલ્યાં જે, હે મહારાજ ! મારે તો મનમાં કાંઈ ઘાટ નથી. પરંતુ લોકમાં કહે છે જે, ભગવાનનાં દર્શન ત્રણે વખત જુદા જુદા સ્વરૂપે થાય છે. તેવી વાત મેં સાંભળી હતી. પરન્તુ આ વખતે મારા હૈયે ચઢી આવી. તેવું સાંભળીને બોલ્યા જે, જાઓ તમારી ઈચ્છા પૂર્ણ થશે. અને પાંચ દિવસ સુધી સતત દિવસમાં ત્રણ વખત અમારાં જુદાં જુદાં દર્શન તમોને થશે. એમ કહીને ધોતી પહેરીને ચાખડીઓ ઉપર ચઢીને ઓસરીમાં પોતાનો નિત્યવિધિ કરવા બેસતા હતા. સુવાસિનીબાઈ આ વરદાન પામીને પાંચ દિવસ સુધી લાગટ પોતાના મનમાં સંકલ્પ પ્રમાણે અવસ્થાઓનાં જુદાં જુદાં દર્શન પોતાને થતાં હતાં. તે ચરિત્રની વાર્તા સુવાસિનીબાઈ ભક્તિમાતાને તથા ધર્મદેવને તથા પોતાનાં બહેન ઈન્દિરાબાઈ તથા સુંદરીબાઈ આદિક સર્વે પુરવાસીજનને કહેતાં હતાં. તે સાંભળીને સર્વે આશ્ચર્ય પામતાં હતાં.

વળી બીજે દિવસે ધર્મદેવ રામપ્રતાપજી તથા ઘનશ્યામ મહારાજને સાથે લઈને એકાદશીના દિવસે નારાયણ સરોવરમાં સ્નાન કરવા ગયા. ત્યારે ત્યાં જઈ શૌચવિધિ કરી, દાતણ કરીને સ્નાન કરતા શ્રીઘનશ્યામ મહારાજ પોતાના પિતાનો હાથ પકડીને તરવા લાગ્યા. તે થોડીકવાર રમત કરીને હાથ મૂકી દઈને પાણીમાં ડુબકી મારીને નીચે બેસી ગયા. તે જોઈને ધર્મદેવ બોલ્યા જે, હે રામપ્રતાપભાઈ ! જુઓને, ભાઈ પાણીમાં ઉંડા ઉતરી ગયા છે. માટે ડુબી જશે. તેવું સાંભળીને રામપ્રતાપભાઈ તત્કાળ ઉભા થઈને, ત્યાં આવીને પાણીમાં ઉંડો હાથ

ઘાલીને શોધવા લાગ્યા. ત્યાંતો સામે કિનારે નીકળ્યા અને ત્યાં રહીને બીજાં બાળકોને બોલાવવા લાગ્યા. ત્યારપછી જળની ઉપર તરતા તરતા પાછા આવીને સર્વે બીજાં બાળકોની સાથે રમવા લાગ્યા. તે સમયે ધર્મદેવ કપડાં પહેરીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! ચાલો. એમ કહીને આરા ઉપર બેઠા. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દાદા ! તમો અહીં આવો, એમ કહેતાં પોતાનો સ્પર્શ કરવાનો મનમાં જેમને ઉમંગ છે એવા હજારો મીન આદિક જંતુઓને જુદાં જુદાં પોતાના હાથે ઝાલીને પોતાના પિતાને કહેવા લાગ્યા જે, હે દાદા ! આમાંથી કોઈ પણ આપણા ઘેર લઈ ચાલો. તેવું સાંભળીને રામપ્રતાપભાઈ ઘેર જઈને પોતે અયોધ્યાના મેળામાં લાવેલાં મીન-મગર આદિક લાકડાંનાં બનાવેલાં તથા મૃત્તિકાનાં બનાવેલાં પુતળાં સર્વે ઘનશ્યામને બતાવતા હતા જે, હે ભાઈ ! ચાલો, આ તમારે રમવા સારૂં મેં લીધાં છે. એવું સાંભળીને રાજી થયા થકા તે સર્વેને મૂકી દઈને તત્કાળ બહાર આવ્યા. તે સમયે વણિક ભગાની દીકરી રામકુંવર નામની નાની બાળા પાણીમાં સ્નાન કરતાં ડૂબી ગઈ. ત્યારે તેનાં માતાપિતા બહુ કલ્પાંત કરવા લાગ્યાં, ત્યારે તેમના ઉપર દયા કરીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, પેલી તમારી દીકરી પાણીમાં રમે છે, ડુબી નથી. એવી રીતે તેની રક્ષા કરી. તે જોઈને તેનાં માતાપિતા જળમાં પ્રવેશ કરીને દીકરીને બહાર લાવ્યાં. તે જોઈને ઘણું આશ્ચર્ય પામ્યાં અને ઘનશ્યામ મહારાજ હાથમાં મીનનું પુતળું રમવા લીધું છે, એવા થકા ધર્મદેવની સાથે ઘેર આવતા હતા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે જાંબુફળની સોના મહોરો કરીને પોતાની ભોજાઇને ત્રણ કાળમાં જુદાં જુદાં સ્વરૂપે દર્શન આપ્યાં. તથા વાણીયાની દીકરી પાણીમાં ડુબી હતી તેની રક્ષા કરી. એ નામે સત્તાવીસમો અધ્યાય પૂરો થયો. ।। ૨૭ ।।

## અધ્યાય ૨૮

## અયોધ્યાની લીલા તથા વિદ્યાભ્યાસ વગેરે.

હે રામશરણજી ! એક સમયે ધર્મદેવ રામપ્રતાપભાઈને લઈને ગામ લોહગંજરી જતા હતા. ત્યારે ત્યાં જઈને પોતાના ઘરનું કામકાજ કરીને પછી આચાર્ય સંધ્યાગીરબાવાને મળવા ગયા. ત્યારે તે બાવે પોતાના બાગમાં થયેલાં કોળામાંથી એક કોળું પોતે ધર્મદેવને આપ્યું. તે જોઈને ધર્મદેવ બોલ્યા જે અહો બાવા, આવડાં મોટાં તો કયાંઇ બીજે દેખ્યાં નથી. ત્યારે બાવે કહ્યું જે, આનું બીજ તો હું જગન્નાથપુરી ગયો હતો ત્યાંથી લાવ્યો હતો. એમ કહીને વાડામાં ગયા. ત્યાં અનેક એવાં કોળાં જોયાં. પછી આપેલું કોળું રામપ્રતાપભાઈ ઉપાડવા લાગ્યા, પરંતુ ઘણું મોટું હોવાથી ઉપડ્યું નહી. ત્યારે સંધ્યાગીર બાવાએ પોતાના નોકરને મોકલીને તેની પાસે કોળાને ઉપડાવીને છપૈયાપુરને વિષે ધર્મદેવના ઘેર મોકલતા હતા. તે જોઈને સર્વે માણસો કહેવા લાગ્યાં જે, અહો ! આવડું મોટું કોળું તો કોઈ જગાએ આપણે દીઠું નથી. આતો ઘણું મોટું છે. એમ કહે છે, એટલામાં તો ઘનશ્યામ મહારાજ રમતા હતા તે કોળાને ફેરવવા લાગ્યા. તે જોઈને ભક્તિમાતા બોલ્યાં જે, હે ઘનશ્યામ ! આ કોળું તમારાથી નહિ ઉપડે. માટે મૂકી દઈને તમારા પિતા તથા ભાઈની સાથે જમવા બેસો. તેવું સાંભળીને પોતાનાં માતાપિતાને વિસ્મય પમાડવા કોળાંને લઈને પોતાના જમણા હાથની ટચલી આંગળી ઉપર રાખીને પોતાનો હાથ ઉંચો કરતા હતા. ડાબો હાથ પોતાની કેડ ઉપર મૂકીને પોતાનો જમણો પગ વાંકો રાખીને ઉભા ઉભા બોલતા હતા જે, માતાપિતા ! તમો જુઓ, આવી રીતે શ્રીકૃષ્ણ ભગવાને બાળપણમાં ગોવર્ધન પર્વત ધાર્યો હતો. તેવી રીતે અમોએ આ કોળાં રૂપી મોટા પર્વતને ધારણ કર્યો છે. તેમ તમો જાણો. તે જોઈને ધર્મભક્તિએ બીજા પુરવાસી જનોને બોલાવીને કહ્યું જે, અહો, હે

ભાઈઓ ! તમો જુઓ તો ખરા ! ત્યારે ત્યાં આવેલાં જનો ઘનશ્યામ મહારાજની આંગળી ઉપર રહેલું કોળું જોતાં હતાં. ઘડીકવારમાં તે કોળું દેખાયું નહિ ને તે જાણે મોટો પર્વત હોય ને શું ? એવો મહા મોટો અને ઉપર હજારો વૃક્ષ, હાથી, વાઘ, હરણાં, પાડા તથા મોર, ચકોર આદિક પક્ષીઓ તથા હજારો દેવનાં મોટાં મોટાં મંદિરોને ઘનશ્યામ મહારાજના હાથ ઉપર જોતાં હતાં. તે જોઈ નીચું જોવે છે ત્યાં તો હજારો ગાય પોતાનાં મુખ ઉંચાં કરીને ઘનશ્યામ મહારાજને લાંબી જીભે કરીને ચાટતી હોય ને શું ? એમ દેખતાં હતાં. તેવું મહા અલૌકિક ચરિત્ર જોઈને સર્વે પુરવાસી જન હેઠે બેસીને પગે લાગ્યાં. ત્યાં તો ઘનશ્યામ મહારાજના હાથમાં કોળું છે એમ સર્વેને દેખાતું હતું. ત્યારે તે કોળાંને પોતાના પિતાને હાથોહાથ આપીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દીદી ! અમોને તો ભૂખ લાગી છે. ત્યારે સુવાસિનીબાઈ બોલ્યાં જે, હે માજી ! આ ઘનશ્યામ મહારાજ તો ઘણા ચમત્કારી છે. તે સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભાભી ! તમો અમોને કેવા જાણો છો ? અમો તો ક્ષર અક્ષર થકી પર પુરૂષોત્તમ છીએ. એવું સાંભળીને તત્કાળ સુવાસિનીબાઈ પગે લાગીને બોલ્યાં, હે મહારાજ ! તમો તો સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન છો. એમ હું જાણું છું ; પરંતુ તમારી માયાથી હું ભૂલી જાઉં છું. એમ કહીને અતિ હેતે સહિત ભોજનનો થાળ પીરસીને જમાડતાં હતાં.

વળી એક સમયને વિષે અયોધ્યાપુરીમાં ભક્તિમાતાને એકાદશીના દિવસે રામચંદ્રજીના જન્મસ્થાનકે દર્શન કરવા જવું હતું. તેથી ઘનશ્યામ મહારાજને હીરની નાડીએ સહિત રાતા અતલસનો સુરવાલ તથા ડગલી પહેરાવીને, તેના ઉપર રૂમાલથી કેડય બંધાવીને, મસ્તક ઉપર કીનખાપની ટોપી ફૂમકાંવાળી પહેરાવીને, બે કાનમાં વાળીઓ પહેરાવતાં હતાં. અને કંઠમાં મોતીના હાર સહિત મોહનમાળા

પહેરાવીને તથા બે હાથે કલ્લીયું પહેરાવીને, પગમાં ઝાંઝર પહેરાવતાં હતાં. એવી રીતે ઘનશ્યામ મહારાજને શણગારીને ભક્તિમાતા પોતાના જમણા હાથની આંગળી ઝલાવીને મોટા પુત્ર રામપ્રતાપભાઇ સહિત ઘરેથી ચાલ્યાં તે ઉભી બજારે થઈને દાતણ કુંડ ઉપર આવીને મોટા કદમના વૃક્ષ નીચે ઘડી ઉભા રહી, વિશ્રામ લઈને ત્યાં થકી ચાલ્યાં તે જન્મસ્થાનકે જતાં વચ્ચે આંબલીઓના બગીચામાં ગયાં. ત્યારે ઘનશ્યામ મહારાજના ગજવામાં થોડાક ચણા હતા તેથી એક મર્કટ દોડીને ગજવાને વળગ્યું. ત્યારે પોતાની માતાની આંગળી તત્કાળ મૂકી દઈને મર્કટનો હાથ પકડ્યો, તેથી મર્કટ ચીચીયારી પાડવા માંડયું. તે સાંભળી બીજાં ઘણાં મર્કટ ભેગાં થઈ ત્યાં આવ્યાં. તે જોઈને રામપ્રતાપભાઈએ જાણ્યું જે, આ સર્વે મર્કટ ઘનશ્યામને મારશે. એમ જાણીને બે હાથમાં પથ્થર લઈને સર્વે મર્કટના સામા થયા. ભક્તિમાતા તો ભય પામીને એક બાજુ ઉભાં રહ્યાં. અને ભગવાનને સંભાળવા લાગ્યાં. એટલામાં તો ઘનશ્યામ મહારાજ જેટલાં મર્કટ હતાં તેટલા સ્વરૂપે થયા અને સર્વેના હાથમાં એક એક લાકડી હતી. એવી રીતે સર્વે મર્કટને કાઢી મૂકીને પાછા એક રૂપે થઈને પ્રથમની માફક પોતાનાં માતાની આંગળી પકડી. તે ચરિત્ર જોઈને ભાઇ સહિત ભક્તિમાતા આનંદ પામી, ત્યાં થકી ચાલ્યાં તે જન્મસ્થાનકે દર્શન કરીને રત્નસિંહાસન, રંગમહોલ, રામકોટ, કોપભુવન થઈને હનુમાનગઢીએ આવતાં હતાં. ત્યારે ત્યાં સારાં જામફળ જોઈને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દીદી ! અમોને આ જામફળ લાવી આપો. ત્યારે ભક્તિમાતાએ જામફળ લઈને ગજવામાં ભરી આપ્યાં અને બીજાં વધ્યાં તે રામપ્રતાપભાઈને આપતાં હતાં, ત્યારે પોતાના ગજવામાં જામફળ ભરેલાં છે. છતાં પણ મોટાભાઈની પાસે જે જામફળ હતાં તે પણ માગતા હતા. ત્યારે મોટાભાઈ બોલ્યા જે, હે ઘનશ્યામ ! આ તમારા ગજવામાં

ભર્યાં છે તે જમોને ! આતો લાલજીને જમાડીને અમો સર્વે જમીશું. ત્યારે બોલ્યા જે, હે ભાઇ ! આ પ્રત્યક્ષ બોલતા લાલજીને જમાડો, એટલે લાલજી તમારા ઉપર બહુ રાજી થશે. એવું મર્મ ભરેલું બોલીને રોવા લાગ્યા અને પૃથ્વી ઉપર ઢળી પડ્યા. તે સમયે ધર્મદેવ ચોતરા ઉપર બેસીને એકાદશી માહાત્મ્યનું પુસ્તક વિચારતા હતા. તે હાથમાં પાના સહિત ઉઠીને પોતાના પુત્રની પાસે જઈને બોલ્યા જે, હે ઘનશ્યામ! જુઓને આટલાં બધાં મર્કટ કયાંથી આવ્યાં ? હે ભાઈ ! તમો ઉભા થઈને જુઓ તો ખરા અને ચાલો હું તમોને જામફળ આપું. એમ કહીને હાથ ઝાલીને ઉભા કરે છે. એટલામાં પોતાને બહુ ભાર જણાવતા હતા. ત્યારે ધર્મદેવ તે હાથ મૂકી દીધો. એટલે તુરત ઉભા થઈને દડદડ દોડીને ઘરમાં જતા રહ્યા અને પોતે આશ્ચર્ય પામી આસને જઈને બેઠા.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજ પોતાના પિતાની પાસે વેદ, પુરાણ, જ્યોતિષ, ઈતિહાસ એ આદિક ચૌદ વિદ્યાઓ તથા ચોસઠ કળાઓને સત્તર દિવસમાં પોતે ભણી લીધી. તે ચરિત્ર જોઈને અયોધ્યાપુરવાસી કેટલાક પંડિત, પુરાણી, શાસ્ત્રીઓ વિવેકી ડાહ્યા માણસો સર્વે મનમાં એમ જાણતા હતા જે, આ હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામપ્રસાદ તે કોઈક દેવ છે અને કાં તો ઈશ્વર છે અથવા સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે, જો એમ ન હોય તો થોડા દિવસમાં આટલી વિદ્યા કોઈ દેવ મનુષ્ય ભણી શકે નહિ. એવી રીતની આખા શહેરમાં વાતો ચાલતી હતી. તેમાં પોતાના લોકમાં રહેલા ચાર વેદો વિચાર કરવા લાગ્યા જે, પુરૂષોત્તમ ભગવાન ચાર વેદ ભણ્યા. ત્યારે ચાર વેદ તો આપણે છીએ, માટે ચાલો આપણે ભગવાનની પૂજા કરવા જઈએ. એમ ચાર વેદોએ વિચાર કરીને બ્રાહ્મણના વેષે આવીને ઘનશ્યામ મહારાજને પગે લાગીને ચંદન વડે યથાવિધિ પૂજા કરી. પછી સર્વે જમ્યા અને લીંબડા તળે ચોતરા ઉપર ચારે વેદે સહિત ઘનશ્યામ મહારાજ પોઢી ગયા. બીજે દિવસે

પ્રાતઃકાળે પોતાના પિતા સહિત ચાર વેદને સાથે લઈને સરયૂગંગામાં રામઘાટે સ્નાન કરીને ચાલ્યા તે હનુમાનગઢીમાં દર્શન કરવા આવ્યા. ત્યાં એક પંડિત વાલ્મિકી રામાયણની કથા વાંચતા હતા. તેની નજર બરાબર ઠીક ન દેખીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભટ્ટ ! તમો અશુદ્ધ કેમ બોલો છો ? એમ કહીને હનુમાનજીની પરિક્રમા ફરવા લાગ્યા. તે વખતે બ્રાહ્મણ ઘનશ્યામ મહારાજની અવજ્ઞા કરીને બોલ્યા જે, તમો શાસ્ત્રની વાતમાં શું જાણો ? તેવું સાંભળીને ચાર વેદમાંથી અથર્વવેદ બોલ્યા જે આવો ગર્વિષ્ઠ સારો નહિ; એમ કહ્યું કે, તુરત પોતાના કર્મે કરીને તે બ્રાહ્મણ આંધળો થઈ ગયો. પછી હનુમાનજીએ, ઘનશ્યામ મહારાજની તથા ચાર વેદની ષોડશોપચારે કરીને પૂજા કરી. તેને દેખીને પૂજારીએ કહ્યું જે હે સ્વામી ! તમોએ કોની પૂજા કરી ? ત્યારે હનુમાનજી બોલ્યા જે, આ ઘનશ્યામ મહારાજ અક્ષરાધિપતિ પુરૂષોત્તમ ભગવાન છે અને આ મૂર્તિમાન ચાર વેદો છે તેમની પૂજા કરી. એમ બોલે છે તે સમયમાં તો અંધ થયેલો બ્રાહ્મણ આવીને પગે લાગીને બોલ્યો જે, હે મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો. ત્યારે ચાર વેદ બોલ્યા જે, આ પ્રત્યક્ષ પુરૂષોત્તમનું ભજન કરવાથી સારૂં થશે. એમ કહીને ચાર વેદ તો ઘનશ્યામ મહારાજને નમસ્કાર કરી રજા માગીને ચાલવાની તૈયારી કરી, ત્યારે બોલ્યા જે, તમો પાછા સત્સંગમાં આવજો, તે તમારાં સચ્ચિદાનંદ મુનિ તથા ઉત્તમાનંદ મુનિ એવાં નામ પાડીને અમારી સમીપે રાખીશું. એવી રીતની આજ્ઞા પામીને વેદ અદ્રશ્ય થઈ ગયા. તે ચરિત્ર જોઈને ધર્મદેવ પોતાના પુત્ર સહિત ઘેર આવીને તે વાત રામપ્રતાપભાઈને કહેતા હતા.

વળી એક દિવસે અયોધ્યાપુરીમાં રામપ્રતાપભાઈ ધર્મદેવે સહિત ઘનશ્યામ મહારાજને સાથે લઈને એકાદશીના દિવસે સરયૂગંગામાં સ્નાન કરવા ગયા. ત્યારે બ્રાહ્મણના પરથારે કપડાં ઉતારીને જળમાં

સ્નાન કરીને કપડાં પહેરતા હતા, તે વખતે ગંગા પોતે સ્ત્રીને વેષે સોળ શણગાર ધારણ કરીને પોતાના હાથમાં પુષ્પની માળા તથા કુમ કુમનો ડાબલો લઈને પોતે જળ થકી બહાર નીકળીને ઘનશ્યામ મહારાજને પગે લાગીને ભાલને વિષે કુમકુમનો ચાંદલો કરીને પુષ્પનો હાર પહેરાવીને તત્કાળ પાછાં જળમાં પ્રવેશ કરતાં હતાં. તે ચરિત્ર જોઈને હજારો મનુષ્ય મહા આશ્ચર્ય પામતાં હતાં. ત્યારબાદ ત્યાં થકી ચાલ્યા તે કનકભુવનમાં દર્શન કરીને પોતાના ઘેર આવતા હતા. પછી સુવાસિની બાઈએ બનાવેલી ફલાહારની સામગ્રી સર્વે ભેળા બેસીને જમતા હતા.

વળી એક સમયે ઘનશ્યામ મહારાજ સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કરીને ઓસરીમાં બેસીને ઠાકોરજીની પૂજા કરવા લાગ્યા. તે સમયે લાલજીની મૂર્તિને વસ્ત્ર ઘરેણાં પહેરાવીને પોતે નૈવેદ્ય કરીને હાથમાં માળા લઈ ધ્યાન કરતા સતા ફેરવતા હતા. તે જોઈ રામપ્રતાપ-ભાઈ હસતા હસતા ઘરમાં ગયા, એટલે સુવાસિનીબાઈ ઘરમાંથી બહાર આવ્યાં. તે વખતે કુબેર ભંડારી તથા વરૂણદેવ એ બન્ને આવીને ઘનશ્યામ મહારાજને પગે લાગી, ચંદનપુષ્પ વડે પૂજા કરીને આરતી ઉતારતા હતા. તે જોઈને સુવાસિનીબાઈ આશ્ચર્ય પામી બોલ્યાં જે, આ બે જણ કોણ છે ? એ સાંભળીને ભક્તિમાતા ઓરડામાં ઈચ્છારામભાઈને સ્તનપાન કરાવતાં હતાં. તેમને તેડીને તત્કાળ બહાર આવ્યાં. તે વખતે બન્ને જણ પૂજા કરી અદ્રશ્ય થઈ ગયા. તે ચરિત્ર જોઈને સુવાસિનીબાઈ સહિત ભક્તિમાતા આશ્ચર્ય પામ્યાં.

વળી એક સમયને વિષે રામપ્રતાપભાઈ, ઘનશ્યામ મહારાજને સાથે લઈ જન્મસ્થાનક, હનુમાનગઢી આદિક મંદિરે દર્શન કરવા ગયા, તે સમયે હનુમાનગઢીમાં અધ્યાત્મ રામાયણની કથા વંચાતી હતી. એટલે ઘનશ્યામ મહારાજ તો હનુમાનજીનાં દર્શન કર્યા સિવાય સભામાં કથા સાંભળવા બેસી ગયા. ત્યારે મોટાભાઈ બોલ્યા જે, હે

**ઘનશ્યામ ! ચાલો આપણે સર્વ મંદિરે દર્શન કરી આવીએ. અને પછી તમો સુખેથી કથા સાંભળજો. આજે દ્વાદશીનાં પારણાં છે. માટે આપણાં દીદી રાહ જોશે. તેવું સાંભળીને બોલ્યા જે, હે ભાઈ ! તમારે બહુ ઉતાવળ હોય તો જાઓ અને અમો તો આ અધ્યાયમાં વૈરાગ્યની વાર્તા બહુ સારી આવે છે, તે સાંભળીને દર્શન કરીને આવીશું. એમ કહ્યું એટલે ભાઈ તો ત્યાં થકી ચાલ્યા તે જન્મસ્થાનકે ગયા. ત્યાં મંદિરમાં સિંહાસન ઉપર રામલક્ષ્મણની સમીપે ઘનશ્યામ મહારાજનાં બાળસ્વરૂપે વસ્ત્ર ઘરેણાં સહિત દર્શન થયાં. તે જોઈને આશ્ચર્ય પામી, ત્યાંથી ચાલ્યા તે કનકભુવન ગયા. ત્યાં પણ તેવાં ને તેવાં દર્શન થયાં. એવી રીતે કેટલાંક મંદિરોમાં દીઠા. પછી ઉતાવળા પાછા હનુમાનગઢીમાં આવ્યા. ત્યાં તો વળી સભામાં બિરાજેલા જોયા. તે ઐશ્વર્ય જોઈને ઘેર આવ્યા. ત્યાંતો વળી ઓસરીની ઝેર ઉપર પોતાના પિતાની સાથે વાર્તા કરતા જોયા. પછી સમીપે આવીને બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ ! તમો કયારના ઘેર આવ્યા છો ? ત્યારે બોલ્યા જે, અમો તો કયારનાય બધાય મંદિરોમાં દર્શન કરીને ઘેર આવ્યા છીએ. અને જેટલી રામાયણની કથા મેં સાંભળી હતી. તેટલી કથા આપણા દાદાને કહી સંભળાવી. તે જો તમે ન માનો તો દાદાને પૂછો. તે સાંભળીને રામપ્રતાપભાઈ મહા આશ્ચર્ય પામી તે વાર્તા પોતાનાં માતુશ્રીને કહેતા હતા.**

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે છપૈયાપુરની લીલા કરતા સતા થોડાક દિવસમાં વિદ્યા ભણ્યા અને કુબેર ભંડારી તથા વરૂણદેવે પૂજા કરી. એ નામે અઠ્ઠાવીસમો અધ્યાય પૂરો થયો. ॥ ૨૮ ॥

## અધ્યાય ૨૯

## અંગુઠીની લીલા તથા આઠ શાસ્ત્રોના સારનું દોહન.

**મહારાજ કહે છે, હે રામશરણજી ! એક સમયે અયોધ્યાપુરમાં**

સુવાસિનીબાઇ, જે અમારાં માતુશ્રી તે પોતાની આંગળીએથી અંગુઠી ઉતારીને બાજોઠ ઉપર મૂકીને રસોઇ કરવા લાગ્યાં. ત્યારે તે અંગુઠીને ઘનશ્યામ મહારાજ છાનામાના ચોરી કરીને સામે ઉમરાવ હલવાઇની દુકાને જઇને તેને આપીને કહ્યું જે, આની મીઠાઇ આપો. તેવું સાંભળીને હલવાઇએ તે અંગુઠી લીધી અને તેના બદલામાં એક શેર બરફી આપી. તે જોઇ પોતે વિચાર કર્યો જે, મને આ હલવાઇ છેતરે છે. માટે તેનો સર્વે મીઠાઇનો માલ હું ખાઇ જાઉં. એવો વિચાર કરીને એમ બોલ્યા જે, અમો જેટલી મીઠાઇ ખાઇએ તેટલી ખાવા દો. તેવું સાંભળીને હલવાઇ કહે, બહુ સારૂં. પછી તેણે મનમાં વિચાર કરીને અંગુઠી પોતાની સ્ત્રીને બતાવી, ત્યારે તેની સ્ત્રી અમૂલ્ય વીંટીં જોઇને પરીક્ષા કરીને બોલી જે, હે ઘનશ્યામ ! તમારે જેટલી મીઠાઇ જમવી હોય તેટલી અમારી દુકાનમાં બેસીને જમો. ત્યારે પોતે દુકાનની નીચે ઉભા હતા તે તત્કાળ દુકાનમાં જઇ એક બાજુ બેઠા. ત્યારે તેમની પાસે જળનો લોટો ભરીને તે બાઇએ મૂક્યો. પછી પાત્રમાં મીઠાઇ ભરીને તે ઉમરાવ હલવાઇએ આપ્યો, તે જેટલી મૂકી તેટલી તુરત જમી ગયા. એમ કરતાં કરતાં દુકાનની સર્વે મીઠાઇ જમી ગયા. ત્યારે પોતાના ભાઇ રામચરણની દુકાનેથી લાવીને આપતો હતો. તેટલામાં તો રાજાના બે પોલીસ બ્રાહ્મણ હતા. તે સૂર્ય કુંડે સ્નાન કરવા જતા હતા તેમણે આ ઠરાવ સાંભળીને કેટલાક શહેરના માણસો સહિત જોવા સારૂં ઉભા રહ્યા. ત્યારે વચનથી બંધાયેલો હલવાઇ પોતે બીજી કેટલીક દુકાનોમાંથી મીઠાઇ લાવીને આપતો હતો, તે સર્વે જમીને પેટ ઉપર હાથ ફેરવીને કહે જે, મારે તો જમવા મીઠાઇ જોશે. મને તમે બેસાર્યો તેથી બેઠો છું. તેવું સાંભળીને હલવાઇ પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે, હવે કેમ કરવું ? મેં તો કેટલીક દુકાનેથી મીઠાઇનો માલ આપ્યો તો પણ હજી સુધી માગે છે. ત્યારે તે બાઇએ કહ્યું જે, હવે આ ઘીનું ભરેલું કુંડલું એમની પાસે મૂકો એટલે

ઉઠીને જશે. ત્યારે તેણે એમ કર્યું. ત્યાં તો ઘનશ્યામ મહારાજે દેવને આજ્ઞા કરી તે મર્કટરૂપે દેવ ઘી ત્યાં ને ત્યાં ખાઈને અદશ્ય થઈ ગયા. તે જોઈને મહા વિસ્મય પામતો સતો હલવાઈ સમીપે આવી પગે લાગીને બોલ્યો જે, હે ઘનશ્યામ ! તમો તો સાક્ષાત્ રામચંદ્રજી છો. ને હવે તો તમો મારા ઉપર કૃપા કરીને જેમ સારૂં થાય તેમ કરો. ત્યારે બોલ્યા જે, હવે મારે નહિ જોઈએ. એમ કહીને હાથ મુખ ધોઈને દુકાનેથી નીચે ઉતરીને ચાલ્યા ગયા, તે જોઈને સર્વે જનો મહા આશ્ચર્ય પામતા હતા. ત્યાર પછી ઘનશ્યામ મહારાજ આટલું જમ્યા છે માટે ઘેર પોતાનો જમવાનો સમય ચૂકાવીને વિલંબે ગયા. ત્યારે સુવાસિનીબાઈ બોલ્યાં ઘનશ્યામભાઈ ! તમોએ મારી અંગુઠી જોઈ છે ? ત્યારે બોલ્યા જે, તમોએ ઘરમાં કયાંઈક મૂકી હશે. તે ભૂલી ગયાં છો, તે શોધી જુઓ. ત્યારે ધર્મભક્તિ બોલ્યાં, હે ઘનશ્યામ ! તમોએ લીધી હોય તો આપો. તમો આગળ છપૈયાપુરમાં એક વખત વાળી લઈ ગયા હતા. માટે અંગુઠી પણ લીધી હોય તો બોલો. ત્યારે ઈચ્છારામજી પોતાના દાદાની પાસે જઈને કહેવા લાગ્યા, હે દાદા ! ઘનશ્યામભાઈને અંગુઠી લેતાં મેં જોયા હતા. પરંતુ હવે માનતા નથી. ત્યારે ઘનશ્યામ મહારાજ ઘરમાંથી બહાર નીકળીને હલવાઈની દુકાને જઈને કહેવા લાગ્યા જે, અંગુઠી લાવો. ત્યારે હલવાઈ બોલ્યા જે, મારો આટલો બધો મીઠાઈનો માલ ખાઈ ગયા અને અંગુઠી લેવા આવ્યા છો ? ત્યારે સાથે આવેલા ધર્મદેવ તથા ઈચ્છારામજીના સાંભળતાં ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, તમારો મીઠાઈનો માલ બગાડ્યો હોય તો ન આપશો. તમો દુકાનમાં મીઠાઈ તપાસી જુઓ. તેવું સાંભળીને તે હલવાઈ બધી દુકાનોમાં તપાસ કરતો હતો ત્યારે દુકાનમાં ઘણી જાતની મીઠાઈ જોઈ. અને ઘીનું કુંડલું ભરેલું એમ ને એમ હતું. તે જોઈને અંગુઠી પાછી આપીને બે હાથ જોડીને વિનંતીપૂર્વક પગે લાગીને તે સઘળી વાત વિસ્તારપૂર્વક ધર્મદેવને કહેતો

હતો. ત્યારબાદ ધર્મદેવ અંગુઠી લઈ ઘેર આવીને આપતા હતા. અને હલવાઈએ દુકાનમાં ઘનશ્યામે ખાધેલી મીઠાઈ એમ ને એમ ભરેલી જોઈ. આ મહા અદ્ભૂત ચરિત્ર જોઈને અયોધ્યાપુરવાસી જનને વાત કહી. હે રામશરણજી ! આ જે સુવાસિનીબાઈ તે અમારાં માતુશ્રી, તેમની અંગુઠી ચોરીને મીઠાઈ ખાધી તે ઉપર બ્રહ્માનંદ સ્વામીએ અંગુઠી ચોરી તે સમયનાં કીર્તન કર્યાં છે. જેઃ- સુન માત જશોદા ગોરી, તેરે લાલ અંગુઠી ચોરી. આ વાર્તા સત્સંગમાં સર્વે જાણે છે.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજ અંગે સહિત ચાર વેદ, ષટ્શાસ્ત્ર અને અઢારપુરાણને ભણ્યા. પછી સર્વેશાસ્ત્રમાંથી પોતે સાર કાઢતા હતા, તેમાં શ્રીમદ્ભાગવત થકી તો દશમસ્કન્ધ તથા પંચમસ્કન્ધ તે સાર કાઢ્યો. અને ધર્મશાસ્ત્રમાંથી યાજ્ઞવલ્કય ઋષિની સ્મૃતિ તે સાર રૂપે કાઢતા હતા. અને સ્કન્દપુરાણમાંથી વાસુદેવ માહાત્મ્ય તે સાર કાઢતા હતા. અને સમગ્ર ભારતમાંથી શ્રીભગવદ્ ગીતા, વિષ્ણુસહસ્રનામ ને વિદુરનીતિ તે સાર કાઢતા હતા. એવી રીતે તે સર્વે શાસ્ત્રનો સાર કાઢીને તેનો ગુટકો પોતાના હાથે લખીને પોતાના પિતાશ્રીને બતાવતા હતા. તે જોઈને ધર્મદેવ બહુ રાજી થયા. ને પોતાના મનમાં વિચાર કર્યો જે, આ કાંઈ મનુષ્યની બુદ્ધિ નથી. પછી રામપ્રતાપજી તથા ઈચ્છારામજી એ બન્નેને પોતાના સમીપે બોલાવીને ધર્મદેવ કહેવા લાગ્યા. હે પુત્રો ! આ તમારા ભાઈ ઘનશ્યામ ઘરમાં રહેવાના નથી અને તમારી પાસે કાંઈ માગશે પણ નહિ. એતો સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન છે. માટે તેમની પાસે કાંઈ કામકાજ કરાવશો નહિ. તેવું સાંભળીને પોતાના પિતાનું વચન સાંભળતા સતા વિનંતીપૂર્વક બોલ્યા જે, હે પિતા ! બહુ સારૂં. આવી રીતનો શ્રીઘનશ્યામ મહારાજનો પ્રતાપ જોઈને બીજા ઘણાક વિદ્યાકુંડ આદિક પાઠશાળામાં જતા વિદ્યાર્થીઓ, ધર્મદેવના ઘરે ઘનશ્યામ મહારાજ પાસે ભણવા સારૂ

આવતા હતા. અને ધર્મદેવને પ્રયાગ ક્ષેત્રને વિષે રામાનંદ સ્વામીએ આપેલો ઉપદેશ તથા અષ્ટાક્ષર મહામંત્ર પોતાના પિતા થકી પામીને, સર્વે વિદ્યાર્થીઓને તથા મુમુક્ષુ હોય તેને ઉપદેશ કરી શિષ્ય બનાવી એક તુલસીની કંઠી તે સર્વેને આપી અને ઉર્ધ્વપુંડ્ર તિલકના મધ્યમાં કુમકુમનો ચાંદલો, પ્રથમ પોતાના ભાલમાં કરીને બીજાને ધારણ કરાવતા હતા. ત્યારબાદ તરગામથી રામપ્રતાપભાઈના સસરા બળદેવપ્રસાદજી પોતાના પુત્ર જનકરામ અને ઘેલા તરવાડી, સુબોધ તરવાડી એ બે ભક્તિમાતાના ભાઈ તથા બહેન વસંતાબાઈ એ આદિક બીજા કેટલાંક જન અયોધ્યાપુરીમાં રામનવમીના મેળા પ્રસંગે આવ્યાં હતાં, ત્યારે બળદેવપ્રસાદજીએ ધર્મદેવને કહ્યું, હે હરિપ્રસાદજી ! તમો હવે અહિંથી તરગામ રહેવા આવો. તેવું સાંભળીને કહ્યું જે, બહુ સારૂં. અમો થોડાક દિવસમાં આવીશું, તમો અત્યારે જાઓ. પછી થોડાક દિવસ વીત્યા ત્યારે ધર્મભક્તિ પોતાના ત્રણ પુત્રોને સાથે લઈને તરગામ જવા નીકળ્યા. તે રસ્તામાં નવાબગંજના વનમાં ગયા. એટલે ભક્તિમાતાને ઘણી તરસ લાગી તેથી શરીરમાં કસર જેવું માલુમ પડ્યું હતું. પછી તે સર્વે વડના વૃક્ષ નીચે બેઠા અને ધર્મદેવ રામપ્રતાપભાઈને પાણી લેવા માટે મોકલ્યા હતા. પરંતુ કોઈ ઠેકાણે કૂવો, વાવ કે તળાવ જોયું નહિં. તેથી પાણી મલ્યું નહિ. ત્યારે પોતાની માતાનું તરસનું દુઃખ જોઈને ઘનશ્યામ મહારાજે જાણ્યું જે, આ મોટાભાઈ પાણી સિવાય એમ ને એમ આવ્યા અને આ નાનાભાઈ સહિત ભક્તિમાતા બહુ તરસ્યાં થયાં છે. એમ જાણીને પોતાની સમીપે થોડેક દૂર જળનો ભરેલો કૂવો રામપ્રતાપભાઈને બતાવ્યો. તેમાંથી ભાઈ પાણી ભરી લાવીને સર્વેને પાતા હતા. આ ચરિત્ર જોઈને ભાઈ બોલ્યા જે, હે દાદા ! આ જગ્યાએ બધેય ફરીને મેં જોયું હતું પરંતુ આ કૂવો કયાંય મારા જોવામાં આવ્યો ન હતો, કોણ જાણે આ શું થયું ? ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભાઈ ! એ તો કોઈ

ભગવાનની ઇચ્છાથી આ કૂવો થયો. તેવું સાંભળીને ધર્મદેવ ઘણા રાજી થયા. ત્યાર પછી ધર્મભક્તિ ચાલ્યાં તે વચ્ચે ગામ આંબલીયાના તળાવ ઉપર આંબાના વૃક્ષ નીચે બપોરા કરીને તરગામને વિષે આવ્યાં. ત્યારે સર્વે સંબંધીજનો આવીને ધર્મભક્તિને મળીને એક બીજાના સમાચાર પૂછીને આનંદ પામતાં હતાં. પછી ભક્તિમાતાનાં મોટાં બહેન વસંતાબાઈએ રસોઇ કરીને સારી રીતે જમાડ્યાં. એવી રીતે ત્યાં રહેતાં હતાં. એક સમયે બળદેવપ્રસાદજી પોતાના પુત્ર લક્ષ્મીપ્રસાદજીને યજ્ઞોપવિત (જનોઇ)આપતા હતા. ત્યારે ધર્મદેવે ભક્તિમાતાને પૂછ્યું જે,આપણા ઘનશ્યામને અહીં આ લક્ષ્મીપ્રસાદજીની સાથે જનોઇ આપીશું ? ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, હમણાં તો ઘનશ્યામજી નાના છે. પછી તમારી મરજી હોય તેમ ખરૂં. પરંતુ મારે તો અયોધ્યાપુરીમાં જનોઇ આપવાનો વિચાર છે. ત્યારે ધર્મદેવ બોલ્યા જે, ત્યાં ફરીથી જનોઇનો વિધિ કરીશું. તેમ કહીને ઘનશ્યામ મહારાજને જનોઇ આપીને બ્રહ્મચારીના વેષે બડવો કરીને બન્નેને સાથે દોડાવતા હતા. તે સમયે આકાશમાંથી ઈન્દ્રાદિક દેવો દુંદુભિ વાજાં બજાવતા સતા, ઘનશ્યામ મહારાજ ઉપર ચંદન પુષ્પનો વરસાદ વરસાવતા હતા. પછી જ્યારે જનોઇનો વિધિ પૂરો થયો તે દિવસે બળદેવપ્રસાદજી તથા ધર્મદેવ તથા સુબોધ તરવાડી તેમણે હજારો બ્રાહ્મણોને જમાડી દક્ષિણાઓ આપી.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે અંગુઠીની ચોરી કરીને આઠ સત્શાસ્ત્રોનો સાર કાઢ્યો તથા તરગામમાં જનોઇ પહેરાવી. એ નામે ઓગણત્રીસમો અધ્યાય પૂરો થયો. ।। ૨૯

## અધ્યાય ૩૦

## શ્રીહરિના પ્રતાપનું વર્ણન-ચરિત્રો.

હે રામશરણજી ! જે દિવસે ઘનશ્યામ મહારાજને જનોઇ પહેરાવી તેથી ચાર દિવસ આગળ બળદેવપ્રસાદજી, સુત જનકરામ

તથા ધર્મદેવ આદિક તથા રામપ્રતાપભાઈ ઘનશ્યામ મહારાજ સહિત તેમને સાથે લઈને જનોઈનો સામાન લેવા માટે પોતાના ઘેરથી ગાડુ જોડાવીને ગોંડા શહેરમાં ગયા. ને ત્યાં જઈને બજારમાંથી સર્વે સામાન લીધો તેથી સાંજ પડી ગઈ. પછી કુંજગલીમાં બાબા રામદાસની જગ્યામાં આવીને ઉતારો કરી તળાવમાં સ્નાન કરવા સર્વે ગયા. ત્યારે સર્વેની આગળ ઘનશ્યામ મહારાજ સ્નાન કરીને બહાર આવી કપડાં પહેરી હાથમાં નેતરની સોટી લઈને ઉભા રહ્યા. તે વખતે તળાવની પાળ્ય ઉપર રાજાના સેવકો મોટું આંબાનું વૃક્ષ ખોદીને સવારથી પાડતા હતા. તે આંબો પડતાં તેની નીચે પાંચ માણસો દબાઈ ગયાં. તેને જોઈને ઘનશ્યામ મહારાજ તત્કાળ પોતાનો હાથ લાંબો કરીને સોટી વડે આંબાને ઉંચો કરીને તે પાંચે આદમીની રક્ષા કરી અને તેઓને બહાર કાઢ્યા. ત્યારે તેઓ આનંદ પામી ઘનશ્યામ મહારાજને પગે લાગીને ભગવાનપણાનો નિશ્ચય કરીને તે વાત પોતાના રાજા વિગેરેને કહી. તેવું ચરિત્ર કરીને પોતાના દાદાની સાથે કુંજગલીમાં આવ્યા એટલે ત્યાં ઠાકોરજીની આરતી થઈ, ત્યારે ઘનશ્યામ મહારાજ સહિત ધર્મદેવ આવીને આરતી કરવા લાગ્યા. તે સમયે હજારો માણસોને દેખતાં સિંહાસન ઉપરથી શ્રીકૃષ્ણની મૂર્તિ તત્કાળ હેઠે ઉતરી આવી અને ઘનશ્યામ મહારાજને પગે લાગીને પુષ્પનો હાર પહેરાવીને પછી પોતાના સિંહાસન ઉપર જઈને ઉભી રહી. તેવું મહા અદ્ભૂત ચરિત્ર જોઈને પુજારી રામદાસ આદિક સર્વે જન બોલ્યાં જે, અહો, જુઓ તો ખરા ! અમોને આટલાં વર્ષ પૂજા કરતાં થયાં પરંતુ કોઈ દિવસ આવું ચરિત્ર તો જોયું નહિ. માટે આ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ થયાછે કે શું ? એમ જાણીને સર્વે મનુષ્યો ઘનશ્યામ મહારાજને પગે લાગ્યાં અને તે આંબાની વાત ગુમાનસિંહ તથા ચંદુસિંહ તથા રાણી ભગવંત કુંવરબાઈએ ધર્મદેવને પોતાના દરબારમાં બોલાવીને પૂછ્યું જે, હે હરિપ્રસાદજી !

આ મારા માણસો આંબો પાડતાં દબાઈ ગયા તેની રક્ષા કરીને બહાર કાઢયા તે તમારા કયા પુત્ર છે ? તેવું સાંભળીને ધર્મદેવ ઘનશ્યામ મહારાજના મસ્તક ઉપર હાથ મૂકીને બોલ્યા જે, આ પુત્ર છે. તેમને જોઈને રાજાએ કહ્યું જે, અહો ! આ તો બેટા છોટા હૈ. માટે રખેને રામચંદ્રજી હોય. જો તે રામચંદ્રજી હોય તો તેમના ચરણમાં સોળ ચિહ્નો હોય અને તેમને છાયા ન હોય અને આજાનબાહુ લાંબા હોય. એમ કહીને પોતે ચોકમાં જઈને ઘનશ્યામ મહારાજને બોલાવ્યા, ત્યારે પોતે ઓસરીમાં બેઠા હતા ત્યાંથી ઉઠીને ચોકમાં આવીને રાજાની સમીપે ઉભા રહ્યા. ત્યારે છાયા રાજાએ દેખી નહિ અને સોળ ચિહ્ન સહિત ચરણારવિંદ તથા આજાનબાહુ લાંબા જોઈને પોતાના બે હાથ જોડીને સ્તુતિ કરી, રામચંદ્રજી ભગવાનપણાનો નિશ્ચય કરી, પોતાના કુળ સહિત આશ્રિત થયો.

ત્યારબાદ ઓસરીમાં ઢોલિયો ઢળાવીને તેના ઉપર ભારે રેશમનું ગાદલું તકિયા સહિત નંખાવીને ધર્મદેવ સહિત બે ભાઈને વિરાજમાન કર્યા. અને કીનખાપની ડગલી પહેરાવીને ટોપી, સુરવાલ એ ત્રણ વસ્ત્ર પહેરાવતા હતા. અને તેના ઉપર મોતીની માળા સહિત એક ઉતરી પહેરાવી, ચંદન પુષ્પ વડે પૂજા કરીને આરતી ઉતારી પગે લાગ્યો. ત્યારબાદ દરબારમાંથી ઉઠીને ધર્મદેવ પોતાના ઉતારે આવીને સર્વ સામાન ગાડામાં ભરીને, પાછા ત્યાંથી બીજે દિવસે ચાલ્યા તે પોતાને ઘેર આવ્યા. ત્યારે બળદેવપ્રસાદજી આવું મહા અદ્ભુત ઐશ્વર્ય જોઈને ઘેલા તરવાડી, સુબોધ તરવાડી, નવલકિશોર આદિક સર્વે પુરવાસીને તે વાર્તા કહેતા હતા.

હે રામશરણ ! વળી એક દિવસે તરગામથી બળદેવપ્રસાદજી, ધર્મદેવ, ઘેલા તરવાડી,મેડઈરામ,વસંતાબાઈ,ચંદનબાઈ, ભક્તિમાતા, રામપ્રતાપભાઈ, ઘનશ્યામ મહારાજ એ આદિક કેટલાકજનો કાનપુર

ગંગાજીના મેળા ઉપર જવા સારૂ પોતાના ગામથી નીકળ્યા. તે ગામ ગોંડા થઈ બહરામઘાટ સરયૂગંગા ઉતરીને ત્યાંથી લખનૌ શહેરમાં આવીને, ગોમતી નદીના કિનારે ઉતારો કરીને એક દિવસ ત્યાં રહીને કાનપુર આવ્યા. ત્યાં ગંગાજીમાં સ્નાન કરીને રાત્રિમાં બાટીઓ ને રીંગણાનું શાક કરીને સર્વે જમતા સતા પાંચ દિવસ તે તીર્થમાં રહીને પાછા ચાલ્યા. તે ગામ બારાબંકી નવાબગંજમાં આવીને ધર્મશાળામાં રાત્રિ રોકાઈને પછી બીજે દિવસે ત્યાંથી ચાલ્યા, ત્યારે વસંતાબાઈએ ઈચ્છારામને તેડી લીધા. તે જોઈને ઘનશ્યામ મહારાજ પોતાનાં માસીને કહેવા લાગ્યા જે, હે ચંદનમાસી ! આ ઈચ્છારામને વસંતા માસીએ તેડયા છે, તો તમો મને તેડી લો. તેવું સાંભળીને ભક્તિમાતા બોલ્યાં જે, તમારામાં તો ઘણો ભાર છે તેથી ઉપાડી શકાય નહિ. ત્યારે બોલ્યા જે, આ વસંતામાસીએ ઈચ્છારામને કેમ તેડ્યા છે ? ત્યારે બોલ્યાં જે, ઈચ્છારામ તો નાના છે તેથી ભાર નથી. એમ કહીને વસંતાબાઈ આગળ ચાલ્યાં એટલામાં તો ઘનશ્યામ મહારાજની ઈચ્છા વડે નાના ભાઈમાં ઘણો ભાર દેખાયો. તેથી તત્કાળ વસંતાબાઈએ ઈચ્છારામભાઈને પૃથ્વી ઉપરમૂકી દીધા. તે જોઈને ભક્તિમાતાએ કહ્યું, જે બહેન ! ઈચ્છારામને કેમ હેઠે મૂકી દીધા ? ત્યારે બોલ્યાં જે, મને તો બહુ ભાર જણાય છે. ત્યારે ભક્તિમાતાએ કહ્યું, એતો ઘનશ્યામ મહારાજનું કામ છે. માટે હે વસંતાબાઈ ! તમો ઘનશ્યામને તેડો અને ઈચ્છારામને ચંદનબહેન તેડે. પછી જ્યારે તેમ કર્યું ત્યારે ચંદનબાઈ બોલ્યાં જે, ઈચ્છારામભાઈમાં તો કંઈ ભાર નથી. ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, ઘનશ્યામનું ધાર્યું ન થયું હોત તો ખબર પડત. એમ કરતાં સતાં અયોધ્યાપુરીને વિષે આવીને બરહટ્ટા બજારમાં પોતાના મુકામે ઉતારો કરીને પાંચ દિવસ ત્યાં રહીને, પછી સર્વે મંદિરોમાં દર્શન કરીને પોતાના ઘેર તરગામ આવ્યાં. પછી બળદેવપ્રસાદ તથા ધર્મદેવ પોતાની સંપત્તિ પ્રમાણે તીર્થ કરી આવ્યા,

એટલે બ્રાહ્મણોને તથા કુટુંબીજનોને જમાડીને ઘણી દક્ષિણાઓ આપી. ત્યાર પછી ઘનશ્યામ મહારાજને જનોઇ આપીને બીજા દિવસે ધર્મદેવ પોતાના સર્વે કુટુંબીજનોને જમાડયા. તે જમાડતાં સાંજ પડવા આવી. ત્યારે પોતાના સાઢુ બલદીધરે ધર્મદેવને કહ્યું જે, પાક તો ખૂટે તેમ જણાય છે. ત્યારે બોલ્યા જે, ભગવાનને સંભારો નહિ ખૂટે, એમ કહીને પોતે ત્યાંથી ઉઠીને પાકશાળામાં જઈને જુએ છે, ત્યાંતો ઘનશ્યામ મહારાજને દેખીને વિચાર કરવા લાગ્યા, જે ઘનશ્યામ તો પ્રથમ ભોજન કરીને પોતાના સખાઓની સાથે મહાદેવીએ તળાવે સ્નાન કરવા ગયા છે. અને આ વળી અહીં કયાંથી ? એમ વિચાર કરે છે. તેટલામાં તો સખાએ સહિત સ્નાન કરીને ઘરે આવ્યા કે તુરત જમતી મૂર્તિ અદશ્ય થઈ ગઈ. તે ઐશ્વર્ય જોઈને ધર્મદેવ આશ્ચર્ય પામી ગયા ને એમ બોલ્યા જે, હે બલદીધર ! હવે આ પાક ખૂટવાનો નથી. તમોને ઠીક લાગે તે રીતે મનુષ્યોને જમાડો. ત્યાર પછી સર્વેને જમાડતા થકા તે પાક વધ્યો. તે ત્રીજે દિવસે મહાદેવીયા તળાવમાં મીન-મઘર આદિક જીવજંતુને તે પાક નાખ્યો.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે રાજાના ચાકરો આંબા તળે દબાયા હતા તેમની રક્ષા કરીને પોતાનો નિશ્ચય રાજાને કરાવ્યો તથા કાનપુરની યાત્રા કરી આવ્યા. એ નામે ત્રીસમો અધ્યાય પૂરો થયો. ।। ૩૦ ।।

## અધ્યાય ૩૧ - હરિનું અદ્ભુત ઐશ્વર્ય.

વળી એક દિવસે ઘનશ્યામ મહારાજ સહિત ધર્મદેવ, રામપ્રતાપભાઈ, નવલકિશોર, જનકરામ, આદિ બીજા કેટલાક જનને સાથે લઈને શિવરાત્રીના દિવસે સવારના પહોરમાં મહાદેવીયા તળાવમાં સ્નાન કરવા ગયા, ને ત્યાં જઈને પીપળાના વૃક્ષ નીચે મહાદેવના ચોતરા ઉપર કપડાં મૂકીને શૌચવિધિ કરી આવીને જળમાં સ્નાન કરવા પ્રવેશ

કરતા હતા. તેને કેટલીક વાર થઈ તેથી પોતપોતાના હાથમાં જળના લોટા ભરીને મહાદેવને ચડાવવા સારૂં ગયા. તે વખતે ઘનશ્યામ મહારાજ તો સર્વની પાછળ રહ્યા હતા. ને આગળ ગયેલા જે હતા તેમણે તો શિવજીને હનુમાનજીરૂપે દીઠા, એટલે એકદમ ખમચાઈને ઉભા રહ્યા, ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, કેમ ઉભા રહ્યા છો ? જળ ચઢાવીને અમોને માર્ગ આપો. તેવું સાંભળીને સર્વે બોલ્યા જે, હે ઘનશ્યામ ! આતો હનુમાનજીની મૂર્તિ છે. ને શિવજી તો કોણ જાણે ક્યાં ગયા ? અમો કોને જળ ચઢાવીએ અને તમોને માર્ગ આપીએ ? ત્યારે બોલ્યા જે, અમારા પહેલાં તમો જળ ચઢાવવા ગયા તેથી શિવજી રીસાયા. એમ કહીને પોતે આગળ આવ્યા ત્યારે સર્વે શિવજીની મૂર્તિને દેખતા હતા. અને સર્વે આનંદ પામતા સતા, જળ ચડાવીને શ્રીઘનશ્યામ મહારાજને પગે લાગીને કહેતા હતા જે, હે ઘનશ્યામ મહારાજ ! આતો તમારૂં કારણ છે. એમ કહીને આનંદ પામતા હતા.

વળી એક વાર્તા મહા અનૂપમ છે. તે સાંભળીને તમો મનમાં નિશ્ચય કરજો. એક સમયને વિષે ગામ લક્ષ્મણપુરાના ધર્મદેવના સાઢુ બલદીધર અને તેમના ભાઈ મોરલીધર તથા ગંગાધર એ બે ભાઈ નવાબ સરકારના લશ્કરમાં નોકર તરીકે રહેતા હતા. તે લશ્કરમાં ફરતા ફરતા બલરામ પઢરીમાં આવતા હતા. તેમને મળવા સારૂં તેમના ભાઈ બલદીધર પોતાના પુત્ર માણેકધરને સાથે લઈને લક્ષ્મણપુરથી ગામ બલરામપુર પઢરીમાં આવતા હતા. ત્યારે તરગામથી ધર્મદેવ પણ પોતાના સાઢુ બલદીધર સમીપે આવ્યા જાણીને મળવા સારૂં પોતે પોતાના બે પુત્ર સહિત ઘેલા તરવાડીને સાથે લઈને તે પઢરીમાં ગયા. ત્યારે તે લશ્કર બળકી બગીચામાં ઉતરેલું હતું. ત્યાં નજીક જઈને જુવે છે તો એક કાયસ્થ ગુરબકસ નામનો આગળ ચોકીમાં બેઠેલો હતો. તેને ધર્મદેવે પુછ્યું જે, હે ભાઇ ! ગામ લક્ષ્મણપુરાના રહેવાસી

મોરલીધર તથા ગંગાધર એ બે ભાઈ બ્રાહ્મણ આ લશ્કરમાં નોકરી કરે છે. તેમને અમારે મળવું છે. એવું સાંભળીને કાયસ્થ બોલ્યો જે, મારી સાથે ચાલો હું તમોને ભેગા કરી દઉં. પછી તેની પાછળ લશ્કરમાં ચાલ્યા તે આગળ મોટા પીપળાના વૃક્ષ હેઠે નવાબ સરકારનો તંબુ રોપેલો હતો ત્યાં ગયા. એટલે તે તંબુની આસપાસ દુષ્ટલોકોને જીવની હિંસા કરતા જોઈને ધર્મદેવના મનમાં અતિશે દયા આવી ગઈ. તેથી ઘનશ્યામ મહારાજના સામું જોયું કે, તત્કાળ ઘનશ્યામ મહારાજે પોતે પોતાના પિતાના મનમાં સંકલ્પ અંતર્યામીપણે જાણીને એવો સંકલ્પ કર્યો જે, આ દુષ્ટકર્મ કરવામાં વિઘ્ન પડો. એમ સંકલ્પ કરતાં તત્કાળ તે લશ્કરનાં જાનવરો હાથી, ઘોડા, આદિક સર્વે જીવપ્રાણી તે અતિશે બળે કરીને બાંધેલી દોરી આદિક લોઢાની સાંકળો તોડીને એકદમ ઉત્પાત કરવા લાગ્યા. તે જોઈને માણસો મરવાના ભયથી પોતાનું કામ પડ્યું મૂકીને પોતાનો જીવ બચાવવાની આશાથી ચારે તરફ નાસી ગયા. ત્યારે તે રાજા લશ્કર જોતો બહુ દુઃખીયો થઈને ભય પામી એકજ કપડે એમ ને એમ પોતાનો જીવ બચાવવા માટે પાસે રહ્યો જે પીપળો તેના ઉપર ચઢી ગયો. એવું મહાપાપકર્મ જોઈને ઉત્પન્ન થયો છે ક્રોધ જેને, એવા સાક્ષાત્ ભગવાને આવા દુષ્ટોને મારવા રૂપ ઐશ્વર્ય દેખાડ્યું અને લશ્કરનાં કોઈ કોઈને સાથે રહેવાનો સંબંધ રહ્યો નહિ. આવી રીતે તે લશ્કરને છીન્ન ભિન્ન કરીને ત્રાસ પમાડતા હતા. ત્યારપછી પીપળાના વૃક્ષ નીચે ધર્મદેવ સહિત સર્વે જનોને ઉભા રાખીને બીજે સ્વરૂપે થઈને પીપળાના વૃક્ષમાં પ્રવેશ કરીને તે પીપળાના વૃક્ષને કંપાવતા હતા. તેથી ઉપર રહ્યો જે નવાબ તે મહાત્રાસ પામી બોલ્યો જે, હે અલ્લા ! હે અલ્લા ! એવા શબ્દ કરીનેખુદાને સંભાળતો હતો. ત્યારે દયાળુ ઘનશ્યામ મહારાજ પીપળામાં રહીને બોલ્યા જે, હે રાજન્ ! તારાં લશ્કરમાં પાપ બહુ થયાં છે, તેથી આવો કોપ તારા ઉપર થયો છે. જો તારે જીવવાની આશા હોય

તો હિંસા બંધ કરવાની પ્રતિજ્ઞા લે. તો તું જીવતો રહીશ. નહિ તો તારો નાશ થઈ જશે. અને આ સામા ઉભા જે હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામ મહારાજ તે તો સાક્ષાત્ ખુદા છે. આવું વચન સાંભળીને તત્કાળ રાજા વિસ્મય પામતો હતો. અને ચારે તરફ જોઈને, કોઈને જોયું નહિ ત્યારે ફરીથી કહ્યું જે, આ વચન કોણ બોલ્યું ? એમ જાણીને પોતે જીવવાની આશાથી બોલ્યો હે ખુદા ! તમો સાક્ષાત્ બોલ્યા એમ મને જણાય છે. તે આજથી આરંભીને મારાં લશ્કરમાં જીવની હિંસા થવા દઈશ નહિ. આવી પ્રતિજ્ઞા કરૂં છું. એમ કહ્યું. ત્યારે દયા આવી ગઈ છે જેમને, એવા ઘનશ્યામ મહારાજ પીપળાને કંપાવવો બંધ કરીને પોતે ધર્મદેવની પાસે પોતાનું એક સ્વરૂપ છે તેમાં અદશ્ય થઈ ગયા, તે જોઈને રાજા તો આશ્ચર્ય ચકીત થઈ ગયો. અને ધીમે ધીમે નીચે ઉતરીને ઘનશ્યામ મહારાજને હાથ જોડીને પગે લાગીને બોલ્યો જે, હે ખુદા ! મેંતો તુમારા ગુલામ હું. ને આપ સાક્ષાત્ અલ્લા હો તો હમારી રક્ષા કરો. એવાં મહા નિર્માનીપણાનાં વચન સાંભળીને પ્રસન્ન થઈ, તે રાજા પ્રત્યે બોલ્યા જે, હે રાજન્ ! તમો ચિંતા કરશો નહિ. હમણાં શાંતિ થઈ જશે. એમ કહ્યું કે તુરત પોતાની ઈચ્છાથી લશ્કરમાં સર્વે જાનવરો હાથી, ઘોડા, બળદ ઈત્યાદિક એક એક આવીને પોતાના સ્થાનકે ઉભા રહ્યા. તે મહા અદ્ભૂત ઐશ્વર્ય જોઈને રાજા સહિત કારભારી આદિક સર્વે માણસો ઘનશ્યામ મહારાજને પગે લાગીને ભગવાનપણાનો નિશ્ચય કરતા હતા. આવી રીતે સર્વને પોતાનો પ્રતાપ જણાવીને તે ગામના જમીનદાર ખરહટીયાના ખદ બ્રાહ્મણ તથા મિશ્ર પરમાત્મા પંડિતને ઘેર ત્રણ દિવસ રહીને બલદીધર, સુતધરને મળીને પોતાને ઘેર આવતા હતા.

વળી એક દિવસે રામપ્રતાપભાઈના સસરા બળદેવપ્રસાદજીને ઘેર એક હાથી હતો. તે હાથી મહા ઉન્નમત્ત ને પોતાના ગર્વ આગળ કોઈને ગણતો ન હતો. તેને પોતાના ખોરાક માટે બળદેવપ્રસાદજીએ

અપાવેલો ઘઉંનો લોટ તેમાંથી મહાવત હમેશાં કાઢી લેતો હતો. તે નજરમાં રાખીને તેને મારવાનો વિચાર કરતો હતો. ત્યારપછી એક દિવસે તે મહાવત હાથીને નવરાવવા સારૂં મહાદેવીયા તળાવમાં લઇ ગયો. ને તળાવના પાણીમાં હાથીને સુવાડીને પથ્થરથી ઘસીને નવરાવવા લાગ્યો, એમ કરતાં કેટલીક વાર થઇ ત્યારે, રીસનો ભરેલો તે હાથી મહાવતને પોતાની સૂંઢમાં પકડીને પાણીમાં પછાડવા લાગ્યો. ત્યારે બીજાં હજારો માણસો તે વાત જાણીને એકદમ ઘેર આવીને બળદેવપ્રસાદજીને કહેતાં હતાં. ત્યારે તેમના ભાઇ રૂપધર, ભેલઇરામ, જનકરામ તથા લક્ષ્મીપ્રસાદ વિગેરે ઘનશ્યામ મહારાજને સાથે લઇને ઉતાવળા તે તળાવ ઉપર ગયા. ત્યાં તો ઘનશ્યામ મહારાજ બીજા સ્વરૂપે મહાવતને હાથી થકી છોડાવીને પોતે તે હાથી ઉપર બેઠા અને તે મહાવત સહિત સામા આવતા જોઇને, પોતાના પાસે હતા જે ઘનશ્યામ મહારાજ તે તત્કાળ હાથી ઉપર જઇને એક સ્વરૂપે થઇને બેઠા, એવું ઐશ્વર્ય જોઇને સર્વે બોલવા લાગ્યા જે, અહો ! ! આતો સાક્ષાત્ રામચંદ્રજી છે. એમ કહીને પગે લાગતા હતા. ત્યારબાદ મહાવત હાથીને લઇને ઘેર આવ્યો ને ઘનશ્યામ મહારાજને આંગણામાં ઉતારી મૂકીને, તે ચરિત્રની વાર્તા વિસ્તારે સહિત સર્વને કહેતો હતો.

વળી એક સમયે ધર્મદેવે તે ગામમાં ડાંગર વાવી હતી. તે જ્યારે મોટી થઇ ત્યારે ઘનશ્યામ મહારાજને કહ્યું જે, હે ઘનશ્યામ ! આપણા ખેતરમાં જઇને ડાંગર સાંચવો; ચકલાં ખાઇ જાય નહિ. આપણું ખેતર ગામની સમીપે છે. તેથી ચકલાં આદિક ઘણાં જનાવર ખાઇ જાય છે. અને હું પણ બપોર પછી આવીશ ત્યાં સુધી તમો સાંચવજો, એમ કહીને સાથે બેસીને પોતે જમતા હતા. પછી ઘનશ્યામ મહારાજના હાથમાં લાકડી આપીને મોજડીઓ પહેરાવીને ખેતરમાં મોકલતા હતા અને પોતે કોઇ કારણસર ગામ મુડાડીએ ગયા. પછી ઘનશ્યામ મહારાજે

તો ખેતરમાં જઈને જોયું તો હજારો ચકલાં ડાંગર ખાતાં હતાં, પોતે વિચાર કર્યો જે, હવે આ ચકલાંને ખાઈ જવા દઉં. તો મોટાભાઈ ખીજાય અને જો ખાવા ન દઉં તો એનો ત્રાસ કોણ લે ? એમ વિચાર કરીને પોતે તત્કાળ તે પક્ષીઓને સાંભળતાં ઉચ્ચસ્વરથી જનાવરને ઉડાડવાનો શબ્દ બોલ્યા. ત્યારે ખેતરના ચારે ખુણે શબ્દ પહોંચી ગયો. તેથી ચકલાં જ્યાં જ્યાં બેઠાં હતાં. ત્યાંજ સમાધીવાળાં બની ગયાં અને પોતે બગડવાની ચિંતા મટાડીને ત્યાંથી ચાલ્યા તે. ગામ ભમેચાના માધવરામ શુક્લના ખેતરમાં થઈને મહુડાના વૃક્ષ નીચે આવ્યા. અને ત્યાં બકસરામ અને રઘુવીરની સાથે રમવા લાગ્યા. તેને કેટલોક સમય વીતી ગયો. એટલે રામપ્રતાપભાઈને ધર્મદેવે ખબર કાઢવા ખેતરમાં મોકલ્યા, ત્યારે ભાઈ જનકરામને સાથે લઈને ખેતરમાં આવ્યા. ત્યારે ત્યાં ઘનશ્યામને નહિ જોઈને માધવરામના ખેતરમાં આવ્યા. ત્યારે ત્યાં રમતા જોઈ ભાઈ બોલ્યા જે, હે ઘનશ્યામ ! આમ રમવા તમોને ખેતરમાં મોકલ્યા હતા? ત્યારે બોલ્યા જે, તમારા કરતાં મેં ઘણું સાચવ્યું છે. એમ કહેતા સતા બન્ને ભાઈ જનકરામ સહિત પોતાના ખેતરમાં આવ્યા. ત્યારે કેટલાંક પક્ષીઓ ડાંગરના છોડ ઉપર બેઠેલાં અને કેટલાંક પૃથ્વી ઉપર બેઠેલાં, કેટલાંકની ચાંચોમાં ડાંગરની કુંપળો એમને એમ હતી. તે જોઈને રામપ્રતાપભાઈ બોલ્યા જે, અહો ! ! હમણાં આપણે આ ખેતરમાં જોઈને ગયા હતા. ત્યારે કોઈ આ જનાવરને જોયાં ન હતાં. અરે ! હમણાં આ તત્કાળ આ શો ગજબ થયો છે ? આ બધાં પક્ષીઓ એક સામટાં મરી ગયાં કે શું ? કેમ સ્થિર થઈ ગયાં છે ? આ તે શું હશે ? કોઈ પક્ષી બોલતું નથી, એમ કહીને પાસે જઈને પોતાના હાથે તે ચકલાંને ઝાલવા લાગ્યા. એટલે તત્કાળ ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી એકી સાથે સર્વે ઉડી ગયાં. તે ઐશ્વર્ય જોઈને રામપ્રતાપભાઈ બોલ્યા જે, હે જનકરામ ! આતો મારાભાઈ ઘનશ્યામનું કામ છે. અને તે સર્વ અવતારના કારણ

છે. અને જીવપ્રાણી માત્રની દોરી તેમના હાથમાં છે. એમ કહ્યું. તે સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભાઇ ! એમ જાણતા હો તો વારમવાર મારા ઉપર રીસ કરીને મને મારવા આવો છો તે શું સમજીને આવો છો ? અને અમોતો તમોને મોટાભાઈ જાણીને બોલતા નથી. નહીંતો એક આંગળીએ અહીંથી ઉડાડું તો કરોડ યોજન જઈને પડો. તે ફરીથી તમારો પત્તો લાગેજ નહિ. તેવું સાંભળીને બોલ્યા જે, હે ભાઈ ! તમો સાક્ષાત્ પૂર્ણબ્રહ્મ છો. અને તમારી માયા વડે કરીને હું ભૂલી જાઉં છું. તે મારો અપરાધ ક્ષમા કરો. એવી રીતે નિર્માની થઈને ભાઈ બોલ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજે કહ્યું જે, હવે તમારે ડાંગર તૈયાર થાય ત્યાં સુધી ફરીથી સાંચવવા અહીં આવવું પડશે નહિ. એમ કહીને ત્રણે જણ ત્યાંથી ઘરે આવ્યા.

વળી એક દિવસે ભક્તિમાતા રસોઇ કરતાં થકાં એમ બોલ્યાં જે, હે રામપ્રતાપભાઇ ! દાળમાં નાખવાની ખટાઇ થઇ  રહી છે. તો તમો લાવજો. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દીદી ! એતો મારૂં કામ. હું તમારે જોઈએ તેટલી આંબલી આજ ને આજ લાવી આપીશ. એમ કહેતાં રસોઇ તૈયાર થઈ ત્યારે ધર્મદેવ, ઈચ્છારામભાઇ સાથે રામપ્રતાપભાઈને બોલાવીને સાથે જમવા બેઠા. તે વખતે પોતાની ઈચ્છા થકી રામપ્રતાપભાઈના સસરા બળદેવપ્રસાદજી તથા ભાગીરથ તથા ભેલાઈરામ તથા રૂપધર એ ચાર ભાઈ આંબલી મઝીઆરાની હતી તેને વેરવા સારૂં ગયેલા હતા. તે અંદરો અંદર રીસ લાવીને ચારે ભાઈ પરસ્પર બોલીને લડવા લાગ્યા, એટલે તે વાતની ધર્મદેવને ખબર પડી, ત્યારે ધર્મદેવ તેમને શાન્તિ પમાડવા માટે ઘેરથી ચાલ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજ તેમના કરતાં આગળ દોડીને ગયા. ત્યાંતો પેલા ચારે ભાઈ સામસામા ક્રોધ કરીને મારામારી કરતા જોઈને તત્કાળ ઘનશ્યામ મહારાજ ચાર સ્વરૂપે થઈને એક એકને હાથ ઝાલીને જુદા

**કરતા હતા. ત્યાંતો ધર્મદેવ આવ્યા. ત્યાં ચાર સ્વરૂપે થઈને ઘનશ્યામને જુદા પાડતા જોઈને આશ્ચર્ય પામીને શિખામણ દેવા લાગ્યા જે, આ તે શું ? તમો ચારે ભાઈ આ આંબલીની જુજ બાબતમાં કજીઓ કરી બેઠા! તેવું સાંભળીને સર્વેનો ક્રોધ ઉતરી ગયો. અને પશ્ચાતાપ કરતા સતા બોલ્યા જે, હે હરિપ્રસાદ ! આ તમારા પુત્ર ઘનશ્યામે આવીને અમોને જુદા પાડ્યા તે બહુ સારૂં કર્યું. નહિ તો એમાંથી ભારે ઝઘડો થાત અને એક બે મરી જાત પણ ખરા. માટે હે રૂપધર ! આપણે જોઈએ તેટલી આંબલી રાખી બાકીની ધર્મદેવને ઘેર મોકલો. એમ કહીને તે સર્વે આંબલી બળદેવપ્રસાદજી પોતાના ઘેરથી ગાડું મંગાવીને તે ગાડામાં ભરીને ધર્મદેવને ઘેર પહોંચાડતા હતા.**

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે બલરામપઢરીમાં નવાબને ચમત્કાર દેખાડ્યો અને હાથી થકી મહાવતની રક્ષા કરી ને પોતાના ખેતરમાં પક્ષીઓને સમાધિ કરાવી ને આંબલી વહેંરતાં લડાઇ થઇ તેમાં પોતે ચાર રૂપે થઇને તે લડાઇમાં પડીને શાંત પમાડયા. એ નામે એકત્રીસમો અધ્યાય પૂરો થયો. ॥૩૧॥

## અધ્યાય ૩૨

## શ્રીઘનશ્યામ મહારાજનું દિવ્ય ઐશ્વર્ય.

**હે રામશરણજી ! ધર્મભક્તિ તરગામથી પોતે પોતાના ત્રણ પુત્રો સહિત સુવાસિનીબાઈને સાથે લઈને ચાલ્યાં. તે છપૈયાપુરને વિષે આવતાં હતાં. ત્યારે સર્વે સંબંધીજન ધર્મદેવને આવ્યા જાણીને મળવા માટે વશરામ તરવાડી આદિક સર્વે પુરવાસીજન ગયા અને સર્વે સમાચાર પૂછીને બેઠા. તે સમયે ઘનશ્યામ મહારાજ પોતાના મામા પ્રત્યે બોલ્યા જે, હે મામા ! વેણીરામ કેમ નથી આવ્યા ? એમ કહે છે, ત્યાંતો વશરામ તરવાડી બોલ્યા જે, વેણીરામ કેટલાક દિવસ થયા માંદા છે. એવું સાંભળીને ઘનશ્યામ મહારાજ ધર્મદેવ સહિત તેમને જોવા**

સારૂં ગયા. તે વખતે વેણીરામને પથારીમાં સૂતેલા જોઈને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે વેણીરામ ! આપણે સર્વે ભેગા રમતા હતા તે વખતે જે જે રીતના ખેલ મેં કર્યા તે સમયનું ચિંતવન કરો. અને અમને પુરૂષોત્તમ જાણીને હરિકૃષ્ણ, ઘનશ્યામ એ બે નામનું ઉચ્ચારણ કરો. એમ સર્વેને સાંભળતાં તે ઘનશ્યામ મહારાજ કહીને વેણીરામનાં માતૃશ્રી લક્ષ્મીબાઈને કહ્યું જે, એક ઘડી પછી જે ખાવા માગે તે બનાવી આપજો. એમ કહીને વેણીરામને ધીરજ આપીને પોતાના ઘેર આવ્યા અને ભક્તિમાતાએ કરેલી રસોઈને સર્વે ધર્મદેવ સહિત જમ્યા, ત્યારબાદ પોતે આપેલો જે, હરિકૃષ્ણ, ઘનશ્યામ એ બે પોતાના નામના મંત્રોને મુખથી સ્મરણ કરતા સતા વેણીરામ પોતાની માતાની પાસે જમવા સારૂં શીરો માગતા હતા. ત્યારે ઉત્સાહથી લક્ષ્મીબાઈએ બનાવેલો શીરો સગા સંબંધીને જોતે સતે વેણીરામ જમીને ચળુ કરીને વાર્તાઓ કરવા લાગ્યા, કે તુરતજ સાજા થઈ ગયા. અને ત્યાંથી ચાલીને ઘનશ્યામ મહારાજ પાસે આવ્યા અને હળીમળીને સર્વે રમવા લાગ્યા. તે મહા અદ્ભૂત ચરિત્ર જોઈને સર્વે પુરવાસી જનો અતિશે આનંદ પામ્યાં.

વળી એક સમયે ગામ ગૌરામાં રામલીલા રમવા સારૂં વ્રજના છોકરાઓ આવેલા છે. એમ જાણી, પોતાના સખા જે વેણી, માધવ ને પ્રાગ તેમને સાથે લઈને ઘનશ્યામ મહારાજ છપૈયાપુરથી ચાલ્યા તે રમતા સતા ઉત્તર દિશાએ ખાંપાતલાવડી ઉપર કદમનું વૃક્ષ હતું, તેનાં ફુલ લઈને તેના હાર કરીને પોતે પહેરતા હતા. અને તલાવડી ઉપર સામે કાંઠે ચંપાનું વૃક્ષ હતું તેના ઉપર ચઢીને સારાં સારાં ફુલ લઈને, ત્યાં થકી ચાલ્યા તે ગામ ગૌરામાં આવ્યા, ત્યાં જઈ રામચંદ્રજીનો વેષ લઈ રમતા છોકરાઓની ભેળા ઘનશ્યામ મહારાજ બીજે સ્વરૂપે થઈને રામચંદ્રજીને વેષે વસ્ત્ર ઘરેણાં તેમનાં જેવાં પહેરીને પોતે પણ ભેળા રમવા લાગ્યા. અને એક સ્વરૂપે પોતાના સખાઓની પાસે ઉભેલા છે.

તે સમયે સર્વેના મનમાં એવો ભય થયો જે, આ બે રામચંદ્રજી ક્યાંથી? તેમ કહીને દીવો લઇને જોવા સમીપે આવ્યા. તો તુરત અનેકરૂપે થઇને સર્વેને એક ઘડી દર્શન આપતા હતા. તેમને જોઇને સર્વે કહેવા લાગ્યા જે, અહો !! આતો છપૈયાપુરના હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામપ્રસાદ પોતે આવ્યા છે. એમ કહેતાં પોતે તે સર્વે રૂપ પોતાના સખા પાસે ઉભેલા છે તેમાં અદશ્ય થઇને એક રૂપે દેખાતા હતા. એવી રીતે કેટલીક વાર સુધી પોતાનું ઐશ્વર્ય જણાવતા સતા છપૈયાપુર વિષે આવતા હતા..

વળી એક સમયે ઘનશ્યામ મહારાજની જમણી આંખ થોડીક રાતી થએલી જોઇને સુવાસિનીબાઇ બોલ્યાં જે, હે ઘનશ્યામભાઇ ! તમારી આંખ કેમ લાલ થઇ છે ? દુઃખવા આવી છે કે શું ? ત્યારે બોલ્યા જે, હા થોડો આંખમાં ખટકો આવે છે. તેવું સાંભળીને સુવાસિનીબાઇ બોલ્યાં જે, મારી પાસે અંજન છે. આવો તમોને આંજું. એમ કહીને ઓસરીમાં ઢોલિયો ઢાળીને તેમાં સુવાડીને તે આંખમાં અંજન આંજવા લાગ્યાં, ત્યારે બોલ્યા જે, હે ભાભી ! આ અંજન તો મારી આંખમાં બહુ ઠંડુ લાગે છે. માટે આ બીજી આંખમાં પણ આંજો. એમ કહીને બીજી આંખ ઉઘાડી એટલે તે આંખમાં અનેક બ્રહ્માંડ દેખાતાં હતાં. તેમાં નદીઓ, પર્વત, સમુદ્ર, આકાશ, તારામંડળ ને નવ ગ્રહ આદિક સર્વે સ્થાન જોતાં હતાં અને સ્થિર થઇ ગયાં. ત્યારે બોલ્યા જે, કેમ આંજતાં નથી ? ને બેસી રહ્યાં છો ? ત્યારે કહ્યું જે, હે ઘનશ્યામભાઇ ! તમારી આંખમાં તો ચૌદલોક સહિત હજારો બ્રહ્માંડ હું દેખું છું. ત્યારે બોલ્યા જે, હવે આંજો. ત્યારે પોતાની આજ્ઞાથી આંજવા લાગ્યાં, ત્યારે તે દેખાતું સર્વે બંધ થઇ ગયું. આવી રીતનું મહા અલૌકિક ઐશ્વર્ય જોઇને સુવાસિનીબાઇ તો સ્તુતિ કરવા લાગ્યાં જે, હે મહારાજ ! હે જગતપતિ! હે અધમ ઉદ્ધારક ! તમે મને આંખે અંજન આંજવાનું કહ્યું તે મારી ઉપર તમોએ બહુ અનુગ્રહ કર્યો એમ હું માનું છું. હે પ્રાણાધાર ! તમો

તો સર્વ અવતારના અવતારી છો. અને સર્વેના પ્રેરક છો. અને સર્વ પ્રાણી માત્રના કર્મના ફળને આપનારા છો. એવા થકા ઘનશ્યામરૂપે આ પુરને વિષે ધર્મભક્તિને ઘેર પ્રગટ થયા છો. એવી રીતે પોતાનાં ભોજાઈ ઘણીક પ્રકારની સ્તુતિ કરતાં હતાં.

વળી એક સમયે ઘનશ્યામ મહારાજ ગ્રીષ્મઋતુના દિવસોમાં જન્મસ્થાનકના કુવાના પરથારથી થોડેક દૂર ચંપાના વૃક્ષ નીચે વેદિકા ઉપર રજાઈ બીછાવીને ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં હતાં, અને મસ્તક ઉપર ટોપી પણ શ્વેત ધારણ કરેલી હતી. ને કંઠમાં મોહનમાળા પહેરી હતી. અને ચારે તરફ વેણી, માધવ, ને પ્રાગ તથા સુખનંદન, રઘુનંદન હલવાઈ, બંસીધર એ આદિક પોતાના મિત્રો આવીને બેઠા અને પોતે તે સર્વેને વાતો કરતા હતા. તે સમયમાં કાશીપુરીથી એક સન્યાસી અને બે બ્રહ્મચારી તે બહુ ભણેલા નેપાળ દેશમાં ગયેલા હતા. તે ધર્મદેવનું ઘર પુછીને આવ્યા, એટલે તેમનું સન્માન કરીને બેસાડ્યા. ને સારી રીતે રસોઈ કરાવીને તેમને જમાડ્યા. પછી જમીને પાનબીડી જમતા સતા ત્રણે જણ જ્યાં ઘનશ્યામ મહારાજ બેઠા છે ત્યાં આવ્યા. ત્યારે તેમને પાન જમતા દેખીને બોલ્યા જે, હે બ્રહ્મચારી ! તમો આ પાન જમો છો તે કોઈ શાસ્ત્રમાં ત્યાગીને પાન સોપારી જમવાનું કહ્યું છે ? તે સાંભળીને કહે જે, હા. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, કોઈ પ્રમાણ ગીતા ભાગવતમાં હોય તો સંભળાવો. તેવું સાંભળીને બે ચાર શ્લોક બોલ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, આ પ્રમાણિક શ્લોક નથી. એમ કહીને પોતે ભાગવતનો શ્લોક બોલ્યા.

यतिनां कांचनं दद्यात् ताम्बुलं ब्रह्मचारिणां ।
चोरमभयं दद्यात् दाताऽपि नरकं व्रजेत् ॥

આ આદિક અનેક પ્રમાણો કહેવા લાગ્યા. તે સાંભળીને ત્રણજણ

ચકિત થઈ ગયા. અને મનમાં વિચાર કરવા લાગ્યા જે, અહો ! આવડો નાનો છોકરો બહુ ભણેલો છે. તેટલામાં તો ધર્મદેવ ત્યાં આવ્યા એટલે ઘનશ્યામ મહારાજ બોલતા બંધ રહ્યા. ત્યારે તેમણે ધર્મદેવને પુછ્યું જે, પાંડેજી ! આ પુત્ર તમારો છે ? ત્યારે ધર્મદેવે કહ્યું, હા. ત્યારે કહ્યું જે, કાંઈ વિદ્યાભ્યાસ કરાવો છો ? હા. થોડો થોડો કરે છે. ત્યારે તેમણે કહ્યું જે, આતો શાસ્ત્રના પારને પામી ગયા છે. એમ અમને તો જણાય છે. માટે આતો કોઈક દેવના દેવ છે. એમ કહીને પગે લાગતા હતા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે પોતાના પુરૂષોત્તમપણાના નામથી વેણીરામને મંત્ર આપ્યા તેથી સ્વસ્થ થયા અને રામલીલામાં અનેકરૂપે દર્શન આપ્યાં ને પોતાની ભોજાઇને નેત્રમાં અંજન આંજતાં બ્રહ્માંડ દેખાડ્યું. એ નામે બત્રીસમો અધ્યાય પુરો થયો. ॥૩૨

## અધ્યાય ૩૩

## ગોરસલીલા તથા બીજાં ચરિત્રો.

વળી એક સમયે ધર્મદેવ પોતાના ત્રણે પુત્રની સાથે જમવા સારૂ બેઠા. તે વખતે ઈચ્છારામજી બોલ્યા જે, હે દીદી ! મને માખણ આપો. ત્યારે સુવાસિનીબાઈએ કહ્યું જે, હે ભાઈ ! માખણ તો આજે નથી, હમણાં જ તાવીને ઘી કરી દીધું. તે સાંભળીને રોવા લાગ્યા ને જમવાનું વાસણ ઠેલી મૂકીને ભોંય ઉપર ઢળી પડ્યા ને પગ ઘસવા લાગ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજે જાણ્યું જે, આજે મારા ભાઈ માખણ સિવાય જમશે નહિ. એમ જાણીને અન્તર્યામીપણે પોતાનાં મામી સુંદરીબાઈ પોતાના ઘરે માખણ ભરીને તાંસળી ઉંચી શિકા ઉપર મૂકી છે. એમ જાણીને તે તાંસળીને પોતાના હાથે અહીં બેઠે થકે લેવા સારૂં હાથ લાંબો કર્યો. તે સમયે વશરામ તરવાડી, સુત મંછારામ તથા સુંદરીબાઈ તે હાથને તાંસળી લેતાં દેખ્યો. ત્યારે તત્કાળ સુંદરીબાઈ તે હાથને પકડવા સારૂ ઉભાં થયાં. તેટલામાં તો સુંદરીબાઈને સમાધિ થઈ ગઈ ને અતિશય

તેજ દેખાયું. તે તેજને વિષે ઘનશ્યામને જોતાં હતાં અને તેની કેડે પ્રથમ ઈન્દ્રપુરીમાં, શિવપુરીમાં, કુબેરપુરીમાં, વાયુપુરીમાં, વરૂણપુરીમાં, નૈઋત્યપુરીમાં, યમપુરીમાં તથા અગ્નિપુરીમાં, આવી રીતે આઠ પુરીમાં ઘનશ્યામ મહારાજને દેખતાં હતાં. અને તે સ્થળને વિષે અધિપતિ દેવો ઘનશ્યામ મહારાજની પૂજા કરતા હતા તેને સુંદરીબાઈ દેખતાં હતાં. તથા સત્યલોકમાં તથા હેઠે સપ્તપાતાળમાં તે પણ ઘનશ્યામ મહારાજની પછવાડે સુંદરીબાઈ ગયાં. ત્યાં સર્વે દેવોએ કરેલી પૂજાને દેખતાં હતાં. તેથી પોતાના મનમાં મહા ઉત્સાહ આવતો હતો. એવી રીતે સુંદરીબાઈને પોતાનું ઐશ્વર્ય દેખાડતા સતા માખણ તાંસળીએ સહિત ઘનશ્યામ મહારાજ પોતે જમવા દાદા સાથે બેઠા છે, ત્યાં સુંદરીબાઈ સમાધિમાંથી જાગીને તત્કાળ ધર્મદેવને ઘેર આવીને જુએ છે, ત્યાંતો માખણની તાંસળીને ઘનશ્યામ મહારાજની પાસે દીઠી. એટલે કહેવા લાગ્યા જે, હે મામી ! આ તમારી માખણની તાંસળી લઈ જાઓ. એવું સાંભળીને તત્કાળ પગે લાગીને માખણ ઈચ્છારામભાઈને તથા ઘનશ્યામ મહારાજને આપીને સમાધિની વાર્તા ધર્મભક્તિ આદિક સુવાસિની-બાઈને કહીને પોતાના ઘેર ગયાં ત્યારે મંછારામ બોલ્યા જે, હે દીદી ! તમો કયારનાંય કયાં ગયાં હતાં. અને આ માખણની તાંસળી કયાંથી લાવ્યાં ? તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજની લીલાની વાર્તા કહી. તે સાંભળીને મંછારામ આદિક આશ્ચર્ય પામ્યાં. વળી આ બીજું ચરિત્ર કહું છું તેને સાંભળો.

એક સમયે દશેરાના દિવસે ત્રીજા પહોરને સમયે, ધર્મદેવ પોતે પોતાના ત્રણે પુત્રો સહિત આંગણામાં આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર જાજમ પાથરી બેઠા હતા. તે સમયે વશરામ તરવાડી, મોતી તરવાડી આદિક બે ચાર જણા ભેગા થઈને ધર્મદેવ પાસે આવી પૂછવા લાગ્યા જે, હે હરિપ્રસાદજી ! દશેરાના દિવસે લોકમાં જે રાજા હોય તે

ખીજડાનું પૂજન કરવા જાય છે, તેનું શું કારણ હશે ? ત્યારે બોલ્યા જે, પાંચ પાંડવ વનમાં ગયા હતા. તેમને બાર વર્ષ વનમાં રહેવું અને એક વર્ષ ગુપ્ત રહેવું, એવો ઠરાવ હતો. તેથી બાર વર્ષ વનમાં થઇ ગયાં. પછી એક વર્ષ ગુપ્ત રહેવા માટે પોતાનાં હથિયાર સર્વે વનમાં ખીજડાના વૃક્ષ ઉપર મૂકીને પોતાનો વેષ બદલી વિરાટનગરમાં રાજાને ત્યાં રહેવા માટે ગયા હતા. પછી જ્યારે વર્ષ પૂરૂં થયું ત્યારે ખીજડાની પૂજા કરીને પોતાનાં હથિયાર લીધાં. ત્યારથી લોકમાં પ્રસિદ્ધ થયા. તે દિવસથી વર્ષોવર્ષ દશેરાના દિવસે રાજા આદિક શસ્ત્ર ધારણ કરનારા હોય તે ખીજડાનું પૂજન કરે છે. તેવું સાંભળીને વશરામ તરવાડી બોલ્યા જે, આપણે તો સર્વે હથિયારવાળા છીએ. માટે ચાલો આપણે ખીજડાને પૂજીએ. તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે મામા ! આજે દશેરાના દિવસે ખીજડાને પૂજે તેને પાંચ પાંડવનાં દર્શન થાય એવું પોતાના ભાણેજનું વચન સાંભળીને સર્વે પોતપોતાના ઘેર જઇને સારાં સારાં વસ્ત્ર અલંકાર તથા હથિયાર બાંધીને ધર્મદેવને ઘેર પોતપોતાનાં વાહન જે ઘોડા તે ઉપર સ્વાર થઇને આવ્યા. ત્યારે ધર્મદેવે પણ ત્રણ પુત્રને તૈયાર કરીને રામપ્રતાપભાઇ સહિત ઇચ્છારામજીને તે હાથી ઉપર બેસાડતા હતા અને ઘનશ્યામ મહારાજને બટઘોડા ઉપર બેસાડ્યા. એવી રીતે વાજતે ગાજતે અસ્વારી લઇને ધર્મદેવ ચાલ્યા તે મીનસાગરના ઉત્તરાદે કાંઠે ત્રણ ખુણિયા ખેતરમાં ખીજડાનું પૂજન કર્યું. તે સમયે અનંત દેવો આવીને ઘનશ્યામ મહારાજની અસ્વારીનાં દર્શન કરીને ચારે તરફ પોતપોતાના વિમાનો સહિત ઉભા રહ્યા. તેટલામાં તો પાંડવ પોતાનાં પત્નિ જે દ્રૌપદીજી તેમને સહિત આવીને પોતાનાં હથિયાર સર્વે નીચાં મૂકી, ઘનશ્યામ મહારાજને વિનંતીપૂર્વક પગે લાગ્યા. પછી તો હથિયાર લઇને અસ્વારી ભેગા ચાલ્યા તે નારાયણ સરોવરના કાંઠા ઉપર સર્વે બેસીને ચકોર નામના પક્ષીને ખોળીને તેનાં દર્શન કરતા

હતા. તે સમયે સર્વે છપૈયાપુરના વણિક ભેગા થઈને વર્ષ દાડાનો સામટો અનાજનો ભાવ બોલતા હતા. અને તે સભામાં બેઠેલા હજારો વિપ્ર સર્વે વેદના ધ્વનિ કરતા સતા, ઘનશ્યામ મહારાજને પ્રસન્ન કરવા માટે ગાન કરતા હતા. આવી રીતે સર્વે જ્ઞાતિના માણસો પોતપોતાના વેપારનો ભાવ કરી દેખાડતા હતા. ત્યારે ધર્મદેવ પ્રસન્ન થઇ જેમને જે ઘટે તેવો સત્કાર કરી બ્રાહ્મણોને દક્ષિણાઓ આપીને પોતાના ઘેર આવતા હતા. અને પાંચ પાંડવો ઘનશ્યામ મહારાજ પ્રત્યે બોલ્યા જે, હે અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ ! હવે અમોને શી આજ્ઞા આપો છો ? ત્યારે અતિ પ્રસન્ન થઈ બોલ્યા જે, તમો સત્સંગમાં આવજો. તમોને અમૃતાનંદસ્વામી, સુવ્રતાનંદસ્વામી, નરહર્યાનંદ સ્વામી એ આદિક અમારા પરમહંસો કરીને સમીપે રાખીશું. એવી રીતે આશીર્વાદ પામીને અદ્રશ્ય થઈ ગયા.

વળી એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના બાળમિત્રને સાથે લઈને ઈશાન ખુણામાં રમતા સતા, ભદ્રુહા આંબા તળે જઈને ઓરકોરમણિની રમત રમવા લાગ્યા. તે રમતાં રમતાં થાક લાગ્યો એટલે તે રમત બંધ કરીને આંબાની નીચે રેતીનો મોટો ઢગલો કરીને તે ઉપર પોતે બિરાજમાન થયા અને સર્વે બાળમિત્ર આસપાસ બેઠા. તે વખતે આકાશમાર્ગેથી ભગવાનના અનંત પાર્ષદ આવતા હતા. તે પોતાના હાથમાં કેશરચંદનના ભરેલા કટોરા તથા ફૂલના હાર લઈને પ્રેમપૂર્વક ઘનશ્યામ મહારાજની સમીપે આવીને નમસ્કાર કરી પૂજા કરતા હતા, અને કેશરચંદન ભાલને વિષે ચર્ચીને પુષ્પના હાર પહેરાવતા હતા. એવી રીતે પૂજા કરીને બોલ્યા જે, હે સ્વામિન્ ! આજે તમારાં દર્શન થયાં તેથી અમો કૃતાર્થ થયા છીએ. તેવું સાંભળીને પોતે પ્રસન્ન થઈને આશીર્વાદ આપીને બોલ્યા જે, તમો પાછા કાઠિયાવાડ દેશમાં આવજો. ત્યાં અમારો મેળાપ થશે. તમો સર્વેને તત્ત્વાનંદ મુનિ તથા ચિન્મયાનંદમુનિ એ આદિક અમારા પરમહંસ બનાવીને રાખીશું. એવી

**રીતનો આશીર્વાદ પામીને આકાશમાર્ગે અદ્રશ્ય થઈ ગયા. તેવું ઐશ્વર્ય જોઈને વેણીરામ પૂછવા લાગ્યા જે, હે ઘનશ્યામભાઈ ! એ આવ્યા તે કોણ હતા ?ત્યારે બોલ્યા જે, એતો શ્વેતદ્વીપ તથા બદ્રિકાશ્રમ ધામના મુક્તો અમારાં દર્શન કરવા આવ્યા હતા, તે પૂજા કરીને પાછા ગયા. એમ કહીને ઘરે આવ્યા. ત્યારે તે વાર્તા વેણીરામ, ધર્મભક્તિ આદિક સર્વે છપૈયાપુરવાસીને કહી. તે સાંભળીને સર્વે અતિશય આનંદ પામતાં હતાં.**

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે પોતે જમતી વખતે મામીના ઘરમાં શિકા ઉપરથી માખણની તાંસળી લીધી ને ખીજડાનું પૂજન કરવા ગયા ને આંબા નીચે ધૂળ્યની ઢગલી ઉપર બેઠા તે સમયે અનંત દેવોએ પૂજા કરી. એ નામે તેત્રીસમો અધ્યાય પૂરો થયો. ॥૩૩॥

## અધ્યાય ૩૪

## વાળીને બદલે મીઠાઈ જમવામાં ચમત્કાર તથા બીજાં ચરિત્રો.

**વળી એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના બાળમિત્રોને સાથે લઈને ઉત્તર દિશામાં ખાંપા તલાવડી ઉપર જતા હતા. ત્યાં રત્નપાંડેના મહુડા ઉપર ચઢીને સારાં સારાં ફળ જમવા મંડયા.તે વખતે વણિક શિવરત્નનો પુત્ર સુખનંદનનો નાનો ભાઈ સરજુપ્રસાદ હતો. તે મહુડા ઉપર ચઢી શક્યો નહિ. તેથી નીચે ઉભો રહીને રોવા લાગ્યો જે, હે ઘનશ્યામભાઈ ! મારાથી ચડાતું નથી. માટે મને ખાવા ફળો આપો. તેવું સાંભળીને બોલ્યા જે, હે સરજુપ્રસાદ ! આવો, હું તમોને મહુડા ઉપર ચઢાવું. એમ કહીને સર્વેને દેખતે સતે ડાળ ઉપર બેસીને પોતાનો પગ લાંબો વધાર્યો. તેને ઝલાવીને ઉપર લેતા હતા અને તે મધુપુષ્પ ખાવા લાગ્યો. એમ ઘણીકવાર સુધી મધુપુષ્પ જમીને સર્વે છોકરાઓને ઉપર એમ ને એમ મૂકીને ઘનશ્યામ મહારાજ તો નીચે ઉતરી ગયા.**

ત્યારે બીજા પણ હેઠે ઉતરતા હતા. પરંતુ સરજુપ્રસાદથી નીચે ઉતરી શકાયું નહિ. તેથી એકલો ડાળી પકડીને બેસી રહ્યો, એટલામાં ઘનશ્યામ મહારાજ સહિત સર્વે હેઠેથી ચાલવાની તૈયારી કરવા લાગ્યા. તે જોઈને સરજુપ્રસાદ રુદન કરવા લાગ્યો. તે સમયે મોતીતરવાડી પોતાના પુત્ર વિરાજા તરવાડીને સાથે લઈને ત્યાં આવ્યા. ત્યારે બોલ્યા જે, ઘનશ્યામ! આને ઉપર કેમ ચઢાવ્યો છે ? પડી જશે તો વાગશે. એમ કહ્યું છતાં બોલ્યા નહિ. ને વેણીરામે કહ્યું જે, આ ઘનશ્યામભાઈએ લાંબો પગ વધારીને ઉપર લઈ લીધો છે, પરંતુ હવે કહેતા નથી. તેવું સાંભળીને મોતી તરવાડી જરા આંખ દેખાડીને બોલ્યા જે, હવે આમને હેઠે ઉતારી જાઓ. એમ કહ્યું કે તત્કાળ સર્વેને દેખતે સતે લાંબો હાથ વધારીને તેને પકડીને એકદમ પૃથ્વી ઉપર મૂકી દીધો. એવું મહા અદ્‌ભુત ચરિત્ર જોઈને પોતાનો અપરાધ ક્ષમા કરાવીને પગે લાગતા હતા.

વળી એક સમયે ઘનશ્યામ મહારાજ સુવાસિનીબાઈ પ્રત્યે બોલ્યા જે, હે ભાભી ! મારા મુખમાં દાઢ્ય હાલે છે તેથી ઘણી પીડા થાય છે, માટે આજે મારાથી રોટલી ચવાશે નહી. શીરો બનાવી દો તો જમાય. તેવું સાંભળીને સુવાસિનીબાઈએ હર્ષથી શીરો બનાવ્યો. પછી જ્યારે જમવા બેઠા ત્યારે બીજાને રોટલી અને શાક પીરસી ને ઘનશ્યામ મહારાજને શીરો પીરસ્યો. ત્યારે પોતાના નાના ભાઈને થોડોક શીરો આપીને પોતે જમવા લાગ્યા. તે એક બે ગ્રાસ શીરો જમ્યા એટલે પોતાના મુખમાં વસમું લાગ્યું તેથી પડ્યું મૂકીને બહાર ઓસરીમાં આવીને હાથ ધોતા હતા. તે જોઈને સુવાસિનીબાઈ પાસે આવીને કહેવા લાગ્યાં જે, હે ઘનશ્યામ ! તમારા મુખમાં દાઢ્ય બહુ દુઃખે છે ? ત્યારે કહ્યું હા, તમો જુવો ને જે દાઢય દુઃખતી હોય તેને કાઢી નાખો. એમ કહીને પોતાનું મુખ પહોળું કર્યું એટલે તે જે દાઢય દુઃખતી હતી તેને સુવાસિનીબાઈએ પોતાના હાથે કરીને તાણી નાખી. પછી વળી બીજી

સમીપની દાઢયને જીભને ઠેબે હલાવીને બોલ્યા જે, હે ભાભી ! આ પણ હાલે છે ને બહુ દુ:ખે છે. માટે તેને પણ કાઢી નાખો. એમ કહીને આખી બત્રિસી તાણી નંખાવી. એવી રીતનું ચરિત્ર જોઈને સુવાસિનીબાઈના મનમાં વિસ્મય થયો જે, આ બિચારા નાના બાળ છે અને બધી બત્રિસી પડી ગઈ; હવે કેમ થશે ? એમ વિચાર કરતાં સતાં ઘણાં ઉદાસ થઈ ગયાં. તે વખતે ભક્તિમાતા બોલ્યાં જે હે સુવાસિનીબાઈ ! તમો કેમ અત્યાર સુધી બહાર બેસી રહ્યાં છો ? ઘરમાં ચાલોને. આ તમારા સસરા આદિક સર્વે જમવા બેઠા છે તેમને કંઈ જોઈતું કરતું હોય તે આપો. ત્યારે બોલ્યાં જે, તમો કંઈક જમવાનું આપીને બહાર આવો. એવું સાંભળીને ભક્તિમાતા હાથ ધોઈને તત્કાળ બહાર આવ્યાં. ત્યારે બોલ્યાં જે, માતુશ્રી, તમો જુઓને, આ ઘનશ્યામભાઈએ પોતાના મુખમાંથી બધી દાંતની બત્રિસી જીભના ટેરવેથી હલાવીને મારી પાસે ખેંચી નંખાવી છે. ત્યારે ભક્તિમાતા સમીપે આવીને મુખમાં જોવા લાગ્યાં, ત્યાંતો એક દાઢ કે દાંત પડેલો જોયો નહિ. ત્યારે બોલ્યાં, હે સુવાસિનીબાઈ ! આતો સંપૂર્ણ બત્રિસી એમ ને એમ છે. તેવું સાંભળીને સુવાસિનીબાઈ મુખમાં જુએ છે, ત્યાંતો વળી બધી બત્રિસી મુખમાં દેખતાં હતાં ને હેઠે પણ ઢગલી કરેલી તેને પણ જોતાં હતાં. તેવું ચરિત્ર જોઈને તે પડેલી બધીએ દાંતની બત્રિસીને હાથમાં લઈને બહાર ઉકરડામાં નાખવા ચાલ્યાં. ત્યાંતો વળી પોતાના હાથમાં તે મોતી છે એમ માલુમ પડ્યું. ત્યારે હાથમાં જોતાં સતાં પાછાં વળે છે, તેટલામાં તો આકાશમાંથી હંસ આવીને પોતાનો ચારો જે મોતી તેને ઘનશ્યામ મહારાજની પ્રસાદી જાણીને ચાંચમાં લઈને આકાશમાર્ગે અદ્રશ્ય થઈ ગયા. તે જોઈને સુવાસિનીબાઈએ તે વાત ભક્તિમાતાને કહીને ઘનશ્યામ મહારાજને પૂછ્યું જે, હે ભાઈ ! આ તમે શું ચરિત્ર કર્યું ? ત્યારે અતિ પ્રસન્ન થઈ બોલ્યા જે, હે ભાભી ! તમોને અમારા દાંત

પડતા જોઈને બીજા માણસની માફક મનુષ્યભાવ આવ્યો તેને દૂર કરવા સારૂં આ ચરિત્ર અમોએ કર્યું. એવું સાંભળીને સુવાસિનીબાઈ પ્રાર્થના કરવા લાગ્યાં જે, હે હરે ! ઘનશ્યામભાઈ ! આટલું ચરિત્ર જો તમોએ ન કર્યું હોત. તો એટલી ખામી મારામાં રહી જાત. તેને તમોએ દયા કરીને ટાળી નાખી તે બહુ સારૂં કર્યું. પણ હવે કોઈ દિવસ મારે તમારે વિષે મનુષ્યભાવ ન આવે. એવું તમારી પાસે માગું છું. એવું સાંભળીને બોલ્યા જે, હે ભાભી ! જાઓ, હવે કોઈ દિવસ મારે વિષે તમારે મનુષ્યભાવ નહીં આવે. તમો બન્ને જમવા જાઓ; કયારનાંય ભૂખ્યાં થયાં હશો. ત્યારે બોલ્યાં જે, તમો થોડુંક જમીને બહાર આવ્યા હતા માટે તમો પણ ચાલો. એમ કહીને ત્રણે જણ રસોડામાં જમવા બેઠાં.

વળી આ એક ધર્મદેવનું ચરિત્ર તમોને કહી સંભળાવું છું. તે કેવું છે ? તો કોટી જન્મનાં પાપને નાશ કરે તેવું છે. એક સમયને વિષે ધર્મદેવ પોતે જન્મસ્થાનકના કૂવા ઉપર ઉગમણે મુખે સ્નાન કરતા હતા. તે સમયે સુવાસિનીબાઈ ધોતીયું આપવા ગયાં. એટલે પોતાના મનમાં એવો વિચાર થયો જે, અમારા સસરાને સર્વે મનુષ્યો ધર્મદેવ કહે છે ત્યારે ધર્મદેવને તો ચાર મુખ ને ચાર હાથ, ચાર પગને આઠ નેત્ર હોય. આવું સ્વરૂપ ધર્મદેવનું શાસ્ત્ર થકી સાંભળ્યામાં આવે છે, પરંતુ આમને વિષે તો કોઈ દિવસ હું દેખતી નથી. એવો સંકલ્પ કરતાં થકાં આવીને ધર્મદેવને ધોતીયું પહેરવા આપ્યું. ત્યારે ધર્મદેવ પોતે ધોતીયું લઈને કૂવાના પરથાર થકી નીચે ઉતરીને છેટે જઈને પહેરવા લાગ્યા. તે સમયે ધર્મદેવ અંતર્યામીપણે પોતાના પુત્રની ઈચ્છા થકી સુવાસિનીબાઈનો સંકલ્પ જાણી, સત્ય કરવા સારૂં પોતાનું મૂળ સ્વરૂપ જે ચાર હાથ, ચાર મુખ, ચાર પગ અને આઠ નેત્ર, આવા ને એક હાથમાં ધર્મશાસ્ત્રનો ગુટકો અને બીજા હાથમાં ઝારી અને બે હાથ જોડીને વાસુદેવ જે પોતાના પુત્ર ભગવાન રૂપે ઘનશ્યામ મહારાજ તેમની સ્તુતિ કરે છે. એવા મહા

અદ્ભુત રૂપે દર્શન આપતા હતા. ત્યારે જેમનો સંકલ્પ સત્ય થયો છે એવાં અમારાં માતુશ્રી સુવાસિનીબાઇ તે જે તે બે હાથ જોડીને મસ્તક નમાવીને પાસે આવીને ધર્મદેવને પગે લાગીને પ્રાર્થના કરતાં હતાં. ત્યારે ધર્મદેવ બોલ્યા જે, અમો બન્ને ધર્મભક્તિ છીએ. અને ઘનશ્યામભાઇ તો સાક્ષાત્ અક્ષરાધિપતિ પુરૂષોત્તમ નારાયણ છે અને અમો મનુષ્ય જેવા તમોને દેખાઇ છીએ, તેતો તમારા સુખને અર્થે છે એમ સમજજો. એમ કહીને પ્રથમની માફક બે ભુજાવાળા થયા. તે મહા અદ્ભુત ચરિત્ર જોઇને સુવાસિનીબાઇ તો મહા આશ્ચર્ય પામતાં સતાં ભક્તિમાતા, સુંદરીબાઇ આદિક સર્વે પુરવાસી જનોને તે વાર્તા કરતાં હતાં.

વળી એક સમયને વિષે પુરૂષોત્તમ માસમાં ધર્મભક્તિ, વશરામ તરવાડી, લક્ષ્મીબાઇ આદિક સર્વે પુરવાસીજન નારાયણ સરોવરમાં સ્નાન કરવાનો નિયમ એક માસ પર્યંત રાખતાં હતાં. તેમાં એક દિવસે ઘનશ્યામ મહારાજ તો પ્રથમ ઉતાવળા સ્નાન કરીને પોતાને ઘેર આવતા રહ્યા. અને આવીને સુવાસિનીબાઇને કહ્યું જે, અમને જમવાનું આપો. ત્યારે બોલ્યાં જે, ઘનશ્યામભાઇ, દાળભાત થયાં છે પણ રોટલી થઇ નથી. ઘડીક ખમો તો કરી આપું. ત્યારે બોલ્યા જે, અમારાથી ઘડી એક ખમાય તેમ નથી. આજે ભૂખ વિશેષ લાગી છે. એમ કહીને પોતાના પગ લાંબા કરીને પૃથ્વી ઉપર ઘસતા સતા વળી બોલ્યા જે, આ તમારી પહેરવાની નાકની વાળી હું લઇ જાઉં. એમ કહીને પાટલા ઉપર મૂકેલી હતી તે લઇને દડદડ દોડીને બહાર આંગણામાં આવતા રહ્યા. ત્યારે સુવાસિનીબાઇ તેમના પછવાડે ઉતાવળાં થકાં આવીને બોલ્યાં જે હે ભાઇ ! મારી વાળી લાવો. ત્યારે ઘનશ્યામ દૂર કૂવાના કાંઠા ઉપર ઉભા રહીને બોલ્યા જે, આ તમારી વાળી જુઓ. એને તો હું કંદોઇની દુકાને આપીને મીઠાઇ લઇ ખાઇશ; અમારે તમારી રોટલી ખાવી નથી. એમ

કહીને પોતે હલવાઇના ઘરે જઇને તેની મીઠાઇ લઇને પોતાના ભાઇ ઇચ્છારામ તથા વેણી, માધવ અને પ્રાગ તેમણે વિંટાણા થકા મીનસાગરના કાંઠા ઉપર મહુડાના વૃક્ષ નીચે ચંદ્રાકારે મંડળી બેસીને જમતા હતા. પછી ઘરે આવ્યા ત્યારે ધર્મ-ભક્તિ તે પણ નારાયણ સરોવરમાં સ્નાન કરીને ઘરે આવ્યાં. એટલે રસોઇ તૈયાર થયેલી જાણીને ધર્મદેવ પોતાના ત્રણે પુત્રને સાથે બોલાવીને જમવા બેઠા. તે સર્વે જમી રહ્યા પછી પાન બીડી એક એક આપીને આંબલી નીચે ચોતરા ઉપર જઇને બેઠા. એટલે સુવાસિનીબાઇ તથા ભક્તિમાતા એ બન્ને જમવા બેઠાં ત્યારે સુવાસિનીબાઇની પાસે ભક્તિમાતાએ વાળી જોઇ નહિ તેથી બોલ્યાં જે, હે સુવાસિનીબાઇ ! તમારી વાળી કયાં ગઇ ? ત્યારે કહ્યું જે, આપણા ઘનશ્યામભાઇને પૂછો. ત્યારે ઘનશ્યામ મહારાજને બોલાવીને પૂછ્યું જે, હે ઘનશ્યામ ! તમારી ભોજાઇની વાળી તમોએ લીધી છે ? ત્યારે કહ્યું હા, મેં લીધી છે. મને જમવા રોટલી આપી નહિ તેથી મેં હલવાઇ શુકલની દુકાને જઇ વાળી આપીને મીઠાઇ ખાધી. તેવું સાંભળીને બોલ્યાં જે, હે ઘનશ્યામ ! તમોને જ્યારે ભૂખ લાગે ત્યારે પ્રથમથી અમોને કહેવું. એટલે તુરત હું જમવાનું કરી આપીશ. પરંતુ કોઇ દિવસ આવું ચોરનું કામ ન કરવું, આથી તો લાકમાં આપણી આબરૂ જાય. એવી રીતે શિખામણ આપે છે એટલામાં તો ઇચ્છારામ-ભાઇ નાના હતા તેમણે પીવાનું પાણી માગ્યું. ત્યારે ભક્તિમાતા જળનો કટોરો ભરીને આંબલી નીચે ચોતરા ઉપર ઇચ્છારામભાઇ પોતાના દાદાની પાસે બેઠા હતા. ત્યાં જળ પાવા ગયાં. ત્યાં તો વળી ઘનશ્યામ મહારાજ બેઠેલા છે અને ઘરની ઓસરીમાં ઉભેલા છે, તેવું ચરિત્ર જોઇને ભક્તિમાતા મહા આશ્ચર્ય પામી ગયાં. ત્યારબાદ ધર્મદેવ કંદોઇની દુકાને જઇને અમો તો વાળી લઇ આવીને રામપ્રતાપભાઇને આપી. ત્યારે ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને પૂછ્યું જે, હે ભાઇ ! તમો

એક થકા ઘણા રૂપે દેખાઓ છો તે શું હશે ? ત્યારે બોલ્યા જે, અમો તે અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ છીએ. માટે તમારો સ્નેહ જોઈને બંધાયા સતા તમો જેમ કહો છો તેમ કરીએ છીએ. અને આતો અમે મનુષ્યલીલા કરીએ છીએ તે અનંત જીવોના કલ્યાણ માટે છે. એવું સાંભળીને ધર્મભક્તિ, રામપ્રતાપભાઈ તથા સુવાસિનીબાઈ આદિક સર્વે બહુ રાજી થતાં હતાં.

વળી એક સમયને વિષે ચોમાસાના દિવસમાં બહારથી પોતાના સખાઓની સાથે રમત કરતા ઘરે આવ્યા. ત્યારે સુવાસિનીબાઈએ કહ્યું જે, હે ઘનશ્યામ ! હું રસોઈ તૈયાર કરીને ઘણીવારથી તમારી રાહ જોઈને બેઠી છું. આવો જમવા બેસો. ત્યારે બોલ્યા જે, ભાભી ! મારા પગ ગારાવાળા થયેલા છે તે તમો ધૂઓ તો જમવા આવીએ. તેવું સાંભળીને જળનો લોટો ભરી આપીને ઓસરીની જેર ઉપર બેસીને પગ ધોવા લાગ્યાં. એટલે બે ચરણારવિંદમાં ચિહ્ન જોઈને બોલ્યાં જે, હે ઘનશ્યામ ! તમો તો લક્ષાવધિ માણસોના નિયંતા થશો અને સમગ્ર પૃથ્વીની લક્ષ્મી તમોને મળશે. એમ કહીને, બે હાથ જોવા લાગ્યાં. ત્યારે તે હાથમાં પદ્મનાં ચિહ્ન જોઈને વળી બોલ્યાં જે, હે મહારાજ ! તમને જ્યારે મોટો રાજ્યઅધિકાર મળશે ત્યારે અમોને સંભાળશો પણ નહિ, એવું સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભાભી ! અમોને જ્યારે તમો કહો છો તે પ્રમાણે રાજ્ય મળશે અગર મોટાઈ મળશે ત્યારે તમો સર્વેને જરૂર પાસે બોલાવી લઈશ. અને તમારું ઘણું સન્માન કરીને સદાકાળ મારી સમીપે રાખીશ. હે ભાભી ! આ અમારૂં વચન છે. એમ કહીને સુવાસિનીબાઈના હાથમાં કોલ આપ્યો.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે મધુપુષ્પ જમવા ગયા ને દાંતની બત્રિસી ખેંચાવી ને સુવર્ણની વાળી સાટે મીઠાઇ ખાધી. એ નામે ચોત્રીસમો અધ્યાય પૂરો થયો. ।।૩૪।।

## અધ્યાય ૩૫

## શેષશાયી રૂપે દર્શન તથા અન્ય લીલા.

વળી એક સમયને વિષે પોતાના બાગમાં ફૂલઝાડને પાણી પાવા સારૂં જન્મસ્થાનકના કૂવાના પાટ ઉપર ઊભા રહ્યા થકા રામપ્રતાપભાઈ તથા પહેલવાન એ બન્ને જણ ઢેંકુડી વતે પાણીને ઉપર થાળામાં લાવીને નીંકે પાણી ચલાવીને મંછારામ ફૂલઝાડના કયારામાં વાળીને પાતા હતા. તે સમયે ઘનશ્યામ મહારાજ પોતે વેણી, માધવ અને પ્રાગને તથા સુખનંદન આદિક બીજા કેટલાક સખાઓને સાથે લઈને વાડીમાં ફુલઝાડનો પરિચય આપતા હતા. જે, હે વેણી, માધવ ! હે પ્રાગ ! હે સુખનંદન ! તમો જુઓ, આ તો કેવડાનું વૃક્ષ છે અને આ તો કદમનું વૃક્ષ છે, અને આ તો કરણ છે, અને આ પારીજાતનું વૃક્ષ છે, ને આતો ચંપો, ચમેલી, ગુલાબ, મોગરો એવા અનેક જાતના છોડ ઓળખાવે છે. એટલામાં તો વેણીરામ ત્યાં થકી ઉતાવળા ચાલીને કૂવા ઉપર જઈને તે પાટ ઉપર પગ દઈને ઉભા રહ્યા કે, તુરત પાટ ભાંગ્યો તે એકદમ ત્રણે જણ કૂવામાં પડી ગયા. કેટલાક માણસો કૂવા ઉપર એકબીજાના કહેવાથી ભેગા થયા, પરંતુ કોઈ કૂવામાં ઉતરીને કાઢવા જાય નહિ. કારણ કે શેષનારાયણનું રૂપ ધારણ કરીને ઘનશ્યામ મહારાજ પોતે કૂવામાં બીજે રૂપે કરીને પોતાના ભાઈ સહિત ત્રણે જણાની પાસે જઈને ઉભા રહી ધીરજ આપીને બોલ્યા જે, ચિંતા કરશો નહિ. એમ કહે છે ને ઘનશ્યામ મહારાજના પ્રતાપથી ત્રણે જણ સમાધિમાં ચઢી ગયા. માટે તેમને કંઈ હરકત નથી. પરંતુ કૂવા ઉપર ઉભેલાં બીજાં હજારો માણસો તેતો કૂવામાં શેષનારાયણ રૂપ કાળોનાગ હજારો ફણાવાળો જળ ઉપર ફરતો જોઈને મહા ત્રાસ પામી ગયાં. અને કોઈ કૂવામાં ઉતરતું નથી અને અનેક વિચાર કરે છે. તે વખતે જળમાં રામપ્રતાપભાઈ પોતાના સમીપમાં રહ્યા જે શેષનારાયણ તેમને દેખીને બોલ્યા જે, તમો

કોણ છો? ત્યારે શેષનારાયણ બોલ્યા જે, અમે તો શેષજી છીએ. તેવું સાંભળીને બોલ્યા જે, શેષનારાયણ તો પાતાળમાં રહે છે. તેમને અહીં અમારી પાસે કોણ બોલાવી લાવ્યું ? ત્યારે નારાયણ બોલ્યા જે, અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન અનંતકોટી મુક્ત સહિત અનંત જીવોનું કલ્યાણ કરવા માટે તમારા ભાઈ ઘનશ્યામ મહારાજ પ્રગટ થયા છે. તેમની ઈચ્છાથી તમો અહીં આવ્યા છો. ત્યારે રામપ્રતાપભાઈ વળી બોલ્યા અમારા ભાઈ ઘનશ્યામ છે. ત્યારે અમો કોણ છીએ ? ત્યારે નારાયણ બોલ્યા જે, તમો શેષનારાયણ છો. પરંતુ તમો કૂવાના જળમાં પડી ગયા માટે તમારી રક્ષા કરવા સારૂં, આ શેષનારાયણરૂપે થઈને તમારા ભાઈ ઘનશ્યામ તે હું પોતેજ તમારા સમીપમાં આવીને ઉભો છું. એમ કહેતાં તત્કાળ રામપ્રતાપભાઈને હરિઈચ્છા થકી સ્મૃતિ થઈ આવી અને શેષનારાયણરૂપે મટીને ઘનશ્યામ મહારાજ તે જળને વિષે રામપ્રતાપભાઈને પોતાનારૂપે દર્શન આપતા હતા. ત્યારે તો મહા આશ્ચર્ય પામતા સતા બહાર નીકળીને કૂવા ઉપર ઉભેલા પોતાના ભાઈને પગે લાગીને સ્તુતિ કરવા લાગ્યા, તેવું ચરિત્ર જોઈને કૂવા ઉપર હજારો મનુષ્યો મહા આશ્ચર્ય પામતાં હતાં. ત્યારબાદ વેણીરામને પહેલવાને કહ્યું જે, આ રામપ્રતાપભાઈએ અમારા બન્નેના હાથ ઝાલીને ગોલોક, વૈકુંઠાદિક સમગ્ર ધામ સાથે ફરીને દેખાડ્યાં અને ત્યાં ત્યાં તે તે દેવનાં તથા મુક્તનાં દર્શન કરીને અમો મહાસુખ શાંતિમાં તેમની સાથે બેઠા હતા. ત્યાંથી આ ઘનશ્યામભાઈની ઈચ્છાથી પાછા અહીં આવ્યા. એમ કહીને પોત પોતાને ઘેર ગયાં.

વળી એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓની સાથે મીનસાગરના કીનારે મહુડાના વૃક્ષતળે જઈને કેટલીક વાર સુધી રમતા સતા ઘણીક વાર થઈ, ત્યારે અતિશય ભૂખ લાગી. તેથી વેણીરામ તાળી પાડીને બોલ્યા જે, હે ભાઈઓ ! હવે તો રમવાનું બંધ કરો, અમોને

આજ બહુ ભૂખ લાગી છે. માટે હવે ઘેર ચાલો. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, તમને એકલાને ભૂખ લાગી છે ? ત્યારે સુખનંદન બોલ્યા, હે ભાઇ ! અમો સર્વેને પણ લાગી છે ખરી. તેવું સાંભળીને તેમનું વચન સત્ય કરવા પોતે પોતાના પેટ ઉપર હાથ ફેરવીને બોલ્યા અલ્યા, ભાઈ! મને પણ ભૂખ લાગી જણાય છે. માટે આપણને અહીં ખાવાનું મળે તો ઘેર જવું કે નહિ ? બોલો સાચું. ત્યારે વેણીરામ બોલ્યા જે, ભાઇ ! ખાવાનું અહીં મળે તો ઘેર જવાનું શું કામ છે ? ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, ચાલો. તમોને હું જમાડું. પણ કહું તેમ કરો તો. ત્યારે સર્વે બોલ્યા જે, ભાઇ ! જેમ તમો કહો તેમ અમો સર્વે કરીએ, પરંતુ ખાવાનું જેમ બને તેમ વહેલું આપો. ત્યારે વેણીરામ પ્રત્યે બોલ્યા જે, વહેલું ઉતાવળથી ખાવું હોય તો આ અમારો રૂમાલ તમો લ્યો અને ચાર છેડા આ મહુડાની ડાળ સાથે બાંધીને આપણે બધાય ચાલો નહાવા જઇએ. એમ કહીને તે ડાળે પોતાનો રૂમાલ બંધાવીને મીનસાગરમાં પ્રવેશ કરતા હતા. ત્યારે જળમાં રમવાથી ખાવાની વાર્તા ભૂલી ગયા. અને ઘણીકવાર રમતા સતા બોલ્યા જે, ચાલો હવે તો સાંજ પડી જશે તો મારા મોટાભાઈ મને ધમકી આપશે. એમ કહીને પાણીમાંથી બહાર નીકળ્યા. પછી વેણીરામ બોલ્યા જે, ભાઇ ! આવુંજ ખવરાવ્યું ? ત્યારે તેમનો ખરો સાચો ભાવ જોઇને પછી તે મહુડાના વૃક્ષ ઉપર ચઢીને સર્વેને તે વૃક્ષ ઉપર બોલાવી લીધા. ને તે રૂમાલમાં સર્વે જોવા લાગ્યા. ત્યાંતો પોતાની ઇચ્છાથી અષ્ટ સિદ્ધિઓ ભોજન થાળ લાવીને પોતાના એક હાથમાં તે થાળ રાખીને બીજા હાથ વડે તે થાળમાંથી ભોજન લઇને રૂમાલમાં મૂકતી હતી. તે જોઇને સર્વે સખાઓ વિસ્મય પામવા લાગ્યાં. અને રૂમાલમાંથી ઘનશ્યામ મહારાજ પોતાનો હાથ લાંબો કરીને વૃક્ષની ડાળ ઉપર બેઠેલા સર્વે સખાઓને આપતા હતા. અને પોતે જમતા હતા. અને સિદ્ધિઓ પ્રત્યે બોલ્યા જે, અમો પીરસવા જઇએ છીએ

એટલે અમારાથી જમાતું નથી. માટે તમો સર્વેને પીરસો. તેવું સાંભળીને સિદ્ધિઓ સર્વે પોતાના રૂપ પ્રકાશ કરીને સર્વેને પીરસીને જમાડતી હતી અને સોનારૂપાની ઝારીઓથી ઘનશ્યામ મહારાજને જળપાન કરાવતી હતી. તે વખતે ઘનશ્યામ મહારાજ પોતે એમને એમ અદશ્ય થઈને તુરત હેઠે ઉતરીને વૃક્ષ નીચે આવીને બેઠા અને સિદ્ધિઓ પ્રત્યે બોલ્યા જે, તમારા થાળ અહીં લાવો. એમ કહીને થાળ મંગાવીને વચ્ચે મુકીને ચારે તરફ સર્વે સખાઓને બેસાડીને પોતે પણ જમવા લાગ્યા. ત્યારે વેણીરામ બોલ્યા જે, હે ઘનશ્યામભાઇ ! આ ભોજન કોણ લાવ્યું ? ત્યારે કહ્યું જે તમોને અતિશય ભૂખ લાગી જાણીને અમારી આજ્ઞાથી અણિમાદિક સિદ્ધિઓ થાળ લાવી  છે, તે તમો સર્વે પેટ ભરીને જમો. એમ કહીને જમતા હતા. તે વખતે બ્રહ્મા, ભવ એ બન્ને ઘનશ્યામનો પ્રસાદ જમવાની ઈચ્છાથી આકાશમાંથી આવીને ઉભા રહ્યા અને દર્શન કરીને તળાવમાં મત્સ્યરૂપે થઈને ગુપ્ત રહ્યા ત્યારે પોતે અંતર્યામીપણે જાણીને સર્વે સખાઓને કહ્યું જે, હવે તો મોડું થયું છે, માટે પાણીમાં જે કોઈ હાથ ધોવા જશે તેને મગર પકડશે, એવી રીતે બીવરાવીને પાણીમાં હાથ ધોવા જવા દીધા નહિ.  તે જોઈને બ્રહ્મા, ભવ એ બેજણ સાધુવેષે આવીને ભિક્ષા માગવા લાગ્યા. ત્યારે બોલ્યા જે, હે સંતો ! તમે વસ્તીમાં જાઓ. ત્યારે પોતાનું માન મુકીને તત્કાળ બન્ને જણ પોતાના સ્વરૂપે થઈને પગે લાગીને બોલ્યા જે, હે મહારાજ ! તમે તો અંતર્યામી છો. અને સઘળું જાણો છો. ને તમારી પાસે અમો છાનું ક્યાં સુધી રાખીએ ? એમ કહીને વળી બોલ્યા જે, તમારા પ્રસાદ માટે અમો આકાશમાં અંતરીક્ષ આવ્યા પરંતુ તમો અમોને પ્રસાદ આપ્યો નહિ. ત્યારે અમોએ જાણ્યું જે, જમ્યા પછી જળમાં હાથ ધોવા જશે ત્યારે અમો જળમાં પ્રસાદ જમીશું. એમ જાણી અમો માછલારૂપે થયા. ત્યારે તો તમો અમારી વાત અંતર્યામીપણે જાણીને સર્વે સખાઓને મગરની બીક

દેખાડી તેથી હાથ ધોવા કોઈ આવ્યા નહિ. પછી અમે સાધુરૂપે થઈને માગવા આવ્યા ત્યારે તમોએ કહ્યું જે, વસ્તીમાં જઈને માગો. એવી રીતે તમારી પ્રસાદી માટે યુક્તિઓ કરી તે અમારો અપરાધ ક્ષમા કરો ને દયા કરીને પ્રસાદ આપો. ત્યારે પોતાના હાથનું ધોયેલું જળ તેમને આપતા હતા. તે પ્રસાદ ગ્રહણ કરીને સિધ્ધિઓ સહિત નમસ્કાર કરીને આકાશમાર્ગે અદશ્ય થઈ ગયા. ત્યારબાદ ઘનશ્યામ મહારાજ સર્વે સખાઓ સાથે ઘણીવાર સુધી તે જગ્યાએ રમતા હતા. પછી અંધારૂં થઈ ગયું ત્યારે ઘેર આવીને તે ચરિત્રની વાર્તા ધર્મભક્તિ આદિક સર્વે પુરવાસીને વેણીરામ કહેતા હતા. હે રામશરણજી ! આવી રીતે ઘનશ્યામ મહારાજે પોતાના બાળમિત્રોને જમવારૂપી ચમત્કાર દેખાડ્યો અને અલૌકિકરૂપે ભવ, બ્રહ્માદિકે આવીને પ્રસાદ લીધો, મીનસાગરના તળાવના કિનારે મહુડાના વૃક્ષ હેઠે જઈને જે જન સુકૃત કર્મ કરશે અથવા પોતાના પિતૃ આદિકનું શ્રાધ્ધ કરશે અથવા ત્યાં મનને સ્થિર કરીને ભગવાનનું ધ્યાન કરશે, તેને કોટી યજ્ઞનું ફળ મળશે. અને અંતે મોક્ષ જે ભગવાનનું અક્ષરધામ તેને પામશે. એવું મહાચમત્કારીક સ્થાનક છે. તે સ્થળે આજે કેટલાક દિવસથી ઓટો કરાવેલો છે.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે જન્મ સ્થાનકના કુવામાં શેષજીરૂપે પોતાના ભાઇને દર્શન આપ્યું તથા સખાઓને સિધ્ધિઓ બોલાવીને જમાડ્યા. એ નામે પાંત્રીસમો અધ્યાય પુરો થયો. ॥૩૫॥

## અધ્યાય ૩૬

## ઘેલાતરવાડીને સજીવન કર્યા તથા દહીં દુધની લીલા.

વળી એક સમયને વિષે ગામ નાગપુરમાં પ્રાગને પરણાવવા માટે મોતીતરવાડી, વશરામ તરવાડી, ધર્મદેવ, રામપ્રતાપભાઈ, ઘનશ્યામ મહારાજ સહિત છપૈયાપુરથી જાન લઈને જતા હતા અને ત્યાં છોટુ

પાંડેના ઘેર પ્રાગને પરણાવ્યા. પછી બીજે દિવસે ફકીરી પાંડેના ઘરે વરરાજા સહિત જાનૈયા સર્વે જમવા બેઠા. તે વખતે ઉન્મત્ત તરવાડી તથા લાલબિહારી નામનો ચોબો તેમને પરસ્પર વિવાદ થયો જે, આ તાંસમાં એક મણ પુરી પડી છે અને ચાર શેર ખાંડ છે એ બે વાનાં જે ધણી ખાઈ જાય તેને એકાવન રૂપિયા ઈનામ મળે. એમ પરસ્પર વાદ કરીને ઉન્મત્ત તરવાડી બોલ્યા જે, લાવો હું ખાઈ જાઉં, એતો શું પણ ઉપરથી ચાર શેર દહીં ખાઈ જાઉં. એવો ઠરાવ કરીને સર્વેને જોતાં બધુએ જમીને ઉપરથી ચારશેર દહીં ખાઈ ગયા. તે જોઈને લાલબિહારી ચોબો મહાવિસ્મય પામવા લાગ્યો અને બીજા ધર્મદેવ આદિક જાનમાં આવેલા જનો પણ મહાઆશ્ચર્ય પામી ગયા અને સત્ય કર્યો છે વિચાર જેમણે એવા જે ઉન્મત્ત તરવાડીને લાલબિહારી ચોબા પાસેથી એકાવન રૂપીયા અપાવ્યા. ત્યારબાદ સર્વે ઉતારામાં જઈને સુઈ ગયા. તે સમયે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે મામા ! તમો રૂપિયાના લોભે આટલું બધુ જમી ગયા. ને કદાચ તમારા શરીરે દુઃખ થાય તો તમો શું કરો ? મને તો નિશ્ચય એમ જણાય છે કે તમો નક્કી મરવાના છો. ત્યારે બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ ! અમો જો મરી જઈએ તો તમો જીવતા કરજો. ત્યારે બોલ્યા જે, માણસને જીવાડવું તે કામ ભગવાનના હાથમાં છે પણ મારા હાથમાં નથી, એમ કહીને પોતે સુઈ ગયા તે વખતે ઉન્મત્ત તરવાડીને પેટમાં ચૂંક આવવા લાગી, તેથી પોતે ઘણીક પીડા પામતા સતા અડધી રાત્ય વિત્યા બાદ મરણ પામ્યા. તે વાત સવાર થતાં સર્વેના જાણવામાં આવી, અને ધર્મદેવના મનમાં શોક ઉત્પન્ન થઈ આવ્યો. પછી સર્વે મળીને તેમનો અગ્નિ સંસ્કાર કરવા સ્મશાનમાં લઈ ગયા અને ત્યાં કાષ્ટ વડે ચિતા ખડકીને તેમાં સુવાડીને અગ્નિ મુકવાનો વિચાર કરે છે. તેટલામાં તો પોતાના વેવાઈ ફકીરી પાંડે આદિક સર્વે ગામના માણસો નિંદા કરતા કરતા તેઓ પણ સ્મશાનમાં આવ્યા. તે સર્વેનો

મહાદારૂણ શબ્દ સાંભળ્યો જે, આ છુપૈયાપુરવાસી તરવાડી મહાઉન્મત્ત છે જે કાલે વધારે જમીને મરી ગયો અને આજે વળી કેટલાક બીજા પણ ખાઈને મરશે, એવી રીતની નિંદા સાંભળી, ધર્મદેવે ઘનશ્યામ મહારાજના સામું જોયું કે તત્કાળ પોતાના દાદાના મનનો સંકલ્પ અંતર્યામીપણે જાણીને, મરી ગયેલા ઉન્મત્ત તરવાડીનું નામ લઈને બોલાવ્યા. તેજ વખતે કાષ્ટની રચેલી ચિતામાંથી તત્કાળ બેઠા થયા અને સર્વને સાંભળતાં બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ ! તમે મને શા માટે બોલાવ્યો ? તમારા અક્ષરધામમાં જઈને અતિ હર્ષથી અનંતકોટી મુક્ત તમારા ફરતા ચારે બાજુ બેસીને તમારા ગુણગાન કરતા હતા. તે સાંભળવા માટે તેમના ભેગો બેઠો હતો ત્યારે બોલ્યા જે, સર્વે આપણા વેવાઈ ફકીરી પાંડે આદિક સાંભળે તે રીતે તમે જઈ આવ્યા તે કહો. એટલે તેમનો સંદેહ દૂર થાય. તેવું સાંભળીને ફકીરી પાંડે આદિક સર્વને પોતાની પાસે બોલાવીને ઉન્મત્ત તરવાડી તે વાર્તા કહેવા લાગ્યા,જે હું તો અમારા ભાણેજના પ્રતાપથી મહાસુખીયો થકો અક્ષરધામમાં બેઠો હતો. અને તે સાક્ષાત્ પોતે ભગવાન છે. તે તમારી સર્વેની નિંદા સાંભળીને મને અહીં બોલાવી લીધો. એમ કહીને સર્વેની સાથે ઘેર આવ્યા. આવું મહા અદ્ભૂત ઐશ્વર્ય ઘનશ્યામ મહારાજ પોતાના મામાને જણાવતા હતા. પછી ધર્મદેવ વિગેરે સર્વે જન છપૈયાપુરમાં આવ્યા.

વળી એક સમયે વેણીરામ તથા ઘનશ્યામ એ બન્ને જણ હમેશાં ભેગા ને ભેગા રહેતા હતા. તે એક દિવસે વેણીરામના ઘરમાં તેના માતા-પિતા આદિક કોઈ ન હોય ત્યારે છાના પેસીને દહીં, દુધ, ઘી, ગોળ આદિક જે ખાવાની વસ્તુ હાથ આવે તે ચોરી કરીને ખાઈ જાય અને વળી કોઈ દિવસે ભક્તિમાતાના ઘરમાં કોઈ ન હોય ત્યારે ઘરમાં પ્રવેશ કરીને દહીં, દુધ આદિક ખાઈ જાય. ને વળી જેમ હોય તેમ પાછું વાસણ ઢાંકી દઈને કોઈને ખબર પડવા દે નહીં જે ખાધું છે કે નથી ખાધું.

ને જ્યારે જાણે, ત્યારે કહે જે, તમે આ જણસ ખાધી છે ? ત્યારે ના પાડે. અને કહે જે હે દીદી ! હું તો કોઈ દિવસ ચોરી કરીને ખાતો નથી એમ કહે, એવી રીતે કેટલાક ઘેરથી ચોરી કરીને દહીં, દુધ આદિક ખાઈ જાય પણ કોઈ દિવસ તે બન્ને મિત્રો હાથમાં આવે નહિ. એમ કરતા થકા એક દિવસ ઘનશ્યામ મહારાજ સહિત વેણીરામને પોતાના ઘરમાંથી ચોરી કરતાં પોતાની માતાએ જોયા. ત્યારે વેણીરામના માતુશ્રી લક્ષ્મીબાઈએ જાણ્યું જે, આ છોટીબાના પુત્ર નિત્યે મારા ઘરમાંથી આમ ને આમ ચોરી કરીને ખાઇ જાય છે. એમ જાણીને પોતાના મનમાં લગારેક રીસ લાવીને ભક્તિમાતાને ઠપકો દઈને કહેવા લાગ્યાં જે, આ તમારા ઘનશ્યામ નિત્યે મારા ઘરમાંથી ચોરી કરીને દહીં, દુધ આદિક ખાવાની વસ્તુઓ ખાઈ જાય છે. તેમને આજે મેં મારી નજરે જોયા છે. તેવું સાંભળીને સુવાસિનીબાઈ બોલ્યાં જે, તમારા વેણીરામ નિત્યે મારા ઘરમાંથી કેટલીક જણસો ચોરી કરીને ખાઈ જાય છે. અમો તો કાંઈ તમોને કહેતાં નથી અને ઉલટા અમોને ઠપકો દેવા આવ્યાં છો. એમ કહીને એ બન્ને પરસ્પર બોલવા લાગ્યાં. ત્યારે ભક્તિમાતાએ એ બન્નેને સમજાવીને કહ્યું જે, લક્ષ્મીબાઈ ! તમો જો મારા ઘનશ્યામ ચોરી કરવા આવે ને બાંધી રાખો તો એ વાત અમારા માન્યામાં આવે અને અમોતો તમારા વેણીરામને આજ ને આજ કહો તો, ચોરી કરતા બાંધી રાખીએ, ત્યારે લક્ષ્મીબાઈએ કહ્યું જે, મારા વેણીરામ તો કોઈ દિવસ ચોરી કરેજ નહિ. ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, મારા ઘનશ્યામને પણ કોઈ દિવસ ચોરી કરવાનો સ્વભાવ છે જ નહિ, એમ કહીને પોતપોતાના ઘેર ગયાં. પછી થોડાક દિવસ વિત્યા કેડે વાત વિસારે પડવા દઈને વેણીરામ સહિત ઘનશ્યામ મહારાજ તે લક્ષ્મીબાઈના ઘરમાંથી બપોરના સમયમાં ઘરમાં પેસીને દહીંનું ગોરસ હેઠે ઉતારીને બન્ને મિત્રો દહીં ખાઈને નાઠા તે જોઈને લક્ષ્મીબાઈ તત્કાળ સુતાં હતાં. તે ઉભાં થઈને પાછળ દોડ્યાં. તે

પોતાના પુત્રને તો જવા દીધો અને ઘનશ્યામ મહારાજને પકડીને દોરડેથી બે હાથ બાંધીને ઉચ્ચેસ્વરે બોલ્યાં જે, હે સુવાસિનીબાઇ ! તમો જુવો, આંહી આવો. આ તમારા ઘનશ્યામ તો નિત્ય આ રીતે ચોરી કરીને ખાઇ જાય છે. તેમને મેં ક્યારનાય બાંધ્યા છે. એવું સાંભળીને સુવાસિનીબાઇ આદિક કેટલીક બાઇઓ પણ આવીને જોવા લાગ્યાં. ત્યાં તો ઘનશ્યામ મહારાજ તે વેણીરામ રૂપે થઇ ગયા અને લક્ષ્મીબાઇને તો ઘનશ્યામરૂપે જ દેખાય છે. ત્યારે તે સર્વે આવેલી બાઇઓ બોલી જે, આતો તમારા વેણીરામ છે. એમ કહે છે એટલામાં તો વળી ઘનશ્યામ મહારાજ પોતાના ઘરમાંથી ગોળ જમતા જમતા પોતાના આંગણામાં બહાર આવીને ઉભા રહ્યા. ત્યારે સુવાસિનીબાઇ બોલ્યાં જે, અમારા ઘનશ્યામ તો એ આંગણામાં ઉભા રહ્યા અને એતો વેણીરામને તમોએ બાંધ્યા છે. તે જો ન માનો તો આ સર્વેને પુછી જુવો જે, આ તે ઘનશ્યામ છે કે વેણીરામ છે ? ત્યારે સર્વે બોલ્યાં જે, હે લક્ષ્મીબાઇ ! આતો નિશ્ચે તમારો વેણીરામ છે, એમ કહ્યું. એટલે પોતે નક્કી કરીને જોયું તો પોતાના વેણીરામ જોયા. તેથી ઝંખવાણાં પડીને વેણીરામને છોડી મુક્યા. તેવું જોઇને સર્વે પુરવાસી જન આશ્ચર્ય પામતાં થકાં પોતપોતાના ઘરે ગયાં.

વળી એક સમયે રામપ્રતાપભાઇએ ચાતુર્માસમાં સૂર્ય નારાયણનાં દર્શન કરીને જમવું, એવું નિયમ રાખ્યું હતું. તે વાર પછી શ્રાવણ માસમાં સતત બાર દિવસ સુધી વરસાદની એલી થઇ તેથી સૂર્યનારાયણનાં બાર દિવસ સુધી દર્શન થયાં નહી. તેથી પોતાને બાર દિવસ સુધી ઉપવાસ થયા. તે જોઇને તેરમા દિવસની રાત્રીને વિષે ધર્મદેવ પોતે પોતાના ત્રણ પુત્રો સહિત આંબલી નીચે ચોતરા ઉપર બેઠા હતા. તે વખતે ઘનશ્યામ મહારાજે કહ્યું જે, હે મોટાભાઇ ! તમારે આવું કઠીન નિયમ રાખીને કયા ફળની ઇચ્છા છે ? ત્યારે બોલ્યા જે, મારે

તો પ્રત્યક્ષ સૂર્યનારાયણનાં દર્શન કરવાની ઈચ્છા છે. એવું સાંભળીને મોટાભાઈનું આવું આકરૂં નિયમ જાણીને પોતે મનમાં સૂર્યનારાયણને સંભાર્યા કે તત્કાળ પોતાને રથ અને સેવકો સહિત આવીને ઘનશ્યામ મહારાજને બે હાથ જોડીને પગે લાગ્યા. ત્યારે પોતે બોલ્યા જે, હે સૂર્યનારાયણ ! તમારાં દર્શન કરીને ખાવું એવું નિયમ અમારા મોટાભાઈએ રાખ્યું છે. તેથી આજ બાર દિવસથી તમારાં દર્શન કર્યા સિવાય અન્ન જમ્યા નથી. તેથી તમોને મેં બોલાવ્યા છે. પછી રામપ્રતાપભાઈ પ્રત્યે બોલ્યા જે, હે મોટાભાઈ ! તમારા માટે સૂર્યનારાયણ આકાશમાંથી આવ્યા છે, તો દર્શન કરીને જમો. તેવું સાંભળીને રામપ્રતાપભાઈના મનમાં એમ થયું જે, સૂર્યનારાયણમાં તો ઘણો પ્રકાશ હોય અને આમાં તો કાંઈ જણાતો નથી. એવો ભાવ જાણીને તે વખતે અંધારી રાત હતી. પણ અતિશય પ્રકાશ જણાવતા હતા. તેથી તો રામપ્રતાપ અતિ ગભરાઈ ગયા. એવું ઘડી એક દર્શન આપીને પાછું તેજ પોતાને વિષે સમાવીને પોતે તો નિરૂપ થયા તે જોઈને આનંદ પામતા સતા. બેહાથ જોડીને સૂર્યનારાયણની પૂજા કરવા લાગ્યા. ત્યારે બોલ્યા જે આ તમારા ઘરમાં તમારા સગાભાઈ ઘનશ્યામ મહારાજ અમારા સર્વેના ઈષ્ટદેવ છે. માટે તેમને પ્રસન્ન કરો તો અમો સર્વે દેવ તમારા ઉપર સહુ રાજી થઈશું. એમ કહીને પોતે રથમાં લાવેલા જે પૂજાનો સામાન તેણે કરીને ઘનશ્યામ મહારાજની પૂજા કરતા હતા. ને તે સમયે ભક્તિમાતા રસોઈ કરીને ભાઈને જમાડતાં હતાં. તે વખતે સાઈઠહજાર ઋષિમંડળ એક અંગુઠા જેવડાં નાનાં સ્વરૂપ કરીને તરણીના રથ ઉપર બેઠેલા તે સર્વે આવીને ઘનશ્યામ મહારાજની વેદમંત્રથી સ્તુતિ કરવા લાગ્યા. ત્યારે તેમના ઉપર રાજી થઈને બોલ્યા જે, ઋષિઓ ! તમોને જોઈને મારૂં મન આજે બહુ પ્રસન્ન થયું છે. એમ કહીને સુવાસિનીબાઈ પાસે ઘરમાંથી ગોમતીગાયનું દુધ મંગાવીને ભાનુ

**સહિત સર્વે ઋષિમંડળને પાતા હતા. ત્યારપછી રજા માગી નમસ્કાર કરીને પોતાના રથ ઉપર બેસીને નારાયણ સરોવર સામા ચાલ્યા, ત્યારે તો અતિશે પ્રકાશ થઈ જતો હતો. અને તે પ્રકાશના તેજથી ઓચિંતા સર્વે પુરવાસી જન ઝબકીને જાગ્યાં અને પરસ્પર બોલતાં હતાં જે, અહો ! ! આ અંધારી રાત્રીમાં આવો પ્રકાશ શાનો થયો ? એમ બોલતાં સતાં સર્વે ઉઠી બહાર આવતાં હતાં, તેટલામાં તો તે ભાસ્કર આકાશ માર્ગે અદૃશ્ય થઈ ગયા. તે વાર પછી સર્વે પુરવાસી જનો તે વાર્તા ધર્મદેવને પુછવા લાગ્યાં, ત્યારે તે ચરિત્રની વાર્તા વિસ્તારે સહિત ધર્મદેવે તે સર્વને કહી. તેને સાંભળીને સર્વે આશ્ચર્ય પામ્યાં.**

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે નાગપુરમાં ઘેલા તરવાડી મરણ પામ્યા ને સ્મશાનમાં લઇ ગયા ને પોતે ઘનશ્યામ મહારાજે જીવતા કર્યા તથા એક એકના ઘરમાંથી દહીં, દૂધ ચોરી ખાધું તથા મોટાભાઇને સૂર્યનારાયણનાં દર્શન કરાવીને જમાડ્યા. એ નામે છત્રીસમો અધ્યાય પૂરો થયો. ॥૩૬॥

## અધ્યાય ૩૭

## ઘનશ્યામ મહારાજની દિવ્ય લીલાઓ.

**હે રામશરણજી ! વળી એક બીજું નવીન ચરિત્ર કહું તેને સાંભળો. એક સમયે ઘનશ્યામ મહારાજ તથા રામપ્રતાપજી એ બે જણ સામસામા પટમેરૂ થયા સુખનંદન, માધવચરણ આદિક પાંચ સાત સખા તે ઘનશ્યામ મહારાજના પક્ષમાં રહેતા હતા અને રામપ્રતાપભાઈના પક્ષમાં વેણી, માધવ અને પ્રાગ એ આદિક પાંચ સાત સખા થયા હતા. આવી રીતે બે ભાઈઓમાં વાદ વદતા સતા ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભાઈ ! વશરામ મામાના બગીચામાં કેરીઓની સાંખો બહુ રૂડી થયેલી છે. માટે વહેલા ઉઠીને તે સાંખોને લઈ આવે તે જીત્યા કહેવાય, આવો મનમાં સામસામો પક્ષ બાંધીને બે**

પક્ષવાળા રાત્રે સુઇ ગયા. ત્યારપછી રામપ્રતાપભાઇના મનમાં એવો સંકલ્પ થયો જે, ઘનશ્યામ સુઇ જાય એટલે અમારા પક્ષવાળા વેણીરામ આદિક સર્વને જગાડીને તે બગીચામાંથી બધીય સાંખો વીણી લાવું, એમ વિચાર કરી સુઇ ગયા, તે અંતર્યામીપણે મોટાભાઇના મનનો સંકલ્પ જાણીને ભાઇ સહિત તેના પક્ષવાળા સર્વને અતિશય નિદ્રાવશ કરીને પોતે વિચાર કર્યો જે, આ નારાયણ સરોવરના કિનારે મોટા પીપળાના વૃક્ષમાં હજારો ભૂત રહે છે, તેમને આજ્ઞા કરૂં તે બધી સાંખો લઇ આવે. ને પરબારૂં કામ થશે અને અમારા મિત્રને દાખડો નહી કરવો પડે. એમ ધારીને અંતર્યામીપણે સર્વે ભૂત પગે લાગીને આજ્ઞા માનીને ટોપલા લઇને તે આંબાવાડીયામાં જઇને જેટલી સાખો પડી હતી તે સર્વે વીણી લાવીને આંબલી તળે ઢગલો કરતાં હતાં. તે સમયે રામપ્રતાપભાઇ ઉઠીને જુએ ત્યાં તો સવાર થવા આવેલું. ત્યારે પક્ષના વેણીરામને જગાડીને બોલ્યા જે, ચાલો ચાલો સવાર થઇ જશે તો ઘનશ્યામ બધી સાખો વીણી લાવશે. એમ કહીને સર્વે તત્કાળ ઉઠીને અંધારામાં જ તે બગીચામાં જતા હતા. ત્યારે તેમને આવેલા જાણીને ભૂતો સર્વે ભડકા થઇને અજવાળું કરીને સાખો વીણતા હતા તેને જોઇને બોલ્યા જે, હે ભાઇઓ ! આતો કોઇ ઘનશ્યામ જેવા આપણાથી પ્રથમ કેરીઓ વીણવા આવ્યા છે. ચાલો ત્યારે આપણે તેમને મળવું તો ખરૂ. એમ કહીને સમીપે જવા લાગ્યા. ત્યારે તે સર્વે ભૂત બોલ્યાં જે, હે ભાઇઓ ! અહીં કોઇ આવશો નહિ, અમો તો ભૂત છીએ. તે સાંભળી રામપ્રતાપભાઇ આદિક સર્વે ત્રાસ પામતા તત્કાળ ત્યાંથી મુઠીઓ વાળીને જે નાઠા તે વશરામ મામાના ઘરમાં પેસી ગયા અને તે વાત વશરામ તરવાડીને કહેતા હતા. ત્યારે તે બોલ્યા જે; હે રામપ્રતાપજી ! અત્યારે વહેલા આવા અંધારામાં તમારે સાખોનું શું કામ હતું ? હે બાપ ! તમોને ક્ષમા કરે એમ કહીને ધીરજ આપીને કહેવા લાગ્યા જે,

સારૂં થયું કે તમો સર્વે બચીને આવ્યા, નહિંતર એ પીપળામાં હજારો ભૂત રહે છે તે પીપળા આગળ તમો કવેળાએ નીકળ્યા તેથી તમોને ખાઈ જાત. આ તો ભગવાને તમારી સહાય કરી. એમ કહીને શાંતિ પમાડીને પોત પોતાના ઘરે મોકલ્યા. ત્યારે રામપ્રતાપભાઈ પોતાના ઘેર ગયા. તે વખતે ઘનશ્યામ મહારાજને ભૂતની સાથે વાતો કરતા જોઈને વિસ્મય પામતા હતા. તે શું તો ભૂત બોલ્યાં જે, હે મહારાજ ! અમોને ખાવાનું બહુ દુઃખ પડે છે. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, આમાંથી તમો સર્વે દશ દશ સાખો લઈને જાઓ. ને નારાયણ સરોવર, ધર્મ તળાવ, ભૂતિયો કૂવો, જન્મસ્થાનકનો કૂવો, ખાંપા તલાવડી, ગૌઘાટ, વિશ્વામિત્રી, આટલાં સ્થળે તમોને પાણી પીવાની રજા છે. અને આ પુરમાંથી જે કંઈ ફળ ફૂલ મળે તેને તમે ખાજો, પરંતુ બીજી કોઈ જગ્યાએ બગાડ કરશો નહિ, આવી રીતની આજ્ઞા પામીને દશ દશ સાખો લઈને પગે લાગીને સર્વે ભૂત પોતાની જગ્યાએ ગયાં તે ચરિત્ર રામપ્રતાપભાઈ પ્રત્યક્ષ જોઈને સાંભળીને આશ્ચર્ય પામી, પોતાના નાનાભાઈ ઘનશ્યામ પાસે ગયા. ત્યારે હાસ્ય કરીને બોલ્યા જે, મોટાભાઈ ! કેરીઓની સાખો તમો લઈ આવ્યા ? ત્યારે બોલ્યા જે, તમોએ ભૂત પાસે બધીય મંગાવી લીધી ને હવે મને પાછા શું પૂછો છો? ત્યારે બોલ્યા જે, તમારે જેટલી જોઈએ તેટલી લઈ લો. પરંતુ આપણામાં હાર્યા કોણ ? ત્યારે ભાઈ બોલ્યા જે, તમો જીત્યા અને અમો હાર્યા. તેવું સાંભળીને પ્રસન્ન થઈ ભાઈ સહિત સર્વે સખાઓ ભેળા બેસીને સાખો જમતા હતા.

વળી એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓની સાથે રામસાગર તળાવમાં સ્નાન કરવા માટે પધારતા હતા. તે સમયે મહા કપટી અને ક્રોધી એવા ભવાનીદત્ત અને રામદત્ત નામના બે અસુરો, પૂર્વના વૈરને સંભારી ત્યાં આવીને પોતાનાં સ્વરૂપ બદલીને સાથે રમવા

લાગ્યા. તેને જાણીને સર્વે છોકરાઓ સાથે સરોવરમાં સ્નાન કરવા માટે પ્રવેશ કરતા હતા. ત્યાં પાણીમાં અનેક પ્રકારની જલક્રિડા કરીને પોતાના સખાઓને ઘનશ્યામ મહારાજ આનંદ પમાડે છે. અને બન્ને અસુરો ઘનશ્યામ મહારાજને મારવાનો લાગ શોધે છે. તે વાતને એકલાજ પોતે જાણે છે. ત્યારે બન્ને અસુરો બાળકોને દૂર કરીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! આવો આપણે સામસામા રમીએ. એમ કહીને બન્ને જણે પાણીમાં ડૂબકી ખાઈને તત્કાળ ભગવાનનો એક એક પગ પકડ્યો. ત્યારે ઘનશ્યામ પોતાનો જમણો પગ ઉંચો કરી તરછોડીને બોલ્યા જે, હે ભાઈ વેણીરામ ! મારા પગે મઘર જેવું કાંઈક જનાવર વળગ્યું હોય ને શું ! એમ મને લાગે છે. એમ કહીને અસુરને ઉંચો કરીને ફેંક્યો. તેથી આકાશમાં ઉંચો વાયુ સાથે પરિભ્રમણ કરતો અથડાતો ગામ સુરવાલના બગીચામાં પડ્યો ને પ્રાણ ચાલ્યા ગયા.

ત્યારબાદ ડાબા ચરણે જે અસુર વળગ્યો હતો તેને પણ એ રીતે જ ઉંચો કરીને ફેંક્યો, તે આકાશમાં જઈને ચારે બાજુ ભમતો ગામ નરેચાના કલ્યાણસાગર તળાવના ઉત્તર તરફના કિનારે જઈને પડ્યો અને મરણ પામ્યો. ત્યારે તે બન્ને અસુરો મૃત્યુ સમયે પોતાના આસુરી શરીરને ધારણ કરીને બહુ કષ્ટ સહન કરીને મરણ પામ્યા. ત્યારે બન્ને જણ જ્યાં મરી ગયા હતા ત્યાં જઈને સર્વે જનો જુએ છે તો, મોટા અગડબંબ સરખા દેખાતા હતા. અને મહા ભયંકર નાક, કાન ને મોઢું જેનું છે એવા તે કેટલીક પૃથ્વીમાં લાંબા થઈને પડેલા તેમને જોઈને સર્વે લોકો મહા વિસ્મય પામતા હતા અને તે સમયે દેવતાઓ પ્રસન્ન થઈને ભગવાનની સ્તુતિ કરતા અને જય જય શબ્દ કરીને ચંદન પુષ્પથી ઘનશ્યામ મહારાજને વધાવતા હતા. તે સર્વે પુષ્પ મીન સાગરના જળમાં પડ્યાં તેથી બધુ જળ ઢંકાઈ ગયું હતું. તે ચરિત્ર જોઈને સર્વે બાળકો પુરમાં આવીને તે વાર્તા ધર્મભક્તિ આદિક સર્વેને કહેતાં હતાં.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે રામપ્રતાપભાઇ વાદવદીને આંબાના બગીચામાં સાખો લેવા ભૂત થકી ભય પામીને ભાગ્યા તથા રામસાગર તળાવમાં સ્નાન સમયે બે અસુરો આવીને ઘનશ્યામ મહારાજના ચરણ ઝાલીને ડુબાડવા પ્રયત્ન કરે છે તેવાજ આકાશમાં ઉડાડીને મરણ પમાડ્યા. એ નામે સાડત્રીસમો અધ્યાય પૂરો થયો. ।।૩૭।।

## અધ્યાય ૩૮

## શ્રીહરિની ગાયો દોવરાવવાની લીલા. વગેરે.

**વળી એક સમયે સુવાસિનીબાઇએ ઘનશ્યામ મહારાજને કહ્યું જે, હે ભાઇ ! તમો મંગળ આહીર તથા છીટન આહીર સાથે જઇને આપણી ગાયો નારાયણ સરોવરના કિનારે દક્ષિણ તરફ નેસડામાં છે. તેને દોવરાવી લાવો. તેવું સાંભળીને સાથે જઇને ત્યાં બેઠા અને મંગલ આહીર તથા છીટન આહીર એ બન્ને ગાયો દોહીને માટલાં ભરી ભરી ઘનશ્યામ મહારાજ પાસે મૂકતા હતા અને મંગલ આહીર બીજા દોણામાં દોતા હતા. ત્યારે પોતે તેનાથી છાનામાના દોણામાંથી થોડું દૂધ પીને પાછાં દોણાંને બરાબર પાણી ભરીને સરખાં કરે, તેને મંગલ આહીર જાણે નહિ. એમ કરીને તેની સાથે ઘેર આવે અને સુવાસિનીબાઇ મેળવે ત્યારે દૂધનું દહીં બરાબર જામે નહિ. ત્યારે સુવાસિનીબાઇ બોલ્યાં જે, આ મેળવેલું દૂધ પ્રથમ જેવું જામતું નથી તેનું શું કારણ હશે ? એમ વિચાર કરીને ભક્તિમાતાને પૂછ્યું જે, હે બાઇજી ! હવે થોડાક દિવસથી દૂધ બિલકુલ જામતું નથી, દહીં સારૂં થતું નથી અને ઘીમાં પણ તંગાસ આવે છે. માટે રખેને ઘનશ્યામભાઇ આહીર સાથે દોવરાવવા જાય છે તે દૂધ પીને નારાયણ સરોવરમાંથી પાણી નાખતા હોય તેવું મને લાગે છે. ત્યારે ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને પૂછ્યું જે, હે ઘનશ્યામ! તમો ત્યાં દૂધ પીને સાટે પાણી નાખો છો ? ત્યારે બોલ્યા જે, ના. હુંતો**

એમ કરતો નથી, પરંતુ ભાભી તેમ કરતાં હશે. ત્યારે સુવાસિનીબાઈએ ઘરમાંથી દોણાં લાવીને બતાવ્યાં જે, જુઓ. આ દૂધ પાણી જેવું છે. ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, એ તો બાખડી ગાયનું દૂધ જાડું હોય અને થોડાક દિવસની વિયાએલી ગાયનું પાતળું દૂધ હોય, એમ કહીને સમજાવ્યાં. તે વખતે મંગળ આહીર ત્યાં આવ્યો તેને પૂછ્યું, ત્યારે તે પણ ના પાડતો હતો. જે મને તો કંઈ ખબર નથી જે ઘનશ્યામ દૂધ પીએ છે. પણ દૂધ પાતળું છે તે માટે એમાં કંઈ ભેગ થયો લાગે છે. ત્યારે ઘનશ્યામ મહારાજ તેના તરફ જોઈને મંદમંદ હસવા લાગ્યા. ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, હે ભાઈ ! તમો એમ કેમ કરો છો ? તમોને અમે જમવાના સમયે હમેશાં દૂધ આપીએ છીએ ને આજે વિશેષ જમો તેટલું આપીશું. ત્યારે બોલ્યા જે, જાઓ, હવેથી અમો દૂધ પીશું નહિ. એમ કહીને ત્યાંથી બહાર નીકળીને બોલ્યા જે, હે દીદી ! જે દિવસે તમો મને દૂધ નહિ આપો તે દિવસે હું પી જાઈશ. ત્યારે સુવાસિનીબાઈ હાથમાં જળ લઈને બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ ! તમોને મારે હમેશાં દૂધ આપવું. પરંતુ આવો બગાડ કોઈ દિવસ કરશો નહિ. એમ કહીને પૃથ્વી ઉપર જળ મૂકીને પ્રતિજ્ઞા કરતાં હતાં. હે રામશરણજી ! આવી રીતે અક્ષરાધિપતિ પુરૂષોત્તમ ભગવાન પોતે નરનાટ્ય ધારણ કરીને બાળલીલાઓ કરતા માતાપિતા આદિક સર્વે પુરવાસી જનોને આનંદ ઉપજાવતાં હતા.

વળી એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓને સાથે લઈને નારાયણ સરોવરમાં સ્નાન કરવાના મિષે રમવા સારૂં ત્યાં જતા હતા. ત્યારે ભગવાનને મારવાના ઈરાદાથી પૂર્વ વૈરને સંભારીને બીરબલ નામનો અસુર પોતાનું સ્વરૂપ બદલીને નારાયણ સરોવરમાં સર્પ રૂપે થઈને જળમાં રહેલો હતો. પછી સર્વે બાળકોની સાથે રમત ઘણા સમય સુધી કરીને જળમાં ઉતરીને સ્નાન કરવા લાગ્યા. ત્યાં સામસામા પાણી

ઉછાળી ડૂબકીઓ ખાતા હતા અને ચારે બાજુ જળ ઉપર તરવું એ આદિક અનેક પ્રકારની જલક્રીડા કરતા હતા. તે સમયે મહા ક્રોધનો ભરેલો અને દુષ્ટ બુદ્ધિવાળો બીરબલ અસુર કાળા નાગ રૂપે પોતાના મોઢેથી ફૂંફાડા મારતો સામો આવ્યો. તેને જોઈને સર્વે ત્રાસ પામીને બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ ! તમો સામું તો જુઓ ! આ મોટો નાગ ફૂંફાડા મારતો આવે છે. એમ કહી સર્વે સખાઓ તો પાણીમાંથી નીકળીને પાળ્ય ઉપર ચડી ગયા. પરંતુ ઘનશ્યામ મહારાજ તો અંતર્યામીપણે જાણીને ત્યાંના ત્યાં ઉભા રહ્યા અને બોલ્યા જે, હે વેણીરામ ! આ નાગ મને શું કરવાનો છે ? ત્યારે તે વખતે ત્યાં જળ ભરવા આવેલી સ્ત્રીઓ કીનારે ઉભી ઉભી બુમો પાડતી બોલી જે, હે ઘનશ્યામભાઈ ! તમો બહાર નીકળો, આ તમોને જરૂર કરડશે. તેવું સાંભળીને પોતાનો ડાબો પગ ઉંચો કરીને તેને તરછોડતા હતા, કે તુરત તેનું ઝેર ઉતરી ગયું અને શરીરના સાંધા જુદા જુદા થઈ ગયા છે જેના, એવો તે નાગ, તત્કાળ ઘનશ્યામ મહારાજના ચરણના પ્રહારથી એકદમ ઉંચો ઉછળી સરોવરથી પૂર્વ તરફ સો કદમ છેટે જઈને, અતિ ત્રાસ પામીને રૂધીર વમન કરી મરણ પામ્યો. તે મહા અદ્ભુત ચરિત્ર જોઈને સર્વે વિસ્મય પામતા હતા. ત્યાર પછી ઘનશ્યામ મહારાજ બહાર નીકળીને પોતાનાં વસ્ત્ર પહેરીને સખાઓ સાથે ઘેર આવતા હતા અને આંબલી નીચે ચોતરા ઉપર બિરાજમાન થયા. તે સમયે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે વેણીરામ ! જોયું ને ? તમો સર્વે કહેતા હતા જે ઘનશ્યામને નાગ કરડવા આવે છે. પરંતુ સામું તેનું જ મરણ થયું, એમ કહે છે તે સમયમાં ભક્તિમાતાએ કહ્યું જે, હે ઘનશ્યામ ! તમો જમવા પધારો. ત્યારે બોલ્યા જે, હે દીદી ! અહીં લાવો. તેવું સાંભળીને પોતાના પુત્રને વિષે પ્રેમવતી માતાને ઘણું હેત હતું તેથી, ભોજનનો થાળ ભરી લાવીને ચોતરા ઉપર મુક્યો. તે જોઈને બોલ્યા જે, હે દીદી ! આજે તો ભૂખ બહુ લાગી છે.

માટે આટલા ભોજને પૂરૂં નહિ થાય. એમ કહીને પોતાના સખાઓના મધ્યમાં બેઠા હતા, અને તેમને આપતા સતા પોતે પણ જમવા લાગ્યા. તે જોઈને ભક્તિમાતાએ કહ્યું જે, હે ઘનશ્યામ ! આ મોટાભાઈને કેમ જુદા બેસાડી રાખ્યા છે ? ત્યારે બોલ્યા જે, હે દીદી ! એમને રસોડામાં જમાડજો. આતો અમારૂં નાના બાળકોનું કામ છે. એમ કહેતા હતા ત્યારે ઈચ્છારામજી રમતા રમતા ત્યાં આવ્યા. તેમને પોતાની સમીપે બેસાડીને સખાઓને કહેવા લાગ્યા જે, તમોને જેટલું ભાવે તેટલું જમજો. આજે જમવામાં કોઈ ખામી રાખશો નહિ. એવી રીતે પરસ્પર મનુવાર કરીને સર્વે જમે છે, તે જોઈને ધર્મભક્તિ પોતાના મનમાં બહુ રાજી થતાં હતાં. તે વખતે ઘનશ્યામ મહારાજ ફરીથી બોલ્યા જે, હે દીદી ! બીજું હોય તો લાવો. અમારે તો આજ વિશેષ જોઈશે. એવું સાંભળીને ભક્તિમાતા રસોડામાં જઈને બીજો થાળ ભરી આવીને તેમને પીરસ્યું. એવી રીતે બે ચાર વખત માગીને જમ્યા. તો પણ પોતાના પેટ ઉપર હાથ ફેરવીને બોલ્યા જે, હે દીદી ! આજ તો કંઈ બરાબર પૂરૂં થયું નહિ. ત્યારે ભક્તિમાતા ઘરમાં જઈને જેટલી રસોઈ કરી હતી તે સર્વે લાવીને પિરસતાં હતાં. તે જોઈને રામપ્રતાપભાઈ ખીજાઈને બોલ્યા જે, હે ઘનશ્યામ તમોએ શું ધાર્યું છે ? ત્યારે બોલ્યા જે, હે મોટાભાઈ ! આપણા ઘેર મહેમાન આવે તેમને ભૂખ્યા પાછા કેમ મોકલાય ! ત્યારે બોલ્યા જે, આ તમારા ભાઈબંધ તે તમારા મહેમાન છે ? એમ કહેતા હતા. ત્યાંતો હાથમાં વાજીંત્ર લઈને ઘનશ્યામ હરિકૃષ્ણ એ બે નામનું વાજીંત્રમાં ગાન કરતા કેટલાક દેવગણ તથા ગંધર્વના ગણ આવીને ઘનશ્યામ મહારાજને પગે લાગીને ઉભા રહ્યા. ત્યારે તેમને જોઈને બોલ્યા જે, હે મોટાભાઈ ! જુઓ, આ ગવૈયા આવ્યા છે તે અમારા નામનું ઉભા ઉભા ગાન કરે છે માટે તેમને જમાડ્યા વિના કેમ ચાલે ? એમ કહીને પોતાના હાથ વડે ગંધર્વદેવને પોતાની પ્રસાદી આપીને

**જમાડ્યા. પછી સર્વે સખાઓ સહિત હાથ ધોઈને પાનબીડી જમતા સતા કૂવાના પરથાર ઉપર જઈને બિરાજ્યા અને ગવૈયાઓ પોતાની ચતુરાઈ જણાવી વાજીંત્ર બજાવીને ગાવણું કરવા લાગ્યા. તે સાંભળવા માટે સર્વે પુરવાસીજનો એકબીજાના કહેવાથી ત્યાં આવતા હતા. પછી સંગીત બંધ રાખીને ગંધર્વો બોલ્યા જે, હે મહારાજ ! અમોને કંઈ સેવા ફરમાવો. ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, તમો સત્સંગમાં આવજો. એવો વર પામીને નમસ્કાર કરીને તેઓ આકાશમાર્ગે અદશ્ય થઈ ગયા. હે રામશરણજી ! એવી રીતે ગંધર્વો આજ્ઞા પામીને આપણા સંત મંડળમાં આવીને પ્રેમાનંદ સ્વામીનામે પ્રસિદ્ધ થયા.**

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે પોતાની ગાયો દોવરાવવા મોકલ્યા ને ત્યાં દૂધ પીને પાણી રેડ્યું તથા નારાયણ સરોવરમાં સ્નાન કરતાં બિરબલ અસુર નાગરૂપે કરડવા આવ્યો તેનો પરાજ્ય કર્યો તથા ઘરના આંગણે ચોતરા ઉપર સખાઓ સહિત જમીને ઉઠ્યા તે વખતે ગાંધર્વ દેવો આવ્યા ને વર આપ્યો. એ નામે આડત્રીસમો અધ્યાય પૂરો થયો. ||૩૮||

## અધ્યાય ૩૯

## લક્ષ્મીજીએ થાળ જમાડ્યો તથા બીજાં ચરિત્રો.

**વળી એક સમયે ઘનશ્યામ મહારાજ ફાગણ માસમાં વાળુ કરીને પોતાના સખાઓ સાથે રમતા રમતા નારાયણ સરોવરના કાંઠા ઉપર જતા હતા. અને કેટલીકવાર સુધી નાના પ્રકારની રમતના ખેલ કરતા સતા ત્યાં થકી ચાલ્યા, તે ખાંપા તલાવડીએ ગયા અને ત્યાં કેટલીક વાર સુધી રમત કરીને પાછા વળ્યા, તે પીરોજપુરની હદમાં મોટા પીપળાના વૃક્ષ નીચે થઈને સામસામા બે પક્ષ ભેગાં થયાં. તેમાં એક પક્ષમાં પોતે રહ્યા અને બીજા પક્ષમાં વેણીરામને કર્યા, અને સુખનંદન આદિક બીજા કેટલાક સખાઓને પોતાના પક્ષમાં રાખતા હતા. અને**

રઘુનંદન આદિક બીજા કેટલાક સખાઓને વેણીરામના પક્ષમાં કરતા હતા. એવી રીતે બે ટોડા કરીને રમતા સતા ત્યાં થકી ચાલ્યા, તે બગીચામાં થઈને મીનસાગર તળાવ ઉપર જઈને તેના કિનારા ઉપર મહુડાના વૃક્ષ નીચે કેટલોક સમય રમત કરીને, પાછા ઘેર આવીને પોતાનાં ભાભીને કહેતા હતા જે, હે ભાભી ! અમારે પાણી પીવું છે. એમ કહીને ડગલી પહેરાવી હતી તે કાઢીને પલંગના ઓશીકે મૂકીને તે પલંગ ઉપર બેઠા. એટલે સુવાસિનીબાઈ અબખોરા સાથે જળનો લોટો ભરીને આવ્યાં અને જલપાન કરાવીને લોટો પલંગ નીચે મૂક્યો. અને તેના ઉપર અબખોરો મૂકીને બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ ! જ્યારે તમોને તરસ લાગે ત્યારે આ લોટામાંથી જળ પીજો. એમ કહીને સુંદરીબાઈ ચોતરા ઉપર બેઠાં હતાં તે ત્યાં ગયાં, અને ઘનશ્યામ મહારાજ પોતે પોઢી ગયા. પછી પ્રાતઃકાળે વહેલા ઉઠીને બહિર્ભૂમિ જઈ આવીને હાથ પગ ધોઈને જન્મસ્થાનકના કૂવાના કાંઠા ઉપર પૂર્વ મુખારવિંદે પલાંઠી વાળીને બેઠા. અને દંતધાવન કરી રહ્યા. એટલે સુવાસિનીબાઈ ગરમ પાણીની તાંબાકૂંડી ભરી લાવ્યાં. પછી સ્નાન કરાવીને પહેરવા ધોતી આપી, તે પહેરીને ચાખડીઓ ઉપર ચઢીને ઓસરી ઉપર આવીને ઉગમણે મુખારવિંદે કામળીનું આસન પાથરીને તે ઉપર ધ્યાન કરવા બેઠા. ત્યારબાદ પોતાનું નિત્ય નિયમ પૂજાપાઠ કરીને ઉઠ્યા. તે વખતે રસોઈ તૈયાર થઈ એટલે ભક્તિમાતાએ બાલમુકુંદ વિષ્ણુને નૈવેદ્ય ધરાવ્યું. અને ઘનશ્યામ મહારાજ આદિક સર્વેને જમાડીને પોતે સુવાસિનીબાઈ સહિત જમતાં હતાં. તે વાર પછી ધર્મદેવ આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર ત્રણ દિવસ અગાઉથી ધર્મશાસ્ત્રનો પાઠ કરતા હતા. ત્યાં જઈને ઘનશ્યામ મહારાજ વેણીરામ સહિત બેઠા. તે સમયમાં પોતાની ઈચ્છાથી તે કથા સાંભળવા માટે અનંત દેવો વિમાન ઉપર બેસીને આકાશમાંથી આવતા હતા. તે આવીને

આંબલીના વૃક્ષ નીચે તથા ચોકમાં તથા કૂવાના કાંઠા ઉપર ચારે તરફ ફરતા બેસીને ધર્મદેવ સહિત ઘનશ્યામ મહારાજ પગે લાગતા હતા. પછી તે કથા સાંભળતાં કેટલીક વાર થઇ એટલે, ભક્તિમાતાએ સેવો વણીને તડકામાં સૂકવી હતી, તે વખતે સર્વે દેવો કથા સાંભળી રહ્યા એટલે પોત પોતાના સ્થાનકે જવા ઉઠ્યા. તે વખતે ઘરેરાટ એવો શબ્દ સાંભળીને ભક્તિમાતાએ કહ્યું જે, સુવાસિનીબાઇ ! તમો જુઓને, બહાર આંગણામાં સેવો કોઈક બગાડશે. ત્યારે સુવાસિનીબાઈ તો તત્કાળ ઉતાવળાં થઈ આંગણામાં ગયાં. તો તે સર્વેને જોઈને એકદમ બોલ્યાં જે, હે બાઈજી ! તમો બહાર આંગણામાં આવો. હમણાં આ સેવો ખાઈ જશે. તેવું સાંભળીને ઉતાવળાં થકાં ભક્તિમાતા ઘરમાંથી બહાર આવ્યાં. એટલામાં તો સર્વે દેવો આકાશમાર્ગે અદ્રશ્ય થઈ ગયા. તે ચરિત્ર જોઈને બોલ્યાં જે, અહો ! આ તે કોણ હશે ? ત્યારે ઘનશ્યામ મહારાજ કથા સાંભળે છે, ત્યાંથી બીજે સ્વરૂપે આવીને કહ્યું જે, હે દીદી ! એતો અમારી ઈચ્છા થકી આકાશમાંથી દેવો આ મારા પિતા ધર્મશાસ્ત્રનો પાઠ કરે છે તે સાંભળવા માટે આવ્યા હતા તે શ્રવણ કરીને પાછા ગયા. એમ કહીને તે સ્વરૂપ અદ્રશ્ય કર્યું અને એકરૂપે તો સભામાં બેઠેલા છે. તેવું ઐશ્વર્ય જોઈને ધર્મદેવ, વશરામ તરવાડી, રામપ્રતાપભાઈ આદિક સર્વેજન મહા આશ્ચર્ય પામ્યાં. ત્યાર પછી કથાની સમાપ્તિ કરીને, પુસ્તક બાંધીને ઘેલા તરવાડી સાકર નાખીને દૂધ કાઢીને લાવ્યા તે દૂધનું પાન કરીને સુઈ ગયા. અને ઘનશ્યામ મહારાજ તો વેણીરામ સહિત ત્યાં થકી ચાલ્યા, તે દિવસે હુતાસણી હતી તેથી ગામમાંથી છાણાં મંગાવી મંગાવીને ગામના ઝાંપે મોટો ઢગલો કરાવતા હતા. એવી રીતની લીલા કરતા સતા સાંજ પડી એટલે ઘેર આવીને કહ્યું જે, હે દીદી ! મને ભૂખ લાગી છે, જમવાનું આપો. ત્યારે બોલ્યાં જે હે બાપ ! હમણાં જરાવાર ખમો. આ લાલજીને નૈવેદ્ય કરીને આપું. ત્યારે બોલ્યા જે, આ પ્રત્યક્ષ બોલતા

લાલજીને જમાડો એટલે તમારા ઉપર લાલજી બહુ રાજી થશે. એવી રીતે મર્મ કરીને બોલ્યા, પરંતુ પોતાની ઈચ્છા થકી ભક્તિમાતા કંઈ સમજ્યાં નહિ. તે સમયે લક્ષ્મીજીએ જાણ્યું જે, ભગવાન ભૂખ્યા છે. તેથી ઉતાવળાં થકાં સેવો, ઘી અને સાકર ને કારેલાનું શાક તથા કેરીનું અથાણું ને પાપડ એટલી વસ્તુઓનો થાળ ભરીને લાવ્યાં અને ભગવાનને જમવા આપ્યો. તે વખતે સુવાસિનીબાઈ સુરજામામીને ઘેરથી આવ્યાં. ત્યારે ઘનશ્યામ મહારાજને ઓસરીમાં જમતા જોઈને બોલ્યાં જે, હે માજી ! આ ઘનશ્યામ મહારાજ સેવો જમે છે તે આજે તમોએ આપણા ઘેર કરી છે કે શું ? તેવું સાંભળીને ભક્તિમાતા ઠાકોરજીને થાળ જમાડતાં હતાં, ત્યાંથી બહાર ઓસરીમાં આવ્યાં. ત્યારે તો લક્ષ્મીજીને જોઈને પગે લાગ્યાં અને કહ્યું જે, હે લક્ષ્મીજી ! તમો આ થાળ લઈને આવ્યાં તે બહુ સારૂં કર્યું. ત્યારે બોલ્યાં જે, તમોને ઘણીવાર થઈ એટલે આ તમારા પુત્રની ઈચ્છાથી આ થાળ લઈને હું કયારનીયે આવી છું. તે તમારા પુત્ર જમી રહ્યા છે માટે જળપાન કરાવો. એમ કહીને રજા માગીને ચાલવાની તૈયારી કરી. ત્યારે બોલ્યા જે, તમો પાછાં કાઠિયાવાડ દેશમાં એભલખાચરને ઘેર જન્મ ધારણ કરશો, અને ત્યાં અમારો મેળાપ થશે. એવી રીતની આજ્ઞા પામીને આકાશમાર્ગે અદૃશ્ય થઈ ગયાં. ત્યાર પછી બીજે દિવસે હુતાસણી પ્રગટી તે વખતે ઘનશ્યામ મહારાજે નાની કેરીઓ તથા રાયણોના હાર પ્રથમથી કરી રાખેલા હતા તે લઈને અગ્નિમાં નાખીને ચારે બાજુ ફરવા લાગ્યા. પછી સુવાસિનીબાઈ, સુરજાબાઈ એ આદિક બીજી કેટલીક બાઈઓ ધાણી ચણાથી અગ્નિદેવને વધાવીને ચંદ્રમાનાં દર્શન કરીને, પુરી, કચોરી, સેવો આદિક રસોઈના પાક કરીને ઘનશ્યામ મહારાજને જમાડીને સર્વે જમતાં હતાં.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓથી

**વિંટાણા થકા નારાયણ સરોવરના કાંઠે જઈને રમવા લાગ્યા. તે રમતાં રમતાં સાયંકાળ થઈ ગયો. તો પણ ઘેર આવ્યા નહિં, ત્યારે ભક્તિ-માતાએ રામપ્રતાપભાઈને કહ્યું, હે રામપ્રતાપજી ! તમો જુઓને, ઘનશ્યામ કેમ ઘેર આવ્યા નહિ ? જમવાનું તૈયાર થયું છે. તેવું સાંભળીને રામપ્રતાપભાઈ હાથમાં સોટી લઈને નારાયણ સરોવરના કાંઠા ઉપર આવ્યા. ત્યાં તો સુખનંદનને કંઈક વાગ્યું હતું એટલે તેના પાસે બેઠા હતા. તે વખતે રામપ્રતાપભાઈને આવતા જોઈને, તત્કાળ જે નાઠા તે, દડદડ દોડીને ઘરે આવતા રહ્યા. ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, હે બાપ! આવા શ્વાસના ભરેલા તમો કયાંથી આવ્યા ? ત્યારે બોલ્યા જે, હે દીદી! અમોને ભાઈ મારે છે. એમ કહીને હાથ પગ ધોઈને સ્નાન કરીને ઘરમાં ગયા. એટલામાં તો મોટાભાઈ આવ્યા ને કહ્યું જે, ઘનશ્યામ કયાં ગયા ? આવ્યા કે નહિ ? ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, એ તો કયારનાય આવીને રસોડામાં જમવા બેઠા છે. ને તમો જમવા ચાલો. એમ કહીને રસોડામાં ગયા ત્યાં હતા નહિ. પછી સુવાસિની બાઈએ કહ્યું જે, ઘનશ્યામ હમણાં જમવા આવ્યા હતા તે કયાં ગયા ? અહીં તો નથી. ત્યારે બોલ્યાં જે, રસોડામાં આવ્યા નથી. હું કયારનીયે રાહ જોઉ છું. તેવું સાંભળીને ભક્તિમાતા દિલગીર થઈને બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ ! તમો જયાં હો ત્યાંથી બોલો; તમોને ભાઈ મારશે નહિ. એવું પોતાની માતાનું અંતર ખેદવાળું વચન સાંભળીને મેડી ઉપર સૂઈ ગયા હતા, ત્યાંથી તત્કાળ નીચે ઉતરીને નિર્ભય થઈ, મોટાભાઈની સાથે જમવા બેઠા, તે જોઈને સર્વે રાજી થયાં.**

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે સામસામા બે પક્ષ કરીને રમ્યા અને અનંત દેવો કથા સાંભળવા આવ્યા ને ઘેરૈયા ચૌદશ રમીને ઘરે આવ્યા એટલે લક્ષ્મીજીએ થાળ જમાડ્યો. એ નામે ઓગણચાલીસમો અધ્યાય પૂરો થયો. ॥૩૯॥

## અધ્યાય ૪૦

## મોતી તરવાડીની રક્ષા કરી વગેરે ચરિત્રો.

વળી એક સમયે અક્ષયતૃતિયા (અખાત્રીજ) ના દિવસે ઘનશ્યામ મહારાજનાં મામી ગૌરીબાઈએ પોતાને ઘેર પુરી, કચોરી, દહીંવડાં આદિક રસોઈના પાક બનાવીને પોતાના ભાણેજ ઘનશ્યામ મહારાજને બોલાવીને જમાડ્યા. અને ભાલમાં કુંકુંનો ચાંદલો કરીને ડગલી, ધોતી અને ટોપી પહેરાવીને પગે લાગીને પોતાને ઘેર મોકલ્યા. તે જોઈને સુવાસિનીબાઈ બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ ! હું તમારી ક્યારની રાહ જોઉં છું અને તમો ક્યાં જઈને જમી આવ્યા ? અને આ વસ્ત્ર તમોને કોણે આપ્યાં ? ત્યારે કંઈ બોલ્યા નહિ અને આંબલી નીચે ચોતરા ઉપર જઈને સૂઈ ગયા. ત્યારે સુવાસિનીબાઈ તો પોતાના મનમાં ઉદ્વેગ પામીને મૂંઝાઈ ગયાં અને ત્યાં જઈને પૂછ્યું જે, હે ઘનશ્યામ ! તમો અમારાથી કેમ રીસાણા છો ? એમ કહીને પડખામાં ગલી કરીને હસાવવા લાગ્યાં. એટલે સૂતા હતા તે તત્કાળ બેઠા થઈને કટાક્ષનેત્રે કરીને બોલ્યા જે, તમોને અમોએ બે ચાર દિવસથી કહી રાખ્યું હતું જે, અમારે રમવા સારૂં એક ભમરડો મંગાવી આપો. પરંતુ તે વાતને તો તમોએ વિસારી દીધી અને મોટાભાઈને કહું તો સામા અમોને મારવા આવે. એમ કહીને ઘણા દિલગીર થઈ ગયા. તે જોઈને સુવાસિનીબાઈ પણ દિલગીર થઈ, છાતીમાં ભીડીને મસ્તક ઉપર હાથ ફેરવીને બોલ્યાં જે, હે ભાઈ ઘનશ્યામ ! હું તો ભૂલી ગઈ, તો મારો અપરાધ ક્ષમા કરો અને કાલે જરૂર એક ભમરડો ખરીદીને મંગાવી આપીશ, આજે રાજી થાઓ, તેવું સાંભળીને પ્રસન્ન થઈને બોલ્યા જે, હે ભાભી ! આ વસ્ત્ર અમોને ગવરી મામીએ જમાડી, પૂજા કરીને પહેરાવ્યાં છે, એમ કહ્યું એટલે રાજી થઈ ઘરમાં ગયાં અને પોતે ભમરડાનો વિશ્વાસ લાવીને પોઢી ગયા. ત્યાર પછી પ્રાતઃકાળે વહેલા ઉઠીને બહિર્ભૂમિ જઈ આવીને,

હાથ પગ ધોઈને સુવાસિનીબાઈએ બાજોઠ ઢાળી આપ્યો, તેના ઉપર ઉગમણા મુખારવિંદે બેસીને દંતધાવન કરી રહ્યા બાદ સુસ્તી વાળંદ આવ્યો તેની પાસે ક્ષૌર કર્મ કરાવીને નારાયણ સરોવરમાં સ્નાન કરવા પધાર્યા. ત્યાં એક પ્રહર પસાર થયો છતાં આવ્યા નહિ. પછી જ્યારે ધર્મદેવ સ્નાન કરવા ગયા ત્યારે તેમની સાથે ઘેર આવ્યા અને પોતાનો નિત્યવિધિ પૂજાપાઠ કરીને જમવા બેઠા. જમ્યા બાદ ચળુ કરીને બહાર ઓસરીમાં આવ્યા, એટલે સુવાસિનીબાઈએ ભમરડો આપ્યો. તે લઈને વેણી; માધવ અને પ્રાગ સહિત ચાલ્યા અને ગામના ચોકમાં જઈને રમવા લાગ્યા, તે રમતાં કેટલોક સમય થઈ ગયો એટલે ગામ બમનીપેર્યનો રાજાનો દિવાન પોતાની સાથે કેટલાક સિપાઈ લઈને આવ્યો. તે મોતી તરવાડી કંઈક વાંકમાં આવ્યા હતા તે કારણથી એકદમ પકડીને બે હાથે બાંધી લીધા. ત્યારે મોતી તરવાડી તો દિલગીર થઈ ગયા. અને પોતાના ભાણેજના મુખ તરફ જોયું, તે સાથે જ બાંધેલા હાથ છુટી ગયા. અને કારભારી સહિત ફોજના મનુષ્યોને એવો ભય બતાવ્યો જે, હજારો યમદુત મહા ભયંકર કાળા શાહી જેવા ને જાણે હથિયારો સહિત મારવા આવ્યા હોય, તેમ જાણીને મહા ભય પામીને એકદમ ચારે બાજુ નાઠા તે છિન્નભિન્ન થઈ ગયા. આ મહા અદ્ભુત ચરિત્ર જોઈને પુરવાસી સર્વે જન મહા આશ્ચર્ય પામીને રાજી થયાં.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રામશરણજી ! વળી એક બીજું ચરિત્ર કહું તેને સાંભળો. એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના સર્વે સખાઓને સાથે લઈને રમતા રમતા ચાલ્યા તે ઈશાન ખૂણામાં ગામ નરેચાની સમીપમાં એક જાંબુડાંનું વૃક્ષ હતું. ત્યાં જાંબુ ફળ ખાવા માટે જતા હતા. ત્યાં જઈને કહેવા લાગ્યા જે, કેમ ભાઈઓ ! તમારે જાંબુ ખાવાં છે ? જો ખાવાં હોય તો આવો. એમ કહીને પોતાના બે હાથ લાંબા કરીને તે જાંબુડાની ડાળને હલાવીને ફળોને નીચે પાડતા હતા

અને બોલ્યા જે, જેને જેટલાં ખાવાં હોય તે તેટલાં સુખે ખાઓ અને બીજાં ફાંટ્યો ભરીને લઈ લો. એમ કહે છે તે સમયમાં જાંબુડાના રક્ષકને ખબર પડી, તે એકદમ દોડીને મારવા માટે હાથમાં લાકડી લઈને આવ્યો. તેને જોઈને ઘનશ્યામ મહારાજ તત્કાળ ડાળને મૂકી દઈને પોતાનો જમણો હાથ લાંબો વધારીને તેને પાછો ઠેલ્યો તેથી તેનો હાથ ખભામાંથી ઉતરી ગયો અને ચક્રી ખાઈને પૃથ્વી ઉપર પડી ગયો. તેજ સમયે ઘનશ્યામ મહારાજ સર્વે મિત્રોને લઈને છાનામાના પોતાના ગામમાં આવીને પોતે પોતાના ઘરમાં પેસી ગયા. ત્યારબાદ બે ઘડી પસાર થઈ એટલે શુદ્ધિ આવી, ત્યારે ઉભો થઈને પોતાનો હાથ ખોઈમાં નાખીને ધર્મદેવને ઘેર આવીને કહેવા લાગ્યો જે, મારો હાથ તમારા ઘનશ્યામે ભાંગી નાખ્યો અને મારાં જાંબુ સર્વે ખરાબ કર્યાં, એમ કહ્યું. ત્યારે ધર્મદેવ બોલ્યા જે, ભાઈ ! છોકરાં છે, તેથી કદાચ જાંબુ ખાધાં હોય તે તો ખરૂં. પણ તમારો હાથ ભાંગે તે મનાતું નથી. તેવું સાંભળીને રામપ્રતાપભાઈ બોલ્યા જે, હે રામચરણ કોટવાળ ! મોઢું ઠેકાણે છે કે નથી ? જુઓ તો ભાઈ ! આ ઘનશ્યામ નાના બાળ છે અને આ મોટો પાંત્રીસ વર્ષનો પંજાબી માણસ છે. તે ઘનશ્યામે હાથ ભાંગ્યો એમ બોલતાં લજ્જા પામતો નથી. ચાલ્યો જા. એમ કહીને પોતાના હાથની ચપટી બજાવી ઉતાવળા થઈને બોલ્યા જે, બીજો હાથ ભાંગવો છે કે કેમ ? તારો શો વિચાર છે ? તે વખતે ઘનશ્યામ મહારાજ સામે ઉભા હતા તે સાંભળીને ખડ-ખડ હસવા લાગ્યા. તે જોઈને મહારીસનો ભર્યો કંઈ ઉપાય ન ચાલતાં પાછો પોતાના ઘેર ગયો. અને સર્વે લોક કહેવા લાગ્યા જે, હે રામચરણ કોટવાળ ! હવે બોલીશ નહિ. નાના છોકરાએ હાથ ભાંગ્યો, એમ કહીશ તો તારી લાજ જશે. એમ લોકવાણી સાંભળીને પોતાના મનમાં પસ્તાવો કરતો છાનોમાનો પોતાના ઘેર બેસી રહ્યો. એવી રીતનું શ્રીઘનશ્યામ મહારાજનું મહા અદ્ભુત ચરિત્ર જોઈને સર્વે

આશ્ચર્ય પામતાં હતાં.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે મોતી તરવાડીને રાજાના બંધનથી છોડયા ને જાંબુફળ જમ્યા અને રખેવાળનો હાથ ભાંગ્યો. એ નામે ચાલીસમો અધ્યાય પૂરો થયો. ॥૪૦॥

## અધ્યાય ૪૧

## સુરવાલ ગામની દાવાનળથી રક્ષા આદિ ચરિત્રો.

હે રામશરણજી ! આ એક નવીન ચરિત્ર કહું તે સાંભળો. એક સમયને વિષે ઘણા દિવસ સુધી ધીરજ રાખીને વરસાદ વરસ્યો નહિ. ત્યારે ધર્મભક્તિ, રામપ્રતાપભાઇ, ઘનશ્યામ મહારાજ, વશરામ તરવાડી, મોતી તરવાડી, સુરજાબાઇ, વિરજા તરવાડી, લક્ષ્મીબાઇ એ આદિક સર્વે સંબંધીને સાથે લઇને તથા તે સિવાય પણ બીજા કેટલાક પુરના જન વણિક વિગેરે સર્વે જ્ઞાતિનાં જન પોતપોતાના કુટુંબે સહિત, મેઘ ઉજાણી કરવા માટે ગામથી બહાર મીનસાગરના કાંઠા ઉપર બગીચા ચુડહા નામનાં વનમાં ધર્મદેવ જતા હતા તથા ગામ સુરવાલમાંથી કાયસ્થ મથરામલ તથા મખનલાલ, તિલકરામ, ઠાકોરપ્રસાદ, કૃષ્ણદત્ત પાંડે વિગેરે સર્વે જ્ઞાતિના માણસો પોતપોતાના સગાવહાલાંને સાથે લઇને તેઓ પણ વનમાં મેઘ ઉજાણી કરવા આવ્યા. ત્યારે ધર્મદેવ તથા સુરવાલ ગામના કૃષ્ણદત્ત પાંડે વિગેરે ત્યાં એકઠા થઇને મહા હર્ષ વડે આદર સન્માન આપીને સર્વે ધર્મદેવની પાસે બેઠા. તે વખતે ધર્મદેવ તેઓની આગળ ઇતિહાસ જે ભારતાદિક તે અંગેની ભગવદીવાર્તા કરવા લાગ્યા. અને બીજાં બાઇઓ સર્વે રસોઇ કરવા લાગ્યાં. પછી જ્યારે રસોઇ થઇ, ત્યારે મેઘરાજાને સંભાળીને નૈવેદ્ય ધરાવીને જમવા બેઠા, તે જમ્યા બાદ ચળુ કરીને પાનબીડું જમતા સતા ધર્મદેવની સમીપે બેઠા. તે વખતે અકસ્માત સુરવાલ ગામમાં અગ્નિ ઉત્પન્ન થયો અને તેની ઉંચી જ્વાલાઓ નીકળી. તે પોતાનો ભાવ ભજવી, પોતાના લાલ

પીળા જાંબુ વર્ણવાળા જુદા જુદા રંગોને બતાવતો સુરવાલ ગામની ચારે બાજુ ફરી વળ્યો. તે જોઈને ગામના રહેવાસી કૃષ્ણદત્ત પાંડે વગેરે હાય હાય કરતા તત્કાળ ઉભા થઇ ગયા. અને પોતાના બે હાથ ઉંચા ઉપાડીને ત્રાસ પામતા બોલ્યા જે, હે ભગવન્ ! હે રામચંદ્રજી ! હે હનુમાનજી ! તમો સહાય કરજો. અમો સર્વે તમારાં બાળકો છીએ. એવા પોકારના શબ્દ સાંભળીને ધર્મદેવ ધીરજ આપીને બોલ્યા જે, હે પાંડેજી ! શાન્તિ રાખો. ભગવાન તમારી રક્ષા કરશે. એમ કહે છે તેટલામાં તો ઘનશ્યામ મહારાજ પોતાના પિતાનું વચન સત્ય કરવા માટે આકાશમાંથી પોતાની ઈચ્છાથી ચંદન પુષ્પોનો વરસાદ થયો તેથી અગ્નિ શાન્ત થઇ ગયો. તે અદ્ભુત ચરિત્ર જોઈને મખનલાલ વિગેરે સર્વે જન આશ્ચર્ય પામીને ધર્મદેવને કહેવા લાગ્યા, હે પાંડેજી ! આતો તમારા પ્રતાપથી અગ્નિ મંદ થયો જણાય છે. ત્યારે ધર્મદેવ બોલ્યા જે, મંદ પાડનારાનાં દર્શન તમોને અત્યારેજ થાય છે. એમ કહે છે, તેટલામાં તો ગામ સુરવાલ તરફથી આવતા અને પુષ્પના હારથી ગરકાવ થયેલા અને બન્ને હાથમાં પુષ્પની છડીઓ લઈને આવતા, ઘનશ્યામ મહારાજને જોઈને સર્વે દોડીને સામા જઈને પગે લાગીને બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ ! તમોએ અમારી રક્ષા કરી. માટે તમો તો સાક્ષાત્ પુરૂષોત્તમ ભગવાન છો. એમ કહીને સર્વે સાથે ધર્મદેવની પાસે આવ્યા. ત્યારે તે વખતે પણ ધર્મદેવની પાસે બેઠેલા જોઈને સર્વે વિસ્મય પામી ગયા અને પોતાના હાથથી પોતાની દાઢીઓ ઝાલીને કહેવા લાગ્યા જે હે, ભાઈઓ ! આ તે શું કંઈ માલૂમ પડતું નથી. પરંતુ આ હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામ બે સ્વરૂપે થઈને એક સ્વરૂપે તો અહિં કયારનાય બેઠેલા છે. અને બીજે સ્વરૂપે ત્યાં જઈને અગ્નિ ઓલાવી નાખ્યો એ વાર્તા સાચી છે. એમ કહે છે ત્યાં બન્ને સ્વરૂપો એક થઇ ગયાં. તે ચરિત્ર જોઈને આનંદ પામીને ઘનશ્યામ મહારાજને વિષે પ્રગટ ભગવાનપણાનો નિશ્ચય કરી, પગે

લાગીને પોતપોતાના ગામ પ્રત્યે ચાલ્યા. તેજ વખતે મેઘરાજા પ્રસન્ન થઈ વરસવા લાગ્યા. તેથી સર્વે આનંદ પામીને પોતપોતાના ઘેર ગયાં અને ધર્મદેવ આદિક સર્વે છપૈયાપુરવાસી જન તે પણ ઘેર આવીને વરસાદ આવવાથી અગ્નિ ઓલવ્યો. તેથી સર્વે હર્ષ પામતાં હતાં.

મહારાજ કહે છે, હે રામશરણજી ! આજે તો હું તમોને બળેવના દિવસની શ્રીઘનશ્યામ મહારાજની બાળલીલા કહું તે સાંભળો જે, મહા મંગલમય મૂર્તિ ઘનશ્યામ મહારાજ પોતાના પિતા ધર્મદેવ તથા મોટાભાઈ સહિત સવારમાં વહેલા ઉઠીને નારાયણસરોવરમાં સ્નાન કરવા ગયા અને ત્યાં જઈ શૌચવિધિ આદિક સર્વે ક્રિયા કરીને જળમાં સ્નાન કરવા લાગ્યા. અને સ્નાન કરીને બહાર નીકળ્યા. તે વખતે અનંત દેવો વસ્ત્ર ઘરેણાં લઈને આવતા હતા. તે આવીને ભગવાનને વંદન કરીને સર્વે અંગોને વિષે વસ્ત્ર ઘરેણાં પહેરાવીને પગે લાગ્યા અને બોલ્યા જે, હે મહારાજ ! અમારે આજે બળેવના દિવસે તમારી પૂજા કરવાની મનમાં ઈચ્છા છે. ત્યારે બોલ્યા જે, આવો બહુ સારૂં, પૂજા કરો. પછી બે હાથે રાખડીઓ બાંધીને કુંમકુંમના ચાંદલા કરીને પગે લાગીને ઉભા રહ્યા. તે સમયે પુરવાસી જન એક બીજાના કહેવાથી ત્યાં આવતાં હતાં. ત્યારે પોતાની બન્ને ભુજાઓ રાખડીઓથી ભરેલી જાણીને પોતે હજારો હજાર હાથ, મુખ અને ચરણવાળાં પોતાનાં દર્શન આપતા હતા. પછી તો જેટલા દેવો બાકી હતા તે સર્વે પ્રસન્ન થઈને રાખડીઓ બાંધીને ચાંદલા કરીને પગે લાગતા હતા. એવી રીતે અસંખ્ય દેવતાઓ નારાયણ સરોવરની ચારે બાજુ કાંઠા ઉપર દેવના દેવ ઘનશ્યામ મહારાજને વિનંતી કરતા સતા આકાશમાંથી ચંદન પુષ્પનો વરસાદ કરતા હતા. ત્યારે શ્રીહરિ બોલ્યા જે, હે પિતા ! આપણે સર્વે ઘેર જઈને આંગણાંમાં આંબલી નીચે ચોતરા ઉપર બેસીએ. તેવું સાંભળીને ધર્મદેવ પોતાના બે પુત્રો સાથે હજારો જનથી વિંટાણા સતા ઘેર આવીને આંબલી નીચે

ચોતરા ઉપર બિરાજ્યા. તે સમયે સુવાસિનીબાઈ વિગેરે બીજી બાઈઓ શ્રીઘનશ્યામ મહારાજનું આવું અલૌકિક સ્વરૂપ જોઈને વિસ્મય પામતી હતી. તે સમયે સર્વે દેવોમાં મુખ્ય ગણપતિદેવ પોતાની રિદ્ધિ, સિદ્ધિ બે પત્નીઓ તથા લાભ અને શુભ એ બન્ને પુત્ર સહિત પોતાનું વાહન જે ઉંદર તેના ઉપર બેસીને ત્યાં આવ્યા. ત્યારે તેમને છેટેથી આવતા જોઈને ઘનશ્યામ મહારાજ ઉભા થઈ બાથમાં ઘાલીને મળ્યા. પછી તેમણે પણ પૂજા કરી અને પગે લાગ્યા. તે સમયે આકાશમાં દુંદુભિના શબ્દ થવા લાગ્યા. તે સાંભળીને સર્વે દેવો પગે લાગીને રજા માગીને આકાશમાં અદશ્ય થઈ ગયા અને પોતે પ્રથમના જેવા દ્વીભુજ સ્વરૂપે દર્શન આપતા હતા. એવું મહા પ્રસાદીનું આ નારાયણ સરોવર તેમાં જે બ્રાહ્મણ આવીને બળેવના દિવસે જનોઈ પહેરીને રાખડીઓ બાંધશે, તેના ઉપર શ્રીઘનશ્યામ મહારાજ બહુ પ્રસન્ન થશે.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ચુડહા વનમાં મેઘ ઉજાણી કરવા ગયા ને સુરવાલ ગામની અગ્નિ થકી રક્ષા કરી. એ નામે એકતાલિસમો અધ્યાય પૂરો થયો. ।।૪૧।।

## અધ્યાય ૪૨

## હજારો વૈરાગીને જમાડીને ઐશ્વર્ય બતાવ્યું.

હે રામશરણજી ! એક સમયને વિષે નેપાલ દેશના પહાડી વૈરાગીની જમાત પોતાના દેશમાંથી યાત્રા કરવા નીકળીને દેશાન્તરમાં ફરતા ફરતા તે વૈરાગીઓ ગંડકી નદીમાંથી શાલીગ્રામ લઈને અયોધ્યાપુરી આવતાં વચ્ચે છપૈયાપુરમાં આવતા હતા. આવીને તેમણે ખાંપા તલાવડી ઉપર પોતાનો ઉતારો કર્યો. તે જમાતમાં હાથી, ઘોડા, મેના, ડંકો નિશાન, ઉંટ, અબ્દાગીરીઓ સહિત જંજાળ્યો, તોપો, તીર, ભાલા, તરવારો, છરા, કટારો, ગુપ્તિઓ, સાંગ્યું, લુંવાગ્યું, લાકડીઓ, ધોકા, ચિપીયા એ આદિક હજારો હથિયાર તથા ઠાકોરજી માટે દૂધ

પાવા ગાયો અને ઠાકોરજીનાં દશ સિંહાસનો તથા દેરા, તંબુ, રાવટીઓ. એવી રીતે ઘણા સામાન સાથે સો સો ના ટુકડે દશ જમાતો હતી. તે જુદા જુદા વિભાગમાં ઉતરી હતી. તેને જોવા માટે ઘનશ્યામ મહારાજ પોતાના સખા તથા ભાઈથી વિંટાણા થકા તલાવડી ઉપર જતા હતા. ત્યારે તે સમયે કેટલાક વૈરાગી મળીને ગામમાં ધર્મદેવનું નામ પૂછતા થકા આંગણામાં આવીને બોલ્યા જે, ધર્મદેવ કોનું નામ છે ? ત્યારે ધર્મદેવ બોલ્યા, મારૂં નામ છે. ત્યારે તે વૈરાગી બોલ્યા જે, અમો એક હજાર વૈરાગી છીએ માટે સર્વેને સીધાં અપાવો. એમ કહીને આંગણા વચ્ચે ધોકા અને ચિપીયા પછાડવા લાગ્યા. તે જોઈને ગામના ધણી મોતી તરવાડી તો ત્રાસ પામીને પોતાના અધવારાના ગામ ગાયઘાટ નાસી ગયા. ત્યારે ધર્મદેવ બોલ્યા જે, હે સંતો ! આતો નાનું ગામ છે. માટે મારા ઘરમાં તમો સર્વે જમો તેટલું સીધુ કયાંથી હોય ! પરંતુ તમો બેસો, મારાથી જેટલી તમારી સરભરા થશે. તેટલી કરીશ. ત્યારે બોલ્યા જે, તમારૂં નામ જાણીને અમો તો આવ્યા છીએ. માટે તમો બધાંય સીધાં આપો. અમો તો તમને ઓળખીએ છીએ. તેવું સાંભળીને અંતરમાં ચિંતા કરવા લાગ્યા જે. હવે શું કરવું. મોતી તરવાડી તો નાસી ગયા. નહિ તો ગામના મહાજનને કહીને સીધું ઉઘરાવી આપત અને ઘનશ્યામ તો ભાઈ સહિત જોવા માટે ગયા છે. એવી રીતે ચિંતા કરતા સતા ઓસરીની જેર ઉપર બેઠા. ત્યારે ઘનશ્યામ મહારાજ પોતાના પિતાને અંતર્યામીપણે ઉદાસ થયેલા જાણીને તત્કાળ મોટાભાઈ સહિત ઘેર આવ્યા અને બોલ્યા જે, દાદા ! તમો શા માટે આટલી બધી ચિંતા કરો છો ? અને તમારે બીજાનું શું કામ છે ? આપણા ઘરમાંથી બધાંય સીધાં આપો. જુઓને ! ઘરમાં જે જોઈએ તે નીકળશે. તેવું સાંભળીને પોતાના મનમાં હિંમત આવી અને સુવાસિનીબાઈએ સાકર, ઘી, આટો, ચોખા, દાળ વગેરે જે જે સમાન સીધામાં જોઈએ તે સર્વેને લાવીને

ધર્મદેવની સમીપે મૂક્યો. ત્યારે તે સર્વે વૈરાગીઓને જેટલું જોઈએ તેટલું સીધું તેમના કહેવા મુજબ આપતા હતા. તો પણ સીધું ખુટ્યું નહિ અને જેટલું સુવાસિનીબાઈએ લાવીને મૂક્યું હતું, તેટલું તો એમને એમ પાછું ઘરમાં લઈ ગયાં. ત્યારબાદ વૈરાગીઓ સીધુ લઈને રાજી થઈ, પોતાના ઉતારા ઉપર જઈને રસોઈ કરીને ઠાકોરજીને ધરાવીને જમ્યા. પછી સાંજના સમયે ધર્મદેવ પોતાના બે પુત્રોને સાથે લઈને બીજાં કેટલાંક માણસોથી વિંટાંણા સતા તે જમાતની તપાસ કરવા ગયા એટલે સર્વે વૈરાગી રાજી થયા અને બોલ્યા જે, હે ધર્મદેવ ! તમારા ઘરના જેવું સીધુ અમોને કોઈ સ્થળે મળ્યું નથી. માટે તમારા પુત્ર કોઈક ઈશ્વર છે. આટલા અમો હજારો વૈરાગી છીએ. અમોને સીધાં આપવાની હિંમત તમોને આપી અને ઘરમાંથી પણ થોડાંક સીધાંનો સમાન લાવીને તમારી સમીપે મૂક્યો. તેમાંથી અમોને મન ગમતાં સીધાં આપ્યાં, તો પણ વાસણમાં એમને એમ સીધું રહ્યું. તે જોઈને અમો તો આશ્ચર્ય પામી ગયા. માટે આ તમારા પુત્ર જરૂર કોઈ ઈશ્વરનો અવતાર છે. એમ કહીને તેમનું સન્માન કરીને આસન આપીને બેસાર્યા. ત્યારબાદ ત્યાંથી ઉઠીને જમાતમાં જોતા જોતા આગળ બીજા વૈરાગીઓની ટુકડીમાં ગયા. ત્યારે તે વિભાગમાંથી એક વૈરાગી ધર્મદેવને ઉચ્ચ સ્વરે સામું બોલ્યો હતો. તે વૈરાગી એક વ્યાઘ્રચર્મ ઉપર બેસીને પોતાની તરવારે મરચાં પડ્યાં હતાં તેને ઘસીને કાપતો હતો. ત્યારે તે વ્યાઘ્રચર્મ જોઈને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દાદા ! આ વ્યાઘ્રચર્મ આપણા ઘેર લઈ લ્યો. તેવું સાંભળીને વૈરાગી બોલ્યો જે, યે લડકા ક્યા બોલતા હૈ ? ત્યારે ધર્મદેવે કહ્યું જે, યે કહતા હૈ કી, તુમને જો જમીન પર બિછાયા હુઆ વ્યાઘ્રચર્મ હૈ, વો ચાહિએ ! ત્યારે તે બોલ્યો જે, યે ચર્મકા તો તીનસો રૂપિયા લગેગા. તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજે જાણ્યું જે, આ તો અભિમાની છે. ત્યાગી થઈને આટલું અભિમાન રાખે તે ઠીક નહિ.

એમ કહેતાં તત્કાળ પોતાની ઈચ્છાથી વ્યાઘ્રચર્મનો મોટો શીલંકો વાઘ થઈ ગયો. તેને જોઈને વૈરાગી તો એકદમ ત્રાસ પામીને ઉભો થઈ ગયો અને બોલ્યો જે, ઓય બાપરે, આ વાઘે મને માર્યો. તે જોઈને બીજા સર્વે વૈરાગી પોતપોતાનાં આસન પડતાં મૂકીને તત્કાળ ચારે તરફ નાસીને છિન્નભિન્ન થઈ ગયા. ત્યારે ઘનશ્યામ મહારાજે સર્વેને પાછા બોલાવીને ધીરજ આપીને કહ્યું જે, આવો. તમોને કોઈને આ વાઘ મારશે નહિ. એતો અભિમાની માટે છે. તેવું સાંભળીને અભિમાન કરનારો વૈરાગી છેટો ઉભો રહીને નમસ્કાર કરીને બોલ્યો જે, હે મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરીને તે વાઘને દૂર કરો. ત્યારે દયાળુ ભગવાને વાઘને રજા આપી. તેથી તત્કાળ મોટી ફાળ ભરતો સતો બગીહા વનમાં નાસી ગયો. તે જોઈને સર્વે વૈરાગી તથા પેલો અભિમાની વૈરાગી પણ પોતાના માનનો ત્યાગ કરીને ઘનશ્યામ મહારાજના ચરણારવિંદમાં પોતાનું મસ્તક મૂકીને અતિ નિર્માની થઈને સ્તુતિ કરવા લાગ્યો. તે જોઈને બીજા સર્વે વૈરાગી એમ બોલ્યા જે, અહો ! હે ધર્મદેવ ! આ તમારા પુત્ર તો સાક્ષાત અમારા ઈષ્ટદેવ શ્રીરામચંદ્રજી છે. આવી રીતનું મહા અલૌકિક ઐશ્વર્ય જોઈને આશ્ચર્ય પામતા હતા. ત્યારબાદ ધર્મદેવે સત્કારેલા વૈરાગી પોતાની જમાત લઈને ત્યાંથી ચાલ્યા તે અયોધ્યાપુરીમાં ગયા અને ધર્મદેવ પણ પોતાના બે પુત્રોને સાથે લઈને પોતાના ઘરે આવીને સર્વે પુરવાસી જનોને તે વાર્તા કહેતા હતા.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજની જન્મ તિથિનો દિવસ આવ્યો જાણીને, વશરામ તરવાડી આદિક કેટલાક છપૈયાપુર-વાસી જનો ભેગા થઈને, ધર્મદેવના ઘરે આવીને આંગણામાં આંબલીના વૃક્ષ હેઠે ચોતરા ઉપર જાજમ પાથરીને તેના ઉપર બેસીને ખડતાલ સહિત ઢોલક બજાવીને ભગવાનનાં કીર્તન ગાવા લાગ્યા. ત્યારે ધર્મદેવ તથા રામપ્રતાપભાઈ તે ઉત્સવમાં બેઠા હતા. આવી રીતે ઉત્સવ કરતાં

કેટલીક વાર થઈ એટલે તે સમયે ઘનશ્યામ પોતાના ઘરની ઓસરીમાં પલંગમાં સુતેલા હતા, તે ઢોલકનો શબ્દ સાંભળીને તત્કાળ પલંગમાંથી જાગીને બેઠા થયા અને જાણ્યું જે, આ તો અમારો જન્મતિથિનો દિવસ છે, તેથી સર્વે ઉત્સવ કરે છે. માટે મારે જરૂર તેમને પ્રસાદ આપવો, એમ જાણીને પોતાની ઈચ્છાથી તરત અષ્ટ સિદ્ધિઓ મોટો એક પતાસાંનો થાળ ભરીને આવી. તે સિદ્ધિઓ થાળ મૂકી પગે લાગીને ઉભી રહી, એટલે પતાસાંનો થાળ પોતે લઈને ઉત્સવ કરતા હતા, ત્યાં જઈને મોટાભાઈની સમીપે બેઠા અને કહ્યું જે ભાઈ ! હવે ચાર પ્રહર રાત્રિ વીતી ગઈ છે. માટે ઉત્સવીયાઓને આ પતાસાં આપો, તે લઈને પોતે પોતાને ઘેર જાય. એમ કહીને પોતે જ આપતા હતા. પછી મહા આનંદ પામતા ઘનશ્યામને પગે લાગીને પોતપોતાના ઘેર ગયા અને પોતે રામપ્રતાપભાઈ સહિત શયન કરતા હતા. પછી સવારમાં ભક્તિમાતા પોતાનાં બહેન વસંતાબાઈના પુત્ર માણેકધર તથા ઈચ્છારામજીને જમવા ટાઢો ભાત આપીને ગાય દોવા ગયાં. તે દોહીને દૂધનું ભરેલું દૂધાતણું હાથમાં લઈને ઘરમાં આવીને બે ભાઈને થોડું દૂધ આપતાં હતાં, ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દીદી ! એ સુરભી ગાય ગોલોકમાંથી અમારે દૂધ પાવા સારૂં આવી છે. માટે અમોને પણ તે દૂધ આપો, ભૂખ લાગી છે. તેવું સાંભળીને ભક્તિમાતાએ તે દૂધમાં સાકર નાખીને આપ્યું, તેનુંપાન કરી ગયા. તે ચરિત્ર જોઈને ધર્મભક્તિ બહુ રાજી થતાં હતાં.

વળી હે ભાઈ ! કોઈક સમયનું ચરિત્ર કહું તે સાંભળો. ધર્મદેવના ઘેર એક ભોઈ ચાકર રાખ્યો હતો, તેની સ્ત્રી જન્મસ્થાનકના કૂવા ઉપર વાસણ સ્વચ્છ કરી, ઘરમાં મૂકીને જાણે જે, હવે રાત્રિમાં પૂર્ણિમાનું ગ્રહણ છે. માટે ભક્તિમાતાએ મને ઓરડાઓસરીમાં લિંપવાનું કહ્યું છે તે હું લીપું. એમ જાણીને લીંપવા લાગી. તે લીપતાં થકાં જ્યાં ઘનશ્યામ

મહારાજ પારણામાં સૂતેલા છે ત્યાં આવી. ત્યારે તે પારણાને ઉપાડીને બહારથી ઓસરીમાં મૂકવા જાય છે, તેટલામાં તો તે પારણું સોનાના બોરે સહિત હીરા, મોતી, માણેક, ઝવેરાત ને ઘુઘરીએ યુક્ત મહા શોભાયમાન, સુવર્ણમય જોઈને તત્કાળ મૂકી દઈને બોલવા લાગી જે, હે ભક્તિમાતા ! તમો આ ઘનશ્યામભાઈના પારણાની શોભા તો જુઓ. તેવું સાંભળીને ભક્તિમાતા લક્ષ્મીબાઈના ઘેર બેઠાં હતાં. તે તુરત ત્યાંથી પારણા પાસે આવ્યાં, ત્યારે પારણાની શોભા જોઈને સ્થિર થઈ ગયાં. એવું થોડીકવાર પોતાની માતાને ઐશ્વર્ય બતાવીને માયા રૂપી આડો પડદો કર્યો, ત્યારે દેખાતી વાત બંધ થઈ ગઈ.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ધર્મદેવની પાસે વૈરાગીની જમાતને સીધાં અપાવીને ઐશ્વર્ય દેખાડ્યું. એ નામે બેતાલીસમો અધ્યાય પૂરો થયો. ॥૪૨॥

## અધ્યાય ૪૩ - યજ્ઞોપવિત લીલા.

હે રામશરણજી ! હવે હું તમોને ઘનશ્યામ મહારાજને વિધિએ સહિત જનોઈ આપી તે વાત કહું છું. તે સાંભળીને રામશરણજી આદીક સર્વે સભામાં બેઠેલા સંત હરિભક્તો, ઘનશ્યામ મહારાજનું ચરિત્ર સાંભળવા તત્પર થયા.

એક સમયને વિષે ધર્મભક્તિ, રામપ્રતાપજી, ઈચ્છારામભાઈ, મોતી તરવાડી, વશરામ તરવાડી વિગેરે સર્વે સંબંધીઓને ભેગાં કરીને ધર્મદેવ બોલ્યા જે, હવે તો ઘનશ્યામ મહારાજને યજ્ઞોપવિત આપ્યું તેનો વિધિ અયોધ્યાપુરીમાં જઈને કરવો છે કે કેમ ? તમારી સર્વેની શી મરજી છે ? તેવું સાંભળીને સર્વે હર્ષ પામ્યા સતા બોલ્યા જે, હે દાદા, બહુ સારૂં, તમો આગળથી જાઓ અને શુભ મુહૂર્ત જોઈને તૈયારી કરો. એવી રીતે ધર્મદેવ સર્વને વાત પૂછીને સારો દિવસ જોઈને છપૈયાપુરથી પોતાના ત્રણ પુત્રો, ભક્તિમાતા, સુવાસિનીબાઈ એટલાં અયોધ્યાપુરીને

વિષે જઈને પોતાનું નિવાસસ્થાન બરહટ્ટા શાખાનગરમાં રહ્યા. ત્યાં ઉપાધ્યાય હરિકૃષ્ણ નામના બ્રાહ્મણ સારા વિદ્વાન જ્યોતિષ કર્મમાં મહા પ્રવિણ હતા, તે પોતાના મુકામની સમીપે ઉત્તરાદિ તરફ રહેતા હતા, તેમને બોલાવીને પોતાના ગોર બનાવીને મુહૂર્તનો નિર્ણય કરીને, સર્વ સામગ્રી શહેરમાંથી મંગાવીને પોતાને ઘેર એકઠી કરતા હતા. ત્યારબાદ પોતાના સંબંધીઓને કંકોત્રીઓ લખીને ગામો ગામ મોકલીને પોતાના ઘર વચ્ચે લીમડાના વૃક્ષ નીચે મહા મનોહર મંડપ કરાવીને તેમાં નાના પ્રકારના રંગથી ચિત્રવિચિત્ર કરેલાં પુતળાના તક્તા લાઈનસર ગોઠવતા હતા. અને મધ્ય ભાગમાં અતિશય રમણીય લીલા, પીળા, રાતા કાચમાં એવું કાચનું વૃક્ષ લટકાવતા હતા. અને તેની ચારે બાજુએ ફરતી કાચની હાંડીઓ મંડપમાં તથા ઘરમાં તથા બહાર સર્વે જગ્યાએ ભરાવતા હતા અને મહા ઝાકમઝોળ કરીને વચલા ભાગમાં અગ્નિદેવ માટે કુંડ કરાવીને, ચારે તરફ રંગોળીથી નાના પ્રકારના રંગ ભરાવતા સતા અને સર્વે દીવાલોમાં ચિત્રવિચિત્ર પક્ષીઓના સમૂહ તથા ગાયોના સમૂહ અને મૃગોનાં ટોળાં આદિક સર્વે જાનવરોમાં રંગ ભરીને જાણે સાચાં હોય ને શું ! તેવાં કરાવતા હતા. અને પોતાના આગળના બારણે તથા અંદરના બારણે તથા મંડપની ચારે તરફ આસોપાલવનાં પત્રનાં મનોહર તોરણો કરાવતા હતા. તેને બંધાવીને માંગલિક દ્રવ્યે યુક્ત સર્વે સામાન ભેળો કરીને ઘનશ્યામ મહારાજને જનોઈના વિધિનો આરંભ કરાવતા હતા. તે સમયે દેશાન્તરથી પોતાનાં સગાં વહાલાંને કંકોત્રીઓ લખેલી, તેઓ સર્વે મહા ઉમંગથી આવ્યાં. તે સર્વેનું સન્માન કરી જમાડીને ધર્મદેવ પીતાંબર પહેરીને તથા ભક્તિમાતા મનોહર સાડી પહેરીને ગોરના કહેવા પ્રમાણે પોતાના ઘરની અંદર પ્રથમથી ગણપતિની સ્થાપના કરતાં હતાં.

ત્યાર પછી ઘનશ્યામ મહારાજને ધર્મભક્તિએ સહિત પ્રથમ

દેહ પ્રાયશ્ચિત સંકલ્પ કરતાં હતાં અને પછી હજામ રામણી પાસે મુંડન કરાવતાં હતાં. પછી સ્નાન કરાવીને કુંડમાં અગ્નિદેવને સ્થાપીને હરિકૃષ્ણ ગોર જવ, તલ, ઘી, તથા ખાખરો, પીપળો આદિક સાત પ્રકારના કાષ્ટ વડે અગ્નિ પ્રજ્વલિત કરીને તેમાં જવ,તલ, ઘીની આહુતિઓ આપતા થકા ડાબા ખભા ઉપર યજ્ઞોપવિત ધરાવતા હતા. તે સમયે મહા હર્ષ વડે દેવતાઓ વિમાનમાં બેસીને આકાશમાંથી આવીને ચંદન પુષ્પના વરસાદ કરતા સતા દુંદુભિ વગાડતા હતા. ત્યાર પછી મામા વશરામ તરવાડીને ધર્મદેવ સહિત ગોરે આપેલા મંત્રને ગ્રહણ કરતા હતા. ત્યારે પલાશનો દંડ, મુંજની મેખલા, કૌપિન આદિક બ્રહ્મચારીનો વેષ પહેરાવ્યો. તદન્નતર ગુરુની આજ્ઞાથી કાશી ભણવા જવા પોતાના ઘેરથી બટુનો વેષ કરીને બડવો લઈને પોતે સર્વેને દેખતાં દડદડ દોડીને નાસી જતા હતા. ત્યારે પોતાના મનમાં એમ થયું જે, મેં જે માટે અવતાર ધારણ કર્યો છે તે કામ મારે હવે જરૂર કરવું જોઈએ. એવો ગૂઢ સંકલ્પ કરીને ઉત્તર દિશામાં ચાલી નીકળ્યા. ત્યારે તેમને પકડવા માટે વસરામ મામા દોડીને ભાણેજની પાછળ જતા હતા, પરંતુ હાથમાં આવ્યા નહિ. તથા મામા અતિશય દોડીદોડીને થાકી ગયા અને એક જગ્યાએ બેસીને નિરાશ થઈ ગયા અને જાણ્યું કે હવે ઘનશ્યામ ભાણેજ હાથમાં આવશે નહિ. પરંતુ અન્તર્યામીપણે ઘનશ્યામ મહારાજ આ વાતને જાણીને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા, હું હમણાં જઈશ તો મારાં વૃદ્ધ માતાપિતાને દુઃખ થશે. માટે અત્યારે પાછો વળું અને માતાપિતાને સદ્‌ગતિ આપીને પછી જરૂર હું વનમાં જઈશ. એવો વિચાર કરી પોતે પાછા વળીને પોતાના મામા વસરામ તરવાડી પાસે આવ્યા, ત્યારે વશરામ મામા પોતાની કેડયે બેસાડીને ઘનશ્યામને ઘેર લાવતા હતા. પછી મામાએ વસ્ત્ર ધારણ કરાવીને પાંચ રૂપિયા હાથમાં આપ્યા તે લઈને પોતાના ગોર હરિકૃષ્ણ બ્રાહ્મણ ગુરુના ચરણમાં મૂક્યા.

ત્યારે ગુરુએ આજ્ઞા કરી જે, હે બ્રહ્મચારી ! હવે તમો જમવા બેસો અને રૂપિયા લઈને તમારા પિતાને આપો. તે રૂપિયા લઈને પોતાના પિતાને આપ્યા અને ભોજન કરવા બિરાજ્યા. એવી રીતે જનોઈનો વિધિ પૂરો થયો. ત્યારે ગુરૂને દક્ષિણા આપીને રસોઈ કરાવી જમાડીને ધર્મદેવ તેમને ઘેર જવાની આજ્ઞા કરતા હતા. પછી ઘણાક બ્રાહ્મણોને તથા અયોધ્યાપુરીના વૈરાગીઓને કિંમતી વસ્ત્ર આપતા હતા. વળી સાંજે વિદ્વાન બ્રાહ્મણોની સભા કરીને શાસ્ત્રાર્થથી પ્રસન્ન કરતા સતા વિદ્વાન બ્રાહ્મણોની પૂજા કરીને ઘણી દક્ષિણાઓ આપીને પોતાનો દિગ્વિજય કરતા હતા.

વળી એક વખતે લોહગંજરીમાં સંધ્યાગીરી બાવાને લખનૌના નવાબ સાથે લડાઈ કરવાની ઈચ્છાથી અયોધ્યાપુરીમાં હનુમાનગઢીના મહંત પાસેથી પચીસ હજાર રૂપિયા લાવેલા હતા. તેને કેટલોક સમય થયો તેથી કેટલાક વૈરાગીઓ, કેટલાક બીજા વૈરાગીઓને લઈને રૂપિયા લેવા માટે લોહગંજરી આવતાં વચ્ચે છપૈયાપુરના સીમાડામાં આવ્યા. ત્યારે સર્વે વૈરાગીઓના મનમાં સંકલ્પ બંધ થઈ ગયા અને સર્વેના અન્તઃકરણમાં અતિશય શાન્તિ થઈ ગઈ. ત્યારે તેમણે જાણ્યું જે, આ ગામની સીમમાં પૂર્વે રામચંદ્રજી ભગવાન આવ્યા હશે અથવા કોઈ મોટા ઋષિએ આ ચુડહા વનમાં તપ કરેલું હોવું જોઈએ. તે વિના મનમાં સંકલ્પ બંધ થાય નહિ. એવી રીતે અંદરોઅંદર વાતો કરતા તે વૈરાગીઓ નારાયણ સરોવરના કિનારા ઉપર આવતા હતા અને ત્યાં કિનારે કપડાં ઉતારીને જળમાં સ્નાન કરવા તળાવમાં ઉતર્યા, તે સમયે વશરામ તરવાડી ત્યાં આવ્યા. ત્યારે તેમણે વૃત્તાંતની વાર્તા કહી. તેને સાંભળીને વશરામ તરવાડી બોલ્યા જે, હે સંતો ! પૂર્વે વાતની અમોને ખબર નથી પરંતુ હાલમાં અમારા ભાણેજ નાના બાળ ઘનશ્યામ મહારાજ છે અને તેમનાં ઐશ્વર્ય અનંત પ્રકારનાં જોવા સાંભળવામાં આવે છે. તેથી અમો

તો તેમને ભગવાન માનીએ છીએ, એમ વાર્તા કરીને ઘેર ગયા. ત્યારે વૈરાગીઓ તત્કાળ સ્નાન કરીને ધર્મદેવનું ઘર પૂછીને આંગણામાં આવ્યા. ત્યાં બાળને ઢોલિયામાં જોવા લાગ્યા. એટલે અન્તર્યામીપણે જાણીને તેમને પોતાનો નિશ્ચય કરાવવા સારૂં તેમનાં ચિત્ત પોતાને વિષે ખેંચી લીધાં અને વૈકુંઠ લોકમાં લક્ષ્મીજી તથા નંદસુનંદ આદિ પાર્ષદોથી વિંટાયેલા સતા મહા અલૌકિક ચતુર્ભુજ સ્વરૂપે પોતાનું દર્શન આપતા હતા. એવું ઘડીએક પોતાનું દર્શન દઈને ઐશ્વર્ય પાછું છુપાવી લીધું. એટલે તે હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા જે, હે મહારાજ ! તમો તો અમારા ઈષ્ટદેવ રામચંદ્રજી છો. તે આપ કૃપા કરી અહીં છપૈયાપુરમાં ધર્મદેવના ઘરે પુત્રભાવને પામ્યા છો. એવી રીતે ઘણીક પ્રાર્થના કરીને પરમેશ્વરપણાનો નિશ્ચય કરતા હતા. પછી ધર્મદેવે તેમનું ઘણું સન્માન કર્યું અને બે દિવસ રોકીને જમાડ્યા. ત્યારબાદ તેમણે ચાલવાની તૈયારી કરી ત્યારે ધર્મદેવે તેમને વાર્તા કરી જે માયિક પદાર્થ સર્વે ખોટાં અને નાશવંત છે અને જીવ તો અજર અમર અવિનાશી છે. તે પ્રગટ ભગવાનનો આશ્રય કરી ભજન સ્મરણ કરે તો ભગવાનના ધામને પામે અને સુખીઓ થાય અને જન્મમરણના ફેરા ટળી જાય અને ફરીથી માતાના ઉદરમાં અવતરવું પડે નહિ અને યમપુરીનાં દુઃખ મટી જાય. એવી રીતે ઘણીક વાર્તા કરી, ત્યારે તે સાંભળી આનંદ પામતા થકા પગે લાગીને ગામ લોહગંજરી ગયા.

વળી એક દિવસે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓથી વિંટાણા થકા ઘરના આંગણે કૂવાની સમીપે રમતા હતા. તે સમયે એક પટગરનો છોકરો શિવદીન નામનો ચિત્તભ્રમ થયેલો ફરતો ફરતો ત્યાં આવ્યો. તેને જોઈને ઘનશ્યામ મહારાજ આદિક સર્વે સખાઓ રમવાનું પડતું મૂકીને ચારે બાજુ તેને વિંટીવળીને હસવા લાગ્યા. ત્યારે તે છોકરાની માતા કૂવા ઉપર પાણી ભરવા આવી હતી, તે દેખીને એકદમ

રીસ કરીને ઉપડતા સાદે બોલવા લાગી જે, મારા દિકરાને કોઈ કનડશો નહિ. અહીંથી તમો નાસી જાઓ, નહિ તો માર ખાશો. તેવું સાંભળી ઘનશ્યામ મહારાજે તત્કાળ તે છોકરાને સારૂં કર્યું અને પોતાનું અલૌકિક તેજોમય ચતુર્ભુજ દર્શન છોકરાને કરાવ્યું. ત્યારે તે છોકરો હજારો માણસોના સાંભળતાં બોલ્યો જે, અહો ! આ ઘનશ્યામભાઈ તો સાક્ષાત્ રામચંદ્રજી છે. માટે આવો; સર્વે તેમનાં દર્શન કરો. ત્યારે તેની માતા બોલી જે, શિવદીન ! તું શું બકે છે ? ત્યારે વળી ફરીથી બોલ્યો જે, મા! હું બકતો નથી. આ ઘનશ્યામભાઈને તમો જુઓ તો ખરાં ! કેવા અલૌકિક રૂપે બન્યા છે. આ તો પોતે સાક્ષાત્ રામચંદ્ર છે. એમ કહીને તત્કાળ ત્યાંથી દોડીને ઘનશ્યામ મહારાજના ચરણારવિંદમાં પોતાનું મસ્તક નમાવીને પગે લાગતો હતો અને બે હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યો. ત્યારે તેના મસ્તક ઉપર ઘનશ્યામે બે હાથ મૂકીને સર્વેના સાંભળતાં બોલતા હતા જે, હે ડોસી ! આ તમારો દીકરો તો પૂર્વેનો યોગી છે અને હવે અમારાં દર્શન કરીને અક્ષરધામના સુખને પામશે, અને આજ દિવસથી તેનું ચિત્ત ફરી ગયું તે મટી ગયું. એમ કહીને જેવી રીતે છોકરાને મહા અદ્ભુત દર્શન આપ્યું હતું, તેવી રીતે બાઈને પણ પોતાનું અલૌકિક દર્શન આપ્યું અને રામચંદ્રજી ભગવાનપણાનો નિશ્ચય કરાવતા હતા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે અયોધ્યાપુરીમાં ઘનશ્યામ મહારાજને યજ્ઞોપવિતનો વિધિ કર્યો. એ નામે તેતાલીસમો અધ્યાય પૂરો થયો. ॥૪૩॥

## અધ્યાય ૪૪

## સરયુ લીલા તથા મોહનદાસને પ્રતાપ દેખાડ્યો.

હે રામશરણજી ! ઘનશ્યામ મહારાજનો જનોઈનો વિધિ પૂરો થયો ત્યારે, તે પ્રસંગે આવેલાં સગાં સંબંધિઓ પોતપોતાને ઘરે ગયાં. તે રાત્રિમાં ગરમી બહુ થવાથી ધર્મદેવ પોતે પોતાના ત્રણે પુત્ર સહિત

આંગણામાં કદમના વૃક્ષ નીચે ઓટા ઉપર સૂતા હતા. તે જ્યારે પ્રહર રાત્રિ થઈ, ત્યારે ગામનો કોટવાળ ચોકી કરતો હતો તે ત્યાં આવ્યો. એટલે ઓસરીની ઝેર ઉપર એક તાંબાનો ઘડો રહી ગયો હતો તેને ચોકીવાળો તત્કાળ લઈને નાઠો. તે સમયે ભાઈ સહિત ધર્મદેવ ભરનિદ્રામાં હતા અને ઘનશ્યામ મહારાજ તે વાત અંતર્યામીપણે જાણતા સતા તત્કાળ પોતાનો હાથ લાંબો વધારીને કોટવાળના વાંસે કર્યો. તે જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં પાછળ તે હાથ દેખાતો હતો. કોટવાળ આખા શહેરમાં ફર્યો તો પણ તે હાથ એમને એમ જોઈને ત્રાસ પામી ગયો અને છેવટે કોઈ ઉપાય ન ચાલતાં ભય પામીને હનુમાનજીના શરણે જાઉં તો પાછળ થયેલો હાથ નિવૃત્તિ પામે. એમ જાણીને ઘડાને હનુમાનગઢીના પગથિયામાં મૂકી દીધો એટલે તે હાથ દેખાયો નહીં. ત્યારબાદ સવારમાં વહેલો હનુમાનગઢીનો એક વૈરાગી જાગીને દરવાજાનાં કમાડ ઉઘાડી હેઠે ઉતરવા જાય છે ત્યારે તે ઘડાને ઉપાડી લીધો અને દીવે જઈને નામ વંચાવ્યું ત્યારે તો ધર્મદેવનું હરિપ્રસાદ પાંડે એવું નામ હતું. પછી એક માણસને ધર્મદેવના ઘેર મોકલી તેમને અહીં બોલાવીને કહ્યું જે, આ તમારો ઘડો અહીં કયાંથી ? ત્યારે સાથે આવેલા શ્રીઘનશ્યામ મહારાજે તે વૃત્તાંતની વાર્તા કહી. તે સાંભળીને તે વૈરાગીઓ કોટવાળને બોલાવીને તે વાતનો નિશ્ચય કરતા હતા.

વળી એક સમયે પોતાના સખા કેસરીસિંહ, માનસિંહ દિલ્લીસિંહ અને ગંગાવિષ્ણુ એ આદિક બીજા કેટલાક સખાઓને સાથે લઈને ઘનશ્યામ મહારાજ પોતે રમતા સતા સરયુ ગંગાના રામઘાટે જતા હતા. ત્યારે ત્યાં જઈને સરયુ નદીમાં પાણી ઘણું આવ્યું હતું તેના કિનારા ઉપર જઈને ઉભા રહીને જોતા હતા તે સમયે મહાકઠોર બુદ્ધિવાળો ભવાનીદત્ત નામનો એક પૂર્વનો અસુર ભગવાનને મારવાના ઈરાદાથી તત્કાળ ત્યાં આવ્યો. તે સમયે ઘનશ્યામ મહારાજ કેસરીસિંહ

તથા માનસિંહ વચ્ચે ઉભા રહ્યા અને બે સખાના ખભા ઉપર એક એક હાથ મૂકીને પુર જોતા હતા. તે સમયે પાછળથી આવીને કોઇ ન જાણે તેમ તે અસુર ઘનશ્યામ મહારાજને બન્ને સખાઓ સાથે ધક્કો મારતો હતો. તેથી ત્રણે જણને પાણીમાં પાડી નાખ્યા. ત્યારે કેસરીસીંગ અને માનસંગ તો ડુબવા લાગ્યા. તેમને પોતાના બે ખભા ઉપર બેસારીને પોતે ઘનશ્યામ મહારાજ તો પ્રવાહમાં તરતા તરતા એમ ને એમ ચાલ્યા, તે ચાર ગાઉ બીલ્વા બજારે જઈને નીકળ્યા. ત્યાં પુર જોવા આવેલાં હજારો માણસ તે પાણીના પુરમાં આવેલા ત્રણે જણને જોઈને મહા વિસ્મય પામી ગયાં અને પૂછવા લાગ્યાં જે, હે ભાઇ ! તમો કોના પુત્ર છો ? આવા જબરા પુરમાં મઘર આદિક કોઇ જનાવર તમોને પકડીને ખાઈ જાત. નહીં તો આવા પાણીમાં ડૂબી મરત. આ તો ભગવાને તમારી રક્ષા કરી. ત્યારે તે વાત શ્રીઘનશ્યામ મહારાજે વિસ્તારપૂર્વક સર્વે જનોને કહી. તે સાંભળીને મહા આશ્ચર્ય પામતા તેઓ બોલ્યા જે, અહો ! આતો સાક્ષાત્ કોઇ ઈશ્વરનો અવતાર છે. આવા મહાપુરમાં ચાર ગાઉથી આવ્યા એમ કહીને સર્વે પગે લાગતા હતા. ત્યારબાદ ઘનશ્યામ મહારાજ પોતાના બન્ને સખાઓને કહેવા લાગ્યા જે, હે ભાઈઓ ! આપણા સખા જે શ્યામલાલ વગેરે ત્યાં ઉભા છે તે ત્રાસ પામતા સતા ઘેર જઈને આપણાં માતાપિતાને તે વાત કહેશે. તે સાંભળીને બહુ દુઃખી થઈ રુદન કરવા માંડશે. માટે હે મિત્રજનો ! આપણે હવે અહીંથી ઉતાવળા ચાલો. ત્યારે કેસરીસંગ બોલ્યા જે, આ સરયૂગંગા કેમ ઉતરશો ? ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, જા ભલા માણસ, આટલા બધા પુરમાં આપ કેમ જીવતા નીકળ્યા ? માટે જેણે જીવતા રાખ્યા છે તેજ પાર ઉતારશે. ચાલો મારી કેડયે આવો. તમો બિલકુલ ભય રાખશો નહિ, એમ કહીને પોતે આગળ ચાલ્યા અને તે બન્ને કેડે ચાલ્યા, તે સામા કિનારે જેમ પૃથ્વી ઉપર ચાલે તેમ પાણી ઉપર ચાલી

રામઘાટે આવતા હતા. ત્યારે તે ઘાટ ઉપર કેસરીસંગનાં માતાપિતા આદિક ધર્મદેવ, ભક્તિમાતા સહિત સુવાસિનીબાઇ રૂદન કરતાં હતાં. તે વખતે ત્રણે જણ તત્કાળ ત્યાં આવીને ઉભા રહ્યા. ત્યારે તેમને જોઇને માતાપિતા બહુ રાજી થયાં અને મસ્તક ઉપર હાથ ફેરવીને કહેવા લાગ્યાં જે, હે બાપ ! તમોને ખમ્મા કરે ! અમોને તો તમારી ઘણી ચિંતા થતી હતી. અને તમો આવા જબરા પાણીના પુરમાંથી શી રીતે આવ્યા ? ત્યારે તે વૃત્તાંતની વાર્તા કેસરીસંગે વિસ્તારથી કહી. તે સાંભળીને મહા આશ્ચર્ય પામતા સતા પોતપોતાના ઘેર આવતા હતા. ત્યારબાદ આખા શહેરમાં એકબીજાના કહેવાથી એવી વાત ચાલી જે ભવાનીદત્ત બ્રાહ્મણે આ ત્રણે બાળકોને નદીના પુરમાં નાખી દીધા તેમને ભગવાને જીવતા કાઢ્યા. એવું સાંભળીને રાજા દર્શનસિંહ ઉતાવળા થઇ ધર્મદેવના ઘેર આવીને તે વૃત્તાંતની વાર્તા ઘનશ્યામ મહારાજને પૂછવા લાગ્યા જે, તમોને કોણે પાણીમાં નાખી દીધા ? ત્યારે તેમણે વિસ્તારપૂર્વક તે વાર્તા કહી. પછી તે રાજાએ પોતાના દૂત મોકલીને બ્રાહ્મણને બોલાવીને શિક્ષા કરી.

વળી એક સમયને વિષે એકાદશીના દિવસે જન્મ સ્થાનક, હનુમાનગઢી મંદિરમાં દર્શન કરવા ઘનશ્યામ મહારાજ એકલા જતા હતા. તે સમયે હનુમાનજીની આગળ સભામંડપમાં બેસીને મોહનદાસ નામના વૈરાગી રામાયણની કથા કરતા હતા. તે સાંભળવા માટે ચારે બાજુ કેટલાક વૈરાગી તથા બાઇભાઇ બેઠાં હતાં. તે સમયે ઘનશ્યામ મહારાજ પોતે પણ કથા સાંભળવા બેસતા હતા. ત્યારે કથામાં એકાદશીનું માહાત્મ્ય આવ્યું જે, હજાર અશ્વમેધ યજ્ઞ કરે અને એકસો રાજસૂય યજ્ઞ કરે તે એકાદશીના સોળમા ભાગની તુલ્ય ન થાય. તે સાંભળીને બોલ્યા જે, હે પુરાણી ! આવો એકાદશીનો મહિમા ભગવાને કહ્યો છે, તો પણ કેટલાક માણસો કેમ એકાદશી કરતા નથી ? તે સાંભળીને રીસ કરીને વૈરાગી બોલ્યો જે, હે ભાઇ ! આ મનુષ્ય દેહ

ભગવાને આપ્યો છે તે કંઇ દુઃખ ભોગવવા માટે નથી આપ્યો અને એકાદશી તો જગન્નાથપુરીમાં ઉંચી બાંધી રાખી છે. તેથી આત્મરૂપી ભગવાનને ભૂખ્યા રહીને દુઃખ સહન કરવું તે બહુ ખોટું કહેવાય. આ દેહે કરીને ખાવું પીવું અને મોજ કરવી એ સારૂં આપણા સર્વેનો મનુષ્ય દેહ છે અને ફરીને આ મનુષ્યનો દેહ મળે તેમનથી. તેથી ભરપુર વિષયમાં તૃપ્ત થઈને પછી દેહ પડે તો ઘણું સારૂં. નહિ તો વાસનાએ કરીને ભૂતપ્રેત થવું પડે અને જે દિવસે અન્ન ન મળે તે દિવસે એકાદશીજ છે એમ જાણવું. આવી રીતનું વચન સાંભળીને ઘનશ્યામ મહારાજના મનમાં એમ થયું જે આવા ત્યાગી ઉપદેષ્ટાને ગુરૂ કરીને સર્વે પૂજેછે અને તે પોતે અવળા માર્ગે ચાલે છે, એમ વિચાર કરીને ત્યાં થકી ઉઠ્યા અને હનુમાનજીની પરિક્રમા કરવા લાગ્યા. ત્યારે તે મોહનદાસ મશ્કરી કરીને સભામાં બેઠેલા જનોને કહ્યું જે, જુઓ, ભાઈઓ ! આ એકાદશીનો મહિમા વધારીને મને શિખામણ આપવા આવ્યો છે. એમ કહેતાં તત્કાળ તે વૈરાગીને હરિ ઈચ્છાથી સમાધિ થઈ અને તેને સમાધિમાં યમપુરી દેખાઈ. ત્યાં યમપુરીમાં હજારો યમદૂતો તેને મારવા લાગ્યા અને બોલ્યા જે, હે દુષ્ટ ! તું ત્યાગી થઈને એકાદશી કરવાની સર્વને ના પાડે છે ? બીજા માણસોને પણ તારા જેવા પાપી કરવા છે ? અને ભગવાન થકી વિમુખ રાખવા છે ? અને વળી યમરાજા એમ કહેતા હતા કે- હે બાવા ! આ ઘનશ્યામ તો સાક્ષાત્ ઈશ્વર છે. તેમની તેં અવજ્ઞા કરી છે તેનું આ ફળ છે. એમ કહીને મારતા હતા, તેને મારે છે યમપુરીમાં અને તેનો દેહ અહીં પડ્યો છે તે ઉંચો ઉછળીને હેઠો પડે છે. તે કેટલાક જનો જુવે છે. અને તે મોઢેથી એમ બોલતો હતો જે, હે ધર્મરાજ ! હવે તો હું કોઈ દિવસ એકાદશીની ના નહીં પાડું, અને સદાય કરીને બીજા માણસોને પણ એકાદશીનું વ્રત કરાવીશ. એવી રીતે બોલતો હતો. તેને સાંભળીને સર્વે આશ્ચર્ય પામતાં હતાં. એટલામાં

તો શ્રીહરિની ઈચ્છાથી તેની સમાધિ ઉતરી ગઈ. ત્યારે જેનાં હાડકાં ભાંગી ગયાં છે. એવો મડદાં જેવો પડ્યો પડ્યો એમ બોલતો હતો જે, હે ભાઈઓ ! એ ઘનશ્યામનું મેં અપમાન કર્યું તેથી હું યમપુરીમાં મહા દુઃખ પામ્યો અને તે બાળક સાક્ષાત્ ભગવાન છે. એમ કહીને મહા મુશ્કેલીથી ઉભો થઈને એમ કહેવા લાગ્યો કે- ક્યાં ગયા તે ? પછી પરિક્રમા કરતા શ્રીઘનશ્યામ મહારાજના ચરણાર્વિંદમાં જઈને મસ્તક મુકીને પગે લાગીને એમ કહેવા લાગ્યો, હે ભગવન્ ! તમો તો સાક્ષાત્ મારા ઈષ્ટદેવ શ્રી રામચંદ્ર છો અને મારો અપરાધ ક્ષમા કરો. એમ કહીને એકાદશી કરવાનો નિયમ રાખીને પછી નિર્માની થઈ, પગે લાગી, પુસ્તક બાંધી પોતાના સ્થાનકે જઈને તે વાત બીજા કેટલાક વૈરાગીઓને કહી. તે સાંભળીને તે સર્વે વૈરાગીયો એકઠા થઈને ત્યાં જોવા સારૂં આવતા હતા. તે સર્વેને પોતાનું રામચંદ્રજીરૂપે દર્શન આપીને ત્યાં થકી અદશ્ય થઈ ગયા. તે જોઈને આશ્ચર્ય પામતા સતા ચારે તરફ ફરીને જોવા લાગ્યા. ત્યાં તો ક્યાંય જોયા નહીં, ત્યારે માંહોમાંહી એક બીજાને પુછવા લાગ્યા જે અહો ! ! ! આ તે શું થયું ? હમણાં અહીં ઉભા હતા જે ઘનશ્યામ તે ક્યાં ગયા ? એમ કહીને મહા આશ્ચર્ય પામતા સર્વે પોતાના ઉતારામાં ગયા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે સરયૂગંગાના પુરમાંથી નીકળ્યા ને બાવા મોહનદાસને ચમત્કાર દેખાડ્યો. એ નામે ચુમાલીસમો અધ્યાય પૂરો થયો. ।।૪૪।।

## અધ્યાય ૪૫

## ચોવીશ અવતારરૂપે દર્શન આપ્યાં તથા મલ્લલીલા.

વળી એક મહા અદ્ભુત ચરિત્રની વાર્તા રામપ્રતાપ દાદાની કહેલી છે તે તમોને કહું તે સાંભળો.

એક દિવસે સરયૂગંગામાં મહાજબરૂ પાણીનું પુર આવ્યું હતું.

તેથી સ્વર્ગદ્વારી તણાવા માંડી. ત્યારે અયોધ્યાપુરીના રાજા દર્શનસિંહ સરયૂગંગાની પ્રદક્ષિણા કરીને મોળીયું અને શ્રીફળથી વધાવતા હતા, પરંતુ પાણી કાંઇ પાછું હઠ્યું નહી. ને વધારે જોર કરીને ચઢતું આવે. તે વખતે ઘણા ઉપાયો કર્યા પરંતુ પાણી જરાય હઠે નહિ, પછી તે રાજા આદિક સર્વે લોકો અકળાવા લાગ્યા. ત્યારે તે રાજાના ગોર પોતાના રાજા પ્રત્યે એમ બોલ્યા જે, હે રાજન્ ! આ સરયૂગંગાને પતિવ્રતા સ્ત્રી હોય ને તે વધાવે તો તત્કાળ પાણી પાછું હઠી જાય. તેવું સાંભળીને રાજા પોતાના શહેરમાં પતિવ્રતા સ્ત્રીની ખબર કઢાવતો હતો. પરંતુ કોઈ સ્ત્રીને પતિવ્રતાપણાની હીંમત ચાલી નહી. તે વાત જાણીને ભક્તિમાતા તથા સુવાસિનીબાઈ એ બન્ને ઘનશ્યામ મહારાજને સાથે લઈને રામઘાટ જઈ સુવાસિનીબાઈ પોતાના હાથમાં શ્રીફળ લઈને પાણીની સમીપે બેસીને ગંગાજી પ્રત્યે એમ બોલ્યાં જે, હે ગંગામાઈ ! મારૂં પતિવ્રતાપણું સાચું હોય તો આ પાણીનું પુર પાછું હઠી જાઓ. એમ કહીને શ્રીફળ પાણીમાં નાખીને બે હાથ જોડીને પગે લાગતાં હતાં કે તત્કાળ પાણી હડુડાટ કરીને પાછું હટી જતું હતું. તે મહા અદ્ભુત ચરિત્ર જોઈને અવધપુરીના જનો રાજા પાસે જઈને વધામણી આપતા હતા. જે આ છુપૈયાપુરથી આવેલા ધર્મદેવના મોટા પુત્ર રામપ્રતાપજીનાં પત્નિએ સરયૂને વધાવવાથી પાણી પાછું હઠ્યું. તે સાંભળીને રાજા ઘણા પ્રસન્ન થઈને સુવાસિની બાઈને પોતાના દરબારમાં પધરાવીને ઘણી પ્રશંસા કરીને પગે લાગીને ભારે વસ્ત્ર અલંકાર આપ્યાં, તે વાત ભક્તિમાતાએ ઘરે આવીને કહી, ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, એતો સાક્ષાત્ રેવતીજીનો અવતાર છે. માટે તેમાં કાંઇ નવાઇ નથી. આ સાંભળીને સર્વે વિસ્મય પામ્યાં.

વળી એક દિવસે ઘનશ્યામ મહારાજ કેટલાક પોતાના વિદ્યાર્થીઓને સાથે લઈને રામઘાટ જઈ સરયૂગંગાના કિનારા ઉપર

કદમના વૃક્ષ નીચે સભા કરીને બેઠા હતા અને પરસ્પર પ્રશ્ન ઉત્તર કરવા લાગ્યા, ત્યાં ઘણો સમય થઈ ગયો ત્યારે ઘનશ્યામ મહારાજને સર્વે વિદ્યાર્થીઓ જુદે જુદે સ્વરૂપે દેખતા હતા. તેમાં કોઈક તો રામ લક્ષ્મણ રૂપે દેખતા હતા. અને કેટલાક કૃષ્ણરૂપે દેખતા હતા. ને કોઈક તો નૃસિંહરૂપે દેખતા હતા. અને કોઈકતો વામનરૂપે અને કોઈક શિવજીરૂપે દેખતા હતા. હે રામશરણજી ! તે ઉપર પદ છે જે,

*કોઈ દેખે છે રામનેરૂપે, કોઈ દેખેછે કૃષ્ણ સ્વરૂપે । કોઈ વામન પરશુરામ, દેખે વરાહ ને નૃસિંહ શ્યામ ॥ હંસ ને હયગ્રીવ ઉરમાં કોય, દેખીને જન વિસ્મય હોય । ચંદ્ર સૂર્ય ને ત્રિપુરાર, એવા ભાસે છે ધર્મકુમાર ॥ કોઈ કહે નરવીર છે એજ, જોને કેવું ઝળકે છે તેજ ।*

એવી રીતે પોતાને વિષે અલૌકિકભાવ સર્વને દેખાડીને ઘરે આવતા હતા. ત્યારે તે ઐશ્વર્યની વાર્તા વિદ્યાર્થીઓ ભક્તિમાતાને કહીને પોતાને ઘેર જતા હતા.

વળી એક સમયે લખનૌ શહેરના મહા બળવાન કેટલાક મલ્લ દેશાંતરમાંથી સર્વે રાજાઓના મલ્લોને જીતીને પગે કેટલાંક સોનાનાં પુતળાં બાંધીને અયોધ્યાપુરીમાં રાજા દર્શનસિંહ પાસે આવ્યા અને મલ્લયુદ્ધ માગ્યું જે, કાંતો અમને મલ્લયુદ્ધ આપો. નહિતો અમોને સોનાનું પુતળું આપો. એવું સાંભળીને રાજાએ તેમનો ઘણો સત્કાર કર્યો અને ઉતારો આપ્યો અને કહ્યું જે, આવતીકાલે આવજો, પછી રાજાએ પોતાના મલ્લોને બોલાવીને કહ્યું જે, લખનૌ શહેરના મલ્લો આવેલા છે તેમને મલ્લયુદ્ધ આપો. નહિતો સવામણ સોનાનું પુતળું આપવું પડશે. તેઓ દેશાંતરના રાજાના મલ્લોને જીતીને આવેલ છે. એવું રાજાનું વચન સાંભળીને બીજા મલ્લો તો હીંમત હારી ગયા. પરંતુ એક વૃદ્ધમલ્લ બોલ્યો જે, ભાઈઓ ! હીંમત શા માટે હારો છો ? આ ભૂમી તો રામચંદ્રજીની છે. એમાં તેઓ જીતીને જશે તો રામચંદ્રજીની

લાજ જશે. આપણી લાજ નહિ જાય. માટે લાજ રાખનારા એ ભગવાન છે. માટે મલ્લયુધ્ધ કરો, તે વખતે રાજા બોલ્યા જે, હીંમત રાખો. કદાપિ હારશો તો ધર્મદેવના પુત્ર ઘનશ્યામ તો જરૂર તેમને હરાવશે, એમ કહીને મોટો મંડપ રચાવતા હતા. અને પોતાનો દૂત મોકલી વિશિષ્ટ સત્કાર પૂર્વક ઘનશ્યામ મહારાજને બોલાવ્યા અને તે પણ પોતાના સખાઓને લઈને આવ્યા અને વાજીંત્રના શબ્દો થવા લાગ્યા. તે સમયે રાજા પોતે મોટા આસન ઉપર બેઠા અને તેમની પાસે પોતાના કારભારી આદિક બેઠા અને ઘનશ્યામ મહારાજને પણ એક સારા આસન ઉપર બેસાડ્યા. તે વખતે માંહોમાંહી મલ્લોનું ઘણું યુધ્ધ થયું અને ચીચીયાટા તથા એક બીજાને ખભ્ભા ઠબકારવા તથા તાલોટાના ભારે પડછંદા થતા હતા. તે સાંભળીને હજારો જન ત્યાં જોવા સારૂં આવતા હતા. ને ઘણીકવાર મલ્લયુધ્ધ કર્યું. તેમાં અયોધ્યાપુરીના મલ્લને લખનૌના મલ્લ જીતીને પરાસ્ત કરીને બે ત્રણના પ્રાણ લેતા હતા. પછી રાજાએ ઘનશ્યામ મહારાજ તરફ જોયું કે, તુરત પોતાના સખાએ સહિત ઉભા થયા. ત્યારે તે મલ્લ બોલ્યા જે, આ બાળક તે શું મલ્લયુધ્ધ કરશે ? ત્યારે રાજાએ કહ્યું જે, એ તો બહુ સમર્થ છે. તેનો હાથ અડકશે ત્યારે ખાત્રી થશે. ત્યારે તે સભામાં જોવા આવેલા કેટલાક માણસો તો એમ બોલવા લાગ્યા જે, આ તો રાજા અન્યાય કરે છે. ક્યાં આ બાળક અને ક્યાં આ મદોન્મત્ત મલ્લ ! પછી મલ્લયુધ્ધની શરૂઆત થઈ તે વખતે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓ સામું અમૃત દષ્ટિથી જોઈને ઘણુંક બળ આપતા હતા. અને મહાઘોર મલ્લને થોડાક સમયમાં પરાસ્ત કર્યા ને તેમાં કેટલાક મલ્લોનાં અંગો ભાંગી ગયાં ને દૂર જઈને બેઠા અને કેટલાક તો પ્રાણરહિત થઈ ગયા. અને કેટલાક મલ્લ રૂધિર વમન કરતા સતા પૃથ્વી ઉપર પડી જતા હતા. એવું ઐશ્વર્ય જોઈને રાજા ઘણીક પ્રશંસા કરીને, સવામણ સોનાનું પુંતળું ઘનશ્યામ મહારાજને આપીને

તે રાજા તથા સર્વ જોવા આવેલાં માણસો આવો અલૌકિક પ્રતાપ જોઈને, તેમને વિષે ભગવાનપણાનો નિશ્ચય કરતા હતા. ત્યારબાદ ધર્મદેવ તે સુવર્ણમાંથી સાધુ બ્રાહ્મણોને જમાડી, ભારે દક્ષિણાઓ આપીને દિગ્વિજય કરતા હતા. એ રીતે પોતાનો યશ વધારતા હતા.

વળી એક દિવસને વિષે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓ સહિત છપૈયાપુરથી દક્ષિણાદિ કોરે મીનસાગર તળાવ છે, ત્યાં જઈને તેના જળમાં બહુ પ્રકારની જળક્રિડાઓ કરીને સ્નાન કરતા હતા. પછી તેના કિનારે મોટો મહુડો હતો, તેના ઉપર ચડીને મર્કટ જાતિના શબ્દ કરી સામસામા કિલકિલાટીઓ કરાવી. અને હૂકાહૂક કરવું, અને ગોલાંટી ખાવી અને તે વૃક્ષ ઉપરથી જળમાં ધૂબકા ખાવા, એવી રીતે બહુ પ્રકારની રમત કરતા હતા. તે ભગવાનની બાળપણાની રમત જોવા માટે દેવો પોતપોતાના વિમાન ઉપર બેસીને આકાશમાર્ગે આવીને અંતરિક્ષમાં રહીને જોતા હતા અને એક બીજાને એમ કહેતા હતા જે, અહો અતિ આશ્ચર્ય ! આ છપૈયાપુરની પૃથ્વીને પણ ધન્ય છે. અને આ પુરના રહેવાસી માણસોને તથા ગાયો પશુ પક્ષી તથા વૃક્ષ વેલીઓને પણ ધન્ય છે જે, આ અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન જ્યાં જન્મ ધરીને વિચરે છે અને અનંત પ્રકારનાં બાળચરિત્રો કરે છે. તે ભગવાનની સાથે મનુષ્ય દેહ ધરીને રમવા, જમવા, ખેલવા, એવા યોગને પામ્યા જે બાળકો તેનાં પણ પૂર્વજન્મનાં શાં સુકૃત હશે ! જે પુણ્યે હરિના આવા યોગને પામ્યાં છે. એમ કહીને દેવતાઓ જય જય શબ્દ કરીને ચંદન પુષ્પની વૃષ્ટિ કરીને વારંવાર દુંદુભિ વગાડતા હતા. પછી વળી મહુડાના વૃક્ષ નીચે ઘનશ્યામ મહારાજને ઠેસ વાગવાથી પડી ગયા, તેથી ઓષ્ઠ ઉપર થોડુંક વાગ્યું એટલે થોડુંક રૂધિર નીકળ્યું. તેને જોઈને વેણીરામ આદિક સર્વે સખાઓ ઘણા ઉદાસ થઈ ગયા. તેમાંથી સુખનંદન એકદમ ઉતાવળથી ઘેર આવી ધર્મભક્તિને કહેતો હતો જે, તમારા ઘનશ્યામ

પડી ગયા અને ઓષ્ઠ ઉપર વાગ્યું છે, અને રૂધિર નીકળ્યું છે, એમ કહ્યું. તે સાંભળીને ધર્મભક્તિને પોતાના પુત્રને વિષે ઘણો સ્નેહ હોવાથી મૂર્છા આવી ગઈ અને પૃથ્વી ઉપર પડી ગયાં અને શરીરની પણ સ્મૃતિ રહી નહિ. ત્યારે રામપ્રતાપભાઈ માતાપિતાને આશ્વાસન આપીને કહેતા હતા, જે. હે માતાપિતા ! તમો કંઇ ચિંતા કરશો નહિ. આગળ પણ ઘનશ્યામ મહારાજને ઘણાં વિઘ્ન આવ્યાં હતાં તો પણ કોઈ કાંઈ થયું નથી. હું હમણાં જઈને તેડી આવું છું. એમ કહીને ભાઇ ત્યાં જઈને જુએ છે તો ઓષ્ઠ ઉપર વાગેલું અને રૂધિર પણ નીકળેલું હતું. તેને જોઈને મોટાભાઈ બોલ્યા જે, પોતાના શરીરનું કંઇ ભાન રાખતા નથી. ત્યારે દિલગીર થઈને બોલ્યા જે, ખબર તો ઘણી રાખીએ છીએ. પણ વાગ્યું માટે દેહ ક્ષણભંગુર છે તે વાગે પણ ખરૂં અને હાથપગ ભાંગી પણ જાય, એમ બોલ્યા. પછી રામપ્રતાપભાઈ પોતાના ખભા ઉપર બેસાડીને તેડી લાવ્યા. ત્યારે ધર્મભક્તિ પોતાના પુત્રને નિરખીને મસ્તક ઉપર હાથ ફેરવીને શાંતિ પમાડતાં સતાં ભોજન બનાવીને જમાડતાં હતાં.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે રામઘાટે વિદ્યાર્થીઓને ચોવીસ અવતાર રૂપે પોતાનાં દર્શન આપ્યાં તથા લખનૌના મલ્લને જીત્યા. એ નામે પીસતાલીસમો અધ્યાય પૂરો થયો. ।।૪૫।।

## અધ્યાય ૪૬

## ગાયઘાટની લીલા તથા ચરિત્રો.

ત્યાર પછી અયોધ્યાપુરીમાં કેટલાક દિવસ રહીને ધર્મભક્તિ પોતાના ત્રણે પુત્ર સહિત ત્યાં થકી ચાલ્યાં તે ગામ ગાય ઘાટ રહેવા માટે આવ્યાં. ત્યારે ત્યાં હીરા તરવાડી, પહેલવાન, ચંદાબાઈ એ આદિક સર્વે સંબંધી મળીને ત્યાં રહેતાં હતાં. અને એકાદશી, દ્વાદશી, પૂર્ણમાસી, અમાવાસ્યા વિગેરે મોટા પર્વના દિવસે સર્વે સંબંધીને સાથે લઈને

વિશ્વામિત્રી નદી ગૌઘાટમાં સ્નાન કરવા જતાં હતાં અને ત્યાં દેવસ્થાનનાં દર્શન કરીને પોતાના ઘરે આવે. આવી રીતે એક દિવસે ઘનશ્યામ મહારાજનાં મામી ચંદાબાઇ કૂવા ઉપર પાણી ભરવા ગયાં તે કૂવામાં ઘડો પાસતાં પોતાની નાકની વાળી પડી ગઈ. ત્યારે ઘણો શોક કરીને પોતાના ઘેર આવીને સર્વેને તે વાત કહેતાં હતાં. ત્યારે પહેલવાન તરવાડી આદિક કેટલાક જણ તે કૂવામાં ઉતરીને વાળી ખોળવા લાગ્યા. તે કેટલીકવાર સુધી ખોળી પરંતુ પત્તો લાગ્યો નહીં ત્યારે તે બોલ્યા જે, આ કૂવામાં વાળી પડી નથી. કયાંય બીજે ઠેકાણે પડી ગઇ હશે. ત્યારે ચંદાબાઈએ કહ્યું જે, ના ભાઇ, આ કૂવામાં પડી ગઇ છે. એમ કહીને દિલગીર થઇ ગયાં. ત્યારે ઘનશ્યામ મહારાજ પાસે ઉભા હતા તે પોતાનાં મામીને દિલગીર થતાં જોઈને બોલ્યા જે, મામી ! તમો કંઇ ચિંતા કરશો નહિ; તમારી વાળી કૂવામાંથી લાવી આપું, ધીરજ રાખો, આમ કહીને સર્વેને દેખતે કૂવામાં ઉતરીને પાણીમાં ડૂબકી મારી તે પ્રહર સમય થયો. પરંતુ નીકળ્યા નહીં. ત્યારે સર્વે બોલ્યા જે, વાળીને સાથે તે પણ કૂવામાં ગયા કે શું ? એમ કહીને સર્વે ઉદાસ થઇ ગયાં, અને બોલ્યાં જે, એક તો વાળીનું દુઃખ હતું અને બીજુ ઉભું થયું. એમ કચવાટ કરે છે તેટલામાં તે પાણી ઉપર આવ્યા. તે સમયે ઘનશ્યામ મહારાજના સ્વરૂપને કૂવા ઉપરના માણસો વિષ્ણુરૂપે ચતુર્ભુજ મૂર્તિ જોઈને મહાવિસ્મય પામતાં હતાં. એવું બે ઘડી પર્યન્ત પોતાનું દર્શન આપીને, પછી તે સ્વરૂપ અદ્રશ્ય કરીને ઘનશ્યામરૂપે દેખાયા. અને પોતાના હાથમાં વાળી તથા એક ઘડો તથા એક લોટો એમ ત્રણ વસ્તુઓ લઈને ઉપર આવ્યા અને પોતાનાં મામીને વાળી આપીને ઘેર ગયા. તે જોઈને સર્વે જનો મહા આશ્ચર્ય પામતાં હતાં. ત્યારબાદ ગાયઘાટ રહીને હમેશાં પોતાના સખાઓને સાથે ગૌઘાટ વિશ્વામિત્રી નદીના કિનારે ગાયો ચારવા જતા અને ત્યાં અનેક પ્રકારની જળક્રીડા કરતા સતા નદીમાં

સ્નાન કરતા હતા. એવી રીતે ત્યાં કેટલાક દિવસ પસાર થઇ ગયા. પછી ધર્મભક્તિ પોતાના ત્રણે પુત્રને સાથે લઇને છપૈયાપુરમાં આવીને નિવાસ કરતા હતા.

વળી એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓને સાથે લઇને ગામ કુષ્મીના તળાવની પાળ ઉપર બોરાં જમવા માટે ગયા. તે સમયે વેણીરામ આદિક સર્વે સખાઓ તો બોરડી ઉપર ચડી ગયા, અને સારાં બદરી ફળ શોધીને ખાવા લાગ્યા. પરંતુ લાંબી ડાળો ઉપર લટકી રહેલાં પાકાં સ્વાદુ બોરને કોઇ લઇ શકતું ન હતું. પછી ઘનશ્યામ મહારાજ તો નીચે ઉભા રહીને બોરડી જેટલા ઉંચા વધીને લાંબા હાથ કરીને પાકાં બોર વિણીને જમવા લાગ્યા અને જેને જેટલાં જોઇએ તેટલાં આપી, પોતે પોતાના ખોળામાં ભરી લીધાં. એમ કરતાં કેટલીક વાર થઇ તે વખતે બોરડીના માલિકને ખબર પડી એટલે તત્કાળ ઉતાવળો થકો ક્રોધ કરીને મારવા સારૂં સમીપે આવ્યો. એટલે ઘનશ્યામ મહારાજે પોતે તેનો હાથ પકડીને ઉંચો ઉપાડીને બોરડીની છેલ્લી ડાળ ઉપર લટકાવી દીધો અને પોતે સર્વે સખાઓ સહિત પોતાના ઘેર આવતા હતા. ત્યાર પછી તેનાં માતાપિતાને ખબર પડી ત્યારે તે બોરડીના વૃક્ષ નીચે આવીને પોતાના છોકરાને નિસરણી થકી નીચે ઉતારીને કહ્યું જે, બાપ આમ બોરાં ખવાતાં હશે ? ત્યારે બોલ્યો જે, હે પિતા ! હું તો કાંઇ બોર ખાવા ચડ્યો ન હતો. પરંતુ છપૈયાપુરના હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામ બીજા કેટલાક છોકરાઓને સાથે લઇને અહીં બોર ખાવા આવેલા ત્યારે, બીજા સર્વે ઉપર ચઢ્યા હતા અને ઘનશ્યામ નીચે ઉભા રહીને બોરડી જેટલા ઉંચા વધીને છેલ્લાં બોર વિણતા હતા. ત્યારે હું તેમને મારવા ગયો તે તત્કાળ મારો હાથ પકડીને ઉંચો ઉપાડીને પેલી છેલ્લી ડાળે મને લટકાવી દીધો અને પોતે સખાઓ સહિત નાસી ગયા. તેવું સાંભળીને તેનાં માતાપિતા બોલ્યાં જે, અરે ! હે મૂર્ખ, કંઇ મનુષ્ય

તે આ બોરડી બરોબર વધી શકતો હશે ? પરંતુ તને છોકરાઓ ભય બતાવ્યો હશે, તેથી તું બીકનો માર્યો એમ બોલે છે. એમ કહીને તે વાતનો નિર્ણય કરવા માટે ધર્મદેવના ઘેર આવીને ઠપકો દેવા લાગ્યા જે, તમારા ઘનશ્યામે અમારા દીકરાને વૃક્ષ ઉપર લટકાવી મૂક્યો અને અમારાં સર્વે બોર ખાઇ ગયા. ત્યારે ધર્મદેવ બોલ્યા જે, આ તમો શું કહો છો ! મારા ઘનશ્યામ તો નાના છે અને આ તમારો દીકરો તો મોટો પાંત્રીસ વર્ષનો છે. તેને મારા ઘનશ્યામે ઉંચો કેવી રીતે લટકાવ્યો હશે. તમારા મનમાં વિચાર તો કરો. મારા ઘનશ્યામ તો આ કૂવાના કાંઠા ઉપર ઉભા રહ્યા છે, તમો જુઓ. ત્યારે તેઓ જોવા ગયા કે તત્કાળ તે વાતનો નિશ્ચય થવા માટે ઘનશ્યામ મહારાજ વિસ ધનુષ્યર્વા ઉંચા દેખાયા. ત્યારે તે સર્વે બોલવા લાગ્યા જે, અહો હે ધર્મદેવ ! તમો કહો છો જે મારા ઘનશ્યામ નાના છે, પરંતુ તમો જુઓ તો ખરા ! કેટલા મોટા જણાય છે. આ તે શું હશે ? ત્યારે ધર્મદેવ બોલ્યા જે, કયાં છે ! આતો ઘનશ્યામ ઉભા છે. એમ કહે છે, તેટલામાં તો તે ઉંચું સ્વરૂપ અદ્રશ્ય કરીને પોતે આવેલા જનોને બાળક સ્વરૂપે દેખાતા હતા. આવું મહા અદ્ભુત ચરિત્ર જોઇને બોલ્યા જે, હે હરિપ્રસાદજી ! આ તમારા ઘનશ્યામ તો કોઇક ઈશ્વરના અવતાર છે. એમ કહીને પોતાનો અપરાધ ક્ષમા કરાવીને પોતાને ઘેર ગયાં.

વળી એક સમયને વિષે ભાઈના સસરા બળદેવપ્રસાદજી પોતાનું ગામ જે વેણીપુર ત્યાં ફણસ લેવા ગાડું જોડાવીને તૈયાર થયા. ત્યારે પોતાના પુત્ર લક્ષ્મીપ્રસાદજી તથા જનકરામ એ બન્ને ભાઈ ગાડામાં બેઠા. તેમને જોઈને ઘનશ્યામ મહારાજ પણ પોતાનાં માતા પ્રત્યે બોલ્યા જે, હે દીદી ! હું પણ આ લોકોની સાથે ફણસની સાખો ખાવા જાઉં છું. એમ કહીને તેમના ભેગા ગાડામાં બેઠા. પછી ત્યાં થકી શકટ ચલાવ્યું તે ગામ ભમેચા અને વેણીપુરના વચ્ચે તલાવડીની પાળ ઉપર ફણસનાં

વૃક્ષ હતાં ત્યાં આવીને ગાડું છોડ્યું અને જનકરામ બળદને ખટવા આંબાના વૃક્ષ નીચે બાંધવા ગયા. અને બીજા કેટલાક ફણસનાં વૃક્ષ ઉપર ચઢીને ફણસ લેવા ગયા. ત્યારે ઘનશ્યામ મહારાજ નીચે ઉભા રહીને બોલ્યા જે, હે ભાઈઓ ! પાકેલું ફણસ હોય તો અમોને આપો ત્યારે કહ્યું જે, ભાઈ ઘનશ્યામ ! આ વૃક્ષ ઉપર એકેય નથી. અને બીજાં વૃક્ષ ઉપર હશે તો જરૂર તમને આપીશું. ત્યારે બોલ્યા જે, કેમ નથી ! જુઓ, એ તો સર્વે ફણસ પાકી ગયાં છે. એમ કહ્યું કે તુરત બધાં ફણસ એક સામટાં હેઠે ખરી પડ્યાં. ત્યારે સર્વે મહાઆશ્ચર્ય પામી વૃક્ષ ઉપરથી નીચે ઉતરીને ઘનશ્યામ મહારાજને પગે લાગતા હતા. ત્યારે હસતા બોલ્યા જે, હે રૂપધર ! તમે કહેતા હતા કે એકેય ફણસ પાક્યું નથી ત્યારે આ કયાંથી પડ્યાં ? તેવું સાંભળીને રૂપધરના નાનાભાઈ ભેલૈરામ બોલ્યા જે, હે ઘનશ્યામ ! આ તો તમારૂં કામ છે. નહીં તો આ ફણસને ઘેર લઈ જઈ પંદર દિવસ ઓરડામાં રાખીએ ત્યારે પાકતાં હતાં અને આતો તુરત જમાય તેવાં પાકયાં છે, તેથી હાલ જમવાના કામમાં આવ્યાં. એમ કહીને પગે લાગતા સર્વે એક ફણસને લઈ જમવા લાગ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજ પણ તેમાંથી સારાં મોટાં મોટાં બે ફણસ જનકરામ તથા લક્ષ્મીપ્રસાદ પાસે ઉપડાવીને ખટવા આંબા નીચે ગયા. અને ત્રણે જણ જમતા હતા, તેને કેટલોક સમય થયો એટલે પાછા તે કકરા તળાવડીમાં આવીને હાથ મુખ ધોઈને જળક્રીડા કરતા સતા સ્નાન કરતા હતા. પછી બળદેવપ્રસાદજીએ બીજાં ફણસનાં વૃક્ષો ઉપરથી ફણસ ઉતરાવીને તે ગાડામાં ભરીને, તળાવમાં સ્નાન કરતા જે પોતાના પુત્ર લક્ષ્મીપ્રસાદ આદિક ત્રણ જણને બોલાવીને ઘેર આવીને તે ચરિત્રની વાર્તા ધર્મભક્તિને કહી. તે સાંભળીને ઘણાં રાજી થયાં.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ગામ ગાયઘાટમાં મામીની વાળી કૂવામાંથી કાઢી આપી ને

ત્યાંથી છપૈયાપુરમાં આવ્યા. ને કુષ્મીના તળાવ ઉપર બદરી ફળ ખાવા ગયા અને રક્ષકને ડાળે લટકાવી દીધો, ને ગામ વેણીપુરમાં કકરા તળાવડીની પાળ ઉપર ફણસ જમ્યા, એ નામે છેતાલીસમો અધ્યાય પૂરો થયો. ।।૪૬।।

## અધ્યાય ૪૭

## ઘનશ્યામ મહારાજની દિવ્ય લીલાઓ.

**વળી એક બીજું ચરિત્ર કહું છું તે સાંભળો. એક સમયે દુંદ તરવાડીના પુત્ર મોતી તરવાડીએ ગામ દીનનગરમાં રામદીન કણબીનો બળદ રાખ્યો હતો. તેને લેવા સારૂં બે પુત્ર સહિત ધર્મદેવને સાથે લઈને મોતી તરવાડી ગયા. ત્યારે બળદનો સાંચવનારો એમ બોલ્યો જે, અમારા બળદને પચાસ મણનું ગાડું ભરેલું હોય અને તે ગાડે જોડે તો પણ ઉભો રહે નહીં, ને ચાલ્યો જ જાય એવો જોરદાર છે. તે સાંભળીને ઘનશ્યામ મહારાજ પોતાના મામા પ્રત્યે બોલ્યા જે, હે મામા ! આ તેનો બળદ ઘણો જોરાવર છે. એ જો એવો હોય તો હું ગાડામાં બેસું ને બળદને ગાડે જોડે અને તે ઉભો ન રહે તો તે વાત સાચી. એમ કહ્યું તે સાંભળીને રામદીન કણબી પોતાના ચાકર પાસે ગાડું જોડાવીને ઘનશ્યામ મહારાજને તે ગાડામાં બેસાડ્યા અને ગાડું હાંકવા માંડ્યો. બળદને ઘણું હાંકી હાંકીને થાકી ગયો તો પણ એક તસુ ચાલ્યો નહીં. તે ચરિત્ર જોઈને સર્વે આશ્ચર્ય પામી ગયા. ત્યારબાદ ઘનશ્યામ મહારાજ સર્વને કહ્યા વિના ગાડા ઉપરથી હેઠા ઉતર્યા. કે તુરત તે ગાડાને લઈને બળદ ચાલવા લાગ્યો. ત્યારે રામદીન કણબી ફરીથી બોલ્યો જે, હે હરિપ્રસાદ પાંડે ! લાવો તમારા ઘનશ્યામને ગાડા ઉપર બેસાડો. મેં મારા બળદ ઉપર હાથ ફેરવ્યો છે તે ચાલશે. ઉભો રહેશે નહીં. તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, જેમ તમારી મરજી હોય તેમ તમો હાથ ફેરવો. પરંતુ હવે અમો ગાડા ઉપર બેસશું નહિ. પરંતુ લ્યો, આ અમારી ટોપી ગાડામાં મુકું અને તમારા બળદને ચલાવો. એમ કહીને**

પોતાના મસ્તક ઉપરથી ટોપી લઈને તે ગાડામાં મૂકી, ત્યારે તેણે બળદને હાંકીને ગાડું ચલાવ્યું છતાં બળદ ચાલતો ન હતો. તે ચરિત્ર જોઈને મહા વિસ્મય પામવા લાગ્યો જે, આ તે શું હશે ? પછી રામદીનનો ભાઈ માતાદીન હતો, તેણે કહ્યું હે ભાઈ ! આ ટોપીમાં કંઈ ભાર નથી. પરંતુ ધર્મદેવના પુત્ર ઘનશ્યામનાં ચરિત્ર છે. માટે એતો કોઈ ઈશ્વર હોય એમ મને માલુમ પડે છે, એમ કહીને પગે લાગીને બળદ મોતી તરવાડીને દોરી આપ્યો, તે લઈને છપૈયાપુર આવ્યા.

વળી એક સમયને વિષે વૈશાખ માસની પૂર્ણિમાના દિવસે, ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓથી વિંટાણા થકા નૈઋત્ય ખૂણામાં દુંદ તરવાડીના બહિરી નામના કૂવામાં સ્નાન કરવા સારૂં ગયા, ત્યારે તે કૂવા ઉપર જઈને વેણીરામ બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ ! આ કૂવામાં તો પાણી ઘણું છે. એમ કહે છે તે સમયે ગામ ઢેબરીઆનો સુથાર મહાવીર એ નામનો હતો. તે ગામ તિનવા જતાં વચ્ચે તે કૂવા ઉપર આવીને દોરી લોટાથી પાણી કાઢીને પીવા લાગ્યો. ત્યારે તેણે પણ કહ્યું જે, હે ભાઈઓ! તમો આ કૂવામાં પાણી અથાગ છે તેથી કોઈક ડૂબી જશો. એમ કહેતાં જ ઘનશ્યામ મહારાજ ધોતીનો કછોટો વાળીને તુરત તે કૂવામાં ધૂબકો મારતા હતા. ત્યારે તેમને પોતાની કેડ્ય બરાબર પાણી થયું, એવી રીતે કેટલીક વાર સુધી ધૂબકા માર્યા. પરંતુ પોતાની કેડ્યથી ઉપરના ભાગે પાણી ચડ્યું નહીં. અને બીજા તો પાણીમાં પડે કે તુરત ઉંડા ઉતરી જાય. તે કેટલીકવારે નીકળે. આવું ઐશ્વર્ય તે સુથાર જોઈને બોલ્યો જે, હે ભાઈઓ ! આ કૂવામાં પાણી ઘણું છે. અને ઘનશ્યામ કાંઠા ઉપરથી જોર કરીને ધૂબકો મારે છે. પરંતુ પોતાની કમરથી ઉપર પાણી અડતું નથી અને તમો બધાય ધૂબકા મારો છો તે પાણીમાં સોંસરા ત્યાં જતા રહો છો તે શું હશે ? ત્યારે વેણીરામ બોલ્યા જે, ભાઈ ! એમની વાત નોખી છે. એતો કમરસુધી પાણી અડવા દે તો ભલે. નહિંતર

પાણીનું કોઈ જોર નથી. તેવું સાંભળીને સુથાર વિચાર કરતો પોતાના માર્ગે ચાલ્યો ગયો. ત્યારબાદ સર્વે પોતપોતાનાં કપડાં પહેરીને ત્યાં થકી ચાલ્યા તે, રતનપાડાના મહુડાના વૃક્ષ નીચે હાથી બાંધેલો હતો તેને જોઈને આગળ ચાલ્યા તે. શુકલના બગીચામાં ગામ રૂધોલીની જાન ઉતરી હતી ત્યાં જઈને ઘેર આવ્યા.

વળી એક સમયને વિષે ગામ નરેચાના રાજા સન્માનસંગજીના દરબારમાં વિવાહ હતો. ત્યારે ત્યાંના કલ્યાણસાગર નામના તળાવના કાંઠા ઉપર જલસા કરીને દારૂખાનું ઉડાડતા હતા. તેને જોવા સારૂં ગામના કેટલાક લોકો ચારે તરફ વીંટી વળીને ઉભા રહ્યા હતા, તે વખતે ઘનશ્યામ મહારાજ પણ પોતાના સખાઓને સાથે લઈ ત્યાં આવ્યા હતા. તે વખતે બંદૂકના ભડાકા કરવાથી બંદૂક તૂટી, તેથી બે મનુષ્યને ઘણુંક વાગ્યું અને તત્કાળ બે જણ મરણ પામ્યા. તે જોઈને જોવા આવેલાં માણસો ભાગવા લાગ્યાં. ત્યારે રાજા સન્માનસિંહે જાણ્યું જે, હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામ મહારાજ મહા ચમત્કારી છે. એમ જાણીને તત્કાળ પાસે આવી નમસ્કાર કરીને બોલતા હતા જે, હે ઘનશ્યામભાઈ! આ બે મનુષ્યનું નુકશાન થયું છે, તો હવે શું કરૂં ? આ તો વિવાહમાં વિઘ્ન આવ્યું. માટે તમો દયા કરીને રક્ષા કરો, એવું નિર્માનિપણાનું વચન સાંભળીને બોલ્યા જે, હે રાજન્ ! મનુષ્ય કોઈ એકદમ મરે નહિ. માટે આ બન્ને ને તળાવના પાણીમાં લઈ જઈને સુવારો, સારૂં થઈ જશે. એમ કહ્યું ત્યારે વિશ્વાસ લાવીને રાજાએ બે માણસને ઉપડાવીને જળમાં સુવાડ્યા. ત્યારબાદ ઘનશ્યામ મહારાજ જળના સમીપે જઈને પથ્થર ઉપર ઉભા રહીને બન્ને નામ લઈને બોલ્યા જે, હે ગંગાધર ! હે પૃથ્વીપાલ ! તમો પાણીમાં કેમ પડ્યા રહ્યા છો ? બહાર આવો. એમ કહ્યું કે, તુરત બન્ને પાણીમાંથી ચડપ દઈને ઉભા થઈ બહાર આવી ઉભા રહ્યા. ત્યાર પછી રાજા સન્માનસિંહજી ઘનશ્યામ મહારાજને પોતાના

મહોલમાં તેડી લાવ્યા અને પાટ ઉપર આસન આપીને બિરાજમાન કર્યા. ત્યારે પોતાની રાણી જડાકુંવરબાઈએ હેતે સહિત દૂધ પૌંઆ અને સાકર જમાડ્યાં. ત્યાર બાદ ચંદન પુષ્પ વડે પૂજા કરી અને રાજાએ સહિત કુંવર તથા તે ભાઈ પગે લાગીને બોલ્યા જે, હે ઘનશ્યામ બાબુ ! આપ તો ઈશ્વરના ઈશ્વર છો. તે અમારા આ વિવાહમાં મૃત્યું પામેલા બે મનુષ્યની રક્ષા કરીને બહુ શોભા દેખાડી. માટે તમો અમારી ઉપર દયા કરીને આ લોકમાં તથા પરલોકમાં પણ સહાય કરજો. તેવું સાંભળીને અતિ પ્રસન્ન થઈ આશીર્વાદ આપીને ત્યાં થકી ચાલ્યા તે આથમણા કોટમાં ઘોડાની પાયગા જોઈને પાછા ઘેર આવ્યા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ગામ દીનનગરમાં મામાની સાથે બળદ લેવા ગયા અને ત્યાં શકટમાં ટોપી મૂકીને ભાર ઘણો બતાવ્યો તથા નરેચાના તળાવની પાળ ઉપર બે ચાકર મૃત્યું પામ્યા તેમને જીવતા કર્યા એ નામે, સુડતાલીસમો અધ્યાય પૂરો થયો.૪૭

## અધ્યાય ૪૮

## ધર્મદેવને વરદાન તથા ચરિત્રો વગેરે.

વળી એક સમયને વિષે મામી દેવતા લેવા માટે હાથમાં પાત્ર લઈ ધર્મદેવના આંગણે આવીને બોલ્યાં જે, હે સુવાસિનીબાઈ ! તમારા ઘરમાં દેવતા હોય તો આપો. ત્યારે બોલ્યાં જે, દેવતા નથી. પરંતુ તમે જો લાવો તો મને પણ આપજો. તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હું તમો બન્નેને દેવતા લાવી આપીશ. ઘડીક રાહ જુઓ. એમ કહીને પોતે પૂજા કરતા હતા તે પૂજા કર્યા બાદ ઉઠ્યા અને એક ધોતી જેમણે પહેરી છે એવા સતા દેવતા લેવા સારૂં પોતાના ઘેરથી ચાલ્યા, તે એમને એમ મીનસાગરના આથમણા કિનારે મહુડાના બગીચામાં વૈરાગીની જમાત કેટલાક દિવસથી ઉતરેલી હતી ત્યાં ગયા. કેમ કે તે વૈરાગીઓ ગાંજા, ભાંગ પીને મદના ભરેલા અને ગર્વિષ્ઠ

અસુરાંશ છે એમ જાણીને, ધર્મકુંવર અધર્મનો ઉચ્છેદ કરી ધર્મસંસ્થાપન કરવાની ઈચ્છાથી ત્યાં જઈને જુએ છે, તો પાંચ સાત જગ્યાએ વૈરાગી લોકોએ મોટાં મોટાં લાકડાં સળગાવીને ધૂણીઓ કરી રાખી હતી. તે જોઈને બોલ્યા જે, હે બાવાજી ! મને દેવતા આપો. તે સાંભળીને એક તામસ પ્રકૃતિનો વૈરાગી હાથમાં ચિપિયો લઈને બોલ્યો જે, ચલ ચલ, આગ્ય નહીં મિલેગી. ત્યારે બીજી જગ્યાએ જઈને એમને એમ દેવતા માગી જોયા, પરંતુ કોઈ દેવતા આપનારા મળ્યા નહીં. ત્યારબાદ ત્રીજી જગાએ જઈને પોતાના હાથે ધોતીના છેડામાં લઈને, ત્યાંથી તત્કાળ ચાલી નીકળ્યા. એટલે વૈરાગીઓ ના પાડતા હતા છતાં અગ્નિ લીધો. તેથી પોતાના હાથમાં ધોકા ચિપિયા લઈને મારવા તુટ્યા. એ વખતે વળી એક વૈરાગી મહાક્રોધનો ભરેલો તરવાર લઈને મારવા દોડ્યો. એવી રીતે ક્રોધના ભર્યા પોતાની પાછળ આવતા જોઈને ઘનશ્યામ મહારાજ પોતે યમરાજાના સ્વરૂપે તે વૈરાગીઓને દેખાયા. તે મોટા મોટા દાંત ને મસ્તક ઉપર લાંબા ઉભા વાળ તથા અઢાર હાથમાં હથિયાર ઝાલીને સામા ઉભેલા અને મહાવિકરાળ અને મોટા પર્વત જેવા ઉંચાને, ડાઢ્યોને સામસામી ઘસતા તથા કડકડ શબ્દને બોલાવતા, એવા મહાભયંકર જોઈને સર્વે વૈરાગીઓ ત્રાસ પામી, કોઈ સમીપે આવી શક્યા નહિ અને છેટે ઉભા રહીને ભયથી પોતાના ઈષ્ટદેવને સંભાળતા સતા એમ ને એમ પાછા પગે પોતાના મુકામમાં નાસી ગયા. એટલે તે સમયે પોતપોતાની મંડળીના સિંહાસન ઉપરથી ઠાકોરજીની પ્રતિમાઓને ન દેખતાં ગભરાઈ ગયા. તે સમયે આકાશવાણી થઈ જે, અમો તો દેવતા લેવા આવેલા ઘનશ્યામ મહારાજની સાથે ઘેર જઈએ છીએ. એવા શબ્દો સાંભળીને તુરત સર્વે હિંમત રાખીને ભેગા થઈને બોલ્યા જે, હવે હે સંતો ! ચાલો આપણે ઠાકોરજીની પ્રતિમાઓ લેવા એ બાળકની સાથે જઈએ. એમ કહીને ત્યાં થકી ચાલ્યા તે જ્યાં ઘનશ્યામ

ઉભા છે ત્યાં આવ્યા. કે તુરત રૂપ અદ્રશ્ય કરીને સર્વને કહેતા હતા. હે સંતો ! તમારા ઠાકોરજીની મૂર્તિઓ તો અમારી સાથે આવે છે, તમો આવીને લઇ જાઓ. એમ કહીને પોતાને ઘેર આવીને પોતાનાં ભાભીને તથા મામીને દેવતા આપતા હતા. પછી તે સર્વે વૈરાગી નમ્રતાપૂર્વક બે હાથ જોડીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો તો સાક્ષાત્ શ્રી રામચંદ્રજી પ્રગટ્યા છો. એમ અમોને તો જણાય છે. માટે અમો હાથ જોડીને પગે લાગીએ છીએ. અને અમારી ભૂલ માફ કરો. અમો તમારા કિંકર છીએ. એવી રીતે પ્રાર્થના કરી. ત્યારે ધર્મકુંવરની ઇચ્છાથી પ્રતિમાઓ બોલી જે, ભગવાનને સંભાર્યા સિવાય બીજાં જો આચરણ કરશો તો આજથી આરંભીને તમારી પાસે રહેશું નહિં. એમ કહીને સર્વે મૂર્તિઓ ધર્મકુંવરની આજ્ઞા લઇને આવેલા પોતાના સેવકો સાથે ચાલીને તેમની આગળ પોતાના મુકામે જઇ પોતપોતાના સિંહાસન ઉપર બિરાજમાન થઇ, અને સેવકોની વચ્ચે પીરોજપુરની હદમાં મોટો પીપળો હતો તેમાંથી કડેડાટ કરતો મહા વિકરાળ જન નીકળ્યો. તેને જોઇને સર્વ વૈરાગીઓ તત્કાળ ચારે તરફ નાસવા લાગ્યા. ત્યારે જન આગળ ફરી વળીને બોલ્યો જે, હે ખાખીઓ ! તમો ઘનશ્યામ મહારાજનું વચન માનીને તેમની ઉપાસના ભક્તિ કરજો. નહિં તો તમોને મારીને મારી સમીપે રાખીશ અને મહાદુઃખ આપીને તમારો જીવ લઇશ. એવું સાંભળીને ભય પામેલા તે વૈરાગીઓ કહેવા લાગ્યા જે, હે ભાઇ ! આજથી આરંભીને એ ધર્મપુત્રના સ્વરૂપનું સર્વદા ચિંતવન કરીશું. અમોએ સાક્ષાત્ શ્રીરામચંદ્રજી ભગવાન જાણ્યા છે. માટે તેમની જ ઉપાસના ભક્તિ કરીશું. એમ કહ્યું કે તુરત જ તે જન પોતે ભડકારૂપ થઇને પીપળામાં અદૃશ્ય થઇ ગયો. તે જોઇને ત્યાંથી ત્રાસ પામતા વૈરાગીઓ જે નાઠા તે પોતાના મુકામે આવીને ઉભા રહ્યા. અને પરસ્પર બોલવા લાગ્યા જે, હે ભાઇઓ ! આપણે આજે અહીં રાત્રિ રહેવું નથી. અને

જો રહ્યા તો જરૂર એ જન આપણ સર્વને ભક્ષણ કરશે. એવી રીતનો વિચાર કરી પોતપોતાની પોથી, ચીપીયા, ઘોડા, કપડાં લઈને ત્યાં થકી ચાલ્યા તે અયોધ્યાપુરીમાં જઈને ઉભા રહ્યા. અને તે ચરિત્રની વાર્તા ત્યાંના વૈરાગીઓની આગળ કરી. ત્યારે સર્વે કહેવા લાગ્યા જે, હા, એ હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામ તો મહા ચમત્કારી છે. એમ કહેતાં સાંભળતાં સર્વે જન મહા આશ્ચર્ય પામતાં હતાં.

વળી એક સમયે લખનૌના નવાબ તરફથી મોટો એક સૂબો, કેટલુંક લશ્કર પોતાની સાથે લઈને ત્યાંથી નિસર્યો. કારણ કે બાંશીગામ તથા નગરગામના રાજા પોતાની ચાતુર્યથી લખનૌના રાજાના સામા થયા હતા, તેને જીતવા માટે તે સૂબો ત્યાં જતાં વચ્ચે છપૈયાપુરમાં આવીને મોટા આંબાના બગીચામાં પડાવ કરતો હતો. ત્યારે તે લશ્કરમાં ઘેલા તરવાડી રાજાની નોકરીમાં રહેલા હતા. ત્યારે રામપ્રતાપભાઈ ઘનશ્યામ મહારાજને સાથે લઈને તે લશ્કરમાં થોડાક દિવસ જવાનો સંકલ્પ કરીને ધર્મદેવ પ્રત્યે બોલ્યા જે, હે દાદા ! અમો બે ભાઈ અમારા મામા ઘેલા તરવાડીની સાથે લશ્કરમાં જઈએ છીએ, તો તમો કોઈ વાતની અમારી ચિંતા કરશો નહિ. થોડાક દિવસ પછી અમો પાછા આવીશું. એમ કહી રજા લઈને હથિયાર બાંધીને નાનાભાઈને સાથેલઈને લશ્કર ભેગા ચાલ્યા. તે જ્યારે ગામ લુંટવા ગયા ત્યારે બીજા માણસો માલમિલ્કત લઈને આવ્યા અને ઘનશ્યામ મહારાજ તો એક કંદોઈના ઘરમાંથી દહીંનું ભરેલું એક ઠામ ઉપાડી લાવતા હતા. ત્યારે લુંટીને સર્વે માણસો ઉતારા ઉપર આવ્યા. એટલે રામપ્રતાપભાઈએ દહીંનું ભરેલું પાત્ર જોઈને કહ્યું જે, હે ઘનશ્યામ ! તમો શું લાવ્યા ? ત્યારે બોલ્યા જે, અમેતો દહીંનું ભરેલું પાત્ર એમને એમ આખું ઉપાડી લાવ્યા છીએ. ત્યારે કહ્યું જે, બીજા માણસો તો માલમિલ્કત બહુ લાવ્યા અને તમે આ દહીંમાં શું લાવ્યા ? ત્યારે બોલ્યા જે, જેને જેવી ઈચ્છા તેવું લાવ્યા હશે,

અને અમારે પણ જેવો ભાવ અને રૂચિ તેવું લાવ્યા છીએ. એમ કહ્યું. ત્યારપછી સર્વે માણસો રસોઇ કરીને જમવા બેઠા. ત્યારે રામપ્રતાપભાઇ પણ બાટીઓ કરીને પ્રથમ મામાને તથા ઘનશ્યામને તે બાટીઓ પિરસતા હતા. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે મોટાભાઇ ! તમો પણ અમારી સાથે જમવા બેસો અને હું દહીં આપું, એમ કહ્યું. એટલે ભાઇએ પોતાનાં પાત્રમાં બાટીઓ લીધી. ત્યારે પોતે મામાને તથા મોટાભાઈને દહીં આપીને પોતે પણ લઈને ત્રણે જણ જમવા લાગ્યા. ત્યારે જમતી વખતે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે મોટાભાઇ ! જુઓને, આ દહીં અમો લાવ્યા તે કેવું તુરત કામમાં આવ્યું? અને બીજા માણસ કંઇ લાવ્યા હશે તે કોણ જાણે ક્યારે કામમાં આવશે. ત્યારે ભાઇ બોલ્યા જે, તમારી સમજણ મહા અલૌકિક છે. એમ વાત કરતા ત્રણે જણ જમતા હતા, એવી રીતે કેટલાક દિવસ તે લશ્કરમાં દહીં, માખણ અને ઘી લાવીને જમતા હતા. ત્યાર પછી તે લશ્કરની જીત થઈ, એટલે પાછું છપૈયાપુર થઈને લખનૌ શહેરમાં તે લશ્કર જતું હતું. અને પોતે મોટાભાઇ સહિત ઘેર આવીને પોતાનાં માતાપિતા તથા પુરવાસી જનોને તે લીલાની વાર્તા કહેતા હતા.

વળી એક દિવસે ધર્મદેવ ધ્યાન કરવા સારૂં બેઠા. ત્યારે અંતઃકરણમાં ભગવાનની મૂર્તિ દેખાણી અને બાળસ્વરૂપ એવા જે પોતાના પુત્ર ઘનશ્યામની મૂર્તિ વિસારી દેવા સારૂં કેટલીક ભગવાનની પ્રાર્થના કરી. પરંતુ વિસરાઇ નહિ. તે જોઈને પોતાના મનમાં મૂંઝવણ થવા લાગી ને જાણ્યું જે, આજ મુને કેમ ભગવાનની મૂર્તિ દેખાતી નથી. મારામાં કંઈ ભૂલ પડી કે શું ? એમ જાણીને ઉદાસ થઈ ધ્યાન કરવાનું મૂકી દઈને શ્રીમદ્ભાગવતનો પાઠ કરવા લાગ્યા. તેને કેટલીકવાર થઈ એટલે ઘનશ્યામ મહારાજ હસીને બોલ્યા જે, હે દાદા ! તમો માતાપિતાએ મારા જેવા પુત્રને અર્થે શ્રીઅયોધ્યાપુરીને વિષે સરયૂ

ગંગાના કિનારે દેવતાનાં તેર હજાર વર્ષ તપ કર્યું, ત્યારે આ મૂર્તિ તમારા પુત્રભાવને પામી છે. માટે તમો શા માટે મૂંઝાઓ છો ? આજ મૂર્તિનું ધ્યાન કરો. એમ કહીને પોતાનું મહા અલૌકિક ચતુર્ભુજ સ્વરૂપનું દર્શન આપ્યું. અને પૂર્વ અવતારની સ્મૃતિ કરાવી કે તુરત પાઠ કરવો બંધ કરીને બે હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા. હે પુત્ર લાડીલા ! હે દેવના દેવ ! તમો તો સર્વ અવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન છો, અને તમારી માયા વડે તમારે વિષે મારે ભગવાનપણાની વિસ્મૃતિ થઈ જાય છે. માટે હવે હે ઘનશ્યામ મહારાજ ! કોઈ દિવસ તમારે વિષે ભગવાનપણાની વિસ્મૃતિ ન થાય એ વર મને કૃપા કરીને આપો. ત્યારે અતિ પ્રસન્ન થઈને તે વરદાન આપતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે મીનસાગરના કિનારે વૈરાગીની જમાતમાં દેવતા લેવા ગયા ને તેમને ચમત્કાર દેખાડ્યો અને ધર્મદેવને ભગવાનપણાની વિસ્મૃતિ ન થાય એવો વર આપ્યો, એ નામે અડતાલીસમો અધ્યાય પૂરો થયો. ||૪૮||

## અધ્યાય ૪૯

## રામચંદ્ર સ્વરૂપ દર્શન તથા સરયુલીલા વગેરે.

વળી એક સમયને વિષે સુવાસિનીબાઈનાં બહેન ઈન્દીરા બહેનને છપૈયાપુરમાં મોતી તરવાડીના ઘેર પરણાવ્યાં હતાં. તેમને પોતાના પિતા બળદેવપ્રસાદજીએ પોતાના સાસરે વળાવ્યાં. ત્યારે તેમની સાથે સાથે પોતાના નાનાભાઈ જનકરામ તથા ભવાનિદીન એ બન્ને ભાઈને મોકલતા હતા. ત્યારે પ્રથમ મોતી તરવાડીના ઘરે તે મહેમાન પાંચ સાત દિવસ સુધી જમ્યા. ત્યારે ભક્તિમાતાએ રામપ્રતાપભાઈને કહ્યું જે, તમારા મામાને ત્યાંથી તરગામના મહેમાનને આપણે ઘરે બોલાવી લાવો. આપણે હવે થોડાક દિવસ જમાડીયે. એવું સાંભળીને ભાઈ મામાના ઘરેથી બોલાવી લાવ્યા. ત્યારે ભક્તિમાતાએ રસોઈ કરીને

તેમને જમાડ્યા, પછી સાયંકાળે પોતાના ઘરમાં સુવાસિનીબાઇ સિંહાસન આગળ તથા ઓસરી વગેરે જગ્યામાં પ્રકાશ માટે દીવા મૂક્યા. ત્યારે ધર્મદેવ આરતી ઉતારવા લાગ્યા. ત્યારે તે સર્વે મહેમાન તથા રામપ્રતાપજી, ઈચ્છારામભાઈ વિગેરે આરતી કરવા ઉભા રહ્યા. તે સમયે ઘમશ્યામ મહારાજના જમણા ચરણના અંગુઠામાંથી તેજ નિસરવા લાગ્યું, તેથી અતિ પ્રકાશ થઈ ગયો અને તે આરતી આદિકનું તેજ ઝાંખું થઈ ગયું. તે જોઈને સર્વે જન બોલવા લાગ્યા જે, અહો ! આ ઘનશ્યામભાઈના અંગુઠાના નખમાંથી આટલું તેજ કેમ નીકળે છે ? એમ કહેતાંજ તે તેજ પાછું સમાઇ જતું હતું. તે ચરિત્ર જોઈને સર્વે જનો મહા આશ્ચર્ય પામતાં હતાં.

વળી એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓને લઈને મીનસાગરમાં સ્નાન કરવા માટે ગયા અને જળમાં સ્નાન કરતા સતા અનેક પ્રકારની લીલાઓ કરતા હતા, તેમ કરતાં ઘણો સમય થયો એટલે પોતે પાણીમાં ઉંડા ઉતરીને પૃથ્વી પર બેસી ગયા. ત્યારે સર્વે સખાઓ તેમને શોધવા લાગ્યા, પરંતુ જડ્યા નહિ. તેથી ઉદાસ થઈ બોલ્યા જે, હે ભાનુ ધોબી ! ઘનશ્યામ મહારાજ અમારી સાથે સ્નાન કરતા હતા તે કોણ જાણે ડુબી ગયા કે શું ? અથવા તેમને મઘર લઈ ગયા કે શું ? કંઈ પત્તો લાગતો નથી. તેવું સાંભળીને તે ધોબી પોતાના પિતા મંછારામ ધોબી સહિત બન્ને પિતા પુત્ર ત્યાં આવીને ઉંડા પાણીમાં શોધવા લાગ્યા, તે ઘણો સમય થયો છતાં પત્તો લાગ્યો નહિ. ત્યારે મંછારામ ધોબી બોલ્યા જે, જાઓ ઘરે. તેમનાં માતાપિતાને સંભળાવો. એમને જરૂર મઘર પકડી ગયો હશે. એવું સાંભળીને સર્વે બાળકો ત્રાસ પામીને ઘેર આવીને ધર્મદેવને વાર્તા કહી. તે સમયે માતાપિતા સહિત રામપ્રતાપભાઈ, વશરામ તરવાડી વગેરે હજારો માણસો તે કૂવા ઉપર આવ્યાં. ત્યારે ઘનશ્યામ મહારાજ પોતાનાં માતાપિતા આદિક સર્વેને

મહાત્રાસનાં ભરેલાં આવ્યાં જાણીને પોતે તત્કાળ પાણી ઉપર આવીને બોલ્યા જે, હે માતાપિતા ! તમો આટલાં ત્રાસનાં ભરેલાં અહીં કેમ આવ્યાં છો ? અમો તો આ જળમાં રામચંદ્રજી આવ્યા છે તેમની સાથે વાતો કરતા હતા. તેવું સાંભળીને સર્વે મનુષ્યો તેમના સામું જોતા હતા. ત્યાંતો રામચંદ્રજીને જોઈને વિસ્મય પામતા હતા. તે વખતે તે રૂપને પોતાની મૂર્તિમાં અદ્રશ્ય કરીને પોતે જળ ઉપર ચાલ્યા આવતા હતા. ત્યારે ભક્તિમાતાએ અતિ હેતે કરીને મસ્તક ઉપર હાથ ફેરવીને કહ્યું જે, હે ભાઈ ! અમે તો તમારા સખાની વાત સાંભળીને દીલગીર થઇ, અહીં આવતાં અમારૂં કાળજું ફાટી ગયું. પરંતુ તમો મળ્યા તે બહુ સારૂં થયું. પરંતુ હવે ફરીથી મોટાભાઈ સિવાય એકલા અહીં આવશો નહિ. એમ કહીને પોતાના પુત્રને સાથે લઈને સર્વે સંબંધીથી વિંટાણા સતા ઘેર આવ્યા.

વળી એક સમયે ચૈત્ર સુદી સાતમના દિવસે ધર્મદેવ, ભક્તિમાતા, ઘનશ્યામ મહારાજ, સુવાસિનીબાઈ, મોતી તરવાડી વિગેરે કેટલાક પુરવાસીજનો અયોધ્યાપુરીમાં રામનવમીના મેળા પ્રસંગે ચાલ્યા, તે સમયે સરયુગંગાના કિનારે આવીને વહાણમાં બેસવા સારૂં ગયા. એટલે મોટા મેળાને કારણે વહાણમાં ઘણી ભીડ થઈ હતી. તે જોઈને ધર્મદેવ નાવિક પ્રત્યે બોલ્યા જે, ભાઈ અમારા ગામના ઘણા માણસો છે. માટે અમોને એક સ્વતંત્ર વહાણમાં બેસાડીને લઈ જાઓ. ત્યારે તે બોલ્યો જે, આગવું વહાણ તો નહિ મળે. આ સર્વે માણસો સાથે બેસો. જો આગવું વહાણ જોઈતું હશે તો આખા વહાણથી સવાયા પૈસા લાગશે. તેવું સાંભળીને ધર્મદેવ વિચાર કરે છે, એટલામાં તો ઘનશ્યામ મહારાજ પોતાના પિતાનો સંકલ્પ અન્તર્યામીપણે જાણીને બોલ્યા જે, હે દાદા ! તમો એના વહાણની આશા શા માટે રાખો છો ! એ ન બેસાડે તો તેનું નાવ પડ્યું રહ્યું. તમો સર્વે માણસોને લઈને અહીં આવો. એમ કહીને સર્વેને સાથે લઈને થોડેક દૂર અ યોધ્યાના રાજા

દર્શનસિંહે મંગાવેલી પથ્થરની મોટી શિલાઓ પડી હતી ત્યાં જઈને બોલ્યા જે, હે દાદા ! તમો સર્વે આ પથ્થરની છાટ્યો ઉપર બેસો. હું તમોને હાલ સરયુગંગાની સામે પાર ઉતારી દઉં. તેવું સાંભળીને સર્વે જન વિશ્વાસ લાવીને તે શિલાઓ ઉપર બેઠા અને પોતે પણ એક શિલા ઉપર ભાઈ સહિત આગળ બેઠા. પછી પોતાના હાથનો સ્પર્શ કર્યો એટલે સર્વે પથ્થરને જાણે જીવ આવ્યો હોય ને શું ? એમ એક બીજાની પાછળ ચાલ્યા. તે સામા કિનારે તેઓને ઉતારી દીધા. તે વખતે બન્ને બાજુ કિનારે હજારો માણસો હતા, તેઓ જોઈને આ બાળક તો સાક્ષાત્ રામચંદ્રજી છે. બીજાથી આવું કામ બને નહિ. એમ માનીને મહા આશ્ચર્ય પામી, પગે લાગીને ભગવાનપણાનો નિશ્ચય કરતા હતા. ત્યારબાદ ત્યાં થકી સ્નાન કરીને ચાલ્યા તે બરહટ્ટા બજારમાં આવીને પોતાને મુકામે ઉતારો કરીને જન્મસ્થાન, કનકભુવન, લક્ષ્મણઘાટ, કોશલ્યાઘાટ, ગુપ્તઘાટ, રામઘાટ, સૂર્યકુંડ, એ આદિક સર્વે તીર્થમાં દર્શન કરતા, ત્યાં પાંચ રાત્રિ સુધી નિવાસ કરીને પાછા છપૈયાપુરને વિષે આવ્યા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે તરગામના મહેમાનોને આરતી કરતાં ઐશ્વર્ય બતાવ્યું તથા મીનસાગર તળાવમાં ડૂબી ગયા, અને રામચંદ્રજી રૂપે દર્શન દીધું તથા સરયૂગંગામાં કેટલાક માણસોને પથ્થરની શિલાઓ ઉપર બેસાડીને સામે કિનારે ઉતાર્યા. એ નામે ઓગણપચાસમો અધ્યાય પૂરો થયો. ।।૪૯।।

## અધ્યાય ૫૦

## મહાભારતની કથા સાંભળી વગેરે.

એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓ સાથે આંગણામાં મલ્લકુસ્તીની રમત રમવા લાગ્યા. ત્યારે ધર્મભક્તિ, રામપ્રતાપભાઈ વિગેરે પુરવાસી સર્વે જન આવીને ત્યાં ચારેબાજુ બેસીને રમત જોતાં હતાં. તે રમતાં રમતાં બપોર થઈ ગયા તો પણ આળસ્યા

નહીં. કેમકે અંતર્યામી પોતે સર્વે વાતને જાણે છે. તે સમયમાં પોતાના પૂર્વ વૈરને સંભારતા એવા કાલીદત્તના સખા ગૌરીદત્ત, તથા શંભુદત્ત, ઈન્દ્રદત્ત તથા દિનદત્ત એ ચાર અસુરો ઘનશ્યામ મહારાજને મારવાની ઈચ્છાથી પોતાના સખાના જેવાં રૂપધારણ કરીને મલ્લકુસ્તીના નિમિત્તે આવતા હતા. તેઓને જોઈને ઘનશ્યામ મહારાજ બોલ્યા, કેમ છો ? તમારે ચારે જણને કુસ્તી કરવી હોય તો આવો અમારા સખા તૈયાર છે. ત્યારે બોલ્યા જે, ના અમારે તો તમારી સાથે કુસ્તી કરવાનો વિચાર છે. એવું સાંભળીને વેણીરામ આદિક સર્વે સખાઓને દૂર રાખીને રામપ્રતાપજીને કહ્યું જે, હે મોટાભાઈ ! આ બન્ને સાથે તમો મલ્લયુદ્ધ કરો અને આ બન્ને સાથે હું મલ્લયુદ્ધ કરું. એમ કહીને બે બે મલ્લોને લઈને બે ભાઈ કુસ્તી કરવા લાગ્યા. તે છાતી સાથે છાતી ભીડાવી તથા હાથ સાથે હાથ ભીડવા તથા મુઠીઓ વાળીને એક બીજાને મારવી તથા સામસામા ગડદા પાટવાં તેના કડાકાના પડછંદા દશે દિશાઓમાં ગાજતા હતા અને એક બીજાનો બાહુ પકડી પૃથ્વી ઉપર પટકવા, તેના શબ્દના કડાકા સત્યલોક પર્યંતમાં સાંભળીને બ્રહ્માદિક તેત્રીસ કરોડ દેવ આકાશમાર્ગેથી આવીને ઘનશ્યામ મહારાજ સહિત રામપ્રતાપ-ભાઈને અસુરો સાથે મલ્લયુદ્ધની લડાઈ જોઈને અંતરમાં ત્રાસ પામવા લાગ્યા. તે વખતે ધર્મભક્તિને પોતાના પુત્ર જેવા જણાતા હતા. પુરવાસીજનોને પોતાના સુહૃદ જેવા જણાતા હતા. અન્યને સખા જેવા જણાતા હતા અને આવેલા અસુરોને કાળ જેવા મહાભયંકર દેખાતા હતા. પછી તો છૂટવાનો ઘણો પ્રયત્ન કરે પરંતુ તેને છોડતા નથી. એવી રીતે ઘણીક વાર સુધી રમાડીને પોતાના ભાઈને ઈશારો કર્યો જે ભાઈ, હવે ઘણો સમય રમાડ્યા, પાર મૂકો. ને ઉપર આકાશમાં દેવો પણ હાર પામી ગયા છે. તેને ધીરજ આપવા સારૂં પોતાના જમણા હાથ વડે બન્ને અસુરોને ઉડાડતા હતા. તે આકાશમાં પવનના વેગથી બન્ને જુદા

પડી ગયા. તેમાં એક અસુર તો શ્રવણ તળાવડીના વનમાં જઈને પડ્યો અને બીજો તો મનોરમા નદીના વનમાં જઈને પડ્યો. ત્યાર પછી રામપ્રતાપભાઈએ પોતાના હાથ વડે એકદમ મહાજોરથી બન્ને અસુરોને પકડીને ચારે તરફ વીંઝોળીને ઉછાળ્યા તે પણ આકાશમાર્ગે વાયુના ગોળા ભેગા ઘણીકવાર ભમીને પડતા હતા. તેમાં એક તો વિશ્વામિત્રી નદીના સામે પાર વનમાં પડતો હતો. અને બીજો તો સરયૂ નદીના કિનારે બીલવા બજારના વનમાં પડતો હતો. એવી રીતે એ ચાર અસુરો ભગવાનને મારવા માટે આવેલા. પરંતુ સામા પોતાના પ્રાણનો ત્યાગ કરતા સતા મૃત્યુને પામતા હતા. ત્યારે આકાશમાં બ્રહ્માદિક દેવો પ્રસન્ન થઈ ચંદન પુષ્પવડે ભગવાનને વધાવતા સતા દુંદુભિ બજાવતા હતા. ત્યાર પછી કેટલોક સમય વીત્યા પછી ધર્મદેવે પુછ્યું જે, હે રામપ્રતાપ! એ કોણ હતા ? ત્યારે તેણે કહ્યું જે, હે દાદા ! તે તો પૂર્વના ચાર અસુરો ઘનશ્યામભાઈને મારવા સારૂં આવ્યા હતા. પરંતુ પોતે જ મરણ પામ્યા. એવું સાંભળીને ધર્મભક્તિ પોતાના પુત્ર ઘનશ્યામ મહારાજના મસ્તક ઉપર હાથ ફેરવીને હેત સહિત રસોઈ કરીને બન્ને ભાઈઓને જમાડતાં હતાં.

વળી એક સમયે અયોધ્યાપુરીમાં ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓ પ્રત્યે બોલતા હતા જે, હે દીલ્લીસંગ ! ચાલો, આજે આપણે એકાદશીના દિવસે નવગજાપીરની આંબલી નીચે કેટલાક દિવસથી મહાભારતની કથા વંચાય છે તે કથા સાંભળવા જઈએ. અમારા મોટાભાઈએ ના પાડી છે, માટે તેમને સૂવા દઈને છાનામાના જઈશું. એમ કહીને ભાઈ જ્યારે સૂઈ ગયા, ત્યારે પોતે નિદ્રામાં લય કરીને સાયંકાળે ત્યાંથી ચાલ્યા તે જેસંગપુર બજાર સોંસરા થઈને આંબલી હેઠે ગયા. ત્યાંતો રાજા દર્શનસિંહ અનંત માણસોથી વિંટાણા થકા મોટી પાટ ઉપર ગાદી તકીયાને ઓઠીંગણે બેઠા હતા. તે સત્કાર કરીને પોતાની સમીપે બેસારતા હતા. પછી બહુવાર કથા સાંભળીને સમાપ્તિ થઈ,

ત્યારે કથાનું સન્માન કર્યું જે, પાંચ રૂપિયા ભેટ મૂકીને પોતાનું મહાતેજોમય ચતુર્ભુજ શ્રીરામચંદ્રજી રૂપે ઘડી એક દર્શન આપીને, પાછું તે ઐશ્વર્ય પોતાના વિષે છુપાવી લઈને ત્યાં થકી ચાલ્યા, તે ઘેર આવતાં વચ્ચે રાજાના દરબાર પાસે આવ્યા. ત્યારે કેટલાક અસુરાંશ આગળ ફરી વળ્યા. અને બે બાજુના બે દરવાજા બંધ કર્યા. પછી તે અસુરાંશનો પરસ્પર વૈર કરાવીને નાશ પમાડીને, કોઈને ખબર ન પડે તે રીતે બેય દરવાજાનાં તાળાં ઉઘાડીને ઘેર આવીને ભાઈને ન જણાવા દેતાં શયન કરતા હતા. આવી રીતે અયોધ્યાપુરીમાં ઘણા ઠેકાણે શ્રીમદ્ભાગવતની તથા રામાયણ આદિક સારી કથાઓ વંચાય તેને સાંભળવા સારૂં ઘનશ્યામ મહારાજ બેય વખતે જતા હતા. એમ કરતાં કોઈક દિવસે રાત્રિ પડી જાય ત્યારે મોટાભાઈ ના પાડે અને કહે જે, હે ઘનશ્યામ ! તમારે રાત્રિમાં કયાંય કથા સાંભળવા જવું નહીં. કારણ કે, કોઈક અસુર તમોને વિઘ્ન કરે. તેવું સાંભળીને એમ કહ્યું જે, હે મોટાભાઈ ! એક બે વિઘ્નને કોણ ગણે છે ? પરંતુ કરોડ વિઘ્ન આવે તો પણ કથા સાંભળ્યા સિવાય કેમ રહેવાય ? એમ કહેતા હતા. એવી રીતે અયોધ્યાપુરીમાં મોટાં નાનાં ત્રણસો ને સાઠ મંદિરો છે. તેમાં નિત્યે દર્શન કરીને જમવાનું નિયમ રાખેલું હતું. તેમાં ત્યાં રહ્યા ત્યાં સુધી કોઈ દિવસ દર્શન કર્યા સિવાય જળપાન કર્યું નથી.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે પૂર્વના ચાર અસુર મારવા આવ્યા તેઓનો મલ્લકુસ્તીથી પરાજ્ય કર્યો અને મહાભારતની કથા સાંભળીને ચતુર્ભુજ સ્વરૂપે દર્શન દીધું. એ નામે પચાસમો અધ્યાય પૂરો થયો. ।।૫૦।।

## અધ્યાય ૫૧

## સુરદાસને દેખતા કર્યા વગેરે ઐશ્વર્ય.

એક સમયે મોતી તરવાડીએ ગામ ભેટીયાના તળાવની ચારે

બાજુ ફરતાં કમોદ રોપાવી હતી.પરંતુ વરસાદ ચારે માસ સુધી સતત વરસતો હતો. તેથી તળાવમાં ડાંગર ઉપર પાણી એમ ને એમ ભરાઇ રહ્યું. તે પાણીને જોઇને મોતી તરવાડી નિરાશ થઇ ગયા કે હવે ડાંગર થશે નહીં. ત્યાર પછી કોઇક દિવસે ધર્મદેવ, મોતી તરવાડી, ઘનશ્યામ મહારાજ એ ત્રણ જણ કોઇ કારણસર છપૈયાપુરથી ગામ ભેટીયામાં આવ્યા. ત્યારે ધર્મદેવ ગામના તળાવ ઉપર મહુડાના વૃક્ષ નીચે ગયા. ત્યારે પોતાને સાંભર્યું જે, હે મોતી તરવાડી ! તમો કહેતા હતા જે ઘણા વરસાદથી અમારી રોપેલી ડાંગર સડી ગઇ છે. તે ડાંગર તમોએ ક્યાં વાવેલી છે? તેવું સાંભળીને મોતી તરવાડી ડાંગર વાવી હતી તે જગ્યા બતાવતા હતા. ત્યારે તે જગ્યાએ પાણી ભરેલું જોઇને ધર્મદેવે કહ્યું જે, આટલા પાણીમાં ડાંગરની આશા રાખવી નહીં. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે મામા! કદાપિ આમાંથી ડાંગર થાય તો અમોને કેટલી આપશો? ત્યારે બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ! બધીયે તમારીજ છે. પણ આટલા દિવસથી ઉપર પાણી ભરેલું છે માટે તે ડાંગર જરૂર સડી ગઇ હશે. ત્યારે હસતા હસતા બોલ્યા જે, પાણીમાં કોઇ દિવસ સડે નહીં. એમ કહીને તે થોડેક આગળ જઇને પોતાના જમણા ચરણનો અંગુઠો પૃથ્વી ઉપર દબાવ્યો કે તરત પાતાળ સુધી ઉભો ચીરો થઇ ગયો અને તે સમગ્ર પાણી પાતાળમાં ઉતરી ગયું. તેનો ઘોર શબ્દ થયો. તે સાંભળીને ગામનાં કેટલાંક માણસો દોડી આવ્યાં, જે આ શું થયું? ત્યારે પાણીમાં રહેલાં માછલાં આદિક સર્વ જીવજંતુઓ પાણી સિવાય દુઃખી થતાં જોઇને ધર્મદેવના મનમાં ઘણી દયા આવી. તે સમયે પોતાના સંકલ્પથી સ્વર્ગના રાજા ઈન્દ્રે પ્રેરેલાં કેટલાંક વિમાનો આકાશમાંથી આવ્યાં. તેમાં સર્વે મત્સ્યાદિક જીવજંતુઓ ચતુર્ભુજ સ્વરૂપે બનીને ધર્મદેવને નમસ્કાર કરીને બેસી ગયા. તે ચરિત્ર જોઇને પોતાના પિતા ધર્મદેવ તથા મોતી તરવાડી વિગેરે ગામનાં માણસો સર્વે મહા આશ્ચર્ય

પામતાં હતાં. ત્યારબાદ ઘણા દિવસે તે જગ્યાએ વાવેલી ડાંગર પાકેલી જોઈને બહુ રાજી થયા. પછી મોતી તરવાડી પોતાના નોકર પાસે કપાવીને ઘેર લઈ ગયા, તેમાંથી કેટલીક ડાંગર થઈ. તે ચરિત્ર જોઈને ગામ ભેટીયાના રઘુવીર તથા ગુલામસંગ તથા ગામ કુષ્મીના દયારામ દુબે તથા નરેચા ગામના બાબુ સન્માનસિંહ તથા આનંદ તરવાડી એ આદિક કેટલાક ગામના જનો મહાવિસ્મય પામતા હતા.

વળી એક સમયને વિષે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓને લઈને નારાયણ સરોવરના દક્ષિણ કિનારા ઉપર થઈને ચાલ્યા, તે કેસરીયા આંબાના વૃક્ષ નીચે બેસીને નારંગીનાં ફળ જમતા સતા ત્યાંથી ચાલ્યા, તે ગામ અંગિયે થઈને તાબેપુર ગયા. ત્યાં ક્ષત્રિ રામસંગની દીકરી રામકુંવરબાઈ પોતાના ઘરના વાડામાં બોરડીના વૃક્ષ ઉપર ચડીને બદરી ફળ ખાતી હતી. તે વખતે ઘનશ્યામ મહારાજ પોતાના સર્વે સખાઓ સહિત ત્યાં જઈને ઉભા રહ્યા. ત્યારે વેણીરામ બોલ્યા જે, ઘનશ્યામભાઈ! આ બદ્રિફળ બહુ સારાં આપને જમવા જેવાં છે. એમ કહે છે તેટલામાં તો તે બાઈના ખોળામાં ઘણાંક બદ્રિફળ ભરેલાં હતાં. અને ઉતરવા જાય છે કે તુરત પડી ગઈ. ત્યારે તેને લાંબો હાથ કરીને પોતે અદ્ધર ઝીલી લઈને રક્ષા કરીને કંઈ વાગવા દીધું નહીં. તેથી બહુ રાજી થઈને બદ્રિફળ સર્વે સખાઓને આપતી હતી. પછી ત્યાં થકી આગળ ચાલ્યા તે ગુરગામ થઈને શ્રવણ તલાવડીએ ગયા અને ત્યાં સ્નાન કરીને ત્યાંના મેળામાં ઘણો સમય ફર્યા. અને ત્યાં થકી ચાલ્યા તે ગામ પતીજીયામાં સંધ્યાગીરી બાવાને મળીને છપૈયાપુરમાં આવ્યા, પછી કેટલાક દિવસ બાદ એકાદશીના દિવસે ધર્મભક્તિ, વશરામ તરવાડી વિગેરે કેટલાક જનો શ્રવણ તલાવડીએ સ્નાન કરવા ગયા, તે સમયે ત્યાં બીજાં કેટલાંક માણસો પણ મેળામાં સ્નાન કરવા આવ્યાં હતાં. ત્યારે તે તલાવડીના કિનારે એક બાવો આસન લગાવીને બેઠો

**હતો. અને સમીપમાં કેટલાક સુરદાસો બેઠેલા હતા.તે શા વિચારથી બેઠેલા જે, આ બાવો અંધને દેખતા કરે છે. એમ જાણીને બેઠેલા હતા.ત્યારે એ બાવે સુરદાસો પાસે પૈસા માગ્યા જે, તમારી પાસે પૈસા હોય તો મને આપો, હું તમને દેખતા કરૂં. નહિ તો અહિંથી સર્વે ઉઠી જાઓ. એમ કહે છે, તેને સાંભળીને ધર્મદેવ સ્નાન કરીને બહાર નીકળીને વસ્ત્ર પહેરતા હતા.તે સમયે સુરદાસો બોલ્યા જે, હે ભગવન્! અમારી પાસે પૈસા કયાંથી હોય? એમ કહી ઉદાસ થઈ વેગળા જઈને બેઠા. તેમને જોઈને ઘનશ્યામ મહારાજને બહુ દયા આવી અને બોલ્યા જે, હે દાદા! આ બિચારા નેત્રે દેખે તો બહુ સારૂં થાય. એમ કહીને પોતાના પિતાની સાથે સુરદાસો પાસે જઈને બોલ્યા જે, હે સુરદાસો! કેમ, તમોને એ બાવે દેખતા ન કર્યા ? ત્યારે બોલ્યા જે, તે તો અમારી પાસે પૈસા માગે છે, તે અમો ક્યાંથી લાવીને આપીએ ? અમોને તોપુરૂં ખાવા પણ મળતું નથી. તેવું સાંભળીને દયાળુ એવા ધર્મકુમાર બોલ્યા જે, હે સુરદાસો ! તમો દુઃખી બહુ થાઓ છો? ત્યારે કહે હા, દુઃખી તો થઈએ છીએ, પણ પરમેશ્વરની મરજી હોય તેમ થાય. એમ કહીને બહુ દીલગીર થઈ ગયા. તેમને જોઈને પોતાને બહુ દયા આવી. તેથી પોતાની ઈચ્છાથી તત્કાળ તેઓ દેખતા થયા અને સર્વેને પોતાનું ચતુર્ભુજ દર્શન આપ્યું. તે જોઈને મહા આનંદથી ઘનશ્યામ મહારાજને પગે લાગી સ્તુતિ કરવા લાગ્યા જે, હે મહારાજ ! તમો અમોને આ સમયે ન મળ્યા હોય તો અમારી ભુંડી દશા થવાની હતી. એમ કહીને પોતે પોતાના ગામ જતા હતા. આવું મહા અલૌકિક ઐશ્વર્ય બાવા સહિત હજારો મનુષ્ય જોઈને મહાઆશ્ચર્ય પામતાં હતાં.**

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ભેટીયા ગામના તળાવમાં પોતાનું ઐશ્વર્ય દેખાડી માછલાં આદિક જીવ જંતુઓને દેવલોકમાં મોકલ્યા તથા સુરદાસોને દેખતા કર્યા. એ નામે

એકાવનમો અધ્યાય પૂરો થયો. ||૫૧||

## અધ્યાય ૫૨ - ભોજનલીલામાં ચમત્કાર.

એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના દાદાની સાથે ગામ પીરોજપુર ગયા હતા. તે વખતે ભક્તિમાતાનાં બે બહેનો વસંતાબાઇ તથા ચંદનબાઇ, પોતાના પુત્ર માણેકધર તથા બસ્તી એ ચારે જણ ભક્તિમાતાને તથા ઘનશ્યામ મહારાજને મળવા સારૂં તરગામથી આવ્યાં, તે આવીને વસંતાબાઇ ભક્તિમાતાને મળ્યાં અને સર્વે સમાચાર પૂછીને બેઠાં. ત્યારે ચંદનબાઇએ કહ્યું જે, ઘનશ્યામભાઇ ક્યાં છે ? ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, એતો એમના દાદાની સાથે પીરોજપુર ગયા છે તે થોડીવારમાં આવશે. એમ કહે છે ત્યાંતો તેઓ ઘેર આવ્યા, ત્યારે ચંદનબાઇએ ઘનશ્યામ મહારાજને તથા ઇચ્છારામભાઇને પતાસાં આપ્યાં. પછી સુવાસિનીબાઇએ રસોઇ કરીને સર્વેને જમાડ્યાં. ત્યારબાદ એક દિવસે વસંતાબાઇ તથા ચંદનબાઇએ બન્ને જણ સવારમાં વહેલાં ઉઠીને ઘઉં દળતાં તુલસીદાસ રચિત પ્રભાતિયાં ગાતાં હતાં. તેમાં ભગવાનને જગાડવાનો શબ્દ આવ્યો જે, ઉઠો લાલજી પ્રભાત ભયા હે. તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજ ઓસરીમાં ઢોલિયા ઉપર સૂતેલા હતા તે બોલ્યા જે, હે માસી ! હું તો જાગું છું. તમારે શું કામ છે ? ત્યારે બોલ્યાં જે અમો તો ભગવાનને જગાડીએ છીએ. તમોને કોણ જગાડે છે ? એમ કહીને ઘંટી ઉભી રાખી હતી તે દળવા લાગ્યાં. ત્યારે ઘનશ્યામ મહારાજે પોતાનો હાથ લાંબો વધારીને ઘંટી ઉપર મૂક્યો. ત્યારે હાથના ભારથી ઘંટી ફરતી હતી તે બંધ થઇ ગઇ. તે જોઇને વસંતાબાઇ બોલ્યાં જે, આ કોનો હાથ છે ? ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, તમો જેને જગાડો છો તેનો. ત્યારે હાથને એક બાજુ કરવા બન્ને બહેનોએ ઘણો પ્રયત્ન કર્યો પરંતુ જરાયે ખસ્યો નહિ. ત્યારે મહા આશ્ચર્ય પામી હસવા લાગ્યાં. તે

સાંભળીને ભક્તિમાતા બોલ્યાં જે, હમણાં સવાર થઈ જશે, રમવાનું છોડી દઈને દળવાનું વહેલું પાર મૂકી દ્યો. ત્યારે બોલ્યાં જે, આ ઘનશ્યામભાઈએ ઘંટી ઉપર હાથ મૂક્યો છે તેથી ફરતી નથી. અમો ક્યારનો હાથ ખસેડીએ છીએ પરંતુ કોરે ખસતો નથી. તે સાંભળીને ભક્તિમાતા દીવો કરીને આવ્યાં અને જોઈને કેવા લાગ્યાં જે, હે પુત્ર લાડીલા ! તમો હાથ લઈ લ્યો. ત્યારે બોલ્યા જે, દીદી ! તે કોને જગાડે છે ? ત્યારે વસંતાબાઈએ કહ્યું, લ્યો તમોને જગાડીએ છીએ, એમ કહ્યું ત્યારે પોતાનો હાથ લઈ લીધો અને બોલ્યા જે, પ્રથમથી આમ કહ્યું હોત તો આટલી મહેનત ન પડત, ત્યારે બોલ્યાં જે, પ્રથમ ક્યાં અમોને ખબર હતી ? ત્યારે બોલ્યાં જે, કેમ, તમોને માલુમ ન હતી ? અમોએ તમોને ઘણા ચમત્કારો દેખાડ્યા છે. તે ભૂલી ગયાં ? ત્યારે બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ ! અમો તો તમારી માયા વડે ભૂલી જઈએ છીએ. એમ કહીને ગદ્ ગદ્ કંઠે થઈ પોતાનો અપરાધ ક્ષમા કરવા પગે લાગતાં હતાં.

વળી એક સમયને વિષે ત્રીજા પહોરના સમયે ઘનશ્યામ મહારાજ ચંદનબાઈ પ્રત્યે બોલ્યા જે, હે માસી ! મને તો આજે ભૂખ લાગી છે માટે ખાવાનું આપો. ત્યારે કહ્યું જે, ભાઈ ! હમણાં તમોને આ કમોદના પૌઆ અને દહીં આપું તે જમો અને થોડા સમયમાં રસોઈ તૈયાર થશે તે જમજો. ત્યારે બોલ્યા જે, ના અમોને તો અત્યારે જ શાક અને રોટલીઓ બનાવી આપો. ત્યારે ચંદનબાઈ રસોડામાં જઈને ચૂલામાં દેવતા સળગાવીને પરવળનું શાક વઘારી, લોટ બાંધીને રોટલી વણવા સારૂં પથ્થરની આડણી વેલણ ટાંકામાં મૂકેલાં હતાં તે લઈને નીચે મૂકવા ગયાં. ત્યારે તુરત જ હરિઈચ્છા થકી આડણી હાથમાંથી પડી ગઈ અને તેના ચાર કકડા થઈ ગયા. તે જોઈને પોતે ઉદાસ થઈ ગયાં, તેમને ઉદાસ થયેલાં જોઈને બોલ્યા જે, હે માસી ! તમો ચિંતા શા માટે કરો છો? જુઓને! આડણી તો સાજી છે, કાંઈ ભાંગી નથી, એમ કહી પોતાના

હાથમાં લઈને માસીને આપી. તે જોઈને મહા આશ્ચર્ય પામતાં સતાં રોટલી શાક કરીને અતિ હેતે સહિત જમવા બેસાડ્યા. તે વખતે માણેકધર તથા ઈચ્છારામજી એ બન્ને જણ આંગણામાં રમતા હતા તે ઘનશ્યામ મહારાજને જમતા જોઈને ત્યાં આવીને બોલ્યા જે, હે માતા! અમોને પણ ભૂખ લાગી છે, માટે અમોને પણ રોટલી ને શાક આપો. ત્યારે બોલ્યા જે શાક ને રોટલી તો ઘનશ્યામભાઈને આપી. હવે તો આ કમોદના પૌઆ તથા દહીં છે તે તમો જમો. ત્યારે બોલ્યા જે, એતો અમારે નથી જમવા. એમ કહીને ત્રણે જણ રીસ કરીને પાછા ગયા. ત્યારે ઘનશ્યામ મહારાજ જમતાં જમતાં બોલ્યા જે, ભાઈ માણેકધર ! તમો પાછા આવો, આપણે ચારે જણ ભેગા જમીએ. ત્યારે તેઓ બોલ્યા જે, હવે જમી રહ્યા પછી ? ત્યારે બોલ્યા જે, અરે ભાઈ ! હું તો હમણાં હાલ જ બેઠો છું. અને હજી તો આ શાક ટાઢુયે થયું નથી. તમો ન માનો તો આ માસીને પૂછી જુઓ. તેવું સાંભળીને ત્રણે જણ પાછા આવીને ભેગા બેસીને જમવા લાગ્યા. ત્યારે ચંદનમાસી બોલ્યાં, હે ઘનશ્યામ ! આ બે રોટલી છે તેમાં તમો શું જમશો ? અને તેઓ શું જમશે ? ત્યારે બસ્તી બોલ્યો જે, હે માસી ! આતો ઘણી રોટલી છે. ત્યારે કહે જે ભલે, હોય તો જમો. એમ કહેતાં ચારેજણ જમી ચળુ કરીને ઉઠ્યા તો પણ થાળીમાં બે ને બે રોટલીઓ આખી દેખીને મહા આશ્ચર્ય પામતાં હતાં. આ વાર્તા પોતાની બહેન ભક્તિમાતા તથા વસંતાબાઈ, સુવાસિનીબાઈ વગેરેને કહેતાં હતાં. તે સાંભળીને સર્વે આશ્ચર્ય પામતાં હતાં.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે પોતાની માસીને દળતી વખતે પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું તથા પોતે અને ઇચ્છારામભાઇ અને બીજા માસીના પુત્ર બે એમ ચાર ભાઇઓ ભેગા જમીને ઉઠ્યા છતાં રોટલીઓ એટલી ને એટલી રહી. એ નામે બાવનમો અધ્યાય પૂરો થયો.॥૫૨॥

## અધ્યાય ૫૩
## પ્રભુની દિવ્ય બાળલીલાઓ.

વળી એક સમયે ભક્તિમાતા રામપ્રતાપભાઇ પ્રત્યે બોલ્યાં જે, હે રામપ્રતાપભાઇ ! આપણા ઘરમાં રસોઇ કરવા માટે બે ચાર દિવસ ચાલે તેટલાં લાકડાં છે પરંતુ વધારે નથી. અને વરસાદ હવે થોડા દિવસમાં આવશે તો ચોમાસામાં શું બાળીશું ? ત્યારે બોલ્યા જે, દીદી ! તમો કાંઇ ફીક્કર કરશો નહિ. અમો વરસાદ આવ્યા પહેલાં લાવી આપીશું. પરંતુ હાલમાં મારે કારણ વશાત્ તરગામ જવું છે. આવીને લઇ આવીશ. એમ કહીને સર્વે સાથે જમવા બેઠા. તે જમીને ચળુ કરીને પોતે એકલા જ પોતાના સસરાનું ગામ જે તરગામ ત્યાં જઇને થોડાક દિવસ રહીને જ્યારે પાછા વળવાના થયા ત્યારે, પોતાની સાસુએ રસ્તામાં ટીમણ કરવા સારૂં સાથવો તથા પૌઆ અને ખાંડ તથા દહીંનું ભરેલું એક ગોરસ. એવી રીતે આપીને તે સામાન એક ભોઇ પાસે ઉપડાવીને સાથે મોકલતાં હતાં, પછી ત્યાંથી ચાલ્યા તે વચ્ચે મનોરમા નદીમાં સ્નાન કરીને સર્વે સામાનનું ટીમણ કરીને ભોઇને પાછો મોકલ્યો અને થોડો સમય વિશ્રામ કરીને ચાલ્યા, વચ્ચે આવતાં મોટું સુકાયેલું મહુડાનું થળ પડેલું હતું તેને જોઇને પોતે વિચાર કર્યો જે, આ થળને જો હું ઘેર લઇ જાઉં. તો એક વર્ષ દહાડા સુધી તો શું, પણ કેટલાંય વર્ષ સુધી લાકડાં રસોઇ કરવા ચાલશે. એમ વિચાર કરીને ઘેર આવીને ચોકીયું ગાડું જોડાવીને ત્યાં આવી, ગાડાં ઉપર લાકડું ચઢાવવા માંડ્યું પરંતુ ચઢ્યું નહીં. ઘણી મહેનત કરી પરંતુ કાંઇ ન ચાલવાથી નિરાશ થઇને બેઠા અને એમ બોલ્યા જે, ઘણા માણસોનું આ કામ હતું અને મેં બોલાવ્યા નહી. હવે આ વનમાં શું થશે ? એમ ચિંતા કરતાં પોતાના શરીરે પરસેવો બહુ વળ્યો, તે વખતે ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી આકાશવાણી થઇ જે, હે રામપ્રતાપજી ! તમો તો સાક્ષાત્ શેષનારાયણનો

અવતાર છો. અને આ સમગ્ર પૃથ્વીને તમો તમારા મસ્તક ઉપર ધારણ કરી રહ્યા છો. અને આ વૃક્ષને તમો કેમ ઉપાડી શકતા નથી ? એવું સાંભળીને તત્કાળ પોતાના શરીરમાં અતિશે જોર આવ્યું જે, હુંતો સંકર્ષણ છું અને મારે આવું લાકડું ઉપાડવું તે શી ગણનામાં છે ? એમ વિચાર કરી પોતે તત્કાળ ઉભા થઈને પોતાના જમણા ખભા ઉપર તે લાકડું ઉપાડી ચડાવી દેતા હતા. પછી ત્યાંથી ચાલ્યા તે પોતાના ઘેર આવીને આંગણામાં તે લાકડાંને નાખતા હતા. તે જોઈને સર્વે બોલ્યા જે, અહો હે ભાઈ ! તમો આવાં મોટાં લાકડાંને ક્યાંથી લાવ્યા ? ત્યારે કહ્યું જે, અમારાં દીદીને રસોઈ કરવા બળતણ થઈ રહ્યું હતું. તેથી મનોરમા નદીના વનમાંથી અમો લાવ્યા છીએ. તેવું સાંભળીને સર્વે જનો મહા આશ્ચર્ય પામતાં હતાં.

વળી એક સમયે રામનવમીના ઉત્સવ ઉપર ધર્મદેવ પોતાનાં સગાં સંબંધીને કંકોત્રીઓ લખીને તેડાવતા હતા. અને રામનવમીના દિવસે ઉપવાસ કરીને રાત્રે કથા વાર્તા ભજન સ્મરણ કરીને, સવારે પારણાં કરવા માટે ભક્તિમાતાએ રસોઈ કરી, ઠાકોરજીની આગળ જમવા સારૂં થાળ મુક્યો. તે સમયે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દીદી ! અમોને ભૂખ લાગીછે. ત્યારે ભક્તિમાતાએ ઠાકોરજી પાસે બીજો થાળ પીરસીને જમવા બેસાડ્યા અને જેટલી રસોઈ કરી હતી, તે સર્વે જમી ગયા અને બોલ્યા જે, હે દીદી ! હવે મારા હાથ ધોવરાવો. પછી ભક્તિમાતાએ હાથ ધોવરાવીને ધર્મદેવને કહ્યું જે, રસોઈ તો સર્વે ઘનશ્યામ જમી ગયા. માટે આપણે બીજું સીધું લાવો, એમ કહ્યું ત્યારે ધર્મદેવ, વશરામ ત્રવાડી વિગેરે સીધું લેવા ગયા. તે સમયે ધર્મકુંવર બોલ્યા જે, દીદી રસોઈ તો ઘરમાં હશે. તે આ સર્વે મહેમાનોને તો જમાડો ? ત્યારે બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ ! તમો બહુ જમી ગયા તે હવે ક્યાંથી હોય ! તેવું સાંભળીને બોલ્યા જે, તમો રસોડામાં જઈને

જુવોતો ખરાં ! ત્યારે બોલ્યાં જે, હે ભાઈ ! હમણાં જ રસોડામાંથી જોઈને આવું છું, કાંઈ નથી. બધાંયે વાસણ ખાલી પડ્યાં છે. ત્યારે કહ્યું જે, એમ નથી. ચાલો અમારી સાથે, બધાંયે વાસણ રસોઈનાં ભરેલાં એમને એમ છે. ત્યારે ભક્તિમાતા કહે, ચાલો. ત્યાં તો રસોડામાં જઈને જુવે છે ત્યારે બધીએ રસોઈના પાક એમ ને એમ હતા. તે જોઈને આનંદ પામી, રામપ્રતાપભાઈને કહ્યું જે, તમો આ સર્વે મહેમાનોને તથા સગાં સંબંધીઓને બોલાવીને જમવા બેસાડો અને રસોઈ તો ઘનશ્યામ મહારાજના પ્રતાપથી સર્વે તૈયાર છે. એમ કહે છે તેટલામાં તો ધર્મદેવ, વશરામ ત્રવાડી સીધું લઈને આવ્યા. એટલે તે વાત જાણીને સર્વે મહેમાન આદિક સગાં સંબંધીને બોલાવીને જમાડતા હતા. અને તે સર્વે જમી રહ્યા હતા. તોપણ રસોઈનો પાક એમ ને એમ ભરેલો જોઈને ધર્મદેવ આદિક પુરવાસી જનો સર્વે આશ્ચર્ય પામતાં હતાં. તે પછી બીજે દિવસે સર્વે સગાં વહાલાં બેસીને સામ સામાં વાર્તાઓ કરવા લાગ્યાં, ત્યારે સુવાસિનીબાઈના ખોળામાં ધર્મકુંવર નાના છ માસના હોયને શું ! એવા બાળસ્વરૂપે સર્વે સ્ત્રીઓને જણાતા હતા. તે જોઈને સર્વેના મનમાં એમ સંકલ્પ થયો જે, આવા બાળરૂપે ઘનશ્યામ આપણને રમાડવાના હોય તો ઠીક. ત્યારે તે સર્વેના મનોરથ અંતર્યામીપણે જાણીને જેટલી બાઈઓ હતી તેટલારૂપે પોતે થયા અને સર્વને સરખું હેત દેખાડતા સતા સર્વેના મનોરથ પૂર્ણ કરતા હતા. એવી રીતે સર્વેનો ભાવ પુરો કરીને પાછા એક રૂપે હતા તેવા થઈને, પોતાનાં ભાભી સુવાસિનીબાઈ પાસે બેસતા હતા. ત્યારે સુવાસિનીબાઈ હાથમાં કાંસકી લઈને ચોટલીમાં તેલ નાખીને ઓળતાં હતાં. પછી આવેલાં સર્વે મહેમાનો રજા માગીને ઘેર ગયાં. તે વખતે કોઈને પાંચ દિવસ, કોઈને દશ દિવસ, કોઈને વીશ દિવસ, કોઈને એક માસ, કોઈને છ માસ. એવી રીતે સર્વેને ઘનશ્યામ મહારાજની મૂર્તિ પોતાની દૃષ્ટિ આગળ

**દેખાતી હતી. એવું મહા ચમત્કારી ચરિત્ર જોઈને સર્વે જન મહા આશ્ચર્ય પામતાં હતાં.**

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે રામપ્રતાપભાઇ વનમાંથી આકાશવાણીના કહેવાથી મહુડાનું લાકડું ગાડાંમાં નાખીને ઘેર લાવ્યા તથા ઘનશ્યામ મહારાજે ઘણી સ્ત્રીઓના ખોળામાં બાળસ્વરૂપે થઇને મનોરથો પુરા કર્યા. એ નામે ત્રેપનમો અધ્યાય પૂરો થયો. ।।૫૩।।

## અધ્યાય ૫૪

## રામપ્રતાપભાઈને ઐશ્વર્ય દેખાડ્યું વિગેરે.

**વળી એક સમયે તરગામથી રામપ્રતાપભાઈના સસરા બળદેવપ્રસાદજી ધર્મદેવના ઘેર તથા મોતી તરવાડીના ઘેર પાંચ પાંચ ફણસની ભેટ મોકલતા હતા. તે ફળ પાકેલાં અને મહાસ્વાદિષ્ટ જાણીને ધર્મદેવ રામપ્રતાપભાઈને કહેવા લાગ્યા જે, હે રામપ્રતાપ! તમો આ ફણસ સુધારીને મોટા તપેલામાં ભરો. પછી જ્યારે આપણે ઠાકોરજીને જમાડવાનો સમય થશે ત્યારે ધરાવીને સર્વેને પ્રસાદી આપીશું. તેવું સાંભળીને રામપ્રતાપભાઈ ફણસનો રંગ કેસર જેવો અને મહા સુગંધીમાન જોઈને સર્વેનું મન લોભાઈ જાય એમ જાણીને, ઓરડામાં જઈને સુધારતા હતા. અને સુધારી તપેલામાં ભરીને ઉપર ત્રાંસ ઢાંકીને બહાર આવ્યા. તે વાર પછી ઘનશ્યામ મહારાજે પોતાના સખાઓને બોલાવીને છાનામાના તે ઓરડામાં જઈને કોઈ ન જાણે તેટલા માટે કમાડ બંધ કરીને, સર્વે ફળ જમીને પાછું તે વાસણ કોઈ ન જાણે તેમ, એમને એમ ઢાંકીને પાછા બહાર નીકળી, નારાયણ સરોવરમાં જઈને હાથ ધોવા લાગ્યા. તે વખતે સુવાસિનીબાઈ જળ ભરવા સારું પોતાની સાહેલીઓ સાથે આવ્યાં હતાં. ત્યારે તેમને હાથ ધોતા દેખીને પૂછવા લાગ્યાં. જે, હે ઘનશ્યામભાઈ! તમારા હાથ કેવા હતા તે ધોયા? ત્યારે**

પોતે તો ન બોલ્યા, પરંતુ વેણીરામ બોલી ઉઠ્યા, અમોએ ફણસ ખાધાં તેથી હાથ ધોયા. એવું સાંભળીને સુવાસિનીબાઇ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યાં, રખેને ઘરમાં ફણસ સુધારી રાખ્યું છે તે સર્વે ખાઇને અહીં આવ્યા હોય ! એમ પોતાના મનમાં વિચાર કરીને ઘેર આવીને ઓરડામાં જઇને તપેલામાં જુએ તો કાંઇ ન મળે. ત્યારે સુવાસિનીબાઇ ભક્તિમાતાને બોલાવીને તે બધી વાત કહી. ત્યારે ભક્તિમાતા તપાસ કરી જોઇને સાચું માનતાં હતાં જે, નક્કી આતો ઘનશ્યામ વિના બીજા કોઇનો હાથ હોય નહિ, એમ કહીને પોતાના મનમાં જરા રીસની ચટકી લાવીને આગલે બારણે સોટી લઇને બેઠાં. ને જાણે આવે તો બે સોટીઓ મારૂં. પછી થોડીકવાર વિત્યા પછી ઘનશ્યામ પાછા ઘેર આવ્યા, ત્યારે પોતાની માતાને આંગણા વચ્ચે સોટીએ સહિત બેઠેલાં જોઇને બીક લાગી જે રખેને મારે, એમ જાણીને ભીંતમાં સંતાતા સંતાતા ઘરમાં પેસી ગયા. પછી અત્યંત દયાળુ એવાં પ્રેમવતી માતા પોતાના પુત્ર પાસે જઇને મસ્તક ઉપર હાથ ફેરવીને કહેવા લાગ્યાં જે, હે બાપ ઘનશ્યામ! એતો ઠાકોરજીને ધરીને સર્વેને પ્રસાદી આપવાની હતી. વારૂં ઠીક કર્યું. વળી બીજી વખત અપાશે. તેવું સાંભળીને બોલ્યા જે, હે દીદી ! મને તો કાંઇ ખબર ન હતી, નહીં તો અમો ખાત નહિ, પરંતુ તમોએ ઠાકોરજીને ધરવાનું કહ્યું તે માટે ચાલો આપણી ફુલવાડીમાં. તમારે જોઇએ તેટલાં પાકાં એનાથી સારાં ફણસ લઇને ધરો, ત્યારે બોલ્યાં જે, ભાઇ ! ચાલુ સાલે તો વાડીમાં એકેય ફણસ બેઠું નથી. ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, તમો જુઓ તો ખરાં ! ત્યારે વિશ્વાસ લાવીને સાથે જઇને જુવે છે તો વૃક્ષ ઉપર અનેક મોટાં મોટાં ફણસ જોયાં અને બોલ્યાં જે, હે ભાઇ ! કાલે સવારમાં હું વાડીમાં આવી હતી પરંતુ એકેય ફણસ હતું નહીં. અને આજે એકદમ આટલાં બધાં ક્યાંથી થયાં ? એમ કહેતાં સતાં બે સારાં ફણસ લઇને ઘરમાં આવીને તેને સુધારીને ઠાકોરજીને

જમાડતાં હતાં. ને સર્વે જનોને એ ફણસની પ્રસાદી આપતાં હતાં. તે ચરિત્ર જોઇ સાંભળીને રામપ્રતાપભાઈએ કહ્યું જે, હે ઘનશ્યામભાઇ ! એ ફણસ ક્યાંથી ? અમોએ તો આ વર્ષમાં કોઇ દિવસ દીઠાં નથી. ત્યારે બોલ્યા જે, હે ભાઇ ! એતો કલ્પવૃક્ષ છે, તે તમો જે જે ચિંતવો તેવાં ફળ તે વૃક્ષમાંથી મળે. ત્યારે કહ્યું જે, કલ્પવૃક્ષ તેતો સતયુગમાં હોય અને આજ ક્યાંથી ? ત્યારે બોલ્યા જે, અમારી ઈચ્છા થકી આ વૃક્ષમાં કલ્પવૃક્ષનો આવિર્ભાવ થયો છે. ત્યારે કહ્યું જે, આવો ભાવ કયાં સુધી રહેશે ? ત્યારે વળી બોલ્યા જે, હે મોટાભાઇ ! જ્યાં સુધી આપણાં માતા પિતા છે ત્યાં સુધી રહેશે. એવું સાંભળીને મોટાભાઇ બોલ્યા જે, એમાંથી જે જોઈએ તે મળે ? ત્યારે કહ્યું જે હા, તમારી નજરમાં આવે તે એક સામટાં ફળ માગો તેટલાં પાંદડે પાંદડે જુદાં જુદાં ફળ મળશે. ત્યારે વિશ્વાસ લાવીને વૃક્ષ નીચે જઇને બોલ્યા જે, મારા ભાઇનું વચન સાચું હોય તો હું માગું તેટલી જાતનાં ફળ આ કલ્પવૃક્ષ રૂપ ફણસના ઝાડમાંથી મળો. એમ કહીને પોતે તેનાં નામ બોલતા હતા. શ્રીફળ, સોપારી, દાડમ, કેરી, જામફળ, કેળાં, રામફળ, ખારેક, અંજીર, દ્રાક્ષ, લવીંગ, નારંગી, જાંબુફળ, રાયણ, પરવળ આદિક સમગ્ર જાતનાં ફળ તથા ગુલાબનાં ફુલ, ચંપાનાં, મોગરાનાં તથા જુઇનાં એ આદિક ઘણિક જાતનાં ફુલ, આ જે મેં માગ્યાં તે સમગ્ર મને આપો. એમ કહેતાં તત્કાળ ડાળે ડાળે ને પાંદડે પાંદડે પોતાના માગ્યા વિના પણ, બીજાં હજારો જાતનાં ફળફુલને ભાઇ જોતા હતા. ત્યાર પછી તે ફળોમાંથી થોડાંક બે ચાર પ્રકારનાં જુદાં જુદાં ફળ ઉતારીને ઘરે લાવીને, સુધારી શ્રીઠાકોરજીને ધરાવીને સર્વેને પ્રસાદી આપી અને પોતે ત્રણે ભાઇ તથા માતાપિતા આદિક સુવાસિનીબાઇ વિગેરે જમતાં હતાં. હે રામશરણજી! આવી રીતે રામપ્રતાપદાદાને ઘનશ્યામ મહારાજે પોતાનું ઐશ્વર્ય ફણસના વૃક્ષમાંથી જણાવ્યું. તો પણ તે ઐશ્વર્ય મનુષ્યલીલાએ કરીને માયારૂપી

પડદો ઢાંકીને વીસરાવી દેતા હતા.

વળી એક સમયે પોતાના સખાઓને સાથે લઈને ગૌઘાટે વિશ્વામિત્રી નદીએ સ્નાન કરીને કિનારા ઉપર આવીને વસ્ત્ર પહેરતા હતા.તે વખતે એક મોટો મત્સ્ય જયાં ઘનશ્યામ મહારાજ નહાયા હતા ત્યાં આવ્યો. તેટલામાં તો ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી આકાશમાં અનેક વિમાનો આવ્યાં અને સર્વેને દેખતે સતે તે મત્સ્ય પોતે ચતુર્ભુજ સ્વરૂપે થઈને ધર્મકુંવરના ચરણારવિંદમાં મસ્તક નમાવીને વિમાનમાં બેસીને સત્યલોકમાં જતો હતો. આવું મહા અદ્ભૂત ચરિત્ર જોઈને વેણીરામે પૂછ્યું જે, હે ઘનશ્યામભાઈ! આ શું થયું? મત્સ્ય મરી ગયો. અને તે કોણ આવ્યા હતા ? તે નામ અમોને કહો. ત્યારે બોલ્યા જે, અમો અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ છીએ અને તમો સર્વે અમારા સખા ભક્ત છો. અને આપણે સર્વે આ સ્થાનકમાં નહાયા તે જગ્યાએ તે મત્સ્ય મરી ગયો તેથી મહાભાગ્યશાળી તે મત્સ્યને બ્રહ્મા પોતાના સત્યલોકમાં લઈ ગયા. તેવું સાંભળીને સર્વે પગે લાગતા હતા. ત્યાર પછી ત્યાંથી ચાલ્યા તે ધોબીઆ ઘાટે થઈને જોગીવનમાં આવ્યા અને તે વનને વિષે હજારો ગાયો ચરતી હતી તે ગાયો ઘનશ્યામ મહારાજને દેખીને તત્કાળ દોડીને સન્મુખ આવીને ચારે બાજુ ગઢની માફક ઘેરીને ઉભી રહી. ત્યારે સખાઓ તો ભયને લીધે થરથર ધ્રુજવા લાગ્યા. જે આ ગાયો મારી નાખશે. એમ જાણીને તેની બીક ટાળવા સારૂં ધર્મકુંવર પોતાના હાથના સૂચનથી ગાયોને પાછી મોકલતા હતા. પછી ત્યાંથી ચાલ્યા તે અસનારા ગામે આવ્યા અને ત્યાં રામસાગર તળાવ ઉપર એક ઘડી વડના વૃક્ષ નીચે વિશ્રામ લઈને છપૈયાપુરમાં આવીને તે વાર્તા ધર્મભક્તિ આદિક સર્વે પુરવાસીને વેણીરામ કહેતા હતા. હે રામશરણજી! એવો તે મત્સ્ય ઘનશ્યામ મહારાજના સંબંધે કરીને ચતુર્ભુજ થઈને વિમાનમાં બેસીને બ્રહ્માના લોકને પામ્યો. એવું આ

સ્થાનક છે. તો જે માણસ એ વિશ્વામિત્રી નદીના ઘાટે જઇને નદીનું પાણી પીશે અથવા પોતાનાં માતપિતાનું શ્રાદ્ધકર્મ કરશે. અથવા મૃતદેહનાં અસ્થિ લાવીને તે જળમાં નાખશે તે સર્વે જન મોક્ષને પામશે.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે રામપ્રતાપભાઇને ફણસના વૃક્ષના પાંદડે પાંદડે અનેક જાતનાં ફળ દેખાડયાં. તથા વિશ્વામિત્રી નદીના જળમાંથી મીનનો મોક્ષ કર્યો. એ નામે ચોપનમો અધ્યાય પૂરો થયો. ।।૫૪।।

## અધ્યાય ૫૫

## રૂમાલની લીલા તથા દહીં લીલા વગેરે.

એક સમયે રામપ્રતાપભાઈને તથા ઘનશ્યામ મહારાજને પરસ્પર એક રૂમાલ માટે તકરાર થઈ. તેથી ઘનશ્યામ મહારાજ રીસાઈને અયોધ્યાપુરી જવા સારૂં પોતાના ઘેરથી ચાલી નીકળ્યા. ત્યારે વેણીરામ આ જોઈને બોલ્યા જે, હે ફુઆ ! ઘનશ્યામ તો આજે રીસાઈને અયોધ્યાપુરી ગયા. તે કયા કારણથી રીસાણા ? ત્યારે બોલ્યા જે, તે વાતની મને કંઇ ખબર નથી. એમ કહીને વાતની ખાતરી કરીને રામપ્રતાપભાઈને ઠપકો દઈને કહેવા લાગ્યા જે, તમો આટલા મોટા છોને જુજ રૂમાલ સારૂં ટંટો કરીને બેઠા.એમ કહીને પોતે રામપ્રતાપભાઈને સાથે લઈને ચાલ્યા, તે ઘનશ્યામ મહારાજની પાછળ જતા હતા. તે સમયે ગામ સુરવાલના બગીચામાં ભોય ગામના પ્રાગમલ ચોબા અયોધ્યાપુરીથી આવ્યા હતા. તેને ધર્મદેવે પૂછયું જે, હે ભાઈ ! મારા ઘનશ્યામને કયાંઇ જતા જોયા છે?ત્યારે તેણે કહ્યું જે, હા. એતો મને ગામ પરશુરામપુરની બજારમાં મળ્યા હતા. તે ઘણા ઉતાવળથી પવનવેગે ચાલ્યા જાય છે. તે તમો પહોંચશો નહીં. તેવું સાંભળીને બન્ને બાપ દિકરો ઉતાવળા ચાલ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજ સરયૂગંગા ઉતરવા માટે વહાણની રાહ જોઈને બેઠા હતા. તે વખતે પોતાના પિતાને

તથા ભાઈને આવતા જોઈને મનમાં ભય પામીને કેટલાક મનુષ્યોએ ના પાડી જે, હે ભાઈ! તમોને મઘર પાણીમાં લઈ જશે. એવું વચન સાંભળીને તેને લક્ષમાં લીધું નહિ. ને એમ ને એમ પોતે જળ ઉપર ચાલ્યા. તે જેમ પૃથ્વી ઉપર ચાલે તેમ સામે કિનારે હજારો માણસોના જોતે લક્ષ્મણ ઘાટે ઉતર્યા. એટલે ત્યાં હજારો માણસો આવી રીતે પાણી ઉપર આવેલા દેખીને મહા વિસ્મય પામી ગયાં અને ચારે બાજુ વીંટી વળીને પૂછવા લાગ્યાં. જે, તમો કોણ છો? અને કયાં રહો છો? ત્યારે બોલ્યા જે, અમે તો સરવરીયા પાંડે છીએ અને અમારૂં ગામ છપૈયાપુર છે. અને હરિપ્રસાદ પાંડે અમારા પિતા છે. અમારે વૈરાગી થઈને હનુમાનગઢીમાં રહેવું છે. આવો અમારો વિચાર છે. ત્યારે સર્વે બોલ્યા જે, હે ભાઈ! હજુ તો તમો નાના છો. માટે અત્યારે ઘેર જાઓ અને જ્યારે મોટા થાઓ ત્યારે વૈરાગી થજો. એમ કહે છે તેટલામાંતો ભાઈ સહિત ધર્મદેવ વહાણમાંથી ઉતરીને પાસે આવ્યા. તે વખતે રામપ્રતાપભાઈ એકદમ દોડીને ઘનશ્યામ મહારાજના ચરણારવિંદમાં પોતાનું મસ્તક મૂકીને નિર્માની થઈ પગે લાગીને બોલ્યા જે, હે ભાઈ! તમો ઘેર ચાલો અને સામા આપણા દાદા આવે છે. તે તમારા વિના ઘણા દુઃખી થાય છે. માટે હવે તમે જેમ કહો તેમ હું કરીશ. અને આ રૂમાલ તમારા હાથમાં લ્યો અને મારા ઉપર દયા કરીને ઘેર ચાલો. અને આપણાં દીદી પણ બહુ જ તમારા વિના કલ્પાંત કરે છે. એમ કહેતા સતા પોતાના બન્ને નેત્રમાં અશ્રુ ભરતા હતા. ત્યારે ધર્મદેવ સમીપે આવીને બોલ્યા જે, હે ભાઈ ઘનશ્યામ! તમે તો ડાહ્યા છો. અને સર્વે વાતને જાણો છો. માટે દયા કરીને હવે તો પાછા ચાલો. આવાં પોતાના ભાઈનાં તથા પિતાનાં વચન સાંભળીને તે સર્વે અયોધ્યાપુરીનાં મનુષ્યો બોલ્યાં જે, હે ઘનશ્યામ બાબુ! તમોને અમો હાથ જોડીને કહીએ છીએ જે, તમો તમારા ભાઈ તથા પિતા અહીં આવ્યા છે તેમની સાથે ઘેર

જાઓ. તેવું સાંભળીને બોલ્યા જે, હે દાદા! ચાલો, હું આવું છું. પરંતુ હવે ફરીથી જો આવું કામ થશે તો પછી તે દિવસે તમારૂં કહ્યું નહિ કરું. એમ કહીને સાથે ચાલ્યા. ત્યારે મોટાભાઈએ આપેલો રૂમાલ પોતાના હાથમાં લઈને સરયૂગંગા ઉતરીને આગળ ચાલતાં રસ્તામાં કહેવા લાગ્યા જે, હે મોટાભાઈ ! આ રૂમાલમાં તો કંઈ માલ નથી. પરંતુ તમારો સ્વભાવ અતિશય તામસી છે તેથી મારે આ કામ કરવું પડ્યું. હવે આ રૂમાલ તમો રાખો. એમ કહીને રૂમાલ પાછો આપતા હતા. એવી રીતે બન્ને ભાઈ હાસ્ય વિનોદ કરતા સતા મનોરમા નદીએ મખોડાઘાટે સ્નાન કરીને પોતાના ઘેર આવ્યા. ત્યારે ભક્તિમાતા, સુવાસિનીબાઈ બહુ વિલાપ કરતાં હતાં. તે મીઠાં વચને બોલાવીને અતિ હેતે સહિત રસોઈ કરીને ત્રણે ભાઈ સહિત ધર્મદેવને જમાડીને પોતે બે જણ જમતાં હતાં.

વળી એક સમયે પોતાના સખાઓ સહિત ગૌઘાટે ગાયો ચારવા માટે ગયા. તેને બપોર થઈ ગયા તો પણ ઘેર આવ્યા નહિ. ત્યારે ઘનશ્યામની લાકડી અને મોજડીઓ ઘરમાં જોઈને ભક્તિમાતા સુવાસિનીબાઈ પ્રત્યે બોલ્યાં જે, હે સુવાસિનીબાઈ! આ લાકડી તથા મોજડીઓ પડી છે માટે ઘનશ્યામ ઘેર આવ્યા છે કે કેમ? તમો ખબર તો કાઢો. ત્યારે સુવાસિનીબાઈએ ચારે બાજુ જોયું પરંતુ કયાંય પત્તો લાગ્યો નહિ. તે વખતે કોઈને ખબર ન પડે તે માટે સુંદરીમામીના ઘરમાંથી દહીંનું ગોરસ નીચે ઉતારીને તેમાંથી દહીં ખાઈ, ઠામને ભાંગીને બહાર નીકળ્યા. તે જોઈને સુંદરીબાઈ આવીને ભક્તિમાતાને કહે છે તેટલામાં તો વળી સુરજાબાઈ બોલ્યાં જે, મારા ઘરમાંથી પણ દહીં ખાઈને ગોરસ ભાંગી નાખીને ચાલ્યા ગયા. આવી રીતે કેટલાંક ઘેરથી દહીં જમીને ઠામ ફોડી નાખ્યાં. ત્યારે તે સર્વેની રાડય એક સામટી આવતી હતી. ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, ઘનશ્યામ તો હજી ગાયો ચારવા

ગયા છે. ત્યાંથી આવ્યા નથી. એમ કહીને પોતાના ઘરનું કમાડ ઉઘાડે છે ત્યાં વળી પોતાના ઘરમાં પણ ગોરસમાંથી દહીં જમતા દીઠા. ત્યારે માતાજી કહેવા લાગ્યાં જે, હે ઘનશ્યામ! આ તમારી મામીઓ સર્વે ઠપકો દે છે. જે તમારા ઘનશ્યામે દહીં ખાઈને ગોરસાં ભાંગી નાખ્યાં. ત્યારે બોલ્યા જે, હે દીદી! મને દહીં ખાવા સારૂં મારાં ભાભી આપતાં નથી. ત્યારે શું ખાઉં ? દૂધ તો વનમાં ગાયો દોહીને પીએ, પરંતુ દહીં તો ન આપે, ત્યારે શું કરવું ? એટલા સારૂં મેં આટલા ઘેરથી દહીં ખાધું. એમ કહેતા સતા લાકડી તથા મોજડીઓ સહિત અદ્રશ્ય થઈ ગયા. ત્યારે ધર્મદેવ સહિત રામપ્રતાપભાઈ તથા મંછારામ તે પોતાના ઘરની પાછળ વંડામાં વાંસ કપાવતા હતા. તે કાપનાર મંગળ આહિર અને મોતી તરવાડીનો ઝગડો થયો હતો. તે નિવારણ કરવા માટે ભક્તિમાતા ગયાં હતાં. તે સમયે ગાયોથી વીંટાણા સતા ઘનશ્યામ મહારાજ સખાએ સહિત ઘેર આવતા હતા. ત્યારે સુવાસિનીબાઈએ વેણીરામને પૂછ્યું જે, હે ભાઈ વેણીરામ! ઘનશ્યામ તમારી સાથે ગાયો ચારવા આવ્યા હતા. તે વખતે તમારાથી કયાંય નોખા ગયા હતા? ત્યારે કહે ના, એતો સવારથી અમારી સાથે ને સાથે આખો દિવસ ફર્યા છે. એવું સાંભળીને તે વાત ભક્તિમાતા આદિક સુરજમામીને કહી. તે સાંભળીને મહાવિસ્મય પામી ગયાં.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે રૂમાલ માટે રીસાઇ ગયા તથા પોતાની મામીઓના ઘરમાંથી દહીં ખાઇને ગોરસ ભાંગી નાખ્યાં એ નામે પંચાવનમો અધ્યાય પૂરો થયો. ||૫૫

## અધ્યાય ૫૬

## ભિક્ષુક તરવાડીની રક્ષા તથા અન્ય લીલાઓ.

વળી એક સમયે સાંજના વખતે રમતા સતા પોતાના બાળમિત્ર સહિત ગામ અસનારાના રામસાગર તળાવમાં સ્નાન કરતાં કેટલોક

સમય થયો એટલે ગામ ભોયગામના ચોબા રાજમલ તથા પ્રાગમલ તથા અસનારા ગામના ભિક્ષુક તરવાડી એ બન્નેને જમીન માટે પરસ્પર તકરાર થઈ હતી તેથી પરસ્પર લાકડીએ કરીને મારવા લાગ્યા. તે સમયે રામદત્ત તિવારી રામચંદ્રજીના સેવક હતા તે પોતાના ઈષ્ટદેવને અંતરમાં સંભારીને પ્રાર્થના કરવા લાગ્યા જે, હે રાજા રામચંદ્રજી! આ આપત્તિના સમયમાં મારા ભાઈ ભિક્ષુક સહિત મારી રક્ષા જો નહી કરો તો મારૂં મરણ થશે. એવી રીતનાં વચન સાંભળીને તળાવમાં સ્નાન કરતા ધર્મકુંવરના મનમાં દયા આવી ગઈ, તેથી પોતે સંકલ્પથી જ રઘુનાથજી સ્વરૂપે થઈને હાથમાં ધનુષ્યબાણ સહિત રામદત્ત તિવારી પાસે આવીને તેની રક્ષા કરતા હતા. ત્યારે તે ધનુષ્યનો ટંકાર સાંભળીને તે મારવા આવેલા ચોબા સર્વે ત્રાસ પામીને પોતાના પ્રાણ બચાવવા નાસી ગયા. એવી રીતનું પોતાનું ઐશ્વર્ય બતાવીને તે સ્વરૂપ પોતાને વિષે લીન કરી નાખ્યું. તે જોઈને રામદત્ત તિવારી મહાઆનંદ પામતા સતા ઘનશ્યામના ચરણારવિંદમાં મસ્તક મૂકીને બોલ્યા જે, હે ઘનશ્યામ મહારાજ! તમો તો સાક્ષાત્ રામચંદ્રજી છો. તે આ ખરા સમયે અમારી બન્ને ભાઈની રક્ષા કરી.

વળી એક સમયે છપૈયાપુરમાંથી વશરામ તરવાડી પોતાના પુત્ર મંછારામ તથા કન્હીરામ સહિત પોતાના પરીવારને સાથે લઈને પોતાના મોસાળ તરગામ રહેવા સારુ ગયા હતા. તે થોડાક દિવસ ત્યાં રહીને પાછા છપૈયાપુરમાં આવતા હતા. તે વખતે પોતાના ભાણેજ ઘનશ્યામ મહારાજ તથા ઈચ્છારામભાઈ એ બન્નેને સુરવાલ, ડગલી તથા ટોપીઓ. એવી રીતે વસ્ત્રો પહેરાવ્યાં. ત્યારે ઘનશ્યામ મહારાજને ત્રણે વસ્ત્ર નાનાં મોટાં પડ્યાં.તેથી પોતાને ફાવ્યાં નહિ. એટલે બોલ્યા જે, હે મામા ! તમો ઈચ્છારામજી માટે કપડાં બરાબર બંધ બેસતાં લાવ્યા. અને અમારા માટે નાનાં મોટાં લાવ્યા, તે આતો મને નથી ફાવતાં,

એમ કહીને પોતે લગારેક શરીર ફુલાવ્યું કે તુરત સુરવાલે સહિત ડગલી ફાટી ગઈ. તે જોઈને મામા જરા હાસ્ય કરીને બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ ! એમ તમો શું કરવા કરો છો ? બેસતાં ન આવ્યાં તો બીજાં નવાં શીવડાવીશું. એમ કહીને નવાં બેસતાં આવે તેવાં શીવડાવી આપ્યાં. તેથી ઘનશ્યામ મહારાજ બહુ રાજી થયા.

વળી એક સમયને વિષે આસો માસની શરદ પૂર્ણિમાના દિવસે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓ સહિત આંગણામાં રમતા સતા આંબલીની ડાળે દોરડાં બાંધીને પોતે વચ્ચે ઉભા રહીને વેણીરામ પ્રત્યે બોલ્યા જે, હે વેણીરામ ! અત્યાર સુધી મેં તમોને હીંચકા નાખ્યા અને હવે મને હીંચકા નાખો એવી રીતે કેટલીકવાર સુધી વારાફરતી હીંચકા નાખેછે તે સમયે સુવાસિનીબાઈ ઘરમાંથી બહાર નીકળ્યાં. ત્યાંતો ઘનશ્યામ મહારાજને હીંડોળામાં ઝૂલતા જોઈને એકદમ બોલી ઊઠયાં, હે બાઈજી! તમો બહાર તો આવો. આ ઘનશ્યામભાઈ હીંડોળામાં ઝૂલે છે. તે જુઓ તો ખરાં! એવું સાંભળીને તત્કાળ બહાર આવ્યાં. ત્યાંતો તે હીંડોળો પોતાની ઈચ્છા થકી કનકનો નંગ જડીત મહારમણીય અને રાતા પીળા કાચવાળો જોયો અને હિંડોળામાં ઘણા પ્રકારનાં પુષ્પો વડે ગરકાવ થયેલા અને સોળે શણગારથી અંકીત મસ્તક ઉપર પુષ્પનો મુગટ તેથી હીંડોળાને દીપાવતા અને ઘનશ્યામ મહારાજની ચારે તરફ હજારો ગોપીઓથી વીંટળાયેલા અને રાધિકાજી અને ઘણીક પોતાની સખીઓ સહિત લક્ષ્મીજી એ બન્ને આવીને બે બાજુએ ઉભી રહીને વીંજણેથી પવન ઢોળતાં હીંચકા નાખતાં હતાં. અને તે સર્વે સખાઓને પણ ચતુર્ભુજ સ્વરૂપે દેખતા હતા. એવી રીતે ઘનશ્યામ મહારાજની મહા અલૌકિક શોભા ભક્તિમાતા તથા સુવાસિનીબાઈ જોઈને મહા વિસ્મય પામી પગે લાગતાં હતાં. તે સમયે ધર્મદેવ રામપ્રતાપભાઈ સહિત ગામ લોહગંજરી કોઈ કારણસર ગયા હતા. તે ત્યાંથી આવ્યા,

એટલે તેમના સામું જોવા ગયા. ત્યાંતો ઘનશ્યામ મહારાજ પ્રથમની માફક દોરડાનો હીંચકો બાંધેલો તેમાં બેસીને હીંચે છે. અને વેણીરામ આદિક સર્વે સખાઓ ઊભા છે. એવા જોયા. ત્યારે તે ચરિત્રની વાર્તા ધર્મદેવ સહિત રામપ્રતાપભાઈને કહી. તે સાંભળીને અતિ આશ્ચર્ય પામ્યા.

વળી એક સમયે પોતાના સખાઓ સહિત ઘનશ્યામ મહારાજ ગૌઘાટે સ્નાન કરવા ચાલ્યા, તે વચ્ચે ભોયગામના વોકળાની ભેખડ ઉપર ચઢીને બોલ્યા જે, હે વેણીરામ ! આવો, આપણે આ નદીની રેતમાં ધુબકા મારીએ. એમ કહીને સર્વે સખાઓ પાસે ધુળ્યની ઢગલીઓ કરાવીને પ્રથમ પોતે કછોટો વાળીને જે કૂદ્યા તે પચાસ કદમ પડ્યા, વેણીરામ કૂદ્યા તે દશ કદમ છેટે જઈ પડ્યા અને રઘુનંદન તે પાંચ કદમ છેટે પડ્યા. એવી રીતે ત્યાં ઘણો સમય કુદવાની રમત કરતા સતા વિશ્વામિત્રી નદીમાં જઈને સ્નાન કરવા લાગ્યા. ત્યાં ખુબ જળક્રીડા કરીને, પાછા ત્યાં થકી ચાલ્યા તે ગામ અસનારાના રામસાગર તળાવના કીનારા ઉપર વડના વૃક્ષ નીચે ઘડી એક વિશ્રામ લઈને ચાલ્યા, તે વચમાં ગામ નરેચાના કલ્યાણસાગર તળાવના ચોગાનમાં રેત બહુ દેખીને પોતે ઉભા રહ્યા અને બોલ્યા જે, હે સુખનંદન ! આવો, હું પ્રથમ તમારા ખભા ઉપર બેસું અને તમો પચાસ કદમ મને ઉપાડીચાલો. અને પછી તમો મારા ખભા ઉપર બેસો ને હું તમોને પચાસ કદમ ઉપાડી ચાલું. એમ કહીને તેના ખભા ઉપર પોતે બેઠા કે તરત પોતાને વિષે બહુ ભાર જણાવ્યો. તેથી સુખનંદન તો એકદમ ભોંયે બેસી ગયો. એટલે પોતે હસતા થકા છેટે જઈને ઉભા રહ્યા. પછી સુખનંદન ઉભો થઈને બોલ્યો જે, હે ઘનશ્યામ ! તમારામાં ભાર ઓછો હતો. ને મને તો આજે બહુ દેખાયો. ત્યારે માધવચરણ બોલ્યો જે, હે ઘનશ્યામ! આવો, મારા ખભા ઉપર બેસો, હું એકસો કદમ લઈ ચાલું. તેતો હવે નહીં ઉપાડે. એમ કહીને પોતાના ખભા ઉપર બેસાડીને લઈ ચાલ્યો.

**એવી રીતે એકબીજાના ખભા ઉપર બેસવાની રમત કરતા સતા પોતાને ઘેર આવતા હતા.**

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે રામદત્ત અને ભિક્ષુક તરવાડી એ બે ભાઇની ચોબા થકી રક્ષા કરી તથા મામાએ વસ્ત્ર પહેરાવ્યાં તથા સુવાસિનીબાઇ અને ભક્તિમાતાને હીંડોળામાં મહા અલૌકિક રૂપે દર્શન આપ્યાં. એ નામે છપ્પનમો અધ્યાય પૂરો થયો. ||૫૬||

## અધ્યાય ૫૭

## ગૌરી ગાય શોધી લાવ્યા આદિ લીલાઓ

**હે ભાઈ! ધર્મદેવદાદાને ઘેર ગોમતી ગાયને બે વાછરડીઓ હતી. તેમાં એકનું નામ ગૌરી અને બીજીનું નામ કપિલા હતું. તે વાછરડીઓને વનમાં ચરવા માટે મંગલ આહિરની ગાયો ભેગી ધર્મદેવ હંમેશાં મોકલતા હતા. એમ કરતાં કરતાં એક દિવસ કપિલા ગાય તો ઘેર આવી, પણ ગૌરી ગાય ઘેર આવી નહીં. ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, હે રામપ્રતાપ! તમો જુઓને, ગૌરી ગાય તો ઘેર આવી નહીં. માટે તમો જાઓ અને શોધી લાવો. એમ કહીને શોધવા મોકલ્યા. ત્યારે ભાઈ તો નારાયણ સરોવરના ચારે તરફના કિનારા ઉપર જોઈને પાછા આવ્યા, પરંતુ ગાય તો મળી નહિં. તે વાત જાણીને ઘનશ્યામ મહારાજ ધર્મદેવ પ્રત્યે બોલ્યા જે, ભાઈ તો પાછા આવ્યા અને ગાયનો પત્તો લાગ્યો નહિં. ત્યાર પછી ધર્મદેવ બે પુત્ર સહિત ગાયને શોધવા ચાલ્યા તે દોરડું તથા લાકડી હાથમાં લીધી અને ઘનશ્યામ મહારાજે તો એક છડી લીધી અને ત્રણે જણ બહીરી કૂવા ઉપર જઈને મંગલ આહિરને બોલાવીને કહ્યું, ગૌરી ગાય કેમ હજુ સુધી ઘેર આવી નથી? તેવું સાંભળીને મંગલ આહિર ચારે તરફ કિલ્લાના આકારે ગામની પાછળ વાંસની કોઠીઓ હતી તેને વિષે ચારે બાજુ ફરીને શોધવા લાગ્યો, પરંતુ મળી નહિં એટલે**

પાછો કૂવા ઉપર આવીને રામપ્રતાપભાઇને મળતો હતો. ત્યારે ધર્મદેવ પોતાના બન્ને પુત્રોની સાથે ચાલ્યા તે ગામ પીરોજપુર થઈને નરેચા ગામની સીમ તથા ગામમાં સર્વત્ર જોઇ પણ ગાય ન મળી. એટલે ત્યાંથી પાછા ચાલ્યા તે ગામ અસનારાના તળાવની આથમણી પાળ્ય ઉપર તે ગામના ભિક્ષુક તિવારી તથા રામસેવક એ બે ભાઇ ઉભા હતા. તેઓને ગાયના સમાચાર પૂછીને, ત્યાંથી જોતા જોતા આગળ ચાલ્યા, તે ગામ લોહગંજરી ગયા અને ત્યાં સંધ્યાગીરી બાવાને પૂછીને રબારીના નેસડામાં જોઇને, ત્યાંથી ચાલ્યા તે ગામ બખરોલીના બગીચામાં થઇને ખુરદામાં બાબુરામની હવેલી પાસે દરબારની ગાયોમાં જોઇને, ત્યાંથી ચાલ્યા તે વિશ્વામિત્રી નદીના ગૌઘાટે આવતા હતા.અને તે ઘાટ ઉપર ચારે તરફ જોઇને ગાય ન મળી એટલે પાછા વળવાનો વિચાર કરેછે. તે સમયમાં બે આહિર ત્યાં આવ્યા.તેમને પૂછી જોયું. ત્યારે તેમણે કહ્યું જે, આ નદીના કિનારે એક ગાય વિયાણી છે. અને વાછરડાંને ચાટે છે. એવું સાંભળીને એ ત્રણે જણ ત્યાં ગયા. ત્યારે રામપ્રતાપભાઈએ ઉચ્ચ સ્વરે કરીને તેને બોલાવી. ત્યારે તે સ્વર ઓળખીને તત્કાળ હીંસોરા કરીને સામી ઊભી થઇ. ત્યારે ઘનશ્યામ મહારાજ તત્કાળ પાસે જઇને બોલ્યા જે, હે ભાઇ! આ વાછરડું તો ચાલી શકે તેમ જણાતું નથી. ત્યારે રામપ્રતાપભાઇ બોલ્યા જે, હું વાછરડું લઇને આગળ ચાલું અને તમો ગાયને દોરીને પિતાશ્રીની સાથે પાછળ આવો. એમ કહીને વાછરડું લઇને આગળ ચાલ્યા. ત્યારે તેમની પાછળ ઘનશ્યામ મહારાજ ગાય સહિત ચાલ્યા. એમ થોડેક દૂર આવ્યા એટલે તે સમયે ભાદરવા માસના કારણે થોડો થોડો વરસાદ વરસવા લાગ્યો.તે જોઇને ધર્મદેવ બોલ્યા જે, હવે કેમ થશે? વરસાદ તો વરસવા લાગ્યો અને હજી તો આગળ નદી ઉતરવી છે. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દાદા ! કાંઇ ફિકર કરશો નહિં. મારી પાછળ તમો ચાલ્યા આવો. એમ કહે છે તેટલામાં

તો વડના વૃક્ષ નીચે એક મોટો જોરાવર વાઘ ઉંઘતો હતો. તેના નસકોરાં બોલતા સાંભળીને ધર્મદેવ ભય પામીને બોલ્યા જે, એ વાઘ ગાય સહિત આપણ ત્રણેજણને મારી નાખશે. એમ કહીને પોતાને ધીરજ ન રહી તેથી એકદમ ઉચ્ચ સ્વરે રાડ્ય પાડી. ત્યારે વાઘ આળસ મરડીને બેઠો થયો. ત્યારે ઘનશ્યામ મહારાજે વાઘ પાસે જઈને તેના તરફ દ્રષ્ટિ કરી કે તુરત તે વાઘ પગે લાગીને સૂઈ ગયો. ત્યારે બોલ્યા જે, હે દાદા! તમે ભય પામશો નહિં. આ વાઘ મારશે નહિં. એમ કહેતા આગળ ચાલ્યા તે ધર્મદેવ સહિત ગામ ગાયઘાટે આવ્યા અને રાત્રી વિશેષ વિતી જવાથી માનઓઝાના ઘેર રાત્રી રોકાઈને બીજે દિવસે છપૈયાપુરમાં પોતાને ઘેર આવ્યા. ત્યારે ભક્તિમાતા ગાય સહિત વાછરડીને જોઈને મહાઆનંદ પામતાં સતાં, સુવાસિનીબાઈ પાસે ગરમ પાણી મંગાવીને ગાય તથા વાછરડાંને નવરાવી સવા, બાજરી, ઘઉં આદિક બાફીને તેલ સહિત તે ગાયને ખાણ ખવરાવતાં હતાં. અને બન્ને પુત્રને તથા ધર્મદેવને પણ ઘણો પરિશ્રમ પડ્યો હશે એમ કહીને પાણીથી સ્નાન કરાવીને રૂડી રસોઈ કરીને જમાડતાં હતાં.

હે રામશરણજી ! વળી આ એક ચોંમાસાના દિવસનું ચરિત્ર કહુંછું. તેને સાંભળો.

એક સમયને વિષે અષાઢ માસમાં પોતાના નાનાભાઈ ઈચ્છારામ-ભાઈને સાથે લઈને પોતે તથા વેણી, માધવ અને પ્રાગ એ સર્વે સખાઓ ચાખડીઓ પહેરીને હાથમાં જળના લોટા લઈને બહિર્ભૂમિ જવા માટે ચાલ્યા. તે ગામ પીરોજપુરના બગીચામાં થઈને ગામ તિનવાના બગીચામાં રમતા રમતા છેટે ચાલ્યા ગયા અને ત્યાં જંગલ જઈને જ્યારે પાછા વળ્યા ત્યારે આવતાં મહાજોરાવર વરસાદ વરસવા લાગ્યો. એટલે સર્વે એક આંબાના વૃક્ષ નીચે થડનો આધાર લઈને ઊભા રહ્યા અને વિલમ્બ કર્યો ત્યારે તો વરસાદ ઘણો આવ્યો અને સર્વત્ર રસ્તામાં

પાણી ભરાઈ ગયું. તે જોઈને ઈચ્છારામભાઈ આદિક બીજા નાના સખા તો રૂદન કરવા લાગ્યા. ત્યારે વેણીરામ પણ ગભરાણા થકા બોલ્યા જે, હે ઘનશ્યામ ! હવે શું કરીશું? અને આપણાં કપડાં પણ કોરાં નહીં રહે. ત્યારે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓને મહાઉદાસ થયેલા જાણીને બોલ્યા જે, હે ભાઈ વેણીરામ! તમો કોઈ ફિકર કરશો નહીં. આપણે સર્વે પગમાં ચાખડીઓ પહેરીને ચાલો. તે પાણીથી પલળશે નહીં. ત્યારે ઈચ્છારામભાઈ બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ! ચાલવાનું કહો છો તો ખરા, પરંતુ આટલા બધા પાણીમાં ચાખડીઓ સહિત કોરા કેવી રીતે જઈશું? ત્યારે બોલ્યા જે, તમો સર્વે મારી પાછળ ચાલ્યા આવો. તે વાતની તમો શા માટે ફીકર કરો છો? એમ કહીને પોતે આગળ ચાલ્યા. તેમને પાણીથી એક ગજ ઊંચા ચાલતા જોઈને સર્વે સખા પણ વિશ્વાસ લાવીને તેમની પાછળ ચાલ્યા. તે કોઈને ખબર ન પડે કે પાણી ઉપર ચાલીએ છીએ, કે પૃથ્વી ઉપર ચાલીએ છીએ અને સર્વે સાથે ચાલે તેટલી જગ્યામાં વરસાદનું પાણી પડતું બંધ થઈ ગયું. તે સર્વે આનંદ કરતા સતા ચાલ્યા આવેછે. તે સમયે ઘરે ધર્મભક્તિ ચિંતા કરતાં બોલ્યાં જે, હે રામપ્રતાપજી! તમો જુઓને? ઘનશ્યામ મહારાજ અને ઈચ્છારામ એ ક્યારનાય લોટા લઈને બહિર્ભૂમિ જવા ગયેલા છે અને વરસાદ ઘણો આવે છે અને વંટોળ પણ ઘણો ચડયો છે. માટે તેમને શું થયું હશે. તેમની આપણે ખબર કાઢવી. એમ વિચાર કરીને વેણી-માધવનાં માતાપિતા સહિત શોધવા માટે ઘેરથી નીકળ્યાં. ત્યારે પશ્ચિમ તરફથી સામા આવતા જોઈને સર્વે પીપળાના વૃક્ષ નીચે ઉભા રહ્યા. ત્યારે તે સર્વે પાણીથી એક ગજ ઉંચા ચાલતા દીઠા અને કપડાં પણ કોરાં હતાં. એવા સમીપે આવ્યા ત્યારે સુવાસિનીબાઈ બોલી ઉઠયાં જે, અહો ! હે બાઈજી! તમો જુઓ તો ખરાં. એમની ઉપર વરસાદનું એક ટીપું પણ પડતું નથી. એવાં થકાં તે જોઈને આનંદ પામતાં સતાં

તેમને સાથે લઈને આવતાં હતાં. ત્યાર પછી પોતાની ચાખડીઓ ઓસરીમાં મૂકીને એમને એમ પાછા રામસાગર તળાવમાં જઈને હાથ પગ ધોઈને સ્નાન કરતા સતા કેટલીક વાર જળક્રીડા કરીને બહાર નીકળવાનું કરે છે. તે સમયે સર્વે બાળકોને પોતાનું જે અક્ષરધામ તેમાં તેજોમય સ્વરૂપે પોતાનું મહા અલૌકિક દર્શન આપતા હતા. તે જોઈને સુખનંદન બોલ્યો જે, હે વેણીરામ! મેં તો ઘનશ્યામ મહારાજને અક્ષરધામમાં મહા તેજોમય દિવ્ય સિંહાસન ઉપર જોયા. તે સાંભળીને વેણીરામ બોલ્યા જે, હે સુખનંદન! અમોએ પણ તેવી જ રીતે દીઠા. એમ કહે છે તેટલામાં તો ઘનશ્યામ મહારાજ જળમાંથી બહાર આવ્યા અને સર્વેને પોતાની પાસે બોલાવીને કહેવા લાગ્યા જે, હે વેણીરામ! તમો મારા હાથનો પંજો છોડાવો કે હું તમારા હાથનો પંજો છોડાવું. એમ ઘણીકવાર સુધી એકબીજાના પંજા છોડાવાની રમત કરીને પોતપોતાના ઘરે જતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ગૌરી ગાય ખોવાણી તેને શોધવા ગયા તે વખતે ધર્મદેવે વાઘ દીઠો તેથી ભય પામ્યા માટે ધીરજ આપી તથા પોતાના સખાએ સહિત ચોમાસામાં બહિર્ભૂમિ ગયા અને અત્યંત વરસાદ આવ્યો તે સર્વેને ચાખડીઓ પહેરાવીને ઘેર લાવ્યા. એ નામે સત્તાવનમો અધ્યાય પુરો થયો. ।।૫૭।।

## અધ્યાય : ૫૮

## વિશ્વામિત્રી નદીની લીલા.

એક સમયને વિષે પોતાના ઘરના આંગણામાં ચીભડાના છોડ વાવેલા હતા. તેમાં નાનાં નાનાં ચીભડાં બેઠાં હતાં. તેને પોતે તોડવા લાગ્યા. તે વખતે સુંદરીબાઈ પરવળનું શાક વીણતાં હતાં. તે બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ! તેને અત્યારથી શું કરવા તોડી નાખો છો? ત્યારે બોલ્યા જે, તમો આ પરવળ શું કરવા તોડો છો? એમ અમો પણ આ

ચીભડાં તોડીએ છીએ. ત્યારે કહ્યું જે, એતો ઝેર જેવાં કડવાં હશે. તેવું સાંભળીને ચીભડાંને તુરત હાથમાંથી હેઠાં નાખી દીધાં. તેને સુંદરીબાઇ લઇને બોલ્યાં જે, આ નકામાં ખરાબ કર્યાં. ત્યારે બોલ્યા જે, હે મામી! એમાં શું ખરાબ કર્યાં ? લાવો તમારો જીવ બળતો હોય તો ચોડી દઇએ. એમ કહીને તેમના હાથમાંથી લઇને પાછાં તે ચીભડાં હતાં તેમને તેમ ચોડી દીધાં. એવું ઐશ્વર્ય જોઇને હસતાં થકાં પગે લાગીને બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ! તમો તો મહા સમર્થ છો. તે જેમ કરો તેમ થાય, પરંતુ હું તો તમારી દાસી છું. એમ કહીને તે વાત ભક્તિમાતા આદિક સુવાસિનીબાઇને કહી અને પોતે ઘેર ગયાં.

વળી એક સમયે સખાઓ સહિત ઘનશ્યામ મહારાજ એકાદશીના દિવસે ગૌઘાટે વિશ્વામિત્રી નદીમાં સ્નાન કરવા માટે પધારતા હતા.ત્યાં જઇ નદીના ધરામાં સર્વે ભેગા સ્નાન કરતા સતા ઘનશ્યામ મહારાજ સખાઓ પ્રત્યે બોલ્યા જે, તમો પાણીમાં ડુબકીઓ મારો અને હું ઉપર રહીને તાળી પાડીને ગણી લઉં જે, તમો કયાં સુધી પાણીમાં રહો છો. તેવું સાંભળીને સર્વે સખાઓ પાણીમાં એકી સાથે ડુબકીઓ મારી. ત્યારે ઘનશ્યામ મહારાજે બસો તાળીઓ પાડી એટલે પ્રથમ વેણીરામ બહાર આવ્યા. અને ચારસો તાળીઓ પાડી એટલે પ્રાગ બહાર આવ્યા. અને છસો તાળીઓ પાડી ત્યારે રઘુનંદન બહાર આવ્યા. અને એક હજાર તાળીઓ પાડી ત્યારે ભવાનીદીન બહાર નીકળ્યા. અને બારસો તાળીઓ પાડી એટલે ગૌરીદત્ત બહાર નીકળ્યા. અને ચૌદસો તાળીઓ પાડી એટલે માધવચરણ બહાર નીકળ્યા. અને સોળસો તાળીઓ પાડી એટલે બંસીધર બહાર નીકળ્યા. એવી રીતે સર્વે વારાફરતી પાણી બહાર નીકળ્યા.ત્યારે ઘનશ્યામ મહારાજ પૂછવા લાગ્યા જે, હે વેણીરામ! તમોએ આ ધરામાં કંઇ જોયું? ત્યારે વેણીરામ બોલ્યા જે, મેંતો બદ્રિકાશ્રમ દીઠું. તેવું સાંભળીને પ્રાગ બોલ્યા જે, અલ્યા વેણીરામ! તું

એકલો કયાં ગયો હતો? અમો સર્વે સાથે હતા. ને તું એકલો કેમ કહે છે? ત્યારે વળી વેણીરામ બોલ્યા જે, શ્વેતદ્વીપ, વૈકુંઠ, અવ્યાકૃત, ગોલોક, અક્ષરધામ, આવી રીતે અમોએ જુદાં જુદાં ધામો જોયાં. અને તે ધામને વિષે ત્યાંના અધિપતિએ ચંદન પુષ્પ વડે તમારી પૂજા કરી, તે પણ અમોએ જોયું. અને અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર અનંત મુક્તોએ પૂજ્યા એવા તમોને જોયા. પરંતુ અમારું મન અક્ષરધામમાં સ્થિર થયું તેવું બીજા કોઈ ધામમાં ન થયું. અને ત્યાં ઘણું સુખ જોઈને લોભાઈ ગયા, પરંતુ તમોએ તાડીઓ પાડીને બોલાવ્યા એટલે અમો આવ્યા. ત્યારે બોલ્યા જે, એતો અમારૂં અક્ષરધામ છે. અને તેનું સુખ પણ અતિશય અલૌકિક છે. એમ કહીને તે ગૌઘાટેથી ચાલ્યા, તે માર્ગમાં આવતાં વેણીરામના મનમાં એક સંકલ્પ થયો જે, હવે તો જલદી ઘરે જવાય તો સારુ કારણ કે ભૂખ બહુ લાગી છે. તે સંકલ્પને અન્તર્યામીપણે જાણીને ભોય ગામના પ્રાગમલ ચોબાના ખેતરમાં જાંબુફળનો એક મોટો વૃક્ષ પાકી રહેલો, તેના ઉપર ચઢીને જાંબુફળ જમતા હતા. તે જમીને નીચે ઉતરતી વખતે સુખનંદન ઉપરથી પડી ગયો. અને તેને ઘણું વાગ્યું, તેથી પીડા ઘણી થઈ, તે જોઈને ધર્મકુંવરના અંતરમાં દયા આવી ગઈ, તેથી સંકલ્પ કર્યો કે તત્કાળ સંકલ્પની સાથે દેવતાના રાજા ઈન્દ્ર પોતાનો ઐરાવત હાથી લઈ, તેના ઉપર ધનવંતરી વૈદ્યને બેસાડીને જાંબુના વૃક્ષ નીચે આવતા હતા. ત્યાં આવીને ધર્મકુંવરને પગે લાગીને તેને પાટો બાંધીને બોલ્યા જે, હવે આરામ થઈ જશે. એમ કહીને ઘનશ્યામ મહારાજ સહિત તે હાથી ઉપર ધનવંતરી વૈદ્ય અને સુખનંદન એ ચાર બેઠા અને તેની ચારે તરફ પાટીયાં લટકતાં હતાં, તેના ઉપર બાકી રહેલા સખાઓને બેસાડીને આંખનું એક મટકું ભરીએ તેટલીવારમાં તો છપૈયાપુરમાં લાવીને ધર્મદેવના આંગણામાં ઉતારી મૂકીને નમસ્કાર કરીને, ધનવંતરી વૈદ્ય હાથી સહિત અદ્રશ્ય થઈ ગયા.

ત્યારે તે ઐશ્વર્યની વાર્તા સર્વે સખાએ ધર્માદિક સર્વે પુરવાસી જનોને કહી. તે સાંભળીને સર્વે મહા વિસ્મય પામતાં હતાં.

વળી એક સમયને વિષે જન્મસ્થાનકના કૂવાના પરથાર ઉપર ઘનશ્યામ મહારાજ પૂર્વાભિમુખે બેસીને દંતધાવન કરતા સતા બોલ્યા જે, હે ભાભી! મારે આજે ઉતાવળ બહુ છે. માટે જેમ બને તેમ વહેલું પાણી લાવો તો સારું. ત્યારે બોલ્યાં જે, હે ભાઈ! પાણી ગરમ કરવા મૂકેલું છે. તે થાય ત્યારે લાવું. તે વખતે પોતાની ઈચ્છા થકી ગંગાજી તથા યમુનાજી એ બે ભગવાનને સ્નાન કરાવવાનો લાગ જોઈને ઉતાવળાં મહા અદ્ભુત સ્ત્રીઓનો વેશ ધારણ કરીને જળની તાંબાકુંડીઓ ભરીને આવતાં હતાં. તે આવીને ધર્મકુંવરને પગે લાગીને, તૈલમર્દન કરીને જળ વડે સ્નાન કરાવવા લાગ્યાં. ત્યારે સુવાસિનીબાઈ પાણી લઈને કૂવા ઉપર જેવાં આવે છે, ત્યાં તો બન્નેને નવરાવતાં જોઈને સ્થિર થઈ ગયાં. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભાભી! તમો તો હંમેશાં અમારી સેવા કરો છો. પરંતુ આ મહેમાનને અમારી સેવા કરવાનો યોગ કયાંથી મળે.માટે આજે તેમને સેવા કરવા દો. ત્યારે સુવાસિની-બાઈએ પૂછ્યું જે, હે મહારાજ! આ અતિ દેવના સરખાં રૂપવાન અને ભારે વસ્ત્ર અલંકારે યુક્ત સ્ત્રીઓ કોણ છે? ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, ઘણા દિવસથી અમારી સેવાને ઈચ્છતાં હતાં. માટે આજે અમારી ઈચ્છાથી આવ્યાં તે ગંગાજી તથા યમુનાજી છે. તે સાંભળીને ભક્તિમાતાને બોલાવી લાવ્યાં. તે વાર પછી તે બન્ને જણ નવરાવી રહ્યાં એટલે ગંગાજીને કહ્યું જે, તમો સત્સંગમાં આવજો. અમો શ્રીનગરમાં પાંચસો પરમહંસ સહિત રંગ રમીને સાબરમતી નદીના નારાયણ ઘાટે સ્નાન કરવા જઈશું, ત્યારે તે જળમાં તમારી સ્થાપના કરીશું. એવી રીતે ગંગાજીને વરદાન આપીને, યમુનાજી પ્રત્યે બોલ્યા જે, હે યમુનાજી! તમો પણ સત્સંગમાં આવજો. અમો દુર્ગપુરને વિષે

રંગલીલા કરીને ઘેલા નદીના ખળખળીયામાં સ્નાન કરવા જશું તે સમયે તમારૂં સ્થાપન કરીશું. એવી રીતે વર પામીને અદ્રશ્ય થઇ ગયાં. એટલે ઉપર ચઢીને ઓસરીમાં આવીને પોતાનું નિત્યકર્મ કરવા બેસતા હતા. આ સર્વે વૃત્તાન્ત જોઈને ભક્તિમાતા આદિક વિસ્મય પામતાં હતાં.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે વિશ્વામિત્રીના ધરામાં પોતાના સખાઓને વૈકુંઠાદિક ધામ દેખાડયાં અને ગંગાજી તથા યમુનાજીને વર આપ્યા. એ નામે અઠ્ઠાવનમો અધ્યાય પૂરો થયો. ॥૫૮॥

## અધ્યાય : ૫૯

## છપૈયાની પ્રદક્ષિણા વગેરે ચરિત્રો.

વળી એક સમયે કારતક શુક્લ નવમીના દિવસે પ્રાતઃકાળે શ્રીઘનશ્યામ મહારાજ મીનસાગર તળાવના કિનારે થોડેક દૂર મહુડાના વૃક્ષની પારે શૌચવિધિ કરી આવીને તળાવમાં હાથ પગ ધોઈને દંતધાવન કરવા બિરાજ્યા અને દંતધાવન કરીને સ્નાન કરતા હતા. તે સમયે દર્શન કરવા માટે સાંખ્યશાસ્ત્ર ૧. યોગશાસ્ત્ર ૨. પંચરાત્રશાસ્ત્ર ૩. ધર્મશાસ્ત્ર ૪. ઉત્તરમીમાંસા શાસ્ત્ર ૫. પૂર્વમીમાંસા શાસ્ત્ર ૬. એવી રીતે છ શાસ્ત્રો મૂર્તિમાન બ્રાહ્મણના વેષે આવીને નમસ્કાર કરીને ત્યાં થકી ઘનશ્યામ મહારાજની સાથે ઘેર આવીને આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર બેઠા. તે સમયે પોતાની મરજીથી છ શાસ્ત્ર ચંદન પુષ્પાદિકે કરીને મંત્ર બોલીને ધર્મકુંવરની પૂજા કરવા લાગ્યા. તે વખતે ધર્મકુંવરની પૌગંડ અવસ્થા છે તો પણ કિશોર અવસ્થારૂપે દર્શન આપતા હતા. તેથી પીળું અને સોનેરી કોરવાળું ભારે પિતાંબર પહેરાવીને, તેના ઉપર લાલ રંગની શાલ ઓઢાડીને નમ્રતા પૂર્વક પગે લાગીને કહ્યું જે, હે ઘનશ્યામ! અમારે સર્વેને આપનું જન્મસ્થાનક જાણીને આ છપૈયાપુરની પ્રદક્ષિણા કરવાનો વિચાર છે. ત્યારે બોલ્યા જે ચાલો, હું પણ મારા

પિતા તથા ભાઈને સાથે લઈને ફરવા આવું છું. આ પુરની પરિક્રમાનો મોટો લાભ છે. એમ કહેતા સતા, પોતે ચાખડીઓ પહેરીને સર્વેની સાથે ચાલ્યા તે નારાયણ સરોવરના પશ્ચિમ કિનારે થઈને મીનસાગર ઉપર થઈને ખાંપા તળાવડી ઉપર આવતા હતા. તે સમયે અક્ષરાધિપતિ પુરુષોત્તમ છ શાસ્ત્ર સહિત પોતાના પિતા તથા ભાઈને સાથે લઈને પરિક્રમા કરે છે, એમ જાણીને બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તથા દશ દિગ્પાલ, અષ્ટ વસુ, યમરાજા, એ સર્વે ત્યાં આવીને ધર્મકુંવરને પગે લાગીને સાથે ચાલ્યા. દહીંયા આંબાના સ્થળે એ સર્વેને સાથે લઈને આવ્યા. એવી રીતે કેટલીક પરિક્રમાઓ ફરીને નારાયણ સરોવરના કિનારે મોટા મહુડાના વૃક્ષ તળે ધર્મકુંવર આવીને વિરાજમાન થયા. તે સમયે આવેલા સર્વે દેવો પગે લાગીને સ્તુતિ કરતા સતા આકાશમાર્ગે અદ્રશ્ય થઈ ગયા. અને પોતે પોતાના પિતા તથા ભાઈ સહિત ઘેર આવીને રામપ્રતાપભાઈએ વશરામ તરવાડી આદિક પુરવાસીને વાત કહી. ત્યારે સર્વે બોલ્યા જે, અહો ભાઈ, આ વાત કેમ સંભળાવી નહિં ? અમો પણ સાથે આવત. એમ કહીને પશ્ચાતાપ કરતા સતા સર્વે બોલ્યા જે, હે ભાઈ! અમારે પણ આજે અયોધ્યાપુરીએ પરિક્રમા ફરવાનો દિવસ છે. માટે અમે પણ ઘનશ્યામભાઈ સાથે પરિક્રમા ફરવા આવત. એમ કહેતા સતા તે સર્વે જન ભાઈની સાથે આવીને, તે વાત શ્રીહરિને કહી. તે સાંભળીને બોલ્યા જે, હે મામા! એમ તમો શું કરવા કરો છો? ચાલો હું પણ ફરીથી પરિક્રમા કરવા તમારા સર્વેની સાથે આવું છું. એવું સાંભળીને સર્વે આવેલા જન મહા આનંદને પામતાં સતાં પોતપોતાના ઘરે જઈને સર્વે બાલ, યુવાન અને વૃદ્ધને સાથે લઈને, શ્રીહરિની સાથે છપૈયાપુરની કેટલીક પરિક્રમા ફરીને ઘેર આવતાં હતાં.

વળી એક સમયે ઉત્તરાયણના દિવસે ધર્મદેવ પોતાના બે પુત્રો સાથે લઈને મોતી તરવાડી સહિત ઠંડા પાણીથી સ્નાન કરવું તે માટે

નારાયણ સરોવરમાં સ્નાન કરવા જતા હતા. તે કરીને સર્વે ઘેર આવીને પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે બ્રાહ્મણોને પુણ્યદાન કરતા હતા. આવો સમય જોઇને પૃથ્વીમાતા પોતે ગાયનું સ્વરૂપ ધારણ કરીને ધર્મકુંવરની પ્રસાદી લેવા માટે ત્યાં આવતાં હતાં. ત્યારે પોતે તાંબાના વાસણમાં ઘુઘરી તથા શીરો ભરીને ગાયને મૂક્યો. પછી ઉપર હાથ ફેરવવા લાગ્યા, ત્યારે તે ગાય શ્વાસ મુકીને રૂદન કરવા લાગી. તે પોતે જાણે છે. પરંતુ સર્વે બીજાને જણાવવા સારૂં તે ગાયને પૂછતા હતા જે, હે ગાયમાતા ! તમો કેમ રૂદન કરો છો ? ત્યારે બોલ્યાં જે, હે મહારાજ ! હું તો પૃથ્વી ગાયનું સ્વરૂપ ધારણ કરીને તમોને વિનંતી કરું છું જે, મારી ઉપર ઘણું પાપ થાય છે. હવે તમો પાપ ઉતારો તો બહુ સારૂં. તમારો અવતાર એટલા માટે છે. તમો તો ગૌબ્રાહ્મણ પ્રતિપાલ છો. તો તમોને ન કહું તો બીજા કોને કહું ! એમ વાત કરે છે તે સમયમાં વરૂણદેવ અતિદુઃખના ભર્યા પોતાના સ્થાનક જળમાંથી આવીને હાથ જોડીને વિનંતી પૂર્વક કહેવા લાગ્યા જે, હે મહારાજ ! અમારા જીરાભારી તળાવમાં ગામ ઈટોલાના મ્લેચ્છો અસુર શેખકલી તથા શીરસા તથા શેખમોતી તથા શેખદુલાર એ આદિક ઘણાક અસુરો એકત્રિત થઇને માછલાં મારીને કિનારા ઉપર ઢગલો કર્યો છે. તે મારાથી જોઇ શકાતું નથી. તે દુષ્ટો થકી મારી રક્ષા કરો. તેવું સાંભળીને અતિશય આવી ગઇ છે દયા જેમને, એવા ધર્મકુંવર તે બન્નેનું દુઃખ સાંભળીને તે પ્રત્યે બોલ્યા જે, હવે થોડાક દિવસમાં તમારૂં રક્ષણ કરવા સારૂં મારૂં વનવિચરણ થશે. એમ તમો નિશ્ચય મનમાં જાણો. એવી રીતે આજ્ઞા પામીને ત્યાં થકી બન્ને અદ્રશ્ય થઇને પોતપોતાના સ્થાનકે ગયા. ત્યાર પછી ધર્મકુંવર તત્કાળ પોતે બીજા સ્વરૂપે થઇને ત્યાં થકી ગામ ઈટોલાના જીરાભારી તળાવ ઉપર જઇને જુએ છે તો, મહા દુષ્ટનું કર્મ જે, માછલાં મારેલાં તે જોઇને પોતાના મનમાં સંકલ્પ કર્યો જે, આ સર્વે માછલાં સજીવન થઈને પાણીમાં જાઓ.

તેવા સંકલ્પની સાથે જ સર્વે માછલાંના ઢગલા ઉછળીને ધડો ધડ પાણીમાં પડતાં હતાં. તે જોઈને તે સર્વે અસુર પરસ્પર બોલવા લાગ્યા જે, અલ્યા ! તેં મારાં માછલાં કેમ પાણીમાં નાખી દીધાં ? એમ એકબીજાને કહેતાં પરસ્પર મારામારી થઇ, તેથી સર્વે મરણ પામ્યા. એવી રીતનું પરબારૂં કામ કરાવીને પોતે ઘેર આવી બે સ્વરૂપે હતા તે એક રૂપે થઇ ગયા.

વળી એક સમયને વિષે પોતાના સખાઓને સાથે લઇને ઘનશ્યામ મહારાજ નારાયણ સરોવરના ઉત્તર કિનારે એક મોટો પીપળાનો વૃક્ષ હતો, તેના ઉપર ચઢીને બેસતા હતા. ત્યારે મોતી તરવાડી પહેલવાનને સાથે લઇને ગામ ગાયઘાટ જતા હતા. ત્યારે પીપળા ઉપર ઘનશ્યામને જોઈને બોલ્યા જે, હે ઘનશ્યામભાઇ ! તમો કોઈ ફળવાળા વૃક્ષ ઉપર ચઢ્યા હોત, તો કોઈ ફળ ખાવા મળત. પણ આમાંથી તમોને શું મળશે? ત્યારે પોતાના મામા પ્રત્યે બોલ્યા જે, હે મામા ! અમો અહિં ફળ ખાવા નથી ચઢ્યા.પરંતુ અમારો વિચાર જુદો છે. એમ કહીને ચારે દિશાઓમાં જોવા લાગ્યા. ત્યારે મોતી તરવાડીએ પૂછ્યું, જે હે ઘનશ્યામ ! તમો શા વિચારમાં છો ? ત્યારે બોલ્યા જે, અમો તો એમ વિચાર કરીએ છીએ જે, ક્યા દેશમાં દૈવી જીવ ઘણા છે અને કયા દેશમાં આસુરી જીવ છે ? તે જોવા ચઢ્યા છીએ. એમ કહીને પીપળાના પાંદડે પાંદડે તથા ડાળે ડાળે અનેક જાતનાં ફળો મામાને તથા ભાઇને દેખાડતા હતા. તે જોઈને મોતી તરવાડી તો મહા વિસ્મય પામી ગયા, અને પહેલવાન બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ ! એક બે ફળ તો મને આપો. તેવું સાંભળીને તે વૃક્ષમાંથી રામફળ તથા નારંગી વિગેરે બે ચાર જાતનાં ફળ આપતા હતા. તે લઇને રાજી થઇને ગામ ગાયઘાટે જઇને તે ફળ સર્વેને દેખાડ્યાં. તે જોઈને સુધીતરવાડી, લક્ષ્મીબાઇ, માનઓઝા વિગેરે મહા આશ્ચર્ય પામતાં હતાં.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ

રામશરણજી સંવાદે છપૈયાપુરની પ્રદક્ષિણા છ શાસ્ર તથા ચોવિસ અવતારે સહિત ફર્યા તથા પૃથ્વીદેવી અને વરૂણદેવે સ્તુતિ કરી અને મ્લેચ્છોને પરસ્પર મરાવ્યા. એ નામે ઓગણસાઇઠમો અધ્યાય પૂરો થયો. ।।૫૯।।

## અધ્યાય ૬૦

## મખોઢાઘાટનો મેળો તથા અન્ય લીલા.

**એક સમયે સોમવતી અમાવાસ્યાના દિવસે ભક્તિમાતા સુવાસિનીબાઇ તથા પોતાની બહેન ઈન્દીરાબાઈ વગેરે કેટલીક સ્ત્રીઓ એકત્ર થઈને, નારાયણ સરોવરમાં સ્નાન કરવાનો વિચાર કરીને પોતાને પહેરવાની સાડીઓ આદિક વસ્ત્રો તથા કુમકુમ, કેસર, અક્ષત અને કાચું સુતર તે સર્વે વસ્તુઓને તાસકોમાં ગોઠવીને પોતપોતાના હાથમાં લઈને સ્નાન કરવા જતાં હતાં. તે સમયે ઘનશ્યામ મહારાજ પણ પોતાના સખાઓ સાથે લઈને આવેલા હતા. પછી ભક્તિમાતા આદિક સર્વે બાઈઓ સ્નાન કરીને ધોયેલી સાડીઓ પહેરીને, પ્રથમ તો નારાયણ સરોવરના ઘાટ ઉપર ઉભાં રહીને સૂર્યનારાયણ દેવની કુમકુમ વડે પૂજા કરતાં હતાં. ત્યાર પછી જળમાં વરુણદેવની પૂજા કરીને પોતાના હાથમાં જળના લોટા ભરીને પીપળાના વૃક્ષ પાસે આવીને તે પીપળાના થડમાં પ્રથમ પાણીની ધારા ચારે તરફ કરીને કુમકુમ, કેસર, અક્ષત વડે પૂજા કરીને પીપળાને સુતરના ત્રાગડા વડે ચારે તરફ વીંટતાં હતાં. ત્યાર પછી સર્વે બાઈઓ પરસ્પર કુમકુમના ચાંદલા એકબીજાને કરીને પીપળાના વૃક્ષની પ્રદક્ષિણા કરવા લાગ્યાં. તે વખતે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભાભી ! તમો બધાં પીપળાની કેડે કેમ ફરો છો ? ત્યારે કહ્યું જે, આજે તો સોમવતી અમાવાસ્યા છે. માટે પરિક્રમા ફરીએ છીએ. તમારે ફરવું હોય તો આવો. એમ કહ્યું, ત્યારે બોલ્યા જે, અમો તો ઘેર જઈને તુલસીની પરિક્રમા ફરીશું. એમ કહ્યું, ત્યારે સુવાસિની-બાઈ બોલ્યાં જે, હે ભાઈ ! આપણા ઘરે તુલસી તો સુકાઈ ગયાં છે. તે**

નવાં લાવીને રોપો તો અમો પણ ત્યાં ફરીએ, એમ કહેતાં સતાં સર્વે ઘરે આવ્યાં. અને પોતાના મનમાં એમ જાણ્યું જે, ઘનશ્યામભાઈ સહિત ઈચ્છારામ ભૂખ્યા થયા હશે એમ જાણીને, દહીં અને પુવા જમવા સારું આપ્યા. તે જમીને ચળુ કરતા સતા બહાર આંગણામાં આવીને આંબલીનું ડાળું કાપેલું પડ્યું હતું, તે ખાડો ખોદીને તે ડાળ રોપીને ચારે તરફ પાળી કરીને કૂવામાંથી પાણી કઢાવીને રેડવા લાગ્યા. તે સમયે સુવાસિનીબાઈ ઓરડામાંથી બહાર આવ્યાં અને તે જોઈને બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ ! તમો આ શું કરો છો ? ત્યારે કહ્યું જે તમો કહેતાં હતાં તે અમો આ તુલસીને રોપીને પાણી પાઈએ છીએ. ત્યારે બોલ્યાં જે, અરે ... ભાઈ ! આવું જુઠું બોલો છો ? ત્યારે કહ્યું જે, એમાં જુઠું શાનું ? જેવું છે તેવું કહીએ છીએ. તમોને ન મનાય તો બીજા કોઈને પૂછી જુઓ. એમ કહીને તેની પછવાડે પોતે હાથમાં માળા લઈને પ્રદક્ષિણા કરવા લાગ્યા. તે જોઈને પોતાના મોઢે કપડું રાખીને સુવાસિની-બાઈએ ભક્તિમાતાને કહ્યું જે, હે બાઈજી ! તમો જુવો તો ખરાં ! આ ઘનશ્યામ બાબુ તો આંબલીના ડાળને રોપીને તેની પરિક્રમા ફરે છે. એમ કહે છે તેટલામાં તો સુંદરીબાઈ આવ્યાં તે તથા ભક્તિમાતા એમ બોલ્યાં જે, આ તો તુલસીની પરિક્રમા ફરે છે અને તમો તો આંબલી છે એમ કેમ કહો છો ? એટલું તો ખરું જે, આ જગ્યાએ આજ સવારના પહોરમાં કંઈ પણ હતું નહીં ને આ તુલસીનું ઝાડ ક્યાંથી ? એમ કહેતાં સતાં વિસ્મય પામતાં હતાં. ત્યારે સુવાસિનીબાઈ તો વિચારમાં પડ્યાં જે, આ તુલસીનું ઝાડ તો નક્કી નથી. પરંતુ હમણાં જ મારા દેખતાં આંબલીનું ઝાડ પડ્યું હતું તે લઈને અહીં રોપ્યું છે. તેને સર્વે તુલસી છે એમ કહે છે. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભાભી ! તમો સાચું બોલજો આ શું છે ? અમારાં માતુશ્રી તથા મામી એ બન્ને તો તુલસી છે એમ કહે છે અને તમો કહો છો જે આંબલી છે. ત્યારે હવે

મારે શું કરવું ? પરિક્રમા ફરૂં કે ન ફરૂં ? તમો કહો તેમ કરૂં. એમ વાત કરે છે તેટલામાં તો વળી સુરજામામી આવ્યાં. તે આવીને કહ્યું જે, આ કૃષ્ણતુલસી તમે ક્યાંથી લાવીને રોપ્યાં ? તે બહુ સારાં છે. તેવું સાંભળીને સુવાસિનીબાઈ પોતાના મનમાં ઘણુંક મુઝાવા લાગ્યાં, તે જોઈને બોલ્યા જે, હે ભાભી ! તમો બધુંય જવા દઈને તુલસીની ભાવના કરો. હમણાં ઘડી પછી જે હશે તે તમોને જણાશે. પછી તેવી રીતે ભાવના કરી. ત્યાંતો તુરત તુલસી છે એમ માલૂમ પડ્યું. ત્યારે નિર્માની થઈને પગે લાગીને બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ ! આ તો બધોય તમારો જ વાંક છે. તે તમારી માયામાં મુને ઘુંચવીને જુઠી પાડી. એમ કહેતાં સતાં ગદ્ ગદ્ કંઠે થઈને તેમની સાથે તે પણ પરિક્રમા ફરવા લાગ્યાં. તે સમયે ધર્મદેવ રામપ્રતાપભાઈને સાથે લઈને કોઈ કારણસર અયોધ્યાપુરી ગયેલા હતા તે ત્યાંથી આવ્યા અને તે તુલસીનું ઝાડ જોઈને આશ્ચર્ય પામતા હતા.

વળી એક દિવસે વશરામ તરવાડી પોતાના મામાના ગામ તરગામ જવાનો વિચાર કરીને ધર્મદેવના ઘરે મળવા આવ્યા.ત્યારે તેમની સાથે ઘનશ્યામ મહારાજ જવા માટે તૈયાર થયા. ત્યારે ભક્તિમાતાએ પોતાના ભાઈને ભલામણ કરીને રૂડાં વસ્ત્ર ઘરેણાં પહેરાવીને સાથે મોકલવા તૈયાર કર્યા. ત્યારે બોલ્યા જે, હે દીદી ! મામાની સાથે જાઉં. તો વસંતા માસીને ગામ લક્ષ્મણપુરમાં ભાઈ માણેકધરને મળવા જઈશ. એમ કહીને મામાની સાથે ચાલ્યા તે ગામ ગાયઘાટે ગયા. ત્યાંથી તરગામ ગયા અને ત્યાં નવ માસ રહીને ત્યાં થકી વશરામ તરવાડી ચાલ્યા તે ગામ લક્ષ્મણપુર ગયા અને ત્યાં વસંતાબેનને ઘેર વશરામ તરવાડી પાંચ દિવસ રહીને માણેકધરભાઈ સહિત ઘનશ્યામ મહારાજને સાથે લઈને ત્યાં થકી ચાલ્યા, તે રામહરીપઢરી થઈને ગામ બરૂઈ ચંદનબહેનના ઘરે ગયા. અને ત્યાં ત્રણ દિવસ રહીને ચંદન તથા ભાઈ

બસ્તીએ સહિત ઘનશ્યામ પાછા ત્યાં થકી ચાલ્યા તે ચૈત્ર માસની પૂર્ણિમાના દિવસે મખોડાઘાટે મેળા ઉપર આવતા હતા. અને ત્યાં મનોરમા નદીમાં સ્નાન કરીને મંદિરમાં ઉતારો કર્યો. તે સમયે છપૈયાપુરથી ધર્મદેવ, ભક્તિમાતા, રામપ્રતાપભાઈ વિગેરે કેટલાક જનો ત્યાં આવ્યા અને એકબીજાને મળતા હતા. અને તે મનોરમા નદીમાં મખોડાઘાટ ઉપર પૂર્વે દશરથ રાજાએ પોતાને પુત્રની આશાથી કેટલાક યજ્ઞો કર્યા હતા. તેથી રામચંદ્રજી ભગવાન પ્રસન્ન થઈને રાજાને વર આપ્યો જે, હું તમારા પુત્રરૂપે થઈશ. તે દિવસથી આરંભીને એ તીર્થને વિષે ચૈત્રમાસની પૂર્ણિમાના દિવસે હજારો માણસોનો મેળો ભરાય છે.અને ત્યાં એક પુનમના દિવસે રીંગણાનું શાક અને બાટીઓ જમવાનું માહાત્મ્ય છે. એમ જાણીને ધર્મદેવ તે તીર્થને વિષે રીંગણાનું શાક અને બાટીઓ કરાવીને સર્વે જનોને જમાડીને પોતે જમતા હતા. ત્યાર પછી ઘનશ્યામ મહારાજ પોતે મંદિરેથી આથમણી બાજુ મોટા પીપળાના વૃક્ષ ઉપર ચડીને ચારે તરફ જોવા લાગ્યા. તે વખતે ઘેલા તરવાડી ભવાની માતાના ચોતરા ઉપર બેઠેલા હતા. તે ઘનશ્યામ મહારાજને પીપળાના વૃક્ષ ઉપર ચડેલા જોઈને બોલ્યા જે, હે ઘનશ્યામ! તમો ઉપર ચડીને શું જુઓ છો? નીચે ઉતરો, પડશો તો વાગશે. ત્યારે બોલ્યા જે, હે મામા! અમો તો કંઈ પડતા નથી. પરંતુ આ સઘળા મેળામાં દૈવી અને આસુરી જીવ જોઈએ છીએ. કારણ કે ઉત્તરાયણના દિવસે પૃથ્વી ગાય રૂપે થઈને અમારી પાસે આવીને રૂદન કરતી સતી બોલી જે, હે ભગવન્ ! તમો તો પ્રત્યક્ષ ધર્મભક્તિના ઘરે પ્રગટ થયા છો અને મારા ઉપર તો અસુરલોક બહુ પાપ કરીને રસાતળ વાળે છે. તે મારાથી સહન થતું નથી. માટે હે મહારાજ! તમે એ સર્વે અસુરનો નાશ કરીને મને પાપમાંથી ઉગારો. હે મામા! તમો તો શું કહો છો ? જે હેઠા પડશો. આવી રીતે પૃથ્વી સાક્ષાત્ ગાય રૂપે થઈને મહારૂદન કરી અમારી આગળ અરજ

કરી ગઈ છે. આજે આ મેળામાં ઘણાક અસુર ભેગા થયા છે. અમારી ઈચ્છા થકી માંહોમાંહી મારામારી કરીને પૃથ્વીના ભારરૂપ સર્વે અસુર કપાઈ મરશે તે તમો જુઓ. એમ કહે છે તેટલામાં તો ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી ઘાટ ઉપર સ્નાન કરવા ગયા, ત્યારે એક જમાતવાળા કહે જે, પ્રથમ અમો સ્નાન કરીએ અને બીજા કહે અમો પ્રથમ સ્નાન કરીએ. એમ પરસ્પર વાદ કરતાં લડાઈ થઈ તેમાં ઘણાક અસુરો કપાઈ મુવા. એ રીતે પરબારો પૃથ્વીનો ભાર ઉતારીને પોતે નીચે ઉતરી ગયા. તે જોઈને ધર્મદેવ આદિક સર્વે જન મહાત્રાસ પામતા સતા છપૈયાપુરને વિષે આવતા રહ્યા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે આંબલીની ડાળ રોપીને તુલસીનો ભાવ દેખાડયો તથા મખોડા ઘાટે મેળામાં અગણિત અસુર અંદરો અંદર કપાઇ મુઆ. એ નામે સાઇઠમો અધ્યાય પૂરો થયો. ।।૬૦।।

## અધ્યાય ૬૧

## ઘનશ્યામ મહારાજેરામપ્રતાપભાઈની જીત કરાવી.

વળી એક સમયે પોતાને નોકરી કરવાનો વિચાર થવાથી માતાપિતાની આજ્ઞા માગીને ઘનશ્યામ મહારાજને પૂછીને રામપ્રતાપભાઈ હિંદીપુરના રાજ્યમાં રાજાને ત્યાં જઈને નોકરીમાં રહેતા હતા. ત્યારે તે રાજાએ તેમને તથા પોતાના બીજા નોકરો પાસે નિશાન પડાવ્યાં. તેમાં બીજા કોઈ નિશાન પાડી શક્યા નહીં. અને રામપ્રતાપ-ભાઈએ તો એકદમ સાઈઠે નિશાન પાડ્યાં. અને બીજી અનેક રીતે પરીક્ષા લીધી, તેમાં નિષ્ણાત હોવાથી પ્રણામ કરીને, મહા શૂરવીર છે અને બળવાન છે અને લડાઈના કામમાં ઘણા હોશિયાર જાણીને લશ્કરમાં સર્વેના ઉપરી બનાવ્યા. અને પગાર પણ રૂપીયા ૬૦ (સાઈઠ) કરીને રાખ્યા. ત્યારે પોતાનાં સર્વે હથિયાર સજીને નિર્ભય થઈને નોકરી

કરતા હતા. એમ કરતાં રામપ્રતાપને ગયે આઠ માસ થયા પરંતુ કંઇ સમાચાર આવ્યા નહીં. ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, હજી સુધી રામપ્રતાપની ખબર આવી નથી. એમ કહે છે તેટલામાં તો ભાઈએ લખેલો પત્ર આવ્યો. તે વાંચી ધર્મદેવે સર્વેને સમાચાર કહ્યા. તે સાંભળીને સંબંધીજન બહુ રાજી થયાં અને કહેવા લાગ્યાં જે, ભાઈનો આ પત્ર આવ્યો છે માટે તેમની ખબર કાઢી આવો. એમ કહીને ભાતુ કરી આપ્યું તે લઈને ધર્મદેવ વશરામ તરવાડી વગેરે સર્વે સગા સંબંધીને મળીને ચાલ્યા, તે વખતે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દાદા ! ભાઈને મળવા હું પણ સાથે આવીશ. એમ કહીને રૂદન કરવા લાગ્યા. ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, લઈ જાઓ. તમો સાથે છો એટલે શી ફીકર છે ? એમ કહીને સાથે જવા તૈયાર કર્યા. ત્યારે ધર્મદેવ તેમને લઈને ચાલ્યા તે આગળ ચાર ગાઉ ગયા, ત્યારે પોતે થાકી ગયા. ત્યારે ધર્મદેવે કહ્યું જે, હે ઘનશ્યામ ! આ રીતે ચાલશો તો શી રીતે ભાઈને ભેગા થશો ? હજી તો ગામની સીમ છે. માટે ચાલો પાછા મૂકી આવું. તમારાથી પાર પડશે નહીં. કારણ કે હજી તો અહીંથી દક્ષિણ દેશમાં પાંચશો ગાઉ દૂર હિન્દીપુર છે. માટે તમારાથી ચલાશે નહીં. ત્યારે બોલ્યા જે, હે દાદા ! તમો જેટલું ચાલો તેટલું હું પણ ચાલું તો કેમ ? ત્યારે ધર્મદેવ બોલ્યા જે, ભાઈ ! ત્યારે તો બહુ સારૂં. એમ કહીને બન્ને જણ સાથે ચાલ્યા. તે રાત્રે મુકામ કરતા સતા દોઢ માસ થયો, ત્યારે હિન્દીપુર પહોંચ્યા. પછી ત્યાં જઈને દરબારમાં ખબર કાઢી. ત્યારે રાજાએ કહ્યું જે, તમારા રામપ્રતાપભાઈને મોટા લશ્કરના ઉપરી કરીને અમોએ સ્થાપ્યા છે. તે અહીંથી પંદર ગાઉ ઉપર એક ગામના રાજાને અને અમારે જમીન બાબત તકરાર છે તે સામસામાં લશ્કર ભેગાં થયાં છે, ને હવે થોડાક દિવસમાં લડાઈ થવાની છે. માટે તમો અહીં રહો તો દરબારમાંથી સિધાનો સમાન અમો અપાવીશું અને તમારી બન્ને જણની સરભરા

સારી રીતે રખાવીશું અને જો ત્યાં જવું હોય તો તમારી મરજી. ત્યારે ધર્મદેવે કહ્યું જે, હે ઘનશ્યામ ! તમો તો અહીં દરબારમાં આ રાજા પાસે રહો. ત્યારે બોલ્યા જે, ના, મારે તો મોટાભાઈને મળવું છે. એમ કહીને બન્ને જણ સાથે ચાલ્યા. ત્યારે રાજાએ ધર્મદેવને બેસવા ગાડી આપી અને પોતાના બે અસ્વારોને સાથે મોકલ્યા. તેની સાથે લશ્કરમાં બીજે દિવસે પહોંચીને રામપ્રતાપભાઈને મળતા હતા, ત્યારે ભાઈ મળીને બહુ રાજી થયા અને બોલ્યા જે, હે દાદા ! તમો આ ઘનશ્યામભાઈને અહીં શું કરવા લાવ્યા ? કારણ કે આવતી કાલે સવારે અહીં લડાઈ થવાની છે. ત્યારે ધર્મદેવે કહ્યું જે, મેં તો ઘેર ઘણી ના પાડી પણ ન રહ્યા. તથા રાજા પાસે પણ રહ્યા નહીં. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે મોટાભાઈ ! તો સાઈઠ રૂપિયાનો પગાર મંડાવીને નોકરી ઉપર આવ્યા છો તો ખરા. પરંતુ જે વખતે ખરી પળ આવે ને તક સંચવાય તો સારૂં. એમ કહીને વળી બોલ્યા જે, તમારી શી મરજી છે ? ત્યારે ભાઈ બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો અને દાદા બન્ને જણ પાછા શહેરમાં જાઓ. ત્યારે બોલ્યા જે, ભાઈ ! દાદાને જવું હોય તો ભલે જાય. પરંતુ હુંતો નહીં જાઉં. અમો અહીં શું કરવા આવ્યા છીએ તે તમોને ખબર નથી. એવું મર્મ ભરેલું વચન સાંભળીને તે લશ્કરના બીજા કેટલાક મોટા મોટા લશ્કરી બોલ્યા જે, હે ભાઈ ! આ તો કોઈ ચમત્કારી છે, માટે તમારી પાસે રહેવા દ્યો. એમ કહીને રૂડી રસોઈ કરાવીને જમાડતા હતા. ત્યાર પછી રાત પડી ત્યારે સર્વે ભેગા મળીને વિચાર કરવા લાગ્યા જે, હવે આપણે સવારે શું કરવું ? એમ કહે છે તેટલામાં તો પાસેના ગામડામાં લશ્કર આવે છે એવી વાતો ચાલી. તેના ભયથી સર્વે ગામડાંના લોકો પોતપોતાનો જીવ સાચવતા તત્કાળ નાસી ગયા, એવી ખબર આવી ત્યારે તે સર્વે લશ્કરના સિપાઈઓ ત્યાં જઈ પહોંચ્યા. તેમાં જેને જે વસ્તુ હાથમાં આવી તે લઈ આવ્યા અને ઘનશ્યામ મહારાજ તો

એક કંદોઈના ઘરમાંથી દહીંનું ભરેલું ગોરસું ઉપાડી લાવ્યા. ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો આમાં શું લાવ્યા ? ત્યારે બોલ્યા જે, હે મોટાભાઈ ! કાલે સવારે લડાઈ થવાની છે માટે આતો અમો શુકન જાણીને દહીં લાવ્યા છીએ. એણે કરીને તમારો જય થશે. અને બીજું એમ છે જે, આ સર્વે માણસો માલમિલ્કત લાવ્યા હશે, પરંતુ લશ્કરમાં લડતાં મરણ પામ્યો તો કોણ જાણે તે માલ કોણ ખાશે. માટે આતો તત્કાળ પ્રથમ આપણે જમવામાં કામ આવશે. એમ કહે છે તે સાંભળીને પાછા સર્વે ભેગા થઈને ઘનશ્યામ મહારાજને પૂછવા લાગ્યા જે, હે ભાઈ ! હવે તો તમો કહો તેમ કરીએ. ત્યારે બોલ્યા જે, હું કહું તેમ કરો તો તમારો જરૂર વિજય થાય. એમ કહીને વળી બોલ્યા જે, આઠહજાર બરકમદાર પહેલવાનોને સાથે લ્યો અને અમો પણ તમારી સાથે આવીશું અને આ સર્વે બીજાં માણસોને અહીં રહેવા દો. ત્યારે તેમણે કહ્યું જે, બહુ સારૂં. એમ કહીને પોતે લાવેલું દહીં રામપ્રતાપભાઈ આદિક સર્વે જમીને તૈયાર થઈને ચાલ્યા, તે જ્યાં એક ગાઉને આશરે સામા રાજાનું લશ્કર છે તેની સમીપે જઈને બોલ્યા જે, હે ભાઈ ! તમારે સર્વેને સો સો બંદુકના અવાજ એકદમ સામટા કરવા, પરંતુ વચ્ચે ખાલી પડવા દેવું નહીં. એવી રીતે એક એકને હજાર ભડાકા કરવા અને ચાલતા રહેવું. તેવું સાંભળીને તે જ પ્રમાણે ભડાકા કરતા સતા આગળ ચાલ્યા, તે સામા લશ્કરવાળા એવો ભય પામી ગયા જે, આતો લાખો માણસો આવે છે. એમ જાણીને પોતાનાં હથિયાર આદિક સર્વે સામાન પડતો મૂકીને એમને એમ નાસી ગયા તે કોઈ કોઈના સામું જોવા રહ્યા નહીં અને મરવાની બીકે નાઠા તે સવાર સુધી જાણે અવાજ એમને એમ થતા આવે છે અને ગોળીઓ પણ ઉપર સણણણ કરતી ચાલી આવે છે. એવી રીતે તેમને પોતાનું ઐશ્વર્ય જણાવીને કાઢી મૂકતા હતા, પછી તો તે સ્થળે સામા ભાગમાં સર્વે પહોંચી ગયા. ત્યારે

તેમના હથિયાર તરવારો, બંદુકો, હાથી, ઘોડા, વેલ્યું, ગાડાં, ઊંટ, તંબુ, તોપો, દારૂગોળો તે સર્વેને ઘનશ્યામ મહારાજની આજ્ઞાથી તે રાજાના લશ્કરવાળા ઉપાડી લઈને પોતાનું નિશાન તે જગ્યાએ રોપાવતા હતા. એવી રીતે જીત કરાવીને પાછા વળ્યા તે લશ્કરમાં આવીને સર્વે ભેગા થયા, ત્યારે મોટા મોટા લશ્કરમાં ફોજના દીવાન, જમાદાર, નાયક તે સર્વે ઘનશ્યામ મહારાજને પાસે બેસારીને અધિક હેત દેખાડતા સતા બોલ્યા જે, હે રામપ્રતાપજી ! આ તમારા ઘનશ્યામભાઈ આવ્યા તે આપણી જીત થઈ. એમ કહેતા હતા અને પોતાના રાજાને ત્યાં સમાચાર મોકલ્યા. ત્યારે રાજા પોતાની જીત સાંભળીને બહુ પ્રસન્ન થયા અને વાજતે ગાજતે સન્માન કરવાના સમયને વિષે રાજા બોલ્યા જે, આપણી શી રીતે જીત થઈ ? ત્યારે દીવાને કહ્યું જે, આ રામપ્રતાપભાઈના નાના ભાઈ ઘનશ્યામપ્રસાદના પ્રતાપ વડે આપણી જીત થઈ. એવું સાંભળીને બહુ રાજી થઈને બન્ને ભાઈને ભારે પોશાક આપતા હતા. ત્યારે તેમાં વસ્ત્ર ઘરેણાં ને એક હજાર રૂપિયા ભાઈઓને ભારે ભારે સરપાવ આપ્યો. ત્યારે તે રાજકચેરીમાં બેઠેલા સભાસદો તે સર્વ પોતાના મનમાં જેવો ભાવ, તેવી રીતે ઘનશ્યામ મહારાજને દેખતા હતા. ત્યારે તો રાજા પોતે પોતાના સુહૃદ અને મહાકાન્તિવાળા આવા જોઈને તે કચેરીમાં ઉભા થઈને સર્વે દેખતે સતે પોતાના હાથમાં મોતીની માળા લઈને પહેરાવતા સતા, પોતાના બે હાથ જોડીને નમસ્કાર કરતા હતા. પછી આપ્યો જે મુકામ તેમાં રસોઈ કરીને બન્ને પુત્ર સહિત ધર્મદેવ જમ્યા.

પછી બીજે દિવસે રામપ્રતાપભાઈ રાજા પાસે રજા માગવા ગયા જે, હવે મને ઘણા દિવસો થયા, માટે મારા પિતા તથા ભાઈની સાથે ઘેર જવાનો વિચાર છે. ત્યારે અતિ પ્રસન્ન થઈને તે રાજાએ રજા આપી અને ધર્મદેવ પ્રત્યે બોલ્યા જે, તમારા આવવાથી તો અમારી લાજ રહી. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, લાજ તો ભગવાન રાખનારા છે

અમો શું રાખીશું ? એમ કહ્યું તે સાંભળીને રાજા ઘણા રાજી થયા અને બોલ્યા જે, હે ઘનશ્યામ મને આપનું દર્શન આપીને કૃતાર્થ કર્યો અને મારી જીત કરાવી તેથી તમો સાક્ષાત્ ઈશ્વર છો. એમ કહીને તે રાજાએ વળાવ્યા થકા તે ધીમે ધીમે ગાડીમાં બેસીને કાશીપુરમાં આવીને પથ્થર ગલીમાં પોતાના ગોર દેવદત્તના ઘેર ઉતારો કરીને ગંગા નદીમાં મણીકર્ણિકા ઘાટે સ્નાન કરીને મહાદેવજીનાં દર્શન કરીને પછી ઉતારે આવીને રસોઈ કરીને જમતા સતા, કેટલાક દિવસ તે તીર્થમાં રહીને ત્યાં થકી ચાલ્યા તે છપૈયાપુરમાં આવતા હતા. ત્યારે ભક્તિમાતા તેમને આવ્યા જાણીને સુવાસિનીબાઈ પાસે ગરમ પાણી મુકાવીને નવરાવીને રસોઈ કરીને જમાડતાં હતાં. તે જમી ચળુ કરીને પાનબીડી જમતા સતા, આંબલીના વૃક્ષ હેઠે ચોતરા ઉપર જઈને પોતાના સખાઓ આવેલા છે તેમણે સહિત બેઠા અને હિન્દીપુરની લડાઈની વાર્તા કરવા લાગ્યા. તે સમયે ભક્તિમાતા આવીને મસ્તક ઉપર જમણો હાથ મૂકીને બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ ! આ તમારા વાંસામાં શું વાગ્યું છે ? ત્યારે કહ્યું જે, હે દીદી ! ગાડા ઉપરથી રાત્રીને વિષે પડી ગયો હતો તેથી બાવળની શુળ લાગી હતી. એમ કહીને સખાએ સહિત નારાયણ સરોવરમાં સ્નાન કરવા જતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે રામપ્રતાપભાઇ હિન્દીપુરના રાજ્યમાં નોકરી કરીને લડાઇમાં ઘનશ્યામ મહારાજે જઇને વિજય કરાવ્યો તેથી તે રાજાએ તે બન્નેને પોશાક, વસ્ત્ર, ઘરેણાં, ભારે મોતીઓના હાર અને એક હજાર રૂપિયા એવી રીતે આપ્યા. એ નામે એકસઠમો અધ્યાય પૂરો થયો. ll૬૧ll

## અધ્યાય ૬૨

## ઘનશ્યામ મહારાજની વિવિધ લીલા.

વળી એક સમયે ધર્મદેવ સહિત રામપ્રતાપભાઈ એકાદશીના

દિવસે રાત્રીનું જાગરણ કરીને આંબલી નીચે ચોતરા ઉપર બેસીને ભગવાનનું ભજન કરતા હતા. તે સમયે આંબલીનાં પત્ર ઉપરથી ખરવા માંડયાં. તે જોઈને ધર્મદેવના અંતઃકરણમાં સંકલ્પ થયો જે, હવે એક માસ સુધી નિરંતર આ પત્રને વાળી નાખશું અને પાછાં કેટલાંય પડશે અને આ ચોતરા ઉપર ચોખ્ખું નહીં રહે, એવો પોતાના પિતાનો સંકલ્પ અંતર્યામીપણે જાણીને મહારાજ એમ ધારતા હતા કે, હવે તો આ પત્ર ખરવાં બંધ થઈ જાય તો ઠીક. એમ કરતાં સવાર થયું એટલે તો સર્વે બીજાં માણસો પોતપોતાના ઘેર ગયાં. અને ધર્મદેવ તથા મોતી તરવાડી એ બન્ને જણ કોઈ કારણસર ગામ નવાબગંજ ગયા અને રામપ્રતાપભાઈ તો પહેલવાન સહિત નારાયણ સરોવરમાં સ્નાન કરવા ગયા. અને સુવાસિનીબાઈ પોતાના હાથમાં સાવરણી લઈને ઘરમાંથી કચરો કાઢવા લાગ્યાં. અને ભક્તિમાતા ગાય દોવા ગયાં અને ઘનશ્યામ મહારાજ તો ત્યાં આંબલી નીચે બેસી રહ્યા. તે સમયે વેણીરામ સહિત સુખનંદન આવીને સમીપે બેસતા હતા. તે સમયે આંબલી ઉપરથી જુનાં પત્ર બધાં એકદમ ખરી પડ્યાં. અને તત્કાળ તે આંબલી ઉપર બધાંયે નવાં પત્ર આવતાં હતાં. તે વખતે સર્વે પુરવાસી જનોને એકબીજાના કહેવાથી ખબર પડી. ત્યારે તે ચરિત્ર જોવા માટે ધર્મદેવના ઘરે આવ્યાં. અને તે સમયે ભક્તિમાતા સહિત સુવાસિનીબાઈ પણ ત્યાં આવ્યાં. ત્યાં તોતે આંબલીનાં જુનાં પત્ર બધાંય હેઠે પડેલાં જોયાં. અને વળી આંબલી ઉપર જુએ તો બધાં નવાં પત્ર દીઠાં. એમ દેખતાં સતાં સર્વે વાર્તા કરવા લાગ્યાં જે, હે ભાઈ ! કાલે તો આ બધાંય જુનાં પત્ર ઉપર હતાં અને એકદમ ખરી પડીને નવાં ક્યાંથી એટલા સમયમાં આવી ગયાં ? એમ એક બીજાને વાર્તા કરે છે એટલામાં તો વળી ઘનશ્યામ મહારાજે પ્રેરેલો વાયુ વંટોળિયા રૂપે આવ્યો. તે આંબલી નીચે પડેલાં પત્રને પોતાના વેગમાં ચડાવીને લઈ ગયો. ત્યારે તે જગા બધી સાફ થઈ ગઈ. તે

ચરિત્ર જોઈને સર્વે મહાવિસ્મય પામતાં હતાં. તે સમયે ગામ નવાબગંજથી ધર્મદેવ, મોતી તરવાડી સહિત આવીને પૂછવા લાગ્યા જે આ શું થયું ? ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે પિતા ! ગઈ કાલે તમારા મનમાં પત્ર સારૂં સંકલ્પ થયો હતો તે જાણીને, અમોએ આ ઉપાય કર્યો છે. તે હવે આપણે એક વર્ષ સુધી પાન નહિ ખરે. તેવું સાંભળીને બહુ રાજી થયાં.

વળી એક દિવસે ધર્મદેવના આંગણામાં નગારાં વગાડનાર નટ આવ્યા. તે પોતાની રમતના ખેલ કરીને સર્વે જનોને રીઝવતા હતા. તેને જોવા સારૂં ઘનશ્યામ મહારાજ ઈચ્છારામે સહિત હુલાબજાર-ફકીરી, વેણી, માધવ અને પ્રાગ એ આદિક બીજા કેટલાક સખાઓ આવીને ઘણા સમય સુધી તે રમતને જોતા હતા. પછી ધર્મદેવે તથા મોતી તરવાડીએ પોતાના ઘેરથી શીખ આપી. તે લઈને નટો ત્યાંથી ચાલ્યા તે ગામ પીરોજપુરમાં ગયા. ત્યારે પોતે સખાઓ સહિત તે નટની પાછળ જોવા સારૂં ગયા. ત્યાંતો આનંદ તરવાડીના આંગણે તે નટ રમવા લાગ્યા, તે કેટલીકવાર સુધી જોઈને પાછા વળ્યા. તે સોનીના બગીચામાં થઈને દુંદ તરવાડીના બહીરી કૂવા ઉપર આવીને બેસતા હતા. તે સમયે કોઈને ખબર ન હોવાથી ઈચ્છારામભાઈ તો કૂવામાં પડી ગયા. તે જોઈને જુડાવર નામનો વણિકનો છોકરો તત્કાળ એકદમ બૂમો પાડવા લાગ્યો જે, હે ઘનશ્યામભાઈ ! ઈચ્છારામભાઈ તો કૂવામાં પડી ગયા. એવું સાંભળીને ઘનશ્યામ મહારાજે તત્કાળ કૂવા સામું જોયું, કે તરત કૂવામાંથી પાણી સર્વે પાતાળમાં ઉતરી ગયું. ત્યારે ઈચ્છારામ-ભાઈ કૂવામાંથી બોલ્યા જે, મને તો કંઈ વાગ્યું નથી. અને કૂવામાં પાણી પણ નથી. એમ કહે છે તેટલામાં તો ધર્મદેવને ઘરે ખબર પડી કે તરત આવ્યા. અને બોલ્યા જે, હે ઘનશ્યામ ! ઈચ્છારામ ક્યાં છે ? તેવો પોતાના દાદાનો શબ્દ સાંભળીને કૂવામાં રહ્યા થકા બોલ્યા જે, હે દાદા!

હું તો આ કૂવામાં છું અને મને ઘનશ્યામના પ્રતાપથી કંઇ વાગ્યું નથી. તમો કોઇ ચિંતા કરશો નહીં.એમ કહે છે તે સમયમાં સર્વેને દેખતાં ઘનશ્યામ મહારાજે પોતાના બે હાથ લાંબા કરીને ઈચ્છારામને કૂવામાંથી બહાર કાઢ્યા કે, તુરત કૂવામાં પાછુ પાણી એકદમ ભરાઈ ગયું. તે ચરિત્ર જોઈને સર્વે જનો મહા આશ્ચર્ય પામતાં સતાં પોતપોતાને ઘેર ગયાં. ત્યાર પછી સુવાસિનીબાઈ કહેવા લાગ્યાં જે, હવે તો આપણા ઘરને સમુ કરાવવા સારૂં વાંસ કપાવવા છે. માટે એક જણ જાઓ તો ઠીક. ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે હા, એ ખરું કહે છે, જઈને વાંસ લઈ આવો. ત્યારે વાંસ લેવા સારૂં મોતી તરવાડી ગાડું જોડાવીને પોતે રામપ્રતાપભાઈ તથા ઘનશ્યામ મહારાજ મોતી તરવાડીને સાથે લઈને ચાલ્યા, તે ગામ નરેચાના રાજા સન્માનસંગની હવેલી પાસે થઈને કલ્યાણ સાગર તળાવના ઉત્તરાદા કિનારા તરફ જઈને તે વાંસને કપાવીને રામપ્રતાપભાઈ ગાડાંમાં ભરાવતા હતા. તે સમયે ઘનશ્યામ મહારાજે સર્વેને દેખતે સતે પોતાના ડાબા હાથથી એક મોટો તેર વાંભનો વાંસ મૂળમાંથી ઉપાડીને તે ગાડાં ઉપર મૂકી દીધો. તે ચરિત્ર જોઈને તે ગામના રાજા સન્માનસંગ તથા ઓરાપાંડે તથા ક્રિપારામ વગેરે કેટલાક જન ત્યાં ઉભા હતા તે મહા આશ્ચર્ય પામતા બોલ્યા જે, અહો ભાઈઓ! જુઓ તો ખરા ! આ હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામ પ્રસાદમાં કેટલું બળ છે ? આવો જબરો વાંસ મૂળમાંથી ઉપાડીને ગાડાં ઉપર મૂકી દીધો, તેમ બોલતા સતા પગે લાગીને પોતપોતાના ઘેર ગયા અને મોતી તરવાડી વગેરે સર્વે છપૈયાપુરમાં આવીને તે ચરિત્રની વાર્તા સર્વે પુરવાસી જનને કહી.

વળી એક દિવસે ધર્મદેવ ગામ શરણામગંજની બજારે કોઈ કારણસર જવા તૈયાર થયા. તે વખતે ઘનશ્યામ મહારાજને મોટાભાઈએ કહ્યું જે, હે ઘનશ્યામ ! તમો દાદાની સાથે જાઓ. ત્યારે

બોલ્યા જે, હે ભાઈ ! અમો તો આજે નહિં જઈએ, તમો જાવ. ત્યારે બોલ્યા જે, અમારે તો આજે ગામ તિનવા જવું છે. તેથી મારાથી જવાશે નહિં, તેવું સાંભળીને બોલ્યા જે, આજ તો નહિં પરંતુ કાલે જઈશ. એમ કહીને મોટાભાઈની બીકને લીધે તત્કાળ નારાયણ સરોવરના કિનારે નાસી ગયા એટલે ભાઈ પણ તેમને પકડવા સારૂ પાછળ ગયા. ત્યારે મોટાભાઈને પાછળ આવતા જોઈને ત્યાંથી નાસીને આગળ ગામ ગાયઘાટ જઈને ઉભા રહ્યા.ત્યારે મોટાભાઈએ જાણ્યું જે, હું કેડે જઈશ તો બીકને લીધે પાછા વળશે નહીં. એમ જાણીને ભાઈ પાછા ઘેર આવ્યા. અને ઘનશ્યામ મહારાજતો મામાને ઘેર ગયા. તે સમયે મૂર્તામામીએ રસ રોટલીની રસોઈ તૈયાર કરીને કહ્યું જે, હે ઘનશ્યામ ! તમારા મામા સહિત જમવા ચાલો. તેવું સાંભળીને મામાની સાથે જમવા બેઠા. ત્યાર પછી ભક્તિમાતાએ રામપ્રતાપભાઈને કહ્યું જે, ઘનશ્યામને શોધી લાવો. ત્યારે રામપ્રતાપભાઈ ચાલ્યા તે નારાયણ સરોવર ઉપર જોઈને ગામ ગાયઘાટે સુબોધ મામાને ઘેર ગયા. અને ત્યાં ભેગા થયા. એટલે બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો વારંવાર અહીં નાસી આવો છો અને મારે પછવાડે ખોળવા આવવું પડે છે. તેવું શું કરવા કરો છો? ત્યારે બોલ્યા જે, તમો વારંવાર અમોને બીક દેખાડો ત્યારે અમો નાસી આવીએ છીએ. એવું સાંભળીને બોલ્યા જે, હવે ઘેર ચાલો, આપણાં દીદી તમારા વિના અન્ન જમતાં નથી. પછી ત્યાં થકી બન્ને ભાઈ પોતાને ઘેર આવ્યા. ત્યારે ભક્તિમાતા આનંદ પામતાં સતાં પોતાના ત્રણે પુત્ર સહિત જમવા બેઠાં.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ધર્મદેવાદિક સહિત પોતે એકાદશીના જાગરણમાં બેઠાં અને આંબલીનાં પત્ર ખરી પડયાં તે નવાં આવ્યાં અને ઇચ્છારામભાઇ કૂવામાં પડી ગયા ને મોટા વાંસને મૂળમાંથી ઉખાડીને ગાડાંમાં મૂકયો. તથા સુબોધમામાને ઘેર રસ રોટલી જમ્યા. એ નામે બાસઠમો અધ્યાય પૂરો થયો. ॥૬૨॥

## અધ્યાય : ૬૩

## વરૂણદેવે ચરણ ધોયાં, હરિદાસ બાવાને વરદાન.

વળી એક સમયે ઘનશ્યામ મહારાજ ઈચ્છારામ સહિત સર્વે સખાઓથી વીંટાણાથકા નારાયણ સરોવરના કિનારા ઉપર જઈને શીશમના વૃક્ષ નીચે બેસીને સર્વેને વાર્તા કરવા લાગ્યા જે, હે મિત્રો ! તમો સર્વે કાલે સવારે વહેલા ઉઠીને આ બગીચામાં કેરીઓની સાખો લેવા આવજો અને અમો પણ આવીશું. ત્યારે વેણીરામે કહ્યું જે, હે ભાઈ ઘનશ્યામ ! તમો ઠીક કહો છો, પરંતુ આ સર્વેને એક એક આંબો વહેંચી આપો. તે કોઈ કોઈના આંબાની કોઈ સાખ લે નહીં. કારણ કે આ ઈચ્છારામભાઈ આદિક નાના હોય તે આપણી સાથે સવારમાંથી ક્યાંથી સાખો વીણી શકે ? માટે સર્વેને વહેંચી આપો એટલે જે જેના ભાગ્યમાં હશે તેટલી તેને મળશે. ઓછી વધારે આવે તેની ફીકર નહીં. તેવું સાંભળીને વેણીરામને કહ્યું જે, તમો દહીંયે આંબે જજો, મંછારામને કહ્યું જે, તમે ભૈરવે આંબે જજો,ગૌરીદત્તને કહ્યું તમે ભદુએ આંબે જજો, અને સુખનંદનને કહ્યું જે, તમો કટવે આંબે જજો, અને ઈચ્છારામને કહ્યું જે, તમો તો કેસરીએ આંબે જજો, અને માનદત્તને કહ્યું જે, તમો લોટવે આંબે જજો, આવી રીતે સર્વે સખાઓને એક એક આંબો વહેંચી આપ્યો અને બોલ્યા જે, તમો સવારના પહોરમાં વહેલા ઉઠીને પોતપોતાના આંબે જઈને તે સાંખો વીણી લેજો. અને આપણે સર્વે નારાયણ સરોવર ઉપર ભેગા થઈશું. પછી સર્વે વહેલા ઉઠીને પોતપોતાના આંબે જતા હતા. ત્યારે અંધારાના યોગે કરીને ઈચ્છારામભાઈ તો પોતાના કેસરીયા આંબાને ભૂલી ગયા અને જાંબુડાના થડમાં જઈને બેઠા જે, હમણાં સાખો પડશે. તે બેસવાથી જાણવામાં આવશે. એમ ધારીને બેસી રહ્યા. પછી બીજા સર્વે પોતપોતાના આંબેથી સાંખો વીણીને ઘનશ્યામ મહારાજને મળતા હતા. ત્યારે

ઈચ્છારામને પૂછ્યું જે, હે ભાઈ ! તમારે કેટલી સાંખો થઈ ? ત્યારે કહ્યું જે, અંધારૂં હતું તેથી હુંતો અહીં બેસી રહ્યો હતો. ત્યારે શ્રીહરિ બોલ્યા જે, બહુ સારૂં કર્યું.તમારા આંબાની સાંખો મંછારામ વીણી લાવ્યા છે. માટે હે મંછારામ ! અડધો ભાગ ઈચ્છારામને આપો. ત્યારે કહ્યું જે, હું શાનો આપું ? ઈચ્છારામ પહેલો કેમ ન આવ્યો ? તે સાંભળીને ઈચ્છારામે કહ્યું જે, હે ભાઈ ! હું તો ક્યારનોય આવ્યો હતો. પરંતુ અંધારાને કારણે કેસરીયા આંબાની ભ્રાંતિથી આ જાંબુડાના વૃક્ષ નીચે બેસી રહ્યો હતો. તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ઈચ્છારામ ! તે આપે તો ભલે, પરંતુ આ રીતે દિલગીર શા માટે થઈ જાઓ છો ? ચાલો,હું તમોને આ જાંબુડાના વૃક્ષમાંથી એનાથી સરસ સાંખો પાડી આપું છું. એમ કહીને ઉંચી દ્રષ્ટિ કરી કે તત્કાળ તે જાંબુડામાંથી સાંખો પડવા લાગી. તે જોઈને ઈચ્છારામભાઈ આનંદ પામતા સતા, તે સાખોને વીણી લેતા હતા. પછી સર્વે નારાયણ સરોવરના કિનારે આવીને પોતપોતાના કપડામાં તપાસ કરીને જોવા લાગ્યા. ત્યારે સર્વેની પાસે આંબાની સાખો નીકળી અને મંછારામની પાસે જાંબુફળ નીકળ્યાં, તે જોઈને નિરાશ થઈને બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ ! મારી સાખો કોણ લઈ ગયું ? ત્યારે બોલ્યા જે, તમોએ ઈચ્છારામના આંબાની સાખો વીણી લીધી અને અમોએ કહ્યું તો પણ આપી નહીં. માટે હજી પણ સાખો ખાવી હોય તો ઈચ્છારામને તેમાંથી અડધો ભાગ આપો. નહીં તો તે જાંબુ લઈને ઘેર જાઓ. ત્યારે ઈચ્છારામને તેમાંથી અડધાં જાંબુફળ આપ્યાં, ત્યારે તેજ વખતે બન્ને જણની પાસે જાંબુફળ મટીને આંબાની સાખો થઈ ગઈ. એવી લીલા કરતાં આંબાની ડાળ ઉપર એક કોયલ મધુર સ્વરે બોલવા લાગી. ત્યારે ઈચ્છારામે કહ્યું જે, હે ભાઈ ! એ કોયલને આપણા ઘેર લઈ ચાલો. ત્યારે તે વખતે પોતાના હાથમાં એક સાખ ઉંચી કરીને ઘનશ્યામ મહારાજે કોયલને બતાવી કે તરત તે

આંબાના ડાળ ઉપરથી ઉડીને હાથ ઉપર આવીને બેઠી. ત્યારે કહ્યું જે, હે ઈચ્છારામ ભાઈ ! જુઓ. આ કોયલ તમો કહેતા હતા તે આવી. પરંતુ હમણાં આ કેરી ખાવા દો. એમ કહેતા સતા થોડેક દૂર ચાલ્યા એટલે તે કોયલ ઉડીને પોતાને સ્થાનકે જઈને બેઠી. ત્યાર પછી ત્યાં સાખો જમીને નારાયણ સરોવરમાં હાથ ધોવા માટે આવ્યા. ત્યારે વણિક ગંગાદીનની સ્ત્રી ગૌરીબાઈ પાણી ભરવા આવી. ત્યારે ઘનશ્યામ મહારાજ આદિક સર્વે સખા હાથ ધોતા હતા. તેમને જોઈને બોલી જે, એતો તમારૂં જાણ્યું, જે વહેલા ઉઠીને સાખો જમી આવ્યા.પરંતુ એકેય મામીને સાખ આપી નહીં. ત્યારે બોલ્યા જે, તમારે સાખ લેવી હોય તો મારે ઘેર આવજો. એમ કહીને બહાર આવ્યા. તે સમયે ગૌરીબાઈ તળાવમાંથી પાણી ભરીને ચાલી, ત્યારે ઘનશ્યામ મહારાજ પછવાડેથી પોતાનો હાથ લાંબો કરીને તેના ઉપરના પાણીના ઘડામાં એક સાખ મૂકીને પોતાને ઘેર આવ્યા. અને તે બાઈ પણ ઘેર જઈને પાણીનું બેડું ઉતારી હેઠે મૂકવા જાય છે, ત્યાંતો તે ઘડામાં કેરી જોઈને આશ્ચર્ય પામતી સતી, પોતાના મનમાં વિચાર કરવા લાગી જે, જરૂર આતો તે ઘનશ્યામનું જ કામ હશે.એમ વિચાર કરતી સતી તે સાખ લઈને ભક્તિમાતાના ઘેર આવીને કહ્યું જે, હે ઘનશ્યામ ! કેરી તમોએ મારા ઘડામાં નાખી હતી ? ત્યારે કહે હા. તે સાંભળીને તે બાઈએ કહ્યું જે, અરે ભાઈ ! મને માલૂમ ન પડી અને તમોએ શી રીતે નાખી ?ત્યારે કહ્યું જે માલૂમ પડે તો અમો શું કરવા નાખત ? તે સાંભળીને મહા આનંદ પામતી થકી પોતાના ઘેર ગઈ. ત્યાર પછી જમીને સાંજના સમયે સખાઓ સહિત ચાલ્યા તે બજારમાં હલવાઈ બંસીધરની દુકાન આગળ પાણીથી કચરો થયેલો હતો, તેમાં ઘનશ્યામ મહારાજનો પગ ખસી ગયો તેથી ગારાળો થયો. તે જોઈને સુખનંદન બોલ્યા જે, હે ઘનશ્યામ! ચાલો, આ બહીરી કૂવા ઉપર જઈએ અને ત્યાંથી પાણી લઈને તમારા

પગ ધોઈએ. એમ કહેતા સતા કૂવા ઉપર ગયા. ત્યાં તો વણિકની દીકરી રામકુંવર પાણી ભરતી હતી. તે ઘડો ખેંચીને બોલી જે, આવો ઘનશ્યામભાઈ, તમારા પગ ધોવરાવું. ત્યારે બોલ્યા જે, એ તો એની મેળે ધોવાઈ જશે. એમ કહીને પોતે તો કૂવામાં પગ લટકતા મૂક્યા. કે તત્કાળ વરૂણદેવ આવીને પોતાના જળ વડે પગ ધોવા લાગ્યા. તે જોઈને તે બાઈએ સહિત તે કૂવા ઉપર કેટલાક જનો હતા તે મહા આશ્ચર્ય પામતા હતા. ત્યારપછી ત્યાં થકી ચાલ્યા તે ખાંપા તલાવડીએ ગયા અને ત્યાં હરિદાસ બાવે પોતાની તલાવડીમાં થયેલાં કમળની માળા બનાવીને ઘનશ્યામ મહારાજને પહેરાવી. તે જોઈને બહુ રાજી થયા. અને બોલ્યા જે, હે બાવાજી ! તમારે મારે વિષે હેત બહુ છે. તે આગળ સત્સંગમાં, આ પુષ્પ ઉપર ભમરો બેઠો છે, તે ભમરાની માફક મારા ચરણારવિંદમાં તમોને પ્રીતિ થશે. એવો વર આપીને પોતાના સર્વે સખાઓથી વિંટાણા થકા પોતપોતાના ઘેર આવતા હતા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે બગીચામાં સાખો ખાવા ગયા અને બહીરી કૂવામાં પોતાના પગ કચરામાં બગડેલા તે અંદર લટકતા મૂકયા તે વરૂણદેવે ધોયા ને હરિદાસ બાવાને વર આપ્યો. એ નામે ત્રેસઠમો અધ્યાય પૂરો થયો. ॥૬૩॥

## અધ્યાય : ૬૪ :- મોટી તોપ ગાડે ચડાવી તથા ફણસના ચોરને શિક્ષા વગેરે.

વળી એક સમયે એકાદશીના દિવસે ઘનશ્યામ મહારાજ સહિત ધર્મદેવ રામસાગર તળાવમાં સ્નાન કરવા માટે ગયા. તે વખતે ધર્મકુંવર નવરંગા આંબાના વૃક્ષ નીચે પોતાના સખાઓની સાથે ઘડી એક બેસીને ધર્મદેવ સ્નાન કરતા હતા ત્યાં જઈને જળમાં સ્નાન કરવા લાગ્યા. તે સમયે એક અસુર પોતાના પૂર્વના વેરને સંભાળતો અને ભગવાનને મારવાનો સંકલ્પ કરીને મઘર સ્વરૂપે આવ્યો, ત્યારે તેને અન્તર્યામીપણે

જાણીને તે જળ થકી પોતે બહાર નીકળી ગયા. ત્યારે તે અસુર ઘનશ્યામ મહારાજની ભ્રાંતિથી પીરોજપુરના બૈજુ તરવાડી સ્નાન કરતા હતા તેનો પગ પકડયો. એટલે બૈજુ તરવાડી તો એકદમ બુમ પાડી બોલ્યો જે, હે ભાઈ ! મને તો મઘરે ઝાલ્યો છે, તે સાંભળીને બીજા સર્વે જનોએ ધર્મદેવને તો બહાર બોલાવી લીધા. અને તે બૈજુ તરવાડીનો બાપ આનંદ તરવાડી તો કિનારે ઉભા રહીને ઘનશ્યામ મહારાજને કહેવા લાગ્યા જે, હે ભાઈ ઘનશ્યામ ! આ વખતે બૈજુની મઘર થકી રક્ષા તમો કરશો તો થશે. નહીં તો જરૂર મઘર એને લઈ જશે. તેવું સાંભળીને કૃપાળુ શ્રીહરિ તો તળાવના કિનારે હાથમાં સોટી ઝાલીને ઉભા હતા, તે તત્કાળ પોતાનો હાથ લાંબો કરીને ત્યાં ઉભા સતા, તે બૈજુ તરવાડીને તે મઘર સહિત પાણીમાંથી બહાર કિનારા ઉપર નાખીને, એક સોટી જોરથી મારી કે તુરત તે બૈજુ તરવાડીને મૂકી દઈને તે મઘર અસુરનું મૂળ સ્વરૂપ ધારણ કરીને મરણ પામતો હતો. ત્યારે તે બૈજુ તરવાડી મઘર થકી મૂકાઈ ગયા અને ઊભા થઈને ધર્મકુંવરને બે હાથ જોડીને વિનંતી પૂર્વક પગે લાગીને સ્તુતિ કરતા સતા એમ બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમોએ મને આ મઘર થકી મૂકાવ્યો. નહીં તો હું મરણ પામત. માટે તમો સાક્ષાત્ ઈશ્વરના ઈશ્વર છો. એમ બોલતા હતા. અને સર્વજન કહેવા લાગ્યા જે, અહો ! આતો હરિપ્રસાદ પાંડેના પુત્ર તેતો સાક્ષાત્ ભગવાન છે. નહીં તો માણસથી સોટી વડે આવું થાય નહીં. તેમાં પણ આ તરવાડી જીવ્યા અને અસુર મરણ પામ્યો. આ યોગ દૈવી ઈચ્છાથી બન્યો. એમ કહી સર્વે પગે લાગીને પોતપોતાના ઘેર ગયાં. હે રામશરણજી ! આ રામસાગર તળાવ પૂર્વે રામચંદ્રજી ભગવાને ખોદાવીને બનાવ્યું છે. તેથી તળાવનું નામ રામસાગર છે. અને ઘનશ્યામ મહારાજ પણ બાળપણામાં આ તળાવની ચારે કોરે ફરતાં ઘણીક લીલા કરી છે અને પોતાના પિતા ધર્મદેવ સહિત બહુવખત આ

તળાવમાં નાહ્યા છે. અને આ રામસાગર તળાવ મહા પ્રસાદીનું છે. તેમાં આવીને જે કોઈ મનુષ્ય સ્નાન કરીને દેવ તથા પિત્રીને જળ વડે તર્પણ કરશે અને આ રામસાગરના કાંઠે એક ઉપવાસ કરીને, ધર્મદેવને સંભારીને સાધુ બ્રાહ્મણનું પૂજન કરી તેમને જમાડશે, તે મનુષ્ય સર્વે પાપથી મૂકાઈ જશે.

વળી એક સમયે રામપ્રતાપભાઈ ઘનશ્યામ મહારાજને સાથે લઈને અયોધ્યાપુરી જતાં વચમાં મખોડા ઘાટે આવ્યા. ત્યારે તે ગામ ઉથલપાથલ થવાથી ત્યાં મોટું એક વૈરાગીનું મંદિર થતું હતું. ત્યારે મંદિરનો પાયો ખોદતાં મોટી સુવર્ણની તોપ પ્રથમ દશરથ રાજાના વખતની નીકળી. તે વાતની અયોધ્યાના રાજા દર્શનસંગને જાણ થઈ એટલે તે તોપ લેવા માટે પોતાના નોકરોને બોલાવીને કહ્યું જે, તમારે વસ્તુ જોઈએ તે લઈ જાઓ. પરંતુ તે તોપ અહીં લાવો, નહિ તો તમારી કલમ કપાઈ જશે. તેવું સાંભળીને એક મોટું લોખંડનું ગાડું લીધું અને દશ જોડી બળદ લીધા અને પચાસ માણસોને પંદર દિવસની ખર્ચી લઈને તે સર્વે મખોડા ઘાટે આવીને તે તોપને ગાડા ઉપર ચડાવવા સારૂં મહેનત કરતા હતા. તેને જોઈને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભાઈ ! આ સર્વે ભેગાથઈ ને શું કરે છે ? ત્યારે તે વાતનો નિશ્ચય કરવા ભાઈએ સિપાઈઓને પૂછી જોયું. ત્યારે પોતાનું વૃતાન્ત કહી બતાવ્યું. તે સાંભળીને ઘનશ્યામ મહારાજને દયા આવી ગઈ. અને વળી તે સિપાઈને વેષે કેટલાક બ્રાહ્મણ હતા તે સર્વે એમ બોલ્યા જે, અમારી લાજ તો ભગવાન રામચંદ્રજી રાખે તો રહે. એમ કહેતા સતા ઉદાસ થઈ ગયા. તે જોઈને શ્રીહરિ બોલ્યા જે, હે ભાઈ ! તમો કહેતા હો તો આ તોપને હું ગાડા ઉપર ચઢાવી દઉં. તેવું સાંભળીને મહા આનંદ પામતા સતા કહેવા લાગ્યા જે, હે ભાઈ ! એમ જો થાય તો અમો સર્વે મદદમાં રહીએ. ત્યારે કહ્યું જે તમો સર્વે દૂર જાઓ. એમ કહે છે તેટલામાં

તો તેમાંથી બે ચાર સિપાઇ બોલી ઉઠ્યા જે, અરે ભાઇઓ ! તમારૂં તે હૈયું ફૂટી ગયું છે કે શું ? આપણે આવા જુવાન જોધા જેવા પચાસ, આદમી કેટલાક દિવસથી મથામણ કરીએ છીએ અને આ નાનું બાળ શું આ તોપને ચઢાવી શકશે ? તેવું સાંભળીને શ્રીહરિ તત્કાળ પોતે સર્વે જનોને પોતાનું ચતુર્ભુજ રામચંદ્રજી રૂપે દર્શન આપતા હતા અને તત્કાળ તોપને એક હાથથી ઉપાડીને ગાડામાં મૂકી દેતા હતા. આવી રીતનું મહા અદ્ભૂત ઐશ્વર્ય જોઇને તે સર્વેજન બોલ્યા જે, અહો, ભાઈઓ આતો સાક્ષાત્ આપણા ઈષ્ટદેવ શ્રીરામચંદ્રજી આપણી સહાય કરવા આવ્યા છે. એમ જાણીને સર્વે જનો વિનંતીપૂર્વક પગે લાગતા હતા. એટલામાં તો પોતે ઘનશ્યામરૂપે થઈને રામપ્રતાપભાઈને સાથે લઈને અયોધ્યાપુરી ગયા. અને તે તોપવાળા તો મહા પ્રયત્ને તોપને સરયૂ-ગંગાના કિનારે લાવ્યા અને વહાણમાં ચડાવવા નીચે ઉતારી કે તુરત સર્વેના દેખતાં રેતીમાં ઉતરી ગઇ. તેનો ફરીથી કયાંય પત્તો લાગ્યો નહીં. તે જોઇને સર્વે લોકો વિસ્મય પામ્યા.

વળી એક સમયને વિષે છપૈયાપુરમાં ફુલબાગમાં ફણસ પાકેલાં જોઈને, તેને લેવા સારૂં કેટલાક ચોર આવીને જેવા તે ફળને તોડવા જાય છે, એટલે તે ફળ તો તૂટ્યાં નહીં. પરંતુ સામા પોતાના બન્ને હાથ તે ફળ સાથે હરિ ઈચ્છાથી ચોટી રહ્યા. ત્યારે ચોરો ઘણી મહેનત કરવા લાગ્યા પરંતુ તે ફળથી હાથ જુદા થયા નહીં. એવી રીતે આખી રાત મહેનત કરી પણ કંઇ પત્તો લાગ્યો નહીં. એમ કરતાં સવાર થઇ ગઇ. તે વખતે દાતણ કરવા હાથમાં લોટો લઈને ધર્મપિતા બાગમાં આવ્યા. ત્યારે તેમને જોઈને ચોર કહેવા લાગ્યા જે, હે હરિપ્રસાદ પાંડે ! અમો તો આ તમારી વાડીમાં ફળની ચોરી કરવા આવ્યા હતા, પરંતુ અમારા હાથ આ ફળ સાથે ચોટી રહ્યા છે. તે વાતની કંઇ ખબર પડતી નથી. માટે દયા કરીને અમારા હાથ ફળથી જુદા કરો, તો કોઈ દિવસે ફરીથી

તમારા બાગમાં આવીશું નહીં. એમ લજ્જા પામતા સતા નીચાં મુખ રાખીને બોલ્યા. અને જો હમણાં તમારા મોટા પુત્ર રામપ્રતાપભાઇ આવશે તો અમોને સર્વેને મારી નાખશે. એમ કહે છે તેટલામાં તો વળી બન્ને ભાઇ ત્યાં આવતા હતા, તો તે ચોરોને ફણસના વૃક્ષની ચારે તરફ ઊભા રહેલા જોઇને એકદમ રામપ્રતાપભાઇ પોતાની ભ્રકુટી ચઢાવીને મારવા સારૂં ગયા. ત્યારે તેમનો હાથ શ્રીહરિએ પકડીને ઉભા રાખ્યા. તે જોઈને સર્વે ચોર ત્રાસ પામીને રોવા જેવા થઇ ગયા. તે જોઇને ધર્મપિતાએ ભાઇને ઊભા રાખ્યા. તેથી કંઇક ધીરજ આવી. ત્યારે શ્રીહરિ બોલ્યા જે, તમો કોઇ દિવસ આવો કસબ કરશો નહીં અને જો ફરીથી હાથમાં આવ્યા તો છુટવાની આશા રાખશો નહીં. આ ફળ તો અમારાં માતપિતાને જમવા સારૂં અમારી ઈચ્છા થકી થયેલાં છે. એમ કહીને તેમના હાથ ફળથી જુદા કરીને એક એક ફળ દરેક ચોરને આપીને બોલ્યા જે, આ વખતે ભગવાને તમારી રક્ષા કરી,નહીં તો મોટાભાઇ તમોને જરૂર મારત. એમ કહીને રજા આપતા હતા. ત્યાર પછી ધર્મદેવ પોતાના બન્ને પુત્ર સહિત ઘેર આવ્યા અને સર્વે વાર્તા કહેતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે બૈજુ તરવાડીને મઘરથી બચાવ્યા અને મખોડાઘાટે ગાડામાં તોપ ચડાવી અને ચોરો ફણસ લેવા આવ્યા તેમના હાથ ફળ સાથે ચોંટી ગયા તેને છોડાવ્યા. એ નામે ચોસઠમો અધ્યાય પૂરો થયો. ॥૬૪॥

## અધ્યાય : ૬૫ :- વિશ્વામિત્રીના ગૌઘાટ આદિ સર્વે ઘાટોએ સ્નાન તથા કાશી પધાર્યા.

વળી એક સમયને વિષે અષાઢ માસની પૂર્ણમાસીના દિવસે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓ પ્રત્યે બોલ્યા જે, હે મિત્રજનો ! ચાલો, આજે આપણે વિશ્વામિત્રી નદીના સઘળા ઘાટે સ્નાન કરવા જઈએ. એમ કહીને તે સર્વે સખાઓથી વીંટાયા સતા, ચાલ્યા તે પ્રથમ

જોગિયા ધરામાં સ્નાન કરીને ત્યાં થકી ચાલ્યા તે નદીના આથમણા કાંઠે થઈને ધારી ઘાટે જતા હતા. ને ત્યાં સ્નાન કરીને ચાલ્યા તે હરૈયા ઘાટે થઈને, કનવા ઘાટે જઈને ત્યાં ખૂબ જ ક્રીડા કરીને ચાલ્યા તે ધોબિયા ઘાટે જતા હતા અને ત્યાં મનછા પુત્રને અજગરે ગળેલો હતો તેના મુખ થકી મુકાવીને, ત્યાં થકી ચાલ્યા તે ગૌઘાટે જઈને ત્યાં કપર્દિના ચોતરા ઉપર કપડાં ઊતારીને જળમાં પ્રવેશ કરતા હતા. તે કેટલીકવાર સુધી જળક્રીડા કરતા હતા. ત્યાં થકી આગળ ચાલ્યા તે ખંતા ઘાટે થઈને લીલવા ઘાટે જતા હતા. અને ત્યાં સ્નાન કરી. કઠવા ઘાટે થઈને વિશ્રામ ઘાટે આવીને ત્યાં વિશ્રામ કરતા સતા, જળમાં સ્નાન કરીને ચાલ્યા તે સિંગાર ઘાટે થઈને પાછા વળ્યા. તે મોતીતરવાડીનું ગામ ભવાનીપુર થઈને, ગામ નરેચાના રાજા સન્માનસંગના કોટમાં જઈને તે કોટના કૂવાના જળનું પાન કરીને પોતાને ઘેર આવતા હતા.

વળી એક સમયે ધર્મદેવ પોતાના બન્ને પુત્રોને સાથે લઈને, માગસર સુદી પાંચમને દિવસે અવધપુરી દશરથ રાજાનો વિવાહ થયેલો, તે દિવસથી આરંભીને અદ્યાપિ સુધી મેળો ભરાય છે, તે મેળા પ્રસંગે જવા તૈયાર થયા. તે રસ્તામાં ચાલતાં એક નાગડા વૈરાગીની જમાત પણ અયોધ્યાપુરીએ જતી હતી. તેમને સાધુ જાણીને તે ત્રણે જણ બાપ દીકરા સાથે ચાલ્યા, તે મનોરમા નદીના મખોડા ઘાટે જઈને તે વૈરાગીની જમાત તો કાંઠા ઉપર ઉતરતી હતી. અને ધર્મદેવ તો રામચંદ્રજીના મંદિરમાં જઈને ઉતર્યા. ત્યારબાદ સ્નાન કરવા માટે નદીમાં આવ્યા. તે આવીને ધર્મદેવ તથા ભાઈ એ બે તો જળના લોટા ભરીને શૌચવિધિ કરવા ગયા. તે સમયે ઘનશ્યામ મહારાજને તે જમાતનો એક વૈરાગી કહેવા લાગ્યો જે, હે ઘનશ્યામ ! અહીં આવો અને આ તાંદળજાની લીલી ભાજી ઠાકોરજી માટે અમોને લેવરાવો. ત્યારે ના પાડીને કહ્યું જે, આ ભાજી તો આ મંદિરના વૈરાગીએ ઠાકોરજી અર્થે વાવેલી છે.

અને તે ભાજી લીલી છે. માટે તેમાં તો જીવ છે. તેથી અમો નહીં તોડીએ. તેવું સાંભળીને તે વૈરાગીને રીસ ચડી અને ક્રોધ કરીને પોતાની તલવાર લઈને, ઉઘાડી કરીને એકદમ મારવા સારૂં દોડી આવ્યો. ત્યારે તેના સામાપક્ષવાળા કહેવા લાગ્યા જે, તુમ યહ લડકે તો કાયકો વાસ્તે ડરાવતે હો. ત્યારે બોલ્યા જે, હમારા કહા નહીં માનતેં ઉસેં મૈં માર ડાલુંગા. એમ કહે છે ત્યાં તો પોતે પોતાના પિતા જ્યાં નદીમાં સ્નાન કરે છે ત્યાં નાસી ગયા. પછી તો સામાપક્ષવાળા ઉપર તે વૈરાગીને ક્રોધ થઈ આવ્યો અને બોલ્યો જે, તમે મને વાતો કરાવી એટલે તે છોકરો નાસી ગયો. માટે હવે તો હું તમોને મારીશ. એમ વાદ વધતાં તે વૈરાગીઓના સામસામા હરિ ઈચ્છાથી બે પક્ષ બંધાણા. તેથી એમને એમ મારામારી થઈ. તે વાતની તેના ગુરૂને એકબીજાના કહેવાથી જાણ થઈ તે એકદમ દોડીને ત્યાં આવ્યો. અને તેને વારવા લાગ્યો. તો પણ તેનીઅવજ્ઞા કરીને, તેને નહીં માનીને, પરસ્પર માંહોમાંહી ઘણોક ટંટો ચાલ્યો. તેથી કેટલાક અસુરો તે જગ્યાએ કપાઈ મુઆ. એવું મહાકુતુહલ જોઈને ધર્મદેવ પોતાના બન્ને પુત્રોને લઈને તત્કાળ તે મંદિરમાં જતા રહ્યા. એવી રીતે ઘનશ્યામ મહારાજ આ પૃથ્વીના ભારરૂપ અસુરોને પરસ્પર દ્વેષ કરાવીને પૃથ્વીનો ભાર ઉતારતા હતા.

વળી એક દિવસે ફુલબાગમાં જઈને પરવળનું શાક વીણવા લાગ્યા. ત્યારે સુખનંદન બોલ્યા જે, ઘનશ્યામભાઈ ! નારાયણ સરોવરના કિનારે વડના વૃક્ષ નીચે સર્વે સખાઓ ભેગા થયા છે. તે તમોને રમવા સારૂં તેડવા મને મોકલ્યો છે. ત્યારે બોલ્યા જે, આજે તો અમારે ઘરે તરગામથી મહેમાનો આવે છે. તેમના માટે પરવળ વીણું છું. એમ કહીને તે વીણેલાં પરવળ ઘરમાં જઈને સુવાસિનીબાઈને આપ્યાં. ત્યારે ભાભી બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ ! આટલાં બધાં પરવળ શું કરવા વીણી લાવ્યા ? તમારા પિતા અને તમારા મોટાભાઈ એ બે તો ગામ ઉતરોલે ગયા છે,

તો કોણ જમશે ? ત્યારે કહ્યું જે, હે ભાભી ! તમારા જનકરામભાઈ તથા અમારાં ચંદનમાસી અને બહેન સુભદ્રા એ ત્રણ મહેમાન આવે છે. તેમને જમવા માટે પરવળ વધારે લાવ્યા છીએ. ત્યારે બોલ્યા જે, હમણાં આવશે ત્યારે તમો સાચું માનશો. એમ કહીને નારાયણ સરોવરના કાંઠા ઉપર વડ નીચે ગયા. અને ત્યાં જઈને સખાઓ સહિત પોતે રમવાનું પ્રયાણ કરે છે, ત્યાંતો જનકરામ સહિત ત્રણે જણ આવ્યાં. ત્યારે ઘનશ્યામ મહારાજ એ ત્રણે જણને સાથે લઈને ઘેર આવ્યા અને બોલ્યા જે, હે ભાભી ! આ કોણ આવ્યું ? ત્યારે બોલ્યાં જે, ભાઈ ! તમો તો અંતર્યામી છો. એમ કહેતાં સતાં ગદ્‌ગદ્‌ કંઠે થઈને તે વાત ભક્તિમાતાને કહેતાં હતાં.

વળી એક સમયે શ્રાવણ માસમાં ધર્મદેવ, વશરામ તરવાડી, ભક્તિમાતા વિગેરે બીજાં કેટલાંક જન પોતાના હાથમાં લુગડાંની ઢીંગલીઓ લઈને તથા તેને નૈવેદ્ય કરવા માટે ચણા, ઘઉં તથા બાજરીને પાણીમાં પલાળીને તે લઈને વાજતે ગાજતે મીનસાગરના ઉત્તરાદા કિનારે મધુપુષ્પના વૃક્ષ નીચે જતાં હતાં. અને ત્યાં જઈને ઢીંગલાંને હેઠે મૂકીને તે લાવેલા ઘઉં, ચણા વિગેરેનું નૈવેદ્ય ધરીને તેના ઉપર જળના લોટા રેડીને, સર્વે બાઈઓ પ્રદક્ષિણા કરીને પગે લાગતી હતી. ત્યારે જેટલા પુરુષ હતા તે સર્વે પોતપોતાના હાથમાં જે લાકડીઓ હતી. તેનાથી ઢીંગલીઓને મારતા સતા ઉપર ધૂળ નાંખતા હતા. તેને ગોડીયા પીટવાનું કહે છે. તે ગોડીયા જોવાને અર્થે ઘનશ્યામ મહારાજ પણ ભેગા આવ્યા હતા. તે પણ પોતાના હાથમાં જેટલી સમાય તેટલી ધુળ લઈને ઢીંગલીના ઉપર નાંખતા હતા. પછી સર્વે બાઈભાઈ મીનસાગરમાં સ્નાન કરીને પોતપોતાના ઘેર આવ્યાં. તે જગ્યાએ અદ્યાપિ સુધી પણ શ્રાવણ સુદી પાંચમના દિવસે ગોડીયા પીટવાનો મેળો ભરાય છે.

વળી એક સમયે ધર્મભક્તિ પોતાના બન્ને પુત્ર સહિત વશરામ

તરવાડી, મોતી તરવાડી, રતન પાંડે, અમૃતરામ એ આદિક કેટલાક ગામના જનો સર્વે મળીને ચંદ્રગ્રહણ ઉપર ગંગાજીમાં સ્નાન કરવા માટે કાશીપુરીએ જતા હતા. અને ત્યાં જઈને પથ્થરગલીમાં પોતાના ગોર દેવદત્તના કહેવાથી તેની પાસે બંગાળીના વાડામાં ધર્મશાળાને વિષે ઉતારો કરીને, ત્યાં રાત્રિ રોકાઈને સવારમાં સ્નાન કરીને પોતપોતાનું ષટકર્મ કરીને, ગ્રહણ થયા પહેલાં ગંગાજીમાં મણીકર્ણિકાના ઘાટ ઉપર જઈને ત્યાં બેસીને ભગવાનનું ભજન કરવા લાગ્યા. તે જ્યારે ગ્રહણ થયું તે સમયે ગંગાજીમાં સ્નાન કરતા સતા, પોતપોતાના મનમાં પુણ્યદાનનો સંકલ્પ કરતા હતા. ત્યારબાદ જ્યારે ચંદ્ર મુક્ત થયો ત્યારે સર્વે જન જળમાં સ્નાન કરીને બ્રાહ્મણોને પોતાના મનમાં સંકલ્પ કર્યા પ્રમાણે દાન કરીને, પોતાના ઉતારે રસોઈ કરીને જમતા હતા. પછી દેવદત્ત ગોરના પુત્ર મુળશંકરને સાથે લઈને કાશી વિશ્વનાથ મહાદેવજીનાં દર્શન કરવા માટે ગયા. તે સર્વે સ્થળે દર્શન કરીને પુણ્યદાન કરતા સતા પોતાના ઉતારે આવતા હતા.એવી રીતે તીર્થમાં દશ રાત્રિ રહીને ત્યાં થકી ચાલ્યા તે ઘેર આવતાં વચ્ચે કોઈક ગામના ગોંદરે ધર્મશાળામાં રાત્રિ રહ્યા. ત્યારે રામપ્રતાપભાઈ પ્રત્યે ધર્મદેવ બોલ્યા જે, હે પુત્ર ! આજ તો થાક ઘણો લાગ્યો છે. માટે મારો દેહ જીર્ણ થયો એમ મને જણાય છે. ત્યારે પોતાના પિતાના ચરણ ચાંપીને બોલ્યા જે, હે દાદા ! હવે શી ફીકર છે ? આપણું ગામ નજીકમાં છે. એમ કહીને બીજે દિવસે સવારમાં વહેલા ઉઠીને ચાલ્યા તે સર્વેજનો પોતપોતાના ઘેર જતા હતા. આ વાર્તાનો વિસ્તાર નિત્યાનંદ સ્વામી કૃત હરિદિગ્વિજયમાં કરેલો છે. અને ધર્મદેવ પણ ઘરે આવીને બ્રાહ્મણોને તથા કુટુંબીઓને જમાડી, દાન આપી લોટાની લાણીઓએ કરીને ઘણોક યશ વધારતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે વિશ્વામિત્રી નદીના સઘળા ઘાટે નહાયા તથા મનોરમા નદી

ઉપર તાંદળજાની ભાજી તોડતાં મારામારી કરાવીને પાંચ હજાર અસુરોનો નાશ કર્યો તથા કાશીપુરીમાં ચંદ્રગ્રહણમાં નહાયા અને ઘણુંક દાન કર્યું. એ નામે પાંસઠમો અધ્યાય પૂરો થયો. ।।૬૫।।

## અધ્યાય ૬૬

## દિવાળી અને અન્નકુટના ઉત્સવમાં દિવ્ય પ્રભાવ.

વળી એક બીજું નવીન ચરિત્ર કહું તેને સાંભળો. એક સમયે નવરાત્રિના છેલ્લા દિવસે સુવાસિનીબાઈ, ઈન્દ્રાબાઈ એ આદિક બીજી કેટલીક પુરવાસી બાઈઓ ભક્તિમાતાને કહેતી હતી કે, હે માજી ! આજે તમારી આજ્ઞા હોય તો અમો સર્વે માંડવી મૂકીને ફરતાં ગાઈએ. ત્યારે બોલ્યાં જે, બહુ સારૂં ગાઓ. પછી રાત્રિમાં સર્વે બાઈઓ ભેગી થઈને ભક્તિમાતાના આંગણામાં અનેક દીવાથી માંડવી મૂકીને સર્વે ગાવા લાગ્યાં. તે સમયે ઘનશ્યામ મહારાજ ઈચ્છારામભાઈ સહિત તે પણ જોવા સારૂં ચોતરા ઉપર આવીને બેઠા. તેમને રાજી કરવા સારૂં ગોલોકમાંથી કેટલીક ગોપીઓ શ્રીહરિને નમસ્કાર કરીને તે પણ ભેગી રમવા લાગી. ત્યારે તેમને જોઈને સર્વેના મનમાં અતિશય ઉત્સાહ થઈ આવ્યો. તે જોઈને સખા પૂછવા લાગ્યા. જે, હે ઘનશ્યામ ! આ સર્વે કોણ છે ? ત્યારે બોલ્યા જે, આ તો ગોલોકમાંથી અમોને રાજી કરવા સારૂં કાનગોપીઓ આવી છે. એમ પૂછીને ભક્તિમાતાને વાર્તા કહી. એવી રીતે કેટલીકવાર સુધી રમીને શ્રી ઘનશ્યામે આપેલાં પતાસાંની પ્રસાદી લઈને તે સર્વે ગોપીઓ આકાશમાર્ગે અદ્રશ્ય થઈ ગઈ. ત્યારે સર્વે પુરવાસી બાઈઓ આવીને બોલી જે, હે ભાઈ ઘનશ્યામ ! એમને પ્રસાદી આપી તે અમોને પણ આપો. એમ કહ્યું ત્યારે ઘનશ્યામ મહારાજે તે બાઈઓને પણ પ્રસાદી આપી. એવી રીતે શ્રીહરિની પ્રસાદી લઈને આનંદ પામતી પોતપોતાના ઘેર ગઈ.

વળી થોડાક દિવસ વિત્યા પછી દિવાળીના રૂડા દિવસો આવ્યા.

ત્યારે સર્વે મનુષ્યો સારાં સારાં વસ્ત્ર ઘરેણાં પહેરીને દેવદર્શન કરવા સારૂં અને પોતપોતાનાં સગાં વહાલાંના ઘરે મળવા સારૂં જાય છે. ત્યારે સુવાસિનીબાઇ બોલ્યાં જે, હે માજી ! અમો પણ ઘનશ્યામભાઇ તથા ઇચ્છારામભાઇ સહિત વસ્ત્ર ઘરેણાં પહેરીને દેવદર્શને જઇએ છીએ. એમ કહીને ઓરડામાં આવીને પટારામાંથી કપડાં કાઢે છે. ત્યારે શ્રીહરિ બોલ્યા જે, હે ભાભી ! અમોને તો પેલા કંડીયામાંથી વસ્ત્ર ઘરેણાં પહેરાવો. ત્યારે બોલ્યાં જે, અરે ભાઇ ! એમાં તો કંઇ નથી. ત્યારે બોલ્યા જે, તમોને શી ખબર ? તેમને અહીં તો લાવો. ત્યારે સુવાસિનીબાઇ વિશ્વાસ લાવીને તે કંડીયો બહાર કાઢીને ઘનશ્યામ મહારાજની આગળ લાવીને ઉઘાડે છે ત્યાં તો ભારે જરીયાની વસ્ત્ર તથા નંગ જડીત સુવર્ણનાં ઘરેણાં દીઠાં. તે જોઇને મહાવિસ્મય પામતાં સતાં. તે બન્ને ભાઇને પહેરાવીને પોતે પણ તેમાંથી પહેરતાં હતાં. ત્યાર પછી ભક્તિમાતા પાસે આવ્યાં. તે જોઇને ભક્તિમાતા પૂછવા લાગ્યાં જે, આવાં વસ્ત્ર અલંકાર આપણા ઘરમાં ન હતાં અને આ કયાંથી ? ત્યારે સુવાસિનીબાઇ બોલ્યાં જે, એ તો ઘનશ્યામભાઇના પ્રતાપથી કંઇ ખોટ નથી. એમ સાંભળીને બહુ રાજી થયાં. ત્યારે શ્રીહરિ બોલ્યા જે, હે દીદી ! અમો બન્ને ભાઇ અમારી ભાભી સાથે દેવદર્શન કરવા જઇએ છીએ, તમો રસોઇ કરી રાખજો. એમ કહીને સુવાસિનીબાઇ સાથે બે ભાઇ આંગળીઓ ઝાલીને ચાલ્યા તે પુરમાં દેવદર્શન કરતા સતા સર્વે સગાં સંબંધિને મળીને સાંજ પડી એટલે પોતાના ઘરે આવ્યા. તે સમયે પોતાના પિતાએ કરી રાખેલાં જે મેરૈયાં તેમાં દીવેલ પૂરી કાકડા મૂકી, સળગાવીને પોતાના સર્વે સખાઓની સાથે ઘરોઘર ફરતા સતા ‘‘આગડી માગડી મેર મેરૈયાં’’ એવા શબ્દ ઉચ્ચારણ કરતા સતા, તેલ પુરાવીને તે મેરૈયાંને ચકલે નાખી દઇને પોતાના ઘેર આવતા હતા. ત્યારે ભક્તિમાતાએ કરી રાખેલ રૂડી રસોઇને પોતાના પિતા, રામપ્રતાપભાઇ સહિત સર્વે જમવા બેઠા. તે

જમતાં શ્રીહરિ બોલ્યા જે, હે દીદી ! આવતીકાલે અન્નકૂટનો દિવસ છે, માટે આપણે ઘેર ઠાકોરજી આગળ અન્નકૂટ પૂરીને જમાડો. એમ કહીને ચળુ કરીને બહાર ચોતરા ઉપર આવ્યા. ત્યારે વેણીરામ પ્રત્યે બોલ્યા જે, હે મિત્રો ! કાલે સવારે તમો સર્વે મારા ઘેર આવજો, ઠાકોરજીનો અન્નકોટ પૂરાશે. ત્યાર પછી ભક્તિમાતા દિવાળીની રાત્રિથી જ અન્નકુટનો સામાન તૈયાર કરવા લાગ્યાં અને પોતે બેઠાં બેઠાં સર્વેને કહે છે જે, હે વસંતાબહેન, હે સુંદરીભાભી, ચંદનબહેન, સુવાસિનીબાઇ! તમો સર્વે ભેગાં થઇને મારી પાસે આવો. હું તમોને અન્નકુટનો સામાન કરવાનું બતાવું તે કરો. એમ કહીને આજ્ઞા કરી ત્યારે કોઇક તો ઘઉંનો રવો કાઢતાં હતાં. અને કોઇક તો ચણાનું બેસન કરતાં હતાં. કોઇ મગની દાળ પાણીમાં પલાળી મૂક્તાં હતાં. કોઇ ચોળાનો આટો કરી રાખતાં હતાં. આવી રીતે અનેક પુરવાસી બ્રાહ્મણ બાઇઓને ભક્તિમાતા જુદા જુદા કામમાં રાખતાં હતાં. અને પ્રથમ તો ચણા આદિકનું બેસન બાંધીને તેની ખારી પુરી, મોળી પુરી, સેવો, ગાંઠીયા વિગેરે મીઠું મરચું નાખીને ચીજ કરવાની તે સર્વે થોડા સમયમાં તૈયાર કરતાં હતાં. ત્યાર પછી ભક્તિમાતા પોતાના હાથે જલેબી, મોતૈયા, અને ખાજાં, સુતરફેણી, ગુંદરપાક, ઘેબર, પેંડા, બરફી, ગુંજાં, મરકી, કળીના લાડુ, લાકણસાઇ લાડુ, બુંદીના લાડુ એ આદિક સર્વે ઉત્તમ વાનગીઓ ભક્તિમાતા પોતે તૈયાર કરતાં હતાં. તે સમયે શ્રીહરિ સર્વે બાઇઓની પાસે રહીને જે કોઇને ન આવડે તેને શીખવતા હતા. અને સુવાસિનીબાઇ પોતે સાકરીયા ચણા, એલચી દાણા, ખાંડનાં રમકડાં, મગફળીના દાણા, પુરવીદાણા, રેવડી તથા કાજુના દાણા, પતાસાં વિગેરે ચાસણીનો સામાન કરી રાખતાં હતાં. અને સૂરજાબાઇ તો ચોખાના અને મગના, બાજરીના આટાની કાચી કુલેરના લાડુ કરી મૂક્તાં હતાં. અને વસંતાબાઇ તો ચોખાનો હરીશો તૈયાર કરતાં હતાં. ચંદનબાઇ તો હલવો જે મહા સુંદર તથા

તલના તથા ખસખસના લાડુ ચાસણી પાઈને તૈયાર કરતાં હતાં. આવી રીતે ભક્તિમાતા આદિક સર્વે બાઈઓ મળીને રાત્રિમાં આટલો સામાન શ્રીહરિની ઈચ્છાથી તૈયાર કરતાં હતાં. પછી સવારમાં સ્નાન કરીને સર્વે બાઈઓએ રસોઈની તૈયારી કરી. ત્યારે ભક્તિમાતા પાસે રહીને સર્વેને પાકની જણસો બતાવતાં જોઈતી વસ્તુઓ આપતાં હતાં. ત્યારે માલપુવા, શીરો, લાપશી, કંસાર, ગળી રોટલી, મોળી રોટલીઓ, કેસરીયો ભાત, સેવો એ સર્વે વસ્તુ તો સર્વે ભેગાં થઈને કરતાં હતાં.અને દૂધપાક, બાસુંદી એ બે વસ્તુઓ શ્રીહરિ પોતે જ કરતા હતા. અને શીખંડ તો ભક્તિમાતા પોતે કરતાં હતાં. ત્યાર પછી પૂરીઓ, ગોળના લાડુ, સાકરના લાડુ, ભજીયાં, પાપડ, દહીંવડાં, કેળાનાં, દુધીનાં એ આદિક ઘણીક જાતનાં શાક, મસાલો નાખીને ગરમાગરમ અગ્નિ ઉપર રાખતાં હતાં. પછી દાળ, ભાત, કઢી એ સર્વે તથા ચણા, વટાણા, વાલ, આખા મગ, મઠ તે પણ તૈયાર કરી રાખતાં હતાં. આવી રીતે પરવળ, ટીંડોળાં, રતાળું, સુરણ, બટાકાં, ગલકાં, કારેલાં, તાંદળજાની ભાજી, વૈતાક, મોગરી, મૂળા, મેથી, સવાભાજી, પાપડી, લીલવા, અળવી, ગીલોડાં, તુરીઆં, ટામેટાં, ચીભડાં, શક્કરીયાં, કોબીજ એ આદિક ઘણીક જાતનાં શાક મશાલો નાખીને ગરમાગરમ અગ્નિ ઉપર રાખતાં હતાં. આવી રીતે સર્વે અન્નકુટનો સામાન તૈયાર થયો જાણીને, શ્રીહરિ પોતાનાં માતા પિતાને પાસે રાખીને કોઈ ચીજ બાકી ન રહે તેટલા માટે સર્વે વસ્તુઓને તપાસી લેતા હતા. ત્યારે સર્વે ચીજ તૈયાર જોઈને બોલ્યા જે, હે પિતા ! હવે તો ગોવર્ધન પર્વતની પૂજા કરવી જોઈએ. એમ કહીને ગોરને બોલાવીને ગોવર્ધન કરીને તે પર્વત ઉપર મોટી મોટી ધજાઓ ખોસીને કુમકુમ, કેસર, અક્ષત, પુષ્પ વડે પૂજા કરીને ઠાકોરજીની સમીપમાં તે ગોવર્ધનને રાખીને અન્નકૂટ પુરવાની તૈયારી કરી. તેસમયે રામપ્રતાપભાઈ, વશરામ તરવાડી વિગેરે કેટલાક જન તે જણસો લાવી

લાવીને શ્રીહરિના હાથમાં આપે, તે લઈને પોતે ઠાકોરજીની સમીપમાં ગોઠવતા હતા. ત્યારે પ્રથમ જળના લોટા ભરીને અબખોરા સહિત મૂક્યા. તથા પાનનાં બીડાં નાની રકાબીમાં મૂક્યાં. પછી તે સર્વે લાવેલા જે સામાન તેમાંથી પ્રથમ ઘેબર, સુતરફેણી વિગેરે પકવાનનો સામાન ગોઠવતા હતા. પછી અન્નકુટ પૂરવા તૈયાર કરી રાખેલી જણસોને જેમ ઘટે તેમ અનુક્રમે મૂકતા હતા. પછી શ્રીહરિ પોતાના હાથ ધોવા સારૂ કૂવા ઉપર ગયા. ત્યારે સુવાસિનીબાઈએ હાથ ધોવરાવીને રૂમાલથી કોરા કર્યા. એટલે ફુલબાગમાંથી રામપ્રતાપભાઈ ફણસનું જે કલ્પવૃક્ષ, ત્યાંથી લાવેલા જે ફળ તેનાં નામ રામફળ, જામફળ, નારંગી, કેરી, દાડમ, લીલીખારેક, શ્રીફળ, કાજુ, દ્રાક્ષ, સફરજન, કેળાં, ઈક્ષુ એ આદિક અનેક જાતનાં બીજાં કેટલાંક ફળ લાવેલા, તે ઘનશ્યામને આપ્યાં તે અનુક્રમે ગોઠવતા હતા. ત્યાર પછી અથાણાનાં નામઃ- રાઈતાં, મેથીયાંકેરી, બોરકેરી, ખારેક, લીંબુમરચાં, ફણસનું,આંબળાનું, કેરીનો મોરબ્બો, દ્રાક્ષનો મોરબ્બો, એ આદિક અનેક જાતનાં અથાણાં તે સુવાસિનીબાઈએ આપ્યાં એટલે ઘનશ્યામ મહારાજ ગોઠવતા હતા. ત્યાર પછી પોતાના પિતા તથા રામપ્રતાપભાઈ વિગેરે સર્વે પુરવાસીજનો ઠાકોરજીની આગળ થાળ બોલે છે ત્યાં આવ્યા. પછી થાળ બોલી રહ્યા એટલે ધર્મદેવ આરતી ઉતારવા લાગ્યા. તે સમયે ઠાકોરજીની સમીપે ઘનશ્યામ મહારાજ પોતે બીજા સ્વરૂપે બેઠા છે. એવી રીતે સર્વે જન દેખતાં હતાં. અને ધર્મદેવની પાસે પણ બેઠેલા દીઠા. તે મહાઅદ્ભુત ચરિત્ર જોઈને સર્વે જન મહાવિસ્મય પામતાં હતાં જે, આ બે સ્વરૂપે ઘનશ્યામભાઈ થયા છે. ત્યાર પછી એક મોટો થાળ લઈને તેમાં અન્નકૂટનો સામાન થોડો થોડો મૂકીને થાળ ભરીને પોતાની પાસે ઘનશ્યામ મહારાજ બેઠા છે. તેમને તે થાળ જમવા બેસાડતા હતા. ત્યારે પોતાના નાનાભાઈ ઈચ્છારામને સાથે જમવા બેસાર્યા, ત્યારે તો

હજારો મનુષ્યો દર્શન કરવા આવેલાં તે સર્વે શ્રીહરિ ઠાકોરજીની સમીપમાં જમે છે તથા ધર્મદેવની પાસે પણ પોતાના નાનાભાઈને સાથે બેસાડીને જમે છે. એવા થકા બેય રૂપે જોઈને સર્વેજન મહાઆશ્ચર્ય પામતાં હતાં. પછી જમી ચળુ કરીને ભાઈએ સહિત ઊભા થયા. ત્યાર પછી ધર્મદેવ તથા રામપ્રતાપભાઈ, વશરામ તરવાડી વિગેરે તે અન્નકૂટનો સામાન ઉપાડી લઈને, આવેલાં જે તરગામનાં તથા ગાયઘાટ આદિકનાં મહેમાન તે સર્વે તથા પુરવાસીજનો આદિક સર્વે સગાં-સંબંધીને જમાડીને પોતે જમતાં હતાં.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે નવરાત્રિના છેલ્લા દિવસે માંડવીમાં સુવાસિનીબાઇ આદિક બાઇઓ ને ગોલોકની ગોપીઓ. તે સર્વે ગાયાં અને પોતે પતાસાંની પ્રસાદી આપી તથા દિવાળીના દિવસે દર્શને ગયા. પછી બીજા દિવસે અન્નકૂટ કર્યો. એ નામે છાસઠમો અધ્યાય પૂરો થયો. ||૬૬||

## અધ્યાય ૬૭

## વસંત પંચમીનું તથા નારાયણ સરોવરનું માહાત્મ્ય.

વળી એક મહા અદ્ભૂત ચરિત્રની વાર્તા કહું તે સાંભળો. એક સમયે ધર્મદેવ વસંત પંચમીના દિવસે કેસર, પતંગ, કેસુડાં, એ આદિકના રંગ તથા ચુવાચંદન, અગરજા, અબીલ, ગુલાલ, પીચકારીઓ એ સર્વે રમવાનો સામાન પોતાના ઘર થકી ઉત્તર તરફ આંબલીવાળા ચોકમાં એકઠો કરાવીને ઘનશ્યામ મહારાજને તથા તેમના સખાઓને રમવાની આજ્ઞા કરી. ત્યારે તે રામપ્રતાપભાઈ, ઈચ્છારામભાઈ તથા વેણી, માધવ અને પ્રાગ એ આદિક ઘનશ્યામ મહારાજની સાથે સામસામી પીચકારીઓ લઈને રમવા લાગ્યા. તેમાં શ્રીહરિ પોતે પીચકારી ભરી ભરીને ચોતરા ઉપર ઊભા રહીને તે રંગ નાખતા હતા. અને રૂમાલમાં ગુલાલ ભરીને સર્વેના ઉપર ઉડાડતા હતા. અને “છપૈયાપુરમાં રંગધુમ

મચાઈ'' તે પદ તાળી પાડીને પોતે બોલે તે સર્વે સખા ઝીલતા હતા.અને તે પદ પૂરૂં થયા પછી પોતાના સખાઓ પોતા ઉપર રંગ પીચકારીએ કરીને નાખતા હતા. તે સમયે ઘનશ્યામ મહારાજ પોતે પોતાના બે હાથના અંગુઠાથી બે કાનની સરતો દબાવીને તુલસીદાસનાં પદો બોલે જે :- હોરી ખેલે રઘુવીરા, અવધમેં હોરી ખેલે રઘુવીરા. એ પદ બોલતા સતા પરસ્પર રમતા હતા. તે સમયે રંગ તથા ગુલાલ ઉડે તેની ગરદે કરીને સમગ્ર આકાશ છાઈ ગયો. તેથી સૂર્ય પણ ઢંકાઈ ગયો. અને તે સમયની શોભા શેષ શારદાથી વર્ણવી ન શકાય અને તે સમયે ઢોલ ત્રાંસાં આદિક વાજીંત્ર વાગતાં હતાં. તે વાજીંત્રનો શબ્દ અને શ્રીહરિ હોરી હોરી એવો શબ્દ બોલે તેના પડછંદા ચારે દિશાઓ અને ચારે ખૂણાને વિષે અભિવ્યાપીને ઉપર પાંચ લોક ભેદીને સત્યલોક સુધી તે પડછંદા પહોંચતા હતા. તે સાંભળીને બ્રહ્મા, ભવ, સનકાદિક મુનિ અને ઈન્દ્રાદિક દેવો તે સર્વે પોતપોતાના સેવકો સહિત વાજીંત્રોને લઈને તે રમત જોવા માટે આકાશમાં આવીને પોતાના દુંદુભી વાજાં વગાડીને જય જય એવા શબ્દ બોલીને ચંદન પુષ્પનો વરસાદ શ્રીહરિ ઉપર કરતા હતા. અને સનકાદિક મુનિઓ તો શ્રીહરિના સખાઓ જેવાં રૂપ ધારણ કરીને ભેગા રમવા લાગ્યા. આવી રીતની અલૌકિક આશ્ચર્યકારી રમત જોઈને ધર્મદેવના મનમાં ભગવાન સાથે રમવાની ઈચ્છા થઈ. તેથી પોતે કેડય બાંધીને તેમના ભેગા જઈને રમવા લાગ્યા. ત્યારે તો વળી મોતી તરવાડી, વશરામ તરવાડી એ આદિક વણિક પુરવાસીજન ભેગા આવીને રમવા લાગ્યા. તે લીલા જોવા માટે વૈરાજપુરૂષ, પ્રધાન પુરૂષ અને મૂળપ્રકૃતિ-પુરૂષ તથા ભૂમાપુરૂષ, એ સર્વે પોતાના પાર્ષદ સહિત આવતા હતા. તે આવીને મહા મોટો રંગોચ્છવ જોઈને અતિ પ્રસન્ન થયા થકા ચંદન પુષ્પના વરસાદ કરીને જય જય એવા શબ્દ બોલતા સતા, સ્તુતિઓ કરતા હતા. અને તેમના ઉપર રંગ ગુલાલના છાંટા

શ્રીહરિ નાંખીને તેમના મનોરથને પૂર્ણ કરતા હતા. આવી રીતે ઘણા સમય સુધી રંગે રમીને ગાજતે વાજતે રમતા રમતા નારાયણ સરોવરમાં જળક્રીડા કરવા માટે ગયા. અને તે સરોવરને વિષે શ્રીહરિના સંગાથે તે સર્વે સખા દેવ મુનિ જળક્રીડા કરતા હતા. તે જળક્રીડા કરી રહ્યા એટલે તે સર્વે આવેલા દેવ ઋષિ તે સર્વે રજા માગીને આકાશમાર્ગે અદ્રશ્ય થઈ ગયા. પછી ઘનશ્યામ મહારાજ સહિત ધર્મદેવ વાજતે ગાજતે ઘેર આવતા હતા. ત્યાર પછી ભક્તિમાતાએ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોશ્ય એ ચાર પ્રકારની બનાવેલી રસોઈને ધર્મદેવ રામપ્રતાપભાઈ સહિત જમીને પોતે આંબલી હેઠે ચોતરા ઉપર પોઢી ગયા. તે એક નિદ્રા લઈને અડધી રાત્યના સમયે ધર્મદેવ સહિત રામપ્રતાપભાઈ આવીને તે ચોતરા ઉપર શ્રીહરિના સમીપે બેઠા અને ધર્મદેવ બે હાથ જોડીને નમસ્કાર કરીને પૂછવા લાગ્યા જે, હે ઘનશ્યામભાઈ ! હે હરે ! હે નિલકંઠ ! હે અક્ષરાધિપતિ પૂર્ણ-પુરૂષોત્તમ ! તમો મારા પુત્રભાવે કરીને આ ચોકમાં આવો મહા મોટો રંગ ઉચ્છવ કર્યો તે તમારા રંગોત્સવમાં અનેક બ્રહ્માંડાધિપતિ તથા નારદ સનકાદિ મુનિઓ તે પણ તમારા ભેગા આવીને રમ્યા. એવી રીતે આ છપૈયાપુરમાં વસંત,ફુલડોલ, રામનવમી, જન્માષ્ટમી અને પ્રબોધિની એ આદિક ઉત્સવના દિવસને વિષે તમો દર વર્ષે બહુ પ્રકારના ઉચ્છવ-સમૈયા કરતા હવા. માટે હે ભગવન્ ! આ રંગ ઉત્સવમાં કેટલો કાળ વીતી ગયો તે મને કહો. આ છપૈયાપુર અને આ જે નારાયણ સરોવર આદિક જે સરોવર તથા વિશ્વામિત્રી નદી, તેનો મહિમા જેમ છે તેમ કૃપા કરીને કહો. એવું સાંભળીને અતિ પ્રસન્ન થઈને ધર્મદેવ પ્રત્યે બોલ્યા જે, હે પિતા ! ધર્મ દાદા ! આ છપૈયાપુર અને આ નારાયણ સરોવર આદિકનો મહિમા શેષ શારદાદિક કોટી કલ્પ સુધી કહે તો પણ પાર પામે નહિં. પરંતુ તમોએ પૂછ્યું માટે સંક્ષેપથી કહું તે સાંભળો;

જે મનુષ્ય આ પુરની ચારે બાજુ અષ્ટાદશ યોજન પર્યંત દિવસ રાત્રિમાં છપૈયાપુર એવું જીભે કરીને નામ ઉચ્ચારણ કરશે, તથા શ્રવણે સાંભળશે, તેનાં સર્વે પાપો બળીને ભસ્મ થઇ જશે. અને વળી આ પુરની રજ અજાણે જેના માથે ઉડીને પડશે, તે મનુષ્ય સર્વ પાપોથી મૂકાઈને સ્વર્ગને પામશે. અને આ સરોવરને જે જન નજરે દેખશે તે શ્વેતદ્વીપ ધામને પામશે અને નારાયણ સરોવરના જળનું જે આચમન કરશે તે વૈકુંઠધામને પામશે. અને જે મનુષ્ય આ સરોવરમાં સ્નાન કરશે તે જીવ ગોલોક ધામને પામશે. અને વળી અમારી સ્મૃતિએ સહિત મહિમાપૂર્વક આ સરોવરમાં સ્નાન કરશે. તે જન આત્યંતિક જે અક્ષરધામ તેને પામશે. અને વળી જે મનુષ્ય આ સરોવરમાંથી મૂઠી ભરીને ધૂળ્ય બહાર કાઢીને પાળ્ય ઉપર નાખશે. તે જીવ બદ્રિકાશ્રમ ધામને પામશે. અને જે મનુષ્ય મૃત્યુ પામેલો તેના અસ્થિનો તલ જેવડો કટકો આ વિશ્વામિત્રી નદીના ગૌઘાટમાં નાખશે તે જીવ સાત પેઢીએ સહિત સ્વર્ગલોકને પામશે. અને જે મનુષ્ય આ સરોવરના કિનારે તથા ગૌઘાટના આરે તથા મીનસાગરના કિનારે તથા ખાંપા તળાવડીના કાંઠે શ્રાદ્ધાદિક ક્રિયા કરશે. તે પણ ભગવાનના અક્ષરધામને પામશે. અને વળી હે ધર્મદેવ ! આ સરોવરમાં આજ દિવસથી આરંભીને ગંગા આદિક અડસઠ તીર્થ નિવાસ કરી રહ્યાં છે. એમ તમો જાણો. અને જે જે ભગવાનના અવતાર છે તથા બ્રહ્માંડાધિપતિ જે જે દેવતા છે તથા સનકાદિક અઠયાસી હજાર ઋષિઓ છે તથા નવલખા પર્વત ઉપર નવલાખ સિધ્ધો છે, એ આદિક જે જે ભગવાનના આશ્રિત મુનિઓ તથા દેવ અને સર્વે બ્રહ્માંડના વાસી અનુક્રમે કરીને આ સરોવરમાં હંમેશાં સ્નાન કરવા આવે છે. અને સ્નાન કરીને અમારાં દર્શન તથા પૂજા, પરિક્રમા, સાષ્ટાંગ નમસ્કાર કરીને પોતપોતાના સ્થાન પ્રત્યે જાય છે. અને વળી આ બ્રહ્માંડમાં એવું કોઇ તીર્થ સ્થાનક નથી જે, આ

છપૈયાપુરને તથા નારાયણ સરોવરને તથા આ ધર્મતળાવ તથા ખાંપા તલાવડી તથા આ જે વિશ્વામિત્રીનદી તથા ભૂતિયો કૂવો તથા છપૈયાપુરની ભૂમિકા અને આ જે અમારૂં જન્મસ્થાનક તથા આ જે કૂવો તેની ઉપમા બીજા કોઈને આપીએ તેવું કોઈ સ્થાનક નથી. માટે અમારા સંબંધને પામ્યા એવા જે જીવ કીડી, મકોડી, કીટ, પતંગ, વેલી, વૃક્ષ, પશુ, પક્ષી, સ્થાવર, જંગમ,મનુષ્ય, પર્વત જે જે અમારા સંબંધને પામ્યા તથા અમારા આશ્રિતના સંબંધને પામશે તે સર્વે મોક્ષને પામશે. આવી રીતનો અપાર મહિમા છે. તેના કોટીમા ભાગની બરોબર ચાર ધામ અને સાત પુરીઓ અને બીજાં જે જે તીર્થ, તે પણ થાય એમ નથી. એમ, હે પિતા ધર્મદેવ ! તમે જાણો. અને વળી નિયમે યુક્ત અને ભગવાનના ભક્ત એવા જે સાધુ બ્રાહ્મણ તેઓને જમાડીને વસ્ત્ર દક્ષિણા આપશે તથા ગાય આદિકનાં દાન કરશે અને વળી ભગવાનનાં મંદિર આદિક બીજી જગ્યાઓ કરાવશે તે મનુષ્ય દેહ મૂકીને વિમાન ઉપર બેસીને અક્ષરધામમાં ભગવાનના સાધર્મ્યપણાને પામશે. અને વળી જે કોઈ મંદિર કરાવીને તે મંદિરમાં મૂર્તિઓ પધરાવીને વાંસે પૂજા પ્રવાહ ચલાવશે તે ધણી દેહ મૂકીને અક્ષરધામમાં ભગવાનના સાધર્મ્યપણાને પામીને હજુર સેવામાં રહેશે. અને વળી નારાયણ સરોવરના કિનારે કીડી આદિક જીવજંતુને અન્નનો કણકો નાખશે તે મનુષ્ય, દેહ મૂકીને સ્વર્ગને પામશે. અને આ સરોવર ઉપર થઈને જે કોઈ પક્ષી ઉડીને જશે તે સ્વર્ગને પામશે. અને વળી હે ધર્મદેવ ! તમોએ મને પૂછ્યું હતું જે રંગ ઉત્સવમાં કેટલો કાળ ગયો ? તે પણ હું તમોને સંક્ષેપે કરી કહું છું, જે અમારે રંગ રમતાં રમતાં મહા વૈરાટનો ત્રુટી કાળ જતો રહ્યો; એમ તમો કાળની ગતિને જાણો. આવી રીતે ઘનશ્યામ મહારાજના મુખ થકી વાત સાંભળીને રામપ્રતાપભાઈ સહિત ધર્મદેવ અતિ રાજી થયા થકા મહા આશ્ચર્ય પામીને પગે લાગતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે વંસત પંચમીના દિવસે મહા મોટો રંગ ઉચ્છવ કર્યો. અને છપૈયાપુરનું અને નારાયણ સરોવર, વિશ્વામિત્રી નદી આદિકનું માહાત્મ્ય ધર્મદેવ, રામપ્રતાપભાઇ આગળ ઘનશ્યામ મહારાજે કહ્યું એ નામે સડસઠમો અધ્યાય પૂરો થયો. ||૬૭||

## અધ્યાય ૬૮

## અયોધ્યામાં શાસ્ત્રીને દેખતો કર્યો તથા સખાઓનું મિલન.

**ત્યાર પછી ધર્મદેવના મનમાં એવો વિચાર થયો જે, હવે તો આ છપૈયાપુર મૂકીને શ્રીઅયોધ્યાપુરીમાં જઈને રહેવું. એમ વિચાર કરતા સતા, રામપ્રતાપભાઈને સાથે લઈને ગામ શરણામગંજની બજારે જઈને વણિક સર્જુપ્રસાદની દુકાને પોતાનું લેવડ દેવડનું નામું હતું તેના સર્વે પૈસા ચૂકવી દેતા હતા. પછી ત્યાં થકી ઘેર આવીને ધીરે ધીરે સગાં સંબંધીને મળીને તૈયાર થઈ, સરસામાન ગાડાંમાં ભરીને ચાલ્યા. તે સમયે સર્વે પુરવાસીજન વળાવવા આવ્યા. તે નારાયણ સરોવરના કિનારે આવીને સર્વેને પરસ્પર મળીને વળતા હતા. અને ધર્મભક્તિ પોતે પોતાના પરિવાર સહિત ત્યાં થકી ચાલ્યાં. તે અયોધ્યાપુરીમાં આવીને બરહટ્ટા શાખાનગરમાં પોતાના નિવાસ્થાને આવીને રહેતાં હતાં. ત્યાર પછી કોઈક દિવસે ઘનશ્યામ મહારાજ પોતાના મનમાં વિચાર કરતા થકા, હંમેશાં પોતાના ઘરથી ઉત્તર તરફ થોડેક દૂર ઉદયરાજ તિવારીના ઘરના આંગણે ભટેશ્વર મહાદેવના મંદિરમાં એકાંત જોઈને પોતે બપોરના સમયમાં શયન કરતા હતા. તે સમયે એક દેવીબકસ નામનો કાયસ્થ શિવજીનો ઉપાસક હતો. તે હંમેશાં શિવજીનાં દર્શન કરવા આવતો હતો. તે દર્શન કરીને ગાલ વગાડીને નાચ કરતો હતો. તે શિવજી પાસે એમ માગે જે, હે ભોળાનાથ ! તમો**

દયાળુ છો અને સેવકનું પ્રતિપાલન કરનારા છો. માટે હે દયાળુ ! મને દયા કરીને હવેથી કોઇ દિવસ મનુષ્યનો અવતાર દેશો માં, કેમકે, આ દેહે કરીને ત્રાંબુ ખાઇને હું ઘણો હેરાન થયો. પરંતુ બરાબર વિષયસુખ લોકલાજે કરીને ભોગવાતું નથી. માટે હવે તો નિરાશ થઇ ગયો છું. અને જો મારી સેવાથી રાજી થયા હો તો તમારી પાસે એ માગું છું જે, મને તો જન્મોજન્મ લંબકર્ણનો અવતાર આપજો. કારણ કે, કોઇની મર્યાદા રાખ્યા સિવાય સારી પેઠે વિષયસુખને ભોગવું, હે દયાળુ ! તમો જો મારા ઉપર પ્રસન્ન થયા હો તો આ મારો માગેલો વર મને આપજો. આવો વર માગીને હંમેશાં તે કાયસ્થ ઘરે જઇને ભોજન કરતો. આવો વિષયને વિષે લુબ્ધ અને દુષ્ટ બુદ્ધિવાળો જે કાયસ્થ તેને જોઇને સાંભળીને શ્રીહરિ વિચાર કરવા લાગ્યા. જે આવા દુષ્ટ જીવ જગતમાં કેટલાય હશે. માટે હવે હું મારા માતાપિતાને દિવ્યગતિ આપી ને એવા વિષયલમ્પટ જીવોને ઉપદેશ કરીને નિર્વાસનિક કરું અને ભગવાન તથા સંતના દ્વેષી અને અધર્મી અસુરોને ખોળીને નાશ કરાવું. એવો વિચાર કરી તે મંદિરમાંથી ઉઠીને પોતે ઘેર આવતા હતા. પછી પોતાના ઘરના આંગણે મોટા કદમના વૃક્ષ નીચે ઉદાસ થઇને બેઠા. તે જોઇને ધર્મદેવ બોલ્યા જે, બેટા ઘનશ્યામ ! તમો એકલા ઉદાસ થઇને કેમ બેઠા છો ? ત્યારે એમ બોલ્યા જે, હે દાદા ! હું તો ઉદાસ નથી, ઈતિહાસને વિચારું છું. એમ કહીને ત્યાં થકી ઊઠીને ઓસરીની જેર ઉપર આવ્યા. ત્યાર પછી બીજા દિવસે ધર્મદેવ ઘનશ્યામ મહારાજને સાથે લઇને વિદ્યાકુંડના મંદિરમાં દર્શન કરવા ગયા. તે સમયે તે મંદિરમાં એક બ્રાહ્મણ વ્રજવિહારી નામનો અંધ શાસ્ત્રી હતો તે વાલ્મીકી રામાયણની કથા પુસ્તક વિના મુખે બોલીને કરતો હતો, તે સાંભળવા માટે ત્યાં બેઠા. ત્યારે કથામાં રૂડી વૈરાગ્યની વાર્તા આવી. તે સાંભળીને શ્રીહરિ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા જે, અહો ! આ રામચંદ્રજી વનમાં

ગયેલા તે બહુ સારી વાર્તા છે, માટે મારે પણ માતાપિતાને સદ્‌ગતિ આપીને ઘરનો ત્યાગ કરીને વનમાં જવું. એમ વિચાર કરતા સતા તે શાસ્ત્રીને ભાગવતના બે ચાર શ્લોક બોલીને પ્રશ્ન પૂછતા હતા.ત્યારે કહ્યું જે હમણાં કથામાં ભંગ પડે છે, તમારે પૂછવું હોય તો મારા ઘરે આવજો. ત્યારે શ્રીહરિ બોલ્યા જે શાસ્ત્રની વાત ખૂણે હોય નહિ. ત્યારે સભામાં બેઠેલા કેટલાક જન બોલ્યા જે, હે ઘનશ્યામ ! આને આવડતું નથી તે એના ઉપાય કરે છે, જે મારે ઘેર આવજો. એમ કહે છે. માટે હવે એ વાત પડતી મૂકો. તેવું સાંભળીને ત્યાં થકી દર્શન કરીને પોતાના પિતા સાથે ચાલ્યા એટલે સર્વે સભાના જનોએ કહ્યું જે, હે શાસ્ત્રી બાવા ! એ ઘનશ્યામ તો મહા વિદ્વાન છે અને બહુ ચમત્કારી છે. તેથી કેટલાક તેને ઈશ્વર અવતાર માને છે. એમ કહેવાથી તે શાસ્ત્રી પોતાના શિષ્યનો હાથ ઝાલીને તત્કાળ ઘનશ્યામ મહારાજની પાસે આવીને નિર્માની થઈ પગમાં પડીને સ્તુતિ કરવા લાગ્યો જે, હે ઘનશ્યામબાબુ ! તમો તો સાક્ષાત્ ઈશ્વર છો. એમ કહીને વળી હે મહારાજ ! તમો મારા ઉપર દયા કરીને દેખતો કરો. ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, અમો તો આંધળાને દેખતા કરતા નથી. ત્યારે તે અતિ નિર્માની થઈને બોલ્યો જે, અરે બાપજી ! એક દિવસે તમો શ્રવણ તલાવડીએ સ્નાન કરવા ગયા હતા તે સમયે કેટલાક સુરદાસ માગી ખાતા હતા. તેમને પણ તમોએ દેખતા કર્યા હતા.માટે હે ઘનશ્યામ ! તમો પૂર્ણપુરૂષોત્તમ ભગવાન છો. મને આ વખતે દેખતો કરો. ત્યારે દયાળુ શ્રીહરિએ પ્રસન્ન થઈ તેનું નિર્માનીપણાનું વચન સાંભળીને તેના સામી દ્રષ્ટિ કરી, કે તુરત તે બ્રાહ્મણ બન્ને નેત્રે દેખતો થયો. પછી તેને ચતુર્ભુજ રામચંદ્રજી રૂપે દર્શન દીધું, તે મહા આનંદ પામતો સતો પગે લાગીને પાછો તે મંદિરમાં ગયો. આવી રીતનો પ્રતાપ જોઈને અવધપુરવાસીજન મહા આશ્ચર્ય પામતાં હતાં.

વળી કોઈક દિવસે ઘનશ્યામ મહારાજના વિયોગથી છપૈયાપુરને

વિષે રહેલા પોતાના સખા વેણી, માધવ અને પ્રાગ તથા સુખનંદન આદિક બીજા કેટલાક બાળમિત્રો વિચાર કરતા સતા, અયોધ્યાપુરીમાં ઘનશ્યામ મહારાજને મળવા સારૂ છાનામાના ઘેરથી નીકળીને મીનસાગર ઉપર મોટા પીપળાના વૃક્ષ નીચે ભેગા થયા. પછી સર્વે આવી રહ્યા જાણીને ત્યાંથી ચાલ્યા તે રસ્તે જતાં વચ્ચે મનોરમા નદીએ આવ્યા. અને ત્યાં નદીમાં પાણી બહુ દેખીને પરસ્પર બોલવા લાગ્યા જે, અહો ભાઈઓ ! હવે આપણે આ નદી શી રીતે ઉતરવી ? એમ કહેતા સતા તે નદીના કાંઠે ઉદાસ થઈને ઊભા રહ્યા. તેટલામાં તો શ્રીહરિ પોતાના સખાઓ મળવા આવે છે એમ જાણીને, બ્રાહ્મણના વેષે તેમની પાસે આવીને કહ્યું જે, હે ભાઈઓ ! આવડાં નાનાં બાળકો તમો કયાં જાઓ છો ? ત્યારે તેમણે વિસ્તાર પૂર્વક તે બ્રાહ્મણને કહ્યું. ત્યારે બોલ્યા જે, ચાલો તમો મારી સાથે, કોઈ વાતની ફીકર રાખશો નહિં. અમારે પણ અયોધ્યાપુરી જવું છે. એમ કહેતા સતા સર્વેને સાથે લઈને નદી ઉતરીને ચાલ્યા. ત્યારે કોઈની પાસે ખાવાનું પણ નહિં. અને ભૂખ લાગેલી તેથી સર્વે સખા એક આંબાના વૃક્ષ નીચે બેઠા અને બોલ્યા જે, હે ભાઈ ! તમારે જવું હોય તો જાઓ અમોને તો ભૂખ લાગી છે. કોઈની પાસે ભાતુ પણ નથી. માટે ધીરે ધીરે આવીશું. ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, અરે ભાઈઓ ! તમો ભૂખ્યા છો ત્યારે કયારના કેમ કહેતા નથી ? આવો લ્યો, આપણે સર્વે ભેગા બેસીને જમીએ. મારી પાસે ભાતુ વધારે છે. ત્યારે તે બોલ્યા જે, હું પણ બ્રાહ્મણ છું. ચાલો શરમાશો નહિં. એમ કહીને તે સર્વે સાથે બેસીને સાથવો અને મીઠું જમીને ચાલ્યા તે સરયૂ નદીમાં ગયા. ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, હે ભાઈઓ ! તમારી પાસે વહાણમાં બેસવાના પૈસા છે કે નથી? ન હોય તો ચાલો, મારી પાસેથી આપીને વહાણમાં બેસારૂં. એમ કહીને તે વહાણમાં બેસારીને સામે કિનારે રામ ઘાટે લઈ જઈને કહ્યું જે, હે ભાઈઓ ! હવે તમો

ગામમાં જઈ શકશો ? ત્યારે બોલ્યા જે, હા તમારે જવું હોય તો જાઓ. એમ કહ્યું કે, તુરત તે બ્રાહ્મણ ચાલ્યો ગયો. ત્યાર પછી તે સર્વે સખા થોડેક દુર જઈને વિચાર કરવા લાગ્યા જે, હે ભાઈઓ ! હવે આ મોટા શહેરમાં તેમના ઘરનો પત્તો કયાંથી લાગશે? જો બ્રાહ્મણને રાખ્યા હોત તો બહુ સારૂં થાત. એમ કહીને ચિંતા કરવા લાગ્યા. એટલામાં તો ઘનશ્યામ મહારાજ વળી અન્તર્યામીપણે પોતાના સખાઓને પાસે આવીને કહ્યું જે, અહો ભાઈ વેણીરામ ! તમો અહિં ક્યારે આવ્યા છો ? એમ કહીને અતિ સ્નેહથી સર્વે મળીને કુશળ સમાચાર પૂછીને આગળ થયા. ત્યારે માર્ગમાં ઘનશ્યામ મળ્યા તેથી સખા બહુ રાજી થયા અને પરસ્પર વાતો કરતા સતા સખાઓને સાથે લઈને ઘરે આવ્યા અને કહ્યું જે, તમો સર્વે ઘરની ઓસરીમાં જાઓ અને હું નોકરને બોલાવતો આવું. એમ કહીને પાછા વળીને થોડેક દુર જઈને અદ્રશ્ય થયા. ત્યારે સર્વે સખા ઓસરીમાં ગયા.ત્યાં તો વળી ઘનશ્યામ બેઠેલા હતા તે ઊભા થઈને મળવા આવ્યા અને કહ્યું જે, ભાઈઓ ! તમો સર્વે આવડા નાના બાળ અત્રે કેવી રીતે આવી શક્યા ? ત્યારે વેણીરામ આદિક સર્વે સખાએ તે સર્વે વૃતાંતની વાર્તા કહી. ત્યાર પછી પોતાના ચાકર સુરજબલી ભોઈ પાસે કૂવામાંથી જળનો ઘડો ભરી મંગાવીને, પ્રથમ તેમના હાથ પગ ધોવરાવીને અબખોરા ભરીને જળપાન કરાવવા લાગ્યા. ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા જે, હે ઘનશ્યામ ! આપણા ઘરમાં સાકર છે તે નાખીને રસ કરીને પીવડાવો. ત્યારે બોલ્યા જે, હે ભાઈ ! તમો જુઓ, આ તો કૂવામાં સાકર ભરેલી છે તેમાંથી રસ કાઢીને પાઈએ છીએ, એમ કહેતા સતા સર્વેને પાઈને પોતાનાં માતાપિતા ભાઈ વિગેરેને પાતા હતા. તે પીને મહા વિસ્મય પામી ગયા. અને બોલ્યા જે, આ શું આશ્ચર્ય ? બધા કૂવાનું પાણી સાકરના રસ જેવું મીઠું થઈ ગયું. ત્યારે બોલ્યા જે, હે ભાઈ ! આ અમારા સખાઓને વાસ્તે અમો જે ધારીએ તે થાય,

એમ કહેતા સતા સુવાસિનીબાઈ પાસે રસોઈ કરાવીને સર્વે સખાઓને પાસે બેસારીને જમાડતા હતા. પછી જમતા સતા બોલ્યા જે, હે મિત્રો ! તમોને જેઓએ મનોરમા નદી ઉતાર્યા અને ટીંમણ આપ્યું અને વહાણમાં બેસાડીને લાવ્યા તે અમે હતા. ત્યારે સખાઓ બહુ આનંદ પામતા સતા કહેતા હતા. જે તમારા વિના બીજો કોણ ખબર લે ? એમ કહે છે એટલામાં તો છપૈયાપુરથી તેમની ખબર કાઢવા માટે મોતી તરવાડી પહેલવાનને સાથે લઈને આવ્યા. તેમને જમાડીને પાંચ દિવસ રાખીને પછી સખાએ સહિત વિદાય કરતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે છપૈયાપુરથી અયોધ્યાપુરીમાં રહ્યા અને અંધ શાસ્ત્રીને દેખતો કર્યો તથા સખા અવધપુરીએ શ્રીહરિને મળવા આવ્યા. એ નામે અડસઠમો અધ્યાય પૂરો થયો. ૬૮

## અધ્યાય ૬૯

## શીતલદાસને શાંત કર્યો તથા સાધુ ધર્મો કહ્યા.

વળી એક સમયે ઘનશ્યામ મહારાજ પોતે એકલા જ સવારના પહોરમાં હનુમાનગઢી, જન્મસ્થાન એ આદિક બીજાં કેટલાંક મંદિરે દર્શન કરવા માટે પોતાના ઘરેથી ચાલ્યા, તે પ્રથમ કનકભૂવનના મંદિરમાં જતા હતા. તે મંદિરનો મહંત શીતલદાસ નામનો સાધુ હતો. તે ઠાકોરજીની પ્રસાદીનું ચરણામૃત ઠાકોરજીપાસે બેસીને જે જે લોક દર્શન કરવા આવે, તે સર્વેને પાત્રમાંથી આચમની ભરીને આપતો હતો. તે સમયે કેટલાક માણસોની ભીડથી ઘનશ્યામ મહારાજ છેટે ઊભા રહ્યા. તે જ્યારે માર્ગ થયો ત્યારે પાસે જઈને ઠાકોરજીનાં દર્શન કર્યાં. ત્યારે મહંત બોલ્યા જે, હે ઘનશ્યામ ! ઠાકોરજીનું ચરણામૃત લો. ત્યારે ઠાકોરજીનું અપમાન ન કરવું એમ જાણીને પોતે તે ચરણામૃત હાથમાં લઈને, એકાંત જગાએ જઈને નાખી દીધું. એટલે તે વૈરાગી જોઈને

એકદમ ગુસ્સો કરીને બોલ્યો જે, હે ઘનશ્યામ ! એ ચરણામૃતને કેમ તમોએ ઢોળી નાખ્યું ? ત્યારે બોલ્યા જે, હે બાવા ! આ ચરણામૃત તમો સર્વેને આપો છો તો ખરા, પણ તમે એ પાત્રને કેટલાક દિવસથી માંજ્યું નથી અને કેટલાક દિવસનું વાસી ચરણામૃત ભેગું કર્યું છે. તેની પ્રથમ તમો ખબર કાઢીને અંદર જુઓ, એમ કહ્યું ત્યારે, તે વૈરાગી પાત્રને ઉઘાડીને જુએ તો માંહી વંદા આદિક જીવ ઘણાક પડેલા. તેને જોઈને પોતાના સેવક ઉપર ક્રોધ કરીને એકદમ મારવા ઊભો થયો, તેને શ્રીહરિએ રોકીને પાછો બેસારીને એમ બોલ્યા જે, હે બાવા ! તમારૂં નામ શીતલદાસ છે માટે શાંતિ રાખો. એમ કહીને શાંતિ પમાડતા હતા. ત્યારે બાવો શ્રીહરિને અતિ હેત સહિત પોતાની પાસે આસન ઉપર બેસારીને બોલ્યો જે, હે ઘનશ્યામ ! આ વાર્તા તમોએ જણાવી તે બહુ સારૂં કર્યું. નહિં તો અમારૂં ખોટું દેખાત. પરંતુ તમોએ અંતર્યામીપણે જાણીને આ વાત મને કહી. માટે તમો તો સાક્ષાત્ શ્રીરામચંદ્રજી છો. એમ કહીને પોતાનો અપરાધ ક્ષમા કરાવીને વિનંતીપૂર્વક પગે લાગતો હતો.

વળી એક દિવસે પોતે એકલાજ હનુમાનગઢીમાં બપોર નમતાં જતા હતા. ત્યારે તે સમયે હનુમાનગઢી ઉપર ચઢતાં પગથિયે રૂપ ચોકીમાં બે ચાર વૈરાગીના નાના નાના ચેલા એક લંગોટીવાળીને માથામાં અત્તર ધુપેલ આદિક તેલ ચોળીને તથા અંગોઅંગને વિષે ભારે સુવર્ણના દાગીના પહેરેલા એવા સતા ત્યાં જુગટુ રમતા હતા. તેમને જોઈને શ્રીહરિ બોલ્યા જે, હે સંતો ! આ તમારો ધર્મ નથી. તમો તો સતપુરૂષ કહેવાઓ અને સંસારનો ત્યાગ કરીને બેઠા છો. માટે શાસ્ત્રમાં ત્યાગીને આ જુગટાનો ખેલ રમવો તે ઘણો નિંદિત છે. અને જુગટે કરીને પાંચ પાંડવ હારી ગયા હતા. અને મહા દુ:ખ પામ્યા હતા. માટે તમારે તો પરમેશ્વરનું ભજન કરીને દિવસ પસાર કરવા જોઈએ, નહિં તો સંસારીના ટુકડા જમવા તે પચાવવા ઘણા મુશ્કેલ પડશે.એમ કહે

છે તે સાંભળીને રમતા હતા જે બાળક તેમાંથી કેટલાક બોલી ઊઠયા જે, આગળ જોઈને કોણ આવ્યું છે ? અને હવે શું થશે તેની કોને ખબર છે? આ દેહે જે ભોગવ્યું તે ખરૂં છે. એમ કહે છે એટલામાં તો તે નાના છોકરાઓના ગુરૂને ખબર પડી, તેથી તત્કાળ ત્યાં આવીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો આ બાળકોની આગળ શું કહેવા બેઠા છો ? આ સભામંડપમાં બેસીને વાર્તા કરો અને અમોને ધર્મનો માર્ગ બતાવો. એમ કહે છે. ત્યાં તો હનુમાનજીને જગાડવાનો સમય થયો એટલે શહેરના કેટલાક માણસો તથા કેટલાક વૈરાગી તપસ્વી એ સર્વે દર્શન કરવા આવતા હતા. ત્યારે શ્રીહરિને શોધતા રામપ્રતાપભાઈ પિતાએ સહિત ત્યાં આવ્યા. ત્યારે તો હજારો માણસોની મોટી સભા ભરાઈ અને વચ્ચે મોહનદાસજીની પાસે સામા પોતાના ભાઈને બેઠેલા જોઈને પોતે પણ ત્યાં જઈને બેઠા. ત્યારે કેટલાક પંડિત વેદીયા વિગેરે બ્રાહ્મણ તથા રામાયણ સંહિતાના ભણેલા વૈરાગી તે પણ ત્યાં આવતા હતા. અને ત્યાં ભારે ચર્ચા ચાલી. તે સમયે તે વૈરાગી બોલ્યા જે, હે ઘનશ્યામ! તમો સાધુ પુરૂષને શિખામણ કેમ આપો છો ? તમો તો ગૃહસ્થ છો. માટે તમો ત્યાગીને શિખામણ આપવા યોગ્ય નથી. તેવું સાંભળીને બોલ્યા જે, હે બાવા ! હે પંડિતો ! તમો સર્વે આગળની વાત વિચારી જુઓ. નવ યોગેશ્વરના ગુરૂ તે રાજા જનક છે. તે વાર્તા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તે તમો પણ જાણતા હશો. તથા શુકદેવે પણ જનક રાજાને ગુરૂ કર્યા હતા. માટે ધર્મ તો જે બતાવે તેનો માનવો જોઈએ. એમ કહીને સાધુના ધર્મ વિસ્તારીને કહેવા લાગ્યા જે, શાસ્ત્રમાં દ્યુત એટલે જુગટુ રમવું તથા મદ્યમાંસાદિકનું ભક્ષણ કરવું તે સર્વે શાસ્ત્રમાં નિષેધ કરેલાં છે. ત્યાં કહ્યું છે જે;-

વળી એ ઘોર નરકને પમાડે છે. તો ત્યાગીને તો તેથી વધારે દૂર રહેવું તથા ક્રોધ, માન, ઈર્ષ્યા, કંચન જે પૈસા , સ્ત્રી, તામ્બુલ મદિરા એ

આદિક જે વ્યસનો તેનો ત્યાગ કરવો, અને જે સાધુ થઈને એટલાં વાનાં રાખે છે તેને યમના દૂત મહા જોરાવરથી યમપુરીમાં લઈને મહા કષ્ટને આપે છે અને પોતાનાં કરેલાં કૃત્ય ભોગવાવે છે. એ વાત અમો ખોટી કહેતા હોઈએ તો આ સભામાં સમગ્ર બેઠેલા પંડિતને પૂછી જુઓ. ત્યારે સર્વે બોલ્યા જે, હા, એ વાત સાચી છે શાસ્ત્ર પ્રમાણે છે. એવાં શ્રીહરિનાં વચન સાંભળીને તે સર્વે વૈરાગી બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો તો સાચું કહો છો. એમાં જરાય ભુલ નથી. ત્યારે વળી બોલ્યા જે, સાધુને તો ક્ષમા, દયા, શાંતિ, નિર્માનીપણું, સંતોષ એ આદિક સમગ્ર જે રૂડા ગુણ તેનો સંગ્રહ રાખવો એમ છે. ત્યારે તો સર્વે સભાના જનોએ હા પાડી અને ઘનશ્યામ મહારાજનું વચન સત્ય છે. તેનું પ્રતિપાદન કરતા સતા બોલ્યા જે, હે સંતો ! તમારા ધર્મ પ્રમાણે આ ઘનશ્યામ પ્રસાદે વાર્તા કરી છે. એમ કહેવાથી ત્યાગી સંસાર તરીને માયાનું બંધન તોડીને આગળ મહા સુખીયા થાય છે. એવી રીતની ઘણીક વાર્તા કરીને તે સભામાં સર્વે તરફથી સન્માન પામીને ત્યાં થકી ઉઠ્યા. ત્યાંતો તે સર્વે વૈરાગી, વેદીયા, પંડિત વગેરે બ્રાહ્મણ તે સર્વે પરસ્પર કહેવા લાગ્યા જે, આ હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામ બાબુ તો કોઈક મોટા ઈશ્વર છે. એમ કહીને પગે લાગતા હતા.

વળી એક દિવસ રામપ્રતાપભાઈ ઘનશ્યામ મહારાજને સાથે લઈને સ્વર્ગદ્વારીમાં લક્ષ્મણ ઘાટે સ્નાન કરવા માટે ગયા. ત્યારે તે ઘાટે ત્રિકમગઢનો રાજા પોતે પોતાની સ્ત્રી સહિત એક વસ્ત્ર પહેરીને સરયૂગંગામાં સ્નાન કરીને, પછી ગોર જે બ્રાહ્મણ તેને પોતાની સ્ત્રીનું દાન કરીને પોતાને ઉતારે જઈને પોતાના નોકરને કેટલાક રૂપીયા આપીને તે બ્રાહ્મણની પાસે મોકલતો હતો. પછી તે નોકરે જઈને બ્રાહ્મણને કહ્યું જે, આ રૂપીયા રાજાએ મોકલ્યા છે. તે તમો લ્યો અને રાણી સાહેબને પાછાં મોકલો. ત્યારે બોલ્યા જે, અમો દાન લીધેલું પાછું આપતા નથી.

અને બીજું દાન લેતા નથી. તે સાંભળીને નોકર પાછો જઈને રાજાને તે વાત કરતો હતો. ત્યારે તે રાજાએ તેને લોભ દેખાડવા માટે બે હજાર રૂપીયા આપીને મોકલ્યો. ત્યારે પણ તે ગોર બોલ્યો જે, એકથી લઈને કરોડ રૂપીયા તમો આપો તો પણ લીધેલું દાન પાછું નહિં આપું. તમોને કોણે કહ્યું હતું જે, સ્ત્રીનું દાન કરો ? ત્યારે તે વાત નોકરે જઈને વિસ્તારે સહિત રાજાને કહી. તે સાંભળીને રાજા એકદમ રીસ ચડાવીને એકકાગળ નોકરને લખી આપ્યો. અને કહ્યું જે, આ કાગળ રાણીને આપજે. પછી તે કાગળ રાણીને પહોચ્યાથી રાણીએ બ્રાહ્મણને ઝેર દઈ મારીને કૂવામાં નાખ્યો અને પોતાના ઉતારે આવી. પછી તે રાજા તીર્થવાસી બ્રાહ્મણનો અભાવ લઈને પોતાના ગામે ગયો. એવું મહા ઘોર કર્મ રાજાએ કરાવ્યું. એવી રીતે આગળ પણ કોઈ કોઈ જગ્યાએ બનેલું છે. તેથી શાસ્ત્રમાં પોતાની સ્ત્રીનું દાન કરવાનો નિષેધ કર્યો છે. ત્યાર પછી રામપ્રતાપભાઈ તથા ઘનશ્યામ મહારાજ તે રાજાનું આવું અયોગ્ય કર્મ જોઈને પોતાના મનમાં દયા આવી, તેથી પોતે શ્રીહરિએ શિક્ષાપત્રીમાં એમ લખ્યું છે જે, અમારા સત્સંગીઓ જે હોય તેમણે સ્ત્રીનું દાન કોઈ દિવસ કરવું નહીં.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે શીતલદાસ બાવાને શાંત પમાડયો તથા હનુમાનગઢીમાં મોહનદાસ વૈરાગીની સભામાં બીજા ઘણાક પંડિતો આગળ સાધુના ધર્મની વાત વિસ્તારે સહિત કરી, તથા રાજાએ પોતાની સ્ત્રીનું દાન કર્યું. એ નામે અગણોસિત્તેરમો અધ્યાય પૂરો થયો. ।।૬૯।।

## અધ્યાય - ૭૦ :- નારાયણ સરોવરમાં પાતાળગંગા આવ્યાં તથા નારદજીની ભવિષ્યવાણી.

વળી એક સમયે છપૈયાપુરમાં મોતી તરવાડીના ઘરે ભાઈ માધવચરણના વિવાહ હતા. તે વિવાહની કંકોતરી અયોધ્યાપુરીમાં

ધર્મદેવના ઘરે આવી. ત્યારે તે કંકોતરી વાંચીને પોતાના બે પુત્રોને સાથે લઈને ચાલ્યા. તે રસ્તામાં આવતાં ધર્મદેવના શરીરે થોડીક તાવની કસર જણાતી હતી. તેથી ચાલી શકાયું નહિં. ત્યારે સર્વે એક વડના વૃક્ષ નીચે બેઠા, પછી રામપ્રતાપભાઈને કહ્યું જે, હે રામપ્રતાપ ! તમો પાણી લાવો, મને તરસ બહુ લાગી છે.ત્યારે ભાઈએ ચારે બાજુ એક ગાઉ ફરતાં જોયું, પરંતુ કયાંય પાણી મળ્યું નહિં.તેથી લોટો દોરી ખાલી હાથમાં લઈને નિરાશ થઈને પાછા આવતા દેખીને ઘનશ્યામ મહારાજ મનમાં વિચાર કરવા લાગ્યા જે, આ મોટાભાઈને પાણી ન મળ્યું અને દાદા બહુ તરસ્યા થયા છે. એમ સંકલ્પ કરતાં તુરત રસ્તાને કિનારે ખેતરમાં એક કૂવો માલૂમ પડતો હતો. ત્યારે તેમાંથી ભાઈ પાણીનો લોટો ભરી લાવી, ગાળીને પોતાના પિતાને જળપાન કરાવતા હતા. પછી તો જળપાન કરીને શાંતિ થઈ એટલે તે વૃક્ષ ઉપર સુડા, પોપટ, મેના વિગેરે હજારો પક્ષી બોલવા લાગ્યાં, તેના શોર થકી પાછી કસર જણાઈ. ત્યારે ધર્મદેવે કહ્યું જે, આ પક્ષીને વૃક્ષ પરથી ઉડાડી મૂકો તો ક્ષણવાર નિદ્રા આવે અને સારૂં થાય. ત્યારે ભાઈ પક્ષીઓને ઉડાડવા લાગ્યા.તે વખતે પક્ષીઓ ઉડી ઉડીને પાછાં ત્યાં ને ત્યાં બેસતાં હતાં. પરંતુ ઉડીને આઘાં ન ગયાં. ત્યારે ઘનશ્યામ મહારાજ પોતે સર્વે પક્ષીઓને સમાધિ કરાવતા હતા. ત્યારે પક્ષીઓ શાંતિથી એમ ને એમ બોલ્યા વિના બેસી રહ્યાં. પછી ધર્મદેવને બે ઘડી નિદ્રા આવી ગઈ. ત્યાર પછી ઉઠીને પાણીથી પોતાનું મુખ ધોઈને જળપાન કરીને ચાલવાની તૈયારી કરી. તે સમયે શ્રીહરિની ઈચ્છાથી તે સર્વે પક્ષીઓ તત્કાળ સમાધિમાંથી જાગીને ઉડી ગયાં. તે મહા અદ્ભૂત ચરિત્ર જોઈને નાગપુર ગામના ક્ષત્રી દુનિયાસંગ તથા સાહેબદીન, છોટુ પાંડે આદિક કેટલાક જન આશ્ચર્ય પામતા સતા પોતપોતાના ખેતરમાંથી ઘરે જઈને તે વાર્તા સર્વેને કહેતા હતા. ત્યાર પછી ત્યાં થકી ચાલ્યા તે છપૈયાપુરમાં આવતા હતા. અને મોતી

તરવાડીએ બોલાવ્યા થકા ભોજન કરાવીને પાનબીડીઓ આપી, તે લઈને ચોતરા ઉપર બેઠા. પછી બીજા દિવસે ધર્મદેવ પોતાના બન્ને પુત્ર સહિત નારાયણ સરોવરમાં સ્નાન કરવા માટે ગયા. તે સમયે પાણી થોડું હતું તેથી માછલાં આદિક જીવો તપીને સરોવરમાં મરતાં જોઈને ધર્મદેવના મનમાં ઘણી દયા આવી ગઈ અને એમ બોલ્યા જે, અરે ભગવન્ ! વરસાદને હજી વાર છે. અને આ બિચારા જીવો તાપે તપીને મરી જાય છે. એવો સંકલ્પ પોતાના પિતાનો અન્તર્યામીપણે જાણીને ઘનશ્યામ મહારાજ તળાવના વચ્ચે ઉભા રહીને પોતાના જમણા પગથી પૃથ્વી ઉપર અંગુઠો દબાવતા હતા કે તત્કાળ પાતાળગંગા ધારા રૂપે આવતાં હતાં. ત્યારે ધર્મદેવ તે પ્રવાહને ઉંચો ઉછળતો જોઈને મહા આશ્ચર્ય પામ્યા જે, આ તે શું ? ત્યારે શ્રીહરિ બોલ્યા જે, હે દાદા ! તમારા અંતઃકરણનો ઘાટ જોઈને પાતાળમાંથી ગંગાજીને અમોએ બોલાવ્યાં છે, તે જ્યાં સુધી તમારી મરજી હોય ત્યાં સુધી રાખીએ. એવું સાંભળીને પ્રસન્ન થયા થકા બોલ્યા જે, નારાયણ સરોવરમાં ત્રણ ધનુષ્યવા પાણી થાય એટલે બંધ કરો. ત્યારે તેવી રીતે પાણી ભરાઈ ગયા પછી ઘનશ્યામ મહારાજ પોતાની ઈચ્છા થકી બંધ કરતા હતા. હજારો પક્ષીઓ તરસ્યાં થયેલાં તે ભગવાનની પ્રસાદી જાણીને તત્કાળ નારાયણ સરોવરમાં આવીને જળપાન કરીને પોતપોતાની જાતીના શબ્દ બોલીને શ્રીહરિને પ્રસન્ન કરતાં હતાં. ત્યારે તેમાં કેટલાક પોપટ, મેના આદિક ચતુર પક્ષીઓને જોઈને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દાદા ! આ પોપટમાં શુકદેવજી પોપટનું રૂપ ધારણ કરીને અમારાં દર્શન કરવા સારૂં આવ્યા છે. એવું સાંભળીને તત્કાળ પોપટ રૂપી શુકદેવજી આવીને ધર્મકુંવર પાસે બેસતા હતા. ત્યારે તે પોપટને પોતાના હાથમાં લઈને આખા શરીરે હાથ ફેરવતા થકા બોલ્યા જે, હે શુકદેવજી ! તમો પાછા સત્સંગમાં આવજો. તમારૂં શુકમુનિ એવું નામ ધરાવીને મારી

સમીપમાં સદાકાળ તમને રાખીશ. એમ કહીને તે પોપટને છુટો મૂક્યો. એટલે સર્વેને દેખતાં સતાં તત્કાળ તે પોપટ અદ્રશ્ય થઈ ગયો. એવું ચરિત્ર જોઈને ધર્મદેવ આદિક તે તળાવ ઉપર આવેલાં જન સર્વે મહા આશ્ચર્ય પામતાં હતાં.

ત્યાર પછી ધર્મદેવ ઘનશ્યામ મહારાજને ત્યાં મૂકીને રામપ્રતાપભાઈને સાથે લઈને, ગામ અસનારામાં ભિક્ષુક તિવારીને ત્યાં ભાગવતની સપ્તાહ વંચાતી હતી તે સાંભળવા સારૂં જતા હતા. તે સમયે પંડિત વિગેરે સભાના માણસો ધર્મદેવનું સન્માન કરીને તે સભામાં બેસારતા હતા. તે આખો દિવસ કથા સાંભળીને પાછા છપૈયાપુર આવીને થોડાક દિવસ ત્યાં રહીને ચાલવાની તૈયારી કરી. તે સમયે મોતી તરવાડીએ પોતાના બે ભાણેજને રૂડાં વસ્ત્ર ઘરેણાં પહેરાવીને વળાવ્યા સતા, અયોધ્યાપુરીને વિષે આવતા હતા. ત્યારે ત્યાં ધર્મદેવના શરીરે થોડી થોડી જ્વરની કસર હમેશાં રહેતી હતી. એમ શ્રી અયોધ્યાપુરીમાં રહેતા થકા એક દિવસે ઘનશ્યામ મહારાજ તથા પોતાના સખા દિલ્લીસંગ, માનસંગ, અને શ્યામચરણ તથા હરદેશ્વર વૈરાગી એ આદિક બીજા કેટલાક સખાઓને સાથે લઈને સરયૂગંગામાં રામઘાટે જઈને સ્નાન કરતા હતા. ત્યાર પછી ત્યાંથી ઉગમણી બાજુ આંબાના વૃક્ષ નીચે રેતનો મોટો ચોતરો કરીને પોતાના સખાઓ સહિત તેના ઉપર બેસતા હતા. અને સામસામા રામચંદ્રજીના જન્મ સમયની વાર્તા કરવા લાગ્યા. તે સમયે પોતાની ઈચ્છા થકી ફરતા ફરતા નારદમુનિ ત્યાં આવ્યા. તે કેવા હતા.તો હાથમાં વેણું નામનું વાજીંત્ર વગાડતા હતા. અને ભગવાનના ગુણનું વર્ણન કરતા, એવા આવીને ઘનશ્યામ મહારાજને પગે લાગીને વિનંતી પૂર્વક બોલ્યા જે, હે પ્રભો ! હે ભગવન્! તમો તો અનંત જીવોના આત્યન્તિક મોક્ષને અર્થે પ્રગટ થયા છો.અને આ મનુષ્ય દેહ ધારણ કરીને તમો જે જે કાર્ય કરશો તેને હું તમારા

સખાઓને સાંભળતે સતે વર્ણન કરી બતાવું છું અને તે જગ્યાએ હું પણ તમારો સેવક તમારાં દર્શન કરવા સારૂ આવીશ અને તમારાં કરેલાં કાર્યોને હું જોઈશ. હે રામશરણજી ! એમ પ્રાર્થના કરીને નારદમુનિ ઘનશ્યામ મહારાજને વિનંતિ કરીને આગળ જે જે ચરિત્રો કરશે, તેને નારદજી પ્રથમથી કહી બતાવતા હતા જે, હે ઘનશ્યામ ! તમો પ્રથમ તો અહિંથી તમારાં માતાપિતાની સાથે છપૈયાપુરને વિષે જશો. અને ત્યાં જઈને તમારાં માતાપિતાને દિવ્ય ગતિ આપીને તમારા સમીપમાં રાખશો તથા બ્રહ્માદિક સર્વે દેવતા આવશે તેમને તમો ફરીથી આવવાની ના પાડશો. તથા તમો પાછા અયોધ્યાપુરીમાં આવીને થોડાક દિવસ રહીને વનવિચરણ કરવા માટે નીકળશો. તથા તે વનમાં અનંત જીવોનો મોક્ષ કરશો. તથા ત્યાં અનંત અસુરોનો પોતાની દ્રષ્ટિથી પરાભવ કરશો. તથા ગોરખપુરમાં સંજયના ખેતરમાં બે દિવસ રહીને તેની સેવા અંગીકાર કરતા સતા તેને વરદાન આપીને, ત્યાં થકી જનકપુરીમાં જશો. અને ત્યાંથી દીઘાઘાટે હરિહર ક્ષેત્રે થઈને પાંચ ગાઉના પહોળા પાટવાળી જે નદીઓનો સંગમ તેમાં તરીને સામા કિનારે જશો. અને ત્યાંથી ગયાજી જઈને માતાપિતાનું શ્રાદ્ધ સરાવીને પાછા ત્યાં થકી ચાલશો. તે પુલહાશ્રમમાં જઈને તમો મહા તપશ્ચર્યા કરશો. તેથી સૂર્યનારાયણ પ્રસન્ન થશે અને તેમનાથી વરદાન પામશો. તથા શ્વેતશિખરી પર્વત ઉપર વિચરણ કરશો. તથા ગોપાળયોગી પાસે અષ્ટાંગ યોગ શીખશો. અને તેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને મોક્ષ પમાડશો. તથા બુટ્ટોલ નગરમાં રાજાને પોતાને શરણે લેશો.તથા મયારાણીનાં કઠણવચન સહન કરીને પોતાના શરીરનું દમન કરીને રૂધિર માંસને સૂક્વી નાખશો. તથા સીરપુરના રાજાની સેવા અંગીકાર કરશો. તથા પિબેકને જીતશો. નવલખા પર્વત ઉપર નવલાખ યોગીને નવલાખ સ્વરૂપે થઈને એકી સાથે મળશો. તેથી તેઓ પરમ પદને

પામશે. તથા સત્રધર્મા રાજાને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપશો. સીરપુરના રાજાની સેવા અંગીકાર કરશો. તથા જગન્નાથપુરીમાં આવીને અસુરોને મોહ ઉપજાવીને તેનો પરાભવ કરશો. તથા ભાગવત ધર્મને પ્રવર્તાવશો. તથા સર્વે તીર્થમાં રહેનારા જનોનો દુરાચાર ત્યાગ કરાવશો. તથા સેતુબંધ રામેશ્વર જશો તથા દક્ષિણ દેશમાં શિવકાંચી, વિષ્ણુકાંચી, વિઠુબા, આદિક કેટલાંક તીર્થને સચેતન કરતા સતા બુદેલખંડ દેશને ઓળંગીને નાસિક, ત્ર્યંબક જશો અને ત્યાં તાપી નદીમાં સ્નાન કરતા સતા કેટલાક દિવસ તે તીર્થમાં રહીને સુરત બંદર શહેરમાં જશો. અને ત્યાં થકી તાપી નદી ઉતરીને ભરૂચ શહેરમાં આવશો. અને ત્યાં નર્મદા નદીમાં ભૃગુઋષિના આશ્રમમાં કેટલાક દિવસ રહેતા સતા ગુજરાત દેશને ઉલ્લંઘીને ભાલ દેશમાં ભીમનાથમાં જશો. અને ત્યાં થકી માંગરોળ બંદર જશો. એવી રીતે તીર્થાટન કરતા સતા લોજપુરમાં જશો. અને ત્યાં મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરશો. તથા પીપલાણા ગામમાં ઉદ્ધવના અવતારરૂપ રામાનંદ સ્વામીને મળશો. તથા તેમનાથી દીક્ષા ગ્રહણ કરીને નારાયણ મુનિ નામે વિખ્યાત થશો. તથા રામાનંદ સ્વામીને દિવ્યગતિ આપતા સતા સત્સંગમાં વિચરણ કરીને અનંત જીવને સમાધિઓ કરાવશો. તથા જેતલપુર અને ડભાણ વિગેરે ગામોમાં મોટા મોટા મહારૂદ્ર, અતિ રૂદ્રાદિક વિષ્ણુયાગ કરશો. તથા અષ્ટપ્રકારનું બ્રહ્મચર્ય પળાવશો. તથા દેશાન્તરમાં મુક્ત મુમુક્ષુએ અવતાર લીધેલા તે સર્વેને બોલાવીને પોતાના સમીપે રાખશો. તથા અનંત બાઈભાઈને પોતાના આશ્રિત કરશો. તથા અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી એ બે તમારા ભત્રીજાને તમો દત્તક પુત્ર કરીને આચાર્યપદ આપશો. તથા શ્રીનગરને વિષે નરનારાયણ દેવની સ્થાપના કરશો. તથા વડતાલને વિષે લક્ષ્મીનારાયણ દેવનું સ્થાપન કરશો. તથા ભુજનગરમાં નરનારાયણ દેવનું સ્થાપન કરશો. તથા શ્રીગઢપુરને વિષે શ્રીગોપીનાથ-

દેવનું સ્થાપન કરશો. તથા શ્રીવિરાટનગરમાં શ્રીમોરલીમનોહરદેવનું સ્થાપન કરશો. તથા જીર્ણગઢને વિષે રાધારમણદેવની સ્થાપના કરશો. તથા ધોલેરા બંદરને વિષે મદનમનોહરદેવનું સ્થાપન કરશો. એવી રીતે એ સર્વે મંદિરોમાં તમારા હાથે દેવનું સ્થાપન કરશો. વળી તે સિવાય પણ બીજાં અનંત મંદિરો થશે. અને વળી સત્સંગી જીવન તથા સર્વે શાસ્ત્રનું દોહન કરીને શિક્ષાપત્રીની રચના કરશો. તથા આ પૃથ્વી ઉપર ઘરોઘર તમારૂં પૂજન થશે. તથા પોતાના શરણે રહ્યા જે જીવ પ્રાણીમાત્ર તે સર્વેને અંતે અક્ષરધામની પ્રાપ્તિ કરાવશો. આવી રીતે સર્વે ઉપર કહ્યાં જે, અનેક ચરિત્રો તે તમો પૃથ્વી ઉપર કરશો. તથા અનેક ચમત્કાર દેખાડશો. ત્યાર પછી પોતાનો મનોરથ જે એકાંતિક ધર્મનું સ્થાપન કરવું. તથા અનેક જીવોને પોતાના શરણે લેવા રૂપ જે મનોરથ તેને પૂર્ણ કરીને કોટાન કોટીમુક્તથી વિંટાણા સતા બ્રહ્માદિકદેવે સ્તુતિને કર્યા સતા પોતાના અક્ષરધામમાં પધારશો. ત્યારે પોતાના દ્રઢ આશ્રિતજનોને અન્તર્યામીપણે મહા ધૈર્ય આપશો. હે નાથ ! હે દીનબંધુ ! હે સુખના સાગર ! હે ઘનશ્યામ ! તમો આ મેં પૂર્વે કહ્યાં એવાં સમગ્ર કાર્ય કરશો તેને હું જોઈશ. આવી રીતે નારદજી પુરુષોત્તમનારાયણ નરનાટ્યધારણ કરીને જે જે કાર્યો કરશે, તે સર્વે યથામતિ શ્રીહરિની સમક્ષ સખાઓના સાંભળતાં સરયૂગંગાના તટ ઉપર કહી બતાવતા હતા.

ત્યારે શ્રીહરિ બોલ્યા જે, હે નારદ મુનિ ! તમોએ કહ્યાં જે સમગ્ર અમારાં ચરિત્ર તેનું ગાન કરતા થકા ત્રિલોકમાં ફરતા રહેજો અને મુમુક્ષુ જનને વાત કરીને બોધ આપીને સત્સંગમાં મોકલજો. આવી રીતનો વર પામીને ત્યાં થકી નારદમુનિ શ્રીહરિને પગે લાગીને રજા માગીને પોતાના સ્થાનકે ગયા. ત્યાર પછી પોતાના સખા એમ બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો તો સાક્ષાત્ ક્ષરઅક્ષરથી પર જે પુરુષોત્તમ ભગવાન તે છો. એમ અમારા સર્વેના મનમાં નારદજીના વચન સાંભળીને નિશ્ચય

થયો છે. માટે હે ભગવન્ ! અમારી ઉપર દયા કરીને તમારી સમીપમાં રાખજો. એ વર તમારી પાસે અમો માગીએ છીએ. ત્યારે પ્રસન્ન થઈને બોલ્યા જે, હે મિત્રો ! તમો તો મહા મોટા ભાગ્યશાળી છો. નહિં તો મારો યોગ મળવો મહા મુશ્કેલ છે. તે અહીં પણ ભેળા છો અને અંતકાળે પણ તેડી જઈને મારી પાસે રાખીશ. એમ કરીને પોતે સર્વે સખાથી વીંટાણા થકા ત્યાંથી ચાલ્યા તે પોતાના ઘરે આવતા હતા. ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, હે ઘનશ્યામ ! આટલો વિલંબ કેમ કર્યો ? ત્યારે તે સર્વે સખાઓ તે વૃતાંતની વાર્તા ધર્મભક્તિ આદિક રામપ્રતાપભાઈ સહિત સુવાસિનીબાઈને કહી. તે સાંભળીને અતિ આનંદ પામતાં સતાં રૂડી રીતે રસોઈ કરીને સર્વે સખાએ સહિત શ્રીહરિને જમાડતાં હતાં. તેજ દિવસે ભક્તિમાતાના શરીરે થોડોક જ્વર આવ્યો. ત્યારે પોતાનાં માતૃશ્રી પાસે બેસીને જ્વરની પીડાના ખબર પૂછતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે નારાયણ સરોવરે સ્નાન કરવા ગયા ત્યારે પૃથ્વી ઉપર અંગુઠો દબાવ્યો એટલે પાતળ ગંગા આવ્યાં. તથા નારદમુનિએ ભવિષ્ય ભાખ્યું . એ નામે સીંતેરમો અધ્યાય પૂરો થયો. ॥૭૦॥

## અધ્યાય : ૭૧ – ભક્તિમાતાનો દેહત્યાગ.

વળી એક સમયે અયોધ્યાપુરીમાં રહેતાં થકાં ભક્તિમાતા તાવ થકી પોતાના શરીરમાં પીડા થતી જોઈને પોતાના ત્રણે પુત્રને બેસારીને બોલ્યાં જે, હે પુત્રો ! હવે મારા શરીરમાં દિવસે દિવસે પીડા વધતી જણાય છે. તો હવે શું કરવું ? સગાં સંબંધી સર્વે છપૈયાપુર રહ્યાં. અને અહીં આપણું કોઈ સગું વહાલું નથી. એમ કહેતાં થકાં પોતે દિલગીર થઈ ગયાં, તે જોઈને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે મોટાભાઈ! આપણાં દીદીમાને મંદવાડથી ઘણી હરકત પડે છે. અને આપણા પિતા

ધર્મદેવને પણ શરીરમાં અવસ્થાને યોગે કરીને સુખ રહેતું નથી. માટે હવે તો આપણાં માતાપિતાને લઈને આપણાં સગાં- સંબંધીને મળીને છપૈયાપુરમાં જઈને રહીએ તો સારું. અમારો તો એવો વિચાર છે. તમારી શી મરજી છે ? ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા જે, હે ઘનશ્યામ-ભાઈ ! તમોએ એ વાત બરાબર કહી. કારણ કે, આપણું આ અવધપુરીમાં કોઈ સગું નથી. માટે આપણે અહીંથી જરૂર ત્યાં જવું. એમ કહીને પોતાનાં માતપિતાને મેનામાં બેસારીને અયોધ્યાપુરીથી નીકળીને પાછા છપૈયાપુરમાં આવતાં હતાં. ત્યારે પોતાનાં સગાં-સંબંધી તે પણ સર્વે મળવા આવ્યાં. તે સમયે માર્ગના શ્રમથી ભક્તિમાતાના દેહને વિષે તાવ વધારે જણાતો હતો. તેને બે ચાર દિવસ વિતી ગયા પરંતુ તાવ તો વધારે ચડતો ગયો. તે વાતની એકબીજાને કહેવે કરીને આખા ગામમાં ખબર પડી. ત્યારે કેટલાંકજન મળીને ભક્તિમાતાની પાસે આવીને બેસતાં હતાં. તે સમયે તાવના સમાચાર જાણીને ગામ બરૂએથી ચંદનમાસી પોતાના પુત્રને સાથે લઈને ભક્તિમાતાની ખબર જોવા આવ્યાં તથા ગામ લછમનપુરથી વસંતાબાઈ પણ સુત માણેકધરને સાથે લઈને આવ્યાં. તે સર્વે તથા વસરામ તરવાડી, મોતી તરવાડી તથા તરગામથી પોતાના વેવાઈ બળદેવપ્રસાદજી, સુત લક્ષ્મીપ્રસાદ તથા જનકરામ તથા ઘેલા તરવાડી તે પણ ખબર સાંભળીને આવતાં હતાં. ત્યારે ભક્તિમાતા સર્વે સગાં સંબંધિઓને સાંભળતે બોલ્યાં જે, હે ઘનશ્યામભાઈ ! મને એમ જણાય છે જે, મારે દેહ રહે તેવો નિરધાર નથી. તેથી તમો મોટાભાઈ તથા સુવાસિનીબાઈની આજ્ઞામાં રહેજો. અને આ સુવાસિનીબાઈને અમારા ઠેકાણે માનજો અને તે બન્નેની આજ્ઞાનું પાલન કરજો. અને હે રામપ્રતાપ ! હે સુવાસિનીબાઈ ! તમો પણ આ ઘનશ્યામને અને ઈચ્છારામને પુત્રની માફક પાળજો. પરંતુ કોઈ પ્રકારે દુઃખ પડવા દેશો નહીં. ત્યારે સર્વેએ કહ્યું જે, હે માતા ! જેમ

તમો કહો તેમ અમો કરીશું, તમો કંઇ ચિંતા રાખશો નહિ. પછી ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દીદી ! તમો હવે સર્વ પદાર્થમાંથી નિવૃતિ પામીને, અમારા સ્વરૂપનું ચિંતન કરીને અમારાં બાળચરિત્રને સંભાળો. તેથી તમોને થતી પીડા નિવૃત થઇ જશે. ત્યારે બોલ્યાં જે, હે ઘનશ્યામભાઇ ! તમોને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન જાણું છું. અને તમારી બાળલીલાનું અંતરમાં ચિંતવન કર્યા કરું છું. પરંતુ હે બાપ ! તમારી મુખની વાણીરૂપ અમૃતનું આ અવસાન સમયે પાન કરાવો તો ઘણું સારું. ત્યારે પોતાનાં માતૃશ્રીને  શ્રીહરિ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા પોતાનાં સ્વરૂપનું જ્ઞાન તથા એકાન્તિક ધર્મને જુદે જુદે રૂપે પાંચ અધ્યાયે કરીને હરિગીતા સંભળાવતા હતા. અને પોતાના સ્વરૂપનું દ્રઢ જ્ઞાન કરાવતા હતા. પછી વૃતિ કેન્દ્રિત કરીને ઘનશ્યામ મહારાજનું ધ્યાન કર્યું. ત્યારે પોતાના પુત્રરૂપ જે શ્રીહરિ તેમને કોટાનકોટી મુક્તોથી સેવ્યા થકા દિવ્ય એવું જે  અક્ષરધામ તેને વિષે પોતે જોતાં હતાં. અને મહા આનંદ વડે પોતાના પુત્રને મળવા ગયાં ત્યારે તુરત પાછા પોતાની સેવામાં બેઠેલા છે. એમ તે ઘનશ્યામરૂપે દીઠા. ત્યારે અક્ષરાધિપતિ પુરુષોત્તમ જાણીને પોતે સ્તુતિ કરવા લાગ્યાં. પછી એક વૃત્તિએ પોતે ભગવાન સામું જોઇ રહ્યાં. ત્યારે તે ભગવાનની ઇચ્છાથી પોતે પોતાના આત્મા રૂપે થતાં હતાં. ત્યાં તો શરીર શીતળ થઇ ગયું. તે જોઇને પોતાના પુત્ર રામપ્રતાપભાઇ વિગેરે તથા વશરામ તરવાડી, મોતી તરવાડી આદિક પોતાનાં સંબંધી સર્વે મળીને ગંગાજળ વડે સ્નાન કરાવીને પૃથ્વી ઉપર શુદ્ધ સ્થળ કરાવીને પોતે તે ઉપર સુવાડતા હતા. પછી શ્રીહરિમાં વૃત્તિ જોઇને ભગવાનની ઇચ્છા થકી ભક્તિમાતા પોતાના દેહનો ત્યાગ કરતાં હતાં. અને મહા અલૌકિક દિવ્ય દેહ પોતાને પ્રાપ્ત થયો. તે દેહે કરીને પોતાના પુત્ર ઘનશ્યામ મહારાજ સમીપે હંમેશાં રહેતાં હતાં. અને તે દુર્વાસાના શાપ થકી મૂકાવ્યાં. ત્યારે પાસે બેઠેલા જે સર્વે સંબંધિજન તે

પ્રત્યક્ષ શ્રીહરિનું ભજન-સ્મરણ વિશેષ કરતાં હતાં. ત્યારે ભક્તિમાતાએ દેહત્યાગ કર્યો એમ જાણીને મોટાભાઈ વિગેરે સર્વે સંબંધિજન રુદન કરવા લાગ્યાં. એટલે તેમને શ્રીહરિ ધીરજ આપીને મોટાભાઈની પાસે બ્રાહ્મણને બોલાવીને વિધિવત્ આ નારાયણ સરોવરમાં સામા કાંઠે બગીચામાં લઈ જઈને દેહાદિક ક્રિયા કરાવતા હતા. ત્યાર પછી શોકથી સર્વે સંબંધિજન ધૈર્ય રહિત થકા નારાયણ સરોવરમાં સ્નાન કરીને ઘરે આવતાં હતાં. પછી બીજે દિવસે સ્વજનને તેડાવવા સારૂં પત્રીઓ લખાવતા હતા. ત્યારે તે આવેલાં સર્વે જનને ધીરજ આપતા થકા ઘનશ્યામ મહારાજ શ્રાદ્ધાદિક સર્વે ક્રિયા પોતાના મોટાભાઈની પાસે કરાવીને પોતાના સંબંધિને જમાડતા હતા. પછી સર્વે કાર્ય સંપૂર્ણ થઈ રહ્યા પછી સર્વે સંબંધિને મળીને તેરમાના દિવસે મોટાભાઈને પાઘડી બંધાવતાં હતાં. તે પાઘડી બંધાવીને રજા લઈને પોતે પોતાના ઘરે સર્વે જતાં હતાં. એવી રીતે ભક્તિમાતાએ દેહત્યાગ કર્યો ત્યારથી આરંભીને, ધર્મદેવ પોતે સાંખ્યમતનો આશ્રય કરીને સંસારથી ઉદાસ થઈને ઘનશ્યામ મહારાજને વિષે પોતાની વૃત્તિને જોડતા હતા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે છપૈયાપુરમાં ભક્તિમાતાએ દેહોત્સર્ગ કર્યો. એ નામે ઇકોતેરમો અધ્યાય પૂરો થયો. ।।૭૧।।

## અધ્યાય ૭૨

## ધર્મપિતાનો દેહત્યાગ અને ફરીથી અયોધ્યા આવ્યા.

હે ભાઈ ! ત્યાર પછી વળી ભક્તિમાતાનો દેહત્યાગ કર્યા પછી કેટલાક દિવસ વિતી ગયા બાદ, ધર્મદેવને પાછો વૃદ્ધાવસ્થાને કારણે થોડોક જ્વર પણ વધારે માલૂમ પડતો હતો. પોતે સાંખ્યયોગને ગ્રહણ કર્યો છે, અને શરીર પણ ઘણું વૃદ્ધ થયેલું, તેથી ધર્મદેવ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા જે, હવે મારો દેહ પણ થોડા દિવસમાં જરૂર પડી

જશે. માટે હરિરૂપ મારા પુત્રને કહું. પછી સંબંધિ સર્વેને બોલાવીને મારા રામપ્રતાપજીને સોંપણી કરું. કારણ કે ઘનશ્યામ તો ઘણાક ઉદાસી છે. માટે મારે એ કામ તો અવશ્ય કરવું. એમ ધારીને પોતાના પલંગની પાસે ત્રણે પુત્રને બોલાવીને તથા વશરામ તરવાડી, સુવાસિનીબાઇ વિગેરે સર્વે સંબંધિને બોલાવીને ધર્મદેવ બોલ્યા જે, હે રામપ્રતાપ ! આ ઘરનો ભાર સમગ્ર હવેથી તમારા માથે છે. અને આ તમારાથી નાના જે તમારા ભાઈ તથા મારા પુત્ર રૂપે રહ્યા એવા જે આ ઘનશ્યામભાઈ, તેમને તમો કોઈ દિવસ તમારા સમીપમાંથી વેગળા કરશો નહિં તથા કંઈ પણ કટુ વચન કહીને ઉદાસ કરશો નહીં અને તે તમારી પાસે કંઈ પણ ભાગલાગ માગશે નહીં. કેમ જે, એમની વૃત્તિ ઘરમાં નથી. તેથી હમેંશાં સાથે રાખજો. અને તેમને હરિકૃષ્ણ રૂપે પ્રગટ પુરુષોત્તમ જાણીને તમો બે ભાઈ ઉપાસના કરજો. અને એમની સાથે દ્રઢ સ્નેહ બાંધીને તેમના વચનમાં રહેજો.આ અમારૂં કહેલું વચન તમો બે ભાઈ પાળીને એમને વિષે એક વૃત્તિથી પ્રભુપણાનો નિશ્ચય કરશો તો તમારૂં કોટી કલ્યાણ થશે. આવી રીતનું વચન સાંભળીને બે ભાઈ સહિત સુવાસિની-બાઈ પોતાના પુત્ર નંદરામજી વિગેરે સર્વે સંબંધિજન બોલ્યા જે, હે ધર્મદાદા ! તમો કહો છો તેવી રીતે આ ઘનશ્યામભાઈને વિષે નિષ્ઠા રાખીને જેમ તે આજ્ઞા કરશે તેમ અમો સર્વે વરતીશું. એમ કહેતા સતા બે ભાઈ ઘનશ્યામ મહારાજને પોતાના ઈષ્ટદેવ શ્રીપુરુષોત્તમ સમજીને પગે લાગતા હતા. આવી રીતે રામપ્રતાપભાઈ આદિક સર્વે સંબંધિને શિખામણ આપીને પોતાના પુત્રરૂપ ઘનશ્યામ મહારાજને શિક્ષાનાં વચન ધર્મદેવ કહેતા હતા. જે, હે ઘનશ્યામ ! તમો પણ તમારા બે ભાઈ તથા ભોજાઈને સારી શિખામણ આપીને સ્વધર્મ માર્ગે પ્રવર્તાવજો. અને તેમને પોતાના મોટાભાઈ સમજીને એમનું ગૌરવ રાખજો. અને એ બે ભાઈનો તમો ત્યાગ કરશો નહિં. અને જો કદાપિ ઉદાસ થાઓ તો રામાનંદ

સ્વામી પાસે જજો. આવી રીતનાં પોતાના પિતાનાં વચન સાંભળીને રામાનંદ સ્વામીનું ઠામ ઠેકાણા સહિત પોતાના અંતઃકરણમાં ઘેડ બેસાડતા હતા. એવી રીતે પોતાના પિતાનાં વચન માનીને પોતે બોલ્યા જે, હે દાદા ! જેમ તમોએ કહ્યું છે તેમ અમો વરતીશું. ત્યારે પ્રસન્ન મન વડે ફરીથી સર્વે સંબંધિના સાંભળતાં ધર્મદેવ બોલ્યા જે, હે હરે ! હે ઘનશ્યામ ! હું સર્વે પદાર્થમાંથી ઉદાસ થઈને તમારા ચરણાવિંદમાં મારા મનને રાખું છું. પરંતુ એક વખત ભાગવત સાંભળવાની ઈચ્છા મારા મનમાં રહે છે. તે તમો સંભળાવો તો ઘણું સારૂં. એવું સાંભળીને ઉતાવળા થકા પોતે રામહરિ પંડિતને બોલાવીને પોતાના ઘરના આંગણામાં મંડપ બંધાવીને તે બ્રાહ્મણ પાસે ભાગવતની સપ્તાહ કરાવવાનો આરંભ કરાવતા હતા. ત્યારે સર્વે પદાર્થમાંથી વૃત્તિ તોડીને ધર્મદેવ પોતે એક ચિત્તવાળા થઈને ભાગવત કથાનું શ્રવણ કરતા હતા. તે વખતે બ્રાહ્મણ વાંચે છે તેમાં ચોવિસ અવતારનું વર્ણન આવતું હતું. ત્યારે ધર્મદેવને એમ થયું જે, એ ચોવિસ અવતાર કેવા હશે ? આવો પોતાનો સંકલ્પ જાણીને શ્રીહરિની ઈચ્છા થકી રામકૃષ્ણાદિક અવતાર પ્રગટ પ્રમાણ આવીને મૂર્તિમાન ધર્મદેવ પાસે ઉભા રહ્યા. ત્યારે તેમને જોઈને પોતાના બે હાથ જોડીને ધર્મદેવ પોતે પગે લાગતા હતા. પછી તે આવેલા ચોવિસ અવતાર તે અદ્રશ્ય થયા થકા ઘનશ્યામ મહારાજને વિષે લીન થઈ ગયા. ત્યારે તો આવો પ્રગટ પ્રતાપ જોઈને ધર્મદેવ આદિક સર્વેજન બ્રાહ્મણો સહિત શ્રીઘનશ્યામ મહારાજને સર્વે અવતારના અવતારી અક્ષરાધિપતિ પૂર્ણપુરુષોત્તમ જાણીને ધર્મદેવ સહિત પગે લાગતા હતા. અને અતિશય ઉત્સાહથી ધર્મદેવ પોતે તેમની સ્તુતિ કરતા હતા. પછી તે બ્રાહ્મણને મિષ્ટ અન્ન કરીને તૃપ્ત કરતા સતા છ દિવસ ગયા અને સાતમે દિવસે સવારના પહોરમાં તે બ્રાહ્મણ કથા કરવા લાગ્યો. તે વખતે ધર્મદેવ દાદાને શરીરમાં ઘણો તાવ આવવાથી પોતે પથારીમાં સૂતા સૂતા

કથા સાંભળતા હતા.પછી જ્યારે કથાની સમાપ્તી થઈ રહી ત્યારે, ભાગવતની આરતી ઉતારીને બ્રાહ્મણને દક્ષિણા આપીને તેને ઘેર સૌ મળીને વળાવતા હતા. પછી સર્વે સંબંધિ જમી આવ્યા. અને ધર્મદેવની પાસે ચારે બાજુ વીંટાઈને બેઠા. અને ભગવાનનું ભજન-સ્મરણ કરવા લાગ્યા. અને ઘનશ્યામ મહારાજ પોતાના પિતાની પાસે બેસીને કૃષ્ણ કથાનો ઈતિહાસ કહેવા લાગ્યા. ત્યારે એક ચિત્તે પોતાના પુત્ર રૂપ હરિને જોઈ રહ્યા. ત્યારે શ્રીહરિની કૃપાથી જેમના મનની વૃત્તિ શાંત થઈ છે એવા ધર્મદેવ, તત્કાળ પોતાના શરીરમાંથી વૃત્તિ તોડીને શ્રીહરિના સ્વરૂપમાં રાખતા હતા. તેથી શરીર શીતળ થઈ ગયું. તે જોઈને રામપ્રતાપભાઈ આદિક સંબંધિજન ગંગાજળે કરીને સ્નાન કરાવીને ગાયના છાણ વડે પૃથ્વી લીપાવીને તે ઉપર સુવાડતા હતા. ત્યારે ધર્મદેવ પોતાના દેહનો ત્યાગ કરીને પોતાના પુત્ર શ્રીહરિની મૂર્તિમાં તદાકાર વૃત્તિને પામતા હતા. અને પોતાનો પૂર્વે દેહ હતો તેવો દિવ્ય દેહ પામીને ઘનશ્યામ મહારાજની અંખડ સેવામાં રહેતા હતા. ત્યાર પછી પાસે બેઠેલાં સંબંધિજનો સર્વે ધર્મદેવને દેહ ત્યાગ કર્યો જાણીને ધૈર્યરહિત થઈને રૂદન કરવા લાગ્યાં. ત્યારે તેમને ઘનશ્યામ મહારાજ ધીરજ આપીને પોતાના મોટાભાઈ પાસે બ્રાહ્મણને બોલાવીને સર્વે ક્રિયા કરાવતા હતા. વિધિવત્ ક્રિયા કરાવીને સંબંધિએ સહિત નારાયણ સરોવરના સામે કિનારે અગ્નિ સંસ્કાર કરીને નારાયણ સરોવરમાં સ્નાન કરીને સર્વે પોતાના ઘેર આવતા હતા. ત્યારે તે દિવસે તો ધર્મપિતાના શોકથી કોઈ અન્ન પણ જમ્યા નહીં. પછી બીજા દિવસે પત્રીઓ લખીને પોતાના સંબંધિઓને તેડાવ્યા હતા. તે સર્વે મળીને નવમાના દિવસે રૂદન કરતાં સતાં સગાં-વહાલાં આવતાં હતાં. તેમને ધીરજ આપીને શોક નિવૃત કરતા સતા સર્વે વસ્તુ ઘી, ખાંડ વગેરે સામાન એકઠો કરીને તથા શ્રાદ્ધાદિક તેરમા સુધી નારાયણ સરોવરના કાંઠા ઉપર કરતા થકા,

તીલાંજલી આપીને સગાં સંબંધિ સર્વેને જમાડતા હતા. અને હજારો બ્રાહ્મણોને પણ જમાડતા હતા. અને તેરમાના દિવસે સર્વે સંબંધિ ભેગા થઈને રામપ્રતાપભાઈને પાઘડી બંધાવતા હતા. એવી રીતે સર્વે કાર્ય સમાપ્ત કર્યા બાદ આવેલા સંબંધિજન તથા પોતાના મામા વશરામ તરવાડી, મોતી તરવાડી વિગેરે પોતપોતાના ઘેર જતા હતા.ત્યાર પછી કેટલાક દિવસે આ છપૈયાપુરમાં રહીને ધર્મદેવનું કાર્ય કર્યું, તેના પૈસાનું નામુ ચુકતે કરીને. પોતાનાં માતાપિતાને દેન દીધું તે સ્થાનકે બે તુલસી ક્યારા કરાવીને, પોતે પોતાના બે ભાઈ સહિત પોતાનાં સંબંધિની રજા લઈને રામપ્રતાપભાઈ પાછા શ્રીઅયોધ્યાપુરીમાં આવતા હતા. તે વારે ધર્મભક્તિએ દેહ ત્યાગ કર્યો એમ જાણીને, ત્યાંના રહેનારા જે ધર્મદેવના સેવકજન તે સર્વે શોક કરતા સતા આવીને શ્રીહરિને મળતા હતા. અને વસ્ત્ર તથા આભૂષણથી ઘનશ્યામ મહારાજની પૂજા કરતા હતા. તે જોઈને દૈવી જીવ હતા તેતો મહા આનંદ પામ્યા. અને જે આસુરી જીવ હતા તેતો પોતાના મનમાં ઉદ્વેગ પામીને બળી જતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ઘનશ્યામ મહારાજે છપૈયાપુરમાં ધર્મદાદાનો દેહોત્સર્ગ ઉત્સવ કરાવ્યો અને દિવ્ય દેહે પોતાની પાસે રાખ્યા તથા છપૈયાપુરથી શ્રીઅયોધ્યાપુરીમાં આવ્યા. એ નામે બોતેરમો અધ્યાય પૂરો થયો. ।।૭૨।।

## અધ્યાય : ૭૩

## શ્રીઘનશ્યામે ઘરનો ત્યાગ કર્યો અને વનવિચરણ.

ત્યાર પછી અયોધ્યાપુરીમાં રહેતા થકા એક દિવસે શ્રીઘનશ્યામ મહારાજ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા જે, હવે મારે ઘરમાંથી નીકળીને વનમાં જવું છે. તો શી રીતે નીકળવું તેની તપાસ કરીને નિમિત્ત લાવવા માટે પોતાના સખાઓ સહિત હનુમાનગઢી, જન્મસ્થાનકે થઈને કનકભુવન મંદિરે જતા હતા અને ત્યાં દર્શન કરીને પાછા વળ્યા, તે

ઘેર આવતાં વચ્ચે આંબલીઓના બગીચામાં કેટલાક મલ્લરૂપે અસુરો સામા આવીને ઘેરી લેતા હતા.ત્યારે તે મલ્લ અખાડામાં ઉભા રહીને સર્વે મલ્લો સાથે કુસ્તી કરવા લાગ્યા. ત્યારે સર્વે મલ્લને મહાવજ્ર જેવા કરડા દેખાયા તેવા સતા, સત્યાવીસ મલ્લના અહંકાર ઉતારીને છિન્નભિન્ન કરતા સતા એકદમ ત્યાં થકી ઉતાવળા પોતાના ઘેર આવતા રહ્યા. ત્યારે તે મલ્લનાં સગાં વહાલાં માબાપ ભેગાં થઈને રામપ્રતાપભાઈને કહેવા આવ્યાં જે, તમારા ઘનશ્યામે અમારા દીકરાઓને વગર વાંકે માર્યા. એમ આવીને ઠપકો દેવા લાગ્યાં. તેને ઘનશ્યામ મહારાજે પોતે સાંભળતે સતે વિચાર કર્યો જે, હવે આ ઠીક થયું. આમાંથી આપણે ઘરમાંથી નીકળવાનો માર્ગ મળશે. એમ સંકલ્પ કરતા રામપ્રતાપભાઇ શ્રીહરિના સામું જોઇને પોતે વિચાર કરવા લાગ્યા. જે આપણાં માતપિતા તો દેહ મૂકી ગયાં અને હવે આવા ઠપકા ઘનશ્યામ લાવશે તો આપણી લોકમાં ઈજ્જત જશે. એમ મોટાભાઈના મનનો સંકલ્પ અંતર્યામીપણે જાણીને ઘનશ્યામ મહારાજ મર્મ કરીને બોલ્યા જે, હે મોટાભાઈ! હવેથી કોઇ દિવસ મારા તરફથી ઠપકો નહીં આવે. એમ કહીને પોતાનાં ભોજાઇ સુવાસિનીબાઈએ અતિ હેતથી બોલાવ્યા થકા મોટાભાઈએ સહિત જમવા બેસતા હતા. પરંતુ પોતાના મનનો ઘાટ કોઈને જણાવવા દીધો નહિ, એવા થકા ઘરમાં રહ્યા છે. પછી જ્યારે રાત્રિ થઈ ત્યારે પોતાને સાથે લેવાનો જે સામાન તેને તૈયાર કરી રાખીને, બીજે દિવસે સવારના પહોરમાં સરયૂગંગામાં સ્નાન કરવાના નિમિત્તે પોતાના ઘરનો ત્યાગ કરીને કોઈને કહ્યા વિના ચાલી નીકળ્યા. ત્યારે પોતાની પાસે શી શી વસ્તુ છે, તો બાળમુકુંદનો બટવો તે કંઠમાં ધારણ કરી રહ્યા છે. તથા ડાબા ખભાને વિષે આઠ સત્શાસ્ત્રનો ગુટકો ધારણ કર્યો છે જેમણે એવા, અને જલગરણા સહિત કમંડલુ ધારણ કર્યું છે. જેમણે એવા થકા, હાથમાં તુલસીની માળા ધારણ કરી

છે જેમણે એવા, તથા મુંજની કટીમેખલા તથા કૌપીન પહેરીને ઉપર આચ્છાદન વસ્ત્ર ધારણ કર્યું છે જેમણે એવા થકા, બ્રહ્મચારીના વેષે છાનામાના ઉત્તર દિશામાં સરયૂગંગાના રામઘાટ ઉપર જઈને, ત્યાં સામા કિનારે જવા સારું વહાણની રાહ જોઈને કાંઠા ઉપર બેઠા અને ઘડીએ ઘડીએ પાછળ જોતા હતા. જે રખેને ભાઈ આવે તો પાછા લઈ જાય. એવી રીતે ભય પામતા સતા સરયૂગંગા ઉપર બેઠા છે. તેટલામાં તો એક કૌશીદત્ત નામનો અસુર પોતાના સખા કાલીદત્તના વૈરને સંભારતો અને મહા રીસનો ભર્યો આવતો હતો અને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને પકડીને સરયૂગંગાના પાણીમાં નાખી દીધા.તેમને દૂર સુધી તણાતા જોઈને પોતાના મનમાં બહુ હર્ષ પામતો સતો તે આવીને પોતાની જાતના કેટલાક અસુરોને વાર્તા કરતો હતો જે, હે ભાઈઓ ! આપણા શત્રુને તો હું સરયૂગંગામાં નાખી દઈને આવ્યો છું, તે હવે તેની મેળે મરી જશે. તેવું સાંભળીને સર્વે અસુર બોલ્યા જે, હે ભાઈ ! એ આપણો શત્રુ મરે તેવો નથી. એતો સાક્ષાત્ વિષ્ણુ છે અને બહુ કળાવાળો છે. માટે તે થોડેક દૂર જઈને બહાર નીકળશે. માટે આપણે સર્વે ચાલો એ જ્યાં નીકળે ત્યાં એકલો હશે. ત્યાંથી મારીને પાછા આવીશું. એવા સંકલ્પ કરીને હથિયાર બાંધીને સરયૂના કિનારે કિનારે જતા હતા. ત્યારે તો બાર ગાઉ ઉપર પાણીમાંથી નીકળીને એક મોટા પીપળાના વૃક્ષ નીચે બેઠેલા જોઈને કહેવા લાગ્યા જે, જુઓ ભાઈઓ ! આપણને મારનાર તો જીવતો બેઠો છે. હવે તે લાગમાં આવ્યો છે. એમ કહેતા સતા સર્વે અસુરો નજીક પહોંચ્યા એટલે તેમનો મલીન આશય જાણીને છેટેથી જ કરડી નજરથી તેમના સામું શ્રીનીલકંઠ બ્રહ્મચારી જોતા હતા કે તત્કાળ તે સર્વે અસુરો હરિ ઈચ્છાથી માંહોમાંહી વૈર કરીને પરસ્પર લડી મર્યા. હે રામશરણજી! ઘેર શી બીના બની ? તો ઘનશ્યામ મહારાજને પોતાના બાળમિત્રો ભેગા થઈને શોધતા સતા

રામપ્રતાપભાઈના ઘેર આવીને પૂછવા લાગ્યા જે, હે ભાઈ ! ઘનશ્યામ ક્યાં ગયા છે ? અમોને તો જડતા નથી. એવું સાંભળીને રામપ્રતાપભાઈ તથા સુવાસિનીબાઈ વિગેરે સર્વેના અંતઃકરણમાં ત્રાસ થયો, અને શોકથી રૂદન કરવા લાગ્યા જે, હવે ઘનશ્યામ ક્યાં હશે ? જમ્યા વિના સવારના ગયેલા છે, પણ હજી સુધી આવ્યા નથી. એમ જાણીને અયોધ્યા શહેરમાં ઘનશ્યામ મહારાજને ખોળવા માટે મોટાભાઈ નીકળ્યા. તે જે જે સ્થળે રમવા જતા હતા તથા જે જે ઘાટે સ્નાન કરવા જતા હતા તથા જ્યાં જ્યાં દેવદર્શને જતા હતા, જેની સાથે બેસતા હતા એવા સત્પુરુષની જગ્યાઓમાં સર્વે ઠેકાણે રામપ્રતાપભાઈ ખોળીને કયાંઇ ન મળ્યા એટલે પાછા નિરાશ થઈને ઘેર આવ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજ મળ્યા નહીં એમ જાણીને સુવાસિનીબાઈ તો તત્કાળ પૃથ્વી ઉપર ઢળી પડયાં અને ત્રાસ પામતાં થકાં બોલ્યાં જે, ઓય ઘનશ્યામ ! હે નીલકંઠ ! હે મારા વીરા ! એવી રીતે વિરહના ઘણા શબ્દ ઉચ્ચારણ કરતાં સતાં મહારૂદન કરવા લાગ્યાં અને ઘરમાં પગે પહેરવાની મોજડીઓ તથા દાગીના વિગેરે તથા ટોપી, સુરવાલ અને ઝુલડીને જોઈને મહા શોક અને ત્રાસ પામતાં સતાં બોલ્યાં જે, હે બાપ ! હે ઘનશ્યામભાઈ ! તમો એકલા કયાં ગયા છો ? અમારા ઉપર દયા લાવીને પાછા ઘેર આવો અને તમો જયાં ગયા હશો ત્યાં તમોને કોણ રમાડશે ? કોણ જમાડશે ? હે મારા વીરા ! તમો ઘેર આવો. આવી રીતે બોલીને રોતાં થકાં આખા શહેરમાં ફરી ફરીને કેટલાક જોગી જતી વિગેરે સંતને પુછી વળ્યાં. પરંતુ કોઈ જગ્યાએ મળ્યા નહીં. ત્યારે મનમાં બહુ ખેદ પામતાં થકાં બન્ને જણ પાછાં ઘેર આવતાં હતાં.હે રામશરણજી ! આવી રીતે અમારાં માતપિતા, ભાઈ આદિક સર્વે શોધ કરતાં પાછાં ઘેર આવ્યાં. પરંતુ શ્રીનીલકંઠ બ્રહ્મચારી તો જઈને પીપળાના વૃક્ષ તળે બેઠા છે. અને વૈરાગ્યથી પોતાના સંબંધિનો તથા ઘરનો ત્યાગ કરીને નીકળ્યા છે,

માટે પોતાના ભાઈનો તથા ભોજાઈનો વિયોગ સાંભળ્યા સિવાય શ્રીનીલકંઠ બ્રહ્મચારી ત્યાં થકી ઉઠીને આગળ ઉત્તર દિશા તરફ ચાલ્યા. તે ચાલતાં ચાલતાં કેટલાક દિવસે ગામ ગોરખપુરમાં શિવપ્રસાદ સંજયના ખેતરમાં આંબલીના વૃક્ષ નીચે જઈને ચોતરા ઉપર પોતે મૃગચર્મ આદિક સર્વે વસ્તુ મૂકીને કુવા ઉપર સ્નાન કરવા લાગ્યા. ત્યારે તે સંજય નીલકંઠ બ્રહ્મચારીને સ્નાન કરતા જોઈને પોતાના મનમાં કેટલાક તર્કવિતર્ક કરવા લાગ્યા અને આવીને નમસ્કાર કરીને પૂછ્યું, ત્યારે શ્રીનીલકંઠ બ્રહ્મચારી બોલ્યા જે, અમો તો સરવરીયા બ્રાહ્મણ છીએ અને અમારું નામ નીલકંઠ છે. એમ કહેતા સતા આંબલી તળે આવીને મૃગચર્મ ઉપર આસન કરીને બેઠા અને બાલમુકુંદને સ્નાન કરાવવા લાગ્યા. તે સમયે તે શીવપ્રસાદ નામે સંજયે પોતાની સ્ત્રીને ઘેર જઈને કહ્યું જે, એક મહા રૂપવાન બ્રાહ્મણનો પુત્ર કોઈક અલૌકિક રૂપે આપણા ખેતરમાં આવ્યો છે. એવું સાંભળીને તે બાઈ તત્કાળ પોતાના પતિની સાથે ખેતરમાં આવી. તે જોઈને વિચાર કરીને શ્રી નીલકંઠ બ્રહ્મચારીને નમસ્કાર કરીને પાસે આવીને બન્ને સ્ત્રી પુરુષ બેઠાં અને કહ્યું જે, હે બ્રહ્મચારી ! તમો બહુ કરુણા કરીને અમારા ખેતરમાં પધાર્યા છો. માટે દયા કરીને અમારા ઘેર પધારો અને રૂડી રીતે ભોજન કરીને જમો. ત્યારે બોલ્યા જે, અમો તો કોઈના ઘેર જમતા નથી. એવું સાંભળીને ત્યાં ઘઉંનો લોટ એક શેર લાવી આપ્યો. ત્યારે પોતાના હાથે બાટીઓ કરીને ઠાકોરજીને નૈવેદ્ય ધરીને પોતે જમતા હતા.પછી તે બન્ને સ્ત્રીપુરુષના મનમાં ગુઢ અભિપ્રાય જે પોતાની દીકરીને પરણાવીને પોતાને ઘેર રાખવા. તે વાત અન્તર્યામી-પણે જાણીને કહ્યું જે, હે શીવપ્રસાદ ! તમારો ગુઢ સંકલ્પ આ બાલમુકુંદને પુછો. ત્યારે કહ્યું જે, એ તે બોલે ? તેવું સાંભળીને બાળાજોગીએ કહ્યું જે, અમારી સાચી સેવા હશે તો તે બોલશે. નહીં તો હું તેમનો ત્યાગ કરી દઉં. ત્યારે સંજય

બાલમુકુંદને પૂછવા લાગ્યો, ત્યાં પોતાની ઈચ્છાથી બાલમુકુંદ બોલ્યા જે, તમારા મનનો જમાડવાનો સંકલ્પ તમોએ પૂરો કર્યો અને બીજો જે સંકલ્પ છે તેની આ યોગી સ્વરૂપે શ્રીનીલકંઠ બ્રહ્મચારીને વાત કરશો જ નહીં. એવો બાલમુકુંદનો શબ્દ સાંભળીને તે બન્ને મહા વિસ્મય પામતાં થકાં પગે લાગતાં હતાં. અને આશ્રિત થઈને પ્રગટ પ્રમાણ ભજન કરવા લાગ્યાં. પછી નીલકંઠબ્રહ્મચારી તેની સેવા અંગીકાર કરીને પ્રસન્ન થયા થકા તેના ઘરનો નિત્યનો ઘણોક વરો જાણીને પોતે આશીર્વાદ આપતા હતા જે, તમારૂં ખર્ચ ભગવાન પુરું પાડશે. તમો કંઈ ચિંતા કરશો નહીં. પછી વરસાદ તો મોડો થયો, તો પણ શ્રીનીલકંઠ બ્રહ્મચારીની દયાથી તેના ખેતરમાં થોડીક જમીનમાં જુવાર ઘણીક થઈ. આવી રીતનો શ્રીનીલકંઠ બ્રહ્મચારીનો વર પામીને બન્ને જણાં પોતાના ઘેર ગયાં.

પછી પોતે ત્યાં થકી ચાલ્યા તે દીઘાઘાટે ગયા. ત્યાં બોતેર નદીઓનો સંગમ થાય છે. તે જગ્યાએ ત્રણ દિવસ રહીને સ્નાન કરતા સતા વહાણ સિવાય નદીમાં ઉતરીને આગળ ચાલ્યા. તે કેટલાક દિવસે જનકપુરીમાં જતા હતા. અને ત્યાં ત્રણ દિવસ રહીને ત્યાંના રાજાની સેવા અંગીકાર કરીને કેટલાક મનુષ્યોને પોતાનો પ્રતાપ જણાવતા સતા ત્યાં થકી ચાલ્યા તે ગયાજી થઈને આગળ ચાલ્યા તે પુલહાશ્રમ જતાં વચ્ચે મહાઘોર એક જંગલ આવ્યું અને તે વનને વિશે કેટલાક વૈરાગી એક મોટા વડના વૃક્ષનીચે બેઠેલા જોઈને તેમની પાસે ગયા.અને તે વૈરાગીઓ પ્રત્યે બોલ્યા જે, હે સંતો ! તમો સર્વે કયાં જાવ છો ? ત્યારે બોલ્યા જે, અમો તો મોક્ષ માટે હિમાળામાં ગળવા સારૂં ઉત્તર દિશામાં જઈએ છીએ અને તમો આવી બાલ્યાવસ્થામાં કેમ ઘેરથી નીકળ્યા છો ? અને યોગીનું સ્વરૂપ ધારણ કરીને આવા મહા વિકટ વનમાં એકલા તેમ વિચરો છો ? અને આ વનમાં તો વાઘ, હાથી, સુરભી ગાયો, અરણાપાડા ઈત્યાદિક ઘણાંક હિંસક જનાવરો તથા ઘણાક અઘોરી પણ રહે છે. તે મનુષ્યોને મારી

નાખે છે. તેવું સાંભળીને બાલાયોગી બોલ્યા જે, હે સંતો ! અમો તો નિર્ભય છીએ અને અમને કોઈની બીક નથી. અને આત્મારૂપે છીએ. પણ તમો હિમાળામાં ગળવા જાઓ છો. પરંતુ પ્રગટ ભગવાન અને તે પ્રગટ ભગવાનના સંત મળ્યા સિવાય આ જીવનો મોક્ષ ન થાય. ત્યારે બોલ્યા જે, હે બાલાયોગી ! એ પ્રગટ ભગવાન અમોને કેમ મળે ? ત્યારે બોલ્યા જે, તમો જો સાચા ભાવથી નીકળ્યા હશો તો અહીં ને અહીં જ મળશે. ત્યારે તો હે બાલાયોગી ! તમો કહો તેમ અમો કરીએ. આવું નિર્માનિપણાનું વચન સાંભળીને શ્રીનીલકંઠ બ્રહ્મચારી બોલ્યા જે, હે સંતો ! ચાલો આપણે સર્વે ભેગા ચાલીએ. એમ કહીને ત્યાં થકી ચાલ્યા તે માર્ગમાં જતાં ઘણિક ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની વાતો કરી. તેથી તેમના મનમાં એમ થયું જે, આ કોઈક મોટા પુરુષ છે. પછી તો કૃપા કરીને ચતુર્ભુજ રામચંદ્રજી રૂપે દર્શન દીધું. તેથી તે વૈરાગીઓને એમ નિશ્ચય થયો જે, આજ સાક્ષાત ભગવાન છે. એમ ચાલતાં થકાં જ્યારે સાંજ પડી ત્યારે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તો એક મોટા વડના વૃક્ષથી દસ કદમ દૂર આસન કરીને બેઠા અને તે સર્વે વૈરાગી તો વડના વૃક્ષ ઉપર પોતાનાં કપડાંની ઝોળીઓ બાંધીને તેમાં સૂઈ ગયા. એટલે કેટલીક રાત્રી ગયા બાદ એક જનાવર બલાખારી નામનું તે વડ નીચે આવીને બેઠું. તે આખી રાત બેસી રહીને સવારે ઉઠતી વખતે લઘુશંકા કરીને તેમાં પોતાનું પૂછડું પલાળીને ઉચું ઉપાડીને છાંટવા લાગ્યું. તેના છાંટા ઝોળીએ અડવાથી એકદમ તે સર્વે વૈરાગી શ્વાસ રહિત થઈને મરણ પામ્યા. તેને નિલકંઠ બ્રહ્મચારી દિવ્ય ગતિ આપતા હતા. આવી રીતે શ્રીનીલકંઠ બ્રહ્મચારીને શરણે પામેલા જે મુમુક્ષુ જીવ તે સર્વેને પોતાનું મહા અલૌકિક રૂપે દર્શન આપીને સદ્‌ગતિને પમાડતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે શ્રી અયોધ્યાપુરીથી ઘરનો ત્યાગ કરીને વનને વિષે ચાલ્યા

તથા સંજયને વર આપ્યો તથા ઘણાક વૈરાગીઓને પ્રગટ ભગવાનપણાનો નિશ્ચય કરાવીને સદ્‌ગતિ પમાડયા. એ નામે તોતેરમો અધ્યાય પૂરો થયો. ॥૭૩॥

## અધ્યાય - ૭૪ :- નીલકંઠવર્ણી બ્રાહ્મણને ઘેર પધાર્યા હતા. વનવિચરણ લીલા.

હે ભાઈ ! ત્યાર પછી ત્યાં થકી ચાલ્યા તે બંગાળ દેશમાં મોટું એક શહેર આવ્યું. તે શહેરની સમીપે મોટી એક નદીમાં સ્નાન કરતા સતા પીપળાના વૃક્ષ નીચે ઓટા ઉપર બેઠા અને પોતાનો નિત્ય વિધિ પૂજાપાઠ કરીને હનુમાનજીએ આપેલાં ફળનું નૈવેદ્ય વિષ્ણુને ધરીને પોતે જમતા હતા. પછી એક ઘડી વિશ્રામ કરીને ચાલવાની તૈયારી કરી. તે વખતે એક બ્રાહ્મણનો છોકરો આવ્યો. તે પગે લાગીને બેઠો એટલે તેને પૂર્વનો મુમુક્ષુ જાણીને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને પોતાને વિષે ભગવાન-પણાનો નિશ્ચય કરાવ્યો. ત્યારે તેણે પ્રાર્થનાને કર્યા સતા તેના ઘેર જઈને પંદર દિવસ રહ્યા. ત્યારે તે છોકરાની માતાએ ચરણારવિંદમાં ચિહ્ન જોઈને પોતાના મનમાં એમ જાણ્યું જે, આ બાલા બ્રહ્મચારી સાક્ષાત્ ઈશ્વર છે. એમ જાણીને હેતે સહિત તે બાઈ સેવા કરતી હતી. અને પોતાના ઘેર રાખવાનો પોતાના અંતઃકરણમાં સંકલ્પ કર્યો. તે સંકલ્પને અંતર્યામીપણે જાણીને ત્યાં થકી ચાલી નીકળ્યા. ત્યારે તે બાઈએ પોતાના પુત્રને કહ્યું જે, હે પુત્ર ! એ બાલા બ્રહ્મચારીની કેડે તું જા અને પાછા આવે તો વાળી લાવજે. અને જો ન આવે તો તું પાછો ઘેર આવીશ નહીં. એવું પોતાની માતાનું દુઃખ ભરેલું વચન સાંભળીને છોકરો પણ વાંસે ચાલ્યો, તે કેટલાક ગાઉ ગયો ત્યારે તેને ભેગા થયા અને તે છોકરે બહુ રીતે સમજાવીને પાછા વળવાનું કહ્યું પણ વળ્યા નહીં. ત્યારે છોકરો પણ વાંસે ચાલ્યો. પછી તે છોકરાને સમજાવીને કહ્યું જે, હે ભાઈ ! હમણાં તું ઘરે જા અને તારી માતા અતિ વૃદ્ધ અને અપંગ છે. તેની સેવા કરજે. અને દેહ મૂકી જાય એટલે તું પશ્ચિમ દેશમાં દ્વારિકાની યાત્રા

કરવા આવજે. ત્યાં તને અમો મળીશું. એવી રીતે તેને ઘણોક સમજાવ્યો પણ માન્યું નહીં. પછી બન્ને જણ ત્યાં રાત્રિ રહ્યા. અને મોહ રૂપી નિદ્રામાં તેને સુવાડીને પોતે ચાલી નીકળતા હતા. પછી તે જાગ્યો એટલે ચારે બાજુ જોયું પણ કયાંય દીઠા નહીં. પછી તે છોકરો ઘણો ઉદાસ થઈને જગન્નાથમાં જઈને વૈરાગી થઈને રહ્યો અને થોડાંક વર્ષ ત્યાં ઠાકોરજીની સેવા કરીને પાછો ત્યાં થકી ચાલ્યો, તે ફરતો ફરતો કેટલાક વર્ષ વીત્યા બાદ ગુજરાત દેશમાં શ્રીજી મહારાજ પાસે ભુજનગરમાં આવ્યો. ત્યારે અતિ પ્રેમમગ્ન થઈને દંડવત્ પ્રણામ કરીને પગે લાગતો હતો. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, કેમ એ વાત સાંભરે છે? ત્યારે કહે હા અને બોલ્યો જે, હે મહારાજ ! તમોએ મને કહ્યું હતું તે આપણો મેળાપ થયો. માટે તમારો સેવક કરીને મને રાખો. ત્યારે પરમહંસ કરીને તેને પોતાની પાસે રાખતા હતા.

હે રામશરણજી! ત્યાર પછી ત્યાં થકી ચાલ્યા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે નશીદપુર શહેરમાં જતા હતા. અને તે શહેરની ભાગોળે એક મોટી વાવ હતી. તેના કાંઠા ઉપર બેસીને સ્નાન કરતા સતા પોતાનો નિત્યવિધિ કરવા લાગ્યા. તે સમયે તે ગામનો રાજા પોતાની સાથે કેટલાક સ્વાર લઈને વનમાં પાપ કરવા ગયેલો, તેથી બહુ થાકી ગયેલો એવો તે વાવ ઉપર આવીને બેઠો. ત્યારે મહાદુષ્ટ બુદ્ધિવાળો જાણીને પોતા થકી દૂર કરવા સારૂં શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ પ્રેર્યો સતો, ઉભો થઈને ઘોડા ઉપર બેઠો કે તત્કાળ તે ઘોડા સહિત એમ ને એમ આકાશમાર્ગે ઉંચો ચડવા લાગ્યો, એટલે થોડેક દૂર ગયો ત્યારે પવનના ઝપાટાથી કપડાં ફાટીગયાં. અને આંખમાં ધૂળ ભરાઈ ગઈ તેથી મહા ત્રાસને પામતો હતો. તે વાતની શહેરમાં ખબર પડવાથી હજારો માણસો દોડીને જોવા માટે ગામમાંથી બહાર નીકળ્યાં, ત્યારે તો રાજાના નોકર વિગેરે સગાં-સંબંધિ બહુ ખેદ પામી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યાં. એટલે તે

સમયમાં શ્રીનીલકંઠ બ્રહ્મચારી પોતે નાસિકાગ્રવૃતિ રાખીને પોતાના આસન ઉપર બેઠા હતા. તેમને જોઈને સર્વેજન વિનંતિ કરવા લાગ્યાં જે,હે બ્રહ્મચારી ! આ બિચારો રાજા ઘોડા સહિત આકાશમાં ઉંચો બહુ દુઃખ પામે છે. તેના ઉપર દયા કરીને સુખી કરો. આવું વચન સાંભળીને પોતે સંકલ્પ કર્યો કે તત્કાળ તે રાજા ઘોડા સહિત નીચે ઉતરીને પ્રેમમગ્ન થઈ, શ્રીનીલકંઠ બ્રહ્મચારી પાસે આવીને નમસ્કાર કરવા લાગ્યો. અને સર્વેના સાંભળતાં બોલ્યો જે, આ બાલાયોગીએ મારા ઉપર દયા કરીને આકાશમાં મારી રક્ષા કરીને અહીં ઉતારી લાવ્યા. તેવું સાંભળીને સર્વે મહા વિસ્મય પામી ગયાં. અને અતિ નિર્માની થઈને પગે લાગતાં હતાં. ત્યાર પછી તે રાજા શ્રીનીલકંઠ બ્રહ્મચારી પ્રત્યે બોલ્યો જે, હે બાલાયોગી ! તમો મારા દરબારમાં પધારો અને દયા કરીને ભોજન કરો. ત્યારે બોલ્યા જે, હે રાજન્ ! તેં ઘણું પાપ કર્યું છે. માટે પાપીના દરબારમાં અમો જતા નથી. એવું સાંભળીને તે સર્વે જન તથા રાજા શ્રીબાલાયોગીના કહેવા પ્રમાણે પાપ ન કરવું એવો નિયમ રાખતા હતા. ત્યારે પ્રસન્ન થયેલા બ્રહ્મચારી રાજાના દરબારમાં ગયા. ત્યારે રાજા દિલગીર થઈને એમ બોલ્યો જે, હે કૃપાનાથ ! મારા ઉપર દયા કરીને દરબારમાં ભોજન કરો. એમ કહીને ઘરમાં જઈને પોતાની રાણી પ્રત્યે બોલ્યો જે, તમો શ્રદ્ધાપૂર્વક મન, કર્મ વચને કરીને આ બાલાયોગીની સેવા કરો. અને રૂડાં ભોજન કરીને હેત સહિત જમાડો. એવું પોતાના સ્વામીનું વચન સાંભળીને રાણી રસોઈ બનાવીને બ્રહ્મચારી તથા રાજાને જમાડતાં હતાં. પછી ચળુ કરીને રાજાએ સહિત શ્રીનીલકંઠ બ્રહ્મચારી આસન ઉપર આવીને બિરાજ્યા. ત્યારે સમગ્ર રાણીઓ તથા રાજા હાથ જોડીને બોલ્યા જે, હે બાલા બ્રહ્મચારી ! તમો અમારા ઉપર કૃપા કરીને અમારી ચાર કન્યાઓ છે તે ગ્રહણ કરો, અને અમારા દરબારમાં રહેતા થકા રાજઅધિકાર ભોગવો. ત્યારે બોલ્યા જે, જેમ ભગવાનની મરજી હશે

**તેમ થશે, તમે જમી આવો. પછી રાણીઓ તથા કન્યાઓ સરવે જમવા સારૂ રસોડામાં ગયાં. ત્યાંતો દિવ્ય દેહે કરીને ભક્તિમાતા તથા ધર્મદેવ તે પોતાના પુત્રરૂપે જે બાલાજોગી તેમની ઈચ્છાથી ભોજન કરીને અદ્રશ્ય થયાં. તે મહા આશ્ચર્ય જોઈને તે રાણીઓ બાલાજોગી પાસે આવીને તે વાત કહેતાં હતાં. ત્યારે બોલ્યા જે, એતો અમારાં માતાપિતા સદાય અમારી સાથે રહે છે. તે તમારો ભાવ જોઈને જમવા માટે આવ્યાં હતાં. એમ બોલ્યા. પછી રાત્રિ પડી એટલે બાલાજોગીને આસન પાથરી આપીને તે ઉપર સુવડાવ્યા અને રાજા પોતે મહેલમાં ગયો. ત્યારે સર્વેને નિદ્રામાં લય થયેલાં જાણીને બાલાજોગીએ જાણ્યું જે, આમાંથી બન્ધન થશે. એમ જાણીને પોતાનો સામાન સર્વે લઈને ત્યાંથી ચાલી નિસર્યા. ત્યારે દરવાજે ઉભેલા પહેરેદારો સર્વે સમાધિમાં સ્થિર થઈ ગયા અને દરવાજાનાં તાળાં પણ એની મેળે ઉઘડી ગયાં. એવી રીતે નિરબંધ એવા બાલાજોગી તે ત્યાંથી તત્કાળ ચાલી નીકળ્યા. પછી સવારે રાજાને ખબર પડી, તેથી પોતાની રાણી તથા પોતે રાજા ઘણું કલ્પાંત કરતાં સતાં, હેત પૂર્વક શ્રીનીલકંઠ બ્રહ્મચારીને શોધવા લાગ્યાં અને બોલ્યાં જે, હે બાલાયોગી ! તમો અહીંથી ક્યાં ગયા ? એવી રીતે ખોળતાં ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ વિતી ગઈ. પરંતુ કયાંય પત્તો લાગ્યો નહીં. ત્યારે અતિ સ્નેહના ભર્યા રાજાએ સહિત રાણી શ્રીનીલકંઠ બ્રહ્મચારીની ઈચ્છા થકી પોતાના દેહનો ત્યાગ કરીને અક્ષરધામને પામતાં હતાં.**

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે બંગાળ દેશમાં બ્રાહ્મણનો છોકરો બાલાયોગીને પોતાના ઘેર તેડી ગયો. અને તેની માતાએ અતિ નિષ્કામ ભાવે સેવા કરી તેથી તેનો મોક્ષ કર્યો નશીદપુરના રાજાનો રાણી સહિત ચમત્કાર દેખાડીને મોક્ષ કર્યો. એ નામે ચુમોતેરમો અધ્યાય પૂરો થયો. ।।૭૪।।

## અધ્યાય - ૭૫

## પુલહાશ્રમમાં તપશ્ચર્યા, વન વિચરણમાં દિવ્ય પ્રતાપ.

એટલું કાર્ય કરીને પછી ત્યાં થકી ચાલ્યા તે કેટલાક દિવસે હિમાચલ પર્વતને પામ્યા અને તે પર્વતને વિષે ચાલતા સતા કેટલાક દિવસે પુલહાશ્રમને પામતા હતા. અને ત્યાં ગંડકી નદીમાં સ્નાન કરીને મુકતનાથનાં દર્શન કરીને જ્યાં ભરતજીએ તપ કર્યું છે તે સ્થળે, પોતે બે હાથ ઉંચા રાખીને એક પગે ઊભા રહીને તપશ્ચર્યા કરી સૂર્યનારાયણને પ્રસન્ન કરીને તે થકી વર પામીને, ત્યાંથી ચાલવાની તૈયારી કરી તે સમયે, પોતાની પાસે તુલસીપત્ર હતાં તે સર્વેને ગંડકી નદીના જળમાં પધરાવ્યાં. એટલે તત્કાળ પોતાની ઈચ્છાથી શાલીગ્રામ ભોંયમાંથી ઉપર તરી આવીને બાલાયોગીની સ્તુતિ કરવા લાગ્યા. એટલે તેમના ઉપર પ્રસન્ન થઈને બોલ્યા જે, અમારા પરમહંસોમાં તમો પૂજાશો. એવો વર આપ્યો એટલે રાજી થઈને જળમાં પ્રવેશ કરતા હતા. આવું મહા અલૌકિક આશ્ચર્ય કેટલાક જોગીઓ તપશ્ચર્યા કરતા હતા તે જોઈને, બાલાજોગીની સ્તુતિ કરીને ભગવાનપણાનો નિશ્ચય કરતા હતા.

પછી ત્યાંથી ચાલ્યા તે હિમાલય પર્વતની તળેટીમાં એક મહા ઘોર વન આવ્યું. તેને વિષે બાર માસ સુધી વિચરણ કરતા હતા. પછી શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે વનને વિષે વડના વૃક્ષ નીચે બેઠા અને ત્યાં તપશ્ચર્યા કરતા જે ગોપાળયોગી તેમને દેખતા હતા. અને તે યોગી પાસે રહી અષ્ટાંગયોગને શિખતા થકા એક વર્ષ સુધી રહ્યા અને તે યોગીને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને સિદ્ધ ગતિને પમાડતા હતા. પછી ત્યાંથી ઉત્તરમુખે ચાલ્યા એવા જે, શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે આદિ વરાહ નામના તીર્થમાં આવતા હતા. ત્યાં થકી ચાલ્યા તે સીરપુર નામના શહેરમાં આવતા હતા. તે શહેરનો રાજા સિદ્ધવલ્લભ નામે મહા ધર્મિષ્ઠ હતા. તેણે પ્રાર્થના કરી તેથી શ્રીનીલકંઠ બ્રહ્મચારી ચોમાસાના ચાર માસ પર્યંત

રહેતા હતા અને તે શહેરને વિષે કાલી અને ભૈરવના ઉપાસક અને સિદ્ધપણાના અભિમાનવાળા અસુરોના મદને હરતા હતા અને પોતાનો સેવક ગોપાળદાસ નામનો સાધુ હતો તેની અસુરના અભિચાર થકી પોતાના સામર્થ્યે કરીને રક્ષા કરતા હતા. અને તે શહેરમાં વેદશાસ્ત્રનો ભણેલો એવો તૈલંગ દેશનો કોઈક બ્રાહ્મણ હતો. તેણે રાજા થકી હસ્તી આદિકનું મહાદાન લીધું. તેથી બ્રાહ્મણ ગૌરવર્ણ હતો પણ શ્યામવર્ણ થઈ ગયો. પછી તે બ્રાહ્મણ પોતાના પાપની શાન્તિ માટે શ્રીનીલકંઠ બ્રહ્મચારીના શરણે આવ્યો. તેને પોતાના સામર્થ્યે કરીને તે પાપ થકી મૂકાવ્યો. ત્યારે કાળો મટીને પ્રથમના જેવો ગૌરવર્ણ થયો. પછી ત્યાં થકી ચાલ્યા એવા બાલાજોગી તે કામાક્ષીદેવીના સમીપે કોઈક ગામ હતું. તેને પામ્યા. અને તે ગામમાં મહાકાળીનો ઉપાસક એક બ્રાહ્મણ હતો. તે પોતાના ગામમાં જે કોઈ સાધુ, બ્રાહ્મણ, તીર્થવાસી આવે તેને અભિચાર કાર્યથી જીતીને પોતાના શિષ્ય બનાવી દે, એવો મહામંત્ર જંત્રવાળો હતો. તે બ્રાહ્મણે આવીને બાલાજોગી ઉપર પોતાનું જંત્રમંત્ર અભિચાર સંબંધિ ઘણુંક સામર્થ્ય અજમાવ્યું. પરંતુ તેનાથી પોતે કંઈ પરાભવ પામ્યા નહીં અને પોતાના સામર્થ્ય વડે તે બ્રાહ્મણનો સમગ્ર મદ ઉતારીને પોતાનો આશ્રિત કરતા હતા. પછી ત્યાં થકી ચાલ્યા તે કેટલાક દિવસે ધોળો પર્વત જે શ્વેતશિખરી તેના સમીપમાં જતા હતા અને તેની તળેટીનાં ગામ તથા ઝાડી તેને જોતા સતા તે પર્વત ઉપર ચડતા હતા. તે એમ ચડતાં ચડતાં પાંચ દિવસ સુધી ચાલ્યા, ત્યારે પ્રથમ પાણીના કુંડ આવ્યા તેમાં પોતે સ્નાન કરીને પોતાનો નિત્યવિધિ પૂજાપાઠ કરતા હતા.તે સમયે બાલાજોગીની ઈચ્છાથી કેટલાક વનના રાજા જે વાઘ તે આવીને સામા બેઠા અને પોતાની જાતિના શબ્દ કરતા થકા પોતાનાં પૂછડાં હલાવતા સતા, સામસામા રમતના ખેલ કરવા લાગ્યા. તેને જોઈને શ્રીનીલકંઠ બ્રહ્મચારી પોતે મંદમંદ હસવા લાગ્યા.

ત્યારે જ્ઞાન થયું છે જેમને એવા જે વાઘ, તે જોગી પ્રસન્ન છે એમ જાણીને જોગીની સમીપમાં આવીને પાંચ પાંચ પરિક્રમા ફરીને આગળ આળોટવા લાગ્યા. ત્યારે પોતે ઠાકોરજીને સ્નાન કરાવેલું જળ વાઘ ઉપર છાંટતા હતા. એટલામાં તો તે પર્વત ઉપરથી ઉતરીને કેટલાક વૈરાગી આવતા હતા. તેમણે આ વાઘને જોઈને ચીસો પાડીને બોલ્યા જે, અરે ભાઈઓ ! આતો આગળ રસ્તામાં વાઘ બેઠા છે. તે આપણને જરૂર મારી નાખશે. ત્યારે તેમાંથી એક વૈરાગી ધીરજ રાખીને બોલ્યો જે, હે સંતો ! તમો શા માટે ભય પામો છો? એ વાઘ આગળ બેસીને એ બાલાજોગી પૂજા કરે છે. તેણે જરૂર આ વાઘની દાઢ્યો મંતરી છે. નહીંતો એને નક્કી એ વાઘ મારી નાખત. એવું સાંભળીને બાલા બ્રહ્મચારી બોલ્યા જે, હે સંતો ! તમે સર્વે ચાલ્યા આવો. કંઈ ચિંતા કરશો નહીં. ત્યારે ધીમે ધીમે વાઘ સામી દ્રષ્ટિ કરતા આગળ આવતા હતા. તે વખતે બાલાજોગીની ઈચ્છા થકી એક વાઘ દ્રષ્ટિ કરીને તેમને જોવા લાગ્યો, ત્યાંતો ઉડી ગયા છે પ્રાણ જેમના, એવા તે વૈરાગી ચારે તરફ ભાગતા હતા. ત્યારે તેમની પાસે મૃગચર્મ, ચિપીયા, પાત્ર, દંડ, કૌપીન વિગેરે કેટલાક પદાર્થ તે સર્વે માર્ગમાં વેરાઈ ગયેલા એવા થકા છિન્નભિન્ન થઈ ગયા. તે જોઈને દયા આવી ગઈ છે જેમને એવા બાલાજોગી, તત્કાળ પોતાના હાથ લાંબા વધારીને તે સર્વે વૈરાગીને હાથે ઝાલીને ધીરજ આપીને પોતાની પાસે બેસારતા હતા. ત્યારે શાંત થયેલા તે વૈરાગી પોતે વનમાંથી લાવેલાં કંદમૂળ વિગેરે ફળ બાલાજોગીને આપીને હાથ જોડીને બોલ્યા જે, હે દયાળુ ! હે દીનબંધુ ! તમો તો સાક્ષાત્ અમારા ઈષ્ટદેવ શ્રીરામચંદ્રજી છો. અને અમારૂં કલ્યાણ કરવા માટે અહીં પધાર્યા છો. માટે કરૂણા કરીને અમોએ આપેલાં કંદમૂળ જમો. ત્યારે બાલમુકુંદને જમાડીને પોતે જમતા સતા, વધેલો પોતાનો પ્રસાદ પોતાના હસ્તે કરીને સર્વે વાઘને જમાડતા હતા. તે જોઈને સર્વે વૈરાગીઓ મહા

આશ્ચર્ય પામી ગયા. ત્યાર પછી ત્યાં થકી સર્વે ચાલ્યા. તે સમયે બાલાજોગી વૈરાગીઓ પ્રત્યે બોલ્યા જે, અમારે આ પર્વત ઉપર ચડવાનો વિચાર છે તો કયા માર્ગે થઈને ઉપર ચડવાનું છે? અને કયાં કયાં દેવસ્થાનો છે ? અને પાછું કયા માર્ગે થઈને હેઠે ઉતરવાનું છે ? એવી રીતે પૂછ્યું ત્યારે તે કોઈ બોલ્યા નહીં અને ચાલી નીકળ્યા. ત્યારે તે સર્વે બેઠેલા વાઘ બાલાજોગીની ઈચ્છાથી ઊભા થઈ આડા ફરી વળ્યા. તે જોઈને વૈરાગીઓ ત્રાસ પામીને તુરત પાછા વળીને બાલાજોગીની પાસે આવીને નિર્માની થઈ પગે લાગીને બોલ્યા જે, હે બ્રહ્મચારી ! આ સર્વે વાઘ થકી અમારી રક્ષા કરો. અમો તમોને નિશાની સહિત માર્ગ બતાવીએ. ત્યારે બાલાજોગીની ઈચ્છાથી તે વાઘ વનમાં ચાલી નીકળ્યા. ત્યારે તે વૈરાગી બોલ્યા જે, હે નીલકંઠ બ્રહ્મચારી ! તમો આ માર્ગે થઈને ચાલ્યા જાઓ. તે આગળ ચાલતાં એક મોટી નદી આવશે. તે પર્વતની શિખર ઉપરથી પાણી ઉતરીને આવે છે. તે નદીના કાંઠા ઉપર એક મહાદેવનું દેવળ છે. જો રાત્રિ રહેવું હોય તો રહેજો. પરંતુ વચ્ચે કયાંય રહેશો નહીં. કારણ કે આ પર્વતમાં ઘણાક હિંસક અઘોરી રહે છે તે ખાઈ જશે. એમ કહ્યું અને વળી બોલ્યા જે, ત્યાં ચાલશો ત્યારે ઉગમણે રસ્તે ચાલતાં નૃસિંહજી ભગવાનનું પ્રતિમાવાળું મહા જોરાવર મંદિર છે અને ત્યાં હજારો વિપ્ર તથા સંત વિગેરે રહે છે. ત્યાંથી પાછા પૂર્વમાં સામા ચાલશો ત્યારે એક મહાકાળી જે ભવાની તેનું દેવળ આવશે. ત્યાં રાત્રિ રહીને સવારે ચાલજો. એટલે ત્યાંથી ઉત્તરમાં ચાલતાં બાર ગાઉ છેટે જશો ત્યારે ત્યાં કેટલાક દેવતાનાં સ્થાનક છે અને તેમાં પ્રતિમાઓ છે. ત્યાં જઈને જ્યાં સુધી તમારી ઈચ્છા હોય ત્યાંસુધી રહીને પછી ત્યાંથી ચાલજો. એ પર્વત મધ્ય ભાગમાં છે. પછી ત્યાંથી જ્યારે ચાલશો ત્યારે ઉત્તર તરફ ચાલવાનો માર્ગ છે. ત્યાં રહીને રસ્તામાં જે દેવ મંદિરો આવે તેમાં રહેતા થકા પાછા પર્વતથી હેઠે ઉતરજો. એમ

કહીને સર્વે વૈરાગીઓ નમસ્કાર કરીને પોતાના માર્ગે ચાલ્યા ગયા. પછી શ્રીબાલાજોગી ત્યાં થકી સજ્જ થઈને આગળ ચાલ્યા તે વન તથા પર્વતની ગુફાઓની શોભા જોતા જોતા આગળ ચાલ્યા, તે ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ ગયા બાદ તે નદીએ પહોંચતા હતા. ત્યારે ચોથા દિવસે સવારના પહોરમાં નદીમાં સ્નાન કરીને ઠાકોરજીને સ્નાન કરાવીને બિરાજ્યા. ત્યારે બાલાજોગીની ઈચ્છા થકી અંજનીસુત આવીને પ્રબોલીયાં નામે વનસ્પતિની ફળીઓ લાવીને શ્રીબાલાજોગીને આપીને નમસ્કાર કરીને પાસે બેસતા હતા. ત્યારે આપેલી ફળીઓને અગ્નિમાં શેકીને વિષ્ણુને ધરાવીને પોતે જમતા હતા. પછી ત્યાં બે ઘડી વિશ્રામ કરીને પાછા આગળ ચાલવા તૈયાર થયા. ત્યારે મરૂતસુત પગે લાગીને અદ્રશ્ય થઈ ગયા. પછી ત્યાં થકી ચાલ્યા તે નદીના કાંઠા ઉપર મહાદેવજીના મંદિરમાં ઉતરવા ગયા. ત્યારે તેનો પૂજારી બોલ્યો જે, આ મંદિરમાં ઉતરવા નહીં દઉં. તમો બહાર જઈને આસન કરો. ત્યારે બોલ્યા જે, અમો તો અહીંજ રાત્રિ રહીશું, તેવું સાંભળીને તે પૂજારી ઘણી રીસ ચડાવીને મૃગચર્મ પાથરેલું હતું તેને લઈને બહાર ફગાવી દીધું. ત્યારે નિર્માની સંતના આધારરૂપ બાલાજોગી પોતે મંદિરથી બહાર જઈને બેઠા. ત્યારે તે મંદિરમાં તાળાં વાસીને પૂજારી સૂઈ ગયો. તે સમયે બાલાજોગીની ઈચ્છા થકી હનુમાનજી મહા રીસના ભર્યા હાથમાં ધોકો લઈ આવીને પૂજારીને એકદમ મારવા લાગ્યા. ત્યારે તે પૂજારી મહાદુઃખનો ભર્યો અતિશે બરાડા પાડતો સતો રૂદન કરવા લાગ્યો ત્યારે હનુમાનજી બોલ્યા. જે, હે દુષ્ટ બુદ્ધિવાળા! તેં અમારા ઈષ્ટદેવને કેમ સૂવા દીધા નહીં ? તને જરૂર આજે હું મારી નાખીશ. તેવું સાંભળીને પૂજારી બોલ્યો જે, હે મહારાજ! તમો કોણ દેવ છો? અને એ તમારા ઈષ્ટદેવ છે તે પણ કોણ છે ? ત્યારે પવનસુત બોલ્યા જે, હું હનુમાનજી છું. અને એ મારા ઈષ્ટદેવ સાક્ષાત્ શ્રીરામચંદ્રજી છે. તેવું સાંભળીને

તત્કાળ તે પૂજારી ઊઠી ઊભો થઈને દર્શન કરવા ગયો. ત્યાં તો અંતર્ધાન થઈ ગયા. તે જોઈને આશ્ચર્ય પામતો સતો દરવાજે આવ્યો, ત્યાંતો તાળું ઉઘડેલું દીઠું અને તે સિવાય પણ બીજા ત્રણ દરવાજા ઉઘાડા દીઠા. તે જોઈને વિસ્મય પામી બહાર આવીને બાલાજોગીને વિનંતિપૂર્વક પગે લાગીને બોલ્યો જે, હે કૃપાનાથ ! હું તો તમારો સેવક છું. માટે મારો અપરાધ માફ કરીને મંદિરમાં પધારો. હું આસન કરી આપું તેમાં શયન કરો અને સવારમાં હું રસોઈ કરાવું તે જમીને મારૂં કલ્યાણ કરીને જાઓ. તેવું સાંભળીને કૃપાળુ બાલાજોગી ત્યાંથી ઊઠીને મંદિરમાં ગયા. ત્યાંતો ચારે દરવાજા પ્રથમના જેવા વાસેલા હતા તેવા દીઠા. આવું મહા અદ્ભુત ઐશ્વર્ય જોઈને તે પૂજારી ગદ્‌ગદ્ કંઠ થઈને વારંવાર સ્તુતિ કરીને પગે લાગતો હતો.

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ગંડકી નદીના કિનારે તપ કરીને સૂર્યનારાયણ દેવને પ્રસન્ન કરીને તે થકી વર પામ્યા તથા ગોપાળજોગીની સદ્‌ગતિ કરી તથા શ્વેતશિખરી ઉપર વિચરણ કર્યું. એ નામે પંચોતેરમો અધ્યાય પૂરો થયો. ।।૭૫।।

## અધ્યાય - ૭૬ - વનવિચરણ

હે ભાઈ ! ત્યાર પછી તે મંદિરમાં પૂજારીની સેવા અંગીકાર કરીને તેને વર આપ્યો જે, આ દેહનો ત્યાગ કરીને સત્સંગમાં ગુજરાત દેશને વિષે જોબન વડતાલાના ઘરે જન્મ પામીશ. ત્યાર પછી તારો મોક્ષ થશે. એમ કહીને ત્યાં થકી ચાલ્યા તે કેટલાક દિવસે એક મહાકાલીનું મંદિર આવ્યું. તેમાં વિશ્રાન્તિ લઈને આગળ ચાલ્યા તે ઉત્તર દિશા તરફ અતિશય ઉજ્જવળ પ્રકાશમય હજારો સોના રૂપાની ખાણોને જોતા જોતા ચાલ્યા તે રસ્તામાં એક રમણીય આશ્રમ જોયો. પરંતુ તેમાં કોઈ મનુષ્ય હતું નહીં. આવું એકાંતમાં મોટું સ્થાનક જોઈને તેમાં આસન કરીને બે રાત્રિ પર્યંત ત્યાં ધ્યાન કરતા હતા. પછી ત્રીજે દિવસે સવારના પહોરમાં

ત્યાં થકી ચાલ્યા તે દક્ષિણ તરફ જોયું ત્યારે કેટલાક મોટા મોટા સિદ્ધો આસનવાળીને બેઠા થકા, પરમેશ્વરને વિષે વૃત્તિ રાખીને મેષોન્મેષ રહિત થઈ ભગવાનનું સ્મરણ કરતા હતા. તે સર્વે સિદ્ધો બોલ્યા જે, અહો હે ભાઈઓ ! આ ઉત્તર તરફથી મહા તેજસ્વી રૂપે સૂર્યનારાયણ આવે છે. ત્યારે બીજા કેટલાક કહેતા હતા જે, એતો અગ્નિદેવ આવે છે, ત્યારે કેટલાક કહેવા લાગ્યા જે, ના ના એતો તપ મૂર્તિમાન આવે છે. કેટલાક એમ બોલ્યા જે, હે ભાઈઓ ! આતો સાક્ષાત્ નરનારાયણદેવ તેજના સમૂહરૂપે આપણને દર્શન દેવા આવે છે. કેટલાક એમ બોલ્યા જે, ના એતો નહીં. આતો કોઈ મહાત્મા પુરુષ આવે છે. એવી રીતે પરસ્પર પોતાના આસનથી ઉઠીને તત્કાળ સામા જઈને નમસ્કાર કરીને બોલ્યા જે, અહો ! આતો સાક્ષાત્ ભગવાન આપણા તપની સમાપ્તી કરવા માટે આવ્યા છે. હવે આપણો દાખડો મટી જશે. એમ કહે છે એટલામાં તો શ્રીનીલકંઠ બ્રહ્મચારી સર્વેને મળતા સતા તેમના આશ્રમમાં ગયા. અને મધ્યભાગમાં આસન આપ્યું તે ઉપર બિરાજ્યા, ત્યારે સર્વે સિદ્ધોનાં મન પોતાની મૂર્તિમાં પરોવાણાં સતાં એક ચિત્તે ને એક નજરે શ્રી બાલાજોગી સામું જોઈ રહ્યા હતા. એવી રીતે સર્વે સિદ્ધોને પોતાનાં દર્શન આપીને ત્યાં રહેતા થકા જોગી સાથે પર્વત ઉપર કેટલાંક દેવસ્થાન જોઈને તથા મુક્ત મુમુક્ષુ જીવોને પોતાનાં દર્શન આપીને, પોતાનાં સ્વરૂપનું જ્ઞાન આપીને પોતાનો નિશ્ચય કરાવીને બોલ્યા જે, હવેથી તમારે કયાંય પણ માયિક પદાર્થમાં વૃત્તિ રાખવી નહિ. તેથી તમો સર્વે અમારા અક્ષરધામને પામશો. તેવું સાંભળીને તપથી નિવૃત્ત થઈ તે યોગીઓ અતિ હેતે કરીને શ્રીનીલકંઠબ્રહ્મચારીને પોતાના ઈષ્ટદેવ જાણીને વિનંતિપૂર્વક ઘણિક સ્તુતિ કરીને પગે લાગતા હતા. એવી રીતે સર્વેને આશીર્વાદ આપીને ત્યાં થકી આગળ ચાલ્યા, તે ઉત્તર દિશા તરફથી આવતા અને મલીન આશયવાળા કેટલાક અઘોરી આવીને

શ્રીબાલાજોગીને ઘેરી લેતા હતા. ત્યારે પોતાની ઈચ્છા થકી તત્કાળ મહાવીર સ્વામી(હનુમાનજી) આવીને તે સર્વે અઘોરીને મહા ક્રોધ કરીને ભય દેખાડતા હતા એટલે તે મહા ત્રાસ પામીને નાસી ગયા. પછી બાલાજોગી પાસે આવીને પગે લાગીને બોલ્યા જે, હે મહારાજ ! જ્યારે તમારે જરૂર પડે ત્યારે મને સંભારજો. હું આવીને તમારા પ્રતાપથી રક્ષા કરીશ. એમ કહીને બે કંદમૂળ આપીને અદ્રશ્ય થઈ ગયા. પછી ત્યાંથી ચાલ્યા તે આગળ મહા ઘોર વન આવ્યું, તેમાં ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ ચાલ્યા ત્યારે ચોથે દિવસે એક નદી આવી એટલે તે નદીમાં સ્નાન કર્યું. પછી નિત્યવિધિ પૂજાપાઠ કરીને શ્રીઠાકોરજીને કંદમૂળ જમાડીને પોતે જમતા હતા. પછી ત્યાંથી આગળ ચાલ્યા, તે એક મોટા પીપળાના વૃક્ષ નીચે એક કૂવામાં પોતાના પગ લાંબા કરીને એક પુરુષ બેઠો હતો. તેને જોઈને બાલાજોગી બોલ્યા જે, હે ભાઈ ! તમો શા માટે આત્મઘાત કરો છો ? તમને ભગવાન મળ્યા છે તે ભગવાનનું ભજન કરો તો તમારૂં કલ્યાણ થાય. તેવું સાંભળીને તરત તે પુરુષ ત્યાંથી ઉઠીને બાલાજોગીને પગે લાગીને બોલ્યો જે, હે બાલાજોગી ! આવા મહા વિકટ વનમાં તમો કોણ દયાળુ છો ? હું તો ભગવાન મળે તે માટે ઉપાય કરતો હતો. એમ કહેતાં તરત શ્રીબાલાજોગીની મૂર્તિમાંથી એક સામટું તેજ નીકળવા માંડયું. તે જોઈને તે મુમુક્ષુ પુરુષ મહા આનંદ પામીને ચરણારવિંદમાં પોતાનું મસ્તક મૂકીને બોલ્યો જે, હે દીનબંધુ ! તમો તો મારી રક્ષા કરવા સારૂં અહીં પધાર્યા છો. ત્યારે પ્રસન્ન થયેલા બાલા બ્રહ્મચારી તેને તપનો વિધિ બતાવીને તપને અંતે મને પામશો. એવો આશીર્વાદ આપીને આગળ ચાલ્યા, તે કેટલાક દિવસે એક મોટો પર્વત આવ્યો તે પર્વતની તળેટીમાં છેટે એક મોટો વટવૃક્ષ દેખાયો. તે કેવો હતો, ઘણી લાંબી શાખાઓવાળો અને ફરતાં ચારે બાજુ વિસ્તારવાળો, ઘણાં પત્ર હોવાથી ઘાટી છાયાવાળો મહા રમણીય હતો.

એના ઉપર હજારો પક્ષી રહેતાં હતાં, તેથી શબ્દાયમાન છે ચારે દિશાઓ જેની, એવા વૃક્ષ નીચે આવીને શ્રીનીલકંઠ બ્રહ્મચારી મૃગચર્મ પાથરીને ઉપર પોતાનું આસન કરીને બિરાજ્યા. તે સમયે પોતાની ઈચ્છાથી હનુમાનજી આવ્યા અને નમસ્કાર કરીને સમીપે બેસતા હતા. બાલાજોગી તો પોતે થાકના કારણે સૂઈ ગયા. એટલે તે પવનસુત ચરણની સેવા કરવા લાગ્યા. તે સમયે વૃક્ષમાં રહેતાં હજારો ભૂત પ્રેતાદિક જે સર્વે પોતાનો ભક્ષ્ય કરવા ગયેલાં હતાં તેમાં તેમનો અધિપતિ જે મહા કાળભૈરવ તેને સહિત ત્યાં આવ્યાં, ભયંકર વેષવાળાંતે સર્વે ભૂત આવીને વડની ચારે તરફ ઘેરો ઘાલતાં હતાં. તે ભૈરવ તો પોતાનું ઘણું બળ દેખાડીને મહા ઘોર ભયંકર શબ્દ કરવા લાગ્યો. તેને સાંભળીને પવનસુત પોતે ઉભા થઈ, સામા જઈને પોતાના પૂંછડે બાંધીને જોરથી તેના મસ્તક ઉપર એક મુષ્ટિકાનો પ્રહાર કર્યો કે, તત્કાળ ત્રાસ પામી ગયો અને પોતાની ગરદનમાં મસ્તક ઉતરી ગયું. ત્યારે તે ઉઠીને પ્રાર્થના કરવા લાગ્યો ને બોલ્યો જે, હે મરુત્સુત ! ફરીથી હું કોઈ દિવસ આવું કામ નહીં કરૂં. એવું સાંભળીને તત્કાળ તેને મૂકી દીધો એટલે તેને જોઈને બીજાં હજારો ભૂત તેની સહાયમાં ઉભેલાં હતાં. તે ત્રાસ પામીને નાસી ગયાં. પછી બાલાજોગી ત્યાં સુખેથી રાત્રિ પસાર કરીને સવારના પહોરમાં સ્નાન કરીને નિત્યવિધિ કરવા બેઠા. તે સમયે હનુમાનજીએ કંદમૂળ આપ્યું તેનું ઠાકોરજીને નૈવેદ્ય કરીને પોતે જમતા હતા. ત્યારપછી હનુમાનજી રજા માગીને અદ્રશ્ય થઈ ગયા.પછી ત્યાંથી ચાલતાં ચાલતાં મહા ઘોર વન આવ્યું, તેમાં કોઈ જગ્યાએ જળ તથા ફળ કંઈ પણ મળ્યું નહીં, એવી રીતે અઢી માસ વિત્યાબાદ વનથી બહાર નિસરીને ચાલ્યા, તે સમયે રસ્તામાં પડી ગયા. એટલે એક ઘડી ત્યાં બેસીને શાંતિ થયા પછી ત્યાંથી ચાલ્યા, તે એક પર્વતની તળેટીમાં કૂવો આવ્યો, ત્યારે ત્યાં સ્નાન કરીને ઠાકોરજીને સ્નાન કરાવવા લાગ્યા, ત્યારે

ઠાકોરજી ઘણુંક જળ પીવા લાગ્યા. તે જોઈને પોતે વિચાર કર્યો જે, આટલી બધી તૃષા લાગી છે માટે ભુખ્યા પણ ઘણા હશે, એમ સંકલ્પ કરે છે તેટલામાં શિવજી અને પાર્વતી પોઠીયા ઉપર બેસીને ત્યાં આવ્યાં અને વિનંતિપૂર્વક નમસ્કાર કરીને પોતાની પાસેથી સાથવો અને મીઠું આપતાં હતાં. તેને બાલાજોગી શ્રીઠાકોરજીને જમાડીને પોતે જમતા હતા. જમીને જળપાન કરીને શિવજીની સ્તુતિ કરી ત્યારે શિવજી બોલ્યા જે, હે બાલાજોગી ! અમોને સંભારશો તે સમયે અમો આવીશું. ત્યાર પછી રજા માગીને અદ્રશ્ય થઈ ગયા. પછી પોતે એક ઘડી વિશ્રામ કરતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે વનવિચરણ નામે. છોતેરમો અધ્યાય પૂરો થયો. ॥૭૬॥

## અધ્યાય - ૭૭

## નવલાખ યોગીઓનો મોક્ષ અને વનવિચરણ.

હે ભાઈ ! ત્યાર પછી ત્યાંથી ચાલ્યા ત્યારે કેટલાક દિવસ વીત્યાબાદ એક મહા ઘોર વન આવ્યું. તેમાં કોઈથી પ્રવેશ કરી શકાય નહીં. અને તે કેવું છે, તો સૂર્યનારાયણ ઉદય કે અસ્ત પામે તેની કંઈ ખબર પડે નહીં. એવું મહા ઘાટુતમ અંધારું તેમાં પોતે પ્રવેશ કરતા હતા. જ્યારે તે વન મધ્યે પ્રવેશ કર્યો ત્યારે ત્યાં એક વડનું વૃક્ષ હતું, તેના નીચે કેટલાક જોગી તથા મુક્ત તપ કરતા હતા. તે સર્વેને પોતે અનંત રૂપે દર્શન દઈને તથા પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડીને પોતાના સ્વરૂપનો યથાર્થ ભગવાનપણાનો નિશ્ચય કરાવતા હતા. પછી ત્યાં થકી ચાલ્યા તે કેટલાક દિવસે તે વન ઉલ્લંઘીને આગળ ચાલતાં ચાલતાં આડો એક મોટો પર્વત આવ્યો. અને તેની ચારે બાજુ ફરતો એક મહા મોટો વિકરાળ સર્પ તે આખા પર્વતને આંટો દઈને મુખમાં પૂંછડી લઈને રહેલો હતો. તેને પોતાના ચરણારવિંદના અંગુઠાનો સ્પર્શ કર્યો કે,

તત્કાળ માર્ગ આપ્યો એટલે તે પર્વત ઉપર પોતે ચડ્યા. અને ત્યાં મોટું એક શિખરબંધ મંદિર હતું તેમાં જઈને પોતે વિરાજમાન થયા. અને ત્યાં કેટલાક જોગી હતા તે સર્વે આવી પગે લાગીને ચારે કોર ફરતા વીંટી વળીને બેઠા. ત્યારે બાલાજોગીએ પૂછ્યું જે, હે સંતો ! આ પર્વતમાં તમોને કંઈ ફળ ફુલ જમવા મળે છે કે નહીં? ત્યારે બોલ્યા જે, હે બાલાજોગી ! અમારી પાસે એક અક્ષયપાત્ર છે તે પ્રહર દિવસ ચઢે ત્યારે જમવાનું જે જોઈએ તે મળે છે. એમ કહ્યું તે સાંભળીને બહુ રાજી થયા અને બોલ્યા જે, અહીં કયાંય સ્નાન કરવાનું જળ છે? ત્યારે કહ્યું જે, એક સરોવર છે. એમ કહીને બે ચાર યોગી સાથે લઈને તે સરોવરમાં સ્નાન કરવા ગયા. તે સ્નાન કરીને પાછા તે જગ્યાએ આવીને પોતાનો નિત્યવિધિ પૂજાપાઠ કરી રહ્યા. ત્યાં એક કામદુઘા ગાય આવી, તે બાલાજોગીને નમસ્કાર કરીને ચરણારવિંદનો સ્પર્શ કરતી થકી તે ચરણારવિંદને જીભે કરીને ચાટવા લાગી.એટલામાં તો એક જોગી ઉઠીને તે ગાયને દોહતો હતો. અને દોહ્યા બાદ તે દુધ બાલાજોગીને પાન કરાવ્યું. તે જોઈને તેના ઉપર અતિ પ્રસન્ન થઈને ચાલવાની તૈયારી કરી, ત્યારે જોગી બોલ્યા જે, હે મહારાજ ! અમો કેટલાક કાળથી તમારી ઉપાસના કરીએ છીએ. તો અમારા ઉપર કૃપાદ્રષ્ટિ કરીને અમારો મોક્ષ કરો. તેવું સાંભળીને આશીર્વાદ દઈને બોલ્યા જે, હે યોગીઓ ! અમોએ આ વનને વિષે વિચરણ કર્યું છે. તે જે કોઈ મુક્ત મુમુક્ષુ જીવ ગમે તે શરીરે કરીને તપશ્ચર્યા કરતા હશે, તે સર્વેના તપની સમાપ્તિ કરાવીને તેમનું કલ્યાણ કરીને અમારા અક્ષરધામને વિષે મોકલવા છે. તે માટે તમો સર્વે હમણાં તપ કરતા સતા અમારૂં ધ્યાન કરો. અમારે નવલખા પર્વત ઉપર જવું છે. ત્યાં નવલાખ સિદ્ધો તપશ્ચર્યા કરે છે. ત્યાં જઈને તે સર્વેનું કલ્યાણ કરીશું તે ભેગું તમારા સર્વેનું કલ્યાણ કરીને તેમની સાથે અમારા અક્ષરધામમાં મોકલીશું હે રામશરણજી ! કૃપાળુ એવા જે બાલાજોગી

તે વનવિચરણ કરતા સતા તે વનને વિષે કેટલાક જીવનો મોક્ષ કરતા સતા, ત્યાં થકી ચાલ્યા તે થોડેક દૂર ગયા ત્યારે ત્યાં એક મોટી નદી આવી અને તે નદીના કિનારે કેટલાયે મલીયાગર ચંદન વૃક્ષ ઝુકી રહ્યાં હતાં. અને તે વૃક્ષોને ફરતા કેટલાયે સર્પ વિંટાઇ વળેલા હતા. અને શ્રીનીલકંઠ બ્રહ્મચારી ત્યાં જાય છે ત્યાં તો સર્પ તત્કાળ આવીને તેમનાં ચરણારવિંદને જીભે કરીને ચાટવા લાગ્યા. અને પોતાની સર્વે ફણાઓ ઉંચી કરીને વારંવાર નમસ્કાર કરતા હતા. અને તેમાંથી પોતાની ઈચ્છાથી કેટલાક સર્પને તો વળી વાચા થઈ અને બોલ્યા જે, હે મહારાજ ! હે અક્ષરાધિપતિ ! હે પુરુષોત્તમ! તમો તો શ્રી બાલાજોગી સ્વરૂપે થઈને વન-વિચરણ કરો છો તે અમો કેટલાયે દિવસથી આ વૃક્ષોને વિંટાણા થકા તમારી સ્તુતિ કરીએ છીએ. માટે હે મહારાજ ! તમો અમારા સર્વેનો મોક્ષ કરીને અહીંથી પધારો. તેવું સાંભળીને દયાળુ એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે અતિ રાજી થઈને તે સર્વેને બદરિકાશ્રમમાં મોકલીને ત્યાં થકી આગળ ચાલ્યા, તે પર્વત થકી ઉતરીને તેની તળેટીમાં આવતા હતા. ત્યાં તો એક મહા મોટા વૃક્ષના નીચે એક સિધ્ધ આસનવાળીને ઈન્દ્રિઓનું નિયમન કરીને તપ કરતા હતા. હાથમાં ગીતાનો ગુટકો રાખીને પાઠ કરતા હતા. તેમને જોઈને તે જોગીની પણ બાલાજોગીને જોઈને પોતાની વૃત્તિ ખેંચાઈને શ્રીનીલકંઠ બ્રહ્મચારીના સ્વરૂપમાં તણાઈ ગઈ. તે જોઈને પોતે વિચાર કરવા લાગ્યા જે, ભગવાન વિના મારી વૃત્તિ બીજે કયાંય જાય નહીં અને મારી વૃત્તિ આ સામા આવતા બાલાજોગીમાં તણાય છે માટે એ નિશ્ચય ભગવાન છે. એમ વિચાર કરીને તત્કાળ ઉભા થઈને એકદમ સન્મુખ દોડીને નમ્રતાપૂર્વક દંડવત્ કરવા જાય છે, કે તત્કાળ બાલાજોગીએ તેને પૂર્વના સિદ્ધ જાણીને હેતે સહિત મળીને પોતે બન્ને જણ તે સ્થાનકમાં રહેતા હતા. અને ત્યાં કેટલાક દિવસ રહીને તે જોગીને પોતાના સ્વરૂપનું દ્રઢ જ્ઞાન આપીને

દેહ મૂકાવીને મોક્ષ આપતા હતા. ત્યાર પછી ત્યાંથી ચાલ્યા તે કેટલાક દિવસે ચાલતાં ચાલતાં રસ્તો ભૂલી જવાથી પોતે ઉત્તર દિશા મૂકીને પશ્ચિમ દિશા તરફ ચાલ્યા. તે સમયે હિમાલય મૂર્તિમાન થઈને સામો આવીને નમસ્કાર કરીને બોલ્યો જે, હે દીનબંધુ ! તમારે કયાં જવું છે? ત્યારે બોલ્યા જે, અમારે તો નવલખા પર્વત ઉપર જવાનો વિચાર છે. ત્યારે આવેલા મૂર્તિમાન હિમાલયે આપેલાં સ્વાદુ ફળો જમ્યા અને હિમાલય રસ્તો બતાવીને અદ્રશ્ય થઈ ગયો. પછી શ્રીબાલાજોગી ત્યાં થકી મોટી મોટી ગુફાઓમાં ચાલતા થકા, પાણીના મોટા મોટા ધરાઓમાં સામી ધારાએ ચાલતા થકા, નવલખા પર્વત પ્રત્યે ગયા અને તેના ઉપર ચડ્યા અને ત્યાં રહેલા નવલાખ જોગીને પોતે શ્રીનીલકંઠ બ્રહ્મચારી નવલાખ રૂપ ધારણ કરીને એકી સાથે મળતા હતા. તેણે કરીને સર્વે સિદ્ધો અતિ આનંદ પામી સ્તુતિ કરીને કહેતા હતા જે, હે ભગવન્ ! તમારે અર્થે અમો ઘણાંક વર્ષથી તપશ્ચર્યા કરીએ છીએ. તે તપના સાક્ષાત્ ફળરૂપ તમો મળીને અમોને કૃતાર્થ કર્યા.આવો તે સિદ્ધોને પોતાને વિષે પ્રેમ જોઈને તેમને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને તેઓનો મોક્ષ કરીને ત્યાં નિવાસ કરતા સતા, તે પર્વત ઉપર નવલાખ પાણીના કુંડ તથા સજીવન અગ્નિના કુંડ જોઈને કેટલાક દિવસે તે પર્વત ઉપરથી હેઠે ઉતરતા હતા.પછી તો પોતાને ત્યાં થકી રસ્તો હાથ આવ્યો તે રસ્તે ચાલતાં ચાલતાં ગંગાસાગરના સંગમને પામ્યા. અને ત્યાં સ્નાન કરીને સમુદ્રની ખાડીને વહાણમાં બેસીને ઉતર્યા અને કપિલાશ્રમમાં આવ્યા અને ત્યાં હંમેશાં કપિલજીનાં દર્શન કરતા થકા પચીસ દિવસ ત્યાં રહ્યા. પછી ચાલ્યા તે કેટલાક દિવસ વિત્યાબાદ એક મોટું શહેર આવ્યું. તે શહેરમાં એક મોટું મંદિર હતું તેમાં જઈને પોતે ઉતારો કર્યો. ત્યારે તે મંદિરની ગાદી ઉપર એક આચાર્ય બેઠેલા હતા તેમને શ્રીબાલાજોગીએ જઈને એમ કહ્યું જે, આ દેહમાં સુષુમ્ણાનાડી કયાં રહે છે? અને તેમાં

પ્રવેશ કેવી રીતે થાય છે? ત્યારે તેમણે કહ્યું જે, એ વાતને તો આગળ અમારા ગુરુ જાણતા હતા અને હવે તો એ વાતની અહીં કોઈને ખબર નથી. તેવું સાંભળીને તે આચાર્યના શિષ્ય બોલ્યા જે, તમો આજે અહિં આવ્યા છો અને આવો પ્રશ્ન પૂછીને અમારા ગુરુની લાજ લીધી. ત્યારે પોતે બોલ્યા જે, ગુરુનું પ્રયોજન તો એજ છે જે, શિષ્યના સંશયને ટાળે તે ગુરુ કહેવાય. તેવું સાંભળીને તે આચાર્ય સહિત તે સર્વે અતિ રાજી થયા અને બોલ્યા જે, હે બ્રહ્મચારી ! તમારો ગુરુદ્વારો કયાં છે? ત્યારે શ્રીમદ્ભાગવતનો શ્લોક બોલ્યા જે;

गुरुर्न सः स्यात् पिता न सः स्यात् ।

એ શ્લોક બોલીને કહ્યું જે, ગુરુ અને ગુરુદ્વારો એ બન્ને મિથ્યા છે. જે કાળના મુખમાંથી છોડાવે તેજ સાચા ગુરુ છે. ત્યારે બોલ્યા જે, હા, એ વાત સાચી છે, પરંતુ પુછવાની એવી રીત છે. એમ કહીને બહુ જ્ઞાની જાણીને રૂડાં ભોજન બનાવીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને હેતે સહિત જમાડતા હતા. પછી સાંજના સમયે તે આચાર્યને મહા વિદ્વાન જાણીને પરસ્પર પ્રશ્ન ઉત્તર કરવા લાગ્યા. ત્યારે બાલાજોગીએ કહ્યું જે, જીવનું રૂપ કરો, માયાનું રૂપ કરો, અને બ્રહ્મનું નિરૂપણ કરો. અને જો ખોટા ઉત્તર કરશો તો હું સર્વને જેમ હથેળીમાં જળનું ટીપું દેખાય તેમ દેખું છું. ત્યારે બોલ્યા જે, એનાં સ્વરૂપ તો મારા ગુરુ યથાર્થ જાણતા હતા. તેવું સાંભળીને પોતાના મનમાં જાણ્યું જે, આમાં કંઈ દમ લાગતો નથી. એમ જાણીને કેટલાક દિવસ ત્યાં રહીને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે મલીયાગર ચંદનને વિંટાયેલા સર્પોને બદરિકાશ્રમમાં મોકલ્યા તથા નવલખા પર્વત ઉપર નવલાખ જોગીઓને પોતાના અક્ષરધામમાં મોકલ્યા. એ નામે સિતોતેરમો અધ્યાય પૂરો થયો. ॥૭૭॥

# અધ્યાય ૭૮

## વનવિચરણ.દિવ્ય પ્રતાપ

હે ભાઈ ! ત્યાં થકી ચાલ્યા એવા જે, બાલાજોગી તે કેટલેક દિવસે કરીને એક ગામ આવ્યું. ત્યારે તે ગામના રાજાએ આથમણી બાજુ ચોકી રાખેલી તે જગ્યાએ થઈને આગળ રસ્તે જતા હતા. ત્યારે તે ચોકીવાળા સિપાઈએ તે રસ્તે જવાની ના પાડી અને કહ્યું જે, ત્યાં આગળ એક વડના વૃક્ષ ઉપર માથા વિનાનો ખવીસ રહે છે. તે સર્વેને મારી નાખે છે માટે હે બાલાજોગી ! તમો એ રસ્તે થઈને જશો નહિં. અને આ બીજા માર્ગે લોકો જાય છે તે રસ્તે જાઓ. ત્યારે બોલ્યા જે, અરે ભાઈ! અમો એ રસ્તે નહિ જઈએ તો બીજું કોણ જશે? એમ કહીને પોતાના બળે કરીને ચાલ્યા. ત્યારે સિપાઈ તો કંઈ બોલ્યા નહિં. અને છાનામાના ઉભા થઈ રહ્યા અને જુએ તો આગળ વડના વૃક્ષ ઉપર રહેલો ખવીસ એકદમ કડકડાટ કરતો જેમ મોટો પર્વત તૂટી પડે તેમ હેઠો પડી શ્રીનીલકંઠ બ્રહ્મચારીના સન્મુખ આવતો હતો. તે જોઈને સિપાઈ તો છેટે રહ્યા થકા મહા ત્રાસને પામી ગયા અને બોલવા લાગ્યા જે, અહો ભાઈ ! એ છોકરે આપણું કહ્યું માન્યું નહિં અને હવે તે ખવીસ તેને મારીને ભક્ષ્ય કરી જશે. એવી રીતે માંહોમાંહી પસ્તાવો કરતા હતા. ત્યાર પછી તે આવેલા ખવીસ સામી બાલાજોગીએ લગારેક કરડી દ્રષ્ટિએ જોયું કે, તત્કાળ તે ખવીસ બોલી ઉઠ્યો જે, ઓરે બાપ ! હું તો બળી ગયો રે બળી ગયો. આવી રીતના મહા ઘોર શબ્દ બોલીને બૂમો પાડતો હતો. તે શબ્દ સાંભળીને તે ગામના કેટલાક માણસો રાજા સહિત દોડી આવ્યાં. ત્યારે નીલકંઠ બ્રહ્મચારીની આગળ ખવીસ નિર્માની થઈ, બે હાથ જોડીને બૂમો પાડતો વિનંતી કરવા લાગ્યો. જે, હે બાલાજોગી ! તમો તો સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ ભગવાન છો. અને હું ઘણા કાળથી જ્યાં ત્યાં આથડી આથડીને મહા દુઃખ પામું છું. માટે હે મહારાજ ! તમો

મારો ઉધ્ધાર કરો. ત્યારે દયાળુ એવા જે, શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે પોતાના પ્રતાપથી તે ખવીસને બદરિકાશ્રમમાં મોકલતા હતા. તે જોઈને રાજા તથા ચોકીના પોલિસો સર્વે મનુષ્યો મહા આશ્ચર્ય પામી, બાલાજોગીની સમીપે આવીને વિનંતીપૂર્વક પગે લાગીને સ્તુતિ કરતા સતા તે રાજા પોતે બોલ્યો જે, હે બાલાજોગી ! તમો તો સાક્ષાત્ મારા ઈષ્ટદેવ શ્રી રામચંદ્રજી છો અને અમારા સુખને અર્થે પધાર્યા છો. તે આ અસુરનો તમોએ ઉદ્ધાર કર્યો પરંતુ, હે કૃપાનાથ ! હવે મારા ઉપર દયા કરીને મહેલે પધારીને અમારી સેવા અંગીકાર કરો, તો મારા જીવનું કંઈક સારૂં થાય. ત્યારે દયાળુ એવા શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે રાજાને પૂર્વનો મુમુક્ષુ જાણીને તેના પ્રત્યે બોલ્યા જે, હે રાજન્ ! તમારા મહેલે લઈ જવાથી શું વધારે છે ? પરંતુ જાઓ, તમો અમારૂં ધ્યાન કરજો એટલે થોડાક દિવસ કેડે સોરઠ દેશમાં ગીરનાર પર્વતની છાયામાં પંચાળા ગામને વિષે ઝીણાભાઈને ઘેર જન્મ લેશો. અને ત્યાં અમારો યોગ થશે અને સદ્ગતિને પામશો. એટલું ચરિત્ર ત્યાં કરીને રાજાને વર આપીને ત્યાં થકી આગળ ચાલ્યા, ત્યારે મહા ઘોર વન આવ્યું. તે વન કેટલાક દિવસે વિતાવી બહાર આવ્યા. ત્યાં એક નદી જોઈ અને તેમાં સ્નાન કરીને પોતાનો નિત્યવિધિ પૂજાપાઠ કરીને તે વનમાંથી લાવેલાં કંદમૂળ ઠાકોરજીને નૈવેદ્ય કરીને પોતે જમતા હતા. પછી ત્યાં થકી ચાલ્યા તે એક મોટો પર્વત આવ્યો, તેની તળેટીમાં વૃક્ષ જોતા સતા ચાલ્યા તે ચાલતાં ચાલતાં કેટલાક દિવસ વીતી ગયા પછી એક ગામ આવ્યું. ત્યારે તે ગામના માણસોને પૂછ્યું જે, હે ભાઈઓ ! અમોને કયાંક સારી ઉતારાની જગ્યા હોય તો બતાવો. ત્યારે કહ્યું જે, હે બાલાજોગી ! તમારે ઉતરીને એક બે રાત્રિ રહેવું હોય તો આ એક મોટી વૈરાગીની જગ્યા છે તેમાં જઈને સુખેથી રહો. તે સર્વે તીર્થવાસીને ઉતરવાની છે. તે સાંભળીને તે જગ્યામાં ગયા અને બાવાએ આપેલા

આસન ઉપર બેસતા હતા. પછી જ્યારે રાત્રિ પડી ત્યારે ગામના કેટલાક તે બાવાના સેવકો તથા કેટલીક સ્ત્રીઓ તે આવીને કથા સાંભળીને તે બાવાને સ્પર્શ કરીને કેટલીક સ્ત્રીઓ બાવાની ચરણ સેવા કરવા લાગી. એવો અતિશય અધર્મ જોઇને શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે બાવા પ્રત્યે બોલ્યા જે, આપણે તો સાધુ થયા. માટે કનક-કામિનીનો ત્યાગ રાખવો જોઈએ અને સ્વધર્મના માર્ગે ચાલીને ભગવાનનું ભજન કરવું જોઈએ. તે સાંભળીને અતિશય ક્રોધાયમાન થઈને કેટલાક બાવાઓ એકદમ ઉઠીને બોલ્યા જે,

अरे लडका तुम यहांसे बाहर चले जाओ नहि तो मारेगा ।

ત્યારે તે જગ્યાના દરવાજે તાળું વાસેલું હતું તોપણ તે બાવાઓને અતિ અધર્મી જાણીને તત્કાળ ત્યાં થકી અન્તર્ધાન થઈને ચાલી નીકળ્યા. અને બહાર એક વાણિયાની દુકાનની ઓસરીમાં જઈને રાત્રિ રહેવાનો વિચાર કરતા હતા તેટલામાં તો આવો મહાન કોપ જોઈને મારૂતિદેવ આવીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને પગે લાગીને તે બાવાના મંદિરમાં જઈને વૈરાગીઓને મારવા માંડ્યા. ત્યારે તે સર્વે વૈરાગી અતિશય રૂદન કરવા લાગ્યા. તે સમયે મારુતિ બોલ્યા જે, ત્યાગી થઈને આવાં નીચ કામ કરો છો. અને કોઇ કહે ત્યારે વળી ક્રોધ કરીને મારવા જાઓ છો. તેવું સાંભળીને તે વૈરાગી બોલ્યા જે, હે ભાઇ ! તમો કોણ છો? ત્યારે બોલ્યા જે, અમો તો હનુમાનજી છીએ. એમ કહ્યું કે તુરત તે વૈરાગી અત્યન્ત નિર્માની થઈને બોલ્યા જે, હે પવનસુત ! અમો તો આજ બાલાજોગીરૂપે નાનો એક છોકરો અમારા આશ્રમમાં આવીને અમોને અધર્મ વિષે શિખામણ દેવા લાગ્યો તેથી તે છોકરા ઉપર ક્રોધ કર્યો કે તુરત તે અદ્રશ્ય થઈ ગયો. અને દરવાજો તાળાએ સહિત એમને એમ વાસેલો હતો. ત્યારે બોલ્યા જે, અરે, અભાગીઆઓ ! કેમ તમારો દિવસ ફર્યો છે. અને તે તો સાક્ષાત્ શ્રીરામચંદ્રજી છે. આ પૃથ્વીને વિષે જન્મ ધરીને

વનવિચરણ કરતા સતા અધર્મને ત્યાગ કરાવવા સારૂં પધાર્યા છે. માટે જાઓ. તેમને અહિં બોલાવી લાવો અને રાજી કરીને તેમનો આશ્રય કરો. તમારા જીવનું સારૂં થશે. નહિ તો આમ ને આમ માર ખાઈને મરી જશો. એમ કહીને અદ્રશ્ય થઈ ગયા. તે જોઈને મહા આશ્ચર્ય પામતા સતા તત્કાળ તે દરવાજાનું તાળું ઉઘાડીને બહાર આવીને જુએ છે, ત્યાં તો વાણિયાની દુકાનની ઓસરીમાં બેઠેલા દેખીને તે સર્વે વૈરાગીઓ અતિ નિર્માની થઈને પાસે જઈને પગે લાગી પ્રાર્થના કરીને બોલ્યા જે, હે બાલાજોગી ! તમો તો સાક્ષાત્ અમારા ઈષ્ટદેવ શ્રીરામચંદ્રજી છો. માટે હે મહારાજ ! અમારો અપરાધ ક્ષમા કરીને અમારા આસને પધારો. અને હવે અમો આવાં અધર્મનાં કર્મ કોઈ દિવસ નહિં કરીએ અને સર્વ પ્રકારે કનક કામિનીનો ત્યાગ રાખીશું. એમ કહેતા સતા અતિ પશ્ચાતાપ કરતા હતા. ત્યારે આવી રીતનાં અતિ નિર્માનીપણાનાં વચન સાંભળીને દયા આવી ગઈ છે જેમને એવા જે, નીલકંઠ બ્રહ્મચારી તે એ વૈરાગીઓના આશ્રમમાં પધારતા હતા. ત્યારે તેમણે તે હેતપૂર્વક આસન ઉપર બેસારીને પોતાના અધર્મનો ત્યાગ કરીને, જમાડ્યા થકા ત્યાં ત્રણ દિવસ રાખતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે માથા વિનાના ખવીસને બદરિકાશ્રમમાં મોકલ્યો તથા રાજાને વર આપ્યો તથા કેટલાક બાવાઓને આશ્રિત કર્યા. એ નામે અઠ્યોતેરમો અધ્યાય પૂરો થયો. ॥૭૮॥

## અધ્યાય- ૭૯

## બ્રાહ્મણને વરદાન, રાક્ષસનો નાશ,વનવિચરણ.

હે રામશરણજી ! નીલકંઠ બ્રહ્મચારી એટલું કાર્ય ત્યાં કરીને ત્યાર પછી ત્યાં થકી ચાલ્યા તે વચ્ચે એક મોટી નદી આવી. તે નદીના કિનારા ઉપર વટેશ્વર મહાદેવનું મંદિર હતું. તેમાં ઉતારો કરીને નદીમાં સ્નાન

કરવા ગયા. ત્યારે તે મંદિરમાં એક બ્રાહ્મણ કેટલાંક વર્ષથી દ્રવ્યની પ્રાપ્તિ માટે શિવજીની પૂજા કરતો હતો. તેના ઉપર શિવજી પ્રસન્ન થયા અને બોલ્યા જે, હે વિપ્ર ! તમો ઘણા દિવસથી નિષ્કામ ભાવે અમારી પૂજા કરો છો. તેનું ફળ મળવાનો આજે સમય આવ્યો છે. એમ કહીને પોતાનો હાથ લાંબો કરીને કહ્યું જે, આ નદીમાં સ્નાન કરે છે તે મારા ઈષ્ટદેવ છે અને સાક્ષાત્ અક્ષરાધિપતિ પુરુષોત્તમ ભગવાન છે. તેમની તમો મન, કર્મ, વચને કરીને સેવા કરીને રાજી કરો. તમારો મનોરથ સફળ કરશે, એવું વચન સાંભળીને તે બ્રાહ્મણ આનંદ પામતો સતો વિશ્વાસ લાવીને તત્કાળ શ્રીનીલકંઠ બ્રહ્મચારીની પાસે જઈને વિનંતીપૂર્વક પગે લાગીને બોલ્યો જે, હે દીનબંધો ! તમો તો સાક્ષાત્ પરમેશ્વર છો. અને જગતના આધાર છો. માટે હું શિવજીના કહેવાથી તમારી પાસે આવ્યો છું અને તમો મારો સંકલ્પ સત્ય કરો. ત્યારે બોલ્યા જે, હે વિપ્ર ! આ નાશવંત પદાર્થમાં શું માગો છો ? ફરીથી આવો યોગ તમોને મળવાનો નથી. માટે તમારા જીવનું રૂડું થાય તેવું કંઈક માગો.તેવું સાંભળીને બોલ્યો જે, હે મહારાજ ! જીવનું સારૂં કરવું તે તો તમારા હાથમાં જ છે. પરંતુ મને તો ધનની લોલુપતા ઘણી રહે છે. માટે હે મહારાજ ! મને તો દ્રવ્ય આપો. તે સાંભળીને દયાળુ એવા જે, શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે એ બ્રાહ્મણની અતિ દ્રવ્યની આતુરતા જોઈને કહ્યું જે, હે વિપ્ર ! આ મંદિરની સમીપે જમણી બાજુએ પાંચ હાથ છેટે ખોદજો એટલે જોઈશે તેટલું દ્રવ્ય પ્રાપ્ત થશે. પરંતુ હે વિપ્ર ! જા, તારા તપના બળથી અમો મળ્યા તેથી તારો મોક્ષ પણ થશે. એવી રીતે બ્રાહ્મણને બે વર આપીને ત્યાં થકી મંદિરમાં આવીને પોતાનો નિત્યનિયમ પૂજાપાઠ કરી રહ્યા કે તુરત પિનાકીએ આવીને પ્રાર્થના કરીને વનફળ આપ્યાં. તે ઠાકોરજીને નૈવેદ્ય કરીને પોતે જમીને ત્યાં થકી ચાલ્યા, ત્યારે રસ્તામાં એક મહાઘોર વન આવ્યું. તેમાં રસ્તો ન

જડવાથી ભૂલા પડી ગયા. ત્યારે માર્ગ રોકીને એક મોટો રાક્ષસ તાપણી કરીને સૂતેલો હતો. તેને જગાડીને બોલ્યા જે, હે ભાઇ ! આ ઘોર વનમાં અમોને માર્ગ જડતો નથી. તો તમો ઉઠીને રસ્તો બતાવો. તેવું સાંભળીને અત્યંત ક્રોધાયમાન થયેલો તે રાક્ષસ પોતાનાં બે નેત્રો લાલચોળ કરીને મહા વિકરાળ સ્વરૂપે ઉભો થઈને એકદમ મારવા આવ્યો. ત્યારે શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ જાણ્યું જે, આતો મહા આસુરી બુદ્ધિવાળો છે. આને ચમત્કાર બતાવ્યા સિવાય કંઈ પાછો હઠે તેમ નથી. એમ જાણીને લગારેક પોતાની કરડી નજરથી તેની સામું જોયું કે, તત્કાળ તેનાં સર્વે અંગો બળવા લાગ્યાં અને મહા ભયંકર શબ્દે બુમ પાડતો સતો મરણ પામ્યો. એવી રીતે તે અસુરનો નાશ કરીને ત્યાં થકી ચાલ્યા, તે કેટલાક દિવસે કરીને વનમાંથી બહાર નિસર્યા. ત્યારે રસ્તામાં એક મોટું શહેર આવ્યું, ત્યારે તે શહેરમાં વૈરાગીની ધર્મશાળા હતી. તેમાં રાજાએ કોઈ તીર્થવાસી આવે તેને જમાડવા માટે દૂધપાક, માલપુવા વિગેરે ભોજન કરવાનું સદાવ્રત બાંધેલું હતું. તે જગ્યામાં જઈને પોતે ઉતારો કર્યો. ત્યારે તે જગ્યાના વૈરાગીએ કોરો લોટ આપવા માંડ્યો. ત્યારે તે બોલ્યા જે, અમો તો તૈયાર ભોજન જમીશું. ત્યારે તે વૈરાગી બોલ્યા જે, તૈયાર ભોજન તો નહીં મળે અને આ લોટ લેવો હોય તો લ્યો, નહીં તો ચાલ્યા જાઓ. ત્યારે મર્મ કરીને બોલ્યા જે, બહુ સારૂં તમો દૂધપાક, માલપુવા જમજો, એવું મર્મનું વચન બોલીને તેનું અપમાન ન ગણતાં ત્યાં બેસી રહ્યા, ત્યાર પછી બપોરે પંક્તિ કરીને તે વૈરાગી જમવા બેઠા અને દૂધપાક પીરસીને તેની ઉપર માલપુવા ફેરવવા લાગ્યા અને જમવાની તૈયારી થઈ તો પણ શ્રીનીલકંઠ બ્રહ્મચારીને બોલાવીને જમવા બેસાર્યા નહીં. તે જોઈને પોતે જાણ્યું જે, આ તો પંક્તિભેદ કરે છે અને આ રાજાનું બાંધેલું સદાવ્રત તે કોઈ તીર્થવાસીને તો જમાડતા નથી. એમ જાણીને તે સર્વે વૈરાગીઓને ચમત્કાર જણાવતા હતા. તે શું તો, પીરસેલા દૂધપાકમાં

જેટલા ચોખા હતા, તે સર્વે મોટી ઈયળો દેખાવા લાગી. અને માલપુવાના તાંસ ભરેલા હતા તેમાં રૂધિર માલુમ પડ્યું. આવો મહાત્રાસ જોઈને તત્કાળ તે સર્વે વૈરાગી એકદમ ક્રોધ કરીને ઉઠીને ઉભા થઈને, પોત-પોતાના ધોકા તથા ચીપીઆ લઈને રસોઈ કરનારા બ્રાહ્મણોને મારવા ગયા અને બોલ્યા જે, હે દુષ્ટો ! આવું ભોજન કરીને અમોને જમાડો છો? ત્યારે સર્વે બ્રાહ્મણ બોલ્યા જે, દુષ્ટ તો તમો કે અમે ? રાજાનું કેવું રૂડું સદાવ્રત બાંધેલું છે. અને તમો કોઈ તીર્થવાસી આવે છે તેને જમવા તો દેતા નથી અને કોઈ આવે તેને પણ લોટ આપો છો. આજે પેલા નાના બ્રહ્મચારી જે તીર્થવાસી આવીને ક્યારનાય બેઠા છે તેને તમો લોટ આપવા લાવ્યા પરંતુ તેમણે લીધો નહીં તેમ ફરીથી સીધુ પણ આપ્યું નહીં. તેમ છતાં તમો સર્વે પંક્તિ કરીને જમવા બેઠા તો પણ જમવાનું કહ્યું નહીં. અને પંક્તિભેદ કર્યો તેનું પાપ લાગ્યું, તથા તેનો અપરાધ કર્યો તેનું આ ફળ છે. માટે તમો સર્વે જાઓ. એ કોઈક મોટા પુરુષ છે. તેમને સમજાવીને રાજી કરીને જમાડો તો તમારૂં આટલુંય બગડશે નહીં. અને કાંઈક કરો. નહીં તો આમાંથી મહા જુલ્મ વ્યાપી જશે. ત્યારે તે સર્વે વૈરાગી આવી રીતનાં બ્રાહ્મણનાં વચન સાંભળીને તુરત શ્રીનીલકંઠ બ્રહ્મચારી પાસે આવ્યા. ત્યાંતો પોતે તે સર્વેને પોતાનું શ્રીરામચંદ્રજી રૂપે દર્શન દેતા હતા. ત્યારે સર્વે વૈરાગી તો મહા આશ્ચર્ય પામી અતિ નિર્માની થઈને બે હાથ જોડીને, વિનંતિપૂર્વક પગે લાગીને બોલ્યા જે, હે બાલાજોગી ! તમો તો સાક્ષાત્ રામચંદ્રજી છો. માટે હે મહારાજ! અમો ઘણા દિવસથી આવા અઘટિત કામો ત્યાગી થઈને કરીએ છીએ, તો હવેથી કોઈ દિવસે આવાં કામો કરીશું નહીં. અને અમારા ત્યાગીના ધર્મ પ્રમાણે રહીશું, અને અમારો અપરાધ ક્ષમા કરો. અને અમારા ઉપર રાજી થઈને અમારૂં નૈવેદ્ય જમો. આવાં નિર્માનીપણાનાં વચન સાંભળીને દયાળુ એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી

તે અત્યન્ત પ્રસન્ન થયા થકા, તે જગ્યામાં બે દિવસ રહીને, ઘણોજ ઉપદેશ કરીને પંક્તિભેદરૂપી દુરાચારનો ત્યાગ કરાવીને તેમને પોતાના વિષે શ્રદ્ધાવાળા જાણીને રામચંદ્રજી રૂપે દર્શન આપતા હતા. તેથી મહા આશ્ચર્ય પામી ભગવાનપણાનો નિશ્ચય કરીને આશ્રિત થયા હતા. અને તેમની સેવા અંગીકાર કરીને ત્યાંથી ચાલી નિસરતા હતા. તે ચાલતાં ચાલતાં કેટલાક દિવસ વીતી ગયા પછી એક ગામ આવ્યું. તે ગામના ગોંદરે કૂવા ઉપર જઈને તે કૂવાવાળાને કહ્યું જે, હે ભાઈ ! તમારી પાસે દોરી હોય તો આપો, અમારે પાણી પીવું છે. ત્યારે તે બોલ્યો જે, આ અમારા પાણીના કોસ ફરે છે તેમાંથી કટારી ભરીને જળ પીવો. ત્યારે બાલાજોગી બોલ્યાજે, અમો ચર્મવારી નથી પીતા. ત્યારે તે બોલ્યો જે, એવા સિદ્ધ હો તો દોરી લોટો સાથે કેમ રાખતા નથી? ત્યારે બોલ્યા જે, તમારી દોરી રહેવા દો અને અમને તો પાણી મળશે. એમ કહેતા સતા કૂવાના કાંઠે બેસીને પોતાના હાથમાં કઠારી લઈને કૂવામાં હાથ લાંબો કર્યો. કે તુરત સર્વેને દેખતે સતે કૂવાનું પાણી ઉચું આવતું હતું. તેમાંથી પાણીની કઠારી ભરી લીધી. તે મહા અદ્ભુત ચરિત્ર જોઈને સર્વે જન આશ્ચર્ય પામતા પગે લાગતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે શિવજીના મંદિરમાં બ્રાહ્મણ તપ કરતો હતો તેને બે વર આપ્યા, તથા રાક્ષસનો નાશ કર્યો, તથા વૈરાગીઓને પોતાનું રામચંદ્રજી રૂપે દર્શન દઇને દુરાચારનો ત્યાગ કરાવીને આશ્રિત કર્યા. એ નામે ઓગણયાશીમો અધ્યાય પૂરો થયો. ॥૭૯॥

## અધ્યાય- ૮૦ :- જગન્નાથપુરીમાં અસુરોનો નાશ, રામેશ્વર યાત્રા વનવિચરણ.

હે ભાઈ ! એટલું ચરિત્ર ત્યાં કરીને બાલાજોગી ત્યાં થકી ચાલ્યા તે કેટલાક દિવસે શ્રીજગન્નાથપુરીને વિષે આવતા હતા. અને ત્યાં કોઈ

એક વૈરાગી ગીતાનો પાઠ કરતો હતો તેની પાસેથી ગીતા માગી લઈને એક શ્લોકના દશ અર્થ કર્યા. તે જોઈને વૈરાગીને ઘણું હેત થયું. તેથી પોતાની પાસે બેસારી રાખે. પણ કંઈ કામ કરવા દે નહીં, તેથી બીજા વૈરાગીઓને ઈર્ષા આવી અને તે મહા કામી હતા તેથી તે વૈરાગીઓમાં પરસ્પર વૈર ઉત્પન્ન કરાવીને, યુદ્ધ કરાવીને દશ હજારનો નાશ કરાવી નાખતા હતા. એટલું કાર્ય ત્યાં કરીને બાલાજોગી ચાલ્યા, તે દક્ષિણ દિશા પ્રત્યે આદિકૂર્મ નામે જે, તીર્થક્ષેત્ર તેને પામ્યા. અને ત્યાંથી મહા વનને વિષે ચાલતા થકા માનસપુરમાં આવ્યા. ત્યાં તે પુરનો સત્રધર્મા નામે રાજા હતો તે પોતાનો આશ્રિત થયો. અને તે રાજાદ્વારા ચાર હજાર અસુરોનો પરાભવ કરાવતા સતા, ત્યાં થકી ચાલ્યા તે વેંકટાદ્રિને પામ્યા અને ત્યાં કેટલાક દિવસ રહીને ત્યાં થકી ચાલ્યા તે સેતુબંધ રામેશ્વર ગયા. અને તે તીર્થમાં કેટલાક દિવસ રહીને ત્યાં થકી ચાલ્યા તે વચ્ચે એક ગામ આવ્યું. તે ગામના ગોંદરે નદીના કાંઠે પીપળાના વૃક્ષ નીચે પોતાનું આસન પાથરીને બેઠા. તે સમયે ગામમાં એક ભાવસારની સ્ત્રીને પોતાનો એકજ પુત્ર હતો. તે પ્રત્યે એમ બોલી જે, હે પુત્ર ! તને હું ભાતું કરી આપું તે લઈને ગમે તે જગ્યાએ જઈને ભગવાનને કોટી ઉપાયે કરીને ઓળખીને આપણા ઘરે બોલાવી લાવ. અને મારૂં કહેલું વચન પાળે તો મારો પુત્ર ખરો, નહીં તો મારે પેટ તું પથરો પડ્યો છે એમ હું સમજું છું. કેમ જે, તારા પિતા તો મહા ભગવદીય હતા અને તું એક ક્ષણમાત્ર પણ પ્રભુને સંભારતો નથી. માટે આ ભાતું લઈને જા. તે ભગવાન મળે તો બોલાવીને પાછો ઘેર આવજે. નહીં તો મારે તારૂં કામ નથી. અને તેમ કરતાં પણ શોધ્યા અને લીધા સિવાય ઘરે આવીશ તો હું ગમે તેમ કરીને મારા દેહનો ત્યાગ કરી દઈશ. આવી રીતનાં પોતાની માતાનાં વચન સાંભળીને તે પુત્ર ભગવાનદાસ એમ બોલ્યો જે, હે માતા ! તમો આ બધી વાતો કહો છો તે સાચી, પરંતુ હું ભગવાનને

કેવી રીતે ઓળખી શકું? ત્યારે ડોસી બોલ્યાં જે, ભગવાન હશે તે તેમના બે ચરણમાં સોળ ચિહ્ન હશે, અને તેમના શરીરનો પડછાયો પણ પડતો નહીં હોય અને દીવો કરીને સામો મૂકીશ એટલે સોંસરો દેખાશે, એ તને હું નિશાનીઓ બતાવું છું. તે સમયે તે છોકરાની સ્ત્રી બોલી જે, હે સ્વામિન્ ! હવે તમો તો પરદેશ વનમાં જશો અને તે વનમાં જતાં પણ ભગવાન મળે તો બહુ સારૂં અને પાછા તેડીને ઘેર આવો, પરંતુ કદાપિ ન મળ્યા, તો મારી શી દશા થશે? એમ કહીને તે સ્ત્રી રૂદન કરવા લાગી. ત્યારે છોકરો બોલ્યો જે, હે સ્ત્રી ! તું શા માટે રૂદન કરે છે. જો આપણાં માતુશ્રી સાચા ભાવથી મને કહેતાં હશે અથવા હું સાચા ભાવથી ખોળવા જઈશ અને તારો પણ સાચો પ્રેમ હશે અને તું બરાબર પતિવ્રતા હોઈશ તો જરૂર મને ભગવાન મળશે.અને હું હમણાં દસ પંદર દિવસમાં ખોળીને હાલ પાછો આવું છું. એ વાતમાં તું જરાએ સંશય રાખીશ નહીં, કેમ જે ભગવાન તો અંતર્યામી છે, તે આવો આપણો સાચા દીલનો ભાવ જોઈને કેમ નહીં મળે ? જરૂર મળશે અને તે છતાં જો એમનો આપણો સંબંધ નહીંજ થવા દેવો હોય તો તો સર્વેની જીવન દોરી એમના જ હાથમાં છે. તે છોકરો પોતાની સ્ત્રીને આવી રીતનાં વચન સંભળાવીને ધીરજ આપીને માતાએ કરેલું ભાતું લઈને, એકજ ભગવાન ઉપર ટેક રાખીને ભગવાનને શોધવા સારૂં ચાલ્યો તે ગામના ગોંદરે નદીના કિનારેથી ઉતરવા ગયો, ત્યારે કૃપાળુ એવા જે, શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે એ ત્રણ માતા, પુત્ર અને સ્ત્રી તેમનો સાચો ભાવ અંતર્યામી-પણે જાણીને તે છોકરા પ્રત્યે બોલ્યા જે, હે ભગવાનદાસ ! તમો કયાં જાઓ છો ? અહીં આવો. તેવું સાંભળીને પોતાના મનમાં જરાએક ખચકાઈને ઘડી એક સુધી તો ત્યાં ને ત્યાં ઉભો રહીને વિચાર કરવા લાગ્યો જે, આ તે કોણ હશે ? હું તો એમને ઓળખતો નથી અને તેમણે મારૂં નામ લીધું માટે હું એમની પાસે જાઉં એમ જાણીને તત્કાળ પોતે

તેમની પાસે ગયો અને પોતાના વૃત્તાન્તની સર્વે વાર્તા કહી. તે સાંભળીને શ્રીનીલકંઠ બ્રહ્મચારી બોલ્યા જે, ભલે તમારો સાચો ભાવ હશે. તો હમણાં હાલજ તમોને ભગવાન મળશે. કેમ જે ભગવાન તો અંતર્યામી છે અને સર્વેના અંતરની જેવી ઈચ્છા હોય તે પૂર્ણ કરે છે. એમ કહીને વળી બોલ્યા જે, હે ભાઈ ! અમારા પગે નદી ઉતરતાં કાંટો વાગ્યો છે, તે વેદના બહુ કરે છે માટે કાઢો તો બહુ સારૂં. ત્યારે બોલ્યો જે, લાવો. એમ કહીને તેમના પગ પોતાના ઢીંચણ ઉપર મૂકીને જોવા જાય છે. ત્યાંતો પગમાં નવ ચિહ્ન તેને માલુમ પડતાં હતાં. તે જોઈને બોલ્યો જે, હે જોગી મહારાજ ! આ તમારા ચરણમાં તો કાંટો નથી. માટે બીજો ચરણ લાવો. જોઉં. તેમાં કયાંય છે ? એમ કહીને તે ચરણ પણ પોતાના ઢીંચણ ઉપર મૂકીને જોવા લાગ્યો, ત્યાં તો તે ચરણમાં સાત ચિહ્ન દીઠાં. એવી રીતે બે ચરણમાં થઈને સોળ ચિહ્ન દેખીને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો જે, જાણો વા ન જાણો પરંતુ જરૂર આ ભગવાન છે. એમ વિચાર કરતો સતો એકદમ બોલી ઉઠ્યો જે, હે બાલાજોગી મહારાજ ! તમો તો સાક્ષાત્ ભગવાન છો અને અમારા ત્રણ માણસના ઉપર દયા કરીને તમો અહીં પધાર્યા છો. માટે તમો મારે ઘેર ચાલો. મારા માતુશ્રી તમોને બહુજ ઈચ્છે છે અને તમારા માટે આટલો દાખડો કરવો પડત. આવી રીતે અતિ સ્નેહે સહિત નિર્માનીપણાની વંદના કરીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને પોતાને ઘેર લઈ જઈને અતિ હર્ષનો ભર્યો ઉંચે સાદે કરીને બોલ્યો જે, હે માતા ! તમે કયાં ગયાં ? જુઓ, હું આ ભગવાનને લઈ આવ્યો. તેવું સાંભળીને બન્ને સાસુવહુ તત્કાળ ઘરમાંથી બહાર નીકળી આવ્યાં, ત્યાંતો આંગણામાં ઉભેલા હતા તેમની છાયા ન જોઈને જાણ્યું જે, જરૂર આ ભગવાન છે. એમ જાણીને અતિ હેતે સહિત ચરણારવિંદમાં મસ્તક મૂકીને વિનંતી સહ પગે લાગીને આસન આપીને ઉપર બિરાજમાન કરતાં હતાં. ત્યારે બોલ્યા જે, હે ડોસીમા ! તમારો ત્રણે

**જણાનો પ્રેમ જોઈને તમોને દર્શન દેવા સારૂં અમો આવ્યા છીએ. પછી તે બન્ને જણ સાસુ-વહુ અતિ પ્રેમે સહિત રસોઈ કરીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને જમાડતાં હતાં. અને દીવો કરીને સામો મૂક્યો કે સોંસરો દેખાવા લાગ્યો. તે જોઈને ત્રણે જણ નિશ્ચય કરતાં હતાં. ત્યાર પછી તે ડોસી પોતાનાં સગાંસંબંધીને કહેતી હતી જે, ચાલો દર્શન કરવા. અમારે ઘરે ભગવાન પધાર્યા છે. તેવું સાંભળીને સર્વે જન વિચાર કરવા લાગ્યાં જે આ ડોસી શું બોલે છે ? જે મારે ઘેર ભગવાન આવ્યા અને દર્શન કરવા ચાલો. આ વાતની કંઈ ખબર પડતી નથી. એમ કહેતાં સતાં તે સર્વે જન મળીને શ્રીનીલકંઠ બ્રહ્મચારી પાસે આવતાં હતાં.ત્યારે તો પોતાનું શંખ, ચક્ર, પદ્મ, ગદા એ ચાર આયુધે સહિત ચતર્ભુજ શ્રીકૃષ્ણ રૂપે દર્શન આપતા હતા. ત્યારે તે સર્વે આવેલાં જન આવું મહા અદ્‌ભુત્ ચરિત્ર જોઈને મહાવિસ્મય પામતાં સતાં વંદના કરીને પગે લાગતાં હતાં.પછી તે ડોસી, છોકરો અને સ્ત્રી એ ત્રણે જણને અતિ નિષ્કામી જાણીને કહ્યું જે, તમો ત્રણે જણ દંઢાવ્ય દેશમાં ગામ શ્રીવડનગરને વિષે ઝુમખરામ ભાવસારને ઘેર જન્મ ધારણ કરશો. અને ત્યાં અમારો યોગ થશે અને અમારા અક્ષરધામને પામશો. એવી રીતનો તે ત્રણે જણને વર આપ્યો અને ત્યાં એવી રીતનું ઐશ્વર્ય ધૂળીયા-માલેગામના સર્વે જનને બતાવતા સતા, ત્યાં ત્રણ દિવસ રહીને તેમની સેવા અંગીકાર કરીને ત્યાં થકી ચાલતા હતા.**

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે જગન્નાથપુરીને વિષે કેટલાય અસુરોનો નાશ કરાવ્યો તથા સેતુબંધ રામેશ્વર ગયા તથા ભગવાનદાસને, તેની માતુશ્રીને અને તેની સ્ત્રી એ ત્રણ જણને મોક્ષરૂપી વર આપ્યો. એ નામે એંશીમો અધ્યાય પૂરો થયો. ।।૮૦।।

## અધ્યાય- ૮૧ :- બુરાનપુરમાં વરદાન, કાનદાસ પટેલને આશીર્વાદ, વનવિચરણ.

હે રામશરણજી ! ત્યાં થકી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે કેટલેક દિવસે શ્રીરંગક્ષેત્રમાં જઈને બે માસ પર્યંત રહેતા હતા. અને વૈષ્ણવો સાથે સંવાદ કરતા સતા તેમને વિષે જે દુરાચાર તેનો ત્યાગ કરાવતા હતા. પછી ત્યાં થકી ચાલ્યા તે સુંદરરાજ નામે જે વિષ્ણુ તેમનાં દર્શન કરીને, ત્યાં થકી ચાલતા થકા માર્ગને વિષે એક ઘોર વન આવ્યું તેને ઉલ્લંઘીને આગળ ચાલ્યા, તે ભૂતપુરીને પામ્યા. અને ત્યાં શ્રીરામાનુજ આચાર્યની પ્રતિમાનું દર્શન તથા પૂજન કરીને ત્યાં થકી પદ્મનાભ ગયા. અને ત્યાંથી જનાર્દન ગયા. અને ત્યાંથી આદિકેશવ નામે જે વિષ્ણુ તેમનાં દર્શન કરીને, ત્યાં થકી ચાલ્યા તે મલયાચલ નામે જે કુલગિરી તેને પામતા હતા. અને સાક્ષીગોપાલ નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરતા થકા ત્યાં પાંચ દિવસ રહેતા હતા. અને ત્યાંથી ચાલ્યા જે નીલકંઠ બ્રહ્મચારી તે કેટલાક દિવસે બુરાનપુર શહેર આવ્યું. તે શહેરની સમીપે વહેતી જે તાપી નદી તેના રાજઘાટે સ્નાન કરીને એક મોટી પથ્થરની શીલા ઉપર બેસીને પોતાનો નિત્યવિધિ કરતા થકા, શ્રીઠાકોરજીની સેવા કરવા લાગ્યા.તે સમયે જીનાવાદના આહિરોની કેટલીક સ્ત્રીઓ દહીંના ગોરસાં લઈને શહેરમાં વેચવા માટે જતી હતી. તે શ્રીનીલકંઠ બ્રહ્મચારીને પૂજા કરતા જોઈને, આ બાવો કોઈ મહાતપસ્વી અને ચમત્કારી છે એમ જાણીને પૂછ્યું જે, હે જોગીરાજ! કંઈ જમશો? ત્યારે શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ કહ્યું જે, શું આપશો? ત્યારે તેણે કહ્યું જે, અમારી પાસે દહીં છે. ત્યારે કહે બહુ સારૂં, લાવો. પછી અતિ પ્રેમથી પોતાના ગોરસમાંથી દહીં કાઢીને આપતી હતી. તેને નૈવેદ્ય કરીને પોતે અતિ સ્નેહથી જમી તૃપ્ત થઈને સર્વે સ્ત્રીઓને પોતાનું શ્રીકૃષ્ણ રૂપે દર્શન દેતા હતા. ત્યારે તો અતિશય સ્નેહ થકી તે સર્વે દહીંનાં

ગોરસાં તેમની પાસે મૂકીને વિનંતીપૂર્વક પગે લાગીને બોલી જે, અહો હે મહારાજ ! તમો તો સાક્ષાત્ કાનજી છો. તે આ સર્વે અમારૂં દહીં જમીને અમારૂં કલ્યાણ કરો. તેવું સાંભળીને તત્કાળ પોતે જેટલાં ગોરસાં હતાં તે સર્વે દહીં જમતાં થકા બોલ્યા જે, હે ગોપીઓ ! તમો પાછાં કચ્છ દેશને વિષે જન્મ પામશો તેથી અમારો યોગ થશે. ત્યાં હું તમારૂં સર્વેનું કલ્યાણ કરીશ. એવી રીતનો વર પામીને તે સર્વે સ્ત્રીઓ મહા આશ્ચર્ય પામતી સતી પોતાના ઘેર જતી હતી. ત્યાર પછી નીલકંઠ બ્રહ્મચારી ત્યાં થકી ઉઠીને ચાલવાની તૈયારી કરે છે, તેટલામાં તો એક પ્રભુદાસ નામનો વણિક ત્યાં આવ્યો, તે આવીને તપસ્વી બાલાજોગીને જોઇને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો જે, આમની નાની અવસ્થા છે ને તીર્થમાં ફરવા નીકળ્યા છે. તે મહાતપસ્વી અને પવિત્ર પણ બહુ જણાય છે. માટે મારી પાસે ધનમાલ ખાનાર કોઇ નથી અને પૈસા પણ ઘણા છે. માટે તે જો બ્રાહ્મણાદિક ઉત્તમ જ્ઞાતિના હોય તો આ સર્વે મારૂં ધનમાલ એમને સોંપી દઉં અને મારા ઘરે રાખું. એમ સંકલ્પ કરે છે, ત્યારે તે સંકલ્પ અંતર્યામીપણે જાણીને બોલ્યા જે, હે પ્રભુદાસ ! અમો તો ગામમાં કોઇના ઘેર જતા નથી. અને તીર્થયાત્રા કરવા નીકળ્યા છીએ. આવું તે બાલાજોગીનું વચન સાંભળીને મહા આશ્ચર્ય પામતો સતો એમ વિચાર કરવા લાગ્યો જે, આ તો કોઇક મોટા પુરુષ છે. તે મારા અંતરની સર્વે વાત જાણીને મને કહીં. માટે જરૂર આમને ગમે તે ઉપાયે કરીને મારા ઘેર લઇ જવા. એમ વિચાર કરે છે તેટલામાં તો તે વણિકને પોતાનું શ્રીરામચંદ્રજી રૂપે ચતુર્ભુજ દર્શન દેતા હતા. ત્યારે અતિ ગદ્ગદ્ કંઠ થયો થકો, શ્રીનીલકંઠ બ્રહ્મચારીના ચરણમાં પોતાનું મસ્કત મૂકીને બે હાથે વિનંતીપૂર્વક પગે લાગતો હતો. અને બોલ્યો જે, હે મહારાજ ! તમો તો સાક્ષાત્ મારા ઈષ્ટદેવ શ્રીરામચંદ્રજી છો, તે મારા જીવનું સારૂં કરો. ત્યારે દયાળુ એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે એ વણિકને પૂર્વનો

મુમુક્ષુ જાણીને તે પ્રત્યે બોલ્યા જે, અમો કોઈના ઘેર તો જતા નથી, પરંતુ તારી શ્રદ્ધાપૂર્વક અહીં સીધું લાવ. ત્યારે તે વણિક સીધું લાવ્યો, તેની બાટીઓ કરીને શાલગ્રામને નૈવેદ્ય ધરી, જમીને પ્રસન્ન થયા થકા તે બોલ્યા જે, જા તારા જીવનું સારૂં થશે. અને તું અમારા વચને કરીને સદ્‌ગતિ પામીશ. એવી રીતનો વર આપીને ત્યાં થકી ચાલ્યા તે નાસીકપુર પ્રત્યે આવ્યા. ત્યાં ત્ર્યંબકેશ્વર મહાદેવનાં દર્શન કરીને ત્યાં થકી ચાલ્યા તે કેટલાક દિવસે કરીને સુરત શહેર આવ્યા. અને ત્યાં તાપી નદીમાં સ્નાન કરીને ત્યાં થકી ચાલ્યા. તે ભરૂચમાં નર્મદા નદીમાં સ્નાન કરતા સતા કેટલાક દિવસ ત્યાં રહીને ચાલ્યા તે મહા નદી ઉતરીને ગામ બોચાસણમાં આવતા હતા. અને ત્યાં કાનદાસ પટેલના ખેતરમાં ઉતારો કરીને કૂવા ઉપર સ્નાન કરવા ગયા, ત્યારે કાનદાસ તો પોતાના ઘેર ઓટલા ઉપર બેઠા હતા. તેમને આકાશવાણીએ કહ્યું જે, હે કાનદાસ ! તમો તો બેઠા બેઠા કેવાય મનસુબા કરો છો અને તમારા ખેતરમાં તો પોતે સાક્ષાત્ ભગવાન પધાર્યા છે. તે હમણાં કૂવે સ્નાન કરીને પોતાનું ષટ્‌કર્મ કરીને ત્યાંથી ચાલી નીકળશે. માટે તમો દર્શન કરવા સારૂં અત્યારે જ જાઓ. તેવું સાંભળીને કાનદાસ ઓચિંતા ઉઠીને ઉભા થઈને પોતાની માતાને કહ્યું જે, હે માતા ! ચાલો, આપણા ખેતરમાં ભગવાન પધાર્યા છે, તે દર્શન કરીને આપણે ઘેર તેડી લાવીએ. ત્યારે તે ડોસી બોલ્યાં જે, હે ભાઈ ! મારે તો આજે બ્રાહ્મણ જમાડવાના છે તે રસોઈ કરવા માંડી છે. માટે તમો જઈને તેડી લાવો. ત્યારે કહ્યું જે, બહુ સારૂં. એમ કહીને તેડવા સારૂં જાય છે. તેટલામાંતો તે વાતને કેટલાક જન સાંભળીને એક બીજાને કહેવે કરીને, આખા ગામનાં માણસ તે કાનદાસની સાથે ખેતરમાં જવા ચાલ્યાં. ત્યાંતો તે સર્વેને આવતા જોઈને બે ખેતરવા છેટેથી પોતે હજારો વિમાન સહિત તેજના સમુહરૂપે દર્શન દેતા હતા. ત્યારે સ્થિર થયાં છે મન જેમનાં, એવા હજારો જન આશ્ચર્ય

પામતા સતા તે કાનદાસ પ્રત્યે બોલ્યા જે, અહો, ભાઈઓ ! આવું તેજ તો સાક્ષાત્ સૂર્યનારાયણમાં પણ ન હોય, માટે હવે તો આ તેજ લીન કરીને પોતાનું દર્શન આપે તો ઘણું સારૂં. એમ કહે છે તેટલામાંતો તે વાતને અન્તર્યામીપણે જાણીને તે સર્વે તેજ અદ્રશ્ય કરીને પોતાનું શ્રીનીલકંઠ બ્રહ્મચારી રૂપે દર્શન દેતા હતા. પછી તે સર્વે જન પગે લાગીને સ્તુતિ કરવા લાગ્યા અને કાનદાસ બોલ્યા જે, હે મહારાજ! હવે તો મારે ઘેર પધારો. એમ કહીને સાથે લઈને પોતાને ઘેર લાવતા હતા. ત્યારે સર્વે બ્રાહ્મણોની જમવાની પંક્તિ થયેલી હતી. ત્યારે કાનદાસ બોલ્યા જે, હે મહારાજ ! તમો આ જળથી સ્નાન કરીને જમવા પધારો. ત્યારે પોતે સ્નાન કરીને જમવા બિરાજ્યા અને તે સમયે પતરાળામાં લાડુ પીરસ્યા. ત્યારે એક લાડુમાંથી થોડીક કોર ભાંગી, પોતાના મુખમાં મૂકીને બેસી રહ્યા. ત્યારે કાનદાસની માતુશ્રી બહાર ઓસરીમાં આવીને જુવે, ત્યાં તો પોતાને અતિશય હેત આવી ગયું અને બેસીને પગે લાગીને બોલ્યાં જે, હે મહારાજ ! જમતા કેમ નથી ? ત્યારે કહ્યું જે, અમોને દૂધ આપો તો જમીએ તે સમયે સાંજના બે વાગ્યે તે ડોસી ભેંસ દોવા બેઠાં. તે પોતાની ઈચ્છા થકી ભેંસ દૂધ દીધું. એટલે તે દૂધ લાવીને પાત્રમાં આપ્યું. ત્યારે તે દૂધ અને ભાત જમતા સતા વાળુ કરીને એમ બોલ્યા જે, હે કાનદાસ ! તમારા પરિવારમાં સારા ભગવાનના ભક્ત થશે. એવી રીતનો આશીર્વાદ આપતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે આહીરોની કેટલીક સ્ત્રીઓને મોક્ષ રૂપી વર આપ્યો, અને બુરાનપુરના વણિકને મોક્ષ રૂપી વર આપ્યો અને કાનદાસ પટેલને આશીર્વાદ આપ્યા. એ નામે એકયાશીમો અધ્યાય પૂરો થયો. ।।૮૧।।

## અધ્યાય- ૮૨ :- ખોડાભાઈના સદાવ્રતમાં ગયા, ભીમનાથ થઈને લોજપધાર્યા.

હે ભાઈ ! ત્યાં થકી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે જેતે ભાલદેશમાં ગામ બુધેજ આવતા હતા. અને ત્યાં ખોડાભાઈ ગરાસીયાને ઘેર સદાવ્રત લેવા ગયા ત્યારે, તે વખતે ખોડાભાઈનાં માતુશ્રી આંગણામાં માંચી ઉપર બેસીને સદાવ્રતમાં જુવાર આપતાં હતાં. ત્યારે પોતે પણ ત્યાં જઈને ઉભા રહ્યા. એટલે તેમને પણ સર્વેની સાથે તે જુવાર આપવા લાગ્યાં. ત્યારે બોલ્યા જે, અમો તો જુવાર લેતા નથી. તૈયાર ભોજન હોય તો આપો. તેવું સાંભળીને તેની માતા બોલ્યાં જે, હે ભાઈ ! અમો તૈયાર ભોજન તે કેટલાંકને આપતા ફરીએ ? આ જુવાર તમારે લેવી હોય તો લ્યો. નહીં તો ચાલ્યા જાઓ, તમારા જેવા તો ઘણાય આવે છે. ત્યારે બોલ્યા જે, અમારા જેવા તો આ તમારા સદાવ્રતમાં કોઈ આવ્યા નથી.અને આવશે પણ નહીં. ત્યારે તે બાઈ બોલી જે, તમારા જેવા તો શું, પણ મોટા મોટા પાંચ પાંચ હાથ ઉંચા અને મોટી જટાવાળા ઘણાક આવી ગયા. ત્યારે કહે જે, ભલે આકાશે અડે એવા મોટા આવ્યા હશે. પરંતુ અમારા જેવા તો કોઈ નહીં આવ્યા હોય. એવો મર્મ કહીને તે આપેલી જુવારમાંથી બે દાણા પોતાના મુખમાં નાખીને બીજી સર્વે જુવાર લીંબડા તળે ચોતરા ઉપર કબુતરોને નાખી દઈને ત્યાં થકી ચાલ્યા. તેટલામાં તો ખોડાભાઈ કોઈક કારણસર બહારગામ ગયા હતા. તે આવ્યા. ત્યારે તેમની માતુશ્રી તે વાત વિસ્તારે સહિત કહેતાં હતાં. અને શ્રીનીલકંઠ બ્રહ્મચારી તો ગામને ગોંદરે કૂવા ઉપર જઈને, પોતાનો હાથ કૂવામાં લાંબો કરીને કઠારી જળની ભરી, પીને ચાલી નીકળ્યા. તે આવું મહા અદ્‌ભુત ચરિત્ર જોઈને તે કૂવા ઉપરની બાઈઓ વિસ્મય પામી. તે વાતને કહેવા સારૂં ખોડાભાઈના ઘેર આવીને વિસ્તારે સહિત વાત કહેતી હતી. તે સાંભળીને પોતે વિચાર કરવા લાગ્યા જે આ તે શી

વાત કરે છે! મારા સદાવ્રતમાં ભગવાન આવી ગયા કે શું ? એમ વિચાર કરતા સતા પોતાના ઘોડા ઉપર સ્વાર થઈને ચારે તરફ પાંચ પાંચ સાત સાત ગાઉના આશરે ફરીને જોયું. પરંતુ ક્યાંય પત્તો ન લાગતાં, પોતાના મનમાં અતિશે ઉદાસ અને દીલગીર થયા. આવો તેનો પ્રેમ જોઈને શ્રીબાલાજોગીએ દર્શન દીધું અને પછી તુરત અદ્રશ્ય થઈ ગયા. તેથી પાછા અતિ પશ્ચાતાપ કરતા સતા પોતાને ઘેર આવીને પોતાનાં માતુશ્રીને ઠપકો આપવા લાગ્યા જે, હે કર્મની અભાગણી ! આવા નાના બાળરૂપે પોતે સાક્ષાત્ શ્રીરામચંદ્રજી હશે. નહીં તો સાક્ષાત્ પૂર્ણ પરુષોત્તમ ભગવાન પોતે અક્ષરધામમાંથી પધારીને આપણા ઘેર આવ્યા અને તમોએ ઓળખ્યા નહીં. તેવું સાંભળીને તે પણ મહા પશ્ચાતાપ કરતાં સતાં ઉદાસ થઈ ગયાં. ત્યાર પછી કેટલાક દિવસ ગયા બાદ તે સદાવ્રતના પુણ્યે કરીને શ્રીવડતાલ ગામને વિષે મહારાજનો યોગ થયો. ત્યારે અતિ વિનંતીપૂર્વક પગે લાગીને ભગવાનપણાનો દ્રઢ નિશ્ચય કરીને મહા ભગવદીય ભક્ત થયા હતા.

હે રામશરણજી ! ત્યાર પછી ત્યાં થકી ચાલ્યા તે ગામ ગોરાડામાં આવ્યા.અને તે ગામના ચોરામાં ત્રણ દિવસ રહીને આહીર બોઘા એ આદિકની કેટલીક સ્ત્રીઓ દહીંનાં ગોરસાં લાવીને જમાડતી હતી.તેથી શ્રીનીલકંઠ બ્રહ્મચારી અતિશય પ્રસન્ન થઈને મોક્ષરૂપી વર આપતા હતા. અને કૂવામાંથી જળની કઠારી ભરીને ચાલ્યા, તે સાભ્રમતિ ગંગા ઉતરીને ભીમનાથ જતા હતા. અને ત્યાં કેટલાક દિવસ રહીને શ્રીમહાદેવજીનાં દર્શન કરતા સતા ત્યાં રહેતા અતીતોએ શ્રીનીલકંઠ બ્રહ્મચારીને અતિશે તપસ્વી જાણીને અતિ પ્રેમ વડે કરીને સેવા કરી. તેથી પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવીને ત્યાં થકી ચાલ્યા તે કેટલેક દિવસે ગોપનાથ મહાદેવને પામતા હતા. અને ત્યાં ત્રણ દિવસ રહીને ત્યાં થકી ચાલ્યા તે સોરઠ દેશને વિષે લોઢવા ગામમાં આવ્યા. અને ત્યાં ચારણના ચોરામાં ઉતર્યા

એટલે તે ગામમાં એક ચારણને આત્માનંદ સ્વામીનો થોડોક સમાગમ થયેલો હતો. પછી તે ચારણે શ્રીનીલકંઠ બ્રહ્મચારીને તે આત્માનંદ સ્વામીની થોડીક વાત કરી. તે સાંભળીને તે ચોરામાં એક માસ રહ્યા. અને તે ચારણની સ્ત્રી લખુબાઇ તે બ્રહ્મચારી વેષે રહ્યા જે બાલાજોગી, તેમને બહુ ત્યાગી અને તપસ્વી જાણીને અતિ હેતપૂર્વક છેટે રહીને સેવા કરતી હતી. પછી શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ વિચાર કર્યો જે, આમાંથી બંધન થશે. એમ જાણીને ત્યાં થકી પ્રાતઃકાળે વહેલા ઉઠીને દ્વારિકાના માર્ગે નીકળ્યા અને ત્યાંથી થોડેક દિવસે ગામ માંગરોળ બંદરમાં આવ્યા અને ત્યાં પશ્ચિમ તરફ વૈરાગીના અખાડામાં થોડાક દિવસ રહીને, ત્યાં થકી ચાલ્યા તે ગામ લોજપુરની વાવ ઉપર આવ્યા.અને ત્યાં વાવમાં સ્નાન કરીને ચોતરા ઉપર પોતાનો નિત્યવિધિ કરવા બેઠા. તે વખતે રામાનંદ સ્વામીના સાધુ સુખાનંદ સ્વામી તે વાવ ઉપર સ્નાન કરવા માટે આવ્યા. ત્યારે તેમણે શ્રીનીલકંઠ બ્રહ્મચારી મહા તપસ્વી બાલાજોગી રૂપે જોઇને બોલ્યા જે, હે બ્રહ્મચારી ! આ ગામમાં અમારી જગ્યામાં ચાલો. ત્યાં અમારા ગુરુ મુક્તાનંદ સ્વામી છે તે દર્શન કરવા યોગ્ય છે. માટે તમો આવો તો ભલે, નહીં તો એમને અહીં બોલાવીએ. ત્યારે બોલ્યા જે, ના. ચાલો. અમો ત્યાં આવીએ છીએ. એમ કહીને તે સુખાનંદ સ્વામીની સાથે જઇને મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરતા હતા. ત્યારે મુક્તાનંદ સ્વામી છેટેથી વર્ણિને આવતા જોઇને ઓસરી ઉપર બેસીને ગીતાનો પાઠ કરતા હતા તે એકદમ ઉભા થઇને અતિ હેતે સહિત મળીને આસન આપતા હતા. તે આસનને પોતે લગારેક કોરે ખસેડીને પૃથ્વી ઉપર બેઠા. તે જોઇને સ્વામીએ જાણ્યું જે, આતો કોઈક જ્ઞાની જણાય છે. એમ જાણીને ઘણુંક સન્માન કરીને બહુ હેત દેખાડતા સતા પોતાની પાસે રાખતા હતા. પછી બીજા દિવસે સવારના પહોરમાં સભા થઇ, તે સમયે શ્રીનીલકંઠ બ્રહ્મચારી બોલ્યા જે, હે સ્વામિન્ !

જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, અને પરબ્રહ્મ એમનાં જુદાં જુદાં સ્વરૂપ કહી દેખાડો તો, અમો તમારી પાસે રહીએ. ત્યારે નિર્માનીપણે સ્વામી બોલ્યા જે, અમારા ગુરુ શ્રીરામાનંદ સ્વામી પાસેથી જેટલું મારા જાણવામાં આવ્યું છે, તે તમોને કહી દેખાડું છું. એમ કહીને તે પ્રશ્નોના ઉત્તર વિક્તિએ સહિત કર્યા. અને કહ્યું જે, યથાર્થ તો શ્રીરામાનંદ સ્વામી જાણે છે. ત્યારે અતિ પ્રસન્ન થયા થકા બોલ્યા જે, હે સ્વામિન્ ! હવે અમો તમારી પાસે રહીશું. પરંતુ તમારા ગુરુ શ્રીરામાનંદ સ્વામીનાં દર્શન મને કરાવો. ત્યારે સ્વામીએ કહ્યું જે, બહુ સારૂં, પણ તમો અહીં રહો તો થાય. ત્યારે શ્રીનીલકંઠ બ્રહ્મચારી, સ્વામી પાસે રહેતા હતા. એમ કરતાં કેટલાક દિવસ વીતી ગયા પછી શ્રીનીલકંઠ બ્રહ્મચારી તો ઉતાવળા થકા મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા. જે, હે સ્વામિન્ ! તમો રામાનંદ સ્વામીનું ધ્યાન કરો. ત્યારે અમો તમારી વૃત્તિ ભેગી અમારી વૃત્તિ મેળવીને રામાનંદ સ્વામીનાં દર્શન તમારી કૃપાથી કરીશું. પછી જ્યારે સ્વામી ધ્યાન કરવા બેઠા તે વખતે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તો અન્તર્દષ્ટિ કરીને રામાનંદ સ્વામીનું દર્શન શ્રીભુજનગરમાં ગંગારામ મલ્લને ઘેરે યથાર્થ કરતા હતા. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, હે બ્રહ્મચારી ! કહો, સ્વામીની મૂર્તિ કેવી છે ? ત્યારે બોલ્યા જે, રાતાં કમળ જેવાં બે ચરણ છે. અને બે પાનીથી આરંભીને અંગુઠા પર્યંત તે ચરણમાં મોટી ઉભી ઉર્ધ્વરેખાઓ છે. અને મૂર્તિ ઘણી પુષ્ટ છે. અને શ્વેત ધોતી પહેરી છે. ને સુધા ગોરા નહીં તેમ સુધા શ્યામ પણ નહીં, લગારેક ભીનેવાન મૂર્તિ છે. તેવું સાંભળીને મુક્તાનંદ સ્વામીએ પોતાના મનમાં વિચાર કર્યો જે, હજી તો રામાનંદ સ્વામીનું પ્રત્યક્ષ દર્શન થયું નથી અને જેવી સ્વામીની મૂર્તિ છે, તેવીજ વર્ણન કરી દેખાડી, માટે આ બહુ મોટા છે અને નિશ્ચય કોઈ ઈશ્વરનો અવતાર છે, કાં તો રામાનંદ સ્વામી બીજે સ્વરૂપે આપણી પરીક્ષા લેવા આવ્યા છે. એમ જાણીને

**પગે લાગતા હતા.**

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ખોડાભાઇનું સદાવ્રત લેવા ગયા તથા ભીમનાથમાં અતીતોને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું અને લોજપુરમાં મુકતાનંદ સ્વામીને મળ્યા. એ નામે બ્યાશીમો અધ્યાય પૂરો થયો. ।।૮૨।।

## અધ્યાય- ૮૩

## મુક્તાનંદ સ્વામીએ સરજુદાસ નામ પાડ્યું. રામાનંદ સ્વામીને પત્ર લખ્યો.

**હે ભાઈ ! શ્રીનીલકંઠ બ્રહ્મચારી વનમાંથી જ્યારે શ્રીલોજપુર આવ્યા ત્યારે તપે કરીને નાડીઓ બહાર દેખાતી હતી.અને શરીર બહુ કૃશ હતું. અને જો સ્નાન કરવા પધાર્યા હોય તો પાછા જાયગામાં આવવાની કંઈ ખબર રહેતી નહીં. અથવા રસ્તામાં ચાલતાં કંઈ ઠેસ વાગે તો તેની પણ સુરત રહે નહીં.સ્વામી આદિક સર્વે સંતને એમ વાત કરે જે, હે સંતો ! જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, અને પરબ્રહ્મને તો હથેળીમાં જળના ટીપાની જેમ દેખું છું. અને તમારું મન જ્યાં જ્યાં જાય છે તેને પણ હું દેખું છું. એવી રીતે પોતે અદ્ભુત સામર્થ્યવાળા હતા તો પણ પોતે સ્ત્રી માત્રનો ત્યાગ રાખતા. અને જો કોઈ સ્ત્રી ઉપરવાસ નીકળી હોય અને તેના દેહની ગંધ આવે તો, તે દિવસે પેટમાં અન્ન રહે નહીં. એવા મહા વૈરાગ્યવાન અને અતિ સમર્થ હતા. અને જે જે સારૂં પદાર્થ હોય તેને અતિ તુચ્છ અને માયિક જાણીને પોતાને બંધન કરવા સમર્થ નથી. છતાંપણ તેનો અતિશય ત્યાગ રાખતા. અને ભાગવત ધર્મ પ્રવર્તાવવા માટે પોતે પ્રગટ થયા છે માટે જો એવો ત્યાગ પોતે ન રાખે તો બીજામાં પણ એમ પ્રવર્તે કારણ કે, ગીતામાં એમ કહ્યું છે જે, શ્રેષ્ઠ એવો જે પુરુષ થયો તે જે જે આચરણ કરે છે તે તે આચરણને બીજો મનુષ્ય કરે છે. અને તે શ્રેષ્ઠ પુરુષ જે જે પ્રમાણે કરે છે તે તે પ્રમાણે લોક અનુસરે છે.**

એ પ્રમાણે જીવ સર્વે ભ્રષ્ટ થઈ જાત. અને પોતે જે દિવસથી લોજપુરની જગ્યામાં પધાર્યા છે તેજ દિવસથી સ્ત્રી માત્રની તે જગ્યામાં આવવાની બંધી કરાવી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ એમ કહ્યું જે, હવે તમો અમારા ભેગા રહ્યા ત્યારે જેવી અમોને રામાનંદ સ્વામીની આજ્ઞા છે તેવાં વસ્ત્રાદિક તમો રાખો. ત્યારે કહે બહુ સારૂં. જે આજ્ઞા તમોને હોય તે પ્રમાણે અમોને કરો. પછી સ્વામીએ મસ્તક ઉપરથી કેશ ઉતરાવ્યા અને કૌપીન ઉપર પહેરવા બે આચ્છાદન આપ્યાં. અને પહેરવા અલફી તથા ચાદર તથા મસ્તક ઉપર બાંધવા માટે હજુરીયો એટલાં વસ્ત્ર ધારણ કરાવ્યાં અને સરજુદાસજી એવું નામ સ્થાપન કર્યું. ત્યાર પછી સ્વામીએ સહિત સર્વે ધ્યાનમાં બેઠા. ત્યારે એક શ્વાન આવ્યું તે આવીને કંઈક કરડવા લાગ્યું. ત્યારે ધ્યાનમાંથી ઉઠીને મુક્તાનંદ સ્વામીએ હાંકી મૂક્યું. અને ફરીથી વળી તે પદાર્થને કરડવા લાગ્યું. ત્યારે સુખાનંદ સ્વામીએ લગારેક રીસ લાવીને સોટી મારીને કાઢી મૂક્યું. પછી સવારના પહોરમાં સરજુદાસજી બોલ્યા જે, હે સ્વામિન્ ! જે સંત હોય તે તો ગુણાતીત હોય. અને ધ્યાનમાંથી ઉઠીને શ્વાનને સોટી મારીને કાઢી મૂક્યું, તો તે પદાર્થમાં વધારે માલ કે ભગવાનમાં વધારે માલ? તેનો ઉત્તર કરો. અને તમોગુણ આવ્યા વિના ધ્યાનમાંથી ઉઠીને તે શ્વાનને સોટી કેમ મરાય ? એમ કહ્યું. ત્યારે સ્વામી બે હાથ જોડીને બોલ્યા જે, સરજુદાસજી ! એતો મોટી ભૂલ પડી અને પોતાને રામાનંદ સ્વામીનું દર્શન અંતર્યામીપણે થયું છે તો પણ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં વર્તે છે, તો પણ કોઈ જગ્યાએ ભૂલ પડી દેખે તો બોલ્યા વિના રહે નહીં. અને કોઈને ઘાટ સંકલ્પ થાય ત્યારે પોતે અંતર્યામીપણે જાણીને તે વાત સર્વેને કહે અને એમ બોલે જે, તમે તો ભગવાનનાં દર્શન કર્યાં છે તોય તમારી વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં કેમ જોડાતી નથી ? અને નિદ્રા કેમ આવે છે? અને અમે તો હજુ ભગવાનનું પ્રત્યક્ષ દર્શન કર્યું નથી. છતાં

પણ જ્યારે સૂઈ રહીએ છીએ, ત્યારે કાળના ભય થકી નિદ્રા આવતી નથી. અને તમોને ભજન કરતાં નિદ્રા આવે છે. તે જોઈને અમોને મોટું આશ્ચર્ય લાગે છે. એમ બોલતા હતા. અને પોતે તો સાક્ષાત્ જગદ્‌ગુરુ છે. અને પરબ્રહ્મ તેને કાળનો શો ભય હોય ? પણ મુમુક્ષુ જીવના કલ્યાણને અર્થે વૈરાગ્યવાનના જેવી દશાને ગ્રહણ કરતા હતા. અને પોતે મુક્તાનંદ સ્વામીને હમેશાં એમ કહે જે, અમોને સ્વામીનાં દર્શન કરાવો પછી આપણે બન્ને જણ સ્વામીની આજ્ઞા માગીને વનમાં જઈશું. અને જ્યારે તમો ધ્યાનમાં બેસશો ત્યારે તમારા દેહની અમો સંભાળ રાખીશું અને અમો ધ્યાનમાં બેસીએ ત્યારે તમો અમારા દેહની સંભાળ રાખજો. એવી રીતની વાર્તા કરે. અને વળી એમ કહે જે, અમારે તો વનમાં રહેવાનો બહુ અભ્યાસ છે. કાં જે અમો વનમાં એવાં મહા વસમાં ઠેકાણાં તેને વિષે ફરતા અને હજારો હાથી, સિંહ, અરણાપાડા, ચમરી ગાયો એ આદિક બીજાં અનેક જીવ-જંતુવાળા મહા ઘોર વનને વિષે અમો રહેતા. માટે વનમાં રહેવું તેતો અમારે માટે કોઈ કઠણ જ નથી. અમારે તો વસ્તીમાં રહેવું અતિ કઠણ છે. સ્વામીના મનમાં વૈરાગ્યની ઘણીક વૃદ્ધિ થતી હતી. અને મનમાં એમ વિચાર થાય જે, આમની સાથે વનમાં જઈને રહીએ તો ઘણું સારૂં અને વળી એમ કહે જે, કેટલાક રાજા તથા કેટલાક મોટા મોટા સિદ્ધ તથા તપસ્વી તેમના સંગે રહ્યા પણ સાચા સંત અને કલ્યાણની વાર્તા તો અમે અહીંજ દીઠી. અને બીજામાં તો કેવળ દંભ અને અહંકાર રહ્યો છે. કોઈક મુમુક્ષુ હશે, તો તે અહીં આવ્યા હશે નહીં તો હવે આવશે. કાં જે મુમુક્ષુને સત્સંગ વિના બીજે ક્યાંય શાન્તિ થવાનું ઠેકાણું છે જ નહીં. અને જેટલા મતપંથ છે તે સર્વે અમોએ જોયા છે. એવી ઘણીક વાર્તા કરતા હતા. તે સાંભળીને સર્વે સંત બહુ રાજી થતા.આવી રીતની વાર્તા કરતા સતા કેટલાક દિવસો વીત્યા પછી, મુક્તાનંદ સ્વામીએ શ્રીનીલકંઠ બ્રહ્મચારી

**આવ્યાના સમાચાર પત્રમાં લખીને બોલ્યા જે, હે સરજુદાસજી ! તમે પણ એક પત્ર લખો. તેવું સાંભળીને પોતે પણ રામાનંદ સ્વામીના ઉપર પત્ર લખ્યો. અને તે બે પત્રો ભેળા કરીને મુક્તાનંદ સ્વામીએ મયારામ ભટ્ટ સાથે શ્રીભુજનગરને વિષે રામાનંદ સ્વામીને પહોંચાડ્યા. ત્યારે રામાનંદ સ્વામી, ગંગારામભાઈના ઘરમાં પોતાના હજારો સેવકોથી વિંટાણા સતા બેઠેલા હતા. ત્યાં જઈને તે પત્ર આપતા હતા. ત્યારે તે પત્ર અતિ હર્ષથી લઈને ઉખેડવા જાય છે, એટલે અતિ સ્નેહ આવી ગયો છે જેમને, એવા જે શ્રી રામાનંદ સ્વામી તેમનાં બંને નેત્રમાંથી અતિશય હર્ષનાં આંસુ આવી ગયાં. તે જોઈને ગંગારામ મલ્લ તથા સુંદરજીભાઈ વિગેરે સર્વે સભાજનો પૂછવા લાગ્યા જે કેમ, સ્વામી ! તમોનું શું થયું ? ત્યારે સ્વામી તે પત્રની વાર્તા તથા શ્રીનીલકંઠ બ્રહ્મચારી પોતે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન પધાર્યા, એ બે વૃત્તાન્તની વાર્તા કહેવા લાગ્યા. તેજ વખતે કોટી કોટી સૂર્યનો પ્રકાશ તે પત્રમાંથી નીકળતો જોઈને સર્વે ભક્તો મહા આશ્ચર્ય પામી ગયા. પછી તો સ્વામી બોલ્યા જે, હવે અમારે કંઈ કરવું ન રહ્યું. પોતે પુરુષોત્તમ પધાર્યા તેમનો પત્ર આવેલો છે. તે પત્રમાં આટલો ચમત્કાર છે, તો એમની તે શી વાત કરવી ? એમ કહીને પત્રના જવાબમાં લખ્યું જે, હે શ્રીનીલકંઠ બ્રહ્મચારી ! તમો અકળાશો નહીં. અમો થોડાક દિવસોમાં ત્યાં આવીશું. એમ લખી મોકલ્યું. પછી થોડાક માસ ત્યાં રહીને સર્વે હરિજનની રજા માગીને તે ભુજનગરમાંથી રામાનંદ સ્વામી કેટલાક પોતાના સેવકોને સાથે લઈને ચાલ્યા. તે રસ્તામાં મુકામ કરતા થકા કેટલાક દિવસે ગામ પીપલાણામાં આવતા હતા.**

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે મુકતાનંદ સ્વામી આદિક સર્વે સંતોને જ્ઞાન કરતા સતા પોતાને સ્વામીએ દીક્ષા આપીને સરજુદાસજી નામ પાડ્યું તથા શ્રીભુજનગરને

વિષે રામાનંદ સ્વામી ઉપર પત્ર લખ્યા. એ નામે ત્ર્યાશીમો અધ્યાય પૂરો થયો. ૮૩

## અધ્યાય- ૮૪

## શ્રીહરિએ દીક્ષા લીધી અને રામાનંદ સ્વામીનો દેહત્યાગ.

હે ભાઈ ! ગામ પીપલાણામાં આવ્યા જે શ્રીરામાનંદ સ્વામી તે નરસિંહ મહેતાના ઘરમાં પોતે નિવાસ કરીને રહેતા સતા, પોતે પત્ર લખીને કુંવરજી નામે બ્રાહ્મણને શ્રીલોજપુર મોકલતા હતા. બ્રાહ્મણ કાગળ લઈને લોજપુરમાં આવીને મુક્તાનંદ સ્વામીને આપતો હતો. ત્યારે સ્વામી તે પત્ર લઈને સરજુદાસને વંચાવતા હતા. તે વાંચીને બોલ્યા જે, હે સ્વામિન્ ! હવે આપણે સર્વે ચાલો ત્યાં જઈએ. એમ કહીને સ્વામીએ સહિત સર્વે સંત હરિભક્તોને સાથે લઈને ચાલ્યા, તે વચ્ચે ગામ કાલવાણીમાં આવ્યા અને ટીંમણ કરીને પછી સ્વામી ત્યાં રાત્રિ રહેવાનો વિચાર કરે છે ત્યારે, દિલગીર થઈને સરજુદાસજી બોલ્યા જે, હે સ્વામિન્ ! અત્યારે ને અત્યારે સ્વામીનાં દર્શને ચાલો. ત્યારે કહ્યું જે આજે કૃષ્ણપક્ષની દશમી તિથિ છે. તે ચંદ્ર ઉગે ત્યારે ચાલીશું. ત્યારે બોલ્યા જે, આપણે ચંદ્રમા ઉગ્યાનું શું પ્રયોજન છે ? સ્વામીનાં દર્શને જવું તેમાં વિલંબ શા કરો છો ? ત્યારે સ્વામી બોલ્યા જે, પર્વતભાઈ આદિક ગામડાંના હરિભક્તોએ વાયદો કર્યો છે. તે સર્વે હરિભક્તો આવે એટલે ભેગા મળીને જઈએ. તમો દયા કરીને એક પ્રહરવાર ધીરજ રાખો. ત્યારે એમ બોલ્યા જે, સ્વામીનાં દર્શન કર્યા વિના એક પળ જાય છે. તે કોટી કલ્પ જેવી જાય છે. અને તમો તો ધીરજ રખાવતા જાઓ છો. ત્યારે સ્વામીએ કહ્યું જે, હે મહારાજ ! આટલા ઉતાવળા થાઓ છો, પરંતુ ઈશ્વરનું દર્શન તો ઈશ્વરના હાથમાં છે. તે આપણી ઉતાવળે કંઈ કામ સરતું નથી. ત્યારે બોલ્યા જે, કેમ સ્વામી ? આપણી

ઉતાવળે કામ ન સરે ? આપણને જો દર્શનની અતિ આતુરતા છે. તો જરૂર દર્શન કરીશું. ત્યારે સ્વામી બોલ્યા જે, કદાપિ રાત્રિમાં કંઈક વિઘ્ન થયું કે દેહ પડી ગયો તો કેમ દર્શન થાય ? ત્યારે કહ્યું જે, એક વિઘ્નને કોણ ગણે છે ? કોટી વિઘ્ન થાય તો પણ સ્વામીનું દર્શન જરૂર કરવું. આવી રીતનો સંવાદ કરતા થકા ચંદ્રમાનો ઉદય થયો એટલે પર્વતભાઈ, અંબારામ વ્યાસ, જીવરામ સોની, તથા ખીમજી શેઠ એ આદિક કેટલાક હરિભક્તો તૈયાર થઈને આવ્યા. પછી ચંદ્રમાના અજવાળે ભગવદ્વાર્તા કરતા સતા ચાલ્યા, તે ગામ પીપલાણામાં ઓઝત નદીના કિનારા ઉપર બેસતા હતા. ત્યારે તે નદીમાં ચોમાસાના દિવસને કારણે પાણીનું પૂર આવેલું હતું. તેને સર્વેના દેખતે સતે પોતે પાણી ઉપર ચાલીને સામા કિનારે જઈને ઉભા રહ્યા. તે ચરિત્ર જોઈને મુક્તાનંદ સ્વામી આદિક સર્વે સંત હરિજન તો આશ્ચર્ય પામતા સતા, વહાણમાં બેસીને સામે કિનારે જઈને ઉતર્યા. પછી સર્વે ભેગા થઈને ગામમાં જતા હતા. ત્યારે નરસી મહેતાના ઘરમાં રામાનંદ સ્વામીનાં દર્શન કરતા થકા, દૂરથી સ્વામીને દંડવત્ પ્રણામ કરીને પગે લાગતા હતા. તે સમયે રામાનંદ સ્વામી તત્કાળ પોતાના આસન ઉપરથી ઉતરીને ઉતાવળા થકા, સામા જઈને સરજુદાસજી બ્રહ્મચારીને ઉપાડી લઈને અતિ સ્નેહ સહિત ગદ્‌ગદ્ કંઠે થઈને બાથ ભીડીને મળતા હતા. પછી મુક્તાનંદ સ્વામી આદિક સર્વે સંત હરિજનને અતિ સ્નેહ સહિત મળતા હતા. પછી પોતાના આસન ઉપર આવીને જેમ જેને ઘટે તેમ અતિ આદર વડે આસન આપીને બેસારતા હતા. પછી સરજુદાસજીને જોઈને બહુ આનંદ પામતા હતા. અને તેમનું વૃતાન્ત સર્વે તેને પૂછવા લાગ્યા. પછી તે સરજુદાસજી પોતાનું જન્મસ્થાન, કુળ, માતા-પિતા, ગોત્ર, વેદ, પ્રવર, ગુરુ, ઈષ્ટદેવ એ સર્વેને જેમ છે તેમ કહેતા હતા. તથા પોતાનો વૈરાગ્ય તથા પોતે જેમ સ્વજનનો ત્યાગ કર્યો તથા પોતે જેમ વનમાં નિવાસ કરીને રહ્યા તથા

પોતે જેમ નાના પ્રકારે તપશ્ચર્યા કરી તથા પોતે જેમ અષ્ટાંગયોગ સાધ્યો તથા પોતે જેમ તીર્થયાત્રા કરી તથા તે તીર્થમાં રહેનારા જે પાખંડી ગુરુ તેનો જેમ પોતે પરાભવ કર્યો એ આદિક જે જે સર્વે પોતાનું વૃત્તાંત તેને વિસ્તારે સહિત અનુક્રમથી કહેતા હતા. ત્યારે તે સાંભળીને સ્વામી અતિશય પ્રસન્ન થયા.અને શ્રીનીલકંઠ બ્રહ્મચારી પ્રત્યે બોલ્યા જે, હે બ્રહ્મચારી ! તમો તો અમારા છો, કેમ જે, તમારા પિતા ધર્મદેવ પ્રથમ પ્રયાગક્ષેત્રને વિષે અમારાથી જ ભાગવતી દીક્ષા પામ્યા હતા.અને અમારી આજ્ઞાથી મુમુક્ષુજનને ધર્મ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિનો ઉપદેશ કરતા થકા કોશલ દેશમાં રહ્યા હતા. તે ધર્મદેવના તમો પુત્ર છો. અને ગુણથી તો તમારા પિતાથી પણ અધિક છો. એવી રીતનાં વચન સાંભળીને સરજુદાસજી અતિશય પ્રસન્ન થઈ સ્વામી પાસે રહેતા હતા. પછી સંવત્ (૧૮૫૭) અઢારસો સત્તાવનના કાર્તિક સુદી ૧૧ એકાદશીના દિવસે તે સ્વામી થકી ભાગવતી દીક્ષાને ગ્રહણ કરતા હતા. ત્યારે તે સ્વામીએ શ્રીસહજાનંદ સ્વામી તથા નારાયણ મુનિ એ બે નામ પાડ્યાં. પછી પોતે અતિ પ્રીતિએ કરીને તે સ્વામીની સેવા કરતા હતા. ત્યારે રામાનંદ સ્વામીએ સર્વે ગુણે સંપન્ન અને અતિ સમર્થ એવા, શ્રીનારાયણ મુનિને જોઈને પોતાની ધર્મધૂરા તે નારાયણ મુનિને સુપ્રત કરીને, પોતે સંવત્ (૧૮૫૮) અઢારસો ને અઠ્ઠાવનના માગસર સુદી ૧૩ તેરસના દિવસે દેહનો ત્યાગ કરીને, પાછા બદરિકાશ્રમને વિષે પધાર્યા અને દુર્વાસાના શાપથી મુકાયા. પછી શ્રીસહજાનંદ સ્વામી પોતાના ગુરુની દેહક્રિયા યથાવિધિ કરીને તે ધર્મધુરાને ઉપાડી લેતા હતા.અને રામાનંદ સ્વામીના આશ્રિત જે સાધુ બ્રહ્મચારી તથા ગૃહસ્થો હતા તેમને સત્શાસ્ત્રનો ઉપદેશ કરીને સંભાવના રાખતા હતા અને તેમને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડીને પોતાને વિષે તેમના ચિત્તને તાણી લેતા હતા. ત્યાર પછી સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ પોતાના

**શિષ્ય જે, ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા કેટલાક ગૃહસ્થ સત્સંગી તેમણે વિટાંણા થકા સોરઠ, હાલાર, કચ્છ, કાઠિયાવાડ, ઝાલાવાડ,દંઢાવ્ય, ભાલ, ગુજરાત એ આદિક જે સર્વે દેશ તેને વિષે પોતાના પ્રતાપને વિસ્તારતા થકા અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત જે ભક્તિ તેને પ્રવર્તાવતા થકા અને અધર્મનો ઉચ્છેદ કરતા સતા અને અધર્મી એવા જે પાખંડી અસુરાંશ ગુરુ તેનો પરાભવ કરતા થકા વિચરતા હતા. અને શ્રીજી મહારાજ જે જે દેશને વિષે વિચર્યા તે તે દેશના જે જન, તે શ્રીજી મહારાજનાં અલૌકિક આશ્ચર્ય જોઈને ઘણાક આશ્રિત થઈને પ્રગટ પ્રમાણ ભજન કરતા હતા. પછી શ્રીજી મહારાજ તે તેમના ઉત્સાહને અર્થે, તેમની બુદ્ધિની દ્રઢતાને અર્થે, પોતાનું જે નાના પ્રકારનું ઐશ્વર્ય સમાધિએ કરીને દેખાડતા હતા.**

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ગામ પીપલાણામાં રામાનંદ સ્વામીને મળ્યા અને દીક્ષા આપીને સહજાનંદજી તથા શ્રીનારાયણ મુનિ એ બે નામ પાડ્યાં અને રામાનંદ સ્વામી દેહનો ત્યાગ કરીને બદરિ-કાશ્રમને વિષે પધાર્યા. એ નામે ચોર્યાસીમો અધ્યાય પૂરો થયો.॥૮૪॥

## અધ્યાય- ૮૫

## સોરઠ દેશમાં વિચરણ કરી ભુજપધાર્યા.

**હે રામશરણજી ! શ્રીરામાનંદ સ્વામી દેહોત્સર્ગ કર્યા પછી શ્રીજી મહારાજ સોરઠ દેશમાં કેટલાક દિવસ વિચર્યા થકા પોતાનો મહા અલૌકિક પ્રતાપ જણાવીને, જે શ્રીરામાનંદ સ્વામીના આશ્રિતો હતા તથા બીજા કેટલાક જન તે સર્વેને પોતાના સ્વરૂપનો યથાર્થ દ્રઢ નિશ્ચય કરાવીને પોતાના શિષ્ય શ્રીભુજનગરમાં રામાનંદ સ્વામીના સત્સંગી જે રથકાર સુંદરજીભાઈ, હીરજીભાઈ તથા ભગવાનજીભાઈ તથા ગંગારામ મલ્લ તથા ડોસાભાઈ તથા કાયસ્થ મહેતા શિવરામભાઈ**

તથા મહેતા હરજીવનભાઈ તથા લાધીબાઈ એ આદિક બીજાં કેટલાંક હરિજન બાઈભાઈ તેમણે અતિ આદર વડે સન્માન કરીને ભગવાનજી-ભાઈના ડેલામાં ઉતારો કરાવતા હતા. અને ત્યાં શ્રીરામાનંદ સ્વામીનું સદાવ્રત બાંધેલું હતું. તે સદાવ્રત લેવા માટે પૂર્વ દેશના બે વૈરાગી આવ્યા.તેને શીરોપુરી કરીને શ્રીજી મહારાજે પોતે બહુ હેત દેખાડીને જમાડ્યા, એટલે તેમને બહુ સારૂં લાગ્યું. અને કેટલાક દિવસ ભેગા રહ્યા. અને સમાધિઓ આદિક ઘણોક શ્રીજી મહારાજનો પ્રતાપ ઐશ્વર્ય જોઈને અંતરમાં શાંતિ પામતા હતા. પછી એક દિવસે શ્રીજી મહારાજે તેમને પૂછ્યું જે, તમો ક્યાંથી આવ્યા છો? ત્યારે તે વૈરાગી બોલ્યા જે, અમો તો સરવરીયા બ્રાહ્મણના પુત્ર હતા, બાળપણામાંથી જ ઘરનો ત્યાગ કરીને કલ્યાણને અર્થે જગન્નાથપુરીમાં મૂંડાઈને રહ્યા હતા. પછી એક નાનો બ્રહ્મચારી પંચતીર્થી કરતો સતો તપસ્વીના વેષે ત્યાં આવ્યો. તેણે ત્યાં રહેનારા બીજા કેટલાક વૈરાગીઓને પરસ્પર વિરોધ કરાવ્યો, તેથી કેટલાક વૈરાગી કપાઈ મૂવા અને કેટલાક ઘાયલ પણ થયા અને અમો બે જણ તો જીવ લઈને નાઠા તે બચી ગયા.એટલે કેટલાંક તીર્થમાં ફરતા ફરતા શ્રીદ્વારિકાનાથ જતા હતા.તે આ સદાવ્રત લેવા સારૂં અહીં આવ્યા અને આ તમારો યોગ થયો. તેથી અહીં અમારા અંતરમાં શાંતિ થઈ. એવી રીતે વિસ્તારે સહિત વાર્તા કરી તે સાંભળીને શ્રીજી મહારાજ મંદમંદ હસીને બોલ્યા જે, હવે દ્વારકાનાથ જાઓ. ત્યારે કહ્યું જે, હે મહારાજ ! હવે તો ક્યાંય જવું નથી. તમારા ભેગું અહીં સત્સંગમાં રહેવું છે. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, શું સમજીને રહેશો? અને સમજ્યા વિના તો જગતમાં પણ કોઈ રહેતું નથી અને જેને એમ સમજાણું છે જે, આપણે શહેરમાં રહેવું તે ઠીક છે તે શહેરમાં રહે છે અને જેને એમ જાણ્યું છે જે, આપણે ગામડામાં રહેવું તે ઠીક છે, તે ગામડામાં રહે છે. અને જેને વન પર્વતમાં રહેવું ગમે છે તે ત્યાં રહે છે.

માટે આ સંસારમાં જ્ઞાની અથવા અજ્ઞાની તે સર્વે સમજણને વિષે રહે, પણ શહેર આદિક જે રહેવાનાં ઠેકાણાં કહ્યાં છે. તેમાં કોઈ રહેતું નથી. માટે આ બધું વિશ્વ સમજણને વિષે રહે છે. અને તમો અમારા સત્સંગમાં શું સમજીને રહેશો ? ત્યારે બોલ્યા જે, હે મહારાજ ! અહીં તમારા સત્સંગને વિષે કલ્યાણનું ઠેકાણું અમે જોયું. તેથી અમો મનમાં તપાસ કરીને રહ્યા છીએ. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, દ્વારકાનાથ જાઓ, અગર બદ્રિનારાયણ જાઓ, તે સર્વે કલ્યાણનાં ઠેકાણાં છે, તેવું સાંભળીને અતિ નિર્માની થકા બોલ્યા જે, હે મહારાજ ! અમારે તો તમારાં દર્શનને વિષે સર્વે સાધન સંપૂર્ણ થઈ રહ્યાં છે. અને જેમ તમો કહો તેમ કરવું છે, અને તમો જ્યાં મોકલશો ત્યાં અમારે રાજી થઈને જવું છે. તેવાં દીનપણાનાં વચન સાંભળીને બહુ પ્રસન્ન થતા હતા.

પછી શ્રીહરિ હમ્મીરસર તળાવમાં આથમણા આરે સ્નાન કરી આવીને, પાઠ પૂજા નિત્યવિધિ કરી રહ્યા. એટલે સુંદરજીભાઈ પોતાને ઘેર જમવા તેડી ગયા.તે જમીને પાછા તે ડહેલામાં આવીને રામાનંદ સ્વામીની નાની પાટ હતી તેના ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન થયા. અને સર્વે સંત હરિભક્ત હેઠે બેઠા. તે સમયે શ્રીજી મહારાજ તે બે આવેલા વૈરાગી પ્રત્યે બોલ્યા જે, કેમ અમારા સાધુ તમો થશો? ત્યારે કહે હા. પછી એક વાળંદને બોલાવીને મુંડન કરાવીને એક એક ભગવી ચાદર ઓઢાડીને દીક્ષા આપીને કૃપાનંદમુનિ તથા વીરભદ્રાનંદ મુનિ એવાં નામ પાડીને કાનમાં મંત્ર આપીને કહ્યું જે, આ સર્વેને દંડવત્ કરીને પગે લાગો.ત્યારે પ્રથમ ગુરુને દંડવત્ કરીને પછી બીજા સભાના જનને દંડવત્ કર્યાં. તે જોઈને શ્રીજી મહારાજ તેમના ઉપર બહુ રાજી થયા અને અંતરમાં જાણ્યું જે, વિવેક અને સમજણ છે. એમ જાણીને પોતે જગન્નાથપુરીમાં અસુરનો નાશ કરાવ્યો હતો તે વાર્તા વિસ્તારીને કહેતા હતા.તે સાંભળીને ગદ્‌ગદ્ કંઠે થઈને સ્તુતિ કરવા લાગ્યા જે, હે

મહારાજ ! તમો તો સાક્ષાત્ સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ ભગવાન છો. એમ વિનંતીપૂર્વક બોલ્યા. એટલામાં તો શ્રીહરિની ઈચ્છા થકી તેમને સમાધિ થઇ ગઇ.પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, આ બે સંતને ઉપાડી એકાંતમાં સુવાડી મૂકો અને ઉપર વસ્ત્ર ઓઢાડો. તેવું સાંભળીને સભામાંથી ચાર સંત ઉઠીને તે ડેલામાં એક પડાલી હતી તેમાં લઈ જઇ સુવાર્યા. અને એક ચાદર ઓઢાડીને પાછા તે ચારે સંત સભામાં આવીને સર્વેને પગે લાગીને બેઠા. પછી થોડા સમય બાદ તે સાધુ સમાધિમાંથી જાગ્યા અને પોતે બદરિકાશ્રમ, શ્વેતદ્વિપ, વૈકુંઠ, ગોલોક, બ્રહ્મપુરને વિષે જે જે ઐશ્વર્ય જોયાં અને તેમાં અલૌકિક શ્રીજીનું દર્શન કર્યું ઈત્યાદિક વાર્તા કરી. તે સાંભળીને સર્વે સભાસદે શ્રીજીને વિષે પુરુષોત્તમપણાનો નિશ્ચય કર્યો.

પછી સુંદરજીભાઈએ પૂછયું જે, હે મહારાજ ! સતયુગ, ત્રેતાયુગ તથા દ્વાપરયુગ એ ત્રણે યુગને વિષે ભગવાન પોતાના ભક્તની રક્ષા કરવા માટે સુદર્શન ચક્રને મોકલતા અને તે ચક્રે કરીને ભક્તની રક્ષા કરતા અને કળીયુગને વિષે ચક્ર મુકીને કેમ હવે પોતાના ભક્તની રક્ષા કરતા નથી ? હળાહળ કળિને વિષે ભગવાનનું ભજન કરે છે. તેની ભગવાનને રક્ષા કરવી જોઈએ એ પ્રશ્નો ઉત્તર કરો. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ભગવાનના સ્વરૂપનું જ્ઞાન તેજ સુદર્શનચક્ર છે અને તે સુદર્શન ચક્રને વિષે દશ હજાર સૂર્યનો પ્રકાશ છે. તે જુઓને જ્ઞાનને વિષે પણ એટલો પ્રકાશ છે. જે જીવના હૃદયમાં અજ્ઞાનરૂપી અંધારૂં છે. તેને ચંદ્રમા તથા સૂર્ય તથા પ્રલયકાળનું મહાતેજ તે કોઈ ટાળવાને સમર્થ નથી. પણ જ્ઞાન તે અંધારાને ટાળી નાખે છે. તે જુઓને દશ હજાર સૂર્ય કરતાં પણ અધિક પ્રકાશ છે. અને સુદર્શનચક્ર સતયુગને વિષે તથા ત્રેતાયુગને વિષે ભગવાનના ભક્તની રક્ષા કરતું અને આજ કળિને વિષે તેનું તેજ રક્ષા કરે છે. ત્યારે તમે કહેશો જે, કઇ રીતે રક્ષા

કરે છે? તે કહીએ છીએ તે સાંભળો. જ્યારે પ્રભુનો ભક્ત હોય તેના હૃદયમાં કામક્રોધાદિકના ભૂંડા ઘાટ થાય છે. ત્યારે તે ભક્તને એવો વિચાર રહે છે જે, મને ભગવાન મળ્યા છે. અને હું એવા મોટા લાભને મૂકીને ભગવાનનું વચન લોપીને કુમાર્ગે કેમ ચાલું ? તેને જ્યારે આવો ભગવાનના નિશ્ચય યુક્ત પોતાના મનમાં વિચાર થાય છે ત્યારે તે ઘાટ ટળી જાય છે. તે પોતે ભક્તજનના શત્રુ તે તો કામક્રોધાદિક છે તે થકી રક્ષા પણ જ્ઞાનરૂપી સુદર્શનચક્ર કરે છે. માટે કળિને વિષે જો ભગવાન સુદર્શન ચક્ર મૂકીને અંબરીષ રાજાની પેઠે રક્ષા ન કરતા હોય તો એનાથી વર્તમાન પડે નહીં અને ભગવાનનું ભજન પણ થાય નહીં અને કામક્રોધાદિક તો એવા જબરા છે જે, શિવબ્રહ્માદિકને પણ ભૂલાવ્યા છે. તો પછી જીવનો તો શો ભાર ? માટે ભગવાન પોતાના ભક્તની જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર મૂકીને સર્વે કાળને વિષે રક્ષા કરતા આવે છે. એવી રીતની ઘણીક વાર્તા કરી તે સાંભળીને સર્વે સંત હરિભક્તને શ્રીજી મહારાજને વિષે પ્રગટ પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો હતો. ત્યાર પછી બીજે દિવસે ભગવાનજીભાઈને ઘેર જમવા પધાર્યા. ત્યારે રસોઈને થોડીક વાર હતી એટલે ભગવાનજીભાઈએ પોતાની ઓસરીમાં ચાકળો નાખીને તેના ઉપર બિરાજમાન કર્યા, ત્યારે તે સમયે મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ ! જનક તે શું અને જાનકી તે શું? અને રઘુનાથજીએ ધનુષ્ય ભાગ્યું તે શું ? ત્યારે અતિ પ્રસન્ન થકા બોલ્યા જે, જનક તે ગુરુને કહીએ. અને જીવ તે જાનકીને અને સમજણ તે ધનુષ્ય છે. માટે તે ગુરુના ઉપદેશથી જીવની સવળી સમજણ થાય તે જીવને ભગવાન વરે. એટલી વાર્તા કરીને જમવા પધાર્યા. તે જમી રહ્યા પછી ભાલને વિષે ચંદનની અર્ચા કરીને કંઠમાં પુષ્પના હાર પહેરાવીને એક ભારે હેમની ઉતરી, કડાં, વેઢ, વીંટી, કંદોરો એવી રીતે ઘરેણાં અંગોઅંગને વિષે ધારણ કરાવી ભગવાનજીભાઈ બોલ્યા જે, હે

મહારાજ ! આવી રીતે મેં રામાનંદ સ્વામીને જમાડીને આ સર્વે ઘરેણાં હું પહેરાવવા લાગ્યો, ત્યારે સ્વામીએ પહેર્યાં નહીં અને બોલ્યા જે, આવા ભારે દાગીના અમારાથી હવે ન પહેરાય, અને તેના પહેરનાર થોડાક દિવસમાં અહીં આવશે એટલે તેમને પહેરાવજો.એમ કહીને પાછા મૂકાવ્યા હતા, તે હે મહારાજ ! આજે તમોને પહેરાવ્યાં. એમ કહીને બે હાથ જોડીને વિનંતીપૂર્વક પગે લાગતા હતા. પછી ત્યાં થકી ઉતારે આવીને સાંજની વખતે ગાદી તકીયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા અને બાજુમાં સર્વે સંત હરિભક્તો બેઠા. તે જ્યારે સૂર્ય અસ્ત પામ્યો તે સમયે શ્રીજી મહારાજની મૂર્તિ સૂર્યના જેવી પ્રકાશેયુક્ત જણાતી હતી. ત્યારે ભગવાનજીભાઈએ જાણ્યું જે, આ મુક્તાનંદ સ્વામીને આવું શ્રીજી મહારાજનું પ્રકાશેયુક્ત દર્શન થતું હશે કે નહીં ? એમ જાણીને મુક્તાનંદ સ્વામીના મુખ સામું જોઈને બોલ્યા જે, હે સ્વામિન્ ! તમોને કંઈ શ્રીજી મહારાજનું ઐશ્વર્ય જણાય છે ? ત્યારે કહે હા જણાય છે. એમ કહીને આનંદ પામતા હતા. ત્યાર પછી બે સંત ગામ કાળાતળાવે રામાનંદ સ્વામીનું બંધાવેલું સદાવ્રત હતું, તે સદાવ્રત અંગે કંઈ કામ હશે તે માટે ત્યાં જવાનો સંકલ્પ ધારીને તૈયાર થઈ આજ્ઞા લીધા સિવાય ચાલવા જાય છે. ત્યારે તે બન્ને સંતના અંતરના ઘાટ જાણીને બોલ્યા જે, ભગવાનને ભગવાન જાણીને કંઈ બીજું કરવાને ઈચ્છવું નહીં અને પોતાને કૃતાર્થ માનીને સહેજે ભજન સ્મરણ થાય તે કરવું. પણ કોઈ વાતનો આગ્રહ મનમાં રાખવો નહીં. જેમ ભગવાનની મરજી હશે તેમ થશે. અને પોતાને મનને જાણ્યે કંઈ કરવું નહીં અને કામાદિક જે મોટા વિકાર છે, તે તો ભગવાન વિના પોતાના બળે ટાળવા જાય તે ઘણો હેરાન થાય. માટે ભગવાનની આજ્ઞાએ કરીને જે જે સાધન કરેતો તે કામાદિક શત્રુનો તત્કાળ નાશ થઈ જાય છે. માટે ભગવાનનું બળ રાખીને તે પ્રગટ ભગવાન જેમ આજ્ઞા કરે તેમ કરવું, પણ

ભગવાનને મૂકીને ફક્ત સાધનનું બળ રાખવું નહીં. એમ કહીને વળી બોલ્યા જે, આજ દિવસ પછી સત્સંગમાં ધારણા ધ્યાનનું પ્રકરણ ઘણું થશે અને સત્સંગ પણ વૃદ્ધિને પામશે. એવી રીતની ઘણીક વાત તે બન્ને સંતને કરી. તે સાંભળીને તેમનાં અંતઃકરણ શીતળ થઈ ગયાં.અને વિનંતીપૂર્વક પગે લાગીને પાછા પોતાના આસને જઈને બેસતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે સોરઠ દેશમાંથી કચ્છ દેશમાં ભુજનગરને વિષે આવીને રહ્યા. એ નામે પંચ્યાશીમો અધ્યાય પૂરો થયો. ll૮૫ll

## અધ્યાય- ૮૬

## ભુજ, માંડવી આદિ કચ્છ દેશનાં ગામોમાં વિચરણ.

હે રામશરણજી ! એવી રીતે શ્રીભુજનગરને વિષે સર્વે સંત સહિત ત્યાં અગીયાર માસ રહ્યા થકા, ત્યાંના સર્વે હરિભક્ત બાઈ-ભાઈ આદિકને પોતાનું મહા અદ્‌ભૂત ચરિત્ર દેખાડીને સર્વેની સેવા અંગીકાર કરતા સતા, પોતાના સ્વરૂપનો દ્રઢ નિશ્ચય કરાવીને મુક્તાનંદ સ્વામી આદિક સર્વે સંતને સોરઠ, હાલાર, ઝાલાવાડ, કાઠિયાવાડ, ભાલ, ગુજરાત અને દંઢાવ્ય એ આદિક દેશમાં ઘણાંક ગામોને વિષે મોકલતા હતા અને પોતે ત્યાં થકી ચાલ્યા તે ગામ ખોખરે થઈને ગામ ભચાઉ પધારતા હતા. અને ત્યાં કેટલાક દિવસ રહીને ત્યાંના સર્વે હરિભક્ત બાઈભાઈને પોતાનો મહા અલૌકિક પ્રતાપ જણાવતા સતા, પોતાના સ્વરૂપનો દ્રઢ નિશ્ચય કરાવીને તે સર્વેની સેવા અંગીકાર કરતા સતા, ત્યાં થકી ચાલ્યા તે ગામ કંથકોટમાં મૂળજી ઠક્કરના ઘરે પધાર્યા અને ત્યાં એક માસ રહીને તેમની સેવા અંગીકાર કરીને ત્યાં થકી ચાલ્યા તે ગામ આધોઈ પધારતા હતા. અને લાધાજીના દરબારમાં દોઢ માસ પર્યંત રહીને કબીરીયા સાથે ચર્ચા કરીને તેનો પરાજય કરતા હતા.અને ત્યાં થકી ચાલ્યા તે ગામ આડેસર તથા સાંતલપુર થઈને ગામ ગોત્રકામાં

જઈ સદાવ્રત લઈને જમતા હતા અને ત્યાં કેટલાક દિવસ રહ્યા. અને શ્રીજી મહારાજના હાથમાં માળા જોઈને સર્વે હરિભક્તો બોલ્યા જે, હે મહારાજ ! અમો તો તમારૂં ભજન કરીએ છીએ અને તમારી માળા ફેરવીએ છીએ, પણ તમો કોનું ભજન કરીને માળા ફેરવો છો ? ત્યારે બોલ્યા જે, અમો તો ભક્તજનનું ભજન કરીએ છીએ. એવી રીતે ત્યાં કેટલાક દિવસ રહીને સર્વે હરિભક્તોને સુખ આપતા થકા ત્યાં થકી ચાલ્યા તે ગામ ધમડકે પધાર્યા અને રાયધણજીના દરબારમાં બે માસ રહીને ત્યાં થકી ચાલ્યા તે ગામ અંજારને વિષે પધાર્યા અને ત્યાં ચાગબાઈના ઘેર થાળ જમીને ગામની આથમણી ભાગોળે પીપળાના વૃક્ષ નીચે પાટ ઉપર ગાદીતકીયે સહિત ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા અને પોતાના મુખારવિંદની આગળ સર્વે સંત તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી અને તે સભામાં પોતે વાત કરવા લાગ્યા. તેવા સમયને વિષે ગામ કાળાતળાવના હરભમ સુથાર રામાનંદ સ્વામીના સત્સંગી હતા. તે આવીને શ્રીજી મહારાજનાં દર્શન કરીને સભામાં બેઠા. તેને કેટલીક વાર થઈ એટલે પોતાના મનમાં એવો સંકલ્પ થયો જે, હું આટલા ગાઉથી ચાલીને આવ્યો, પરંતુ મહારાજે મને એમ ન કહ્યું જે, આવો ભગત કેમ છે ? એવો ઘાટ થયો. ત્યારે તેના અંતરનો ઘાટ શ્રીજી મહારાજ અન્તર્યામીપણે જાણીને વાત કરતા હતા તે વાત કરવી રહેવા દઈને, મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, હે સ્વામી ! અમારો દેશ અહીંથી કેટલો છેટો છે ? ત્યારે સ્વામી બે હાથ જોડીને વિનંતીપૂર્વક બોલ્યા જે, હે મહારાજ ! લાખ મણ લોઢાનો ગોળો ત્યાં થકી પડતો મૂકીએ તે વાયુને લહરકે ઘસાઈને પૃથ્વીમાં રજ ભેળો ભળી જાય એટલે છેટે તમારો દેશ છે. ત્યારે બોલ્યા જે, એટલે છેટેથી અમો અહીં આવ્યા છીએ તે અમોને કોઈક ગાળો દે છે અને કોઈક ધૂળ નાખે છે અને તેમાં કોઈક તો અમારૂં અપમાન પણ કરે છે. તે અપમાન અમો અતિ જરણા

કરીને સહન કરીએ છીએ. તેમાં કેટલાક જીવ એમ સંકલ્પ કરતા હશે જે, અમો આટલા ગાઉથી ચાલીને આવ્યા પણ મહારાજે મને બોલાવ્યો નહીં. એવી રીતે શ્રીજી મહારાજે ઘણીક વાર્તા કરી. ત્યારે તે વાર્તા સમજીને અતિ નિર્માની થકા બે હાથ જોડીને હરભમ સુથાર બોલ્યા જે, હે મહારાજ ! હું તો તમારો સેવક છું. અને હવે મારા અંતરનો ઘાટ ટળી ગયો. પછી શ્રીજી મહારાજે તેમને તત્કાળ સમાધિ કરાવીને અક્ષરધામને વિષે અતિ તેજોમય દિવ્ય સિંહાસન ઉપર અનંત કોટી મુક્તથી વિંટાણા થકા બિરાજમાન એવું ઘડી એક પોતાનું મહા અદ્‌ભુત રૂપે દર્શન આપીને પાછું તે ઐશ્વર્ય છુપાવી લીધું. એટલે તત્કાળ સમાધીમાંથી જાગીને આનંદ પામતા સતા વારંવાર પગે લાગીને શ્રીજી મહારાજના સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય કરીને રસોઈ આપી રાજી કરીને પોતાને ગામ ગયા.

ત્યાર પછી શ્રીજી મહારાજ ત્યાં રહેતા સતા ત્યાં થકી ફરતા ફરતા ચાલ્યા તે ગામ માનકુવા આવતા હતા અને અદાજીના દરબારમાં પંદર દિવસ રહીને પોતાનો પ્રતાપ જણાવતા સતા, તેમની સેવા અંગીકાર કરીને પોતાના સ્વરૂપનો દ્રઢ નિશ્ચય કરાવીને ત્યાં થકી ચાલ્યા તે ગામ કેરા આવ્યા. અને તે ગામના સમીપે સજીવન પાણી ઉપર થઈને વહે છે એવો એક મહા દેવતાઈ કુંડ છે. તેમાં સ્નાન કરીને સદાબાના દરબારમાં પધાર્યા અને ત્યાં થાળ જમીને તેમને રાજી કરતા સતા ત્યાં બે દિવસ રહીને ચાલ્યા તે ગામ બળદીયા થઈને શ્રીમાંડવી બંદર પધારતા હતા અને ત્યાં રહ્યા થકા દેશ દેશ પ્રત્યે કંકોત્રીઓ લખાવીને સર્વે સંત હરિભક્તોને તેડાવ્યા અને પોતે લક્ષ્મીનાથ ભટ્ટ પાસે કથા કરાવતા હતા અને વિશેષપણે કરીને તો વેદાંતની વાર્તા કરતા હતા અને પોતે વેદાંતની વાર્તા કરીને પરાજય કરતા હતા અને તે વેદાંતીઓમાં મુખ્ય એવો જે ખૈયો ખત્રી તેને શ્રીજી મહારાજને વિષે ભગવાનપણાની બુધ્ધિ

થાતી હતી અને નિત્યે સમુદ્રમાં સ્નાન કરીને કિનારે રહી જે, મીઠીકૂઈ તેના જળનું પાન કરતા હતા.એવી રીતે અનેક પ્રકારની લીલા કરતા થકા ચોમાસાના ચાર માસ રહેતા હતા. પછી ત્યાં થકી ચાલ્યા તે ગામ રામપુર પધાર્યા અને ત્યાં થોડાક દિવસ રહીને આથમણી કોરે જે ગૌમુખીગંગા ત્યાં સ્નાન કરીને તે સ્થાનક બહુ રમણીય જોઈને, પ્રાગજી દવે પાસે શ્રીમદ્ભાગવતની સપ્તાહ કરાવતા પંદર દિવસ તે જગ્યાએ રહીને ત્યાં થકી ચાલ્યા, તે ગામ દહીંસરા પધાર્યા અને ત્યાં ગોવર્ધન વ્યાસના ઘેર થાળ જમીને ચાલ્યા તે ગામ સરલીમાં ગરાસીયા માનસંગના ઘેર પાંચ દિવસ રહીને તેમની સેવા અંગીકાર કરીને પાછા વળ્યા, તે માંડવી બંદર પધાર્યા અને દરબારની ટંકશાળામાં મોટી એક પાટ લાવીને તેના ઉપર બિરાજમાન થયા અને ગોમતીબાઈને ઘેર થાળ જમીને ચાલ્યા તે ગામ કાળાતળાવ પધારતા હતા. અને ભીમજી સુતારને ઘેર કેટલાક દિવસ રહીને અનેક પ્રકારની લીલાને કરતા સતા, ગામ તેરે માવજી સુથારને ઘેર પધાર્યા. અને ત્યાં દોઢ માસ રહીને પ્રાગજી દવે પાસે શ્રીમદ્ભાગવતની કથા વંચાવતા હતા.અને તે કથા સંપૂર્ણ સાંભળીને ત્યાં થકી ચાલ્યા તે ગામ ગોત્રકામાં વસંત પંચમીનો સમૈયો કરીને ગામ ભીમાસરમાં ગયા. અને ત્યાં કેટલાક દિવસ રહીને કંથકોટ થઈ, ભચાઉ, ધમડકા, થઈને ત્યાં થકી ચાલ્યા તે શ્રીભુજનગરને વિષે પધાર્યા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે શ્રીકચ્છ દેશમાં માંડવી બંદર આદિક ગામોમાં વિચરણ કર્યું તથા ગોત્રકામાં વસંત પંચમીનો મહા મોટો રંગોત્સવનો સમૈયો કર્યો. એ નામે છયાશીમો અધ્યાય પૂરો થયો. ॥૮૬॥

## અધ્યાય- ૮૭

## ભુજમાનકુવા આદી કચ્છનાં ગામોમાં લીલા.

શ્રીભુજનગરને વિષે પધાર્યા એવા જે શ્રીજી મહારાજ, તે જેતે

રથકાર સુંદરજીભાઈને ઘેર રહ્યા સતા, બીજે દિવસે સાંજની વખતે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, હે સ્વામી ! અમારે શરીરે લગારેક તાવની કસર થઈ આવી છે. માટે એકાંતમાં આસન કરાવી આપો તો ઠીક. ત્યારે તે ડહેલામાં ઉગમણી કોરે ઓસરી હતી તેમાં આસન કરાવ્યું. પછી સ્વામીને કહ્યું જે, અમારા માટે મરચાં શેર ૪ ચાર તથા બે ત્રણ દિવસનું ખાટું હોય તેવું દહીં તે પણ શેર ૫ પાંચ રીતે મંગાવી આપો. પછી સુંદરજીભાઈના ઘેરથી એ સર્વે સામાન મંગાવી આપ્યો. એટલે તે જોઈને તુરત સૂતેલા હતા તે બેઠા થયા અને તે મરચાંને ખુબ ઝીણાં વટાવ્યાં અને બાજરાના રોટલા કરાવ્યા. અને દહીં એ સર્વે જમી ગયા. અને એમ બોલ્યા જે, હે સ્વામી ! હવે અમારો તાવ જશે. તેવું સાંભળીને સુંદરજીભાઈ બોલ્યા જે, હે મહારાજ ! તમો તો અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છો. તે તમોને કંઈ ન થાય અને બીજાના તો તત્કાળ પ્રાણ નીકળી જાય. ત્યારે એમ બોલ્યા જે, એકરસ ચિદ્‌ઘન જે બ્રહ્મસ્વરૂપ છે તે મારા દીઠામાં આવે છે. અને ગોલોકાદિક અક્ષરધામ તે પણ મારા દીઠામાં આવે છે. એવી રીતની ઘણીક મર્મ ભરેલી વાર્તા કરી તે સાંભળીને સ્વામી બોલ્યા જે, હે સુંદરજીભાઈ ! કેવી રૂડી વાર્તા કરી. તે સમજીને નિશ્ચય રાખજો, એવી રીતે કેટલાક દિવસ ત્યાં રહીને સર્વે હરિભક્તોને પ્રસન્ન કરતા, ત્યાં થકી સર્વે સંત મંડળે સહિત ચાલ્યા તે ગામ માનકુવા પધારતા હતા. અને ત્યાં અદાભાઈના દરબારમાં ઉગમણે મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજમાન થયા અને ચારે બાજુ સંત હરિભક્તો બેઠા. પછી ઘડી એક વાત કરી. તે સાંભળીને અદાભાઈએ પોતાના ઘેર રસોઈ કરાવી હતી તે જમવા તેડી ગયા. તે જમીને પાછા ઉતારા ઉપર આવ્યા અને સાંજની વખતે તે ઢોલિયા ઉપર બિરાજમાન થયા અને સર્વે સંત તથા હરિભક્તો આવીને પ્રથમની જેમ બેઠા. પછી સંતમંડળ ઝાંઝ-પખાજ લઈને કીર્તન ગાવા લાગ્યા. તે

ઘણીકવાર સુધી કીર્તન ગાયાં. પછી તે કીર્તન રખાવીને શ્રીજી મહારાજ બોલ્યા જે, સર્વે સાંભળો, એક વાર્તા કરીએ જે, પરમેશ્વરને રાજી કરવાને સર્વે ઇચ્છે છે અને જે હરિભક્ત હોય તે એમ જાણે છે જે, પરમેશ્વર શો ઉપાય કરીએ તો રાજી થાય. જુઓને નારદસનકાદિક તેમણે પણ તપ કરીને ભગવાનને રાજી કર્યા છે. માટે અંતરમાંથી પ્રવૃતિમાત્રનો ત્યાગ કરીને સર્વે સંગ છોડીને કોઈ સારી ગુફા તથા એકાંત ઠેકાણું હોય ત્યાં વાસ કરીને અષ્ટાંગ યોગ સાધીને પોતાના અંતર શત્રુ જે કામક્રોધાદિક તેને જીતીને, ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખે તેણે કરીને ભગવાન અતિશય રાજી થાય છે. એમ કહીને વળી બોલ્યા જે, યોગને વિષે પ્રવર્ત્યા જે સંત તેને ટાઢય, તડકો, વરસાદ, માન, અપમાન, ભૂખ, તરસ, હર્ષ, શોક એ આદિક જે દુઃખ આવે ત્યારે શૂરવીરની પેઠે સહન કરવું અને એમ જાણવું જે, હું તો આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું. અને આ દેહને અને મારે કંઈ સંબંધ નથી. આવી રીતે માનીને ભગવાનનું ભજન કરવું. બીજું આ સંસારને વિષે કેટલાક શૂરા થાય છે અને કેટલીક સતીઓ થાય છે. અને હિંમત વિનાના દાંતે તરણાં લઈને સંતાતા ફરે છે તેની લોકમાં બહુ હાંશી અને અપકીર્તિ થાય છે. અને અસદ્‌ગતિને પામે છે. માટે દેહના સુખની લાલચ ત્યાગ કરવી અને માંદા થાશું અથવા વૃદ્ધ થાશું ત્યારે ચાકરી કોણ કરશે ? એવો સંકલ્પ કોઈ દિવસ ન કરવો અને એમ વિચારવું જે, જેણે માતાના ગર્ભમાં જઠરાગ્નિ થકી રક્ષા કરી છે તેના તેજ વળી રક્ષા કરશે. એ દીશાની ઘણીક વાર્તા કરી. તે સાંભળીને સર્વે રાજી થતા હતા. એવી રીતે અઢીમાસ પર્યંત અદાભાઈના દરબારમાં રહીને સર્વે હરિજનની સેવા અંગીકાર કરતા સતા, પાછા શ્રીભુજનગરને વિષે પધારતા હતા. અને ત્યાં સુંદરજી-ભાઈની મેડી ઉપર બિરાજમાન થયા અને પોતાના મુખારવિંદ આગળ ગંગારામભાઈ, હીરજીભાઈ એ આદિક હરિભક્તો આવીને બેઠા. તે

સમયે સુંદરજીભાઈએ શ્રીજી મહારાજને વિનંતીએ સહિત નમસ્કાર કરીને પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ ! આ દેહમાંથી જીવ જ્યારે બહાર નિસરે છે, ત્યારે તેનું રૂપ કેવું હશે ? અને તે જીવ કોઈને દેખતો હશે કે નહી? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, જીવનું રૂપ તો અતિ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. તે આ ચર્મ દ્રષ્ટિથી દેખાય એવું નથી અને જેને જ્ઞાન રૂપી અંધારું ટળી ગયું હોય તે દેખે છે અને તેની અલૌકિક દ્રષ્ટિ છે તેથી દેખવામાં આવે છે અને બીજો તો કોઈએ જીવાત્માને દેખવા સમર્થ થતો નથી. જેમ આપણે આ સંતે સહિત અહીં બેઠા છીએ તેમાંથી કોઈકને નિદ્રા આવી જાય અને સ્વપ્ન આવે છે ત્યારે તે એમ દેખે છે જે, ફોજ આવે છે તે જેને સ્વપ્ન છે તે ફોજ દેખે છે અને ભય પામે અને મેડી ઉપર કંઈ ફોજ આવી નથી. પરંતુ સ્વપ્નવાળાની દ્રષ્ટિમાં દેખાય છે. તેમ આત્મા જે જીવ તથા બ્રહ્મને દેખવાની દ્રષ્ટિ પણ જુદી છે અને એ દ્રષ્ટિ તે ભગવાનની મૂર્તિના ધ્યાને કરીને આવે છે અને તે વિના તો કોટી સાધન કરે તેણે કરીને પોતાના જીવાત્માને દેખવા તથા બ્રહ્મને દેખવું તેવી દ્રષ્ટિ આવતી નથી. માટે જે એ દ્રષ્ટિને પામ્યો હોય તે દેખવાને સમર્થ છે. અને જ્ઞાનીને તો શાસ્ત્રમાં અનંત લોચન કહ્યાં છે. માટે એ મર્મને અજ્ઞાની જીવ જાણતો નથી ને ભગવાનની મૂર્તિનું જે આત્મરૂપે થઈને અખંડ ધ્યાન કરે છે તે એ સર્વેને દેખે છે અને અલૌકિક દ્રષ્ટિને પણ તે પામે છે. તે ધ્યાન કરવાની રીત કહીએ છીએ જે, ભગવાનનો ભક્ત હોય તે દ્રષ્ટિ આગળ મૂર્તિને ધારે ત્યારે પ્રથમ તો જેવી ભગવાનની મૂર્તિ છે તેવીજ દેખાય છે. તે જ્યારે મૂર્તિને વિષે વૃત્તિ રાખે છે, તે જેમ સૂર્યની કિરણ જાળીએ થઈને ઘરમાં પડે છે. અને સૂર્ય તે એકતાર દેખાય છે તેમ તે ભક્તને અગ્નિ સરખી રક્ત ભાસવા લાગે છે. પછી તે રતાશમાંથી પ્રકાશ ઘણો પ્રકટીને સૂર્ય જેવી મૂર્તિ ભાસે છે અને જેવો ચંદ્રમા તેવું શીતળ અને મોટો તારો ખરે તેના જેવું ઉજળું તેજ તે સરખી

અત્યન્ત ઉજળી પ્રકાશમાન મૂર્તિ ભાસે. પછી એવી મૂર્તિ જોતાં જોતાં અંતર્દૃષ્ટિ થઇ જાય છે. ત્યારે તે ભક્તના હૃદયમાં બ્રહ્માંડ જેવો અવકાશ દેખાય છે. પછી ચાર પ્રકારના પ્રલયે કરીને સર્વેને ખોટું જાણીને એક ભગવાનની મૂર્તિને ધારે. પછી જેમ કોઈકના હાથમાં ચિંતામણી હોય છે તેમ ભગવાનની મૂર્તિમાં જેની અખંડવૃત્તિ જોડાણી છે તે ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, અક્ષરધામ અનંતકોટી મુક્ત તે સર્વેને દેખે છે.

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે શ્રીકચ્છ દેશમાં શ્રીભુજનગરને વિષે તથા માનકુવામાં રહ્યા. એ નામે સત્યાશીમો અધ્યાય પૂરો થયો. ॥૮૭॥

## અધ્યાય- ૮૮

## કચ્છ દેશમાં નિવાસ અને મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન.

એવો જે ભગવાનનો ભક્ત હોય તે જ્યારે ધારણા કરે છે ત્યારે પચાસ કરોડ યોજન પૃથ્વી, તેથી દસ ઘણું જળ, તેથી દસ ઘણું તેજ, તેથી દસ ઘણો વાયુ, તેથી દસ ઘણો આકાશ, તેથી દસ ઘણો અહંકાર, તેથી દસ ઘણું મહત્વ, તેથી અનંત ઘણી પ્રકૃતિ, તેથી અનંત ઘણો પુરુષ અને પ્રકૃતિ પુરુષથી પર ભગવાનનું અક્ષરધામ છે. તે ધામમાં આંખના એક મટકાના લાખમા ભાગમાં જઈ આવે છે. તેને જણાય છે જે, એ ધામમાં હું હજાર વર્ષ રહી આવ્યો અથવા લાખ વર્ષ રહી આવ્યો અથવા બ્રહ્માના કલ્પ પર્યંત રહી આવ્યો એવું જણાય છે અને અહીં તો એક મટકાનો લાખમો ભાગ થયો હોય એવી અલૌકિક વાત છે તે ભગવાનના ધ્યાનવાળાઓ જાણે છે. એવી જાતની ધારણા થાય છે. તેનું કારણ તો ભગવાનની મૂર્તિમાં અખંડવૃત્તિ રહેતી હોય તે ગૃહસ્થ હોય તો પણ તેને અલૌકક દ્રષ્ટી થાય છે. અને ભગવાનની મૂર્તિને વિષે જેની વૃત્તિ ચોટી ન હોય અને તે બ્રહ્મચર્ય પાળતો હોય અને દેહને સૂકવીને કાષ્ટ જેવો કરે તોય પણ, તેને અલૌકિક દ્રષ્ટિ થતી નથી. અને

જેની ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રહેતી હોય તેની જ અલૌકિક દ્રષ્ટી થાય છે. અને તેને જ આત્માનું દર્શન થાય છે. માટે ભગવાનનું ધ્યાન કરતાં જે જે પદાર્થ અંતરાય કરતાં હોય તેનો શત્રુની પેઠે ત્યાગ કરવો. પરંતુ ભગવાનના ધ્યાનમાં અંતરાય થવા દેવો નહીં. તેની વિક્તિજે રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર પૃથ્વી ઉપર પ્રગટ થયા હોય તે ભગવાનનું ધ્યાન કરવું. આગળ જે કોઈ બ્રહ્મવેત્તા સંત થઈ ગયા હોય તેનું ધ્યાન ન કરવું. એવી રીતે સમજ્યા વિના કામી, ક્રોધી, લોભી હોય અને સદ્‌ગુરુ બ્રહ્મવેત્તા હોય તેનું મૂર્ખાઈએ કરીને ધ્યાન કરે તો તે કપટી ગુરુ અને કપટી ચેલા તે મરીને યમપુરીમાં જાય છે. અને નર્કના કુંડ છ લાખ અને ચોરાસી હજાર તેને ભોગવે છે અને તે પાપ થકી ચોરાસી લાખ અવતાર ધરે છે. માટે બીજા કોઈનું ધ્યાન કરવાથી કોઈ કાર્ય સિદ્ધ થતું નથી. તેટલા માટે પોતાને જે પ્રગટ ભગવાન મળ્યા હોય, તેનું ધ્યાન કરવાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે. અને તે ધ્યાન જે નથી કરતો તે ભલે કોટી શાસ્ત્ર ભણે અથવા કથાકીર્તન કરે તે તો દિનકટણી છે, જેમ કોઈ સ્ત્રીનો ધણી મરી ગયો હોય અને તે વિધવા થઈ તેને પોતાના જેવી બીજી વિધવા હોય ત્યારે તેને વાત કરીને તેના અંતરમાં શાંતિ પમાડે. વળી જેમ ગરાસીયા હોય તેને નવરાં બેઠાં દિવસ જાય નહીં એટલે ઘડીક અમલ પીધામાં જાય, ઘડીક હોકો પીધામાં જાય, ઘડીક સોરઠાં રમ્યામાં દિવસ પુરો કરે. તેમ જેને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહે નહીં, તે બે ઘડી શાસ્ત્ર વાંચે, બે ઘડી કીર્તન ગાય, બે ઘડી ફરી આવે એમ કરીને દિવસ કાઢે છે. માટે ભગવાનના ધ્યાન વિના એક પળ પણ વૃથા ન કાઢવી. અને ભગવાનના નિશ્ચયના બળે કરીને જે ગાફલાઈ રાખે છે અને ભગવાનને વિષે વૃત્તિ નથી રાખતો તેને ત્રણ પ્રકારની ખોટ છે. તે એક તો તેને વિવેક નથી. તથા ભગવાનને વિષે પ્રીતિ નથી. તથા ભગવાનનું માહાત્મ્ય પણ જાણતો નથી. એ ત્રણ

ખોટે કરીને ભગવાનમાં વૃત્તિ રહેતી નથી.માટે ભગવાનમાં વૃત્તિ રાખવી તેથી ઉપરાંત બીજું કોઇ સાધન નથી. અને ભગવાનને પ્રસન્ન કરવાનું એજ સાધન સારામાં સારું છે, એવી રીતે સુંદરજીભાઈના પ્રશ્નના ઉતરમાં ઘણીક વાર્તા શ્રીજી મહારાજે કરી. તે સાંભળીને સર્વે સંત હરિભક્ત રાજી થયા થકા પુરુષોત્તમ ભગવાન માનીને બે હાથ જોડીને પગે લાગતા હતા.

પછી ત્યાં થકી ચાલ્યા તે ગામ કાળાતળાવ પધાર્યા અને ત્યાં સ્વામીની ઓરડીમાં પોતે ગાદીતકીયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા અને સર્વે ભગવાં વસ્ત્ર ધારણ કરેલાં હતાં. અને પોતાના મુખારવિંદ આગળ મુક્તાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી,વિરક્તાનંદ સ્વામી એ આદિક સંત તથા સુથાર ભીમજીભાઈ, હરભમ તથા મનજી તથા રવજી એ આદિક બીજા કેટલાક હરિભક્ત બેઠા હતા અને તે સમયે શ્રીમદ્‌ભાગવતની કથા વંચાતી હતી. ત્યારે તે કથામાં એકાંતિક ભક્તોનો પ્રસંગ આવ્યો. તે સાંભળીને શ્રીજી મહારાજે ચપટી વગાડીને તે કથા બંધ રખાવી અને પોતે વાત કરવા લાગ્યા જે, ભગવાનનો એકાંતિક ભક્ત હોય તે પોતાને બ્રહ્મરૂપ માને અને પુરુષોત્તમને પોતાના સ્વામી છે. એમ સમજીને પરબ્રહ્મ એવા જે પુરુષોત્તમ ભગવાન તેમનું ધ્યાન સ્મરણ અને ઉપાસના તેને કર્યા કરે અને દેહે કરીને તથા મને કરીને ત્યાગી રહે અને જેટલાં પરમેશ્વરે વર્તમાન બાંધ્યા હોય તેમાં કોઈ પ્રકારનો ફેર પડવા દે નહીં. એવા હોય તે એકાન્તિક ભક્ત કહેવાય. એવા એકાન્તિક ભક્તની પ્રવૃત્તિ સૃષ્ટિમાં ક્યાંય ન હોય ત્યારે શ્રીનરનારાયણ દેવને વિષે રહે છે અને નરનારાયણ દેવ પોતે એકાન્તિક ભક્તની પેઠે વર્તિને પોતાના શરણાગત એવા જે ભક્ત તેને શીખવાડે છે, એવા આસમયને વિષે તો એક નારદજી છે અને બીજા આ સત્સંગમાં એવા ઘણાક છે

અને અમો તો સર્વે મતપંથ જોઈ વળ્યા. પરંતુ કોઈ મતમાં ઉપાસના છે તો આત્મજ્ઞાન અને ત્યાગ નથી. અને કોઈ મતમાં આત્મજ્ઞાન છે તો ત્યાગ અને ઉપાસના નથી. એવી રીતની ઘણીક વાર્તા કરીને, વળી એમ બોલ્યા જે, હે સંતો ! હે હરિભક્તો ! આપણે એવો સંપ્રદાય ચલાવીએ કે વેદપુરાણને અનુસરીને કોઈ વાતની કસર રહે નહીં. એમ કહીને સર્વે સંત હરિભક્તે સહિત કીર્તન ગાતા ગાતા ત્યાં થકી પગપાળા ચાલ્યા તે નારાયણસરે સ્નાન કરવા પધાર્યા અને ત્યાં નારાયણસરમાં વિધિપૂર્વક સ્નાન કરીને રણછોડજી ત્રિકમજીનાં મંદિરમાં જઈને દર્શન કરીને કોટેશ્વર મહાદેવજીની જગ્યામાં જઈને ત્રણ દિવસ રહ્યા અને સદાવ્રતનું સીધું લાવીને જમતા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ તેરા આવીને અઢી માસ રહીને સર્વે સંત હરિભક્તોને ઘણાક પ્રકારની ત્યાગ-વૈરાગ્યની તથા પોતાના સ્વરૂપની દ્રઢતાની વાર્તા કરીને ભગવાનપણાનો નિશ્ચય કરાવતા હતા.

પછી ગામ કાળાતળાવમાં આવ્યા અને રવજીભાઈના ઘરે સાંજના સમયે બિરાજમાન થયા અને રવજીભાઈનાં સ્ત્રી પોતાનાં સાસુએ સહિત એક બાજુ બેઠાં હતાં. તે સમયે અચાનક એક ઉંદર આવ્યો તેને દેખીને એકદમ ઉઠીને તે બાઈ નાઠાં. ત્યારે શ્રીજી મહારાજ હસીને બોલ્યા જે, આ ઉંદરથી જ્યારે ભય પામો છો. ત્યારે યમના દૂત આવશે ત્યારે કેમ કરશો ? ત્યારે બોલ્યાં જે, હે મહારાજ ! તમે મળ્યા ને હવે મારા રોયા જમના દૂત હવે શું કરવાના છે ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, એવો નિશ્ચય જો રાખશો તો યમ નહીં આવે. એમ કહેતા સતા ઘરમાં જઈને જમવા બેઠા અને તે બાઈએ હેતે સહિત બાજરાના રોટલા અને ઘી આપ્યું તે જમીને ચાલ્યા, તે ગામ શ્રીમાંડવી બંદરને વિષે આવ્યા અને ત્યાં એક માસ રહીને સર્વે સત્સંગીને રામાનંદ સ્વામીને વિષે ભગવાનપણાનો નિશ્ચય હતો તેમને અનંત પ્રકારના ચમત્કાર જણાવીને

પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવતા સતા, ત્યાંથી ચાલ્યા તે વચમાં ગામ કેરા તથા દહીંસરે થઈને શ્રીભુજનગરને વિષે પધાર્યા અને ગંગારામભાઈના ઘેર મેડી ઉપર ઉતારો કરતા હતા. એવી રીતે શ્રીજી મહારાજ કચ્છ દેશમાં શ્રીભુજનગર, માંડવીબંદર તથા માનકુવા, કાળાતળાવ, તેરા, ધમડકા, કંથકોટ, ભચાઉ અને અંજાર એ આદિક ગામમાં સાત વર્ષ અને પંદર દિવસ લાગટ રહ્યા અને તે સિવાય પણ બીજી કેટલીક વખત આવ્યા ગયા પણ રહેતા હતા. અને પોતાના હરિજન સર્વે બાઈ-ભાઈને પોતાનાં દર્શનનું ઘણું સુખ આપતા હતા.

હે રામશરણજી ! વળી એક સમયે શ્રીજી મહારાજ શ્રીભુજ-નગરમાં ગંગારામભાઈના ઘેર બિરાજમાન હતા. તે સમયે શ્રીજી મહારાજને મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે હે મહારાજ ! શાંતિ શેણે કરીને થાય ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, અમો છપૈયાપુરને વિષે ધર્મભક્તિને ઘેર જન્મ ધારણ કર્યો. તે જન્મ ધારણ કરીને ત્યાં અનંત પ્રકારનાં બાળ-ચરિત્ર કર્યાં તથા અમોને યજ્ઞોપવિત દીધી તથા અમારાં માતાપિતા ને દેહ ત્યાગ કરાવીને અમો વનવિચરણ કરવા માટે નીકળ્યા તે જનકપુરી થઈને, ફરતા ફરતા હિમાલયની ઝાડી ઉલ્લંઘીને પુલહાશ્રમને પામ્યા. અને ત્યાં ગંડકી નદીને કીનારે જ્યાં ભરતજીએ તપ કર્યું છે. ત્યાં અમો એક પગે ઉભા રહીને બાહુ ઉંચા રાખીને કેટલાક માસ તપ કર્યું, ત્યારે અમારા ઉપર સૂર્યનારાયણ પ્રસન્ન થયા. તે થકી વર પામીને ચાલ્યા તે કેટલાક દિવસે ફરત ફરતા નવલખા પર્વત ઉપર ચઢ્યા અને ત્યાં નવલાખ જોગી અમારે અર્થે તપ કરતા હતા તેમને સિદ્ધગતી આપીને ત્યાં થકી ચાલ્યા, તે શ્રીજગન્નાથપુરીમાં આવ્યા અને ત્યાં કેટલાક પૃથ્વીના ભારરૂપ અસુરોને પરસ્પર મોહ પમાડીને નાશ કરતા થકા ચાલ્યા, તે દક્ષિણ દેશને ઉલ્લંઘીને રૈવતાચલ પર્વતની છાયામાં પીપલાણા ગામને વિષે શ્રીરામાનંદ સ્વામીને મળ્યા.

એવી રીતે ઘણીક લીલાની વાર્તા કરીને મૌન રહ્યા. ત્યારે સ્વામીએ જાણ્યું જે, મેં પ્રશ્ન પૂછયો તેનો ઉતર ન કર્યો અને આતો મહારાજે બીજી વાત કરી. ત્યારે સ્વામીએ ફરીથી પૂછ્યું જે, હે મહારાજ ! શાંતિ શેણે કરીને થાય ? ત્યારે શ્રીજી મહારાજે પ્રથમ જેવી લીલાની વાર્તા કરી હતી તેવીજ રીતે વળી ફરીથી તેની તે વાર્તા કરતા હતા. છતાં પણ સ્વામીને સમજણ પડી નહીં. ત્યારે અતિવૃદ્ધ સદાનંદ સ્વામીએ કહ્યું જે, હે સ્વામી !શ્રીજી મહારાજે કેવી રૂડી શાંતિ થવાના ઉપાયની વાર્તા કરી પણ તમોને સમજણ ન પડી. જુઓને, પૂર્વે પણ શ્રીવ્યાસ મુનિએ સત્તર પુરાણ કર્યાં પરંતુ પોતાને શાંતિ થઇ નહીં. ત્યારે નારદજીએ કહ્યું જે, તમોએ શ્રીકૃષ્ણ ભગવાનનાં બાળ ચરિત્રોનું વર્ણન કર્યું નથી. ત્યાં સુધી તમોએ કંઇ કર્યું નથી. તેવું સાંભળીને શ્રીમદ્‌ભાગવત કર્યું. ત્યારે પોતાને શાંતિ થઇ. તેમ આપણે પણ શ્રીજી મહારાજનાં બાળ-ચરિત્રનું અંતરમાં ચિંતવન કરવું અને તે લીલા નિત્યે ગાવી અને સાંભળવી, એવી ઘણીક મહિમાની વાર્તા કરતા હતા. ત્યારે મુક્તાનંદ સ્વામીના અંતરમાં શ્રીજી મહારાજના પ્રતાપની વાર્તા બરાબર સમજાતી હતી. ત્યારે પોતે જાણ્યું જે, આ શ્રીજી મહારાજનાં બાળચરિત્રમાં જેવી શાંતિ છે તેવી શાંતિ કોઇ પદાર્થમાં નથી. એમ જાણીને શ્રીજી મહારાજને અતિ પ્રેમમગ્ન થઇને દંડવત્ સ્તુતિ કરીને પોતાનો અપરાધ ક્ષમા કરાવીને, બે હાથ જોડીને પગે લાગતા હતા. ત્યાર પછી શ્રીજી મહારાજના જન્મથી આરંભીને સ્વધામમાં પધાર્યા ત્યાં સુધીનાં ચરિત્રનું શાસ્ત્ર ધર્માખ્યાન પોતે કરતા હતા. હે રામશરણજી ! આ શ્રીજી મહારાજનાં બાળચરિત્ર જે કોઇ જન રોગાદિકે કરીને મહા કષ્ટને પામેલો હોય તથા રાજ્યસમૃદ્ધિએ કરીને અવરાઇ ગયેલો હોય તે સર્વેજન શ્રદ્ધાએ સહિત પ્રેમમગ્ન થઇ ગાશે, સાંભળશે તથા જે કોઇ પ્રાણી અતિશય પાપી હોય તેના કાનમાં અજાણ્યે શબ્દ પડશે એટલે તેની

**સર્વે પિતૃઓ સહિત ઈકોતેર પેઢીનો ઉદ્ધાર થશે અને આત્યંતિક મોક્ષ જે અક્ષરધામ તેને પામશે.**

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે શ્રીકચ્છ દેશમાં નિવાસ કર્યો અને મુકતાનંદ સ્વામીએ શાંતિ થવાનો પ્રશ્ન પૂછ્યો. એ નામે અઠ્યાશીમો અધ્યાય પૂરો થયો. ।।૮૮।।

## અધ્યાય- ૮૯

## શ્રીજી મહારાજના ચિહ્નનું ફળ સહિત વર્ણન.

**હવે શ્રી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સર્વ અવતારના અવતારી શ્રીધર્મભક્તિના પુત્ર ઘનશ્યામ મહારાજનાં અસાધારણ લક્ષણો કહું તે સાંભળો, પૂર્વે થયા જે રામકૃષ્ણાદિક સર્વે અવતાર તેમને પોતે પોતાના સ્વરૂપને વિષે દેખાડતા હતા તથા વૈકુંઠાદિક ધામને વિષે રહેલી જે મૂર્તિમાં અને તેમાં રહેલાં જે દિવ્ય ઐશ્વર્ય તેને ઘનશ્યામ મહારાજ પોતાની મૂર્તિને વિષે અનંત મનુષ્યોને દેખાડતા હતા તથા જેવા તેવા જીવને પણ સમાધિ કરાવીને પોતાની મૂર્તિને વિષે નિરોધ કરાવ્યો તથા બીજા અવતારોએ જીવોનું જેવું કલ્યાણ કર્યું, તેવું તો પોતાના ભક્તદ્વારા સામર્થ્ય જણાવતા હતા તથા અપાર તેજોમય એવું જે પોતાનું અક્ષરધામ તેના મધ્યમાં રહ્યું જે દિવ્ય સિંહાસન તેના ઉપર સદા બિરાજમાન અને ચારે બાજુ અનંતકોટી મુક્તમંડળની સભાએ વિંટાણા એવા જે દિવ્યમૂર્તિ પોતે તેનું દર્શન જેવા તેવા જીવને સહજમાં કરાવતા હતા તથા પૂર્વે શાસ્ત્રને વિષે કહ્યા જે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, અને ભક્તિ તથા સાંખ્ય, યોગ, વેદાંતાદિક શાસ્ત્રના મત તેમના સ્વરૂપનું પ્રતિપાદન જ્યારે પોતે કરે તથા તેમના પ્રતિપાદનનાં શાસ્ત્ર કરે ત્યારે પૂર્વનાં શાસ્ત્રમાંથી તેમાં બહુ ચમત્કાર આવે અને સહેજે સર્વેના સમજવામાં આવે અને તે વાર્તા શાસ્ત્રમાં જેની બુદ્ધિ પહોંચતી હોય તેને યથાર્થ જાણવામાં આવે.અને આજ તો તે વાર્તા જેવા તેવા જીવને સમજાય**

એવી સુગમ કરતા હતા.તથા પોતાનાં દર્શન માત્રથી અનેક જીવના મનની વૃત્તિઓને પોતાના સ્વરૂપમાં તાણી લેતા હતા. તથા જે કોઇ જીવે પોતાનો આશ્રય કર્યો તેને પોતે પોતાના પાર્ષદે સહિત રથ વિમાન લઇને તેડવા આવે છે તથા પોતાની આજ્ઞાએ કરીને અનેક સ્ત્રીપુરુષ પોતપોતાના ધર્મ માર્ગે ચાલ્યા તથા જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના માર્ગે ચાલ્યા. એવી રીતનો પોતાના વચનમાં પ્રતાપ જણાવતા હતા. તથા પોતાના સંબંધને પામ્યું જે, વસ્ત્રપુષ્પાદિક કંઇક વસ્તુ તેનાં દર્શન માત્રે કરીને તથા તેના સ્પર્શ માત્રે કરીને તત્કાળ અન્તર્દષ્ટિ થઇ જતી હતી. અને બ્રહ્મપુરાદિક ધામ તથા તે ધામોનાં દિવ્ય ઐશ્વર્ય તેને જણાતાં હતાં. તથા પોતાના સ્વરૂપ સંબંધી વાર્તા જે કોઇ પરદેશમાં જઇને કરે અને જે કોઇ સાંભળે તેને અલૌકિકપણું જણાઇ આવતું હતું. તથા જીવાત્મા, વિરાટ પુરુષ, ઇશ્વર, પ્રધાનપુરુષ, મૂળપ્રકૃતિ પુરુષ અને અક્ષરધામના મુક્ત ને તે અક્ષરધામના નિવાસી પોતે પુરુષોત્તમ એ સર્વેનું નિરુપણ ભેદે સહિત અને ઐશ્વર્યે સહિત નોખું નોખું કરીને સર્વને પોતે દેખાડ્યું તથા ઐશ્વર્ય સહિત તેમનાં સ્વરૂપ બીજાને દેખાડતા હતા. એવી રીતનું જ્ઞાન પોતાના ભક્તને આપીને તે ભક્ત દ્વારા તે ઐશ્વર્યને જણાવતા હતા. તથા પોતાના અવતાર તે પોતાની મૂર્તિને વિષે લીન થતા અને પોતાની મૂર્તિ કોઇ અવતારને વિષે લીન ન થતી હતી.

હવે તે શ્રીજી મહારાજનું ધ્યાન કરવું, તેની રીત કહું તે સાંભળો. ઉપદ્રવે રહિત અને એકાંત એવું જે સ્થાનક તેને વિષે શુદ્ધ આસન ઉપર સ્વસ્તિક આસને પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને પ્રથમ આવો વિચાર કરવો જે, સ્થુળ સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ અને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે થકી પૃથક્ અને ચૈતન્ય એવો જે આત્મા તે હું છું એમ માનવું અને આ સ્થુળ દેહને ઇશ્વરના વિરાટ દેહને વિષે લીન કરવો અને સૂક્ષ્મ દેહને ઇશ્વરના સૂત્રાત્મા દેહને વિષે લીન કરવો,

કારણ દેહને ઈશ્વરના અવ્યાકૃત દેહને વિષે લીન કરવો. આપણી જાગ્રત અવસ્થાને ઈશ્વરની સ્થિતિ અવસ્થાને વિષે લીન કરવી અને આપણી સ્વપ્નાવસ્થાને ઈશ્વરની ઉત્પત્તિ અવસ્થાને વિષે લીન કરવી અને આપણી સુષુપ્તિ અવસ્થાને વિષે ઈશ્વરની પ્રલય અવસ્થાને વિષે લીન કરવી. એ રીતે આ પિંડનો પ્રલય કરીને પછી બ્રહ્માંડનો પ્રલય કરવો. તે કેવી રીતે તો યત્કિંચિત સ્થાવર, જંગમ સ્થૂળ સૂક્ષ્મ સર્વ પદાર્થ માત્ર તે પૃથ્વીને વિષે લીન થયાં. અને પૃથ્વી ગંધને વિષે લીન થઈ અને ગંધ જળને વિષે લીન થયું અને જળ રસને વિષે લીન થયું અને રસ તેજને વિષે લીન થયું અને તેજ રૂપને વિષે લીન થયું અને રૂપ વાયુને વિષે લીન થયું અને વાયુ સ્પર્શને વિષે લીન થયો અને સ્પર્શ આકાશને વિષે લીન થયો અને આકાશ શબ્દને વિષે લીન થયો અને શબ્દ તામસાહંકારને વિષે લીન થયો અને દશ ઈન્દ્રિયો અને દશ પ્રાણ અને બુદ્ધિ એ સર્વે રાજસાહંકારને વિષે લીન થયાં અને ઈન્દ્રિયો, અંતઃકરણના દેવતા અને મન એ સર્વે સાત્વિકાહંકારને વિષે લીન થયાં અને ત્રણ પ્રકારનો અહંકાર તે મહત્તત્વને વિષે લીન થયો અને મહત્તત્વ પ્રધાન પુરુષને વિષે લીન થયો અને પુરુષ મૂળ પ્રકૃતિને વિષે લીન થયો. એવી રીતે અનંતકોટી બ્રહ્માંડના કારણ અનંતકોટી પ્રકૃતિ જે તે મહાપુરુષને વિષે લીન થયા અને તે મહાપુરુષ અક્ષરબ્રહ્મને વિષે લીન થયા અને તે અક્ષરબ્રહ્મ કેવું છે, તો અનંત છે, અસંગી છે, અને સર્વેનું આધાર છે અને અક્ષરનાં બે સ્વરૂપ છે, તેમાં સર્વાધારરૂપે નિરાકાર છે અને સાકારરૂપે પુરુષોત્તમની સેવામાં રહે છે. તે અક્ષરબ્રહ્મ હું છું અને તે અક્ષરમાં અતિશય શોભાયમાન અને અતિ પ્રકાશમાન એક સુંદર મોટો મહેલ છે અને તેમાં અતિ શોભાયમાન અને દિવ્ય રત્નથી જડીત એક સિંહાસન છે. તેને વિષે દિવ્યમૂર્તિ અને અનંત મૂળ પુરુષાદિકના કારણ પુરુષોત્તમ ભગવાન શ્રીધર્મભક્તિના પુત્રરૂપે ઘનશ્યામ મહારાજ

પોતે બિરાજમાન છે અને તેમને ચારે પડખે અનંતમુક્ત બેઠેલા છે તેમાં કેટલાક મુક્ત તો પુરુષોત્તમની સેવામાં છે અને કેટલાક મુક્ત તો મૂર્તિનું અંગોઅંગનું ધ્યાન કરે છે. અને તે બન્ને ચરણારવિંદનાં તળાં અતિ કોમળ અને રક્ત છે, તે જાણીએ જે અળતેથી રંગેલાં હોય ને શું? એવાં છે. તેનું આપણા હૃદયને વિષે ચિંતવન કરવું અને તે બે ચરણ અતિ શોભાયમાન અને ધ્યેય છે અને તે બે ચરણની પાનીયું ગોળ અને રક્ત છે અને કોમળ છે અને તે ચરણમાં બે ગુલ્ફ તે ગોળ રક્ત અને શોભાયમાન છે અને તે ઘનશ્યામ મહારાજના ચરણારવિંદના તળામાં ચિહ્ન તથા તિલ છે તેને કહું તે સાંભળો. અંગુઠાના થડમાં ઉર્ધ્વરેખાને મળતું એક જવનું ચિહ્ન છે અને જે ભક્તજન તે જવાકાર ચિહ્નનું ધ્યાન કરે છે તો તેનાં સર્વે પાપ નાશ પામી જાય છે અને તેને આત્મા તથા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન ઉદય થાય છે અને તેની નીચે એક વજ્રનું ચિહ્ન છે. તેનું જે ભક્તજન ધ્યાન કરે છે તો તેના પાપરૂપી પર્વતને ભેદી નાખે છે અને મનરૂપી પક્ષીની પાંખને છેદે છે. અને તેની નીચે જાંબુ ફળનું એક ચિહ્ન છે. જે ભક્ત તે જાંબુફળનું ધ્યાન કરે છે તો તેનું મન માયિક વિષય રસમાં ક્યાંય બંધાય નહીં અને ભગવાનની મૂર્તિમાં સ્થિર થાય છે અને અંગુઠાના પાસેની આંગળી તેની બે બાજુ નીકળીને આંટી ખાઈને તે ચરણની પાનીને ડાબે પડખે અને પાનીની જમણી બાજુ નીકળી એવી જે ઉર્ધ્વરેખાને જે ભક્તજન તે ઉર્ધ્વરેખારૂપ ચિહ્નનું ધ્યાન કરેછે, તો તે ઉર્ધ્વગતિ જે અવતારી પુરુષોત્તમ શ્રીભક્તિધર્મના પુત્ર ઘનશ્યામ મહારાજ જ્યાં રહ્યા છે એવું જે પોતાનું અક્ષરધામ તેને પામે છે.અને તે ઉર્ધ્વરેખાને જમણે પડખે ફણામાં ધ્વજનું ચિહ્ન છે. તે ધ્વજરૂપી ચિહ્નનું જે ધ્યાન કરે છે તો તે ભક્તજન કામરૂપી શત્રુને જીતીને માયિક સુખ માત્રની વાસનાને ટાળે છે. અને તેના જમણે પડખે થોડેક છેટે કમળનું એક ચિહ્ન છે અને એ ભક્તજન પદ્મરૂપી

ચિહ્નનું ધ્યાન કરે છે તો તે કમળના જેવા ગુણને પામે છે. તે કમળ જળમાં રહે છે તો પણ જળમાં પરાભવ નથી પામતું. તેમ તે ભક્તજન પણ સંસારરૂપી જળમાં ડૂબે નહીં. અને તેના નીચે અંકુશનું ચિહ્ન છે અને જે ભક્તજન ધીરજથી અંકુશરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે.તો તે ભક્તજન મનરૂપી હાથીને જીતીને વશ કરે છે અને તે ચરણની પાનીમાં અષ્ટકોણનું એક ચિહ્ન છે અને તે અષ્ટકોણરૂપી ચિહ્નનું ધ્યાન કરે તો તે અષ્ટાંગયોગનું ફળ પામે છે અને તે અષ્ટ આવરણને ભેદીને સુખરૂપ એવું જે શ્રીહરિનું અક્ષરધામ તેને પામે છે. અને તેની નીચે સ્વસ્તિકનું એક ચિહ્ન છે તે અતિ શોભાયમાન છે અને મંગલનું મૂળ છે. તેનું ધ્યાન કરનાર ભક્તનું સર્વે પાપ નાશ પામી જાય છે અને આત્યંતિક મોક્ષને પામે છે અને તે બે ચરણારવિંદની આંગળીઓના નખ રક્ત અને અતિ તેજસ્વી અને ઉપડતા છે અને તે બે ચરણની આંગળીઓના ઉપર ઝીણાં ઝીણાં રોમનાં ચિહ્ન છે અને જમણા અંગુઠાના નખ મધ્યે રક્ત રેખાનું એક ચિહ્ન છે અને અંગુઠાની બહારની પડખે નખની પાસે એક તલ છે અને અંગુઠાની પાસેની જે આંગળી તેનું જે અંગુઠાની કોરનું પડખું તેમાં એક તલ છે અને તે અંગુઠાને આંગળીને મધ્યે ચાખડીના ઘસારાનું એક શ્યામ ચિહ્ન છે. અને છેલી આંગળીમાં બહારની પડખે નખની પાસે એક તલ છે. અને તે ચરણની બહારની ઘૂંટીથી ઉપર આસનના ઘસારાનું એક શ્યામ ચિહ્ન છે અને તે ઘૂંટીથી ઉચો પાંચ તસુ જંઘાને વિષે નાનો એક તલ છે અને બેચરણની બે પીંડીઓ અને જંઘાઓ તે ગોળ અને અતિ સુંદર અને ઉપર જતાં સ્થૂલ અને ધ્યેય છે અને બે જાનું અતિ ગોળ અને શોભાયમાન છે અને તે જાનુંને આગળને પડખે ઘસારાનું એક શ્યામ ચિહ્ન છે અને તે બે ઉરું તે કેળના સ્થંભ તથા હસ્તિની સૂંઢ સરખી અતિ શોભાયમાન છે અને તે તેજસ્વી અને ધ્યેય છે અને તેમાં જમણા ચરણની ઉરુની બહારની

બાજુએ મોટું એક આંબલીના ખાંપાનું ચિહ્ન છે. અને ડાબા ચરણારવિંદનું તળુ તેમાં અંગુઠાની નીચે ફણામાં કળશનું એક ચિહ્ન છે અને જે ભક્તજન કળશરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો તે ભક્ત જેમ કળશ શિખર ઉપર ચઢે છે તેમ સર્વોપરી જે શ્રીજી મહારાજનું અક્ષરધામ તેને પામે છે અને અંગુઠા પાસેની જે આંગળી તેની બન્ને બાજુથી નીકળી એવી જે ઉર્ધ્વરેખા તે પાનીની બે બાજુ નીકળી છે અને તે આંગળીઓની નીચે ફણામાં ઉર્ધ્વરેખામાં મળતું વ્યોમનું એક ચિહ્ન છે જે ભક્તજન તે વ્યોમના ચિહ્નનું ધ્યાન કરે છે તો તે ભક્ત અલૌકિક ભગવાનની પ્રસન્નતાનું કારણ જે નિષ્કામાદિક ગુણ તેને પામીને આકાશની પેઠે નિર્લેપ થઈને ભગવાનના અક્ષરધામને પામે છે. અને તે ચરણના ફણામાં તે ચિહ્નને મળતું અર્ધ ચંદ્રાકારે એક ચિહ્ન છે અને તે અર્ધચંદ્રરૂપ ચિહ્નનું જે ધ્યાન કરે છે તે ભક્તના અંતરમાં અતિશય પ્રકાશ થાય છે અને ચંદ્રને દેખીને જેમ કુમુદ પ્રફુલ્લિત થાય છે તેમ તે ભક્તનું મન અતિશે આનંદને પામે છે અને તે બે ચિહ્નની નીચે અને ઉર્ધ્વરેખાને મળતાં જોડ્યા જોડ્ય બે શ્યામ બિન્દુનાં ચિહ્ન છે. તેની નીચે ગોપદનું એક ચિહ્ન છે અને જે ભક્તજન તે ગોપદરૂપ ચિહ્નનું ધ્યાન કરે છે તો તે ભક્તજન ગોપદ તુલ્ય પરિશ્રમ વિના સંસારરૂપી સમુદ્રને તરી જાય છે.

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ઘનશ્યામ મહારાજનાં અસાધારણ લક્ષણ અને ચિહ્નનાં ફળ કહ્યાં. એ નામે નવ્યાસીમો અધ્યાય પૂરો થયો. ॥૮૯॥

## અધ્યાય- ૯૦

## તિલ ચિહ્નનું વર્ણન. ધ્યાન કરવાની રીત.

વળી તેને જમણે પડખે ઉર્ધ્વરેખાને મળતું ધનષ્યનું એક ચિહ્ન છે અને જે ભક્તજન તે ધનુષ્યરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો તે ભક્તજનથી કામાદિક શત્રુ હારે છે અને કોઈ પ્રકારે તે શત્રુ નડતા નથી. અને તે

ચરણની પાનીને વિષે ત્રિકોણનું એક ચિહ્ન છે. જે ભક્તજન તે ત્રિકોણરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે. તો તે ત્રિવિધના તાપને ટાળીને સ્થુલાદિક ત્રણ દેહનો ત્યાગ કરીને બ્રહ્મમય દેહને પામીને અક્ષરધામને વિષે ઘનશ્યામ મહારાજની સેવામાં રહે છે. અને તેની નીચે એક મત્સ્યનું ચિહ્ન છે. જે ભક્તજન તે મત્સ્યરૂપી ચિહ્નનું ધ્યાન કરે, તો તે ભક્તજનને એવો ગુણ પ્રાપ્ત થાય છે જે, સંસારમાં રહે તો પણ સંસારરૂપી જળમાં પરાભવ પામે નહીં. અને તે ચરણની બહારની ઘૂંટી ઉપર આસનનાં ઘસારાનું એક શ્યામ ચિહ્ન છે. અને તે ડાબા ચરણની ઘૂંટીથી પાંચ તસુ ઊંચો જંઘાને વિષે મોટો એક તિલ છે, તે તિલથી ઉપર પાસે જ નાનો એક તિલ છે અને તે જાનુને આગળ ને પડખે ઘસારાનું એક શ્યામ ચિહ્ન છે અને તે જાનુને બહારને પડખે એક નાનું ખાંપાનું ચિહ્ન છે અને કટીને વિષે બે બાજુ ધોતીના ઘસારાનું શ્યામરેખા રૂપે એક ચિહ્ન છે. અને ઉદર તે ઉપડતું અને શીતળ અને નીચેથી વિશાળ અને ઉપરથી સંકીર્ણ છે અને તે પીપળના પત્રાકારે છે, તેમાં નાભીકૂપતે ઊંડો ગોળ ભ્રમર આકારે શોભાયમાન અને ધ્યેય છે અને તે નાભીકૂપને મધ્યે અને ઉપર અને નીચે ત્રિવળી સુંદર શોભાયમાન છે અને વળી નાભીને જમણે કાંઠે એક તિલ છે અને તે નાભીને ડાબે પડખે થોડેક છેટે એક તિલ છે અને વળી તે નાભીથી બે તસુ ઉંચા ત્રણ તિલ છે અને તેમાં બે નળ ઉપર એક એક છે અને એક વચ્ચે છે અને તે વચલા તિલથી બે તસુ ઉંચો એક તિલ છે અને જમણી કુખમાં એક નાનો અને બીજો મોટો એવી રીતે બે તિલ છે અને ડાબી કુખમાં મોટા ચાર તિલની ઉભી એક પંક્તિ છે અને વળી તેના બહારના પડખે નાના ચાર તિલની ઉભી એક હાર છે અને બગલને વિષે ત્રણ તિલની ઉભી એક પંક્તિ છે. હૃદયને વિષે બે સ્તન વચ્ચે રોમનું શ્રીવત્સ સંજ્ઞિક એક ચિહ્ન છે અને છાતી વિશાળ ઉપડતી અને તેજસ્વી છે અને

તે ધ્યેય છે અને તે છાતીના વચ્ચે થોડુંક રક્ત અને પાંચ તસુ પહોળું અને જમણી બાજુ કંઈક ચડીયાતું અર્ધચંદ્રાકારે એક ચિહ્ન છે અને તે ચિહ્નના મધ્યમાં છાતીની ડાબી બાજુ એક તિલ છે અને ડાબી કોરે બે તસુ છેટે એક તિલ છે અને તેથી બે તસુ છેટે ડાબા સ્તન પાસે એક તિલ છે અને વળી છાતીને મધ્યે એક વિનગુણહારનું ચિહ્ન છે અને વળી એ સ્તન તે ગોળ અને ઉપર ચારે બાજુ ઝીણાં ઝીણાં રોમ યુક્ત છે. તે જાણીયે બે શ્યામ મણીયું હોયને શું ? એવા અતિ શોભાયમાન અને ધ્યેય છે અને બે સ્તન ઉપર બે છાપનાં ચિહ્ન છે અને જમણી ભૂજાની માંહીલી કોરે સમીપે ચાર તિલની એક ઉભી પંક્તિ છે અને વળી તે જમણી ભૂજાના મૂળથી ત્રણ તસુ નીચે એક છાપનું ચિહ્ન છે અને વળી તે ચિહ્નને બહારને પડખે સમીપે નાના ચાર તિલની એક ઉભી પંક્તિ છે અને તે હાથની કુણી ઉપર ઘસારાનું એક ચિહ્ન છે અને વળી તે હાથને માંહીલે પડખે કુણીથી નીચે અને મણિબંધથી ઉંચે બે તિલ છે અને વળી તેજ હાથની માંહેલે પડખે મણિબંધથી આઠ તસુ ઊંચુ એક છાપનું ચિહ્ન છે અને વળી તેજ હાથની છેલ્લી આંગળીના મૂળથી અર્ધતસુ ઉંચે નાનો એક તિલ છે અને વળી તેજ હાથની આંગળી ઉપર મૂળમાં ઝીણાં ઝીણાં રોમનાં ચિહ્ન છે અને વળી તે હાથના કરભ ઉપર સૂક્ષ્મ રોમનું એક ચિહ્ન છે અને ડાબી ભૂજાના મૂળથી ત્રણ તસુ નીચે એક છાપનું ચિહ્ન છે અને વળી તેજ હાથની કુણી ઉપર ઘસારાનું એક શ્યામ ચિહ્ન છે અને તેજ હાથના બહારના પડખે કુંણીથી બે તસુ નીચે એક તિલ છે. અને તેજ હાથના મણિબંધથી આઠ તસુ ઉંચુ એક છાપનું ચિહ્ન છે અને તેજ હાથના અંગુઠા પાસેની આંગળીને માંહિલે પડખે નખની પાસે એક નાનો તિલ છે અને તેજ આંગળી અને વચલી આંગળીના મધ્યમાં એક તિલ છે અને તેજ હાથનાં પોંચા મધ્યે એક તિલ છે અને તેજ હાથની આંગળીઓનાં મૂળ ઉપર ઝીણાં ઝીણાં રોમનાં

ચિહ્ન છે. અને તેજ હાથના કરભ ઉપર સૂક્ષ્મ રોમનું ચિહ્ન છે. અને તે બે હાથની આંગળીઓના નખ અતિ તેજસ્વી રક્ત અને ઉપડતા છે. અને તે બે હાથનાં તળાં રક્ત અને કોમળ છે.અને તેમાં રેખાઓ શ્યામ અને અતિ શોભાયમાન છે. અને બે હાથનાં કાંડાં ઘણાં કઠણ છે અને બળવાન છે. અને બે ભૂજદંડ તે જાનું પર્યંત દીર્ઘ અને પુષ્ટ છે અને અતિ શોભાયમાન છે. અને બે હાથના ખભા અતિપુષ્ટ અને ઉપડતા છે. અને ડાબા ખભા ઉપર સૂક્ષ્મ ચૌદ તિલની ઉભી એક હાર્ય છે.અને ડાબા ખભાથી નીચે બે તસુ, મોટો એક રોમ સહિત તિલ છે. અને તેથી બે આંગળ નીચો એક તિલ છે. અને તેથી બે તસુ નીચો એક ત્રીજો તિલ છે. અને તે બે તિલથી બહારને પડખે ત્રણ તિલ પાસે છે. અને ગ્રીવા તે સ્થુલ અને શોભાયમાન છે. અને તે ગ્રીવાથી બે તસુ નીચો પૃષ્ઠમાં જમણે પડખે એક તિલ છે. અને જમણા ખભાના બહારને પડખે ખર્પડી ઉપર નાનો એક તિલ છે. અને તે તિલથી માંહિલી કોરે ત્રણ તિલ છે. અને પૃષ્ઠને વિષે કરોડથી જમણી બાજુ સમીપે ચાર તિલની ઊભી એક પંક્તિ છે, અને બે નિતમ્બ અતિ પુષ્ટ ઉપડતા અને અતિ શોભાયમાન છે. અને બે પુષ્ટ તે ઉપડતા કોમળ અને તેજસ્વી છે. અને તે બે પુષ્ટના મધ્યમાં કરોડ તે અતિ શોભાયમાન છે અને બે જત્રુના મધ્યે કુપને વિષે એક તિલ છે. અને શ્રીહરિનો કંઠ તે ત્રિવળી યુક્ત શંખ સરખો અતિ શોભાયમાન છે અને તે કંઠના મધ્યમાં નાનો એક તિલ છે. અને ચિબુકની નીચે એક તિલ છે. અને તે ચિબુક ઉપર તથા ઓષ્ઠ ઉપર ઝીણાં રોમનાં ચિહ્ન છે. અને શ્રીહરિનું મુખારવિંદ ચંદ્રાકારે ગોળ, સુંદર શોભાયમાન, અતિ તેજસ્વી, શાંત અને ધ્યેય છે. અને બે ઓષ્ઠ સુંદર રક્ત અને પરવાળાં સરખા શોભાયમાન છે. અને મુખમાં જમણા પડખાની હેઠે પ્રથમની દાઢ્ય તેમાં એક શ્યામ ચિહ્ન છે. અને વળી ચિહ્નના ઉપરના પડખે એક શ્યામ ચિહ્ન છે. અને

મુખને વિષે દંતપંક્તિ તે જાણીએ મુક્તફળ તથા દાડમના બીજની પંક્તિ હોય ને શું ? એવી અતિ શોભાયમાન છે. અને નીચેની દંત-પંક્તિ તે ઝીણી ઝીણી રેખાએ યુક્ત છે. અને ઉપરની દંત પંક્તિ તે કંઈક વિશાળતાએ યુક્ત છે. અને નાસિકા સુંદર શોભાયમાન અણીયાળી અને થોડીક નમતી તે જાણીએ તિલનું પુષ્પ તથા શુકની ચંચુ હોયને શું ? એવી મહા શોભાયમાન છે. અને તેને વિષે ઝીણાં શીળીનાં ચિહ્ન છે. અને બે નેત્ર અતિ વિશાળ અને કરૂણ દ્રષ્ટીથી ભરેલાં અને મહા શોભાયમાન અને રક્ત રેખાએ યુક્ત છે. અને નાસિકાની પાસે જમણી બાજુ મોટો એક તિલ છે. અને તે તિલથી નીચો અને આંખના ખૂણાથી નીચે પાસે જ એક નાનો તિલ છે. અને બે કપોળ તે પુષ્ટ અને ગોળ ઉપડતા અને રક્ત અને તેજસ્વી છે. અને બે કર્ણ તે જાણીએ જલેબીનાં ગુંચળાં હોયને શું ? એવા અતિ શોભાયમાન છે. તેમાં ડાબા કાનમાં માંહીલી કોરે આઘો મોટો એક તિલ છે. તથા જમણા કાનની બુટી ઉપર એક તિલ છે.અને બે કાનની બુટીઓને વિષે વિંધ્યાનાં બે ચિહ્ન છે. અને બે ભ્રકુટીઓ અતિ શોભાયમાન છે તે જાણીએ કામની કબાન હોયને શું ? એવી શોભે છે. અને શ્રીહરિનું લલાટ તે મહાવિશાળ દીર્ઘ ઉપડતું અને અતિ તેજસ્વી છે. અને તે લલાટને વિષે ત્રણ રેખાઓ આડી ચંદ્રાકારે છે. તેનાં ચિહ્ન ત્રણ છે. અને બે રેખાઓ ઊભી તિલને આકારે છે. અને તેનાં બે ચિહ્ન છે. અને મસ્તક અતિ ગોળ અને શોભાયમાન છે. અને વચ્ચે ઊભી રેખા છે અને વળી તાળવા ઉપર એક તિલ છે. અને શિખાની પાછળ જમણે પડખે નીચે ત્રણ તિલની એક ઊભી પંક્તિ છે. આવી રીતે શ્રીઘનશ્યામ મહારાજનાં સર્વે અંગ તથા તિલે સહિત ચિહ્ન તેનું ધ્યાન કરવું. અને ચરણારવિંદનાં તળાંથી આરંભીને શિખાપર્યંત એક એક અંગ તથા એક એક ચિહ્ન તથા એક એક તિલ તેને સારી પેઠે સ્થિર મન કરીને શાંતિથી નિરખવાં. એવી

**રીતે જે કોઇ ભક્તજન ધ્યાન કરે છે તો તેને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે હેત થાય છે. અને તેના કામાદિક સર્વે વિકાર તત્કાળ નાશ પામી જાય છે. અને તે કામાદિક શત્રુ સમુદ્ર જેવા છે પરંતુ ધ્યાન કરનાર ભક્તને ગોપદની પેઠે ઉતરવામાં સુગમ થાય છે.**

ઇતિ શ્રીછપૈયાપુરે બાલચરિત્રે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ધ્યાન કરવાની રીત કહી. એ નામે નેવુંમો અધ્યાય પૂરો થયો. ||૯૦||

## અધ્યાય- ૯૧ :- છપૈયાપુરથી પોતાના બન્ને ભાઈઓને ગુજરાતમાં બોલાવ્યા.

**હે રામશરણજી ! આટલા દિવસ સુધી તો બાળચરિત્ર સહિત અલૌકિક ઐશ્વર્યની વાર્તાઓ મેં કહી અને હવે રામપ્રતાપ દાદા આદિક જે કોઈ તે દેશના હરિજનોને પરચા આપેલા તે પરચાની વાર્તાઓ કહું તે સાંભળો.**

**એક સમયે છપૈયાપુર પાસે લોહગંજરીને વિષે રામપ્રતાપભાઇ રહેતા હતા. એક દિવસે પોતાના પુત્ર નંદરામજી તથા અમો (એટલે અયોધ્યાપ્રસાદજી)તથા ઠાકોરરામજી એ સર્વે પોતાના પરિવારથી વિંટાણા થકા ઓસરીમાં બેસીને કમોદના પૌંવા દહીમાં પલાળીને તેની સાથે મૂળા જમતા હતા. તે સમયે હરિ ઇચ્છાથી નારદજી પોતે વૈરાગીના વેષે આવીને 'ભીક્ષાં દેહી' કરીને ઉભા રહ્યા અને કહ્યું જે, હે રામપ્રતાપભાઈ ! આ જે તમારા પુત્ર અયોધ્યાપ્રસાદજી તેને થોડાક દિવસમાં શ્રીઅક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન મળશે. અને પોતાના દત્તપુત્ર કરીને પોતાની ગાદીએ બેસારીને આચાર્યપદ આપશે. એમ કહીને આંગણામાં જંગલીનાથ મહાદેવના ચોતરા ઉપર બેઠા.ત્યારે રામપ્રતાપભાઈએ પોતાનાં દીકરી ધનુબાઈને કહ્યું જે, તમો ગોળ, ઘી, લોટ, આદિક સીધુ લાવીને આ બાવાને આપો. તેવું પોતાના પિતાનું**

વચન સાંભળીને તત્કાળ સીધુ લાવીને આપવા લાગ્યાં, ત્યારે બોલ્યા જે, હે બહેન ! અમો સીધુ લેવા નથી આવ્યા. પણ સમાચાર કહેવા આવ્યા છીએ. તેવું સાંભળીને ભાઈએ કહ્યું જે, હે બાવા ! તમો કયાં રહો છો ? ત્યારે બોલ્યા જે, અમો તો રમતારામ નારદજી છીએ. ત્યારે ભાઈએ જાણ્યું જે, હું પગે લાગું. એમ જાણીને ઉતાવળા થકા ચળુ કરીને ઉભા થયા એટલામાં તો તે નારદજી અદ્રશ્ય થઈ ગયા. તે જોઈને આશ્ચર્ય પામતા સતા ચારે બાજુ જોયું પણ કયાંય દીઠા નહીં. ત્યારે તે વાર્તા આચાર્ય સંધ્યાગીરી બાવા આદિકને કહેતા હતા. ત્યાર પછી નારદજી ત્યાં થકી ગામ આંબલીયામાં ઈચ્છારામજી રહેતા હતા, ત્યાં જઈને જેવી રીતે રામપ્રતાપભાઈને કહ્યું તેવી રીતે ઈચ્છારામભાઈને પણ કહેતા હતા. ત્યારે ઈચ્છારામભાઈ પોતાના પુત્ર રઘુવીરજીને લઈને ગામ લોહગંજરીમાં મોટાભાઈ ને તે સમાચાર કહેવા સારૂં આવતા હતા. તે આવીને પોતાના મોટાભાઈને મળીને ઓસરીમાં બેઠા અને બોલ્યા જે, હે ભાઈ ! નારદજીએ આવીને અમોને એમ કહ્યું જે, આ તમારા પુત્ર રઘુવીરજીને પુરુષોત્તમ ભગવાન મળશે. અને આચાર્યપદ આપશે. એમ કહીને અદ્રશ્ય થઈ ગયા. તે મેં ગામમાં ચારે તરફ જોયા પરંતુ કયાંય દીઠા નહીં પછી અમો તમારી પાસે તે સમાચાર કહેવા આવ્યા. તે સાંભળીને બોલ્યા જે, હે ભાઈ ઈચ્છારામ ! અમોને પણ તે નારદજી આવીને, તમોને કહ્યું તે પ્રમાણે કહી ગયા છે. તે આપણા બે ભાઈની વાત એક સરખી મળતી આવે છે. તે માટે આ સૂચક બહુ સારા જણાય છે, તેથી આપણા ઘનશ્યામબાબુના સમાચાર આપણને જરૂર મળવા જોઈએ. કેમ જે, એ ઘનશ્યામભાઈ બાળપણમાંથી જ બહુ ચમત્કારી હતા. એવી રીતે બે ભાઈ પરસ્પર વાર્તા કરે છે તેટલાકમાં તો મામાના સુત મંછારામ માયાજીતાનંદ સ્વામી તથા સુખાનંદ સ્વામી એ બન્ને સંતને સાથે લઈને આવતા હતા. ત્યારે બંને ભાઈ મંછારામને મળીને

બોલ્યા જે, હે મંછારામભાઈ ! આ તમારી સાથે મહાત્મા સંત ક્યાંથી આવે છે? ત્યારે કહ્યું જે, એ તો દ્વારિકાવાસી છે અને આપણા ઘનશ્યામભાઈ પાસેથી આવે છે. એવું સાંભળીને તત્કાળ તે બન્ને ભાઈ, પાસે જઈને પગે લાગીને તેમનું સન્માન કરીને ચોતરા ઉપર બેસાડ્યા અને શરબત જે ખાંડનું પાણી પાયું અને સર્વે સમાચાર પૂછવા લાગ્યા. ત્યારે સુખાનંદ સ્વામી બોલ્યા જે, તમારા ભાઈ ઘનશ્યામ મહારાજે ગુજરાત દેશમાંથી તમોને જયશ્રી સ્વામિનારાયણ કહ્યા છે તથા બંને ભાઈ ઉપર એક કાગળ લખી આપ્યો છે. એમ કહીને તે પત્ર કાઢીને ભાઈને આપતા હતા. ત્યારે તે પત્ર ભાઈ લઈને અતિશય આદરથી પોતાના મસ્તક ઉપર ચઢાવીને, આંખે અડાડીને, હૃદયમાં ભીડીને, સર્વે સમાચાર વાંચવા લાગ્યા, તે પત્રમાં લખ્યું હતું જે :-

સ્વસ્તિ શ્રીછપૈયાપુરે મહા શુભ સ્થાને પૂજ્ય રાધે, બિરાજમાન મોટાભાઈ જોખન પાંડે સહિત ઈચ્છારામ પાંડે. અત્રે શ્રીગુજરાત દેશમાં શ્રીઅમદાવાદથી લિખિતન આપના વચેટભાઈ ઘનશ્યામના ઘણા કરીને જયશ્રી કૃષ્ણ વાંચશોજી.

વિશેષ લખવાનું એ જે અમો ખુશીમાં છીએ અને અમારી ખબર લઈને માયાજીતાનંદ સ્વામી તથા સુખાનંદ સ્વામી એ બે સંતને મોકલ્યા છે. તેમની સાથે અહીં ગુજરાતમાં તમો જરૂર આવજો. તમોને તેડવા માટે એ બે સંતોને મોકલ્યા છે માટે તમો બે ભાઈ આવજો. અને અમોએ પ્રથમ અમારાં ભાભી જે, સુવાસિનીબાઈ તેમને વચન આપ્યું હતું જે, અમોને મોટો રાજ અધિકાર મળશે ત્યારે તમોને તેડાવીશું તે વખત આજ છે. તથા અમોને સાથળમાં આંબલીનો ખાંપો વાગ્યો હતો ત્યારે અમારા સખા વેણીરામનું લૂગડું ફાડીને પાટો બાંધ્યો હતો તથા ગામ પીરોજપુરના જાંબુડે વેણી, માધવ અને પ્રાગ સહિત અમો અને તમો જાંબુફળ ખાવા ગયા હતા તે સમયે એ જાંબુડાનો ધણી બકસરામ

બ્રાહ્મણ આવ્યો અને તે મલ્લ કુસ્તીમાં ઘણો પ્રવીણ હતો તેનો હાથ અમોએ ભાંગી નાખ્યો હતો તથા બળેવના દિવસે દેવો આવીને અમોને રાખડીઓ બાંધી ગયા હતા. તથા તરગામને વિષે અમોને તમારા સાળા જનકરામની સાથે જનોઈ આપી હતી તથા ત્રણ ખુણીયા ખેતરમાં મકાઈ અને ચિભડી નિંદતાં તમોને ચતુર્ભુજરૂપે અમારૂં દર્શન થયું અને તમોએ સ્તુતિ કરી એટલે અમો પ્રથમ જેવા બાલરૂપે થઈ ગયા. તથા તમારી સાથે અમો મનોરમા નદી અને મખોડા ઘાટે આવ્યા હતા. અને ત્યાં દશરથ રાજાના વખતની એક મોટી ભારે સુવર્ણની તોપ અમોએ ગાડા ઉપર મૂકી આપી હતી. આ વાર્તાઓની નિશાની તમોને વિશ્વાસ આવવા સારૂં અમોએ લખી છે. માટે તમો બન્ને એ બે સંતની સાથે જરૂર આવજો, ભૂલશો નહીં.એવી રીતે કાગળ વાંચીને રામપ્રતાપભાઈ સહિત સર્વે સંબંધિજન મહા આનંદ પામતાં હતાં. પછી રામપ્રતાપભાઈને માયાજીતાનંદ સ્વામીએ કહ્યું જે, એ તમારા ભાઈ તો ગુજરાત દેશમાં પ્રગટ પુરુષોત્તમ ભગવાનપણે પૂજાય છે. તે સાંભળીને બન્ને ભાઈ બહુ પ્રસન્ન થઈને રાજી થયા. અને બોલ્યા જે, હવે અમોને તે કેમ મળશે ? ત્યારે સ્વામી બોલ્યા જે, એ ઘનશ્યામ મહારાજે તમો બે ભાઈને પોતાની પાસે બોલાવવા સારૂં ઠામ ઠેકાણું અમને બતાવીને મોકલ્યા હતા તે અમો બન્ને જણ અમદાવાદથી ચાલ્યા તે રતલામ થઈને ઉજ્જૈન આવ્યા અને આગળ માળવો દેશ ઉલ્લંઘીને ગ્વાલીયર શહેર થઈને કાનપુર આવ્યા અને ત્યાં ગંગાજીમાં સ્નાન કરીને આગળ ચાલ્યા તે અયોધ્યાપુરીમાં આવીને ગંગાપુત્ર ગોરને તમારા સમાચાર પૂછ્યા પરંતુ તે કંઈ બોલ્યા નહિં. પછી અમોએ હનુમાનગઢીમાં જઈને ત્યાંના વૈરાગીઓને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું જે, હા છપૈયા તો અહીંથી પૂર્વમાં બાર છે. પરંતુ તમારે શું કામ છે ? એમ કહીને અમોને સરયૂગંગાના ઘાટ બતાવીને ઉગમણા જાઓ. એમ કહીને આ તરફ મોકલ્યા. પછી

અમો વહાણમાં બેસીને આ કાંઠે ઉતરીને પૂર્વ દેશમાં ચાલ્યા તે ગોરખપુર થઈને દીઘા ઘાટ હરિહર ક્ષેત્રથી લઈને અહીં સુધી બાર છપૈયા જોઈ વળ્યા પણ તમારો પત્તો ક્યાંય મળ્યો નહીં. એટલે અમો આટલામાં અને આટલામાં ચાર મહિના ફર્યા. પછી આ દેશમાંથી નિરાશ થઈને જાણ્યું જે, હવે તો પ્રયાગરાજમાં તથા ગોકુળ-મથુરા જઈને ગંગાપુત્ર ગોરના ચોપડા કઢાવીને તે ચોપડા જોવરાવીને તે ક્યાં છપૈયામાં રહે છે. એમ જાણીને અમો બે પાછા વળીને ચાલ્યા તે લખનૌ શહેર ગયા અને ત્યાં બોલિગારદ આગળ ગોમતી નદીના કિનારે ધર્મશાળામાં ઉતારો કરીને અધ્યાત્મ રામાયણની કથા કરતા હતા. તે સમયે ત્યાં મંછારામભાઈ રાજાના ત્યાં સુબેદાર છે તે એક દિવસ મહાદેવનાં દર્શન કરવા માટે તે ધર્મશાળામાં આવ્યા. તેમણે અમારી પાસે આવીને પગે લાગીને પૂછ્યું જે, તમો કોના સાધુ છો ? અને ક્યાં ગયા હતા ? અને આ કથા સારી કરો છો. એમ પૂછ્યું. ત્યારે અમોએ આ સર્વે વાર્તા કરી. તે સાંભળીને મંછારામભાઈ પોતાના મનમાં વિચાર કરીને બોલ્યા જે, હે મહાત્મા પુરુષો ! ચાલો તમો અમારી સાથે, તમોને ઘનશ્યામના બે ભાઈને ભેગા કરી દઈએ. એમ કહીને આ મંછારામ અમોને તેડીને અહીં લાવ્યા. ત્યારે તમો બે ભાઈ મળ્યા તેથી કરીને અમો રાજી થયા. એવું સાંભળીને રામપ્રતાપભાઈ ઈચ્છારામભાઈ પ્રત્યે બોલ્યા જે, હે ઈચ્છારામ ! હવે તમો તમારા ઘરે જાઓ અને ઘરનો બંદોબસ્ત કરીને ગોપાળજી આદિકને કહી, ભલામણ કરીને અહીં આવજો. આપણે બન્ને ભાઈ અહીંથી આવેલા તે સ્વામી તેમની સાથે ગુજરાત દેશમાં જઈને ઘનશ્યામભાઈને ભેગા થઈએ. એવું સાંભળીને રામપ્રતાપભાઈનાં દીકરી સીધનાબાઈએ કહ્યું જે, એક તો વૈરાગી થઈ ગયો છે અને વળી આ બે ભાઈ રહ્યા તે પણ તેમની પાસે જઈને વૈરાગી થઈ જશે. એમ કહીને દિલગીર થઈ ગયાં. પછી તે બે ભાઈએ તે બાઈને ધીરજ આપીને

કહ્યું જે, કંઇ ચિંતા કરશો નહીં. અમો વૈરાગી નહીં થઇએ. અને ઘનશ્યામભાઇ પાસે જઇને દ્વારિકાની યાત્રા કરીને પાછા તેમને અહીં તેડી લાવીશું. એવી રીતે સમજાવીને પછી રસોઇ કરાવીને અતિશય હેત સહિત પ્રેમમગ્ન થયા થકા બે સંત સહિત મંછારામને જમાડતા હતા. તે જમીને ચોતરા ઉપર જઇને બેઠા.

ત્યાર પછી પોતાના સર્વે સંબંધીની રજા લઇને થોડાક દિવસ પછી, ઇચ્છારામભાઇ પોતાના પુત્ર ગોપાળજીને ઘરની ભલામણ કરીને બે ભાઇ તે આવેલા સંતોની સાથે ત્યાંથી ચાલ્યા, તે વચ્ચે છપૈયાપુરમાં આવીને તે બે સંતને શ્રી ઘનશ્યામ મહારાજનાં જન્મસ્થાનકે દર્શન કરાવવા માટે લઇ ગયા. એટલે તે બે સંત અતિ પ્રેમમગ્ન થયા થકા તે જગ્યાએ દર્શન કરીને દંડવત કરવા લાગ્યા. ત્યારે અતિ તેજના સમૂહમાં ઘનશ્યામ મહારાજ નાના બાળરૂપે ઘરેણાંએ સહિત મહા શોભાયમાન મૂર્તિ તે ઘરમાંથી બહાર નીકળી આવીને દર્શન દેતા સતા, બે સંત સહિત રામપ્રતાપભાઇ તથા ઇચ્છારામભાઇ અતિશય આનંદ પામતા હતા. અને તે વાર્તા સર્વે પુરવાસીને કહેતા સતા બોલ્યા જે, હે ભાઇઓ ! એ બે સંત આપણા ઘનશ્યામબાબુ પાસેથી આવ્યા છે. અને અમો બન્ને જણ તેમની પાસે ગુજરાત દેશમાં જઇએ છીએ. ત્યારે સર્વે સંબંધી બોલ્યાં જે, હે રામપ્રતાપભાઇ ! તમો બન્ને ભાઇ રસ્તામાં હોંશિયારીથી સંપ રાખીને જાજ્યો અને આગળ મોટા મોટા પર્વત અને ઝાડીઓના માર્ગ બહુ કઠણ આવશે. તે માટે તમો સાથે ને સાથે રહેજો અને કોઇ જુદા પડશો નહીં. અને ઘનશ્યામભાઇને અમારા જય શ્રીકૃષ્ણ કહેજો. અને તમો દ્વારિકાની યાત્રા કરજો અને ઘનશ્યામભાઇને પાછા અહીં આપણા ઘેર તેડી લાવજો. તેવું સાંભળીને બોલ્યા જે, બહુ સારૂં, તેડી લાવીશું. એમ કહીને ત્યાં થકી ચાલ્યા તે બે ભાઇને વળાવવા માટે સર્વે સંબંધિજન ગામ સુરવાલના બગીચામાં આવ્યાં, ત્યારે રામપ્રતાપ-

ભાઈએ તે સર્વેને ત્યાં ઉભાં રાખીને પાછા વાળીને ત્યાં થકી ચાલ્યા, તે લખનૌ શહેરમાં આવીને ગોમતી નદીના કાંઠા ઉપર કેસર બાગમાં ઉતારો કરીને, પછી ત્યાં સુખાનંદ સ્વામી પ્રથમ બેલી ગારદની ધર્મશાળામાં કેટલાક દિવસ રહીને રામાયણની કથા કરી હતી તે સમયે લખનૌના રાજાના દિવાનને શ્રીજી મહારાજના પ્રગટપણાની વાર્તા કરીને તેને સત્સંગી બનાવ્યો હતો, તે દિવાનને સુખાનંદ સ્વામીએ જઈને કહ્યું જે, સ્વામિનારાયણના બે ભાઈને અમો છપૈયાપુરથી તેડી લાવ્યા છીએ, માટે તેમનાં દર્શન કરવા ચાલો. એમ કહ્યું ત્યારે તે દિવાન તત્કાળ પોતાની કચેરીના કેટલાક માણસોને લઈને હાથી-ઘોડા સહિત આવીને રામપ્રતાપભાઈને પગે લાગીને, સ્વામીના કહેવાથી બે ભાઈને વસ્ત્ર, ઘરેણાં પહેરાવીને સન્માન કરીને સોનાની અંબાડીવાળો જે હાથી તેના ઉપર બે ભાઈઓને બેસાડીને, વાજતે ગાજતે શહેર મધ્યે થઈને પોતાના દિવાનખાનામાં ઉતારો કરાવીને, કેટલાક દિવસ રાખીને ઘણો લાભ લીધો. એવી રીતે સુખાનંદ સ્વામીએ બેભાઈનું સન્માન કરાવીને ત્યાં થકી ચાલ્યા, તે નૈમિશારણ્યમાં ગયા અને ત્યાં પાંચ દિવસ રહીને તે તીર્થમાં દર્શન કરીને ચાલ્યા, તે વચ્ચે દાઉજીના મંદિરમાં બે દિવસ રહીને રેવતી બળદેવજીનાં દર્શન કરીને ગોકુળ મથુરામાં આવ્યા અને ત્યાં દર્શન કરીને ગોવર્ધન પર્વતની પરિક્રમા ફરીને કેટલાક દિવસ તે તીર્થમાં રહીને વૃન્દાવનમાં ગયા અને ત્યાં યમુનાજીના ધરામાં સ્નાન કરીને સર્વે મંદિરોમાં દર્શન કરતા હતા. પછી ત્યાં લાલાબાબુ નામનો એક મહા ધનપતિ વણિક ભગવાનનો ભક્ત હતો, તેને પ્રથમ મોટા સુખાનંદ સ્વામી મળ્યા હતા, તે લાલાબાબુ પાસે બન્ને સંત બે ભાઈને સાથે લઈને ગયા. માયાજીતાનંદજી સ્વામીએ શ્રીજી મહારાજના પ્રગટપણાની બહુ વાર્તાઓ કરી. ત્યારે તેણે કહ્યું જે, હે સ્વામી ! તમો સ્વામિનારાયણને લઈને અહીં જરૂર આવજો અને આવતાં જતાં જેટલું

ખર્ચ થશે. તે હું આપીશ, પરંતુ તેમને લાવજો, એમ કહીને એક અત્તરની શીશી ભરી આપીને કહ્યું જે, આ શીશી તમો એ સ્વામિનારાયણને આપજો અને મારા ઘણા કરીને જય શ્રીકૃષ્ણ કહેજો. એમ કહીને તે લાલાબાબુએ શ્રીજી મહારાજના ભાઈ જાણીને ચંદનપુષ્પ વડે તે બે ભાઈની પૂજા કરીને એક હેમનો કંદોરો તથા એક ઉતરી આપીને પગે લાગીને દંડવત્ પ્રણામ કર્યા. એવી રીતે સ્વામીએ બે ભાઈનું સન્માન કરાવીને ત્યાં થકી ચાલ્યા, તે ગુજરાત દેશ ઉલ્લંઘીને કાઠિઆવાડ દેશમાં લોયા ગામને વિષે પટેલ સંઘાસુરાણીના ઘેર તે સમયે શ્રીજી મહારાજ બિરાજમાન હતા. ત્યાં બે ભાઈઓ અને બે સંત આવતા હતા.

ઇતિ શ્રી છપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે શ્રીજી મહારાજે છપૈયાપુરથી પોતાના બે ભાઇઓને ગુજરાત દેશમાં તેડાવ્યા. એ નામે એકાણુંમો અધ્યાય પૂરો થયો. ॥૯૧॥

## અધ્યાય- ૯૨

## માણેકધર ગઢપુરમાં મહારાજને મળ્યા વગેરે.

વળી એક સમયે છપૈયાપુરથી ઉત્તર બાજુએ તરાઈ દેશમાં, ગામ લક્ષ્મણપુરને વિષે ભક્તિમાતાનાં બહેન જે વસંતાબાઈ તેમના પુત્ર જે માણેકધર તેમની પત્નીએ તેમને કહ્યું જે, હાલમાં આપણો વ્યવહાર દુર્બળ છે, માટે તમારી માસીના પુત્ર જે ઘનશ્યામબાબુ છે તે ગુજરાત દેશમાં ભગવાનપણે પૂજાય છે. તે તમારો ભાઈ છે અને બાળપણાના મિત્ર પણ છે. તે જો તમો તેમની પાસે જાઓ તો તે ઘનશ્યામ મહારાજ તમોને કંઈક આપશે તે લઈ આવો. એમ કહીને ભાતુ કરી આપ્યું. તે લઈને પોતાના અંતઃકરણમાં ઘનશ્યામ મહારાજને સંભારતા સતા, ગંગાના પ્રવાહ જેવો તેમનો વેગ છે એવા થકા ચાલ્યા, તે પચીસ દિવસે શ્રીગઢપુરને વિષે આવતા હતા. ત્યારે તે સમયે શ્રીજી મહારાજ દાદાખાચરના દરબારમાં લીંબડાના વૃક્ષ નીચે ઉગમણે મુખારવિંદે

ઢોલિયા ઉપર બિરાજમાન હતા અને ચારે કોરે સંત હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે ગદ્‌ગદ્‌ કંઠે અતિ પ્રેમમગ્ન થયા થકા, શ્રીજી મહારાજને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે પોતાના મશીયાઇ ભાઈને ઓળખીને શ્રીજી મહારાજ બોલ્યા જે, અહો માણેકધરભાઇ ! તમો ક્યાંથી આવ્યા ? એમ કહીને ઢોલિયા ઉપરથી હેઠે ઉતરીને સામા જઈને અચાનક ઉપાડી લઈને, છાતીમાં ભીડીને હેત પૂર્વક મળતા હતા અને અતિ આદરથી સન્માન કરીને પોતાના ઢોલિયાની સમીપે ચાકળા ઉપર બેસાડીને હિન્દુસ્તાન દેશના સમાચાર પૂછવા લાગ્યા અને તે પૂછીને વળી બોલ્યા જે, હે માણેકધરભાઇ ! અમો એક વખત તમારા ગામ લક્ષ્મનપુરા વસરામ મામાની સાથે છપૈયાપુરથી આવ્યા હતા. અને આપણે બે ભાઈ તે સમયે નાના હતા અને તમારા પિતા બલદીધર સાથે રાપ્તિ નદીમાં સ્નાન કરવા નિત્ય જતા ખરા ? ત્યારે તે કહે હા અને ત્યાં ચંદનમાસી પણ તમારાં માતુશ્રી વસંતાબાઈ માંદાં હતાં, તેમને જોવા સારૂં ગામ ગુન્હાબરૂએથી સુત બસ્તીભાઈને સાથે લઈને આવ્યાં હતાં ખરાં ? ત્યારે કહે હા. અને તે તરાઈ દેશમાં ડાંગર બહુ પાકે છે ખરી ? ત્યારે કહે હા. એવી રીતે વિકિતએ સહિત પૂછ્યું. પછી તે માણેકધરભાઈ પોતાના ઘરેથી પોતાની પત્નિએ અઢી શેર પૌંવા સુંદર ખાંડીને અતિ પ્રેમે સહિત એક કપડે બાંધીને મહારાજને વાસ્તે મોકલ્યા હતા તે કાઢીને પોતાના ભાઈને આપતા હતા. ત્યારે શ્રીજી મહારાજ તે પૌંવા જોઈને વખાણતા થકા પોતાના હાથમાં લઈને જમવા લાગ્યા. પછી સર્વે સંત હરિભકતોને પોતાની પ્રસાદીના પૌંવા આપ્યા. ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ ! આતો સુદામાના તાંદુલ જેવું થયું. એમ કહીને રાજી કરતા હતા. પછી તે માણેકધરને રામપ્રતાપ-ભાઈના ઉતારે મોકલ્યા. તે કેટલાક દિવસ ભેગા રહ્યા પણ શ્રીજી મહારાજને કંઈ કહ્યું નહિ જે, હે મહારાજ ! હવે મારા દેશમાં જવું છે.

તે મને કંઈક આપો. તેમ શ્રીજી મહારાજ પણ કંઈ બોલ્યા નહીં જે, તમો કેમ આવ્યા છો? એમ એક બીજાને વાત ન કરતાં, એક દિવસ તૈયાર થઈને શ્રીજી મહારાજને મળવા ગયા. ત્યારે મહારાજ બોલ્યા જે, હે ભાઈ માણેકધર ! તમો હમણાં રહો ને કોઈ સારો સંગાથ મળશે ત્યારે અમો તમોને મોકલી દઈશું. ત્યારે કહે ના. અમો તો હાલ જઈશું. એવી રીતે બહુ કહ્યું પણ માન્યું નહિં, ત્યારે પોતે શ્રીજી મહારાજ રાધાવાવ સુધી વળાવવા ગયા.

પછી ત્યાં થકી મહારાજનાં દર્શન કરીને તે માણેકધર ચાલ્યા, તે પછી થોડાક દિવસમાં પોતાના ગામ પહોંચી ગયા. ત્યારે પોતાની પત્નિએ સર્વે સમાચાર પૂછીને કહ્યું જે, તમારા ભાઈએ શું આપ્યું ? ત્યારે બોલ્યા જે, મેં કંઈ તેમની પાસે માગ્યું નહિ અને હું તૈયાર થઈને તે સભામાં બેઠા હતા ત્યાં મળવા ગયો, ત્યારે મેં જાણ્યું જે, મને કંઈક આપશે. પરંતુ કંઈ આપ્યું નહિં. અને મળીને અમોને એક ગાઉ સુધી વળાવવા પણ આવ્યા હતા. એમ કહ્યું. ત્યારે તે બાઈ બોલી જે, તમો સાતસો ગાઉ જઈ આવ્યા પરંતુ તમને કંઈ સુખદુઃખની વાર્તા ન કરી અને એમને એમ જેવા ગયા તેવા પાછા વળી આવ્યા, એમ કહીને વળી બોલી જે હશે, તે ભગવાન જે કરતા હશે તે ઠીક કરતા હશે. એમ કહીને પોતાના મનમાં સંતોષ પામતી હતી. પરંતુ પોતાના સ્વામીનો તથા શ્રીઘનશ્યામ મહારાજનો લેશમાત્ર અવગુણ લીધો નહિં. ત્યારે શ્રીજી મહારાજ અંતર્યામીપણે જાણીને તત્કાળ ભારે વસ્ત્ર ઘરેણાં સહિત તેમના ઘેર જઈને પોતાનું દર્શન દેતા સતા બોલ્યા જે, હે માણેકધરભાઈ! મેં તમોને કંઈ ન આપ્યું, પરંતુ તમો બંને જણે અમારો અવગુણ લગાર પણ લીધો નહિં. તેથી અમો બહુ રાજી થયા. એમ કહીને એક હેમના કંદોરા સહિત ભારે ઉતરી આપીને બોલ્યા જે, આ તમારી ઘંટી નીચે રૂપીયાનો ભરેલો એક ચરૂ છે તે તમો કાઢી લેજો. અને તમો ગઢપુર

આવ્યા હતા. તે સમયે અમો તમને કંઈક આપત તો ખરા, પણ તમો અહીં કેવી રીતે લાવી શક્ત. વચ્ચે મહા ઝાડી અને પર્વતના માર્ગ બહુ કઠણ છે. તેથી ચોર લૂંટી લેત. એમ જાણીને અમોએ કંઇ ન આપ્યું. એમ કહીને જમવા બેઠા. એટલે તે બાઇ અતિ હર્ષને પામતી થકી થાળીમાં પૌંઆ, દહીં અને સાકર આપી. તે જમી ચળુ કરીને અદ્રશ્ય થઈ ગયા. તે જોઈને બંને જણ મહા આશ્ચર્ય પામતાં સતાં તે ઘંટી તળે જોયું ત્યાં તો રૂપીયાનો ભરેલો એક ચરૂ નીકળ્યો. એવી રીતે શ્રીજી મહારાજે પોતાના મશીયાઈભાઇ તથા તેમની પત્નિની ધીરજ જોઈને અવગુણ ન લેવાથી, ખરી વખતમાં રક્ષા કરી.

વળી એક સમયે નંદરામભાઈ, ગોપાળજીભાઈ, સીતારામજી, સફલમામા, મંછારામ, કનૈયારામ, પાળા કરસન ભગત, તથા પાળા જાલમ મોટા એ સર્વે મળીને ગુજરાત દેશમાંથી હિન્દુસ્તાન દેશમાં જતા હતા. તે વિંધ્યાચળની ઝાડી ઉલ્લંઘીને અડા નદીએ જ્યારે ગયા, ત્યારે તે નદીમાં ભીલ પોતાનાં હથિયાર તીર-કામઠે સહિત બાંધીને બેઠા હતા. તેને દેખીને સુફલમામા પોતાના અંતઃકરણમાં કંપારી ખાઈને બોલ્યા જે, હે નંદરામભાઈ ! તમે મહાબળવાન છો. પરંતુ આ સમયે તમો કંઈ આ ભીલ સામા થશો નહીં. કંઈ બોલશો નહીં કેમ જે, આપણે તો થોડા જણ છીએ અને આ ભીલ તો એક હજારને આશરે છે. માટે કોઈકને વગાડીને નુકસાન કરશે અને અંતે લુંટશે પણ ખરા. માટે જેમ શ્રીજી મહારાજની ઈચ્છા હશે તેમ થશે. એમ કહીને દીલગીર થઈ ગયા. ત્યારે સુફલમામાને દીલગીર થયેલા જાણીને નંદરામભાઈના મનમાં એવો ઘાટ થયો જે, ભારે વસ્ત્રઘરેણાં અમારા કાકા જે શ્રીજી મહારાજે તેમણે અતિ પ્રસન્ન થઈને અમોને આપ્યાં છે, તે સર્વે આ ભીલ લઈ જશે અને જો હું સામો થઉં તો ન લેવા દઉં. પરંતુ અમારા મામાએ ના પાડી છે. હવે કેમ કરવું ? હે શ્રીજી મહારાજ ! આખરી

વખતમાં અમારી લાજ રાખવી તમારા હાથમાં છે. નહીં તો મરવાનો સમય આજે આવ્યો છે. એવી રીતનો સંકલ્પ થયો. એટલામાં તો શ્રીજી મહારાજ પોતાના કુટુંબીની ખરા વખતમાં સહાય કરવા માટે રોઝા ઘોડા ઉપર બેઠેલા અને હાથમાં મોટો ભાલો લઈ તત્કાળ આવી, સર્વે ભીલને અનંતરૂપે દેખાતા હતા. તે જોઈને એ સર્વે ભીલ મહા ભય પામીને મરવાની બીકથી નાસી ગયા. ત્યાર પછી તેમને પોતાનું દર્શન દેતા સતા તે નદી અને પર્વતનો મહા વિકટ માર્ગ ઓળંગાવીને અદ્રશ્ય થઈ ગયા. તે જોઈને પાળા કરસન ભગત બોલ્યા જે, હે નંદરામભાઈ ! જુઓ, આખરી વખતમાં શ્રીજી મહારાજે આપણી કેવી રક્ષા કરી ? એમ કહેતા સતા તે સર્વે શ્રીજી મહારાજનું સ્મરણ કરતા કેટલેક દિવસે સુખેથી છપૈયાપુરને વિષે પહોંચી ગયા.

વળી એક સમયે હિન્દુસ્તાન દેશમાં ગોરખપુર પરગણે નગરગામના બે પુરબીયા બ્રાહ્મણ વડોદરા શહેરમાં સયાજીરાવને ત્યાં નોકરી કરવા રહેલા હતા. તે બંને બ્રાહ્મણ હંમેશાં આપણા મંદિરમાં આવીને શ્રીઠાકોરજીનાં દર્શન કરીને ગોપાળાનંદ સ્વામીને ચમત્કારી જાણીને સભામાં બેસતા અને સ્વામીની વાર્તાઓ સાંભળતા હતા. એમ કરતાં કેટલાક દિવસ વિતી ગયા પછી તેમણે સાધુ બહુ પવિત્ર જાણીને ઠાકોરજીના થાળ કરાવીને તે સર્વે સંતને રસોઈ આપીને જમાડતા હતા. અને પોતે પણ તે ઠાકોરજીનું પ્રસાદીનું અન્ન જમ્યા તેથી પોતાનાં અંતઃકરણ શુદ્ધ થયાં. અને સ્વામીનું ઘણું માહાત્મ્ય જાણીને નિર્માની થઈ નિત્યે સેવા કરતા. ત્યારે સ્વામીએ તેમને પૂર્વના મુમુક્ષુ જાણીને શ્રીજી મહારાજના પ્રગટપણાની વાતો કરીને ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો. ત્યારે તેઓ સ્વામીના હાથે નિયમ ધારીને કંઠીઓ બાંધીને સત્સંગી થયા. પછી સ્વામીએ કોઠારી પાસેથી કંઠીઓ, માળાઓ તથા મૂર્તિઓ મંગાવીને એ બંનેને આપી અને પૂજા કરવાનો વિધિ સ્વામી

તેમને બતાવતા હતા. પછી એક દિવસે તેમણે સ્વામીને કહ્યું જે, હે સ્વામી ! શ્રીજી મહારાજને કેવા સમજવા? ત્યારે સ્વામી હસીને એમ બોલ્યા જે, આ શ્રીજી મહારાજ તો સર્વ અવતારના અવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે. અને પોતાના અક્ષરધામ-માંથી અનંત મુક્તોને સાથે લઈને અહીં અનંત જીવોના ઉધ્ધાર માટે પધાર્યા છે. એવી રીતે સ્વામીએ શ્રીજી મહારાજના મહિમાની ઘણીક વાર્તા કરીને શ્રીજી મહારાજનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો. ત્યાર પછી કેટલાક દિવસ વિતી ગયા પછી પોતાના દેશમાં જવાની તૈયારી કરીને ઠાકોરજીનાં દર્શન કરવા મંદિરમાં આવ્યા. અને ઠાકોરજીનાં ગદ્‌ગદ્ કંઠે પ્રેમે સહિત દર્શન કરીને પોતાની શ્રદ્ધા પ્રમાણે ભેટ મૂકીને, ત્યાં થકી સ્વામી પાસે આવીને દંડવત્ કરી, પગે લાગીને બોલ્યા જે, સ્વામિન્! હવે તો અમારા દેશમાં જઈએ છીએ અને તમો અમારા ઉપર કૃપાદ્રષ્ટિ રાખીને અંત સમયે તેડવા આવજો. ત્યારે સ્વામી બોલ્યા જે, તમો બન્ને જણ આવો ને આવો સત્સંગ રાખીને શ્રીજી મહારાજનું સુખેથી ભજન કરજો એટલે શ્રીજી મહારાજને સાથે લઈને તેડવા આવીશું. એવી રીતનો આશીર્વાદ દઈને બ્રહ્માનંદ સ્વામીએ બનાવેલી એક દોહા-ચોપાઈની શિક્ષાપત્રી તથા બ્રહ્મવિલાસ તથા વિવેકચિંતામણી એ ત્રણ ગ્રંથ આપીને બોલ્યા જે, આ ત્રણ ગ્રંથ નિત્ય પ્રત્યે વાંચીને મનન કરજો. એટલે તમારૂ પરમ કલ્યાણ થશે. અને અયોધ્યાપુરીથી બે યોજન ઉત્તરમાં છપૈયાપુરને વિષે શ્રીજી મહારાજે પોતે શ્રીધર્મભક્તિને ઘેર જન્મ ધારણ કર્યો છે, તે જન્મસ્થાનકનાં દર્શન કરીને તમારા ગામ જજો. તમોને કંઈક ચમત્કાર તે છપૈયાપુરના મંદિરમાં જણાશે. એમ કહ્યું ત્યારે તે સાંભળીને બહુ રાજી થયા અને વિનંતીપૂર્વક પગે લાગીને ચાલ્યા તે કેટલેક દિવસે છપૈયાપુરને વિષે આવ્યા અને ત્યાં નારાયણ સરોવરમાં વિધિપૂર્વક સ્નાન કરીને મંદિરમાં આવીને ઘનશ્યામ મહારાજનાં દર્શન કર્યાં કે, તુરત

સર્વે મૂર્તિઓમાંથી તેજના અંબાર નીકળવા માંડયા તે બધાય મંદિરમાં તેજ ભરાઇ ગયું અને ત્યાં સ્વામીને પણ મહાઅલૌકિકરૂપે દેખ્યા, એવું થોડીવાર તેજમાં દર્શન થયું. પછી તે સર્વે તેજ પોતપોતાને વિષે સમાવી લીધું. તેવું મહાઅલૌકિક આશ્ચર્ય જોઇને આનંદ પામતા થકા તે તીર્થમાં કેટલાક દિવસ રહીને, નવા થાળ કરાવીને ઘનશ્યામ મહારાજને જમાડીને રાજી કરતા હતા. પછી છાપો લઇને પોતાને ગામ ગયા. તેમાંથી એક જણ કલકત્તામાં જઇને ગંગાના પુલની બાજુના પરામાં મોટો અમલદાર થયો અને તેની આયુષ્ય ખૂટવાથી તેને એક દિવસ બહુ તાવ આવ્યો. ત્યારે સ્વામી શ્રીજી મહારાજને લઇને અનંત વિમાન સહિત આવ્યા અને દર્શન દઇને બોલ્યા જે, હે રામરતન ! ચાલો. ત્યારે તેણે બે હાથ જોડીને કહ્યું જે, હે સ્વામી ! આ તમારી આપેલી શ્રીજી મહારાજની પૂજા તે મારી પાસે છે તે મારો દેહ પડ્યા પછી એ પૂજાની સેવા કોણ કરે ? અને મારૂં ગામ અહીંથી સાતસો ગાઉ દૂર છે.માટે હે સ્વામી ! કૃપા કરીને તે ગામમાં જઇને મારો મોટો પુત્ર રામઅવધ છે તેને આ પૂજા આપીને કહેજો જે, તારા પિતાને તો અમો પ્રબોધિની એકાદશીના દિવસે કલકત્તામાંથી અમારા અક્ષરધામમાં તેડી ગયા અને તમો સર્વે સ્નાન કરો અને આ પૂજાની સેવા નિત્યે નિયમ પૂર્વક કરો. એમ કહેજો એટલે અન્ન વસ્ત્ર સુખેથી મળે અને સાડા નવસો રૂપીયાની સોનામહોરો વડોદરાથી લાવીને બળદ બાંધવાની ગમાણના ખૂણામાં ભીંતની સમીપે ઘાલી છે તે કાઢી લે. આ સર્વે સમાચાર કૃપા કરીને કહી આવો અને પછી મને તેડી જાઓ. તેવું સાંભળીને સ્વામી તેના કહેવા પ્રમાણે કરીને તેડી ગયા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે માણેકધર શ્રીગઢપુર આવ્યા અને મહારાજને મળ્યા અને નંદરામભાઇ આદિક કેટલાક જનની હિન્દુસ્તાન દેશમાં જતાં ચોર થકી રક્ષા કરી

અને ગોરખપુરના બે પુરબીયા છપૈયાપુર આવ્યા અને અલૌકિક રૂપે દર્શન આપ્યું. એ નામે બાણુંમો અધ્યાય પૂરો થયો. ।।૯૨।।

## અધ્યાય- ૯૩ :- પરમચૈતન્યાનંદ સ્વામી ધર્મકુળને લાવ્યા, દ્વારકાની યાત્રા વગેરે.

વળી એક સમયે સદ્‌ગુરૂ પરમચૈતન્યાનંદ સ્વામી તથા નિર્ગુણાનંદ સ્વામી એ બે સંતને છપૈયાપુરને વિષે ધર્મકુળને તેડવા માટે શ્રીજી મહારાજ મોકલ્યા હતા. તે બન્ને સંત છપૈયાપુરથી ધર્મકુળને લઈને ગુજરાત દેશમાં આવતા હતા. તે વચ્ચે અયોધ્યાપ્રસાદજીને થાકને કારણે શરીરમાં તાવ આવ્યો. એટલે તે સમયે પીળા છત્રની છાયાએ યુક્ત રોઝા ઘોડા ઉપર બેઠેલા શ્રીજીમહારાજે આવીને જળ પાયું. એવું દર્શન સ્વામીને થયું. પછી વળી બીજા દિવસે ભાઈ રઘુવીરને થોડીક કસર થયેલી અને ઘોડે બેઠેલા હતા અને બહુ કોમળ શરીર તેથી તડકો ઘણો લાગ્યો અને અકળાવા લાગ્યા. એટલે તત્કાળ શ્રીજી મહારાજ સાત ગાઉ સુધી મસ્તક ઉપર મોટું છત્ર ધરીને ચાલતા હતા. એવું દર્શન સદ્‌ગુરૂ નિર્ગુણાનંદ સ્વામીને થયું. પછી વળી વિંધ્યાચળની ઝાડીમાં કલહગઢની સમીપે જ્યારે આવ્યા, ત્યારે સીતારામભાઈને અતિશય તરસ લાગી અને પાણી લાવતાં ઘણી વાર લાગી એટલે મૂર્છા આવી ગઈ. અને સ્વામી આદિક સર્વે ઉદાસ થઈ ગયા અને સંબંધી સર્વે રૂદન કરવા લાગ્યાં. તે સમયે નિર્ગુણાનંદ સ્વામી તો શ્રીજી મહારાજની પ્રાર્થના કરવા લાગ્યા જે, હે મહારાજ ! અમો તો તમારા મોકલ્યા સતા આ સર્વે ધર્મકુળને લઈને આવતા હતા અને વચ્ચે અવળું વિઘ્ન થઈ ગયું. માટે આ સમયે હે ભગવન્ ! તમો જેમ કરશો તેમ થાય એમ છે. અને તમારા સિવાય બીજા કોઈનો ઉપાય ચાલે તેમ નથી. અમારા પગ પણ તમારા તરફ આવવા આગળ ઉપડતા નથી. ત્યારે શ્રીજી મહારાજ પોતાના સંતની પ્રાર્થના સાંભળીને તત્કાળ ઉતાવળા થકા આવી દર્શન

આપીને બોલ્યા જે, હે સંતો ! તમો આટલા ઉદાસ થઈને સર્વે ધર્મકુળને કેમ આવડું રોવરાવવા માંડ્યું છે ? અને આ સીતારામ તો તરસના કારણે સૂઈ રહ્યા છે. એમ કહીને પોતે જળ પાઈને તુરત અદ્રશ્ય થઈ ગયા. એવું મહા અલૌકિક ઐશ્વર્ય જોઈને સર્વે અતિશય રાજી થયાં. પછી ત્યાં થકી ચાલ્યા તે કેટલેક દિવસે વડતાલ ગામમાં શ્રીજી મહારાજને ભેગા થયા. તે સમયે સુવાસિનીબાઈને કહ્યું જે, અમોએ તમોને છપૈયાપુરને વિષે બાળપણામાં વચન આપ્યું હતું તે અમો અમારૂં વચન પાળીને આ સત્સંગરૂપી ધન તમોને આપ્યું છે. તેવું સાંભળીને બોલ્યાં જે, હે મહારાજ ! તમો તો દયાળુ છો સત્ય સંકલ્પ છો અને અક્ષરાધિપતિ પૂર્ણપુરુષોત્તમ છો અને સર્વે અવતારના કારણ છો. એમ કહીને શ્રીજી મહારાજને બેઠાં થકાં બે હાથ જોડીને પગે લાગતાં હતાં. ત્યાર પછી શ્રીજી મહારાજ પોતાના જમણા નેત્રમાં અનેક કોટી બ્રહ્માંડ એક કાલાવચ્છિન દેખાડતા હતા તે મહા અદ્ભુત ઐશ્વર્ય જોઈને ગદ્‌ગદ્ કંઠ થઈ ગયાં. અને બે નેત્રમાંથી આંસુની ધારા ચાલતી હતી. એવાં થકાં ચરણારવિંદમાં પોતાનું મસ્તક મૂકીને પગે લાગતાં સતાં, એક પ્રહરવાર પ્રાર્થના કરતાં હતાં. એવી રીતે બીજી વખત અમો તથા ભાઈ રઘુવીરજી તથા ગોપાળજીભાઈ એ આદિક તથા કેટલાકજન છપૈયાપુર-વાસી ધર્મકુળ તથા મામાના પુત્ર મંછારામ તથા કન્હિરામ એ સર્વેને સાથે લઈને બન્ને સદ્‌ગુરૂ વડતાલ ગામને વિષે તેડી લાવીને શ્રીજી મહારાજનો મેળાપ કરાવતા હતા.

વળી એક સમયે શ્રીગઢપુરને વિષે શ્રીજી મહારાજે પોતાના મોટાભાઈના પુત્ર નંદરામજીને ભારે વસ્ત્ર-ઘરેણાં પહેરવા આપ્યાં અને તે પહેરી રહ્યા એટલે એક આખી જગન્નાથીનું થાન મસ્તકે બાંધવા આપ્યું અને બોલ્યા જે, હે નંદરામજી ! આ ફેંટો તમો હિન્દુસ્તાની માથે બાંધો. પછી નંદરામજીભાઈ તો પછવાડે પગની પેની બરોબરી હીંડળતો

છેડો મૂકીને મસ્તકે બાંધવા લાગ્યા. તે એક ઠેબું દોઢ હાથ ઉચું રાખ્યું અને બીજું ઠેબું નીચું રાખીને વચ્ચે છોગું મૂક્યું. એવી રીતે ફેંટો પોતાના મસ્તકે બાંધ્યો. પછી શ્રીજી મહારાજે સભામાં એક હાથ ઉંચો ચાકળો નંખાવી આપ્યો અને બોલ્યા જે, હે નંદરામજી ! આ ચાકળા ઉપર તમો બેસો. ત્યારે એક ઢીંચણ ઉંધો રાખ્યો અને બીજો ઢીંચણ ઉભો રાખીને છાતી કાઢીને રાજાની રીતે બેઠા. ત્યારે મૂળ પ્રથમથીજ પાંચ હાથ ઉંચા તો હતા અને વળી એક પગ ઉંધો રાખીને ખડા બેઠા તે સર્વે સભા કરતાં ગજ એક ઉંચા દેખાણા. તે જોઈને મહારાજ પોતાના મુખારવિંદ આડો રૂમાલ રાખીને હસ્યા. ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ! આતો સત્યયુગી દેખાય છે. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, એતો જેણે નક્ષત્રી પૃથ્વી કરી હતી તે છે. એવી રીતે શ્રીજી મહારાજ મર્મ કરીને બોલતા હતા.

હે રામશરણજી ! જ્યારે રામપ્રતાપજી તથા ઈચ્છારામજી એ બન્ને ભાઈ પ્રથમ લોયા ગામમાં આવ્યા અને શ્રીજી મહારાજને મળીને શ્રીદ્વારકાની યાત્રા માટે તૈયાર થયા ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, ભાઈ! તમો દ્વારકાની યાત્રા કરી પાછા વહેલા પધારજો અને તમોને ત્યાં મંદિરમાં કંઈક ચમત્કાર જણાશે. ત્યારે ભાઈ બોલ્યા જે, બહુત અચ્છા. એમ કહીને ત્યાં થકી ચાલ્યા તે રૈવતાચલ ગયા અને ત્યાં પાંચ દિવસ રહીને ગીરનાર પર્વત ઉપર ચઢ્યા અને દામોદર કુંડમાં સ્નાન કરતા સતા, બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપીને ત્યાં થકી ચાલ્યા, તે પ્રભાસપાટણ જતા હતા અને ત્યાં સમુદ્રમાં સ્નાન કરતા સતા, ભાટીયાની ધર્મશાળામાં ઉતારો કરીને તે તીર્થમાં કેટલાક દિવસ રહીને દર્શન કરતા થકા, પાછા ત્યાં થકી વહાણમાં બેસીને દ્વારકાજી જતા હતા અને ત્યાં રાજાના સદાવ્રતના વંડામાં ઉતારો કરીને, બીજે દિવસે તે જગ્યામાં રાજાના તરફથી હિન્દુસ્તાન દેશમાં પ્રયાગરાજ પાસે દલ્લિપુરના રહેવાસી બે

બ્રાહ્મણ ઈટાર પાંડે ધર્મદેવના પિતરાઈ ભાઈ હતા, તે કેટલાક દિવસથી ત્યાં નોકર રહેલા હતા, તેમની સાથે એકબીજાને પૂછવાથી રામપ્રતાપભાઈને ઓળખાણ નીકળી. એટલે ભાઈ અતિ હેતપૂર્વક મળીને તેમને સાથે લઈને રણછોડજીના મંદિરમાં દર્શન કરવા સારૂ પધાર્યા. ત્યારે ત્યાં ગયા એટલે સિંહાસન ઉપરથી શ્રીકૃષ્ણની મૂર્તિની સમીપે જમણી બાજુ ઘનશ્યામ મહારાજ નાના બાળસ્વરૂપ ભારે વસ્ત્ર-ઘરેણાં પહેરેલાં અને ચતુર્ભુજરૂપે વિરાજમાન હતા. એવાં અલૌકિક બે ભાઈ સહિત તે બે બ્રાહ્મણોને દર્શન થયાં. ત્યારે તે જોઈને ભાઈ તો પ્રેમના ભર્યા ગદ્‌ગદ્‌ કંઠ થકા, બે હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા અને તે બ્રાહ્મણ તો આનંદ પામતા સતા બોલ્યા જે, અહો, હે પૂજારી ! આ કૃષ્ણની મૂર્તિના સમીપે નાના બાળ ચતુર્ભુજરૂપે કોની મૂર્તિ બેઠેલી છે ? અમો કેટલીક વખત અહીં દર્શન કરવા સારૂં આવીએ છીએ પરંતુ આ મૂર્તિને તો અમોએ, કોઈ દિવસે દીઠી નથી. એમ કહે છે એટલામાં તો ઘનશ્યામ મહારાજ પોતે અદ્રશ્ય થઈ ગયા.પછી રામપ્રતાપજી પોતાના ભાઈ ઘનશ્યામ મહારાજ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે. તે જેવી રીતે પ્રગટ થયા અને પોતાને બાળપણામાં જે જે ઐશ્વર્ય જણાવ્યાં હતાં તે વૃત્તાંતની વાર્તા વિસ્તારે સહિત કહેવા લાગ્યા.

વળી એક સમયે રામપ્રતાપભાઈ સોરઠ દેશમાં ઝીણાભાઈના પંચાળા ગામમાં હતા. ત્યાં સવારના પહોરમાં ભાઈને વાસ્તે દરબારમાંથી ચાર શેર માખણ અને બે શેર સાકર આવે તે જમી જાય અને વળી બપોરે ઘીનું આંધણ મૂકીને રીંગણાનું શાક કરે અને વળી ઘીમાં લોટ બાંધે અને ચિકાસ માટે માંહી થોડુંક પાણી નાખીને તેની પૂરી કરતા હતા. અને વળી ખીચડીમાં તેની બરોબર ઘી નાખે એવી રીતની રસોઈ કરીને ભાઈ જમતા હતા અને સાંજે પાંચ શેર બાખડી ભેંસનું દૂધ આવે

**તેને ખૂબ કઢીને તેમાં બશેર સાકર નાખીને તેનું પાન કરી જતા હતા. અને સવારે કહે જે, ઝીણાભાઈ ! આ ગામનું પાણી સારૂં નથી. એવી રીતે જમીને પાણીમાં વાંક કાઢતા હતા. ત્યાર પછી ત્યાં કેટલાક દિવસ રહીને સર્વે હરિજનોને આનંદ પમાડતા સતા. તેમની સેવા અંગીકાર કરીને શ્રીગઢપુરને વિષે આવતા હતા.**

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે બીજી વખત સ.ગુ. પરમચૈતન્યાનંદ સ્વામી છપૈયાપુરવાસી ધર્મકુળને લાવ્યા અને નંદરામભાઇને શ્રીજી મહારાજે વસ્ત્ર ઘરેણાં પહેરવા આપ્યાં અને બન્ને ભાઇ દ્વારિકા ગયા અને ગામ પંચાળામાં ભાઇ માખણ જમ્યા. એ નામે ત્રાણુંમો અધ્યાય થયો. ॥૯૩॥

## અધ્યાય- ૯૪

## રામપ્રતાપભાઈ સિદ્ધપુર પધાર્યા અને ત્યાં પ્રતાપ જણાવ્યો.

**વળી એક સમયે અમદાવાદથી રામપ્રતાપભાઈ સિદ્ધપુર સરસ્વતીમાં નહાવા જવાનો વિચાર કરીને પોતાની સાથે પાળા કુબેરસંગજી તથા નિલમ મોટા એ આદિક પાંચ સાત પાળા લઈને ગાડી જોડાવીને ચાલ્યા, તે વચ્ચે દંઢાવ્ય દેશમાં ફરતા ફરતા કેટલેક દિવસે ગામ બીલીયામાં જઈને કામરાજ પટેલના ડેલામાં રાત્રી રહ્યા. પછી તેણે હેતે સહિત બીજે દિવસે ભાઈને જમાડ્યા. ત્યારે તે સમયે કામરાજનો કાકો તે ડેલાના ચોતરા ઉપર બેઠો હતો. તે બોલ્યો જે, હે કામરાજ ! આ કોણ આવ્યા છે ? અને ક્યાં જાય છે ? ત્યારે તેણે કહ્યું જે, હે કાકા ! આતો સ્વામિનારાયણના મોટા ભાઈ છે. તમો આવો, દર્શન કરો. એતો સિદ્ધપુર સરસ્વતીમાં નહાવા જાય છે. તે સાંભળીને તે પટેલ ત્યાંથી ઉઠીને ભાઈનાં દર્શન કરીને બોલ્યો જે, સરસ્વતીમાં તો બિલકુલ પાણી નથી. ત્યારે દાદા એમ બોલ્યા જે, હે પટેલ ! એતો**

બ્રહ્માકી બેટી હૈ તે હમ જાતે હૈં તો હમકું સ્નાન કરાવવા આયેગી. ત્યારે તેણે જાણ્યું જે, સ્વામિનારાયણ પોતે ભગવાન હતા તે સર્વેને પરચા આપતા અને આ તેમના મોટાભાઈ પણ કાંઈ પરચા જણાવશે કે શું ? તે જો કાંઈ ચમત્કાર મને જણાવે તો હું પણ તેમનો ભક્ત થઈને કંઠી બાંધુ. એવી રીતનો સંકલ્પ કરીને પાછો તે ઓટલા ઉપર જઈને બેઠો. ત્યારે દાદાએ તેમના મનનો સંકલ્પ અંતર્યામીપણે જાણીને તેને બોલાવીને કહ્યું જે, હે પટેલ ! જાઓ. તમો તમારા ઘરમાં ચાર શેર માખણનું તપેલું ભરીને અધર શીકા ઉપર મુકેલું છે તે બધું અહીં લાવો અને બશેર સાકર લઈ આવો. તમોને અમો ચમત્કાર જણાવીએ. તેવું સાંભળીને તે પટેલ ઉતાવળો થકો પોતાના ઘેર જઈને તે માખણ તોળી જોયું, એટલે બરાબર દાદાના કહેવા પ્રમાણે થયું. પછી તલકચંદ વાણીયાની દુકાનેથી દળેલી બશેર સાકર લાવીને માખણ સહિત દાદાની પાસે મૂકીને બે હાથ જોડીને સમીપે બેઠો, એટલે તેને દેખતે સતે તેમાખણ અને સાકર તે બે ભેગાં કરીને શ્રીજીમહારાજને સંભાળતા સતા જમી ગયા. ત્યાર પછી ભાઈ ત્યાં થકી ચાલ્યા ત્યારે પટેલ કામરાજ પણ દાદાની સાથે તે વાત જોવા માટે ભેગો ચાલ્યો, તે દાદા જ્યાં નદીમાં ગયા ત્યાં તો આખી નદીમાં કમર બરાબર પાણી એકદમ હડુડાટ કરીને આવતું હતું. ત્યારે તે પટેલ ભાઈને પણ મહાચમત્કારી જાણીને મહા આશ્ચર્ય પામતો સતો, ભાઈના હાથે નિયમ ધારીને સત્સંગી થયો. ત્યારે ભાઈ રાજી થઈ બોલ્યા જે, હે પટેલ ! તમારા પરિવારે સહિત ગામમાં પણ ઘણો સત્સંગ થશે. એવી રીતનો વર તે પટેલ પામીને ઘરે ગયો. ત્યાર પછી તે ગામના નથુ ભટ્ટ તથા લક્ષ્મીચંદ પારેખ તથા દલછારામ ભાવસાર એ આદિક સર્વે હરિભક્ત મળીને સન્માનને કરતા સતા, ભગવાનજી ચોબદારના વંડામાં ઉતારો કરાવતા હતા. પછી બીજા દિવસે સવારના પહોરમાં સરસ્વતીમાં સ્નાન કરવા માટે ચાલ્યા, તે

માધુપાવડીયાને કિનારે વિધિપૂર્વક સ્નાન કરીને, શ્રાદ્ધ કરાવીને બ્રાહ્મણોને દાન પૂન્ય કરતા સતા, બિંદુ સરોવર, જ્ઞાનવાવ, વટેશ્વર મહાદેવ એવી રીતે સર્વે તીર્થોમાં સ્નાન કરીને દાન દક્ષિણાઓ કરતા સતા, દર્શન કરતા સતા પોતાના ઉતારે આવતા હતા. એવી રીતે તીર્થોમાં કેટલાક દિવસ રહીને ત્યાં થકી ચાલ્યા, તે અમદાવાદને વિષે પોતાના મંદિરમાં પધારતા હતા.

ત્યારપછી દાદા અમદાવાદમાં રહ્યા ત્યાં સુધી પોતાને એવો નિયમ હતો જે, દરેક પૂર્ણિમાએ જેતલપુરને વિષે દર્શન કરવા જવું. તે એક દિવસે કાર્તિક સુદ પૂર્ણિમાના દિવસે ગાડી જોડાવીને પોતે નરનારાયણ દેવનાં મંગળા આરતીનાં દર્શન કરીને ગાડીમાં જઈને બેઠા અને હથીયાર બંધ ચાર પાળાને સાથે લઈને તે વચ્ચે કાંકરીયા તળાવમાં સ્નાન કરીને ચાલ્યા, તે ગામ અસલાલી અને જેતલપુરના વચ્ચમાં ગયા, ત્યારે રસ્તામાં પાણીનો રોદો બહુ પડેલો હતો. તે રોદામાં એક જેતલપુરના ગરાસીયાનું ગાડું ડાંગરનું ભરેલું ચાર બળદ સહિત ખૂંચેલું હતું. તે ગરાસીયો ઘણો પ્રયત્ન કરે પણ તે ગાડું બહાર નીકળે નહિ અને જેમ જેમ બળદને હાંકે તેમ તેમ માંહી કાદવમાં વધારે ખુંચતું જાય. તેવું દુઃખ જોઈને તે ગરાસીયો ભાઈની ગાડીના બળદ સારા દેખીને ગાડીને સમીપે જઈને બોલ્યો જે, હે ભાઈ ગાડીવાળા ! આ તમારા બળદ મને થોડીવાર આપો તો આ ગાડું માર્ગ વચ્ચે ખૂંચી ગયું છે તેને હું બહાર કાઢું એટલે તમો સુખેથી જાઓ. અને તમારે જવાનો બીજો માર્ગ નથી. જે તમો જઈ શકો અને સાંજ સુધી અહીંથી જવાશે નહિ. માટે દયા કરીને આપો તો બહુ સારૂં. ત્યારે ભાઈ ગાડીમાં તકીયાના ઓઠીંગણે બેઠા હતા. તે એ ગરાસીયાનાં અતિ નિર્માનીપણાનાં વચન સાંભળીને પડદો આઘો કરીને બોલ્યા જે, હે કરસન ભગત ! જાઓ. તમો એ ગાડીને બહાર કઢાવો. ત્યારે એમણે કહ્યું જે, હે દાદા ! આખા

ગામના માણસ આવીને ખેંચે તો પણ ગાડું નિકળે તેમ નથી. એવું સાંભળીને પોતે ગાડામાંથી નીચે ઉતરીને તે ગાડા પાસે જઈને તે ચાર બળદને ગાડેથી કાઢી દેવરાવીને ગાડાનું ધુસરૂં પોતે એક હાથે ગ્રહણ કરીને તે એમને એમ શ્રીજી મહારાજનું નામ લઈને તે ગાડાને કડેડાટ કરીને બહાર ખેંચી લાવીને એક ખેતરવાર દૂર મૂકી આવતા હતા. તેવું મહા અદ્ભૂત ચરિત્ર જોઈને તે ગરાસીયા સહિત સર્વે પાળા ચકિત થઈ ગયા. ત્યારે તે ગરાસીયે પૂછ્યું જે, હે ભાઈ ! તમો આ સમર્થ મૂર્તિ કોણ છો ? ત્યારે કુબેરસિંહ બોલ્યા જે, આતો સ્વામિનારાયણના મોટા ભાઈ છે તે જેતલપુર દર્શન કરવા જાય છે. તે સાંભળીને બોલ્યો જે, અહો ! ! એ સ્વામિનારાયણ તો સાક્ષાત્ પોતે ભગવાન હતા. તેમણે અમારા જેતલપુરમાં ઘણાક યજ્ઞો કરીને લાખો બ્રાહ્મણોને જમાડીને દક્ષિણાઓ આપી, અનંત પરચાઓ આપ્યા છે. અને તેમના મોટાભાઈ પણ મહા પ્રતાપી છે. એમ કહીને બે હાથ જોડીને પોતાનું ગાડું ભાઈની પાસે બહાર કઢાવ્યું, એ રૂપી પોતાનો અપરાધ ક્ષમા કરાવીને, ચરણાર્વિંદમાં પોતાનું મસ્તક મૂકીને ગદ્ગદ્ કંઠે થઈને પગે લાગતો હતો. ત્યારપછી જાલમ મોટાએ જણાવ્યું જે, બહુ મોડું થઈ જશે અને શ્રીઠાકોરજીનાં દર્શન પણ નહિ થાય, એમ જાણીને ઉતાવળા થઈ ગાડીની ચારે બાજુ કપડાંનો પડદો હતો તેને આઘો કરી, જ્યાં બારીનું કમાડ ઉઘાડ્યું ત્યાં તો અંદર ગાડીમાં દાદા એકરૂપે બેઠેલા છે અને વળી એકરૂપે બહાર ઉભેલા જોયા એટલે તત્કાળ કુબેરસિંહને તે વાત કહેવા જાય છે. ત્યાં તો તે ગાડીમાં તે દાદાની મૂર્તિ હતી તે અદૃશ્ય થઈ ગઈ. તેવું ચરિત્ર જોઈને આનંદ પામતા સતા દાદાને ગાડીમાં બેસારીને ત્યાં થકી ચાલ્યા તે મંદિરમાં જઈને તે વાત જાલમ મોટા એ આનંદાનંદ સ્વામીને કહીં, ત્યારે સ્વામી એમ બોલ્યા જે, હે જાલમ મોટા ! એ તો મુક્ત, દેવ, ઋષિ એ સર્વેનાં બે રૂપ હોય તે ભગવાનની ઈચ્છાથી

કોઈકને દેખાય. એમ કહીને દાદા તો બળદેવજીનો અવતાર છે. તેની જાલમ મોટાને ખબર પડી અને તેમની પ્રશંસા કરતા હતા. તે સાંભળીને ચકિત થઈ ગયા અને ભાઈનો મહિમા સમજીને મન, કર્મ, વચનથી સેવા કરવાનો નિયમ રાખતા હતા.

વળી એક સમયે શ્રીજી મહારાજે ગામ શ્રીઅસલાલીને વિષે પોતાના બે દત્તપુત્રોને દેશના વિભાગ કરી આપ્યા, અને સાધુ, બ્રહ્મચારી, પાળા, પણ અડધો અડધ વહેંચી આપ્યા. તેમાં મુક્તાનંદ સ્વામી તથા ગોપાલાનંદ સ્વામી એ બે સદ્‌ગુરૂને મધ્યસ્થ રાખ્યા, અને એક સમૈયો વડતાલમાં કરવો અને એક સમૈયો અમદાવાદમાં કરવો એવી વાતનો ઠરાવ કરતા હતા. ત્યાર પછી પ્રથમ રામવનમીનો સમૈયો આવ્યો ત્યારે તે સમૈયો કરવા સારૂ વડતાલ આવ્યા અને તે સમયે રામપ્રતાપભાઈ પણ સાથે હતા. ત્યારે શ્રીજી મહારાજની પૂજા થાય તે ભેગી રામપ્રતાપ-ભાઈની પણ પૂજા થાય અને ભેટ પણ આવતી જાય, તે વાતની શંકા થવાથી રામપ્રતાપભાઈ રીસાઈ ચાલી નીકળ્યા. અને તેમની સાથે સુવાસિનીબાઈ પણ ચાલી નિસર્યાં. તે વાતની મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી એ બે સદ્‌ગુરૂને ખબર પડી. ત્યારે તેમણે જઈને શ્રીજી મહારાજને કહ્યું જે, હે મહારાજ ! ભાઈ તો રીસાઈને અમદાવાદ ગયા. માટે આ તો બહુજ ખોટું થયું. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, હે સ્વામિન્ ! અમારૂં વચન તો ભાઈ માનશે નહીં. માટે તમો બન્ને મોટેરા સદ્‌ગુરૂઓ જાઓ અને ભાઈને સમજાવીને પાછા વાળી લાવો, તમારૂં કહ્યું માનશે. તેવું સાંભળીને તે બન્ને સદ્‌ગુરૂ ઉતાવળા થકા ત્યાંથી ચાલ્યા તે ભાઈને થોડેક દૂર ગામ બામરોલીના કૂવાની સમીપે પહોંચી મળ્યા. અને બહુ પ્રકારે સમજાવ્યા તો પણ પાછા વળ્યા નહિ. ત્યારે મુક્તાનંદ સ્વામી વિનંતિ પૂર્વક બોલ્યા જે, હે દાદા રામપ્રતાપભાઈ ! તમો આટલો ક્રોધ કેમ રાખો છો ? ત્યારે બોલ્યા જે હે સ્વામી ! અમારામાં તો એકસો

ગાડાં ક્રોધનાં છે. તેમાંથી એકગાડું બ્રહ્માંડમાં વહેંચ્યું છે. તેમાંથી શિવ, બ્રહ્મા, મનુષ્ય, દેવ, એ સર્વેમાં ક્રોધ આવ્યો છે. અને બીજાં નવાણું ગાડાં ક્રોધનાં અમારી પાસે છે. તે તમો ક્યાં જાણતા નથી ? માટે તમારે કંઈ મને કહેવું નહીં. અને આ પચાસ કરોડ પૃથ્વીને હું એકરૂપે મારા મસ્તક ઉપર સરસવના દાણાની માફક ધારણ કરી રહ્યો છું અને વળી આ એકરૂપે હું તમારી પાસે ઊભો છું. એમ કહીને પોતાનું મહા અલૌકિક શેષજીરૂપે દર્શન દેતા હતા. તે મહા અદ્ભુત પ્રતાપ જોઈને સ્વામી તો મહા આશ્ચર્ય પામી ગયા. અને વિંનતિપૂર્વક બે હાથ જોડીને પગે લાગી સ્તુતિ કરીને પાછા આવીને તે વાત વિસ્તારે સહિત શ્રીજી મહારાજને કહેતા હતા. ત્યારે બોલ્યા જે, હે સ્વામી ! જુઓ અમો કહેતા હતા જે, અમારા ભાઈ નહીં માને. એ તો સાક્ષાત્ સંકર્ષણનો અવતાર છે.માટે તેમની પ્રકૃતિ સામુ જોવું નહિં. એવી રીતે ભાઈનાં બહુ વખાણ કરીને પાળા ભગુજી પાસે પોતાનો રોઝો ઘોડો મંગાવ્યો અને તે ઘોડા ઉપર સર્વે સામાન મંડાવીને પોતાને બેસવાની જે ગાડી તે જોડાવીને, ગામ ડાંગરવાના અમરાજી તથા ગામ કણભાના ઉમાભાઈ એ બે ગરાસીયાને હથિયાર બંધાવીને કહ્યું જે, હે અમરાજી ! આ ઘોડા ઉપર ભાઈને સમજાવીને બેસારજો અને આ ગાડીમાં તેમનાં પત્નિ સુવાસિનીબાઈને બેસારજો અને તેમને સુખેથી અમદાવાદ પહોંચાડી આવો. એમ કહીને મોકલ્યા. પછી તેમણે જઈને ભાઈને વિનંતિ કરીને ઘોડા ઉપર બેસાર્યા અને દાદીમાને તે ગાદીમાં બેસાર્યાં. પછી ત્યાં થકી ચાલ્યા તે ગામ નડીયાદ અને મહેમદાબાદના વચ્ચે શેઢી નદીના સમીપે આવ્યા ત્યારે સાંજ પડી ગઈ. તે સમયે એક મોટા મહુડાના વૃક્ષ નીચે કેટલાક ચોર પોતાના હથિયારે સહિત બેઠા હતા. તેમને દેખીને ઉમાભાઈના મનમાં એવો સંકલ્પ થયો જે, જુઓ, આ રામપ્રતાપભાઈએ મુક્તાનંદ સ્વામીનું વચન માન્યું નહીં અને આ સામા વૃક્ષ નીચે ઘણાક

ચોર બેઠેલા છે. હવે કનડશે ખરા. એવી રીતનો સંકલ્પ કરતા સતા આગળ ચાલતા હતા તે ઊભા રહ્યા અને ભાઈના મુખ સામું જોયું. ત્યારે ભાઈ અંતર્યામીપણે તેમનો સંકલ્પ જાણીને બોલ્યા જે, હે ઉમાજી ! તમોને શો સંકલ્પ થાય છે ? તમો કંઈએ ચોરથી ડરશો નહીં, આપણને તે શું કરવાના છે ? તેવું સાંભળીને ઉમાભાઈ તો મહા આશ્ચર્ય પામી ગયા અને અતિ હિંમત આવી ગઈ. એવા થકા બોલ્યા જે, હે દાદા ! ડર તો કંઈ લાગતો નથી. પરંતુ આપણે થોડાક જણ છીએ અને તે ચોર તો ચાલીશ પચાસના આશરે છે માટે ધીંગાણું કરશે તો કોઈકને વાગશે એટલે મરી પણ જશે. એમ કહેતા સતા એ સર્વે ચોરના નજીક ગયા ત્યારે તેમણે જાણ્યું જે, આ મોટા ઘોડા ઉપર બેઠેલા છે તે કોઈક તાલુકાદાર છે. તે વડોદરાથી અમદાવાદ જતા હશે અને આ ગાડીમાં તેમના રૂપીયા દાગીના પણ હશે માટે ચાલો આપણે સર્વે લૂટી લઈએ અને એ તો ચાર પાંચ જણ છે, તે એમનાથી શું થવાનું છે ? એવી રીતનો વિચાર કરીને તે સર્વે ચોર એકદમ હથિયાર જે તીર-કમાન લઈને ત્યાં થકી તત્કાળ ઊભા થયા. તે જોઈને ભાઈ બોલ્યા જે, હે અમરાજી ! આ ચોર તમારાથી પાછા નહીં હઠે. માટે તમો ચારે જણ આ ગાડીપાસે ઉભા રહો અને લાવો તમારી તરવાર તે મારાથી પાછા હઠશે. આવી રીતે મહાશૂરવીરનું વચન બોલતા સતા પોતે ચડપ લઈને ઘોડા ઉપરથી હેઠા ઉતર્યા અને ઉમાભાઈના હાથમાં ઘોડાની સરક આપી. અમરાજીના હાથમાંથી તરવાર લીધી અને તે જોઈને અમરાજીના મનમાં એમ થયું જે, અહો! આ તો મહા જુલમ થયો. જો ભાઈને કંઈક થશે. તો જગતમાં મારી આબરૂ જશે અને એમ કહેવાશે જે, ડાંગરવાનો અમરો ભેગો હતો અને રામપ્રતાપભાઈને વાગ્યું. માટે હું ભાઈના હાથમાંથી તરવાર પાછી લઉં અને આ સર્વે ચોરને પાછા હઠાવું. એમ જાણીને ઉતાવળા થકા ભાઈના હાથમાંથી તરવાર લેવા

ગયા. ત્યારે ભાઈ પોતાની ભ્રકુટી ચડાવીને બે નેત્ર લાલ કરીને બોલ્યા જે, ખબડદાર જો આવ્યા તો મારી નાખીશ. એવી રીતે હાકોટા કરીને બોલ્યા, કે તરત અમરાજી તો ખચકાઈને ત્યાં ને ત્યાં સજ્જડ થઈગયા. તે જોઈને ચોરે જાણ્યું જે, આ તો બન્ને મહા શૂરવીર જણાય છે. એમ જાણીને સર્વે ચોર સામટા ભેગા થઈને એકદમ ભાઈના નજીક આવી ગયા. ત્યારે પોતાના અંતરમાં શ્રીજી મહારાજને સંભાળ્યા કે, તરત શ્રીજી મહારાજ ભાઈના બળની વિશેષ પ્રેરણા કરતા હતા. એવા થકા ભાઈ આનંદ પામતા સતા એક મોટો મહુડાનો વૃક્ષ હતો તેની પાસે જઈને પોતાના જમણા પગનું એક ઠેબું માર્યું કે તરત તે મહુડો મૂળથી ઉખડીને તે સર્વે ચોર ઉપર  પડયો. તેથી સર્વે ચોર દબાઈને લોચો થઈ ગયા. એવી રીતનું ઐશ્વર્ય દેખાડીને ત્યાં થકી ચાલ્યા, તે મોટા મહેમદાવાદમાં બહેચર ભટ્ટના ડેલામાં આવીને રાત્રિ રહ્યા અને દુર્લભરામ આદિક સર્વે સત્સંગીને તે પ્રતાપની વાર્તા કરી. તે સાંભળીને સર્વે જન મહા આશ્ચર્ય પામતા હતા અને ભાઈનો મહિમા બહુ સમજીને હેતે સહિત ભાઈની બહુ સેવા કરીને રાજી કરતા હતા. ત્યાર પછી ત્યાંના સર્વે હરિભક્તોની સેવા અંગીકાર કરીને ચાલ્યા તે ગામ શ્રી જેતલપુરને વિષે આવ્યા અને ત્યાં મંદિરમાં ઉતારો કરીને કેટલાક દિવસ રહેતા સતા, ત્યાંના હરિભક્તની સેવા અંગીકાર કરીને શ્રીઅમદાવાદને વિષે પધારતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે રામપ્રતાપભાઇ સિદ્ધપુર સરસ્વતીમાં સ્નાન કરવા પધાર્યા અને પોતાના સંકલ્પ વડે કરીને સરસ્વતીમાં પાણી આવ્યું અને જેતલપુર જતાં રોદામાં ગાડુ ખૂંતેલું તેને બહાર કાઢ્યું અને સેઢી નદીને કિનારે ચોરોને પોતાનો ચમત્કાર દેખાડ્યો. એ નામે ચોરાણુંમો અધ્યાય પૂરો થયો. ।।૯૪।।

## અધ્યાય- ૯૫ :- રામપ્રતાપભાઈએ ઘેલા નદીમાં સ્નાન કર્યું તથા અન્ય પ્રતાપ.

વળી એક સમયને વિષે શ્રીગઢપુર વિષે રામપ્રતાપભાઈને એક લાલા પાળા સાથે કંઈક આંખ્યરોહ પડેલો. તેથી રામપ્રતાપભાઈ હમેશાં તેને એમ કહે જે, અહીંથી તમે ભાગી જાઓ પરંતુ તે પાળો શ્રીજી મહારાજનો હજુરી સેવક હતો, તેથી કરીને કંઈ ગણે નહીં. એમ કરતાં કેટલા દિવસ વીતી ગયા બાદ, લાલા પાળે મુક્તાનંદ સ્વામીને વાત કરી. ત્યારે સ્વામીએ કહ્યું જે, ભાઈને કંઈ દુખવીશ નહીં. એ તો મહા સમર્થ છે. માટે હમણાં મહિનો પંદર દિવસ બીજા મંદિરમાં જાઓ. એમ કહ્યું તો પણ તે ન ગયો. પછી તેણે શ્રીજી મહારાજને કહ્યું જે, ભાઈ મારા ઉપર રીસે રાખે છે. તે હું કેમ કરું ? તેવું સાંભળીને શ્રીજી મહારાજે તેને તત્કાળ સમાધિ કરાવી, તે મૂર્તિ આગળ અને તે લાલો પાળો પાછળ તે એમને એમ પાતાળમાં લઈ ગયા. અને ત્યાં એક મોટો મણિમય મંડપ દીઠો અને તેમાં એક વેંત લાંબો સાપ પણ દીઠો. તેને જોઈને કહ્યું જે, હે મહારાજ ! આવી ભારે જગ્યામાં આ સાપ કોણ હશે? એમ કહે છે તેટલામાં તો શ્રીજી મહારાજે તે સાપને સોટી અડાડી કે તુરતજ સહસ્રફણાઓથી એ મંડપ ભરાઈ ગયો. એવડો મોટો એ સાપ થતો હતો. તે જોઈને અંતરમાં કંપતો સતો બોલ્યો જે, હે મહારાજ! આ તે કોણ હશે ? ત્યારે કહે, આ શેષજી પોતે રામપ્રતાપભાઈ છે. માટે તેમની ઉપર તું રીસ કેમ રાખે છે ? હવેથી રાખીશ નહીં. એમ કહે છે એટલામાંતો ભગવાનની ઈચ્છાથી તત્કાળ સમાધિમાંથી જાગ્યો અને ભાઈની પાસે આવી અતિ નિર્માની થકો દંડવત્ કરવા લાગ્યો. એટલે ભાઈ તેને ઉપાડી લઈ બાથમાં ભીડીને મળ્યા અને તેના ઉપર રાજી થઈને રીસ મૂકી દેતા હતા.

વળી એક સમયે શ્રીગઢપુરને વિષે રામપ્રતાપભાઈ વહેલા ઉઠીને

બે ઘડી રાત્રિએ ઘેલા નદીમાં સ્નાન કરવા ગયા. અને પોતાની સાથે લીમલીના મૂળજી શેઠ તથા ગામ મોરબીના બેચર ચાવડો એ આદિક એ ચાર હરિભક્તો હતા તેમણે કહ્યું જે, હે દાદા ! આજે નદીમાં પુર ઘણું આવ્યું છે તે આપણાથી સ્નાન કરાશે નહીં. કેમ કે આ નદીમાં પત્થર બહુ જ છે તેથી પગ ઠરી શકશે નહીં, માટે પાછા ચાલો, લક્ષ્મીવાડીએ સ્નાન કરીશું. તેવું સાંભળીને ભાઈ વળવાનો વિચાર કરે છે એટલામાં તો શ્રીજી મહારાજની ઈચ્છાથી આકાશવાણી થઈ જે, હે રામપ્રતાપજી ! તમો તો સાક્ષાત્ સંકર્ષણનો અવતાર છો. માટે પાછા વળશો નહીં અને આ પાણીને રોકી સ્નાન કરીને જાઓ. તેવું સાંભળીને ભાઈ તો તત્કાળ ઉતાવળા થકા તે પાણીમાં થોડેક દૂર જઈને બે હાથ પહોળા કરી, મોટા હાકોટા કરીને બોલ્યા કે તુરત આખી નદીનું પાણી ચાલતું બંધ થઈ ગયું અને પોતાના મુખારવિંદની આગળ મોટી પાણીની પાળ થઈ ગઈ. તે જોઈને બોલ્યા જે, હે મૂળજી શેઠ! આવો, તમો સર્વે નિર્ભય થઈ સ્નાન કરીને બહાર જાઓ. તેવું સાંભળીને આનંદ પામતા સતા શ્રીજી મહારાજને સંભાળીને ભાઈની પાછળ આવીને સ્નાન કરતા હતા. પછી ભાઈ સ્નાન કરીને બહાર આવ્યા કે તરત પાણી ચાલવા માંડ્યું. તેવું ચરિત્ર જોઈને સર્વે મંદિરમાં આવીને શ્રીજી મહારાજને તે વાત બહેચર ચાવડે વિસ્તારીને કહી. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ભાઈ તો મહા સમર્થ છે. તે ચાહે તેમ કરે. એમ કહીને ભાઈની બહુ પ્રશંસા કરતા હતા.

વળી એક સમયે રામપ્રતાપભાઈના મોટા પુત્ર નંદરામજી તથા ઠાકોરરામજી એ બન્ને ભાઈ કોઈક કારણસર ગામ ખુરદ્વાર વિષે ગયા. ત્યારે ત્યાં ક્ષત્રી બાબુરામની હવેલી પાસે ચોકમાં મલ્લ અખાડામાં ગામના કેટલાક બ્રાહ્મણ મલ્લ તથા કેટલાક ગરાસીયા મલ્લ એ સર્વે મળીને મલ્લ કુસ્તીની રમત ઘણીવાર સુધી કરી. પછી એક મોટી

કડીયાળી લાકડીને ઠેબે બંદુકો અને તેર તરવારો બાંધીને એમને એમ અદ્ધર ઉપાડી લેવી, એવી રીતની રમતને કરતા હતા. તે સમયે આ બન્ને ભાઈ ત્યાં જઈને તે રમત જોવા માટે કેટલીકવાર સુધી રહ્યા. તો પણ કોઈ તે લાકડીને ઉપાડી શક્યા નહીં. અને સર્વે હારીને પાછા બેઠા. ત્યારે ગામ લોહગંજરીનો આચાર્ય સંધ્યાગીરી બાવો ત્યાં હતો. તેણે નંદરામભાઈને જોઈને કહ્યું જે, નંદરામજી! આવો, તમો લાકડીને ઉપાડો. તેવું સાંભળીને બોલ્યા જે, બાબુ ઘનશ્યામકી ઈચ્છા હોયગી ! ત્યારે કહે હા, હોયગી એમ કહ્યું કે, તુરતજ હજારો માણસોને દેખતે સતે ઘનશ્યામ મહારાજનું નામ લઈને તે લાકડીનું ઠેબુ એક હાથે ગ્રહણ કરીને ચડપ લઈને ઉપાડી લીધી. તે ચરિત્ર જોઈને સર્વેજન મહા આશ્ચર્ય પામતાં હતાં. એવી રીતના તે નંદરામભાઈ તે પણ મહા કાંડાબળીયા હતા.

વળી એક સમયે તે નંદરામભાઈ લોહગંજરી રહેતા હતા. તે વખતે પોતાના ઘરમાં ચોરી કરવા માટે ચોર પેઠા. તે વાતની પોતાને ખબર પડી તે ઉઠીને ચોરનાં બે કાંડાં પોતાના એક હાથમાં પકડયાં. તે એમને એમ ચોરના હાથ ભાંગી ગયા પરંતુ છોડ્યા નહિ.

વળી એક સમયે શ્રીઅમદાવાદમાં રામપ્રતાપભાઈના શરીરે થોડીક તાવની કસર થયેલી હતી, એવા થકા ઢોલિયા ઉપર સૂતેલા હતા. તે સમયે મૂર્તિમાન કાળ આવ્યો. તેને દેખીને પોતાની ભ્રકુટી ચઢાવીને અતિ રીસના ભર્યા બોલ્યા જે, હે દુષ્ટમતિવાળા ! હમણાં તું અહીંથી નાસી જા. નહીં તો હું તારો નાશ કરી નાખીશ અને હું તારો લીધો નહીં આવું. એમ કહીને ચડપ બેઠા એટલે તે કાળ મહાત્રાસ પામીને પગે લાગીને ગયો. ત્યાર પછી પોતાના પુત્રને પોતાની સમીપે બેસાડીને કહ્યું જે, મારે દશમના દિવસે આ પંચભૌતિક દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં જવું છે, કારણ કે અમારા ભાઈ ઘનશ્યામ મહારાજના ભેગી અમારી તિથિ આવે અને તમારે બે ખર્ચ કરવાં ન

પડે. તેટલા માટે તમારે જે કંઈ પુણ્યદાન કરવું હોય તે કરો અને સેવકરામ શાસ્ત્રીને બોલાવીને ભાગવતની સપ્તાહ બેસાડો. અમો તમારા ઉપર બહુ રાજી છીએ. એવી રીતે પ્રસન્ન થઈને બોલતા હતા. ત્યારે પોતાના દાદાનો વિશ્વાસ લાવીને કેટલીક ગૌરી ગાયો તથા કપિલા ગાયો મંગાવીને ભારે ભારે વસ્ત્ર ઘરેણાં પહેરાવીને જરિયાની ઓછાડે સહિત સારા પવિત્ર બ્રાહ્મણોને દાન આપતા હતા. ત્યાર પછી અત્યારે જે સ્થળે રંગમહેલ છે તે જગ્યાએ પોતે રહેતા હતા. ત્યાં એક મોટો મંડપ રચાવીને સપ્તાહ બેસાડીને તે કથા સાંભળવા માટે પોતે અનશન વ્રત લઈને તત્પર થઈને બેઠા અને પોતાના સમીપે પોતાના પુત્રને બેસાડયા અને સદ્‌ગુરૂ વાસુદેવાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, તદ્રુપાનંદ સ્વામી, પાર્ષદ ભગુજી તથા દામોદર ભગત એ આદિક કેટલાક મોટા મોટા સંત હરિભક્તો આવીને તે કથામાં બેસતા હતા. તે જ્યારે છ દિવસ થયા તે વખતે ઘનશ્યામ મહારાજ ભારે વસ્ત્રઘરેણાં પહેરીને પ્રથમ આવીને બેઠા હતા. તે કેટલાક જનને પ્રત્યક્ષ દર્શન થતાં હતાં. પછી આખા શહેરમાં એમ વાત ચાલી જે સ્વામિનારાયણના મોટાભાઈએ ભાગવતની સપ્તાહ બેસાડી છે અને દશમના દિવસે દેહ મૂકવાનું કહે છે. તે વાત જાણીને એક હિન્દુસ્તાની ગરાસીયો ભદ્રકાલીમાં નોકર રહેલો હતો તે ભાઈની પાસે આવીને પગે લાગીને બોલ્યો જે, તમો ભગવાનના મોટાભાઈ છો અને આજે છ દિવસ અન્ન ખાધે થયા. માટે મને કાંઈક ચમત્કાર જણાવો તો તમે ભગવાનના મોટાભાઈ ખરા. તેવું સાંભળીને ભાઈ અંતર્યામીપણે જાણીને બોલ્યા જે, તમો મલ્લ કુસ્તીમાં બહુ પ્રવિણ છો અને મહા કાંડા બળીયા પણ છો. માટે આ મારા હાથનું કાંડું તમો પકડો અને હું છોડાવી દઉં. એમ કહીને પોતાના જમણા હાથનું કાંડુ તેના હાથમાં આપીને બોલ્યા જે, ખબરદાર, હોંશિયારીથી પકડજો. તેવું સાંભળીને પોતામાં જેટલું બળ હતું તે સામટું

ભેગું કરીને મહાજોરથી તે કાંડુ ઝાલ્યું એટલે ભાઇ ચડપ દઇને મૂકાવી દેતા હતા. તે આશ્ચર્ય જોઇને ગરાસીયો ભાઇનો બહુ મહિમા સમજી આનંદ પામતો હતો. અતિનિર્માની થઇને પગે લાગતો હતો. પછી બીજે દિવસે કથાની સમાપ્તી થઇ ત્યારે પૂજાની વિધિ કરીને સેવકરામ શાસ્ત્રીની સારી રીતે વસ્ત્ર-ઘરેણાં સહિત પૂજા કરીને, ભગવાનની આરતી ઉતારીને સર્વે બ્રાહ્મણોને દક્ષિણાઓ આપતા હતા. ત્યાર પછી દાદા ગાયનું છાંણ મંગાવીને ચોકો કરાવીને પોતે ગંગાજળ વડે સ્નાન કરતા હતા. સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતા તે ચોકામાં જઇને બેઠા અને એમ બોલ્યા જે, આ ઘનશ્યામ ભૈયા માતાપિતા સહિત અનંત બડે બડે વિમાન લેકર આયેં હૈં, તો મૈં જાતા હું. એમ કહીને સર્વે સંત હરિભક્તોને નમસ્કાર કરીને દેહ ત્યાગ કરતા હતા. તે સમયે શ્રીજી મહારાજનાં હજારો માણસોને વિમાન સહિત પ્રત્યક્ષ દર્શન થયાં અને આકાશમાંથી ચંદન-પુષ્પની વૃષ્ટી થતી હતી.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ભાઇ ઘેલા નદીમાં પાણી રોકીને નાહ્યા. તથા દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં પધાર્યા. એ નામે પંચાણુંમો અધ્યાય પૂરો થયો. ॥૯૫॥

## અધ્યાય- ૯૬

## સાર અસારનો વિવેક.

હે ભાઇ! હવે આ જીવને ઉપદેશને માટે સારઅસારની વાર્તા કહું તે સાંભળો. પ્રથમ ચાર વેદ હતા. તેનો શ્રીવ્યાસ મુનિએ વિભાગ કર્યો. તેમાંથી પોતે અઢાર પુરાણ કર્યાં તથા ષડ્શાસ્ત્રો કર્યાં તથા મહાભારત કર્યું તથા બાર સ્કંધનું શ્રીમદ્ ભાગવત કર્યું તથા શ્રીમદ્ ભગવદ્ગીતા કરી તથા ગરૂડપુરાણ કર્યું તથા સત્ અસત્ની વિક્તિ કરી તથા સાધુ-અસાધુની વિક્તિ કરી. તેમાં કોઇક આશંકા કરે જે, સત્-અસત્ તે શું ? તો વ્યાસજીએ કરેલાં શાસ્ત્ર સત્ય છે અને તે વ્યાસ કૃતિને મળતી આવે

જે વાણી તે સત્ય છે. અને તે વિના બીજી વાણી હોય તે અસત્ય છે. માટે ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળમાં ભગવાનના અવતાર હોય અથવા ગીતા-ભાગવતમાં બ્રહ્મ કહ્યા હોય અને જીવનું કલ્યાણ કરે તેવા પણ હોય, તેમાં ભેખધારી અસાધુ ગીતા ભાગવતના ભણેલા ઈન્દ્રિયોના ભોગને અર્થે શાસ્ત્રના અર્થને અનર્થ કહી દેખાડે છે. ત્યારે કોઈક કહે, અર્થના અનર્થ તે શું કરતા હશે ? તે દ્રષ્ટાંત કહીએ છીએ જે.

એક પંડિત હતો. તે ધર્મશાળામાં ભાગવતની કથા કરતો હતો. તે કથામાં એક વિધવા બાઈ નિત્યે કથા સાંભળવા માટે આવતી હતી. અને તે વિધવાની પાડોસણ બીજી વિધવા બાઈ હતી. તે કથા સાંભળવા માટે કોઈ દિવસ આવે નહીં. ત્યારે તે બાઈએ કહ્યું જે, ભટ્ટજી કથા સારી કરે છે અને તું કથા સાંભળવા કેમ આવતી નથી? ત્યારે તે બાઈના કહેવાથી તે વિધવા બાઈ બીજે દિવસે કથા સાંભળવા ગઈ એટલે તેજ દિવસે યમપુરીનો અધ્યાય આવ્યો. તેમાં યમના માર વર્ણવ્યા જે, જે પુરૂષ પારકી સ્ત્રીઓનો સંગ કરે છે તેને લોહની સ્ત્રી અગ્નિ જેવી તપાવીને બાથ ભરાવે છે. તથા જે સ્ત્રી પરપુરૂષનો સંગ કરે છે તેને લોહનો પુરૂષ અગ્નિવર્ણ કરીને તે પુરૂષ સાથે બાથ ભરાવે છે.એવી રીતે યમના દુઃખનું વર્ણન આવ્યું. તેને સાંભળીને પેલી પડોસણ બાઈ તો અંતઃકરણમાં મહાભય પામી ગઈ. તે કયા કારણથી ભય પામી તો, જે એ બાઈને અને તે પંડિત એ બન્ને જણને લગવાડ હતો. પછી તે બાઈ તો તત્કાળ ત્યાંથી ઊઠીને પોતાને ઘેર ગઈ. અને એમ બોલી જે, આજ મારા પિટ્યાને નહીં પેસવા દઉં બાપરે, યમના માર કેમ ખવાય ? ત્યાર પછી વાળું પાણી કરીને સાંકડ બંધ કરીને સૂઈ ગઈ. પછી ઘડીકવાર થઈ એટલે પેલો પંડિત કથાની સમાપ્તી કરીને સંધ્યા વખતે તે બાઈના ઘરે આવીને સાંકડ ખટખટાવી. એટલે તે બાઈ બોલી જે, આજે તો હું કમાડ નહીં ઉઘાડું અને કહ્યું જે બાપ રે, યમના માર ન ખવાય. કેમ જે, આજે હું કથા સાંભળવા આવી હતી. તેમાં બહુ પ્રકારે યમપુરીનું દુઃખ

સાંભળ્યું અને મહાદુઃખ દીઠું. ત્યારે ભટ્ટજી બોલ્યા જે, તમોએ કયાં સુધી કથા સાંભળી હતી ? ત્યારે તે બાઈ બોલી જે, યમપુરીનો અધ્યાય સાંભળીને ઘરે આવતી રહી. એટલે તે ભટ્ટે કહ્યું જે, પછી બીજા અધ્યાયમાં તો પોતે ભગવાનને રીસ બહુ ચડી. તેથી યમદૂતોને મારી કાઢ્યા અને સર્વે નરકના કુંડ પૂરી નાખ્યા. એવી રીતની વાર્તા કથામાં આવી અને બરાબર થાળી જેવું ચોખું ચંદન કરી નાખ્યું. તે સાંભળીને તે બાઈ ઉમંગની ભરી બોલી જે અહો. ત્યારે તો બહુ સારૂં થયું અને તુરત સાંકડ ઉઘાડી. તે જુઓ, આ અર્થનો અનર્થ કર્યો કહેવાય.

વળી એક બીજું દ્રષ્ટાંત જે, એક પાટીદારનું ગામ હતું. તેમાં એક પટેલનો ગોર હતો. તે કંઈ ભણેલો ન હતો. ત્યારે બીજા ગામનો આશરાગતિઓ બ્રાહ્મણ કથા કરે. એટલે તે ગોરે એમ કહ્યું જે, હે ગોર મહારાજ ! ભાગવત ભણીને તમો જ કથા કરો. કેમ જે એક તો ગોરના ગોર અને વળી આશરાગતિયા તે ગામના દામ દોકડા હોય તે બધાય તમોને આપીએ. તેવું સાંભળીને તે ગોર થોડાક દિવસમાં ભાગવત-ભણીને કથા કરવા માંડી. એટલે કોઈક દિવસે તે ગોર પોતાની દીકરીને સાસરીયે કોઈક કારણસર ગયો. ત્યારે તેનો છોકરો ભાગવત ભણેલો હતો તેને સર્વે પાટીદારે મળીને ચોરામાં ભાગવતની કથા કરવા સારૂં બેસારતા હતા. ત્યારે તે કથામાં એક શ્લોક આવ્યો જે, એક કિંચિત્ માત્ર દારૂ તથા માંસનું ભક્ષણ કરે તો મહાઘોર નરકમાં પડે છે. ત્યારે તે સાંભળીને સર્વે પાટીદાર અંતરમાં ઘણો ત્રાસ પામતા હતા. તે શા કારણથી ત્રાસ પામતા હતા જે ગોર તથા પાટીદાર સર્વે શક્તિપંથી હતા દારૂ-માંસનું ભક્ષણ કરતા. પછી તો ગોર પોતાને ઘરે જ્યારે આવ્યો ત્યારે તે સર્વે પાટીદાર બોલ્યા જે, અહો, ગોર મહારાજ ! પચીસ વર્ષ થયાં અને તમારા મુખની કથા સાંભળીએ છીએ પરંતુ આજે સાંભળ્યું તેવું તો તમોએ કોઈ દિવસ સંભળાવ્યું નથી. ત્યારે ગોર બોલ્યા જે, તમોએ એવું શું સાંભળ્યું ? ત્યારે તે પાટીદાર બોલ્યો જે, એક કિંચિત્ માત્ર દારૂ

માટીનું ભક્ષણ કરે તો ઘોર નરકમાં પડે છે. એમ કહ્યું ત્યારે તે ગોર પોતાના મનમાં એમ જાણ્યું જે, આ મૂર્ખ છોકરે ન કહેવાનું હતું તે કહ્યું. એમ વિચારીને તેનો અર્થ એમ કર્યો જે, એક કિંચિત્તમાત્રનો દોષ કહ્યો છે. પરંતુ દારૂ પીવો તો માણ્યો ભરી ભરીને પીવો અને માટી જે માંસ ખાઈએ તો ટોપલા ભરી ભરીને વાપરીએ. એટલે તેનો દોષ જરા પણ નથી. તેવું સાંભળીને તે પાટીદાર બહુ રાજી થયા અને એમ બોલ્યા જે, અહો ગોર મહારાજ! એમ ન હોત તો માર્યા ગયા હતા. માટે બહુજ રૂડું કામ થયું. એમ કહીને તે ગોરને સર્વે પગે લાગતા હતા. જુઓ! એ અર્થનો અનર્થ કર્યો. એ ઉપર બ્રહ્માનંદ સ્વામીનો કરેલો એક સવૈયો છે જે;

ભઈ દેખ તેરા યહ દેહ ખોટા, તાતે સંત કે કામ લગાવનાજી ।
સાધુ દ્વાર ખડે ગૌવા રામજીકી, ખુબ માલ તાજા ખવરાવનાજી ॥
ભિન્ન ભાવ ન રાખીએ ભેખહુંસે, તાકી સીતપ્રસાદી પાવનાજી ।
બ્રહ્માનંદ કહે કછું મંત્ર કહે, એકાંત આસન પર આવનાજી ॥

માટે જુઓ એ અર્થનો અનર્થ કર્યો. જીવને ઠગ મળ્યો માટે જીવ ઠગાયો. તે ઉપર દ્રષ્ટાંત જે સુરદાસને માર્ગમાં એક પુરૂષ મળ્યો ત્યારે તેણે કહ્યું જે, હે સુરદાસ ! તમારે કયાં જવું છે ? ત્યારે તેણે પોતાના દુઃખના વૃતાન્તની વાર્તા કહી. તે સાંભળીને કહ્યું જે આ તમારાં કપડાં કોઈક ચોર મળશે તો મારીને લઈ જશે. માટે લાવો હું લઈ જઉં અને આગળ હું બેઠો છું અને તમો ધીરે ધીરે આવો. એમ કહીને બધાં કપડાં તેનાં લઈ લીધાં અને હાથમાં બે પથ્થર આપીને કહ્યું જે, ભાઈ સુરદાસ! તમો આ માર્ગ ભૂલ્યા છો, એમ કોઈક કહે તો, આ પથ્થર મારજો. એવી રીતે અવળું સમજાવીને કપડાં લઈ ગયો. પછી થોડીકવાર કેડે તેને માર્ગમાં આથડાતો જોઈને કોઈક શાહુકારે તેને કહ્યું જે હે ભાઈ ! તમો માર્ગ ભૂલ્યા છો. એમ બોલ્યા કે, તત્કાળ તે પથ્થર લઈને મારવા દોડ્યો. અને કહ્યું જે, તું મને છેતરવા આવ્યો છે. તે હું કોઈ દિવસ છેતરાવું તેવો નથી. તેવું સાંભળીને તે શાહુકાર તો ચાલ્યો ગયો. એ તો

દ્રષ્ટાંત છે. એમ સુરદાસને ઠેકાણે તો આ બધુ જગત છે. અને ઠગને ઠેકાણે સર્વે ભેખધારી છે, તથા શાસ્ત્રના ભણેલા છે. તે પેટભરા અને પાખંડી અને કલ્યાણની તો ખબર જ મળે નહીં. અને તે ઠગ રૂપી ભણેલા અને ભેખધારી તે કાન ફુંકીને ઉપદેશ કરે અને ધન હરી લે અને મતપંથમાં ભેળા કરીને સર્વેને વટલાવે અને કલ્યાણના માર્ગથી પાડીને ત્રાસ મનમાં ન લાવે, અને ધર્મ મર્યાદા તોડાવે. એમ પેટને અર્થે એવાં કામ કરે છે. અને સાચા સાધુ કનક કામિનીના ત્યાગથી એવાને વિષે દોષ દેખાડીને, જગત સૂરદાસના હાથમાં અજ્ઞાનરૂપી પથ્થર આપ્યો છે. તે અજ્ઞાનરૂપી પથ્થરો કયા ? તો કહીએ છીએ જે, અમારા બાપ દાદાનો ધર્મ શું ખોટો છે? તેને કેમ મૂકી દઈએ ? તે ઠગી ઠગીને ધોયેલા મૂળા જેવા કરી મૂક્યા છે. માટે તે પૂર્વે મહાદુઃખ ભોગવીને આવ્યા છે.અને અહીં આ મનુષ્યદેહ પામ્યા છે તે ઠગે ઠગીને યમપુરી દક્ષિણ દિશામાં છે, તેના માર્ગે ચઢાવી મૂક્યા છે. તે દુઃખ હવે આગળ કહેશે.

જેમ જીવ માતાના ઉદરમાં ઈત્પન્ન થાય છે તેની વાર્તા કહીએ છીએ. જે માતાપિતાના રજ અને વીર્યના યોગથી ભેળો જીવ આવે છે, તે જીવનો દેહ માસે માસે વૃધ્ધિને પામે છે. અને તે ઉદરમાં ઊંધે મસ્તકે રહે છે અને માતાની છાતીએ પગ ઊંચા બંધાય છે. અને વળી તેનું મસ્તક નીચું રહે છે. અને મસ્તકના નીચે જઠરાગ્નિ બળે છે. તેમાં દેહ પરિપક્વ થાય છે. અને માતા અન્ન જમે તેનો રસ થાય છે. તેને ચુસી ચુસીને તે જીવ રહે છે. તે માતા ખાટું, ખારૂં, તીખું તમતમું જમે તેનો રસ તે બાળકના શરીરે અડે એટલે તેણે કરીને એના શરીરે બહુ દાહ થાય છે. અને વળી કરમિયા બહુ કરડે છે. અને મળમુત્રના પછેડામાં બાંધેલું હોય છે. અને હાથ-પગ પણ હાલે નહીં અને ત્યાં વેદના પણ બહુ થાય છે. અને ગર્ભવાસમાં તે જીવની રક્ષા ભગવાન કરે છે. એવી રીતે માતાના ઉદરમાં રહેતા થકા દશ મહિના જ્યારે પૂરા થાય છે ત્યારે, તે જીવને પૂર્વજન્મનું જ્ઞાન ભગવાન આપે છે. તેથી સર્વે

પાપની સ્મૃતિ તેને થઇ આવે છે. જે હું અનંતવાર લક્ષચોરાસીમાં ફર્યો અને મને ભગવાને દયા કરીને મનુષ્ય દેહ આપ્યો. પરંતુ મેં મૂર્ખે સંત શિખામણ કાને ધરી નહીં અને ગુરૂ મળ્યા તે પણ પાખંડી મળ્યા. તેમણે પ્રગટ ભગવાનનો અને પ્રગટ ભગવાનના સંતનો સંગમ થવા દીધો નહીં અને હું પાપી પંચવિષયમાં લોભાઈને ભ્રષ્ટ થઇ ગયો. અને પાખંડી ગુરૂ અને પાખંડી સંતોનો સમાગમ કર્યો. એવી રીતે માતાના ઉદરમાં ભગવાન તેને સો જન્મનું જ્ઞાન આપતા હતા. એટલે પૂર્વે જે જે વાત થયેલી તે એને જણાઇ આવતી હતી. એવી રીતે તે જીવ મહાકષ્ટને ભોગવતો થકો પીડાને પામીને વળી વિચાર કરે છે. જે, હે ભગવન્ ! આ વખતે તમો જો મને બહાર કાઢો તો હું સારી રીતે ભક્તિ અને ઉપાસના કરીશ. અને વળી તમારા સંતનો સમાગમ પણ સારી રીતે કરીશ. અને આ ગર્ભવાસમાં મારે ફરીથી આવવું પડે નહી એવો પ્રયત્ન કરીશ. માટે હે મહારાજ ! હે અધમ ઉદ્ધારક ! હું મહાપાપી છું. તો મારો ઉધ્ધાર કરો. હે ભગવન્ ! મને આ ગર્ભવાસમાંથી છોડાવો. મને બહુ દુઃખ થાય છે. માટે જેમ તમો કહેશો તેમ કરીશ. હે દયાળુ ! મારો અહીંથી હવે છુટકારો કરો. હું ઘણો તમારો અપરાધી જીવ છું. અને મેં ઘણા તમારા અપરાધ કર્યા છે. અને શ્રીમદ્ ભાગવતમાં છ લાખ અને ચોર્યાસી હજાર નર્કના કુંડ કહ્યા છે. તે એક બાજુ સર્વે નર્કના કુંડ અને એક માતાના ગર્ભમાં ઉંધે મસ્તકે રહેવું. તો પણ આ ગર્ભવાસનું દુઃખ તેથી અધિક છે. તે શુકજીએ પોતાના પિતા જે વ્યાસ મુનિ તે પ્રત્યે કહેલું છે જે, હે પિતા ! હું પાછો ગર્ભવાસમાં નહી આવું, એમ બોલતા હતા. એવી રીતે માતાના ઉદરમાં આ જીવ બહુ દુઃખ પામે છે. તે સમયે તે જીવ ભગવાનની ઘણી સ્તુતિ કરે છે. તે સાંભળીને ભગવાન અંતરપટે રહીને કહેતા હતા જે, તું બહુવાર છેતરી ગયો છે. માટે આ વખતે તો કોઈકને જમાન આપે તો અમો કંઈક તારા ઉપર દયા કરીએ. ત્યારે તે જીવ બોલતો હતો. જે, હે મહારાજ ! અહીં હું કોને જમાન

આપું ? મારી પાસે કોણ છે ? તેવું સાંભળીને ભગવાને વિચાર્યું જે, એના દેહને વિષે દેવતા છે તેને બોલાવીએ. તે જીવને ચૌદ ઈન્દ્રિયો છે. ઈન્દ્રિયે ઈન્દ્રિયે દેવતાની ચોકી છે. અને વળી તે જીવને પાંચ ઈન્દ્રિયો છે. અને ચાર અંતઃકરણ છે. એ સર્વે મળીને ચૌદ ઈન્દ્રિયોનાં નામ. પ્રથમ નેત્રના દેવતા સૂર્યનારાયણ છે, ૧ શ્રવણના દેવતા દિગ્પાલ છે. ૨ અને નાસિકાના દેવતા અશ્વિનીકુમાર છે. ૩ અને મુખના દેવતા અગ્નિ છે. ૪ અને રસના દેવતા વરૂણ છે. ૫ અને ત્વચાના દેવતા વાયુ. ૬ અને હાથના દેવતા ઈન્દ્ર છે. ૭ અને ચરણના દેવતા વિષ્ણું છે. ૮ અને શિષ્નના દેવતા પ્રજાપતિ છે. ૯ ગુદાના દેવતા યમરાજા છે. ૧૦ અને ચિત્તના દેવતા વાસુદેવ છે. ૧૧ અને બુધ્ધિના દેવતા બ્રહ્મા છે. ૧૨ અને મનના ચંદ્રમા છે. ૧૩ અને અહંકારના શિવજી છે. ૧૪ આવી રીતે ચૌદ ઈન્દ્રિયોના દેવતા તેમાંથી એક નેત્રના દેવતા સૂર્યદેવ તેને તેડાવીને પૂછ્યું જે, આ જીવના જમાન થશો ? ત્યારે સૂર્યદેવ બોલ્યા જે, હે મહારાજ ! શાના જમાન થઈએ ! ત્યારે ભગવાને કહ્યું જે, આ જીવને ભજન કરાવવું તેના જમાન. આ જીવને ધર્મ ન્યાયમાં રાખો તો આ ગર્ભવાસમાંથી છોડાવીએ. ત્યારે સૂર્યદેવ બોલ્યા જે, હે મહારાજ! એ જીવ મારી મર્યાદા લગાર પણ રાખતો નથી. અને મહામેવાસી હોય તેના જમાન સર્વે થાય પરંતુ હે મહારાજ ! એની જમાની મારા માથે પડે એમ છે. તે એ જીવનાં લક્ષણ કહું તે સાંભળો. હું સૂર્યદેવ ચૌદ લોકમાં પ્રકાશ કરૂં છું. તે મારૂં તે શું અજાણ્યું હોય ? છતાં તે લગાર પણ ડરતો નથી. રાત્રિએ ચોરી કરે. દિવસે ચોરી કરે, દારૂ પીએ, માંસ ખાય, ગાંજો પીએ, અળગણ પાણી,અળગણ દૂધ, અળગણ ઘી, તેમાં માંસનો ભેગ હોય તો પણ તેનું સુખેથી ભક્ષણ કરે. અને હાંસી-ઠેકડી પરસ્ત્રીનો સંગ પણ કરે અને લેશ માત્ર મારી મર્યાદા રાખતો નથી. અને હે મહારાજ ! આવો હું સૂર્યદેવ માથા ઉપર જાઉં છું. પરંતુ જરા પણ મારી મર્યાદા રાખે નહિ.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે સાર અસારનો વિવેક કર્યો. એ નામે છન્નુમો અધ્યાય પૂરો થયો. ll૯૬ll

## અધ્યાય - ૯૭

## સાર-અસાર વિવેક-ઉપદેશ પ્રકરણ.

**હે રામશરણજી ! એવી રીતે સૂર્યદેવ પણ છુટી ગયા. ત્યાર પછી ગુદા-ઈન્દ્રિયના દેવતા જે યમરાજા તેમને તેડાવ્યા. ત્યારે તે આવી પગે લાગી બોલ્યા જે, હે મહારાજ ! કેમ અમોને તેડાવ્યા ? ત્યારે ભગવાન યમરાજ પ્રત્યે કહેતા હતા જે, તમો આ જીવના સાક્ષી થાઓ. તેવું સાંભળીને કહ્યું જે, શાના અમો સાક્ષી થઈએ ? ત્યારે ભગવાન બોલ્યા જે, આ જીવ ગર્ભવાસમાં બહુ દુઃખ પામે છે. અને મારી સ્તુતિ ઘણી કરે છે. તે શ્રીમદ્ ભાગવતમાં કપિલદેવ ભગવાને દેવહુતિ માતાને આ જીવની ગર્ભસ્તુતિ કહી બતાવી છે. તેવી રીતે જ તે જીવ મારી સ્તુતિ કરે છે. માટે તમો સાક્ષી થાઓ તો અહીંથી છોડીએ. ત્યારે યમ બોલ્યા જે, હે મહારાજ ! તે તો કોઈ દિવસ પ્રભુ ભજન કરે તેવો નથી. માટે અમો તેના જમાન નહિ થઈએ. ત્યારે જીવ બોલ્યો જે, હે ભાઈઓ! મારા સાક્ષી થાઓ. હું ભગવાનની કપટ રહિત ભક્તિ કરીશ. અને ભજન પણ તેમનું જ કરીશ. અને સાચા સંત ઓળખીને તેમના વચનમાં રહીશ. અને વ્યસનમાત્ર પણ નહિ કરૂં અને કોઈ નાની મોટી બાઈની હાંસી-મશ્કરી પણ નહિ કરૂં અને પરણેલી સ્ત્રી અથવા પરણેલો પુરૂષ તેથી જ સંસાર રહેશે. પરંતુ હે મહારાજ ! બીજી સ્ત્રીમાત્રનો સ્પર્શ કોઈ દિવસ ભૂલ્યે પણ નહિ કરૂં અને આ તો સ્ત્રીપુરૂષ એ બન્નેને એકજ ન્યાય છે. માટે માતા, બહેન અને દીકરી જેવી હું જાણીશ અને હે મહારાજ ! જેટલી હું કમાણી કરીશ તેમાંથી અડધો ભાગ ધર્મકાર્યમાં વાપરીશ. તેવું સાંભળીને ભગવાનને કહ્યું જે, અર્ધો ભાગ ધર્મમાં નહીં**

વાપરે માટે દશમો ભાગ વાપરજે અથવા વીસમો ભાગ વાપરજે. ત્યારે જીવે કહ્યું જે હે મહારાજ ! એટલામાં તે શું ? ત્યારે ભગવાને કહ્યું જે, ભાઈ ! એટલું વાપરીશ તોય ઘણું છે. દ્રષ્ટાંત એમ છે જે, એક કોલણ બાઈ હતી તેનો દીકરો કહે મા ! હું આખો શ્રાવણ માસ સ્નાન કરીશ. ત્યારે તેની માતાએ કહ્યું જે, બાપ ! નિત્યે તું હાથ પાણી લે તો જાણે શ્રાવણ માસ નહાયો જ છે. માટે મારા વચનથી દશમો તથા વીસમો ભાગ વાપરજે એટલે બહુ છે. એવી રીતે દશુંદવિશુંદ ભાગ વાપરવાનું સાંભળીને યમરાજા બોલ્યા જે, હે મહારાજ ! ત્યારે તો એ જીવના સાક્ષી અમો થઈએ. ત્યારે તે જીવે કહ્યું જે, હે ભાઈઓ ! મારા ઉપર દયા મહેરબાની કરીને જમાન થાઓ. તેવું સાંભળીને તે યમ બોલ્યા જે, આ કહ્યું તેવી રીતે નહિ વર્તે તો અમે તને મહાકષ્ટ આપીને દુઃખ દઈશું. ત્યારે તે જીવે કહ્યું જે, હે ભાઈઓ! ભક્તિ સહિત ભગવાનનું ભજન ન કરૂં તો દંડ દેજો. પછી ભગવાન પ્રત્યે યમરાજા બોલ્યા જે, હે મહારાજ ! જીવના જમાન અમો થઈશું. પરંતુ પોલરા જામીન થઈશું. ત્યારે કોઈ કહે જે પોલરા જમાન તે શું ? તે જો તમારૂં ભજન ન કરે અને ધર્મમાં ન રહે તો યમયાતના-અનંત પ્રકારનું દુઃખ આપીએ. અને નર્કના કુંડમાં હજારો વર્ષ દુઃખોનો સમુદ્ર ભોગવાવીએ. તેવું સાંભળીને વળી ભગવાને કહ્યું જે, મારૂં ભજન જો ન કરે તો એ સર્વે વાત ખરી છે. એવી રીતે તે યમરાજા પોલરા જમાન થયા. તે વાત જાણીને ભગવાને તે જીવને જ્ઞાન વૈરાગ્યની મૂઠીઓ વળાવી અને બોલ્યા જે, આ ભરતખંડને વિષે જંબુદ્વિપમાં હું તને મળીશ અને મારા સંત પણ ત્યાં મળશે એટલે તેમનો સંગ તું કરજે. જો જે ભુલતો નહીં. ત્યારે જીવે કહ્યું જે, હે મહારાજ ! આવા મહા વિકરાળ યમની જામાની કરી કેમ હું ભૂલી જઈશ ? આવો કોલ ભગવાન પાસે લઈને તે ગર્ભવાસમાંથી બહાર નીકળ્યો. એટલે તત્કાળ પોતાના કુટુંબની સ્ત્રીઓએ મળીને તે વૈરાગ્યની મૂઠીઓ ઉઘાડી નાખી એટલે તર્ત બંધ ખુલ્લા થયા અને

માયાની છાયા પડી ત્યારે સ્મૃતિજ્ઞાન સર્વે જતું રહ્યું. ત્યારે જીવ બોલ્યો જે, હુંવા હુંવા હું અહીં અને તમો ત્યાં. હવે પોતાનાં માતા-પિતાને ઘણો આનંદ થયો અને પરગામે સગેવહાલે વધાઈ મોકલી જે જીવા કાકાને ઘેર ભુલોભાઈ જન્મ્યો. તેવું સાંભળીને સર્વેને આનંદ થયો અને જન્માક્ષર કરાવ્યા. ત્યારે તે ગોરને ચાર શેર કોદરા આપ્યા. અને ફોઈએ નામ પાડયું એટલે તેમને પાંચ રૂપીયાનો સાડલો આપ્યો. પછી તે બાળક માટે રેશમની દોરીએ સહિત ભારે રંગવાળું ઘોડિયું કરાવી તેમાં સુવાડીને પોતાની માતા હાલરડા ગાય, જે મારો ભુલો મોટો થાય. ત્યારે કાળ કહે જે. આયુષ્ય ઓછી થાય છે. તેમજ પ્રભાતકાળ, મધ્યાહ્નકાળ, અને સાયંકાળ એ ત્રણ સમયને વિષે કાળ ફેરા ખાય છે. અને પ્રતિદિન યમરાજા પણ જોવા આવે છે. જે જમાની પાળે છે કે નથી પાળતો ? એમ કરતાં રમવા સરખો થયો એટલે પોતાની માતાએ નામ શિખવાડ્યાં જે, આ તારો પિતા, આ તારો ભાઈ, આ તારી બહેન, આ તારી કાકી, આ તારો કાકો, આ તારી ફુઈ, આ તારો મામો, આ તારૂં ઘર, આ તારી ભેંસ, આ તારૂં કપડું. આવી રીતે ઘણા પ્રકારના કુસંગિના શબ્દ અંતરમાં ગળા સુધી ઠસાવી દીધા અને ભગવાન કયાંય પડયા રહ્યા. એમ કરતાં આઠ વર્ષનો થયો ત્યારે સંત મળ્યા અને કહ્યું જે, કેમ? પેલી વાત સાંભળે છે ? હવે ભગવાન ભજશો ? ત્યારે કહ્યું જે, હે મહારાજ ! હમણાં તો બાલ્યાવસ્થા છે તેથી રમત રમીએ છીએ. તેવું સાંભળીને તે સંત તો પાછા ગયા. ત્યાર પછી કેટલાક દિવસ ગયા બાદ તેને પરણાવ્યો. ત્યારે પણ સંત મળ્યા અને કહ્યું જે, કેમ ? હવે ભગવાન ભજશો ? ત્યારે કહે જે, હે મહારાજ ! હમણાં તો ભરજુવાની છે અને પાઘડીનો મરોડ બીજી જાતનો છે. અને તે પાઘડીમાં છોગાં મૂકીને પડછાયા સામું જોઈએ છીએ. અને સોગઠાં જુગટાં અને હારજીતની રમત રમીએ છીએ. અને વળી દુકાને તમાકું અને કસુંબા, ગાંજા, અને ભાંગ એવી રીતે નાના પ્રકારનાં વ્યસન કરીએ છીએ. અને ખાવાં-

પીવાં અને સારાં વસ્ત્ર-ઘરેણાં પહેરવાં ઓઢવાં અને વિષય ભોગવવાના હમણાં તો એવા દિવસો છે. પછી જંજાળમાં પડીએ ત્યારે સ્ત્રીયાદિકના ભોગ ભોગવાય નહિ. માટે હમણાં તો સર્વે પ્રકારના આનંદ કરીએ છીએ. અને ભગવાનને તો આગળ ભજીશું. એમ બોલતો હતો. પછી તે સાધુ તો પાછા ગયા.

જ્યારે તે જીવને પચાસ વર્ષ પૂરાં થયાં ત્યારે વળી તે સંત ફરતા ફરતા તેના ઘેર આવ્યા અને કહ્યું જે, કેમ ? હવે પ્રભુ ભજશો ? ત્યારે વળી કહે જે, હે મહારાજ ! અમો મોટા માણસ છીએ તે સારા સારા ઠેકાણે જવાનું અને બેસવાનું અને અમારી આબરૂં મોટી અને સાડાત્રણમાં નહિ, તેરમાં નહીં અને છપ્પનના મેળમાં પડ્યા છીએ. તે હમણાં તો દીકરીઓને પરણાવવી છે. અને તેમનાં આણાપરિયાણાં કરવાં છે. માટે હે મહારાજ ! આ સમયને વિષે અમારે પ્રભુ ભજવાની નિવૃતિ ક્યાંથી આવે ? તમારા જેવા જ્યારે થઈએ ત્યારે પ્રભુ ભજાય એમ બોલતો હતો. એટલે તે સાધુ તો પાછા ગયા. અને જ્યારે સાઈઠ-સિત્તેર વર્ષ થયાં ત્યારે તે સંત વળી પાછા આવ્યા અને કહ્યું જે કેમ? હવે પ્રભુ ભજશો ? નિવૃત્તિ બહુ સારી આવી છે.અને ખાઈપી ઉતર્યા છો. વ્યવહાર તે દીકરા કરશે. અને હાથમાં માળા રાખો અને નારાયણ નારાયણ કરો. તેવું સાંભળીને અતિ ક્રોધમાં બોલ્યો જે, દીકરા છે તે તો મૂર્ખ છે. કંઈ સમજતા નથી અને હું નહીં કહું તો તેનું કંઈ ચાલશે નહિં. પ્રભુ તો વળી આગળ ભજાશે. એમ કરતાં કરતાં વૃદ્ધાવસ્થા આવી પહોંચી અને કાને બહેરા થયા અને આંખે દેખાય નહિં અને નાસિકાથી પાણી ઝરે અને કમરમાંથી વાંકા વળી ગયા. અને ડોક નમી ગઈ અને ત્વચા સંકોચને પામતી હતી. હાથ-પગ પણ હાલે નહિં અને દાંત પડી ગયા. અને ગોખલા સરખું મોઢું થઈ ગયું. અને લાકડીના ટેકે ચાલવા લાગ્યો અને સુંવાળું ખાવા માગે. એમ કહે જે, બાપરે, દાંતે ચવાતું નથી, કઠણ પડે છે, એમ કરતાં યમની જામીન તો ભૂલી ગયો. અને

ઘરનાં માણસ તુચ્છકારા કરે છે. મારો પીટ્યો ઘરડો થયો તો પણ સ્વાદ તો ગયો જ નહિં, ને નાનાં છોકરાં ખાનારાં છે માટે હવે તો સુંવાળું તારે લાકડાંમાં છે. આવી રીતનાં મહા કઠોર વચન સાંભળીને પોતાના અંતઃકરણમાં ઓશીયાળો થઈને પસ્તાવો કરવા લાગ્યો જે, અહો ! હું જ્યારે યુવાન હતો તે દિવસે ઘણું રળ્યો ખપ્યો અને સારાં ઘર, મેડીઓ, ખેતર, વાડી, તથા વસ્ત્ર-ઘરેણાં ઈત્યાદિક અનેક પ્રકારનાં પદાર્થ સંપાદન કરી આપ્યાં. અને દીકરા-દીકરીઓ પરણાવ્યાં. અને માતાપિતા આદિક સંબંધિઓને ભરી ભાંગ્યાં અને આખા જગતમાં બહુ યશ વધાર્યો તો પણ તેનો ગુણ જરા પણ કોઈ રાખતું નથી. અરે ભગવાન ! હું જ મૂર્ખ જે કોઈદિવસ પુણ્યને માર્ગે મેં એક દાણો પણ વાપર્યો નહીં. અને એ કેટલાંક ઘર ભર્યાં ભાદર્યાં છે. તે તુલસીને પત્ર શ્રીકૃષ્ણાર્પણ કર્યાં છે, હે મહારાજ ! તમોએ મારા ઉપર દયા લાવીને આ મોંઘો મનુષ્યદેહ આપ્યો. અને તમારા સાધુ હંમેશાં આવીને મને સારી રીતે સમજાવતા, પરંતુ મેં કંઈ કર્યું નહીં. હવે મારી શી દશા થશે ? આવી રીતનો પોતાના અંતરમાં પસ્તાવો કરતો થકો એના એ વિચારમાં માંદો થઈ ગયો. અને ખાટલે પડ્યો. અને અતિશય પેટ બેસણું થઈ ગયું. તે જોઈને સર્વે ઘરનાં માણસોએ વિચાર કર્યો જે, ઓલ્યા ઢોરાં બાંધવાના ઘરમાં ખાટલો રાખો અને આ ઘર તો બધુંયે ગંધાઈ ઊઠયું અને કોઈ સારાં માણસ આવે જાય માટે શોભે નહીં. એમ વિચારીને તે ઘરમાં તેને લઈ ગયા અને ખાટલામાં સુવાર્યો. અને જમવાનું ટાણું વિતી જાય ત્યારે તેમને ખાતાં કંઈ વધે તે ઉંચે હાથે જઈને ખાવા આપે. તેવું મહાદુઃખ જોઈને તેના અંતરમાં બહુ દાઝ્ય થતી હતી. એમ કરતાં સતાં તેની અવધિ આવી રહી અને સર્વે શરીરની નાડીઓ બધી તણાવા માંડી તે સમયમાં ઝાડો-પેશાબ થઈ ગયો. અને આખા ગામમાં તેની ખબર પડતી હતી. જે, ભૂલોભાઈ દેહ મૂકે છે, એમ જાણી સર્વે સગાંસંબંધી દોડી આવ્યાં અને કહ્યું જે, હવે નવરાવો અને ચોકો કરાવીને દર્ભ પાથરો, એમ કહે

છે એટલામાં તો ખાટલેથી તરત ભોંય નાખીને ઘરનાં માણસો પૂછવા લાગ્યાં જે, કંઇ લેણું દેણું. દાટ્યું હોય તો બતાવતો જા. ત્યારે કહે જે, મારી પાસે હવે કંઇ નથી. એમ કરતાં સતાં સર્વે કુટુંબીને જોઇને હૃદય ભરાઇ આવ્યું. એવો થકો વળી બોલ્યો જે, અહો ભાઇઓ ! તમો સર્વે અહીં રહેશો અને હું એકલો મરી જઇશ. એમ કહે છે એટલામાં તો ગોપીચંદનનો ચાંદલો કર્યો કે તુરત જમડા નજરે પડતા હતા. તેમને જોઇને અંતરમાં ત્રાસ થયો. તે ભેળું ગળું પણ બંધ થઇ ગયું. તે બોલાય નહીં અને બોલે કંઇ તો બોલાય કંઇ બીજું.

ત્યારે તેની સ્ત્રીનું નામ વેવલીબાઇ હતું. એકદમ રીસ લાવીને બોલી ઉઠી જે, આજે જેઠ મહિનાનો દિવસ આવ્યો. અને લોક ખાતર નાખે, લાકડાં લાવે, આવી રીતે આજ કમાવાના દિવસ આવ્યા એટલે મારો પીટયો લાંબો થઇને સુતો. એમ સર્વેને સાંભળતાં ઉચ્ચે સ્વરથી બોલી. તે સાંભળીને તેના મનમાં એમ થયું જે અહો, હું નાનો હતો ત્યારે બળદ ચાર્યા, ભેંસો ચારી, એમ કરતાં મોટો થયો ત્યારે હળ હાંકયાં, કોસ તાણ્યો અને અડધી રાત્રે સીમમાં જતો. અને જ્યારે છ ઘડી રાત્રી જાય ત્યારે ઘેર આવતો અને કોઇ સારા પર્વના દિવસે નિરાંતે બેસીને મેં રોટલો ખાધો નથી. અને ચોરાનું મોઢું તો કોઇ દિવસ મેં જોયું જ નથી. અને ગદ્ધાવૈતરૂં કરવામાં મારો જીવ ગયો. હે મહારાજ ! આટલા વર્ષે મને નિરાંતે મરવા દીધો નહીં. એવી રીતે સંસારમાં સ્વાર્થની સગાઇ છે. હવે તેને યમ નજરે પડયા તે તુરત જ તે જીવને જમાની સાંભળી જે હાય હાય, આ યમ આવ્યા. એમ કહે છે, એટલામાં તો યમે રૂંધિ નાખીને નવ દ્વારે ચોકી મૂકીને કેટલાક યમ હાથમાં ધોકો લઇને શરીરમાંહી પ્રવેશ કરતા હતા. એટલે અંદર નવસો નવાણું નાડીઓ અને બોતેર કોઠા છે તેમાં જીવ દોડવા લાગ્યો. ત્યારે યમ ઉપર ધોકા મારે તેમ તેમ શ્વાસ ઉઠે તે જોઇને ઉપર માણસો બેઠા હોય તે એમ કહે જે અહો, ભાઇઓ ! આને ઉપશ્વાસ થયો. એમ કરતાં

સતાં તે યમ મારે ત્યારે હાથ-પગ સર્વે પકડી રાખે. એટલે યમને મારતાં ઘણું સુગમ પડતું હતું. તેવું મહાદુઃખ જોઈને માંહી દોડતાં થકાં ઈન્દ્રિયો દ્વારે નાશી જવા આવે એટલે પ્રત્યેક ઈન્દ્રિયે યમને બેઠેલા જોઈને પાછો જીવ ત્રાસ પામીને અંદર પેસી ગયો. એટલામાં તો યમે પકડીને એકદમ સાંકળે બાંધી લીધો કે શ્વાસ મટી ગયો. તે જોઈને સંબંધીઓએ જાણ્યું જે, હવે મરી ગયો. ત્યારે તે વેવલીબાઈ કહેવા લાગી જે, આ પહેરેલું ધોતીયું કાઢી લ્યો. છોકરાં પહેરશે. અને એક જીર્ણ કટકો તેને પહેરાવો અને પછી મરણ પોક પાડો. એમ કહીને કટકો મગાવી પામરીની સોખ્ય ઘાલીને વટલોઈએ આગ કાઢી તથા સ્મશાને ગયા. દશમું સરાવીને એકાદશી સરાવી બારમું સરાવ્યું. તેરમું સરાવ્યું અને ગોરને શય્યા આપી અને ગામ ભાગોળે ચોખા મૂકીને જમાડ્યું. તે આ સર્વે પોતાની આબરૂ માટે કર્યું. અને અઢારે વર્ણને લાપસી ખવરાવી, અને જ્યારે તેને ચવાતું ન હતું તે વખતે તેણે સુવાળું માગ્યું ત્યારે વેવલીબાઈએ કહ્યું જે, સુવાળું તો તારે લાકડાંમાં છે એમ બોલી અને આ તો પોતાની પ્રતિષ્ઠા અને મોટાઈ સારૂં કર્યું.

ત્યાર પછી બાર દિવસ સુધી ઘરનાં નેવાં ઉપર તેને રાખ્યો અને પછી તે યમોએ પૂછયું જે, તારે અર્થે કંઈ કર્યું ? તેવું સાંભળીને તત્કાળ રૂદન કરવા લાગ્યો અને બોલ્યો જે, હે ભાઈઓ ! મારા માટે કંઈ કર્યું નહીં. એમ કહ્યું ત્યાં તો મહાક્રોધ કરીને ત્યાં થકી એકદમ ચટીચોટ લીધો. તે ચાલતાં ચાલતાં જ્યારે તે યમદુત ભૂખ્યા થયા ત્યારે પ્રેતદેહને છરીથી કાપીને અંદર મશાલો નાંખીને સર્વે ખાવા લાગ્યા અને તે પ્રેતદેહમાંથી જીવ જાય નહીં. અને તે યમ પાસે એવી સિદ્ધિઓ હોય જે, એના મસ્તક ઉપર હાથ ધરે એટલે તરત હતો તેવો થઈ જાય અને વળી લોઢાના સોયા ઉપર ચલાવે. અને માથા ઉપર મુદ્ગળ મારે અને ખેરના અંગારાની મોટી મોટી ખાઈઓ ભરી હોય તેના ઉપર ચલાવે અને ઝેર પાયેલા છરા મારે ત્યારે મહાત્રાસનો ભર્યો રૂદન કરતો સર્વેને

સાંભળતો જાય અને વળી કહે જે, અહો ! મેં ઘણા અનર્થ કર્યા અને ચોરીઓ, છીનાળાં આદિક ઘણાં કુકર્મ કરીને પારકું ધન હરીને ઘરેણાં કર્યાં. કુટુંબ પોષ્યું અને આ પાપી દેહનું પોષણ કર્યું. અરે ભગવન્ ! આખરી વખતે અહીં મારી પાસે કાંઇ ન મળે. તેવું સાંભળીને યમદુતો અતિક્રોધથી મહાકષ્ટ આપતા સતા તપાવેલા અંગારે બાળે અને ખીલે વિંધાય. તેવું મહાદુઃખ જોઈને ત્રાસ પામતો થકો રોઈ જતો હતો. અને કુટુંબીને સંભારતો જાય જે, અરે હું દુષ્ટ છું. તે તમારા માટે મેં ઘણાં પાપ કર્યાં. એમ કરતા થકા યમનાં નાકાં આવે ત્યાં તેના શરીરને છોલી લઈને બધું રૂધિર નીચોવી લેતા હતા.

વળી ત્યાં થકી આગળ ચાલ્યા ત્યાં યમનાં છોકરાં આનંદ પામતાં આવે, તે મહા રીસનાં માર્યાં બટકાં ભરીને તોડી ખાય. ત્યારે બુમો પાડે, હાય હાય ઓય બાપરે, હું મરી ગયોરે, એવા શબ્દને મૂક્તો હતો. આ એક યમપુરીના માર્ગની વાર્તા થોડીક કહી છે. અને જેમ છે તેમ નથી કહી. આવી રીતે વચ્ચે સોળ પુર આવે છે. અને તેને વિષે અનંત પ્રકારનાં દુઃખ આ જીવ ભોગવે છે. ત્યાર પછી બારમી યમપુરીમાં ધર્મરાજાના સ્થાનકે દાક ચોકીએ લઈ જઈને તેને ધર્મરાજાની પાસે ઉભો કર્યો. ત્યાર પછી તેના ઘરે બાર માસ થયા ત્યારે વરસીનો દિવસ આવ્યો એટલે બ્રાહ્મણને જમાડીને ધર્મ કર્યો. જેમ પોતાને શોભે તે પ્રમાણે દાન-પુણ્ય કરીને તેનો શોક હતો તેને મૂક્યો. હવે ધર્મરાજા તેને પૂછવા લાગ્યા જે, શાં શાં પુણ્ય-પાપ તેં કર્યાં છે? તેવું સાંભળીને તે જીવ બોલ્યો જે, હે મહારાજ! મેં કોઈ દિવસ કંઈ પાપ તો કર્યું જ નથી. તેવું સાંભળીને તેના નામનો ચોપડો મંગાવીને અંદરથી આખી ઉંમરનું નામું કાઢી બતાવીને બોલ્યા જે, હે અપરાધી જીવ ! તું જો, આ પૂર્વે ચૌદ ઈન્દ્રિયોના દેવતા તેમણે આવીને વિગતવાર રતિ રતિનો જવાબ લખાવ્યો છે. તે હવે આ પાપની કોટડીઓ ભોગવ. એમ કહીને ચૌદ કરોડ યમને સોંપીને પોતાના ઉતારે ગયા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે જીવને ઉપદેશ કર્યો. એ નામે સતાણુંમો અધ્યાય પૂરો થયો. । ૯૭

## અધ્યાય - ૯૮

## પોતાના ભક્તોને મહારાજેઆપેલા પરચા.

હે રામશરણજી! વળી એક સમયે લખનૌ પરગણે, ગામ નિમાપુરમાં એક સારા ક્ષત્રિય સત્સંગી હતા. તેના ઘરમાં લાહ્ય થઈ અને ઘર ઘાસથી છાયેલું હતું તેથી અકસ્માત અગ્નિ થયો. અને તે સમયે તેની સ્ત્રીને બાળક જન્મેલું હતું અને બાઈ ઓરડામાં બાળક સહિત સૂતેલી હતી. તે ચારે બાજુ અગ્નિ જોઈને મૂંઝાઈ ગઈ અને બહાર નીકળવાના ઘણા ઉપાય કર્યા પરંતુ કયાંય નીકળવાની જગ્યા નહીં. પછી બૂમ પાડતી થકી નિરાશ થઈને રોવા લાગી અને પોતાના મનમાં જાણ્યું જે, હવે જરૂર હું મારા પુત્ર સહિત બળી મરીશ, માટે મારા ઈષ્ટદેવને સંભારવા, જેમ તેમણે ધાર્યું હશે તેમ થશે. આવી રીતની ધીરજ લાવીને તે બાઈ ઉચ્ચ સ્વરથી પોતાના ઈષ્ટદેવ જે સ્વામિનારાયણ ભગવાન તેમનું નામ લઈને પુત્રને છાતીમાં ભીડીને પાછી તે ખાટલામાં સૂઈ રહી. અને એક ગોદડું ઓઢીને શ્રીજી મહારાજની પ્રાર્થના કરવા લાગી જે, હે ભક્તિધર્મના પુત્ર ! હે ઘનશ્યામ મહારાજ ! જેમ તમોએ કુંભારના નિભાડામાં બિલાડીનાં બચ્ચાંની રક્ષા કરી હતી. તેમ આ બળતા અગ્નિ થકી બાળકે સહિત તમો મારી રક્ષા કરો. હે શ્રીજી મહારાજ ! તમોએ વળી જેમ ગજને ગ્રાહના મુખ થકી છોડાવ્યો હતો તેમ તમો મારી રક્ષા કરો. હે સહજાનંદ સ્વામી ! તમોએ વળી જેમ પ્રહ્લાદની રક્ષા કરી તેમ મારી તમો રક્ષા કરો. એવી રીતનાં શ્રીજી મહારાજનાં નામો લઈને પ્રાર્થના કરતી થકી એમને એમ બાઈને નિદ્રા આવી ગઈ. તે સમયમાં શ્રીજી મહારાજ પોતાના ભક્તની પ્રાર્થના સાંભળીને ખરા સમયે તત્કાળ આવીને તે બાઈની રક્ષા કરી અને સમીપે

બેઠા. અને તે ઘર બધુંય સળગી રહ્યું એટલે તે બાઈને જગાડીને પોતાનું દર્શન દઈ, જળપાન કરાવીને બોલ્યા જે, હવે તમો કંઈ ચિંતા કરશો નહીં. આ રીતે જ અમોને સંભારજો. એમ કહીને અદ્રશ્ય થઈ ગયા. તેને થોડીકવાર થઈ એટલે બહારથી માણસો તે ઘરમાં ગયા. ત્યારે તે ઓરડામાં જઈને જુએ તો ખાટલાના પાયા પણ બળી ગયેલ અને ઓઢેલાં ગોદડાં ઉપર દેવતા પડેલા તેને એક બાજુ કાઢી નાખીને જુએ છે, ત્યાં તો ગોદડું ભીનું જોયું અને તે બાઈ બોલી જે, હું તો જાગું છું. એમ કહીને બેઠી થઈ અને શ્રીજી મહારાજના પ્રતાપની વાર્તા તે સર્વેને કહી. તે સાંભળીને મહા આશ્ચર્ય પામતા હતા. તે પ્રતાપ જોઈને પ્રગટ પ્રમાણ શ્રીજી મહારાજનું વિશેષ ભજન કરવા લાગ્યા.

વળી એક સમયે લખનૌના વેણીરામ તથા પરશુરામ એ બન્ને ભાઈ વણિક હતા. તેમાં વેણીરામ દિવ્ય દ્રષ્ટિવાળા હતા. તેથી પોતાના ઘરમાં એકાંત જગ્યામાં બેસીને શ્રીજી મહારાજનું ધ્યાન કરતા હતા. તે એક દિવસ તેમના ભાઈ પરશુરામે કહ્યું જે, હે મોટાભાઈ! તમો આ રીતે બેસીને શું કરો છો ? ત્યારે બોલ્યા જે, આ પૃથ્વી ઉપર પૂર્ણ પુરુષોત્તમ ભગવાન પ્રગટ થયા છે. તેમનું ધ્યાન કરું છું. ત્યારે બોલ્યા જે, પુરુષોત્તમ ભગવાન કઈ જગ્યાએ પ્રગટ થયા છે ? ત્યારે બોલ્યા જે, નાની સરવાર્યમાં અયોધ્યાપુરીથી બે યોજન ઉત્તર છપૈયાપુરમાં હરિપ્રસાદ પાંડેના પુત્રભાવને પામીને હાલમાં ગુજરાત દેશને વિષે વિચરે છે. તેવું સાંભળીને પરશુરામ બોલ્યા જે, હે ભાઈ ! અમોને તે પુરુષોત્તમ ભગવાનનાં દર્શન કરાવો, ત્યારે તે વાત અમારા માન્યામાં આવે.ત્યારે તેની વૃત્તિ સાથે મેળવીને શ્રીજી મહારાજનાં દર્શન જેતલપુરના મહોત્સવમાં સર્વે સંતના મધ્યમાં ઉંચા સિંહાસન ઉપર બિરાજમાન અને દિવ્ય તેજોમય અલૌકિક આશ્ચર્યકારી મૂર્તિ જોઈને આ પ્રત્યક્ષ ભગવાન છે એમ નિશ્ચય કરતા હતા. તે પરશુરામ પ્રસન્ન મન વડે, ગદ્ગદ્ કંઠ થઈને મોટાભાઈને પગે લાગીને સ્તુતિ કરતા હતા. ત્યાર

પછી કેટલાક દિવસ વિત્યાબાદ પોતાના કુટુંબ પરિવાર સાથે લઈને ગુજરાત દેશમાં શ્રીગઢપુરમાં આવીને શ્રીજી મહારાજનાં દર્શન કરતા હતા. પછી અંગો અંગને વિષે ભારે વસ્ત્ર-અલંકાર પહેરાવી મૂગલીપાઘ ધરાવીને સર્વે સંતની પૂજા કરી, પગે લાગીને બેઠા. પછી શ્રીજી મહારાજે તેમને હિન્દુસ્તાન દેશના સમાચાર પૂછીને રામપ્રતાપભાઈને ત્યાં ઉતારો અપાવ્યો. અને ઉન્મત્ત ગંગામાં સ્નાન કરતા સતા કેટલાક દિવસ રહીને શ્રીગોપીનાથ દેવના મંડપમાં જઈને દર્શન કરતા સતા, અતિપ્રેમ લાવીને ગાવણું કરતા હતા. એવી રીતે કેટલાક દિવસ રહીને પોતાના દેશમાં જવાની તૈયારી કરી. તે સમયને વિષે શ્રીજી મહારાજે પોતાની પાદુકાઓ તથા કેટલાંક પોતાનાં ચરણારવિંદ વિગેરે પ્રસાદીની વસ્તુઓ આપી. એટલે ત્યાં થકી દર્શન કરી ચાલ્યા તે પોતાના દેશમાં જતા હતા. ત્યારે તે પ્રસાદીની વસ્તુઓને જે કોઈ દેખે તેને તત્કાળ સમાધિ થતી હતી. એવી રીતે શ્રીજી મહારાજનો પ્રતાપ જોઈને પ્રગટ પ્રમાણ ભજન કરતા હતા.

હે રામશરણજી ! એક સમયે જનકપુરીને વિષે એક વણિક મહાધનપતિ હતો. તે પોતાના ગામથી સંઘ કાઢીને અયોધ્યાપુરીની યાત્રા કરવા માટે પોતાના ગામથી ચાલ્યો. તે વચ્ચે છપૈયાપુરમાં આવીને નારાયણ સરોવરમાં સ્નાન કરીને સમીપે આંબાના બગીચામાં ઉતારો કર્યો. પછી તે સંઘનાં કેટલાંક માણસો મંદિર સારૂં દેખીને દર્શન કરવા માટે તે મંદિરમાં આવ્યા. ત્યારે તે દિવસે શ્રીઠાકોરજીને ભારે વસ્ત્ર-ઘરેણાં પહેરાવીને ખુરસીઓ ઉપર બેસાડ્યા હતા. તેવાં અલૌકિક દર્શન કરીને તે સર્વે જન પોતાના ઉતારા ઉપર જઈને શેઠને કહ્યું જે, હે દાદા ! આ મંદિર બહુ સારૂં છે તે આપને દર્શન કરવા યોગ્ય છે અને અંદર રામલક્ષ્મણ અને સીતાજી આદિક દશ મૂર્તિઓ પધરાવેલી છે. તે મૂર્તિઓને ભારે વસ્ત્ર-ઘરેણાં સહિત શણગાર ધારણ કરાવ્યા છે. એમ કહ્યું તે સાંભળીને તત્કાળ તે વણિક મંદિરમાં આવીને શ્રીઠાકોરજીનાં દર્શન કરીને પાંચ પાંચ રૂપીયા ત્રણે મંદિરમાં ભેટ કરીને અંતરમાં

શાંતિ પામતો હતો.પછી વળી શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ આગળ એક પગે ઉભો રહીને પ્રેમમગ્ન થકો પ્રાર્થના સ્તુતિ કરીને, શણગારે સહિત પોતાના અંતઃકરણમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ ઉતારી. ત્યાર પછી પૂજારીએ પાન બીડીઓ મૂકીને પતાસાંનો થાળ ભરીને આપ્યો. તેલઈને પોતાના ઉતારે જઈને તે પ્રસાદીનાં પતાસાં સર્વેને વહેંચી આપતો હતો. ત્યાર પછી ત્યાં થકી ચાલ્યો તે બીજે દિવસે અયોધ્યાપુરીને વિષે જતો હતો. ત્યાં શ્રીરામચંદ્રજીના જન્મસ્થાનકે, કનકભવન તેમજ હનુમાનગઢી આદિક કેટલેક મંદિરે દર્શન કરીને ગોકુળમથુરા જતો હતો. ત્યાં પંદર દિવસ રહીને સર્વે મંદિરમાં દર્શન કરતો થકો પોતાના મનમાં એવો સંકલ્પ થતો હતો જે, હું દેશાંતરમાં ફર્યો અહીં પણ ગોકુળ-મથુરા વૃંદાવનમાં સર્વે સ્થળે દર્શન કર્યાં, પરંતુ તે છપૈયાપુરનાં મંદિરમાં જેવું મૂર્તિઓનું તેજ અને શણગાર છે તેવા મેં કોઈ ઠેકાણે દીઠા નહીં.એમ સર્વને કહેતો હતો. પછી વળી સંકલ્પ કર્યો જે, હું મારા ગામમાં જઈને પાંચ લાખ રૂપિયાનું ખર્ચ કરીને છપૈયાપુર જેવું મંદિર કરાવીને એવી દસ મૂર્તિઓ પધરાવું. તેની પાછળ આજીવિકા બાંધુ અને તેની સમીપે તળાવ પણ બંધાવું. એવો સંકલ્પ કરતાં કરતાં ઉતારા ઉપર આવીને રસોઇ જમીને સૂઈ ગયો. કે તુરત તેને જ્વર આવ્યો અને અડધી રાત્રિ વીત્યા પછી તેનો દેહ પડ્યો. ત્યારે તે સમયે તેના અંતઃકરણમાં ઘનશ્યામ મહારાજનું સ્મરણ રહેવાથી ઘનશ્યામ મહારાજ ખુરશી ઉપર બેઠેલા મહા શોભાએ યુક્ત મોર મુકુટ ધારણ કરેલા અને ચતુર્ભુજ એવા થકા શ્રીકૃષ્ણરૂપે આવીને દર્શન દઈને બોલ્યા જે, અમો સર્વે અવતારના અવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ છીએ. તે છપૈયાપુરને વિષે ધર્મભક્તિ અમારાં માતાપિતા છે. તેમના ઘેર અમોએ અવતાર ધારણ કર્યો છે. એમ કહીને તેડી ગયા. તે સમયે કેટલાંક માણસોને ખુરસીએ સહિત ઘનશ્યામ મહારાજનાં તેજોમય દર્શન થતાં હતાં. ત્યાર પછી તે વણિકનો પુત્ર સંઘ સહિત ત્યાં થકી ચાલ્યો તે છપૈયાપુરને વિષે

**આવીને તે પ્રતાપની વાર્તા સર્વેને કહેતો હતો. ને શ્રીઘનશ્યામ મહારાજનાં દર્શન કરીને પોતાને ઘેર જનકપુરીને વિષે જતો હતો.**

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે હિન્દુસ્તાનના હરિજનના શ્રીજી મહારાજે પરચા પૂર્યા. એ નામે અઠ્ઠાણુંમો અધ્યાય પૂરો થયો.॥૯૮॥

## અધ્યાય - ૯૯

## ગ્વાલીયર પરગણાના હરિભક્તોને પરચા આપ્યા.

**હે રામશરણજી ! એક સમયે ગ્વાલીયર પરગણે, ગામ બામરોલીનો ગિરધારી નામનો ગુર્જર સારો સત્સંગી શ્રીજી મહારાજને મળેલો હતો. તે પોતાની સ્ત્રી સાથે લઇને પોતાના સાસરેથી તેડીને પોતાના ઘેર આવતાં રાત પડી ગઇ. એટલે વચ્ચે કોઇ એક ગામમાં એક રજપુતના ઘેર બન્ને જણ રાત્રિ રહ્યાં. ત્યારે તે સ્ત્રીને જોઇને તે રજપુતની નજર બગડી. પછી તે સવારે વહેલા ઉઠીને તે બે સ્ત્રી-પુરુષ ચાલ્યાં. ત્યારે અંધારૂં ઘણું જોઇને સ્ત્રી બોલી જે, હજી તો રાત્રી વધારે છે. અને તે રજપુતની નજર મને સારી જણાઇ નથી. માટે માર્ગમાં જતાં કંઇ વિઘ્ન થશે, તેથી સવાર થવા દઇને ચાલો. અગર કોઇક વળાવો સાથે લઇને ચાલો. એમ બોલી પરંતુ તે બાઇની વાત નહીં માનીને તે ગિરધારી તો પોતાની હોંશીયારી જણાવીને આગળ ચાલ્યો. ત્યારે તે બાઇ પણ અંતઃકરણમાં શ્રીજી મહારાજનું સ્મરણ કરતી સતી વાંસે ચાલી. તે પાંચ ગાઉ ગયાં ત્યારે એક નદી આવી. તેમાં સ્નાન કરીને પૂજા કરીને ટીમણ કરવા બેઠાં. તે સમયે પેલો રજપુત મોટા ઘોડા ઉપર બેસીને હાથમાં મોટો ભાલો લઇને ઉતાવળો થકો આવ્યો. તેને જોઇને બાઇ તો પોતાનો ધર્મ સાચવવા માટે એક શિવજીના મંદિરમાં પેસી ગઇ અને અંદરથી સાંકળ વાસી દીધી. ત્યારે ગિરધારીના પાસે તે રજપુત આવીને છાતીમાં ભાલો મારીને તેને મારી નાખ્યો. એટલે**

ગિરધારી તો એમને એમ શ્રીજી મહારાજને સંભારતો થકો પોતાનો દેહ મૂકી દીધો. પછી તે રજપુત મંદિરની સમીપે જઇને બોલ્યો જે, હે સ્ત્રી! તું બારણું ઉઘાડ. તારા પતિને તો મેં મારી નાખ્યો. તું કંઇ ચિંતા કરીશ નહીં. એમ બોલ્યો. તે મહા કઠોર વચન સાંભળીને તે બાઇના અંતઃકરણમાં મહાત્રાસ ઉત્પન્ન થયો. જે, હવે મારા પતિને તો તેણે જરૂર મારી નાખ્યો હશે. માટે હે શિવજી ! ભોળાનાથ! હે દયાળુ ! હું તો તમારા શરણે આવી છું અને આ પાપી મારી લાજ લેવા માટે આવ્યો છે. હું તો પતિવ્રતા છું. એવી રીતે રોતી થકી પોતાના ઇષ્ટદેવ જે શ્રી સ્વામિનારાયણ તેમનું ઉચ્ચ સ્વરે સ્મરણ કરી બોલી જે, હે શ્રીજી મહારાજ ! તમે આ સમયે મારી સહાય કરો, નહી તો હું જીભ કરડીને મરીશ. પણ મારો પતિવ્રતાનો ધર્મ હું નહીં મુકું. હે મહારાજ ! તમે કયાં ગયા ? આવો ઉતાવળા, એવી રીતની શ્રીજી મહારાજની પ્રાર્થના કરે છે, એટલામાં તો તે બાઈની પ્રાર્થના સાંભળીને ઉતાવળા થકા આવીને તે રજપુતને મદનો ભરેલો જોઇને તેને મંદિરના થાંભલા સાથે સજ્જડ પત્થર જેવો કરીને તે બાઇને પોતાનું દર્શન આપીને બોલ્યા જે, તારો પતિ મરી ગયો છે. પરંતુ તેની ઉપર વસ્ત્ર ઓઢાડીને પાંચ પરિક્રમા અમારૂં નામ લઇને ફરજે એટલે નેત્ર ઉઘાડીને તુરત બેઠો થશે. પછી તેના ઘોડા ઉપર બેસીને તમો બન્ને જણ તમારે ઘેર જજો. અને સુખેથી અમારૂં ભજન કરજ્યો. રજપુતને તો અમોએ પત્થર કરી નાખ્યો છે એટલે તેનાથી કંઇ ડરશો નહીં. તેનો જીવ નીકળી ગયો છે એમ કહીને તે બાઇને વિશ્વાસ આવવા માટે તે સાંકળ પોતે ઉઘાડીને અદ્રશ્ય થઇ ગયા.તેવો પ્રગટ શ્રીજી મહારાજનો પ્રતાપ જોઇને તે બાઇ આનંદ પામતી થકી બહાર આવીને શ્રીજી મહારાજના કહેવા પ્રમાણે પોતાના પતિના ઉપર કપડું ઓઢાડીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ પોતાના મુખેથી ઉચ્ચારણ કરતી થકી પરિક્રમા ફરવા લાગી. પછી કેટલોક સમય થયો એટલે તે ગિરધારી આળસ મરડીને બે નેત્ર ઉઘાડીને બેઠો થયો

અને શ્રીજી મહારાજના અક્ષરધામની વાર્તા કહીં. તે સાંભળીને તે બાઇ પણ પોતાની જે રીતે શ્રીજી મહારાજે રક્ષા કરી તે વાત પણ કહેતી હતી. તે સાંભળીને આનંદ પામતો થકો તે ગિરધારી તે ઘોડા ઉપર બેસીને પોતાના ગામ જઇને તે વાર્તા રૂપી ચરિત્ર સર્વેને કહેતો હતો.

એક સમયને વિષે ગ્વાલીયર પરગણે ધુવા ગામને વિષે, સકટુભાઇ નામનો એક લુહાર સારો સત્સંગી શ્રીજી મહારાજને મળેલો હતો. તે દિવાળીના સારા દિવસોમાં પોતાના પુત્રને ભારે હેમના દાગીના પહેરાવી સાથે લઇને સંધ્યા સમયે મંદિરમાં આવતા હતા ત્યારે વચ્ચે ચોર બેઠેલા હતા તેમણે તે છોકરાનાં ઘરેણાં જોયાં. અને સકટુભાઇને એક જ પુત્ર હતો. તે મંદિરમાં ગયા.પછી તે છોકરાને શ્રીઠાકોરજીનાં દર્શન કરાવીને બેઠા એટલે તે છોકરો રમતો રમતો મંદિરથી બહાર જઇને ઉભો રહ્યો કે તુરત તે ચોરોએ તેને ઉપાડી લીધો અને તેનું મોઢું બાંધીને મોટા પર્વતમાં લઇ ગયા અને તેનાં સર્વે ઘરેણાં ઉતારી લઇને મારી નાખવાનો વિચાર કર્યો. એટલે તે છોકરો તે વાત જાણીને ત્રાસ પામી ગયો. અને ઉચ્ચે સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ બોલીને રૂદન કરવા લાગ્યો, તો પણ ચોરોને દયા ન આવતાં તેને તત્કાળ ગળું પકડીને મારવા માટે હથિયાર ઉપાડતા હતા. તે સમયમાં તેની રક્ષા કરવા માટે શ્રીજી મહારાજ શ્વેત હાથી ઉપર બેસીને ઉતાવળા થકા આવીને તે છોકરાને એકદમ ઉપાડી લઇને હાથી ઉપર બેસાડતા હતા. અને જેટલા ચોર હતા. તેટલા સ્વરૂપે થઇને તે સર્વે ચોરને બાંધીને ઘરેણાં સર્વે લઇને પોતે એક સ્વરૂપે થઇને ત્યાં થકી ચાલ્યા, તે થોડેક દૂર જઇને તે છોકરાને બધાં ઘરેણાં પહેરાવીને મોતૈયા લાડુ જમાડી, પાણી પાઇ શાંત પમાડ્યો. પછી તેને તેનાં ઘરનાં આંગણે લાવીને તેનાં માતાપિતાને સોંપી અદ્રશ્ય થઇ ગયા. તે પ્રતાપ જોઇને તેણે કહ્યું જે, તને કોણ લઇ ગયું હતું ? અને અહીં કોણ લાવ્યું ? ત્યારે સર્વેના સાંભળતાં તે વૃત્તાંત કહેતો હતો. પછી તેના કહેવા પ્રમાણે તે ગામનો રાજા પોતાના કેટલાક સિપાઇઓને સાથે

લઈને તથા બીજા કેટલાક માણસોથી વિંટાણા સતા બાંધેલા ચોરોને પાસે જઈને તે સર્વેને પકડી લીધા અને ફાંસીએ દેવા તૈયાર કર્યા. તે જોઈને સકટુ લુહારે જાણ્યું જે, મારા પુત્રની શ્રીજી મહારાજે રક્ષા કરીને ઘરેણાં પણ લાવ્યા. એમ જાણીને તે સર્વે ચોરને છોડાવી મૂકાવતા હતા. એવી રીતનો શ્રીજી મહારાજનો પ્રતાપ જોઈને કેટલાંક માણસ પ્રગટ પ્રમાણ સ્વામિનારાયણનો આશ્રય કરીને ભજન કરવા લાગ્યાં.

એક સમયે ગ્વાલીયર પરગણે ગામ ધોરીમાર્ગમાં બે સ્ત્રીપુરુષ સારા સત્સંગી સુથાર હતાં. તે બન્નેને પરસ્પર કોઈક દિવસે વઢવેડ થઈ. ત્યારે તે બાઈ અણસમજણથી રીસાઈને સંધ્યા સમયે કૂવે પડવા ગઈ. તે કૂવાના કિનારે ઘડી એક બેસીને પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણનું ઉચ્ચે સ્વરે નામ લઈને ભજન કરતી સતી તે કૂવામાં પડતી હતી, કે તરત શ્રીજી મહારાજ પોતાના ભક્તની સહાય કરવા માટે આવીને તે બાઈની રક્ષા કરીને તેને ભય બતાવીને બોલ્યા જે, આત્મઘાત જે કરે છે તેના જીવનો કદી મોક્ષ થતો નથી. એમ કહીને તે સુથારના ઘેર જઈને તેને ત્રણ સોટીઓ મારીને ઠપકો દેવા લાગ્યા, ત્યારે તે સુથાર તુરત પગે લાગીને કહ્યું જે, હે મહારાજ ! તમો અત્યારે કયાંથી આવ્યા ? ત્યારે બોલ્યાજે, તારી સ્ત્રી કૂવામાં પડી છે. એમ કહીને અદ્રશ્ય થઈ ગયા. પછી તે સુથાર ઉતાવળો થકો પોતાના ઘરમાં ચારે તરફ જોઈને ન દેખી એટલે બીજાં કેટલાંક માણસોને લઈને કૂવા ઉપર ગયો. ત્યારે તે બાઈ કૂવામાં પાણી ઉપર બેઠેલી હોયને શું ? એવી થકી શ્રીજી મહારાજનું ભજન કરતી હતી. પછી તે બાઈને બહાર કાઢી એટલે તે વૃત્તાંત કહેતી હતી. તે સાંભળીને કેટલાંક જનોએ તે કૂવામાં ઉતરીને જોયું તો લાકડું આદિક કોઈ પણ આધાર ન મળે. એવો પ્રગટ પ્રતાપ જોઈને શ્રીજી મહારાજનું વિશેષ ભજન કરતાં હતાં.

હે રામશરણજી ! એક સમયે લખનૌ પરગણે ગામ ગોસાઈગંડના હલવાઈ હુકમચંદભાઈ આદિક બીજા કેટલાક હરિભક્તો શ્રાવણ

માસમાં હિંડોળામાં ઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા માટે છપૈયાપુર આવતાં, વચ્ચે અયોધ્યાપુરીમાં સરયૂગંગામાં આવ્યાં. તે સમયે પાણીનું ઘણું જોર હતું અને વાયુ તથા વરસાદ પણ ઘણો હતો તેથી તે વહાણ પાણીમાં ત્રણ ઘુમરીયો ખાઈને ડુબવા લાગ્યું. તે જોઈને વહાણનો ખેવટીયો બોલ્યો જે, હે ભાઈઓ ! પોતાના ઈષ્ટદેવને સંભારો. હવે આ વહાણ અમારા હાથમાં નથી. ડુબી જશે. તેવું મહા ત્રાસનું વચન સાંભળીને હુકમચંદના અંતઃકરણમાં ત્રાસ પડ્યો. એટલે ઘનશ્યામ મહારાજને સંભારીને બોલ્યો જે, હે શ્રીજી મહારાજ ! અમો ડુબી જઈશું તો લોકમાં તમારી લાજ જશે. કારણ કે આ અયોધ્યાપુરી અનાદિનું શ્રીરામચંદ્રજી ભગવાનનું ધામ છે અને તે ધામનાં દર્શન પડ્યાં મૂકીને એમના ગુરુ સ્વામિનારાયણ હમણાં થોડાક દિવસમાં પ્રગટ થયા છે તેમનાં દર્શન કરવા સારું છપૈયાપુર જતા હતા તેથી સર્વે પાણીમાં ડુબીને અંતરીયાળ મરી ગયા. એમ કહીને જગતમાં અમારી લોકો હાંસી કરશે, એવી રીતની પ્રાર્થના કરતા હતા. એટલામાં તો તે વહાણની ચારે બાજુ ફરતાં ચાર ચાર ધનુષ્યવા પાણી દૂર થઈ ગયું, એટલે તે વહાણ ભોય ઉપર જઈને બેઠું. પછી શ્રીજી મહારાજે હુકમચંદભાઈને દર્શન દઈને કહ્યું જે, સર્વે વહાણમાંથી નીચે ઉતરીને અંદરથી પાણી કાઢી નાખો. તેવું સાંભળીને હુકમચંદભાઈ તો અતિ આનંદ પામતા છતા, મહારાજનાં દર્શન કરીને સર્વે મનુષ્યોને વહાણમાંથી નીચે ઉતારીને એક તરફ ઉભા રાખીને વહાણને પકડીને એક બાજુ નમાવ્યું. એટલે અંદરથી સર્વે પાણી નીકળી ગયું. પછી તે વહાણમાં સર્વે મનુષ્યો બેઠાં કે તરત કોઈ પાપી ખેવટીયાએ કેડ્યમાં પૈસા ઘાલેલા હતા. તે ભોંય ઉપર નીકળી પડ્યા. એટલે તે પાપી વીણવા લાગ્યો. તે સમયમાં ચારે તરફથી પાણી ભેગું થઈ ગયું અને તે વહાણ તરવા લાગ્યું. તે જોઈને સર્વે જન મહા આશ્ચર્ય પામતાં હતાં. પછી ત્યાં થકી હુકમચંદભાઈ કિનારે ઉતરીને છપૈયાપુર આવીને સર્વે ધર્મકુળને તે

વાર્તા કહેતા હતા.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ગ્વાલીયર પરગણાના હરિભક્તોને શ્રીજી મહારાજે પરચા પૂર્યા. એ નામે નવાણુંમો અધ્યાય પૂરો થયો. ॥૯૯॥

## અધ્યાય- ૧૦૦

## ભક્તોને પરચા આપ્યા.

એક સમયને વિષે બરાઈ ગામમાં ભવાનીદત્ત નામનો બ્રાહ્મણ અને તેની પત્ની એ બન્ને અતિ વૃદ્ધ હતાં અને તેઓ સારાં સત્સંગી હતાં. અને શ્રીજી મહારાજનાં દર્શન તેમણે કર્યાં હતાં. એક વખત તેના ઘેર જમવાના સમયે શ્રીજી મહારાજ પ્રત્યક્ષ આવીને જમવા બેઠા. એટલે તે બ્રાહ્મણ અતિ પ્રેમનો ભર્યો દર્શન કરીને થાળીમાં ભોજન પીરસીને શ્રીજી મહારાજને જમવા આપીને, પોતે પંખો લઈને પવન નાખતો હતો. તે સમયે કેટલાંક સત્સંગી બાઈભાઈ શ્રીજી મહારાજને આવેલા જાણીને ભવાનીદત્તના ઘેર દર્શન કરવા માટે આવતાં હતાં. ત્યાં તો પોતે જમી ચળુ કરીને બોલ્યા જે, હે ભવાનીદત્ત ! તમો બન્નેને તેડવા સારું આજથી વિસમા દિવસે અમો આવીશું. માટે તમો પરવારી તૈયાર થઈ રહેજો. તેવું સાંભળીને કહ્યું જે, હે મહારાજ ! બહુ સારૂં, હવે હું નિર્ભય થયો. પરંતુ તમો આવો ત્યારે હાથી, ઘોડા, રથ, વિમાન સહિત પાલખીઓ તથા અનંત મુક્તને સાથે લઈને આવજો. અમને બન્નેને વાહનમાં બેસાડીને વાજતે ગાજતે પ્રત્યક્ષ સર્વેને દર્શન દઈને લઈ જાઓ તો આવજો, નહીં તો આવશો નહીં. એમ કહીને બે હાથ જોડીને પગે લાગ્યો. એટલે શ્રીજી મહારાજ અદ્રશ્ય થઈ ગયા. તેવું આશ્ચર્ય જોઈને સર્વે પોતપોતાના ઘેર ગયા. ત્યારપછી અવધિ પૂરી થવાથી પ્રત્યક્ષ શ્રીજી મહારાજ આવીને તે બન્નેને સુવર્ણના રથમાં બેસાડીને વાજતે ગાજતે બધા ગામમાં ફેરવીને દર્શન દઈને તેડી ગયા.

તેવો પ્રગટ પ્રતાપ જોઈને કેટલાંક જન શ્રીજી મહારાજનો આશ્રય કરીને ભજન કરતાં હતાં.

એક સમયે ગ્વાલીયર પરગણે મગરોલી ગામના હરિભક્તો સંઘ લઈને છપૈયાપુરમાં શ્રીઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા માટે આવતા હતા. ત્યારે તેમાં એક બાઈ અતિ વૃદ્ધ, અને આંખે પણ ઓછું દેખાય, એવી થકી મંડપમાં આવીને બહારની જાળીથી છેટે બેસીને શ્રીઠાકોરજીનાં દર્શન કર્યાં. પરંતુ સિંહાસન ઉપર બરાબર મૂર્તિ દેખવામાં આવી નહીં. ત્યારે પોતાના મનમાં એવો સંકલ્પ થયો જે, પ્રયાગરાજ તથા કાશી, અયોધ્યાપુરી એ સર્વે પરોક્ષ મંદિરમાં તો ઠાકોરજીના સમીપે જઈને દર્શન કર્યાં. તે ઠાકોરજીની મૂર્તિઓ મારા જોવામાં આવતી હતી અને મારા ગામમાં પણ ઠાકોરજીની મૂર્તિઓને મેં ઘણી નીરખીને દર્શન કર્યાં છે. પણ હે બાળસ્વરૂપ ! હે ભક્તિધર્મના પુત્ર ! હે ઘનશ્યામ ! આ તમારા જન્મસ્થાનકને વિષે હું ભાવે કરીને આટલે છેટેથી દર્શન કરવા આવી, પરંતુ મને તો તમારાં થોડાં આભાસમાત્ર દર્શન થાય છે. પણ બરાબર જેવો તમારો બાળસ્વરૂપનો આકાર છે અને જેવાં વસ્ત્ર-ઘરેણાં તમોએ ધારણ કર્યાં છે. તેની બરાબર કંઈ ઓળખાણ પડી નહીં. અને તમો તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છો. માટે મારા પ્રેમનાં દર્શન માની લેજ્યો. અને હવે તો કૃપા કરીને વહેલા તેડવા આવજો.એવી રીતે પ્રાર્થના કરવા લાગી. તેને કેટલીક વાર થઈ એટલે તે સર્વે સંઘના માણસોને ઉતારા ઉપર જવા દઈને, પોતે અતિ હેતે સહિત વિનંતીપૂર્વક દર્શન કરતી સતી, રૂદન કરવા લાગી કે, તુરત ત્રણે મંદિરમાં સૂર્યનારાયણના જેવો પ્રકાશ થઈ ગયો. તે જોઈને તે બાઈ આનંદ પામતી સતી દસે મૂર્તિઓનાં દર્શન કરતી હતી. અને વસ્ત્ર-ઘરેણાં પોતાના અંતરમાં ઉતારીને પગે લાગીને બોલી જે, હે દયાળુ ! કૃપા તો બહુ કરી પરંતુ આમાં બાળસ્વરૂપ ભક્તિધર્મના પુત્ર ઘનશ્યામ મહારાજની મૂર્તિ કઈ હશે? અને આ તો દસે મૂર્તિઓ એક સરખી ભાસે છે. અને વળી

આ સર્વે મૂર્તિઓનાં નામ શાં હશે ? એમ કહ્યું કે, તુરત પોતાના પ્રેમીભક્તોનો મનોરથ પૂર્ણ કરવા માટે ઘનશ્યામ મહારાજ નાના બાળસ્વરૂપે વસ્ત્ર-ઘરેણાં સહિત પોતાના સિંહાસન ઉપરથી મૂર્તિદ્વારાએ ઉતરી આવીને પોતાના સહિત દસ મૂર્તિઓનાં નામ લઈ, ઓળખાવીને પાછા સિંહાસન ઉપર જઈને પોતાની મૂર્તિમાં લીન થઈ ગયા. એવું અદ્ભૂત ઐશ્વર્ય જોઈને તે બાઈ આનંદ પામતી સતી, પોતાના ઉતારા ઉપર આવીને સર્વેને વાતો કરતી હતી.

વળી એક સમયે લખનૌ પરગણે ગામ સહાપુર મેંડીયામાં કનૈયાલાલ નામનો એક સારો સત્સંગી સુથાર હતો. તેના છોકરાને કુસંગનો યોગ થવાથી સત્સંગ મૂકી દીધો. એટલે થોડાક દિવસ પછી એક મુસલમાન જન તેને વળગ્યો. ત્યારે તેનો બાપ જે કનૈયાલાલ તેણે ઘણા રૂપીયા ખર્ચીને તે જનને કાઢવાનો ઉપાય કર્યો પણ કોઈથી નીકળ્યો નહિ. પછી તે સુથાર રામનવમીના સમૈયા ઉપર છપૈયાપુરને વિષે આવ્યો. ત્યારે તેણે ધર્મકુળમાં ઠાકોરરામભાઈને વાર્તા કહીં. તે સાંભળીને ભાઈએ ઘનશ્યામ મહારાજના કંઠમાંથી ગુલાબનો હાર પ્રસાદીનો મંગાવીને તેને આપ્યો અને કહ્યું જે, આ પ્રસાદીનો હાર તારા પુત્રને પહેરાવજે. એટલે તત્કાળ તે જન બોલી ઉઠશે અને કહેશે જે હું બળી જાઉં છું. એવી રીતે બોલે ત્યારે તેને પૂછી જોજ્યો જે, કેમ મારા પુત્રને વળગ્યો છે ? ત્યારે તે બોલશે. પછી તે નીકળી જાય એટલે આ કંઠી હું આપું તે પહેરાવજો અને શ્રીજી મહારાજનો દ્રઢ આશ્રય રખાવજે એટલે સારૂં થઈ જશે. એમ કહ્યું તે સાંભળીને આનંદ પામતો સતો, દર્શન કરી છાપો લઈને પોતાના ગામ ગયો. અને તે પ્રસાદીનો હાર પોતાના પુત્રને પહેરાવ્યો કે, તરત તે જન બોલવા લાગ્યો જે, હે ભાઈ ! હવે હું જાઉં છું. ત્યારે કહ્યું કે તું કોણ છે ? અને આને કેમ વળગ્યો છે ? ત્યારે બોલ્યો જે, હું જન છું અને આ તારા છોકરે નકારી અભક્ષ્ય વસ્તુ ખાવા માંડી અને તારા ગુરુનો આશ્રય મૂકી દીધો ત્યારે હું વળગ્યો હતો.

અને મારે કોટી ઉપાયે નીકળવું ન હતું પરંતુ આ તારા ગુરુનો પ્રસાદીનો હાર મને પહેરાવ્યો એટલે હું બળી જાઉં છું. એમ કહીને હાથ જોડીને પગે લાગીને નીકળી ગયો. તેવો પ્રતાપ જોઈને તે છોકરો શ્રીજી મહારાજનો અનન્ય ભક્ત થયો.

વળી એક સમયે લખનૌ પરગણે ગામ ગોંસાઈગંજમાં લાલબિહારી નામનો એક બ્રાહ્મણ હતો. તેણે સત્સંગ થયા પહેલાં કોઈક કારણસરથી અયોધ્યાપુરીને વિષે હનુમાનગઢીમાં હનુમાનજીની માનતા રાખેલી હતી. પછી તેને સત્સંગ થયો અને શ્રીજી મહારાજની વાર્તા અંતરમાં દ્રઢ સમજાણી તેથી હનુમાનજીની માનતા કરી નહીં. એટલે તેને કેટલાંક વર્ષ વીતી ગયાં ત્યારે હનુમાનજી ક્રોધ કરીને હાથમાં મોટી ગદા લઈને મહાવિકરાળ સ્વરૂપે આવ્યા. ત્યારે તે બ્રાહ્મણ શ્રીજી મહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરીને ઓસરીમાં બેસીને પૂજા કરતો હતો. તેને પૂજા કરતો જોઈને મારવાનું તો ભૂલી ગયા અને સામા તેના ઉપર અતિશય રાજી થકા નિર્માનીપણે બે હાથ જોડી, પૂજામાં રહેલ શ્રીહરિને પગે લાગીને સામા ઉભા રહ્યા. પછી ધીરે રહીને બોલ્યા જે, હે ભાઈ ! તું મારી માનતા કેમ કરતો નથી ? ત્યારે બોલ્યા જે, હે દયાળુ! તમો તો શ્રીરામચંદ્રજીના ભક્ત છો. અને હું તો હવે પ્રગટ સ્વામિનારાયણનો આશ્રિત થયો છું. તે સ્વામિનારાયણ કેવા છે તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સર્વ અવતારના કારણ અક્ષરાધિપતિ ભગવાન છે તે માટે તમો સર્વે દેવ તેમના શરણમાં આવી ગયા. હવે તમારી માનતા શી રીતે કરું? ત્યારે બોલ્યા જે, એ વાર્તા ખરી, પરંતુ મેં તારી મજુરી કરી છે તો છપૈયાપુર જઈને ઘનશ્યામ મહારાજને મારા વતી તમો થાળ કરજ્યો એટલે મને તે મહાપ્રસાદી આપશે અને હું તમારા ઉપર બહુ રાજી છું. ત્યારે તેમનો સાચો ભાવ જોઈને તે બ્રાહ્મણ બોલ્યો જે, હે દુઃખભંજન ! તમારી કરેલી મજુરી હું નહી ભાંગુ. એમ કહીને પગે લાગવા ઉભો થયો કે તુરત અંજની સુત અદ્રશ્ય થઈ ગયા. ત્યાર

પછી તે બ્રાહ્મણ આનંદ પામીને બીજે દિવસે છપૈયાપુરને વિષે જવા ચાલ્યો. ત્યાં જઈને હનુમાનજીના કહેવા પ્રમાણે તે માનતા કરીને શ્રીઘનશ્યામ મહારાજને રાજી કરતો હતો.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે ગામ સહાપુર મેંડીયાના કનૈયાલાલ આદિક હરિભકતોને પરચા પૂર્યા. એ નામે સોમો અધ્યાય પૂરો થયો. ||૧૦૦||

## અધ્યાય- ૧૦૧ – શંકરપ્રસાદની રક્ષા કરી

એક સમયે ગ્વાલિયર પરગણે ગામ ધુવાબરાઈને વિષે એક મિશ્ર બ્રાહ્મણ તાલુકાદાર હતો. તે મહાશક્તિ પંથી હતો. અને જોબનધનના જોરમાં ચોરી અવેરી, મદ્ય-માંસમાં ભરપુર ફસાયેલો અને મહાકુકર્મી હતો. તે એક દિવસે શિવજીના ચોતરા ઉપર બેસીને લીલાગરભાંગ ઘુંટતો હતો. તે સમયે ચાર યમદૂત ક્રોધના ભર્યા હથિયાર સહિત વિકરાળરૂપે તેને લેવા માટે આવ્યા અને એકદમ જેર ઉપરથી હડસેલી પાડીને પાટવે પાટવે મારવા લાગ્યા. ત્યારે બરાડા પાડતો થકો એમ બોલ્યો જે, ઓય બાપરે ! મને આ ચાર સિપાઈઓએ મારી નાખ્યો. તે કોઈ હોય તો મને છોડાવો. એવી રીતે ઉચ્ચ સ્વરે બોલે, તે સાંભળીને તેનાં સગાંસંબંધી સર્વે ભેગાં થયાં અને કહેવા લાગ્યાં જે, હે કાલીપ્રસાદ! તને શું થાય છે ? ત્યારે તે બોલ્યો જે, હે માતાપિતા ! હે ભાઈઓ ! આ કાળા ડગલાવાળા ચાર સિપાઈ મને મારી નાખે છે, તેથી મને છોડાવો. ત્યારે તેમણે કહ્યું જે, રામ રામ કર. અહીં તો કોઈ સિપાઈ નથી અને કોણ તને મારે છે ? એમ કહીને તેને ઉપાડીને ઘરમાં લઈ ગયા અને ખાટલામાં સુવાડીને ચારે બાજુ દબાવીને સર્વે બેઠા. છતાંપણ તે યમના દૂત એમને એમ મારતા હતા, ત્યારે તે વાતની એકબીજાના કહેવાથી બધા ગામમાં ખબર પડી એટલે બીજાં કેટલાંક માણસો તેને જોવા સારૂં તેના ઘેર આવતાં હતાં. ત્યારે તેને જોઈને એમ બોલે જે, હે દાદા ! આ

હજારો માણસ નિર્ભય થઈને ઉભાં ઉભાં જુએ છે, પરંતુ આ ચાર સિપાઈઓને કોઈ દૂર કરતા નથી. એમ કહીને ગાળો દેવા લાગ્યો. તેવું સાંભળીને સર્વે માણસોના મનમાં એમ થયું જે, આમને તો ગાંડીયો તાવ આવ્યો છે તેથી મુંઝારો થઈ ગયો છે. એમ કહીને પોતપોતાને ઘેર સર્વે ગયા. ત્યારે સવારમાં એક બાઈ શ્રીજી મહારાજનાં દર્શન કરેલી અને મહારાજનાં દ્રઢ નિશ્ચયવાળી એવી તે બાઈ જોવા માટે આવી. ત્યારે તે બાઈને જોઈને તે યમદૂત તત્કાળ તેની પાસેથી દૂર થઈ ગયા. ત્યારે તે બ્રાહ્મણ તત્કાળ ઉઠી ઉભો થઈને બોલ્યો જે, હે ડોસીમા ! અહિં તમારા આવવાથી આ ચાર સિપાઈ મને મારતા હતા તે બહાર નાસી ગયા માટે તમો બેસો. તેવું સાંભળીને તે બાઈએ જાણ્યું જે, આ બ્રાહ્મણ બહુ પાપી છે, તેને ધર્મરાજાએ પોતાના ચાર યમદૂત તેડવા માટે મોકલ્યા હશે, અને હું અહીં આવી તે મને શ્રીજી મહારાજની આશ્રિત જાણીને યમદૂત નાસી ગયા એવો પોતાના મનમાં વિચાર કરીને ત્યાં બેઠી. અને શ્રીજી મહારાજના પ્રગટપણાની વાર્તા કરીને નિયમ ધરાવીને કહ્યું જે, હવે તમોને આ સ્વામિનારાયણ નામનો મંત્ર આપું છું. તે મંત્રનો ઉચ્ચે સ્વરે કરીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ મુખેથી ઉચ્ચારણ કરજ્યો. એટલે તે સિપાઈઓ નહીં મારે, ત્યારે ભયને કારણે તે બાઈના કહેવા પ્રમાણે ભજન કરવા લાગ્યા. એટલામાં તો તે યમના દૂત ત્યાંથી મૂર્તિમાન ભાગ્યા. તેને સર્વે પ્રત્યક્ષ દેખતા હતા. તેવું મહા ચમત્કારી ચરિત્ર જોઈને સર્વે મનુષ્યો પ્રગટ શ્રીજી મહારાજનું વિશેષ ભજન કરતાં હતાં.

વળી એક સમયે ગ્વાલીયર પરગણે ગામ બામરોલીના ગુર્જર ગિરધારી આદિક કેટલાક હરિભક્તો સંઘ લઈને છપૈયાપુરની યાત્રા કરવા માટે પોતાના ગામથી ચાલ્યા તે અયોધ્યાપુરી થઈને સરયૂગંગા ઉતરીને ગામ બિલવાબજારના વનમાં આવ્યાં એટલે તે સમયે તે સંઘમાંથી એક બાઈ સર્વે સંઘના માણસની પાછળ ચાલતી હતી. ત્યારે વચ્ચે બીજો માર્ગ આવ્યો. તે માર્ગે ચાલી. પણ સાચો માર્ગ હતો તે

પડતો મૂક્યો. એટલે એક ગાઉ જઇને ગિરધારીને ઉચ્ચે સ્વરે બોલાવવા લાગી. પરંતુ કોઇ. બોલ્યું નહીં. ત્યારે પોતે એમ જાણ્યું જે, તે તો ઉતાવળા ચાલ્યા ગયા અને હુંતો ધીરે ધીરે ચાલું છું. તે હમણાં ક્યાંથી પહોંચીશ? એમ જાણીને ઉતાવળી ચાલી. તે ચાલતાં ચાલતાં બે ચાર ગાઉ એમને એમ ચાલી ગઇ. અને સૂર્યનારાયણ અસ્ત પામી ગયા અને અંધારું થઇ ગયું. પછી રૂદન કરતી સતી શ્રીજી મહારાજની પ્રાર્થના કરવા લાગી જે, હે ભક્તિધર્મના પુત્ર ! હે ઘનશ્યામ મહારાજ ! તમો અમારી રક્ષા કરો. નહીં તો હમણાં વાઘ કે ચોર આવશે તો મને મારી નાખશે. અને આ મારી પાસે ઘરેણું તથા રૂપિયા છે તે લઇ જશે. એવી રીતની પ્રાર્થના કરતી થકી એક વડના વૃક્ષ ઉપર ચડીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એ નામ પોતાના મુખથી બોલીને ભજન કરવા લાગી. તે થોડીકવાર થઇ એટલે શ્રીજી મહારાજ પોતાના ભક્તની પ્રાર્થના સાંભળીને તત્કાળ એક ગાડી લઇને આવ્યા અને તે બાઇને દર્શન દઇને એ ગાડીમાં બેસાડીને છપૈયાપુરમાં લાવીને નારાયણ સરોવરના કિનારા ઉપર ઉતારી મૂકીને અદ્રશ્ય થઇ ગયા. હવે તે ગિરધારી તો મખોડાઘાટે મનોરમા નદીએ આવીને તે બાઇની સંભાળ લીધી એટલે તે બાઇ મળી નહીં. પછી ત્યાંના મંદિરમાં ઉતારો કરીને એક માણસને બે રૂપિયા આપવાના કરીને તેને સાથે લઇને તે ગિરધારી પાછા વળ્યા તે બે-ચાર ગાઉ સુધી વનમાં જોઇને વળ્યા. પરંતુ ક્યાંય પત્તો લાગ્યો નહી. એટલે થાકીને પાછા રાત્રિના બે વાગે ઘાટ ઉપર આવ્યા. પછી સવારના પહોરમાં બીજા બે માણસને પાંચ રૂપિયા આપવાના કરીને તે બાઇને શોધવા માટે પાછા મોકલીને પોતે બે દિવસ ત્યાં રહેતા હતા. પછી ત્રીજે દિવસે શ્રીઘનશ્યામ મહારાજ આવીને તે ગિરધારીને દર્શન દઇને કહ્યું જે, હે ગિરધારી ! તમો અહીં બેઠા છો અને તે બાઇને તો અમો છપૈયાપુરમાં તેજ દિવસે ગાડીમાં બેસાડીને લઇ ગયા છીએ, અને હવે તમો અહીંથી ચાલો. એમ કહીને અન્તર્ધાન થઇ ગયા. તે પ્રતાપ જોઇને આનંદ પામતા

સતા તે ગિરધારી છપૈયાપુરને વિષે આવતા હતા, ત્યારે તે બાઈએ શ્રીજી મહારાજના પ્રતાપની વાર્તા કહી.

વળી એક સમયે લખનૌ પરગણે ચનહટ ગામમાં કંદોઈ ભગવાન દીનાભાઈ એવા નામના સારા સત્સંગી હતા. તે પોતાના કુટુંબપરિવારને સાથે લઈને શ્રાવણ માસમાં છપૈયાપુરમાં ઘનશ્યામ મહારાજનાં હિંડોળાનાં દર્શન કરવા માટે પોતાના ગામથી ચાલ્યા. તે વચ્ચે અયોધ્યાપુરીમાં આવીને બરહટ્ટા બજારમાં આપણા મંદિરમાં ઉતારો કરીને, જ્યાં શ્રીઘનશ્યામ મહારાજને જનોઈનો વિધિ કર્યો છે. તે સ્થળે વેદિકાનાં દર્શન કરીને સરયૂગંગામાં લક્ષ્મણઘાટે પોતાના પુત્રાદિકને સાથે લઈને સ્નાન કરવા ગયા. પછી કિનારે કપડાં ઉતારીને ગોરના કહેવા પ્રમાણે જળમાં સ્નાન કરીને સરાવા બેઠા. તે વખતે પોતાનો પુત્ર શંકરપ્રસાદ નાનો બાળક હતો તે કોઈને ખબર ન રહી ને પાણીમાં સ્નાન કરતાં ડુબી ગયો, એટલે તે વાતની પોતાના પિતાને ખબર પડી. ત્યારે સરાવવું પડતું મૂકીને અંતરમાં ત્રાસ પામતા સતા, શ્રીજી મહારાજને સંભારીને તે ગોર સહિત બીજાં કેટલાંક માણસો તે જળમાં ઉતરીને શોધવા લાગ્યાં. પરંતુ ક્યાંય તેનો પત્તો લાગ્યો નહિં. પછી તે છોકરાની માતુશ્રી ઉચ્ચે સ્વરે કરીને શ્રીજી મહારાજની પ્રાર્થના કરવા લાગી જે, હે ભક્તિધર્મના પુત્ર ! હે ઘનશ્યામ મહારાજ ! અમો સર્વે પ્રેમના ભર્યા તમારા જન્મસ્થાનકનાં દર્શન કરવા માટે છપૈયાપુર આવતાં વચ્ચે આ અવળું વિઘ્ન થયું. માટે મારા પુત્રનો મેળાપ મને કરાવો, નહિ તો અમો સર્વે અહીંથી પાછા વળીને અમારા ગામ જઈશું. અને ફરીથી કોઈ દિવસ તમારાં જન્મસ્થાનક આવીશું નહી. એવી રીતની પ્રાર્થના સાંભળીને પોતાના ભક્તની સહાય કરવા માટે શ્રીજી મહારાજ તત્કાળ બાળસ્વરૂપે આવીને, તે બાઈને દર્શન દઈને ધીરજ આપીને તણાતો એવો જે શંકરપ્રસાદ તેની રક્ષા કરતા સતા, તેનો હાથ પકડીને એમને એમ રામઘાટે કાઢીને, તુલસીદાસની છાવણીમાં તેને લઈ ગયા.

અને ત્યાં મંદિરમાં રઘુનાથદાસ નામના વૈરાગીને કહ્યું જે, આ છોકરાને અમો જળમાંથી કાઢીને અહીં લાવ્યા છીએ અને તેનાં માતાપિતા લક્ષ્મણઘાટ ઉપર બેસીને રૂદન કરે છે તો આને ત્યાં પહોંચાડો. એમ કહીને તેના હાથમાં બે મગજના લાડુ આપીને અદ્રશ્ય થઈ ગયા. ત્યારે તે વૈરાગી આશ્ચર્ય પામતો સતો તે છોકરાને લક્ષ્મણઘાટે પોતાના બે સેવકને મોકલીને પહોંચાડ્યો. એટલે તેનાં માતાપિતા પોતાના પુત્રને જોઈને બહુ રાજી થયાં. પછી તે છોકરાની જેવી રીતે શ્રીજી મહારાજે રક્ષા કરી તે વૃત્તાંતની વાર્તા કહી. તે સાંભળીને તત્કાળ ત્યાં થકી ચાલ્યાં તે વહાણમાં બેસીને સરયૂ ઉતરીને છપૈયાપુરમાં આવીને હિંડોળામાં શ્રી ઘનશ્યામ મહારાજનાં દર્શન કરતાં હતાં. પછી તે વાર્તા સર્વેને કહી અને કેટલાક દિવસ ત્યાં રહીને છાપો લઈને પોતાના ગામ ગયાં.

હે રામશરણજી! આ સર્વે ઉપર કહ્યાં એવાં જે શ્રીઘનશ્યામ મહારાજનાં ઐશ્વર્ય તથા બાળચરિત્ર તે જે તમારાં માતાપિતાના જાણ્યામાં-સાંભળ્યામાં જેટલાં આવ્યાં હતાં તે સર્વે અમોને કહ્યાં હતાં તે. મેં તમોને કહી બતાવ્યાં. તે ચરિત્ર કેવાં છે તો પરમપદને આપે એવાં છે. તે હેતુ માટે આ ચરિત્રના ગ્રંથને જે જન અતિ હેતપૂર્વક પ્રેમમગ્ન થઈને ગાશે સાંભળશે તથા લખશે-લખાવશે અને જે કોઈ આ ગ્રંથમાં મદદ કરશે. તેના ઉપર શ્રીજી મહારાજની ઘણીક પ્રસન્નતા થશે અને પ્રયત્ન વિના શ્રીઅક્ષરધામને પામશે.

ઇતિ શ્રીછપૈયાપુરે બાળચરિત્રે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રામશરણજી સંવાદે સરયૂના જળમાં તણાતો એવો જે શંકરપ્રસાદ તેને જળમાંથી બહાર કાઢ્યો અને તેની રક્ષા કરી. એ નામે એકસોને એકમો અધ્યાય પૂરો થયો. ॥૧૦૧॥

## શ્રીબાલચરિત્ર

## સમાપ્ત